श्री

आदर्श दृष्टांतमाळा

भाग बीजो

(આદર્શભૂત ૪૨૪ દૃષ્ટાન્તોનો સંગ્રહ)

स्वर्गस्थ पंडित शिवप्रसाद दलपतराम

અનુવાદક તથા પ્રયોજક

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी

संपादक अने प्रकाशक : भिक्षु-अखंडानंद

સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૪૯૬, પ્રત ૫૫૦૦, કુલ પ્રત ૧૦,૮૦૦

મૂલ્ય રૂપિયો ૧।=, માર્ગવ્યય અલગ

श्री

आदर्श दृष्टांतमाळा

भाग बीजो

(આદર્શભૂત ૪૨૪ દૃષ્ટાન્તોનો સંગ્રહ)

स्वर्गस्थ पंडित शिवप्रसाद दलपतराम
અનુવાદક તથા પ્રયોજક

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक-भिक्षु अखंडानंद
સ્થળ: અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૪૯૬, પ્રત ૫૫૦૦, સંવત ૧૯૯૬
મૂલ્ય રૂપિયો ૧।, માર્ગવ્યય અલગ

અમદાવાદ—"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત

प्रकाशकनुं निवेदन

આ "આદર્શદૃષ્ટાંતમાળા ભાગ-૨"ની બીજી આવૃત્તિ હોઈ તેની ૫૫૦૦ પ્રત પ્રસિદ્ધ થાય છે.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ સં. ૧૯૮૨માં 'વિવિધ ગ્રંથમાળા'ના અંક ૧૯૧-૯૨રૂપે પા।×૮।।ના કદનાં પૃષ્ઠ ૩૯૨ માં પ્રસિદ્ધ થઇ હતી. જ્યારે આ આવૃત્તિ ૫×૭ા કદનાં પૃષ્ઠ ૪૯૬ માં છપાઇ છે. આમ કદના ફેરફારને લીધે પાન ૧૦૪ નો વધારો થયો છે.

ચાલુ યુરોપીય લડાઇને લીધેઃ—(૧) બોર્ડ તથા બંધામણીના તેમજ અન્ય છાપકામસામગ્રીના ભાવ વધેલા છે; (૨) પૂરાં થતાં પ્રકરણોના અંતે થોડી છૂટ મુકાયાથી અને કદના થયેલા ફેરફારથી પૃષ્ઠ સંખ્યામાં પ્રમાણ કરતાં થોડાં વધુ પૃષ્ઠો વધી ગયાં છે; મુખ્યત્વે આ બે કારણોને લીધે મૂલ્યમાં બે આનાનો વધારો કરીને એક રૂપિયો છ આના રાખ્યું છે. જો કે કાગળો વગેરેની મોંઘવારી ચાલુ છે; પરંતુ તે જૂના ભાવે મળેલા હોવાથી તેના અંગેનો વધારો થયો નથી.

શુદ્ધિપત્ર પાન ૨૧ ઉપર છપાયું છે, તે પ્રમાણે ગ્રંથ સુધારીને વાંચવો ઘટે છે.

આ ગ્રંથની યોજના ઇત્યાદિ વિષે પહેલા ગ્રંથના નિવેદનમાં તથા તેમાં છપાયલી લેખકની પ્રસ્તાવનામાં જણાવેલું છે, તેજ આ બીજા ગ્રંથને લાગુ પડે છે. એટલે પહેલા ગ્રંથનું એ નિવેદન, પ્રયોજકની પ્રસ્તાવના ઇત્યાદિ વાંચી જઈ તાજું કરવાની વાચકબંધુઓને ભલામણ છે.

ગ્રંથમાંથી સૂચિત થતો સત્ય, સુખદાયક અને જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક સદુપદેશ કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવે, એવી પ્રત્યેક વાચકબંધુઓને ભલામણપૂર્વક हरिः ॐ तत्सत्।

સંવત ૧૯૯૬, આષાઢ સુદિ ૨ —ભિક્ષુ અખંડાનંદ

पहेली आवृत्तिनुं निवेदन

આદર્શ દષ્ટાંતમાળાનો આ બીજો ભાગ 'વિવિધ ગ્રંથમાળા'ના ૧૯૧-૯૨મા અંક તરીકે અને ૧૯૮૨ના છેલ્લા પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. આદર્શ દષ્ટાંતમાળાનો પહેલો ભાગ સંવત ૧૯૮૧ના છેલ્લા પુસ્તકરૂપે નીકળેલો, તેના નિવેદન અને પ્રસ્તાવનામાં દષ્ટાંતોની યોજના, યોજક અને ઉપયોગ ઇત્યાદિ વિષે જે કાંઈ લખવા-સૂચવવામાં આવ્યું છે, તેજ આ બીજા ભાગને પણ દરેક રીતે લાગુ પડે છે; તેથી દરેક વાંચનારને સૂચવવાનું કે, એ પહેલા ભાગમાંનું નિવેદનાદિ તેઓ એક વાર પુનઃ પણ વાંચી જઇ તાજું કરે અને તે પછીજ આ બીજો ભાગ વાંચવો શરૂ કરે.

આ પુસ્તકમાં દષ્ટાંતોની સંખ્યા ૪૨૪ છતાં તેમાં અંક ૪૦૫ સુધીનો છપાયાનું કારણ એ છે કે, ૧૯ દષ્ટાંતો બીજાં દષ્ટાંતોના પેટા ભાગ તરીકે છપાઇ ગયાં છે.

આ નીચે આપેલી હકીકત તથા સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચવામાં આવે, તથા શુદ્ધિપત્ર મુજબ પ્રથમથીજ સુધારી લેવામાં આવે અને તે પછી ગ્રંથના વાચનમાંથી સૂચિત થતો સત્ય સુખદાયક જ્ઞાન-ચારિત્રવર્ધક સદુપદેશ કાળજીપૂર્વક લક્ષમાં લેવામાં આવે, એવી પ્રત્યેક વાંચનાર બંધુ પ્રત્યે ખાસ ભલામણપૂર્વક **हरिः ॐ तत्सत्**

- માગશર, ૧૯૮૪ —ભિક્ષુ અખંડાનંદ

अनुक्रमणिका

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧	શિવરામ કિંકરનો ઈશ્વર ઉપર અડગ ભરોસો ...	૧
૨	સાચી નિષ્કામતા અને સાત્ત્વિક દયા–દાનનો નમૂનો ...	૨
૩	બાલાનંદ સ્વામીની ત્યાગવૃત્તિ	૭
૪	દારૂડિયાઓના દેખાવથી હજરત ઉપર થયેલી અસર ...	૮
૫	એક સુલતાનની ઉદારતા તથા નિષ્પક્ષ ન્યાય ...	૮
૬	અંત્યજો પ્રત્યે તિરસ્કાર અને આભડછેટ	૧૦
૭	યોગ્ય સરદાર વિના સિપાઈઓનું શૌર્ય નકામું છે ...	૧૨
૮	એક ચિત્રકારની પોતાના ધંધાદારી પ્રત્યે પ્રીતિ ...	૧૨
૯	ખરો કળાવાન કોણ?–ટૉલ્સ્ટૉયનો મત	૧૩
૧૦	ગદાધર ભટ્ટાચાર્યની અપૂર્વ ખંત	૧૩
૧૧	સાચા ત્યાગ–વૈરાગ્યની અપૂર્વ શાંતિ	૧૬
૧૨	એક મુસ્લિમ મૂરનો સ્વધર્મવિશ્વાસ	૧૬
૧૩	માત્ર એકજ વાક્ય ઉપરથી કુટેવનો ત્યાગ	૧૭
૧૪	ખોરાસાની યુવકની હાજરજવાબી તથા દૃઢ શ્રદ્ધા ...	૧૮
૧૫	એક 'ધર્મ' શબ્દમાં સમગ્ર કર્તવ્યોનો સમાવેશ છે ...	૧૯
૧૬	સુખ કે દુઃખ આ સંસારમાં સદાય ટકતું નથી ...	૨૦
૧૭	મધુસૂદનનો દુઃખમાં વિદ્યાભ્યાસ	૨૧
૧૮	ગૃહકલહથી થતો પસ્તાવો	૨૨
૧૯	સાદા ખાનપાનથી થતા મોટા લાભ	૨૩
૨૦	બહારના ભપકા પર મોહી પડવાનું પરિણામ	૨૪
૨૧	બંકિમબાબુનું નિરભિમાન	૨૫
૨૨	ગેરિબાલ્ડીની માતૃભક્તિ અને ઈશ્વર ઉપર વિશ્વાસ ...	૨૫
૨૩	કુંતીએ પુત્રોને આપેલું શિક્ષણ	૨૬
૨૪	રાજા પ્રતાપરુદ્રનો સદાગ્રહ અને પ્રભુભક્તિનો જય ...	૨૬

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧૬૧	સાચા સાધુમાં ક્ષમા અને ઉદારતા કેટલી બધી હોય છે?	૧૬૦
૧૬૨	હાતિમતાઇનું અથાગ દાન—અત્યારે દાન કેવું થવું ઘટે?	૧૬૨
૧૬૩	સાધ્વી રાબેયાની પ્રભુપ્રાર્થના	૧૬૪
૧૬૪	સાચા પ્રભુભક્તની દુઃખ માટે કેવી સમજણ હોય છે?	૧૬૫
૧૬૫	એક મહાસાધ્વીને દુઃખમાં પણ પ્રભુકૃપાનો અનુભવ થયો	૧૬૬
૧૬૬	સાચો બ્રાહ્મણ કોને કહેવો?	૧૬૯
૧૬૭	સ્વામી વિવેકાનંદની ગરીબો પ્રત્યે દયા	૧૭૦
૧૬૮	માનપાન પ્રત્યે ફ્લોરેન્સ નાઇટિંગેલની ઉપેક્ષા ...	૧૭૧
૧૬૯	કુમારી ફ્લોરેન્સ નાઈટિંગેલની સેવાચાકરી ...	૧૭૩
૧૭૦	સ્વામી વિવેકાનંદનાં આત્મસંયમ અને આત્મગોપન	૧૭૫
૧૭૧	કર્તવ્યક્ષેત્ર સંબંધી ઉત્તમ સલાહ	૧૭૬
૧૭૨	રામતનુ લાહિડીના જાણવા જેવા સદ્‌ગુણ	૧૭૭
	૧ અસત્ય ભાષણ પર તિરસ્કાર...	૧૭૭
	૨ તેજસ્વિતા અને સ્પષ્ટવક્તાપણું	૧૭૭
	૩ મિથ્યાવચન પ્રત્યે તિરસ્કાર	૧૭૮
	૪ સત્યનિષ્ઠા અને ન્યાયપરાયણતા	૧૭૯
૧૭૩	પિતાના શિક્ષણ અને સત્સંગનો પ્રતાપ	૧૭૯
	૧ અશ્વિનીકુમાર દત્તમાં આવેલી સેવાવૃત્તિનું કારણ	૧૭૯
	૨ અશ્વિનીકુમાર દત્તનો અશ્લીલ શબ્દો પ્રત્યે તિરસ્કાર	૧૮૦
	૩ અશ્વિનીકુમાર દત્તનો મિત્રપ્રેમ	૧૮૧
	૪ અશ્વિનીકુમાર દત્તનો અસત્ય આચરણ માટે પશ્ચાત્તાપ...	૧૮૨
૧૭૪	એક સાચા બ્રાહ્મણની સરળતા—મદ્યપાનથી થતી હાનિ	૧૮૩
૧૭૫	તાબાના નોકરો પ્રત્યે સહાનુભૂતિ...	૧૮૪
૧૭૬	રોગમાં પણ શાંતિ અને પ્રફુલ્લતા	૧૮૪
૧૭૭	હાલતાંચાલતાં સ્વદેશભક્તિનું જ્ઞાન કેમ અપાય? ...	૧૮૫
૧૭૮	પતિ અને પત્ની બન્નેનું આદર્શ બ્રહ્મચર્ય	૧૮૭
૧૭૯	વિદ્યાર્થીઓને ખાસ અગત્યના ઉપદેશ	૧૮૯

शुद्धिपत्र

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૧	૧૮	મધુસૂદનના	મધુસૂદનનો
૨૪	૧૭	જાજરુ	જાજરૂ
૩૨	૧૪	નાાસ્તકતાનો	નાસ્તિકતાનો
૪૪	૧૮	ઇંલેંડની	ઈંગ્લેંડની
૫૯	૨૨	વેશથા	વેશથી
૬૧	૨૫	મુંખ	મુખ
૭૧	૪	હીચકારીજ	હિચકારીજ
૭૩	૧૦	માખ્ય	માખ્વ
૧૦૭	૧૫	ઊડી	ઊંડી
૧૨૭	૫,૭,૧૨	પ્લેસર	પ્લેસ્ટર
૧૭૭	૮	રાજમાગ	રાજમાર્ગો
૧૮૨	૯	પ્રછી	પછી
૨૬૯	૧૪	ઊઘાડો	ઉઘાડો
૨૯૯	૨૬	નુકશાન	નુકસાન
૩૦૫	૨૧	ધર્યં	ધૈર્યં
૩૦૬	૧૯	ત્રપમાં	પત્રમાં
૩૮૭	૯	માલાના	મૌલાના
૪૩૩	૮	કપુત	કપૂત

श्री रामायणनुं महत्त्व

प्रीति करै रामायण माहीं, तेही सम भाग्यवंत कोउ नाहीं ॥

"રામાયણ, એ જગતમાં જેનો જોટો મળતો નથી એવો અનન્ય સાહિત્યગ્રંથ છે." **—વિવેકાનંદ**

"રામાયણથી ભારતવર્ષનો સ્વાર્થપરાયણતાનો દોષ જેટલો દૂર કરાયો છે; તેટલો કોઇ પણ નીતિવેત્તા, ધર્મવેત્તા, સમાજસુધારક, રાજપુરુષ કે રાજાથી પણ દૂર કરાયો નથી." **—બંકિમચંદ્ર**

"કાવ્યનાં બંને અંગ–કવિ અને નાયક–ની બાબતમાં રામાયણના જોટાનો કોઇ પણ ગ્રંથ કોઇ પણ દેશમાં મળે તેમ નથી. રામચંદ્ર સમાન પ્રખર સામર્થ્યવાળો તથા ઉદાત્ત નીતિવાળો કોઇ પણ પુરુષ જગતભરના ઇતિહાસમાં દેખાતો નથી; તેમ મહર્ષિ વાલ્મીકિ અને તુલસીદાસજી જેવી દિવ્ય પ્રતિભા તથા ઉચ્ચ કલ્પનાવાળા કવિ પણ કોઇ જણાતા નથી. હોમર તથા વર્જીલના 'ઇલિયડ' તથા 'ઇનીડ' અને મિલ્ટન કવિનો 'પેરેડાઇઝ લોસ્ટ' પાશ્ચાત્યોમાં ઉત્તમ ગણાય છે; પરંતુ એ બધા ગ્રંથો કરતાં રામાયણ ગ્રંથ કેટલો બધો શ્રેષ્ઠ છે? કદાચ કોઇ કાવ્ય–શક્તિમાં હોમર વગેરેને વાલ્મીકિની બરોબરીએ બેસાડે; પણ તેઓના કાવ્યનાયકો એકિલિસ વગેરે નીતિની દૃષ્ટિએ તો રામાયણના રામચંદ્રાદિ કરતાં બહુ ઊતરતા છે. સારાંશ કે, રામાયણ માટે આર્ય લોકો જે અભિમાન ધરાવે છે તે યોગ્યજ છે." **—ચિંતામણ વિ. વૈદ્ય**

"રામાયણ એ કહેવામાં તો એક મહારાજાનું જીવનચરિત્ર છે; પરંતુ વાસ્તવમાં તો એ ગ્રંથ આ સંસારના મળનો નાશ કરનાર અગ્નિરૂપ છે. એ અંધકારમાં પ્રકાશ, સ્ત્રીઓનો ધર્મ, પુરુષોનું પૌરુષ, બ્રાહ્મણોનું બ્રહ્મતેજ, ક્ષત્રિયોનો ક્ષાત્રધર્મ, વૈશ્યોનું ધન, શૂદ્રોનો ધર્મ અને ગૃહસ્થાશ્રમી નરનારીઓનો સુખદીપક છે. એ ગ્રંથરૂપી તેજસ્વી દીપક હાથમાં રાખીને જે કોઇ તેના પ્રકાશમાં ચાલે છે તે જીવનયુદ્ધમાં કદી પણ હારવાનો નહિ." **—સંતરામ શર્મા**

रामायणादि विषे एक संतना उद्गार×

(તેમના પત્રમાંથી લોકોપયોગી અંશ)

હરિદ્વારના કુંભનું ફળ, × × મને મારી યોગ્યતા કરતાં વધુ મળ્યું જણાય છે. × × × પરિણામે ઉત્પન્ન થયેલો પ્રેમભાવ મારા સ્મરણમાં હજી તાજોજ છે અને (સસ્તુ સાહિત્ય વ. કા. ના.) **ભક્તિરસામૃત** તથા **રામાયણાદિ** પુસ્તકોના અધ્યયને તેમાં વધારો કર્યો છે. × × × **તુલસીકૃત રામાયણ**નું પહેલેથી છેલ્લે સુધીનું પ્રથમ વાચન મેં પૂરું કર્યું. કાઠગોદામ, અલમોરા, મસુરી વગેરે હિમાલયની તપોભૂમિમાં વાસ કરી ઉપલાં પુસ્તકોનું વાચન કરતાં મારા હૃદયની પહેલેથી સૂકી અને વેરાન ભૂમિમાં, તરત ઊગવા માંડેલા પ્રેમ–અંકુરને, કેવાં કેવાં અશ્રુજળનું સિંચન મળ્યું છે, વિકારરૂપી ઘાસનું કેવું નીંદણ થયું છે તથા ભક્તકથારૂપી વાડથી કેવો બચાવ પ્રાપ્ત થયો છે, તે હું કેમ વર્ણવી શકું ?

× × × મારા સદ્ભાગ્યની શું વાત કહું ? આ લખતાં ખરેજ મારું શરીર પુલકાયમાન થઈ જાય છે કે, પ્રેમબીજને વાવવાવાળા મારા પ્રાણનાથ, મારા સ્વામી, મારા હૃદયના માલિક, મારા પ્રિયતમ કે જેઓશ્રીના ઉપકારમાં હું જન્મોજન્મ સુધી ડૂબેલો છું, તે પૂજ્ય મહાત્માના શીતળ સત્સંગમાં ફરી એક વાર આજ ચાર–પાંચ મહિના થયાં પ્રેમપાન કરી રહ્યો છું.

× × × મારી પાશ્ચિમાત્ય જડવાદી કેળવણીએ મારામાં પ્રત્યક્ષવાદી વૃત્તિ પેદા થઈ હતી એને પરિણામે ભક્તિનાં લક્ષણો–

× આ પત્ર મન્સુરીથી છેક ટૂંકા નામવાળો મળેલો. પૂરું નામ કે હાલનું સ્થળ જાણમાં નથી. રામાયણાદિ ગ્રંથોનો મહિમા સર્વ કોઈ વધુ સમજે એજ હેતુ છે.

શરીરનું પુલકાયમાન, રોમાંચિત થવું, નેત્રોમાંથી જળની ધારાઓનું વહેવું, સૂધબૂધનું ભૂલાઇ જવું અને અંતર્ધાન થઈ સમાધિમગ્ન બની જવું, એ વગેરે જો હું પ્રત્યક્ષ મારા પરમ પૂજ્ય સ્વામીજીમાં વારંવાર ન જોત તથા મારા પોતામાં કંઇક અલ્પાંશ પણ ન અનુભવત તો હું કદી પણ માનત નહિ. આવા ભક્તાત્માના સંગમાં ભાગવત, રામાયણ વગેરે વાંચવાથી કાંઈ અજબ ભાવ, કાંઈ અસાધારણ લાગણી, કાંઇ અલૌકિક પ્રકાશ અનુભવાય છે.*

भक्त और भगवान

ભક્ત કહે છેઃ—

આઈ હૈ યહ વિજયાદશમી, પર વહ પ્યારા રામ કહાઁ?
આર્યોં કા આદર્શ નૃપતિ વહ રક્ષક લીલાધામ કહાઁ?
યહાઁ અનેકોં રાવણ દેખો, મચા રહેં હૈં અત્યાચાર,
દશોં દિશાઓં સે ઉઠતા હૈ, કૈસા ભીષણ હાહાકાર. ૧
વિજયે ! ક્યોં પરતંત્ર દેશ મેં બાર બાર તુમ આતી હો?
ક્યોં અતીત કી યાદ દિલાકર દિલ કો વ્યર્થ દુખાતી હો?
યહાઁ તુમ્હારે સ્વાગત કે હિત, કૌન ભલા હોગા તૈયાર,
યહાઁ રક્ત કી જગહ દેહ મેં સબકે બહતી હૈ જલધાર. ૨

---

* "**सकल पदारथ है जग मांही, कर्महीन** (પ્રયત્નરહિત) **जन पावत नाहीं।**" વળી "શોધો અને જડશે, (બારણું) ઠોકો અને ઉઘડશે, માગો અને મળશે" ઇ૦ મહાપુરુષોનાં વચનો એકનિષ્ઠ પુરુષોથી તીવ્ર જિજ્ઞાસુને માટે કોઈ કાળે ખોટાં પડ્યાં પણ નથી અને પડનાર પણ નથી. —**ખરાબ ભિક્ષુ અખંડાનંદ**

ભગવન્! ભારત મેં નિર્બલ કી, દેખો કહીં પુકાર નહીં,
વે કૈસે કુચલે જાતે હૈં, ઉનકે દુઃખ કા પાર નહીં.
આઓ ક્યા અબ ભી અધર્મ કા હુઆ નહીં હૈ અભ્યુત્થાન?
અથવા ધર્મ શેષ હૈ કુછ ભી, નહીં હુઆ ક્યા વહ મ્રિયમાન? ૩

ભગવાન બોલ્યાઃ—

ભક્તોં! ભારત મેં આને સે મુઝકો કુછ ઇન્કાર નહીં,
અથવા દુઃખી ભારતીયોં કે પ્રતિ દિલ મેં ભી કમ પ્યાર નહીં.
ભલા ભૂલ કૈસે સકતા હૂઁ ભરત–ભૂમિ અપની પ્યારી,
જહૂઁા અનેકોં જન્મ ધાર કર લીલા અપની બિસ્તારી. ૪
કૈસે ભૂલા જા સકતા હૈ, યમુના કા વહ મંજુ પુલિન,
નીપવૃક્ષ કે ઉપર ચઢકર, મુરલી કા બાદન પ્રતિદિન.
હાથોં મેં લકુટી ધારણ કર ગોધન સઁગ બન મેં જાના,
ગ્વાલોં સે મિલ બડે પ્રેમ સે ખેલ ખેલના સુખ પાના. ૫
પહેલે યશુમતિ કૌશલ્યા સી માતાએં ઉત્પન્ન કરો,
નંદ ઔર દશરથ જૈસે તુમ પહલે સબ મેં ભાવ ભરો.
કહૂઁા જનક જનની હૈં ઐસે, મેરે યોગ્ય કહૂઁા આગાર,
જિસદિન હોગા યહ સબ ઉસ દિન નિશ્ચિત હૈ મેરા અવતાર. ૬

(સં. ૧૯૮૪ આશ્વિનના "ગૃહલક્ષ્મી"માં લેખક–જ્વાલાપ્રસાદ મિશ્ર)

दिवाली नहीं, दिवाला है

હિવાલી નહીં, હિવાલા હૈ.

હોગા કહીં પ્રકાશ હમેં ક્યા? યહાઁ અંધેરા ભારી,
તુમ બિન સૂની હુઇ આજ યહ, ભારત ભૂમિ હમારી.
નહીં કોઇ રખવાલા હૈ. દિ૦ ૧

કમલે! અપને ક્રીડા-સ્થલ કો ક્યોં તજ બૈઠી આપ;
આઓ, આઓ, હમ વ્યાકુલ હૈં, હરો દેવિ! ત્રયતાપ.
દેશપર બાદલ કાલા હૈ. દિ૦ ૨

ભારત છોડ, વિદેશ ગયી ક્યોં? સ્વર્ગોપમ યહ દેશ;
પ્રેમ બઢાયા વહાઁ અનોખા, યહાઁ ન રક્ખા લેશ.
હમારા બંસીવાલા હૈ. દિ૦ ૩

તેરી પૂજા કમલે? ફિર ભી કરતે હમ પ્રતિ વર્ષ;
આવાહન કર કે મંત્રોં સે, યહાઁ મનાતે હર્ષ.
જલાઇ દીપક-માલા હૈ. દિ૦ ૪

દિયા જલાકર દેખ લિયા અબ, તેરા પતા ન પાયા;
તૂ સ્ટીમર ચઢિ ગઈ વિલાયત આસન વહાઁ જમાયા.
બના અબ યુરોપ આલા હૈ. દિ૦ ૫

હમ તો સિર્ફ લકીર પીટતે, પૂજા કી હર સાલ;
ભૂખ સે મરેં યહાઁ સબ પ્રાણી, પડતે નિત દુષ્કાલ.
દેશ અબ હાલ-બેહાલા હૈ. દિ૦ ૬

દરિદ્ર-દાનવ યહાઁ દિનોંદિન કરતા તાણ્ડવ-નૃત્ય;
"ઇન્દ્ર" દેખ યહ ઘબરાતા હૈ, એસા અદ્ભુત કૃત્ય.
બતા દે કહાઁ ઉજાલા હૈ. દિ૦ ૭

(રચયિતા-ગણેશદત્ત શર્મા ગૌડ "ઇન્દ્ર" "હિંદુપંચ"ના કમલાંકમાંથી)

आ संस्थाना तैयार ग्रंथो

૧-પોસ્ટેજ ઉપરાંત રજિસ્ટર તથા વી. પી. ખર્ચ રૂ. ૧૦) સુધીનું પાંચ આના જુદું લાગે છે. ૨-મંગાવેલામાંનાં જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૩-પૂરું મૂલ્ય પ્રથમ મોકલીને કમમાં કમ ૮-૧૦ રૂપિયાનાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી વધારાના પેકિંગ વગેરે બદલ ૦।-ˆ ચડવા છતાં કુલ ખર્ચ બહુ ઓછું આવશે. ૪-અમદાવાદના કાર્યાલય માટે કિંમત ઘટાડેલી, તે ઘણાંખરાં પુસ્તકો માટે નીચે મુજબ જારી છે; અને કમમાં કમ રૂા. ૫૦)નાં એકસાથે લેવાથી એમાં પણ ૬। ટકા કપાશે. ૫-મુંબઇના કાર્યાલયમાં વધારાના ખર્ચ બદલ જે જે પુસ્તકોની કિંમત છાપ્યા મુજબની અથવા બહારગામ મુજબની રખાઇ છે, તે પણ આ સૂચિપત્રમાં છાપેલી જણાશે; અને કમમાં કમ રૂા. ૨૫)નાં લેવાથી તેમાંથી બે આના મુજબ કપાશે. ૬-જે પુસ્તકની તરત માટે અથવા અમુક મુદત માટે કિંમત અરધી, પોણી કે કાંઇ પણ ઓછી રખાય, તેમાં કમિશન કપાશે નહિ તથા મુંબઇના કાર્યાલયમાં ખર્ચ જોગી વધુ કિંમત રહેશે. ૭-આ સંસ્થામાં મળતી આંખની દવાના લાભ અને વાપરવાની વિધિ વગેરે જુદું છાપેલું મળશે.

ઉત્તમ ધાર્મિક ગ્રંથો	પૃષ્ઠ	અમદાવાદમાં	મુંબઇમાં મૂલ્ય
શ્રીશાંતિપર્વ (આવૃત્તિ ૬ ઠ્ઠી) ...	... ૯૪૪	... ૬)	... ૬)
શ્રીભગવતી ભાગવત (આવૃત્તિ ૪ થી)	૯૨૮	... ૫)	... ૫।।
શ્રીજ્ઞાનેશ્વર ભગવદ્‌ગીતા (આવૃત્તિ ૬ ઠ્ઠી)	૮૪૦	... ૨।।	... ૨।।।
શ્રીમાનસ રામાયણ-૩૦ચિત્રો સાથે આ.૧લી	૧૪૦૦	...૪।।।	... ૫।
,, ,, બે ગ્રંથમાં	,, ૧૫૨૮	... ૫।	... ૫।।।
શ્રીતુલસીકૃત રામાયણ-નવી આઠમી આવૃત્તિ છપાય છે.			
વાલ્મીકિ રામાયણ-(આવૃત્તિ ૨ જી)	૧૩૭૬	... ૫।।	... ૬)
,, ,, બે ગ્રંથમાં ,, ...	,,	... ૬)	... ૬।।

શ્રીમદ્‌ભાગવત–૯મી આવૃત્તિ (બે ગ્રંથમાં)	૧૩૯૬	પાાા	૬ા
શ્રીદાસબોધ–(આવૃત્તિ ૩જી)	૬૪૮	૨)	૨ા
શ્રીતુકારામ ગાથા–ગ્રંથ ૧ લો (આ. ૧લી)	૮૯૬	૨ા	૨ા
તુકારામ ગાથા–ગ્રંથ ૨ જો	૯૪૪	૨ાા	૨ાા
આખ્યાનમાળા–ગ્રંથ ૧ લો (આ. ૧ લી)	૭૦૮	૨ા	૨ા
,, ગ્રંથ ૨ જો ,,	૭૨૦	૨)	૨)
વૈદિક વિનય–ખંડ ૧–૨–૩ (આ. ૧લી)	૮૪૦	૨ાા	૨ાા
મહાભારત મંજરી–(આવૃત્તિ ૧ લી)	૭૪૪	૨)	૨)
શ્રીરામકૃષ્ણકથામૃત–બે ભાગમાં (આ. ૨જી)	૬૨૮	૨)	૨ા
શ્રીરામકૃષ્ણ પરમહંસનું ચરિત્ર(આવૃત્તિ ૨જી)	૬૦૮	૧ાા	૧ાાા
સ્વામી રામતીર્થ–ગ્રંથ ૧ લો (આ. ૪થી)	૫૧૬	૧ાાા	૨)
,, ,, –ગ્રંથ ૩ જો (આ. ૧લી)	૫૨૮	૧ાાા	૨)
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ પહેલો(આ. ૨જી)	૫૭૫	૧ાાા	૨)
,, ,, –ગ્રંથ ૨ જો ,,	૬૦૦	૧ાાા	૨)
,, ,, –ભાગ ૮ મો (આ. ૨જી)	૩૮૪	૧ાા	૧ાાા
,, ,, –ભાગ ૯ મો (આ. ૨જી)	૭૮૪	૨ાાા	૩)
,, ,, –ભાગ ૧૦ તથા ભા. ૧૧મો	૫૬૦	૧ાાા	૨)
,, ,, –ભાગ ૧૨–૧૩ મો પત્રો	૫૧૬	૧ાા	૧ાાા
સુબોધરત્નાકર–(આવૃત્તિ ત્રીજી)	૩૦૦	૦ાાા	૦ાાા-
ઉપદેશસારસંગ્રહ (આવૃત્તિ ૨જી)	૩૮૪	૧)	૧)-
હૃદયતરંગ અને **બ્રાહ્મણની ગૌ** (આ. ૧ લી)	૩૨૪	૧)	૧)
પ્રભુમય જીવન (આવૃત્તિ ૭ મી)	૧૯૨	૦ા	૦ા૦ાા
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર	૨૦૮	૦ા~	૦ા~ાા
વિભુની વાટે અને **રામાયણની રત્નપ્રભા**	૧૬૪	૦ા	૦ા
શ્રીવિષ્ણુસહસ્રનામાવલિ–દર્શન(આ. ૨જી)	૨૨૦	૦ા-	૦ા-
છોટમની વાણી–ગ્રંથ ૩ જો ,, (આવૃત્તિ ૧લી)	૨૭૦	૦ાાા-	૧)
સ્વર્ગનું વિમાન (આવૃત્તિ ૫ મી)	૩૭૨	૧ા	૧ા-

સ્વર્ગની કૂંચી (આવૃત્તિ ૫ મી) ...	૩૭૨ ...	૧। ...	૧।≈
સત્યાગ્રહ અને અસહકાર	૪૯૬ ...	૧। ...	૧।

श्रीमद् भगवद्गीताओ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા- { શ્લોક ને સામેના પાનામાં સરલાર્થ-૧૪મી આ૦ }	૦।૦॥...	૦।~
,, ,, ,, ,, -પૂંઠું પટ્ટી	૦। ...	૦।૦॥
શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-ગુ૦ સરલાર્થ સાથે (આ૦૧૫મી)	૦। ...	૦।૦॥
,, ,, ,, ,, પૂંઠું પટ્ટી ,,	૦)≡॥ ...	૦।
શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-માત્ર ગુ૦ સરલાર્થ (આ૦૧૬મી)	૦)≈॥ ...	૦)≡
,, ,, ,, ,, -પૂંઠું પટ્ટી ,,	૦)≈ ...	૦)≈॥
શ્રીમદ્‌ભગવદ્‌ગીતા-ગુ૦ સરલાર્થ સાથે, મોટાઅક્ષર	૦।≈ ...	૦।≡
શ્રીપંચરત્નગીતા-ગુ૦ સરલાર્થ સાથે, મોટા અક્ષર	૦॥≈...	૧)

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

આદર્શ દૃષ્ટાંતમાળા ભાગ ૧લો (આ. બીજી)	૪૩૨ ...	૧। ...	૧॥
,, ભા. ૨જો ,, ...	૪૯૨ ...	૧।≈ ...	૧॥≈
કતલખાનું-(આવૃત્તિ ૧ લી)	૬૯૬ ...	૨। ...	૨।
ભારતધર્મ-અંધારા રંગમહેલનો રાજા	૫૦૪ ...	૧॥ ...	૧॥
ગામડિયા નરદેવો (આવૃત્તિ ૧ લી) ...	૪૦૮ ...	૧।≈ ...	૧।≈
આગળ ધસો (આવૃત્તિ ૩ જી) ...	૪૬૮ ...	૧॥ ...	૧॥।
સુખી જીવનનાં સાધન(માર્ડન કૃત)આ.૧લી	૩૧૨ ...	૦॥≈...	૦॥≈
સુખ સામર્થ્ય સમૃદ્ધિ (આવૃત્તિ ૨જી)	૪૦૦ ...	૧) ...	૧।
ભાગ્યના સ્રષ્ટાઓ (આવૃત્તિ ૨જી) ...	૫૬૪ ...	૧॥ ...	૧॥।
બંકિમ નિબંધમાળા-બંકિમ બાબુકૃત	૫૯૨ ...	૧॥ ...	૧॥।
સોનેરી સૂચનો-(આવૃત્તિ ૭મી) ...	૨૦૮ ...	૦। ...	૦।૦॥
શુભસંગ્રહ-ભાગ ૧ લો (આવૃત્તિ ૫મી)	૧૯૨ ...	૦। ...	૦।૦॥
વસિયતનામું	૬૪ ...	૦)૦॥...	૦)૦॥

ઇતિહાસ અને વૈદક સંબંધી પુસ્તકો

આર્યભિષક્‌–(નવમી આવૃત્તિ) ... ... ૮૨૪ ...૩) ... ૩॥
વૈદક સંબંધી વિચારો–ભાગ૧લો–(આ. ૨જી)૬૭૨ ...૧॥ ... ૧॥।
" " " –ભાગ૨જો (આ. ૧લી)૪૩૨ ...૧॥= ... ૧॥=
(ઉપરના ત્રણે ગ્રંથ સાથે ખરીદનારને ... ...૩)- ... ૩॥=
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–(આ. ૫મી)૧૩૬ ...૦। ... ૦।૦॥
રાજસ્થાનનો ઇતિહાસ–ભાગ ૨જો (આ.૧લી)૭૬૪ ...૪। ... ૪॥।

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

ભારતની દેવીઓ–ત્રણ ગ્રંથમાં (ત્રીજી આવૃત્તિ) ...૬) ... ૬॥।
(ત્રણે ગ્રંથનાં પૃષ્ઠ ૨૨૬૮; છૂટક દરેક ગ્રંથની કિંમત ૨॥.... ... ૨॥)
સંત તુકારામ–જીવનચરિત્ર (આવૃત્તિ ૧ લી) ૬૬૬ ...૨) ... ૨)
શ્રીજ્ઞાનેશ્વર મહારાજ અને મહાત્મા શ્રીએકનાથ (આવૃત્તિ ૧ લી)૫૦૪ ...૧॥ ... ૧॥
શ્રીચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧થી૫ ત્રણગ્રંથમાં ૧૫૯૬...૫) ... ૫)
આદર્શ ચરિત્રસંગ્રહ–ઉત્તમ ૫૨ જીવનચરિત્રો ૬૩૬...૧॥। ... ૧॥।
સ્વામી ભાસ્કરાનંદ તથા **વિજયકૃષ્ણ ગોસ્વામી** } (આવૃત્તિ ૧લી) ૪૩૨...૧॥ ... ૧॥
ભક્તચરિત્ર (આવૃત્તિ ૨જી) ... ...૧॥ ... ૧॥।
મુસ્લિમ મહાત્માઓ–(આવૃત્તિ ૧ લી) ...૫૯૨...૧। ... ૧।
વીર દુર્ગાદાસ–(આવૃત્તિ ત્રીજી) ... ...૩૦૪...૦॥ ... ૦॥-
શ્રી શિવાજી છત્રપતિ–(આવૃત્તિ બીજી) ૬૧૨...૨) ... ૨।
ભારતના વીરપુરુષો (આવૃત્તિ ત્રીજી)...... ૩૨૮...૧) ... ૧)=

ખાસ બોધપ્રદ ટૂંકી વાર્તાઓ

ટૂંકી વાર્તાઓ–ગ્રંથ બીજો (આવૃત્તિ ૨ જી) ૫૭૬...૧॥ ... ૧॥।
" " **ગ્રંથ ત્રીજો** (આવૃત્તિ ૧ લી) ૪૯૨...૧॥ ... ૧॥
" " **ગ્રંથ ચોથો** (")...૪૧૨...૧॥ ... ૧॥
" " **ગ્રંથ પાંચમો** (")...૪૦૮...૧। ... ૧।
" " **ગ્રંથ છઠ્ઠો** (")...૭૨૦...૨) ... ૨)

સુબોધ પુષ્પવાટિકા–શેખસાદીકૃત (આ. ૨ જી) ૧૩૬...૦।≈ ... ૦।≈
દયાળુમાતા અને સદ્ગુણી પુત્રી (આ. ૫મી)...૧૬૦...૦। ... ૦।૦॥

બાળોપયોગી પુસ્તકો

સદ્ગુણી બાળકો– (આવૃત્તિ ૭મી) ...૧૩૬...૦। ... ૦।૦॥
બાળસદ્બોધ– (આવૃત્તિ ૬ઠ્ઠી) ...૧૨૦...૦। ... ૦।૦॥
બાળકોની વાતો– (આવૃત્તિ ૭મી) ... ૮૮...૦)॥ ... ૦)॥॥
સુબોધક નીતિકથા–(આવૃત્તિ ૫મી) ...૨૩૨...૦।≈ ... ૦।≈॥

ચિત્રો ઇત્યાદિ

જ્ઞાનબાજી અથવા સોપાનપટ ... ... ૧૮×૨૪ ૦)≈... ૦)≈।
શ્રીરામકૃષ્ણ કેશવચંદ્ર સેનના ઘેર ... ૧૩॥×૨૦ ૦)≈... ૦)≈।
શ્રીચૈતન્ય મહાપ્રભુનું સંકીર્તન (ત્રિરંગી) ૧૫×૨૦ ૦)≈... ૦)≈।

મૂળ મૂળ ભગવદ્ગીતાઓ

(આ ભગવદ્ગીતાઓમાં ભાષાંતર સિવાય માત્ર મૂળ શ્લોકોજ આવે છે.)
ભગવદ્ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦॥
પંચરત્નગીતા-મૂલમાત્ર–નાના, મધ્યમ, મોટા અક્ષર ૦।, ૦।≈ અને ૦॥।

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

અમદાવાદ–ત્રણ દરવાજા બહાર, નદી જવાને રસ્તે, ભદ્ર પાસે
મુંબઈ–કાલબાદેવી રોડ, હાથી બિલ્ડીંગ, ત્રીજે માળે.

विविध ग्रंथमाळा

પ"×૭ાા"ના કદનાં ૧૯૦૦ થી ૨૩૦૦ પૃષ્ઠ અપાશે.

વાર્ષિક મૂલ્ય રૂા. ૫), પોસ્ટેજ માફ.

ખાસ સૂચના—આ માળાનું વર્ષ કાર્તિકથી શરૂ થાય છે. કોઇ પણ માસમાં ગ્રાહક થવા છતાં પુસ્તકો આખા વર્ષનાં મળે છે. વર્ષ પૂરૂં થયા પછી પુસ્તકો લેવાથી પોસ્ટેજ જુદું ચઢે છે.

विविध ग्रंथमाळाना नीचेना मणका तैयार छे

દરેકનું પોસ્ટેજ જુદું સમજવું

સંવત ૧૯૯૧ નાં પુસ્તકો—હૃદયતરંગ અને બ્રાહ્મણની ગૌ, ગામડીઆ નરદેવો, ભારતધર્મ અને અંધારા રંગમહેલનો રાજા, આદર્શ ચરિત્રસંગ્રહ, વિભુની વાટે અને રામાયણની રત્નપ્રભા. કુલ પૃષ્ઠ ૨૦૩૨, કદ પ"×૯", પાકાં પૂંઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૨ નાં પુસ્તકો—શ્રી ચૈતન્ય મહાપ્રભુ–ખંડ ૧–૨, ખંડ ૩ જો, ખંડ ૪–૫ મો, અને ટૂંકી વાર્તાઓ–ગ્રંથ ૫ મો. કુલ પૃષ્ઠ ૨૦૦૪, કદ પ"×૯", પાકાં પૂંઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૩ નાં પુસ્તકો—સંત તુકારામ ચરિત્ર, વૈદિક વિનય અને શ્રી જ્ઞાનેશ્વર તથા મહાત્મા એકનાથનું ચરિત્ર. કુલ પૃષ્ઠ ૧૯૯૨, કદ પ"×૯", પાકાં પૂંઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૪ નાં પુસ્તકો—કતલખાનું, વિષ્ણુસહસ્રનામાવલિ–દર્શન, આખ્યાનમાળા ગ્રંથ ૧ લો અને વૈદક સંબંધી વિચારો–ભાગ ૨ જો, કુલ પૃષ્ઠ ૨૦૦૪, કદ પ"×૯", પાકાં પૂંઠાં સાથે મૂલ્ય રૂા. ૫).

સંવત ૧૯૯૫ નાં પુસ્તકો—આખ્યાનમાળા–ભાગ ૨ જો. શ્રીતુકારામ-ગાથા ભાગ ૧ લો, ટૂંકી વાર્તા ગ્રંથ ૬ ઠો કુલ પૃષ્ઠ ૨૪૦૦, કદ ૫×૭ાા મૂલ્ય પાકાં પૂંઠાં સાથે રૂા. ૫).

श्री

आदर्श दृष्टांतमाळा

भाग बीजो

१–शिवराम किंकरनो ईश्वर उपर अडग भरोंसो

કાશીધામમાં ઈ. સ. ૧૯૧૬માં શ્રીશિવરામ કિંકર યોગ-ત્રયાનંદ નામના સાધુ રહેતા હતા. હાલમાં પણ છે કે નહિ, તેની ખબર નથી. એ મહાયોગી અને જ્ઞાની પુરુષ હતા. યૌવનાવસ્થામાં એ જ્ઞાનપિપાસુ ભક્તને સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરવાની ઇચ્છા થઇ હતી; પણ પુસ્તકો ખરીદવા જેટલા પૈસા પાસે નહોતા. એમની સ્મરણશક્તિ અસાધારણ હતી. બીજા પાસેથી પુસ્તક માગી લાવીને થોડા વખતમાં મોંએ કરી લઇને તે પાછું આપી આવતા. એક સમયે પાણિનિનું મહાભાષ્ય વાંચવાની એમને બહુ-જ ઇચ્છા થઇ. પાસે જે પૈસા હતા, એમાંથી એ ગ્રંથ ખરીદે તો ખાવાપીવાની ગોઠવણુ સારુ કાંઇ પણ રહે એમ નહોતું. આખરે 'દાંત આપ્યા છે તો ચાવણું પણ એજ આપશે, એવો વિચાર કરી

એ ભગવદ્ભક્તે પાસેના બધા પૈસાથી વ્યાકરણ ખરીદીને અભ્યાસ શરૂ કર્યો. બીજી કાંઇ પણ ચિંતા કરી નહિ. સપરિવાર એક દિવસ ઉપવાસમાંજ ગુજાર્યો. બીજે દિવસે ટપાલમાં એક રજિસ્ટર્ડ કાગળ મળ્યો. એમાંથી એક નોટ નીકળી. મહાભાષ્યના મૂલ્ય કરતાં એ નોટનું મૂલ્ય લગભગ ત્રણગણું હતું. તેની સાથે મોકલનારે લખ્યું હતું કે, "મારા ઇષ્ટદેવ મને સ્વપ્નમાં કહી ગયા છે કે, એમનો ભક્ત કષ્ટ ભોગવી રહ્યો છે, સરનામું પણ તમારું એમણેજ જણાવ્યું હતું. આપના નામનો કોઇ માણસ છે કે નહિ તેની મને ખબર નથી. જો કોઈ હશે તો આ પત્ર એને મળશે અને રજિસ્ટરની રસીદ પાછી મળતાં હું એ ધન્યપુરુષના ચરણનાં દર્શન કરવા સારુ તરતજ રવાના થઇશ."×

૨—साचो निष्कामता अने सात्त्विक दया-दाननो नमूनो

ફાધર ડેમિયન

બેલ્જિયમમાં વસતા બે ભાઇઓ એકજ કૉલેજમાં ધર્મગુરુ થવાનો અભ્યાસ કરતા હતા. મોટો ભાઇ ગુરુ (ફાધર) ડેમિયન તરીકે ટૂંક વખતમાં ધર્મપ્રચારક થઇ દક્ષિણસમુદ્રના ટાપુઓમાં જવાનો હતો. દરિયાપર જઇને કરવાનાં કાર્ય વિષે જ્યારે તે વાત કરતો ત્યારે તેની આંખો ચળકતી; તે ખડખડાટ હસીને પોતાના હાથની હથેળીઓ ઘસતો.

એક વખતે સખ્ત માંદગીમાં પછડાતાં તે બિછાનાવશ થયો.

+ આવી વાતોનાં જૂઠાં જોડકણાં પણ જગતમાં ઘણાં ફેલાય છે; પરંતુ સર્વભાવે પ્રભુ ભજી જાણે તેના સંબંધમાં આવા બનાવો પણ બને, એ પણ તદ્દન શક્ય છે. —સંપાદક

તાવથી તેનું શરીર જીર્ણ થઇ ગયું હતું. તેના મોં પરથી નૂર ઊડી ગયું હતું. તે વખતે તેના નાનાભાઇએ તેના બિછાના આગળ આવી ધીમેથી કહ્યું: "મોટાભાઇ! આપને બદલે જો હું પ્રચારકનું કામ હાથમાં લઉં, તો આપને તે રુચશે?" તે માંદા મનુષ્યનાં નેત્રમાં પળવાર તેજ આવ્યું, તેણે ભાઇનો હાથ પોતાના હાથમાં લેતાં મંદ હાસ્ય કરી પોતાની અનુમતિ જણાવી. આથી નાનાભાઇએ ગુપ્ત રીતે ત્યાંના અધિકારીઓને વિનતિ કરી લખી જણાવ્યું કે, "મારા ભાઇને બદલે મને જવાની પરવાનગી આપો."

એક દિવસ જ્યારે તે પોતાનાં પુસ્તકો વાંચવામાં ગૂંથાયો હતો તે વખતે કૉલેજના ઉપરી અધિકારીએ આવી તેને જણાવ્યું કે, "તમારે જવાનું ઠર્યું છે." આ સમાચાર સાંભળી તે છોકરો સફાળો કૂદ્યો, પોતાની ઓરડીમાંથી બહાર ધસી આવ્યો અને પાગલની માફક રમવાની જગ્યાએ જઇ નાચવા લાગ્યો. આ પ્રકાર જોઇ બીજા વિદ્યાર્થીઓ માંહોમાંહે કહેવા લાગ્યા: "યાર! આનું તો આજે કાંઇ ચસક્યું લાગે છે!"

ખરેખર જોસફ ડેમિયન કાળાપાણીએ જતાં આટલો રાજી શું કરવા થતો હશે? જ્યાં આગળ તેની પોતાની બોલી બોલનારા લોકો રહે છે, જ્યાંના રીતરિવાજો અને વ્યવહારો તેને આટલા બધા જાણીતા થઇ ગયા છે, તેવી સુખદાયક ભૂમિને શાથી છોડવા ઇચ્છતો હશે? સ્નેહી-સંબંધીઓથી સદાને માટે દૂર થઈ ઉજ્જડ સમુદ્રોને પેલે પાર આઘે જંગલી લોકોમાં જઇને કામ કરવાને તે શું કરવા આટલો બધો તલપાપડ થઇ રહ્યો હશે? ઉત્તર એકજ હોઇ શકે અને તે એજ કે, ભ્રાતૃપ્રેમ, સમાજપ્રેમ, દેશપ્રેમ અને માનવજાતિ પ્રત્યેનો પ્રેમ!

અસ્તુ. ધર્મપ્રચારક બનવા માટે તેણે પ્રાપ્તસંયોગોનો પરિત્યાગ કરી દીધો. કેમકે જગતના ડાળદમામ કરતાં અને ઘરના

સુખવૈભવ તથા માતાપિતા વગેરે સ્વજનોના સ્નેહ કરતાં જગત-ઉદ્ધારક પયગંબરની આજ્ઞાને—ઘોર દુઃખદાયક વ્યાધિથી પીડાયા કરતા દેશબંધુઓની સેવાને—તે વધારે પસંદ કરતો હતો.

જોસફ ડેમિયને એક રમતિયાળ છોકરાની માફક નાચતાં-કૂદતાં દક્ષિણસમુદ્રના ટાપુઓ તરફ પ્રયાણ કર્યું. ત્યાં જઇ તે ધર્મ-પ્રચારક બન્યો. તેત્રીસ વર્ષની ઉંમર થતાં સુધી તેણે ઘણી સરસ રીતે પોતાનું કાર્ય બજાવ્યું. પછી એક દિવસે જ્યારે તે લોકોના સમુદાય વચ્ચે પોતાના કામમાં રોકાયો હતો, ત્યારે ત્યાંના ભલા પાદરીને તેણે એમ કહેતાં સાંભળ્યા કે, “ અરેરે ! મોલોકોઇનાં બિચારાં પતિયાં લોકો પાસે મોકલવા મારી પાસે અત્યારે કોઈ માણસ નથી. એ બિચારા દુઃખી જીવો એ ભયંકર રોગમાં સપ-ડાઇ જઇ પાપપંકમાં સડયા કરે છે. ”

જોસફ ડેમિયનનું હૃદય આ પતિયાંની વાતો સાંભળી ઘણી વાર દુઃખી થયું હતું. તેણે પાદરી પાસે માગણી કરી કે, “ મને ત્યાં મોકલો.” પાદરીએ તેની માગણી મંજૂર રાખી. આ પ્રમાણે અહીંયાં બીજો આત્મભોગ પણ અપાયો; કેમકે જંગલી લોકો પાસેથી પતિયાંના પ્રદેશમાં જવું એ બેલ્જિયમથી જંગલી લોકો પાસે જવા કરતાં ભારે આત્મભોગનું કામ હતું. એ પતિયાં બિ-ચારાં એકલાંજ રહેતાં હતાં. તંદુરસ્ત માણસોથી તેમને ફરજ રાખેલાં હતાં. સમસ્ત મનુષ્યજાતિથી તેઓ તરછોડાયેલાં હતાં. તેમના ભયંકર શારીરિક રોગોથી તેમના આત્મામાં પણ બગાડ પેઠો હતો. તેમનાં ઝૂંપડાં ઢોરની કોઢ કરતાં નપાટ હતાં. પશુ-ઓના કરતાં તેમનું જીવન કોઇ પણ રીતે ચઢિયાતું ન હતું. તેઓ દેખાવે એટલા બિહામણા લાગતા કે, તેમના તરફ કોઇને જોવું પણ ગમે નહિ !

પરંતુ ગુરુ ડેમિયને આ તજાયેલા લોકો પાસે આવી એક

સાદો સંદેશ સંભળાવી દીધો કે, "પ્રભુ તમને ચાહે છે" અને તેની આનંદી મુખમુદ્રા, તેનો ખુશકારક અવાજ, સ્નેહભીની આંખો અને તે સર્વ ઉપરાંત તેની વાણીમાં રહેલી જીવંત શ્રદ્ધા ઇત્યાદિ ગુણોથી એ જંગલી પશુઓ બદલાઇ જઇને પાછાં મનુષ્ય બન્યાં અને મનુષ્યમાંથી પ્રભુનાં બાળક બન્યાં. પોતાનાં પાપકર્મથી હવે તેઓ શરમાવા લાગ્યા. તેમને લાગવા માંડયું કે, ખરેખર પ્રભુ આપણુને ચાહેજ છે. નિદાન એક વાત તો સત્ય હતી અને તે એ કે, ગુરુ ડેમિયન તેઓને ખરા જિગરથી ચાહતો હતો.

સોળ વર્ષ સુધી આ પવિત્ર અને ભક્તિમાન મહાત્માએ પતિતાં લોકોમાં નિવાસ કર્યો. તેણે તેમને માટે એક દેવળ બંધાવી આપ્યું. તેમાં તેઓ ઘણા પ્રેમથી પ્રાર્થના કરવા જતા. તેણે એમને માટે સારાં ઘરબાર બંધાવી આપ્યાં. તેણે તેમને માટે સારું પાણી પૂરું પાડી આપ્યું. તે તેમની અનેક રીતે માવજત કરવા લાગ્યો. તેણે તેમના ભયંકર જખમોને પાટા બાંધ્યા, તેઓના મરણપ્રસંગે તેણે તેમને આશ્વાસન આપ્યું અને મરણુ થતાં તેમને માટે તેણે કબરો પણુ ખોદી આપી. એ ટાપુની બહારના જગતના ઘણા લોકો પતિયા લોકોમાં રહીને કામ કરતા. આ એકાંતવાસી ધર્મપ્રચારક વિષે સાંભળતાંજ કેટલાક તેને મળવા માટે અને તેને સહાય કરવા માટે ત્યાં આવતા. ઘણાં વર્ષો સુધી તેણે પોતાના એ ગરીબ દુઃખી લોકોમાં રહી કામ કર્યું; પરંતુ આખરે તે પણ આ ભયંકર રોગનો ભોગ થઇ પડચો.

એક દિવસ તેને ચેતવણી મળી. તે ખદખદતા પાણીની તાં બડી લઇ જતો હતો, એવામાં અચાનક તે તેના પર ઢળી ગઈ; પણ તે જરાએ દાઝયો નહિ. આથી તેની અજાયબીનો પાર રહ્યો નહિ. તે એક ડૉક્ટર પાસે ગયો. તેને પૂછ્યું: "ડૉક્ટર સાહેબ! મને પત નીકળ્યું છે?" ડૉક્ટરે જવાબ આપ્યો કે, "કહેતાં મારી જીભ

ઊપડતી નથી; પણ ખરેખર, આપને પતની અસરજ થયેલી છે.' તેજ પળથી ગુરુ ડેમિયન પોતાનાં ધર્મવિષયક વ્યાખ્યાનોમાં “ મારા બંધુઓ ” ને બદલે હમેશાં “ આપણે પતિયા લોકો ” એમજ કહેવા લાગ્યો; પરંતુ તે સંપૂર્ણ રીતે સુખી જણાતો હતો. તે કહેતો કે, “ આ ટાપુ છોડી જવાથી મારો રોગ મટી જાય, એમ કોઇ કહે; તોપણ હું મારા આ પતિયા ભાઈઓનો ત્યાગ નહિ કરું. ” આ પ્રમાણે તેના શરીરમાં મૃત્યુએ સપાટાબંધ પ્રવેશ કરવા છતાં તેણે તો પોતાનું કામ બજાવ્યાજ કર્યું ! છેવટે જ્યારે તે સખ્ત બીમારીમાં પડ્યો, ત્યારે પણ તેને મળેલાં સર્વ સુખો અને શુભાશિષો માટે તેણે પ્રભુનો ઉપકાર માન્યો. એ સમયે બે પાદરીઓ અને ધર્મખાતાની બે ભગિનીઓ તેના બિછાના આગળ પ્રાર્થના કરવા ઘૂંટણિયે પડ્યાં.

તેમાંના એક પાદરીએ કહ્યું કે, “ ગુરુ ! જ્યારે આપ સ્વર્ગમાં જશો, ત્યારે આ આપનાં પતિયાં નિરાધાર બાળકોને નહિજ ભૂલો ને ? ” તે ભલા ધર્મગુરુએ સ્મિત કરતાં કહ્યું કે, “ નહિ, બિલકુલ નહિ. જો મને પ્રભુનાં દર્શન થશે, તો તેમની આગળ પણ હું તો પતિયાંનાં સર્વ કૃત્યો માફ કરવાનીજ પ્રાર્થના કરીશ. ”

જમીન પર ઘૂંટણ ટેકવી બીજા પાદરીએ કહ્યું: “ ગુરુ ! એલિજાની માફક આપ મને આપનો ઝભ્ભો આપતા જશો ? ” ગુરુ ડેમિયને હસતાં હસતાં પૂછ્યું કે, “ કેમ વારુ ? તમે તેને શું કરશો ? ” ક્ષણવાર શાંત રહી પુનઃ ગુરુએ જણાવ્યું: “ ભલે લેજો, પણ એ પતના રોગથી નર્યો ભરેલો છે. ” પોતાનું જીવનકાર્ય સંપૂર્ણ થયા પછી ઉતારી નાખેલો આ ઝભ્ભો કેવો સુંદર કહેવાય ! આના કરતાં વધારે સુંદર ડગલો તો કોઇ રાજા–મહારાજાએ પણ કદી નહિ પહેર્યો હોય; કારણ કે એ ડગલામાં માનવપ્રેમનું કેવું અપ્રતિમ સૌરભ મહેક મારી રહ્યું હતું !

થોડા વખત પછી ગુરુ ડેમિયનના આત્માને દેવદૂતોએ ફૂલો વડે વધાવી લીધો, તેનું સમસ્ત જીવન એક સુવર્ણમય અને બોધપ્રદ કૃત્ય બની રહ્યું.*

३–बालानंद स्वामीनी त्यागवृत्ति

ડેપ્યુટી કલેક્ટર રામચરણ બસુ વૈદ્યનાથમાં પોતાના ગુરુ બાલાનંદ સ્વામી સાથે રહેતા હતા. એક સમયે એમણે સ્વામીજીને કીમતી શાલ ઓઢાડી. સ્વામીજી એ શાલ ઓઢીને એજ દિવસે બહાર ફરવા ગયા અને માર્ગમાં એક ટાઢથી ધ્રૂજતા માણસને જોઈ તેમણે એ શાલ તેનેજ ઓઢાડી દીધી. ફરીને ઘેર પાછા આવતાં શિષ્યે સ્વામીજીના અંગ ઉપર શાલ ન જોઇ; એટલે એમણે બહુજ નમ્રતાપૂર્વક ગુરુજીને પૂછ્યું કે, "મહારાજ! શાલ ક્યાં ગઈ?" ત્યારે ગુરુએ હસીને કહ્યું કે, "રામચરણ! તેં મને એ શાલ આપી દીધી હતી કે મજૂરની પેઠે ઊંચકવા સારુ આપી હતી?" શિષ્યે કહ્યું: "બિલકુલ આપનેજ સમર્પણ કરી હતી." ગુરુએ કહ્યું: "તો પછી એનું શું થયું ને શું નહિ, તેની પંચાતીજ તું શા માટે કરે છે?"

ખરેખર, પરદુઃખ નિવારણ કરવા સારુ પોતાની પ્રિયમાં પ્રિય અને કીમતીમાં કીમતી વસ્તુનો ત્યાગ કરવો, એ તો સંન્યાસીનું મોટું લક્ષણ છે.

---

* "જ્ઞાનપ્રચાર"માંના રા. 'જ્યોતિ'ના લેખ પરથી સહજ સુધારા સાથે.

ભારતવાસી સુધારકો અને દેશસેવકો! જુઓ, ધ્યાન આપો કે, સાચા સમાજસેવક કેવા હોય છે? સરખાવો ફાધર ડેમિયન સાથે તમારી નિઃસ્વાર્થતા, ત્યાગવૃત્તિ અને ઉદારતાને!! —**સંપાદક**

४–दारूडियाओना देखावथी हजरत उपर थयेली असर

મહાપુરુષ મહમદ પેગંબર (સ૦ આ૦ સ૦), એમણે યૌવન-કાળમાં એક ગામમાં જતી વખતે જોયું કે, સંધ્યાકાળે અનેક આરબ લોકો એકઠા થઇને દારૂ પી રહ્યા છે અને એ અવસ્થામાં ખૂબ હસી રહ્યા છે તથા આનંદપૂર્વક સમય ગાળી રહ્યા છે. બીજા-ઓને સુખી જોવાથી સ્વાભાવિક રીતે એક સાત્ત્વિક પુરુષને જે આનંદ થવો જોઇએ, તે એમને એ દિવસે થયો. બીજે દિવસે એજ રસ્તે પાછા ફરતાં તેમણે જોયું કે, ત્યાં તો પુષ્કળ લોહી રેડાયું હતું! પૂછપરછ કરતાં જણાયું કે, અતિશય દારૂ પીને ગઇ રાત્રે પેલા આરબ લોકોએ પુષ્કળ તોફાન કર્યું હતું અને એમાં કેટ-લાયે માર્યા ગયા હતા તથા ઘાયલ તો બધાજ થયા હતા. એ બનાવની અસર આ મહાપુરુષ ઉપર ઘણી થઇ અને તેમણે જ્યારે ઇસ્લામી ધર્મનો પ્રચાર કર્યો, ત્યારે એ બનાવને ધ્યાનમાં રાખીને પોતાના ધર્મમાં મદ્યપાન વિરુદ્ધ બહુજ સખ્ત મનાઇ ફરમાવી હતી. આજે પણ એને લીધેજ સાચા મુસલમાનો દારૂને અડવામાં પણ મહાપાપ સમજે છે.

५–एक सुलताननी उदारता तथा निष्पक्ष न्याय

સુલતાન બીજા મુઝફ્ફરના વખતમાં તેના એક ખોજા અમલ-દારે મરી ગયેલા વજીફદારોની જાગીર સરકારમાં જપ્ત કરી અને એ રીતે પુષ્કળ પૈસો લાવી બાદશાહ આગળ રજૂ કર્યો. સુલતાને પૂછ્યું: "આ કોનો પૈસો છે અને ક્યાંથી લાવ્યા?" પેલા અમ-

લદારે ઉત્તર આપ્યો: "સુલતાનનો છે; કારણ કે સુલતાન પહેલા મુઝફ્ફરના વખતથી આ વજીફાઓ ધાર્મિક પુરુષોને બક્ષિસ આપવામાં આવ્યા છે અને ત્યારથી તે આજ લગી તેની આવક વધતી ગઈ છે. જ્યારે મેં તપાસ કરી, ત્યારે માલૂમ પડ્યું કે, અસલ વજીફદારોમાંના ઘણાક મરી ગયા છે અને તેથી તેમના વજીફાની આવક ભેગી કરી આપની પાસે રજૂ કરી છે." સુલતાને તેને ઠપકો આપ્યો અને સખ્તાઇથી કહ્યું કે, "અરે બેવકૂફ તથા બેશરમ માણસ! તને હું શું કહું? અગર તું મર્દ હોત તો તને બાયલો કહેત, અગર તું ઓરત હોત તો ખરાબ વર્તણૂકની ઓરત કહેત. તું નથી આદમીમાં કે નથી ઓરતમાં; પણ બન્નેના ખરાબ ગુણો તારામાં મોજૂદ છે. જે વજીફદારો મરી ગયા છે તેમને છોકરાં હશે, અગર છોકરાં હયાત નહિ હોય તો તેમની બૈરી તથા છોકરીઓ હશે અને જો તે પણ હયાત નહિ હોય તો તેમનાં દાસીઓ તથા ગુલામો હશે. તેં આ કૃત્ય તારી આપખુદીથી ઘણુંજ બૂરું કર્યું છે. હવે ફરીથી આવું કૃત્ય કરતો નહિ. જા, જેમની પાસેથી આ પૈસો લીધો છે, તે તેમને પાછો આપી દે અને તે ગરીબ માણસોના ઘાયલ થયેલા જિગરને માફીના ગુલાબથી રુઝાવ." ત્યારપછી સુલતાને હુકમ કાઢ્યો કે, "ગુજરાતમાં જે લોકો દેવસ્થાન રૂએ વજીફા ભોગવે છે, તેઓ જો મરી ગયા હોય તો તેમના વારસોની અંદર તે વજીફા વહેંચી આપવા અને હવે પછી રાજાના કોઇ પણ અમલદારે હમણાં તેમજ ભવિષ્યમાં તે વજીફાઓના સંબંધમાં ડહાપણ કરવું નહિ."

૬–अंत्यजो प्रत्ये तिरस्कार अने आभडछेट

(ભૂદેવ મુખોપાધ્યાય)

એક દિવસ બંગાળાની નિશાળોના ડેપ્યુટી ઇન્સ્પેકટર પ્યારીમોહન મુખોપાધ્યાયે સ્વર્ગસ્થ ભૂદેવ મુખોપાધ્યાયને પૂછયું કે, "આપે ગ્રીસ, રોમ અને ઇંગ્લેંડના ઇતિહાસો લખ્યા છે; પરંતુ ભારતવર્ષનો ઇતિહાસ લખ્યો નથી, તેનું કારણ શું?" તેમણે ઉત્તર આપ્યો કે, "ગ્રીક, રોમન અને અંગ્રેજ, એ ત્રણ પ્રખ્યાત સ્વદેશભક્ત પ્રજાઓના ઇતિહાસમાંથી ભારતવાસીઓને ઘણું શીખવાનું મળે એમ છે. ભારતવર્ષનો પાછલા વખતનો રાજનૈતિક ઇતિહાસ એ માત્ર પ્રાયશ્ચિત્તનો ઇતિહાસ છે." પ્યારીમોહન બાબુએ પૂછયું; "ભારતવાસીઓ કયાં બે પાપોનું પ્રાયશ્ચિત્ત કરી રહ્યા છે?" ત્યારે એમણે જણાવ્યું કે, "પહેલું પાપ સ્વધર્મદ્વેષ અને બીજું પાપ સ્વદેશીવિદ્વેષ."

સ્વધર્મદ્વેષ સંબંધે બોલતાં તેમણે જણાવ્યું કે, હિંદુઓ તેમના નીચલા વર્ગને 'અંત્યજ વર્ણ' નામ આપીને પશુઓ કરતાં પણ તેમનો વધારે તિરસ્કાર કરે છે. કોઇ ડોમ (બંગાળાની એક અંત્યજ જાતિ) કે ભંગી જે જગ્યાએ બેઠો હોય તે જગ્યાને તેઓ છાણથી લીંપીને સાફ કરે છે, પણ એકાદ કૂતરું–બિલાડું આવીને ત્યાં મળત્યાગ કરી જાય તો ફક્ત વાશીદું વાળીને જમીન સાફ કર્યાથીજ કામ સરી જાય છે. હાલના વખતમાં 'સાધારણ' હિંદુઓ અંત્યજોના સુખ–દુઃખની બાબતમાં તદ્દન બેપરવા છે. વ્યવહારક્ષેત્રમાં હિંદુઓનો આ સ્વધર્મી વિદ્વેષ કાઢી નાખવા માટે, ભગવાને પોતાની અસીમ કરુણાથી પૃથ્વીમાં સૌથી વધારે સ્વધર્મીઓ ઉપર પ્રેમ રાખનારી પ્રજા મુસલમાનોને રાજકર્તા

અને શિક્ષક તરીકે ભારતવર્ષમાં મોકલી. એ ધર્મના લોકો આહાર-વ્યવહારની બાબતમાં, સ્વધર્મીઓમાં પંડિત કે મૂર્ખ, બાદશાહ કે ભિખારીનો ભેદભાવ ગણતા નથી. ઈદને દિવસે દરેક વર્ગના તથા દરેક દરજ્જાના હજારો મુસલમાનો એકઠા થઇને "બિસમિલ્લાહ યર રહમાન યર રહિમ" શબ્દોથી પરમ પવિત્ર વિશ્વનિયંતા ભગવાનની ઉપાસના કરે છે, એ કેવો સુંદર દેખાવ છે! અંત્યજ વગેરે હલકા ગણાતા વર્ણના મનુષ્યો જ્યાંસુધી હિંદુધર્મને માનનારા હોય છે, ત્યાંસુધી તેઓ બિચારા તિરસ્કારજ પામે છે. તેઓ જ્યારે કલમો પઢીને મુસલમાન થાય છે, ત્યારે એના એ હિંદુઓ તેમને 'સલામ મિયાં સાહેબ' કહી માન આપે છે અને ખુરસી ઉપર બેસાડે છે.× એ સ્વધર્મદ્વેષનું પ્રાયશ્ચિત્ત સેંકડો વર્ષો સુધી મુસલમાનોના રાજ્યમાં કર્યો પછી મહારાષ્ટ્ર અને પંજાબમાં એથી દોષ કેટલોક દૂર થયો હતો. મોગલોની સાથે ધર્મયુદ્ધ કરતી વખતે આહાર–વિહારમાં વર્ણભેદ હોવા છતાં પણ સૈન્યમાં તથા રાજ્યમાં આગળ વધીને ઊંચો દરજ્જો મેળવવાનો માર્ગ ન્યાતજાતના ભેદભાવ વગર મહારાષ્ટ્રીઓમાં દરેક યોગ્ય પુરુષને માટે ખુલ્લો હતો. એથી કરીને હોલ્કર, ગાયકવાડ અને સિંધિયા ઊંચી ન્યાતોના નહિ હોવા છતાં પણ રાજગાદી ઉપર બિરાજવાને યોગ્ય થયા હતા. પંજાબમાં શીખ લોકોમાં બધા વર્ણના લોકો "સિંહ" પદવી ધારણ કરે છે અને વિવાહની બાબતમાં ભેદ હોવા છતાં પણ આખી શીખજાતિમાં દઢ સંપ જોવામાં આવે છે.

× એ ભીલ, કોળી, ઢેડ કે ભંગી, ખ્રિસ્તીધર્મની દીક્ષા લઇ મિસ્ટર વિલિયમ કે મિસ્ટર જોન બનતાંવારજ એમની સાથે શેકહેન્ડ કરવામાં, એમને ગુડ મોર્નિંગ કરવામાં અને એમની સાથે ઓળખાણ કરવામાં હિંદુઓ પોતાનું અહોભાગ્ય માને છે. —શિ. દ. પં.

૭–योग्य सरदार विना सिपांईओनुं शौर्य नकामुं छे

ઓામીં નામના અંગ્રેજ ઇતિહાસકારે ભારતવર્ષનો એક ઇતિહાસ લખ્યો છે. તેમાં દેશી સિપાઇઓનાં શૌર્ય તથા પ્રમાણિકપણાનો ઉત્તમ પરિચય કરાવ્યો છે. પ્રશિયાના રાજા મહાન ફ્રેડરિકે એ વાત જાણીને કહ્યું કે, "જો આવા સિપાઈઓનો હું અમલદાર હોત તો સમસ્ત યુરોપખંડને મેં જીતી લીધો હોત."

અને એવા સત્યનિષ્ઠ વીર સૈનિકોને ભારતવર્ષમાંથીજ ફ્રેડરિક જેવો નેતા મળ્યો હોત તો?

ગઈ ગુજરી સંભાર્યે હવે શું વળે?

૮–एक चित्रकारनी पोताना धंधादारी प्रत्ये प्रीति

ઇંગ્લૅંડનો સૃષ્ટિસૌંદર્યનો સુપ્રસિદ્ધ ચિત્રકાર ટર્નર એક સમયે રૉયલ એકેડેમીના પ્રદર્શનમાં–'છબીઓ ગોઠવવાની કમિટિ'માં મુખ્ય સભાસદ હતો. તેનાં પોતાનાં દેશવિખ્યાત ચિત્રોને યોગ્ય ઠેકાણે ટાંગી દેવામાં આવ્યાં હતાં. બીજાઓની છબીઓ ગોઠવવાનું કામ પણ પૂરું થયું હતું. ભીંત ઉપર હવે એક પણ ચિત્રને સારુ સ્થાન નહોતું, એવે વખતે એક નવા ચિત્રકારનું એક ચિત્ર તેને સારું લાગ્યું અને તેને દીવાલ ઉપર ટાંગવાની ઇચ્છા થઇ. કમિટિના બીજા સભાસદોએ કહ્યું કે, "છબી સારી તો છે, પણ આપણી પાસે જગ્યા નથી. હવે કોની છબી ઉતારીને એનું ચિત્ર ટાંગીએ?" ત્યારે ટર્નરે કહ્યું કે, "જ્યારે બધાને એ ચિત્ર ગમ્યું છે તો જગ્યાની તંગીને ખાતર એના ઉત્સાહને તોડી પાડશો?" ટર્નરે તરતજ પોતાનું એક ચિત્ર ઉતારી લઈને એની જગ્યાએ પેલા નવા ચિત્રકારનું ચિત્ર ગોઠવી દીધું; જો કે ઉત્તમતાની દૃષ્ટિએ એ ચિત્ર ટર્નરની છબીનું સ્થાન લેવા યોગ્ય નહોતું.

९–खरो कळावान कोण?–टॉल्स्टॉयनो मत

ટૉલ્સ્ટૉયના એક ચિત્રકાર મિત્ર ‘ગે’એ ખ્રિસ્તને લગતાં ચિત્રો તૈયાર કરવા માંડયાં હતાં. તેને ટૉલ્સ્ટૉયે આપેલો ઉપદેશ ધ્યાનમાં લેવા જેવો છે.

“ખરો કળાવાન તેજ થઇ શકે છે, કે જેના હૃદયમાં કોઇ પણ ઉપકારક વિષયનું જ્ઞાન અને ચારિત્ર છલોછલ ભરાઇ જઇને પછી બહાર વહેવાનું જોર કરી રહ્યું હોય છે. અર્થાત્ તે બાબતની પોતાની માહિતી લોકોને આપવાની પ્રબળ ઇચ્છા જેના હૃદયમાં જોર કરી રહી હોય છે અને એ ઇચ્છાને અમલમાં લાવવાની જેનામાં આવડત હોય છે. પછી તે લેખક હોય, ચિત્રકાર હોય અથવા અન્ય કોઇ પણ કળાનો આશ્રય લેનાર હોય! જુદી જુદી કળાઓનાં બાહ્યરૂપ જુદાં જુદાં હશે, પણ તે સર્વનો પાયો તો એકજ નામના ગામમાં પ્રકારનો હોય છે.”

१०–गदाधर भट्टाचार्यनी अपूर्व खंत

ગદાધર વારેન્દ્રશ્રેણીના એક બંગાળી બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ જીવાચાર્ય હતું. પાલના જિલ્લામાં લક્ષ્મીઆપડ નામના ગામમાં તેમનો નિવાસ હતો.

ગદાધર બાલ્યાવસ્થામાં નવદ્વીપ (નદિયા) શહેરમાં વિદ્યાભ્યાસ કરવા સારુ ગયા અને ત્યાં સુપ્રસિદ્ધ હરિરામ તર્કવાગીશની ગામઠી નિશાળે દાખલ થયા. ત્યાં આગળ ઘણી કાળજી તથા ખંતપૂર્વક ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યાથી થોડાજ સમયમાં એમની વિદ્યા તથા બુદ્ધિની ખ્યાતિ નવદ્વીપના પંડિતવર્ગમાં ફેલાઇ ગઇ.

ગુરુ હરિરામના મૃત્યુસમયે, તેમની નિશાળ ચલાવી શકે એવો કોઈ યોગ્ય શિષ્ય નહોતો. ગદાધરની વિદ્યા તથા બુદ્ધિનો સારી રીતે પરિચય હોવાથી ગુરુજી સારી પેઠે જાણતા હતા કે, જો કે આ બાળકનો વિદ્યાભ્યાસ હજુ સમાપ્ત થયો નથી, તોપણ એ પોતાના અસાધારણ બુદ્ધિબળથી બધાં વિઘ્નોનો તોડી નાખીને નિશાળ ચલાવવાને સમર્થ થશે. એટલા સારુ એમણે પોતાની પત્નીને બોલાવીને કહ્યું કે, "મારા મૃત્યુ પછી પાઠશાળાનું કામ ગદાધરને સોંપજો." સ્વામીના પરલોકવાસ પછી પત્નીએ સ્વામીની આજ્ઞાનુસાર ગદાધરને પાઠશાળામાં અધ્યાપકના કામ ઉપર નીમ્યો; પરંતુ ગદાધરનો અભ્યાસ સમાપ્ત થયેલો નહિ હોવાથી એને કોઇ ઉપાધિ મળી નહોતી. આથી એ પોતાની વંશપરંપરાની અટક ભટ્ટાચાર્ય નામથીજ ઓળખાતા હતા. ગદાધરે અધ્યાપકનું કાર્ય શરૂ કર્યું; એટલે એ નિશાળના ઘણાખરા વિદ્યાર્થીઓએ એની પાસે ભણવાની સાફ ના કહી અને તેઓ એ નિશાળ છોડીને બીજી નિશાળે જતા રહ્યા.

એ સમયે એવો નિયમ પ્રચલિત હતો કે, અધ્યાપક અથવા ગ્રંથકારના વંશનો ન હોય એવા શિક્ષક પાસે કોઇ ભણવા જતું નહિ. એ વખતમાં છાપખાનાંઓ નહિ હોવાથી પુસ્તકોનો પ્રચાર ઓછો હતો. અધ્યાપક અથવા ગ્રંથકારના ઘર સિવાય બીજે પુસ્તકોનો સંગ્રહ મળી આવતો નહિ, એટલે બીજા કુટુંબના શિક્ષકો પાસે સારાં પુસ્તકોનો અભાવ રહેતો અને વિદ્યાર્થીઓને તેમની પાસે ભણવામાં ઘણી અગવડ નડતી.

વિદ્યાર્થીઓના ચાલ્યા ગયાથીજ તેજસ્વી, ઉદ્યમી અને દૃઢ ઇચ્છાવાળા ગદાધરની ઉન્નતિનાં બીજ રોપાયાં. એમણે પ્રતિજ્ઞા કરી કે, "ગમે તે ઉપાયે હું મારી વિદ્યા અને બુદ્ધિનો પરિચય આપીને વિદ્યાર્થીઓને મારી પાસેથી ભણવાનું કબૂલ કરાવીશ."

હવે એમણે હરિરામની પાઠશાળાનો ત્યાગ કરીને ગંગાના ઘાટની પાસે એક ચતુષ્પાઠી અને એક નાનોસરખો ફૂલનો બગીચો સ્થાપ્યો. બ્રાહ્મણ પંડિતો પૂજાને સારુ જાતેજ પુષ્પો ચૂંટી લાવતા; એટલે એમના બગીચામાં પુષ્પ ચૂંટવા સારુ બ્રાહ્મણ અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો સદા સમાગમ થવા લાગ્યો.

આ તરફ ગદાધરે પુષ્પના છોડ આગળ બેસીને વૃક્ષનેજ સંબોધીને ભણાવવાનું શરૂ કર્યું. દરરોજ સવાર–સાંજ ત્યાં બધા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ પુષ્પ ચૂંટવા અને ગંગાસ્નાન કરવા આવતા. તેઓ ધ્યાનપૂર્વક એમનો પાઠ સાંભળતા. એ વખતે ગદાધર પંડિત ન્યાયશાસ્ત્રના અઘરા પાઠોને અતિશય સરળ અને સમજાય એવા બનાવીને ભણાવી રહ્યા હતા અને તેને લખતા પણ જતા હતા. વિદ્યાર્થીઓને તેમનાં આ વ્યાખ્યાનો નવાં લાગવા લાગ્યાં અને તેઓ મનમાં ને મનમાં ગદાધરની પુષ્કળ પ્રશંસા કરવા લાગ્યા. કેટલાક વિદ્યાર્થીઓ છાનામાના તેમને ઘેર જઇને પોતાના સંદેહ દૂર કરવા લાગ્યા અને કેટલાક એમના પુસ્તકનાં પાનાં ઘેર લઈ જઈ તેની નકલ કરવા લાગ્યા; આ પ્રમાણે અનેક જણાએ તેમની પાસે ગુપ્ત રીતે ભણવા માંડયું.

ગદાધર એ વખતે રઘુનાથકૃત 'બૌદ્ધાધિકાર દીધિતિ' ગ્રંથની ટીકા રચી રહ્યા હતા. લખનારની ભૂલથી 'शिष्यते' ને બદલે 'शिष्यन्ते' પાઠ લખાઈ ગયો. એ પોથીનું એ પાનું નૈયાયિક જગદીશની પાઠશાળાના કોઇ એક વિદ્યાર્થીના હાથમાં ગયું. તેની દૃષ્ટિએ એ ભૂલ પડયાથી એણે એ પાનાને કૂતરાના ગળે બાંધી દીધું. થોડી વારમાં એ સમાચાર ગદાધર પંડિતને કાને પહોંચ્યા, એટલે એમણે તરતજ એ કૂતરાને પકડી લાવીને તેના ગળામાંથી એ પાનું છોડી લઈ, પોતાની અસાધારણ શક્તિ અને પ્રતિભાના બળે 'શિષ્યન્તે' પાઠનેજ ખરો સાબિત કરીને નવી વ્યાખ્યા લખી નાખી. ત્યાર

પછી એ ટીકા જગદીશ પંડિતને મોકલવામાં આવી. જગદીશ એ ટીકા વાંચીને સ્પષ્ટ બોલ્યા કે, "ગદાધરની આ ટીકા વાંચ્યા પછી હું નિશ્ચયપણે કહી શકતો નથી કે એમાંથી કયો પાઠ સાચો છે?"

આ બનાવ બન્યા પછી ગદાધરની ખ્યાતિ અને પ્રતિષ્ઠા આખા નવદ્વીપમાં વ્યાપી ગયાં અને વિદ્યાર્થીઓથી તેમની ચતુષ્પાઠી ભરાઈ ગઈ. આ પ્રમાણે ગદાધર પંડિત પોતાની ખંત, દૃઢતા અને અવિચલિત ઉત્સાહને લીધે નવદ્વીપમાં અધ્યાપકનું કાર્ય કરવા સમર્થ થયા હતા.

११–साचा त्याग–वैराग्यनी अपूर्व शान्ति

(મહાત્મા ભર્તૃહરિ)

કોઇએ મહાત્મા ભર્તૃહરિને ગાળ દીધી ત્યારે રાજ્યવૈભવનો ત્યાગ કરી આવેલા એ સંન્યાસી રાજાએ કહ્યું કે, "ભાઇ! મારે ગાળનું પણ પ્રયોજન નથી; એટલે હું તમારું એ દાન ગ્રહણ કરી શકતો નથી. હવે મારી પાસે કાંઇ પણ નથી; એટલે સુધી કે તમને દેવા સારુ ગાળ સુદ્ધાં પણ મારી પાસે રહેવા પામી નથી; માટે લાચાર છું કે હું તમને કાંઇજ આપી શકતો નથી."

१२–एक मुस्लिम मूरनो स्वधर्मविश्वास

એક વખત આલ્જીરિયામાં મૂર લોકોના બળવામાં એક ફ્રેંચ સૈનિક બળવાખોરોના હાથમાં સપડાયો. એ ફ્રેંચ કેદી તરફ એમણે કોઇ પ્રકારની જુલમી વર્તણુક ચલાવી નહિ; પરંતુ બળવાખોરોની વાતચીત ઉપરથી ફ્રેંચ લોકો ઉપર એમને કેટલો ઊંડો દ્વેષ છે, તે એ ફ્રેંચ કેદી સમજી ગયો. એક દિવસ એ કેદીએ એમને

પૂછ્યું કે, "તમે અમારા લોકોને આટલા બધા દ્વેષ અને તિરસ્કારની દૃષ્ટિએ કેમ જુઓ છો?" મૂર લોકોએ ઉત્તર આપ્યો કે "તમે અમારા દેશમાં આવ્યાજ શા સારુ?" કેદીએ કહ્યું: "તમારા દેશની ઉન્નતિ કરવા, તમને સભ્ય અને ઈશ્વર ઉપર વિશ્વાસ રાખનારા બનાવવા સારુ અમે આવ્યા છીએ." બળવાખોર મૂર લોકોએ કહ્યું કે, "બહારની સભ્યતાની અમારે જરૂર પણ નથી અને એ ટકવાની પણ નથી. ઈશ્વર ઉપર અમારો વિશ્વાસ સંપૂર્ણ છે. આ દેશમાં એવો કયો મુસલમાન છે, કે જે રોજ નમાજ ન પઢતો હોય? ખરું જોતાં ઈશ્વર ઉપર અવિશ્વાસ રાખનારા તો તમે છો. તમારામાંથી કોઇને કદી પણ ઈશ્વરની આરાધના કરતા જોયા નથી."

આજકાલ યુરોપમાં સુધરેલા લોકો જડવાદી બનતા જાય છે. ખ્રિસ્તી કે બીજા કોઈ પણ ધર્મમાં એમનો વિશ્વાસ નથી. લૌકિક ધન અને ભોગવિલાસજ એમનું એકમાત્ર લક્ષ્ય થઇ પડયું છે; છતાં પણ પાદરી સાહેબો ધર્મ ફેલાવવા માટે સાત સમુદ્ર ઓળંગીને અહીં ભારતવર્ષ સુધી શાથી આવે છે?

૧૩—માત્ર एकज वाक्य उपरथी कुटेवनो त्याग

કલકત્તામાં સીતારામ ઘોષ સ્ટ્રીટમાં સ્વરૂપચંદ્ર બંદ્દોપાધ્યાય નામના એક ધનાઢય પુરુષ વાસ કરતા હતા. એમણે કેળવણી પણ સારી લીધી હતી. અંગ્રેજી ભણતરને લીધે ત્યાંના યુવકોમાં દારૂ પીવાનો શોખ ઘણો વધી પડ્યો હતો. સ્વરૂપચંદ્રમાં તો એ દોષ વધારે પડતો હતો, પરંતુ એમનામાં બીજા અનેક ગુણો હોવાથી ભૂદેવ મુખોપાધ્યાય સાથે એમને મિત્રતા હતી. મિત્રોની સાથે વિદ્યાની ચર્ચામાં એમનો ઘણો વખત જતો.

એક દિવસ એમના બગીચામાં વાંસના એક ઘરની મરામત

કરાવવાની જરૂર પડતાં તેમણે એક ખલાસીને બોલાવ્યો અને કહ્યું કે, "શંભુ! મારે આ મકાનની મરામત કરાવવી છે, આજેજ કામ શરૂ કરી દે."

શંભુએ વિનયપૂર્વક કહ્યું: "આજ તો નહિ બને. પરમ દિવસે હું કામે લાગીશ. એ દિવસ બીજે કામ કરવાનો વાયદો કરી આવ્યો છું." ત્યારે સ્વરૂપ બાબુએ કહ્યું કે, "પરમ દિવસનો વાયદો તો પાકો છે ને?" શંભુએ કહ્યું કે "મહાશય! હું કાંઇ દારૂડિયો તો છુંજ નહિ, કે મારો વાયદો નહિ પાળું!" એ જવાબથી સ્વરૂપચંદ્રને ઘણું લાગી આવ્યું. તેમણે કહ્યું કે, "શંભુ! દારૂ પીનારા શું જૂઠું બોલતા હશે?" ખલાસીએ જવાબ આપ્યો કે, "બેશક, દારૂ પીધાથી માણસની માણસાઇ જતી રહે છે. પોતાની વાતનું ભાન એને ક્યાંથી રહે?" સ્વરૂપચંદ્રે એજ વખતે દારૂની બાટલીઓ તોડીને ફેંકી દીધી અને સદાને માટે દારૂનો ત્યાગ કર્યો. એ દિવસથી સ્વરૂપબાબુ, એ શંભુનો વિશેષ આદર કરતા.

૧૪–ખોરાસાની યુવકની હાજરજવાબી તથા દૃઢ શ્રદ્ધા

ખોરાસાન દેશના એક રાજાને બહુ સખ્ત પીડા થવાથી ગ્રીસ દેશના હકીમોએ રાજાને કોઇ યુવકના પંડનો ઉપયોગ કરવાની સલાહ આપી. રાજાએ એક ગરીબ પિતાને પુષ્કળ ધનની લાલચ આપીને તેના યુવકપુત્રને મારી નાખવાનું કબૂલ કરાવ્યું. એ કાર્યમાં પાપ છે કે નહિ, તે બાબત કાજીનો અભિપ્રાય પૂછવામાં આવ્યો. કાજીએ જણાવ્યું કે, "રાજાના આરોગ્ય સારુ પ્રજાનો પ્રાણ લેવો એ શાસ્ત્રાનુકૂળ છે." એવો અભિપ્રાય આપીને તેણે યુવકના વધનો પરવાનો લખી આપ્યો! જલ્લાદ પણ આવી પહોંચ્યો!

એ વખતે એ યુવકે જરા હસતાં હસતાં ઊંચે દૃષ્ટિ કરી. રાજાએ વિસ્મય થઇને પૂછયું: "આવી અવસ્થામાં તને હસવું કેમ આવે છે?" ત્યારે યુવકે કહ્યું કે, "સંતાન એ માતાપિતાનું વહાલસોયું ધન છે. સંતાન પ્રત્યે કોઈ અત્યાચાર કરે તો માતાપિતા કાજી આગળ ફરિયાદ કરવા જાય, કાજી ન સાંભળે તો રાજા આગળ ફરિયાદ લઈ જાય અને એજ છેવટનો ન્યાય કરે. મારાં માતાપિતાએ ધનના લોભને વશ થઇને મને મૃત્યુના મુખમાં ધકેલ્યો છે, કાજીએ પણ મૃત્યુની આજ્ઞા ફરમાવી છે અને રાજાની દૃષ્ટિ તો માત્ર પોતાના આરોગ્ય તરફજ છે. એવી અવસ્થામાં આ જગતમાં મારું કોઈ પણ નથી, તેના દુઃખનું મને હસવું આવે છે અને તેથીજ મારી દૃષ્ટિ સ્વાભાવિક રીતેજ ઊંચે બાદશાહોના બાદશાહ પ્રભુ તરફ જાય છે." એ સાંભળતાંજ રાજાનું અંતઃકરણ પીગળી ગયું. તેણે મનમાં વિચાર કર્યો કે, 'આ નિરપરાધી યુવકનો રક્તપાત કરવા કરતાં તો મારું મૃત્યુ થાય એજ વધારે સારું.' તરતજ રાજાએ યુવકના શિરને ચુંબન કરીને તથા પુષ્કળ ધન આપીને તેને છોડી મૂકયો. એ પુણ્યકાર્યથી રાજાના આત્માને એટલી બધી પ્રસન્નતા થઇ, કે એજ દિવસથી એની પ્રકૃતિ સુધરવા લાગી અને થોડાજ દિવસમાં એ સાજોતાજો થઈ ગયો! આ નિઃસ્વાર્થી માનવે પોતાને માટે નિર્દોષનો ભોગ અપાતો અટકાવીને કેવો ઉત્તમ લાભ મેળવ્યો!

१५—एक 'धर्म' शब्दमां समग्र कर्तव्यनो समावेश छे

પ્રસિદ્ધ વિદ્વાન ભૂદેવ મુખોપાધ્યાયને કોઇએ પૂછયું કે, "મનુષ્યોનાં બધાં કર્તવ્યોને એકજ સૂત્રદ્વારા પ્રગટ કરી શકાય કે નહિ?" તેમણે ઉત્તર આપ્યો કે, "બરોબર આવોજ પ્રશ્ન ચીનના મહાન ધર્મોપદેશક કૉન્ફ્યુશિયસને કોઇએ પૂછયો હતો. તેના ઉત્તરમાં

તેમણે જણાવ્યું હતું કે, 'વિનિમય' (આપો અને મેળવો) એ એક એવો શબ્દ છે, કે જેમાં બધાં કર્તવ્યોનો સમાવેશ થઇ જાય છે. 'જેવું બીજા પાસેથી ચાહો તેવું વર્તન તમે તેના પ્રત્યે રાખો.' એ ખ્રિસ્તી સૂત્ર પણ એવાજ ભાવવાળું છે. અમે સનાતનધર્મીઓ સમગ્ર કર્તવ્યોને 'ધર્મ' એવા છેકજ ટૂંકા નામથી ઓળખીએ છીએ અને ધર્મનું મૂળ શોધવા જતાં 'પ્રીતિ' અથવા 'સહાનુભૂતિ'માં મળી આવે છે; કેમકે એમાંથીજ 'ધર્મ' શબ્દ ઉત્પન્ન થાય છે અને એમાંથીજ સ્વાર્થત્યાગ ઊપજે છે."

૧૬–सुख के दुःख आ संसारमां सदाय टकतुं नथी

અરબસ્તાનમાં કોઇ એક સારા ઘરનો છોકરો દુર્દશામાં પડ્યાથી શત્રુઓના હાથમાં સપડાયો અને તેમણે તેને ગુલામ તરીકે વેચ્યો. એનો શેઠ ઘણો નિર્દય હતો. એક વેપારી એ ગામમાં વેપાર કરવા સારુ આવતાં એ સુંદર નવયુવકને કઠોર પરિશ્રમ કરતો જોઇને બોલી ઉઠ્યો કે, "ભાઈ! તને ઘણું દુઃખ છે." યુવકે કહ્યું કે, "જે પહેલાં હતું નહિ અને ભવિષ્યમાં પણ રહેશે નહિ, તેને સારુ ચિંતાજ શા માટે કરવી?"

કેટલાંક વર્ષ પછી એ વેપારી પાછો એ ગામમાં ગયો, ત્યારે ખબર પડી કે, શેઠ મરી ગયો છે અને શેઠની પડતી આવવાથી એ ખાનદાન ગુલામ દાસત્વમાંથી મુક્ત થઇને અત્યારે પોતાના શેઠનાં નિરાધાર પત્ની અને પુત્રનું પોતાની કમાણીમાંથી ભરણપોષણ કરે છે! આ વખતે પણ તે બહારગામના વેપારીએ દાસત્વમાંથી મુક્ત થયેલા એ યુવકની ખબર પૂછી. તેના ઉત્તરમાં પણ તેણે એજ કહ્યું કે, "જે પરિવર્તનશીલ છે તેમાં સુખ પણ શા માટે માનવું અને દુઃખ પણ શા માટે માનવું?"

બે વર્ષ પછી વેપારીએ પાછા આવીને જોયું તો પહેલાંનો એ દાસ હવે તો જિલ્લાનો આગેવાન થઇ પડયો છે અને એના હાથ નીચે ઘણા લોકો નોકરી કરે છે! આસપાસના ગામવાળાઓએ એનેજ પોતાનો સરદાર બનાવીને લૂંટારા અને ધાડપાડુઓને દબાવી દીધા છે! એ સેવાના બદલામાં તેમણે એ યુવકને પુષ્કળ જમીન આપી હતી. આવી દશામાં પણ સુખદુઃખ સંબંધી પ્રશ્ન કરતાં યુવક તરફથી એજ ઉત્તર મળ્યો હતો. પછી થોડાં વર્ષ બાદ એ વેપારી તે ગામમાં આવ્યો ત્યારે ખબર મળી કે, એ યુવક હવે તો રાજા થયો છે! એક ખાસ યુદ્ધમાં રાજાને અસાધારણ સહાયતા આપીને એ રાજાનો જમાઇ અને વારસ બન્યો હતો. એ રાજાની પાસે જઇને વેપારીએ પૂછયું કે, "હવે તો સુખી થયા ને?" રાજાએ ઉત્તર આપ્યો કે, "જે પૂર્વે હતું નહિ અને ભવિષ્યમાં રહેશે નહિ, તેમાં સુખ પણ શું માનવું અને દુઃખ પણ શું માનવું?"

આ અસ્થિર સંસારમાં સુખદુઃખથી મનને વિચલિત કર્યા વગર પ્રભુ પ્રત્યેજ લક્ષ્ય રાખવું અને એ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદથી રહેવું એમાંજ પરમ શાંતિ છે.

૧૭–મધુસૂદનનો દુઃખમાં વિદ્યાભ્યાસ

રૂડકી એન્જિનિયરિંગ કોલેજના ઉત્તમ વિદ્યાર્થી અને નિઝામ રાજ્યના એન્જિનિયર મધુસૂદન ચટ્ટોપાધ્યાયનો દેહાંત થોડાંકજ વર્ષ ઉપર ઇ. સ. ૧૯૦૮માં થયો છે. એ જ્યારે નિઝામ સરકારની નોકરીમાં હતા, ત્યારે હુસેનસાગરના વિશાળ તળાવનો બંધ તૂટી ગયો. અસાધારણ કાર્યકુશળતા અને અત્યંત પરિશ્રમ વડે એમણે માત્ર ત્રણજ કલાકમાં એ બંધની મરામત કરી દીધી અને સિકંદરાબાદ શહેરને નાશ પામતાં બચાવ્યું. એ અસાધ્ય કામ સાધ્યાથી એ

બંગાળી એન્જિનિયરનું નામ હૈદરાબાદ રાજ્યમાં બધાના મુખમાંથી નીકળવા લાગ્યું. એટલે સુધી કે, ઇ. સ. ૧૯૧૦માં જ્યારે મુસી નદીનો બંધ તોડી નાખીને પાણીએ હૈદરાબાદ શહેરને ડૂબાવી દીધું, ત્યારે લોકો કહેવા લાગ્યા હતા કે, “ આજ બંગાળી મધુબાબુ નથી, નહિ તો આપણે બધા આવી આફતમાં કદી આવી પડયા ન હોત.” એક દેશી એન્જિનિયરની આવી કીર્તિ સાંભળીને એવા એક ભારતવાસીની કાર્યકુશળતા માટે કોને પૂજ્યભાવ નહિ ઊપજે ?

એ મધુસૂદન સાત વર્ષની વયે પિતૃહીન થયા હતા અને પુષ્કળ દરિદ્રાવસ્થામાં આવી પડયા હતા. આઠ વર્ષની વયે હેર સ્કૂલમાં માફીમાં ભણુતા હતા, ત્યારે ગરીબાઇને લીધે રાત્રે સડક ઉપરના દીવા આગળ ઊભા રહી લેસન કરતા. શિવચંદ્ર ગુહ નામના એક બંગાળી તેમને એક રાત્રે એવી રીતે અભ્યાસ કરતા જોઇને ઘણા વિસ્મય પામ્યા તથા તેમને પૂછીને તેમની દરિદ્ર દશાથી જાણીતા થયા. એવા અદમ્ય ઉદ્યોગવાળા બાળક માટે એમને શ્રદ્ધા અને પ્રીતિ ઉત્પન્ન થવાથી એમણે પાંચ રૂપિયાના પગારે પોતાના છોકરાને ભણાવવા સારુ રાખ્યા. એ બાળક એ રકમમાંથી પણ દર મહિને બે રૂપિયા પોતાની માતાને સહાયતા સારુ મોકલતા હતા! દરિદ્રતા છતાં પણ એમણે વિદ્યાભ્યાસ એવો સારો કર્યો, કે પરીક્ષામાં એમનો નંબર ઊંચોજ આવવા લાગ્યો.

૧૮–गृहकलहथी थतो पस्तावो

ગુજરાતના એક નામીચા વકીલને તેમના સગા ભાઈ સાથે ઘણા વખતથી કુસંપ થયો હતો. બન્નેમાં બોલવાનો વ્યવહાર પણ રહ્યો નહોતો. વકીલ સાહેબ માંદા પડયા, ભ્રાતૃસ્નેહે ઉછાળો

માર્યો, એટલે એમના ભાઇ એમને જોવા સારુ ગયા; પણ ટેક એવો કે, એક શબ્દ પણ બોલે નહિ. જાય, પરંતુ ખાલી બેસીને પાછા આવે. પેલા માંદા ભાઇ પણ પોતાના ટેકમાં રહ્યા અને એક શબ્દ પણ બોલ્યા નહિ. હૃદયમાં એક જાતની ગ્લાનિ હોવા છતાં પણ ગઇ ગુજરી વીસરી જઇ ક્ષમાની આપ-લે કરીને પ્રેમથી ભેટવા જેટલી ઉદારતા કોઈનામાં આવી નહિ. આખરે વકીલ સાહેબની પ્રકૃતિ દિનપ્રતિદિન અધિક લથડતી ગઈ, શ્વાસ શરૂ થયો અને ભાઇની સમક્ષજ તેનો પ્રાણ દેહપિંજરમાંથી ઊડી ગયો. એ વખતે પેલા ટેકીલા ભાઇ ઉચ્ચ સ્વરે બોલી ઊઠ્યા કે, "ઓ ભાઇ! એક વાર તો બોલ."

રોગીની સારવારમાં રહેલા અમારા એક ડોકટર મિત્રે એ વખતે વાજબી ઉપાલંભ દીધો કે, "ભાઈમાં વાચા હતી એ વખતે તો તમે એક વાર પણ એમની સાથે વાર્તાલાપ કરવાનો પ્રયાસ કર્યો નહિ. હવે પશ્ચાત્તાપ કર્યે શું વળે?"

ગૃહકલહને આટલી હદ સુધી લઇ જવો, એ બુદ્ધિમાન પુરુષોનું કામ નથી.

१९—सादा खानपानथी थता मोटा लाभ

(જેરેમી ટેલર)

યુરોપનો એક વિદ્વાન લેખક પોતાના અનુભવના પરિણામે જણાવે છે કે, "આપણાં સર્વ દુઃખ અને સંકટનું મૂળ કારણ આપણે જાતેજ છીએ. જંગલનાં કંદમૂળ અને ઝરાનું પાણી એ બેના સેવનથી મારી ભૂખ અને તરસ બન્ને શાંત થાય છે; એટલુંજ નહિ પણ વિષયલાલસા, મદ, મોહ, લોભ, મત્સર, ઈર્ષ્યા, અસૂયા, એ સર્વ રિપુઓનો પણ પરાભવ થાય છે અને તેથી હું શાંતિના

ખોળામાં માથું મૂકીને સ્વસ્થતાથી ઊંઘું છું." ખરેખર! જે જે લોકો પ્રકૃતિમાતાનાં ખોળાનો આશ્રય લે છે, તેમના જેવી ગાઢ અને શાંત નિદ્રા બીજા કોઇને આવતી નથી!

(લૉર્ડ એવબરીકૃત 'સુખ અને શાંતિ'માંથી)

૨૦–बहारना भपका पर मोही पडवानुं परिणाम

ઉપરના વિષય ઉપર ભાઈ શંકરલાલ દ્વારકાદાસ પરીખે ૧૯૨૩-ના 'બાલમિત્ર' માસિકમાં એક બોધક અને રમૂજી વાત કહી છે. એ ભાઈ પોતાના કઠલાલ ગામ વિષે લખે છે:

"અમારું ગામ શહેર નથી, તેમ છેક ગામડું પણ ન કહેવાય. વેપારનું મથક છે અને રેલ્વેનું નાકું છે. વળી ખ્રિસ્તીઓની સંખ્યા સારી છે, તેને અંગે એક સાધારણ અંગ્રેજ પાદરી પ્રસંગોપાત્ત વર્ષમાં થોડાક મહિના અહીં રહે છે. આ પાદરીને ઓચિંતું વિલાયત જવાનું ઠર્યું, એટલે તેણે પોતાની રીત પ્રમાણે તમામ સરસામાન હરાજ કરી નાખ્યો. લોકોએ પોતાની સમજ પ્રમાણે જે અનુકૂળ પડયું તે લીધું. કેટલોક અટપટો સામાન રહ્યો પણ ખરો. એક ગામડિયાને કમોડનું (જાજરૂના સ્ટૂલમાં મૂકવાનું) છૂટું ટબ ચાર આનામાં મળી ગયું. હરાજીમાં એક, બે ને ત્રણ થતાંની સાથે ટબ લઈ ચાર આના આપ્યા. ટબ હાથમાં આવ્યું, એટલે અંદર–બહાર હાથ ફેરવી પાસે ઊભેલાને તે કહે કે, 'ચાર આનામાં શું ખોટું? માણું તપેલી જેવું છે ને બધી પાહેથી ઝગઝગાટ દેખાય છે. મરશે, મારે તો કઢી કાઢવાના કામમાં આવશે. રોજ દાળશાક કાઢવામાંથીયે જશે? મારે તો ચાર આનામાં હુતર પડયું.' બિચારો ભોળો ખેડૂત નથી જાણતો કે, ગમે તેટલું ચળકતું તોય એ તો મેલાનું વાસણ."

२१–बंकिमबाबुनुं निरभिमान

બંગાળાના સુપ્રસિદ્ધ નવલકથાકાર અને 'વંદે માતરમ્' મંત્રના પ્રણેતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે કોઇ એક વિષય ઉપર પહેલાં જે મત પોતે પ્રગટ કર્યો, તેમાં પાછળથી પરિવર્તન કર્યું. અભિપ્રાય બદલવા માટે ઘણા લોકો એમના ઉપર 'અદૃઢચિત્ત-'નો આરોપ મૂકવા લાગ્યા. એના ખુલાસામાં એમણે કહ્યું કે, " જેને કદી પણ પોતાનો મત બદલવાની જરૂરજ નથી પડતી, તે મહાપુરુષ છે. જે પોતાનો આગલો અભિપ્રાય ભૂલભરેલો છે, એમ જાણ્યા છતાં પણ એ મતનેજ વળગી રહે છે તે કપટી છે. એમાંનો મહાપુરુષ તો હું છુંજ નહિ અને કપટી થવાની મારી વૃત્તિ નથી."

२२–गेरिबाल्डीनी मातृभक्ति अने ईश्वर उपर विश्वास

ઇટલીને સ્વતંત્રતા અપાવનાર નવયુવકોના દળના આગેવાન ગેરિબાલ્ડીની માતા ઘણીજ ઈશ્વરપરાયણ હતી અને ગેરિબાલ્ડીના ચરિત્રના બંધારણમાં એનોજ મોટો હાથ હતો. ગેરિબાલ્ડી આત્મચરિત્રમાં લખે છે કે, " મારામાં જે અસાધારણ સાહસ જોઇને લોકો વિસ્મય પામે છે અને યુદ્ધક્ષેત્રમાં મારી પાસે દૈવી શક્તિ હોવાનું અનુમાન કરે છે, તે સાહસનું મૂળ કારણ તો દૈવબળ ઉપરનો મારો વિશ્વાસ છે. મારો દૃઢ વિશ્વાસ છે કે, જ્યાંસુધી સતીત્વના આદર્શ અને દેવીના અવતાર સમી મારી માતા, મારા પ્રાણના રક્ષણ સારુ ઈશ્વરની આરાધનામાં મગ્ન રહેશે, ત્યાંસુધી મને મારા જીવનને માટે કાંઇ પણ શંકા નથી."

પરિણામ એ આવ્યું કે, યુદ્ધક્ષેત્રમાં એના કાનની પાસે થઇને

સનસનાટ કરતી ગોળીઓ ચાલી જવા લાગી. જ્યારે જ્યારે પથ્થરના ગોળાની માફક દારૂગોળા એની ચારે તરફ આવી પડતા ત્યારે એને એવું જણાતું કે, જાણે માતા ઘૂંટણિયે પડીને જગન્નિયંતા પ્રભુની પાસે પુત્રના જીવનની રક્ષા સારુ પ્રાર્થના કરી રહી છે.

२३-कुंतीए पुत्रोने आपेलुं शिक्षण

પાંડવોનાં માતા કુંતી ક્ષાત્રધર્મની બાબતમાં બહુ દૃઢ હતાં. ક્ષાત્રધર્મનાં જે ખાસ લક્ષણ છે, તેનું પાલન પ્રસંગ આવતાં પોતાના પુત્રો પાસે કરાવ્યા વગર તે રહેતાં નહિ. (૧) બ્રાહ્મણના રક્ષણ સારુ પોતાના પુત્ર ભીમને રાક્ષસના મુખમાં મોકલ્યો હતો. (૨) કુરુક્ષેત્રના મહાયુદ્ધની પૂર્વે વિદુરના ઘરમાં શ્રીકૃષ્ણનાં દર્શન થતાં તેમની સાથે પોતાના પુત્રોને યુદ્ધમાં ઉત્સાહ આપનારો સંદેશો કહાવ્યો હતો કે "ક્ષત્રિયાણી જે સમયને સારુ સંતાનને જન્મ આપે છે, તે સમય આવી પહોંચ્યો છે." (૩) યુદ્ધ પૂરું થયું ત્યારે પણ તેમણે રાજમાતાનું સુખ ભોગવવાનું કે બાર વર્ષ વનવાસ વેઠી આવેલા પુત્રોની સાથે રાજધાનીમાં સુખે રહેવાનું પસંદ ન કર્યું; પણ વનવાસી દિયેર અંધરાજા ધૃતરાષ્ટ્ર અને તેની રાણીની સેવામાં જીવનનો બાકીનો ભાગ ગાળ્યો હતો. (૪) પાંડવોના ચરિત્રમાં જે સ્વાર્થત્યાગ, પરોપકાર, કર્તવ્યપરાયણુતા અને છેવટે મહાપ્રસ્થાનની પ્રવૃત્તિ આદિ સદ્ગુણો દીઠામાં આવતા હતા, તેનું મુખ્ય કારણ માતા કુંતીનું જ શિક્ષણ હતું.

२४-राजा प्रतापरुद्रनो सदाग्रह अने प्रभुभक्तिनो जय

શ્રીચૈતન્ય મહાપ્રભુ જ્યારે પુરુષોત્તમક્ષેત્રમાં વિચરતા હતા,

ત્યારે એમના સદ્‌ગુણોની વાત સાંભળીને રાજા પ્રતાપરુદ્રના મનમાં ભક્તિ ઉત્પન્ન થઇ; પરંતુ કામિની અને કાંચનનો ત્યાગ કરનારા ચૈતન્યદેવને સ્ત્રીદર્શન જેમ નિષિદ્ધ લાગતું હતું, તેવુંજ સાંસારિક સુખમાં રચ્યાપચ્યા રહેનાર મહારાજાનાં દર્શનની બાબતમાં લાગ્યું. રાજાએ એમનાં દર્શનની ઇચ્છા દર્શાવી, ત્યારે ચૈતન્યદેવે ના કહેવરાવી અને જણાવ્યું કે, "ના કહ્યા છતાં પણ રાજા મળવા આવશે તો હું આ ક્ષેત્રનો ત્યાગ કરીને બીજે જતો રહીશ.' રાજા પ્રતાપરુદ્ર પણ દૃઢ પ્રતિજ્ઞાવાળો ક્ષત્રિય અને મહાન ભક્ત હતો. એણે કહ્યું કે, "ઠીક છે, જોઉં છું, કોની વાત સાચી પડે છે? હું પ્રભુ ચૈતન્યદેવની પાસે જરૂર જઇશ અને એ મને પાછો નહિજ કાઢે."

રાજા એજ વાતની ચિંતામાં રહ્યો અને ચૈતન્યદેવ કયે વખતે કેવી સ્થિતિમાં છે, તેની ખબર મેળવતો રહ્યો. એક દિવસ સંકીર્તનને વખતે શ્રીચૈતન્ય ધર્મોન્મત્ત અવસ્થામાં હતા એવે વખતે રાજા 'રાસ પંચાધ્યાયી'નો એક શ્લોક ભક્તિપૂર્વક ગાતો ગાતો એમની પાસે જઈ પહોંચ્યો. "કેમ બંધુ! મધુરું કૃષ્ણનામ સંભળાવી રહ્યો છે!" કહેતા કહેતા શ્રીચૈતન્યે રાજાને દૃઢ આલિંગન દઈને છાતીસરસા ચાંપ્યા.

૨૫–થિયોડર પાર્કરનો પસ્તાવો

થિયોડર પાર્કર મોટો વિદ્વાન અને દીર્ઘદૃષ્ટિવાળો મનુષ્ય ગણાતો હતો, પણ તે અલ્પવયમાંજ અકાળ મૃત્યુનો ભોગ થઇ પડ્યો હતો; તેથી મરણપથારીએ પડ્યા પછીના તેના છેલ્લા ઉદ્‌ગાર એ હતા કે, "અરેરે! મને જો મૂળથીજ જીવનનું રહસ્ય સમજાયું હોત અથવા જો કોઇ સારો ગ્રંથ વાંચવાથી અથવા અનુભવી પુરુષનાં વચન સાંભળવાથી મને જીવન કેવી રીતે ગાળવું,

અભ્યાસ કેવી રીતે કરવો તથા કસરત કેવી રીતે કરવી, એ વેળાસર સમજાયું હોત, તો મારું જીવન કેટલું વધુ સુખમય નીવડત!"

(એવબરીકૃત–'સુખ અને શાંતિ'માંથી)

૨૬–મેઝિની ઉપર એની માતાની અસર

અમે વારંવાર દર્શાવી ગયા છીએ કે, સારી માતાની અસર સંતાન ઉપર ઘણી પ્રબળ થાય છે. ઇટલીના ઉદ્ધારક મેઝિનીની માતા પણ એક કાર્યદક્ષ અને પ્રભુપરાયણ સ્ત્રી હતી, લાડ લડાવીને સંતાનને બગાડવા જેવી સ્ત્રીજાતિની દુર્બળતા એનામાં નહોતી. જીવનનાં કષ્ટ બહાદુરીથી અને પ્રસન્નચિત્તે સહન કરવાનું શિક્ષણ એણે પુત્રને આપ્યું હતું. યુરોપની એ સમયની દશાનું વાસ્તવિક વર્ણન સંતાનો આગળ કરીને તેણે પોતાના દેશની દુર્દશાનું તેમને ભાન કરાવ્યું હતું અને અમલદારો તથા રાજતંત્રના દોષો બતાવતાં રહી, દેશોન્નતિના ભાવ, સંતાનમાં બાલ્યાવસ્થાથીજ રેડયા હતા. નિરાશાના સમયમાં એણે પુત્રને ધૈર્ય આપ્યું હતું અને કર્તવ્યમાં સતેજ કર્યો હતો. ઈ. સ. ૧૮૫૨માં એની માતાનું મૃત્યુ થવાથી મેઝિનીને ભારે આઘાત થયો હતો. એના જીવનનો અભિલાષ એ હતો કે, ઇટલીને સ્વતંત્ર બનાવ્યા પછી હું એ મહાન વિજયના મૂળ કારણરૂપ જનનીનાં ચરણકમળમાં મસ્તક મૂકીને કૃતાર્થ થઇશ. એ મધુર સ્વપ્ન સાચું ન નીવડયું તેનોજ એને શોક હતો; પરંતુ નિરાશ ન થતાં એ માતાનાં પવિત્ર સંસ્મરણો યાદ કરીને નવા જોશથી કાર્ય કરવા પ્રેરાતો. એ લખે છે કે, "મારી માતા સદા મને નિકટજ લાગે છે. પાર્થિવ શરીરમાં એ મારી પાસે વિદ્યમાન રહેતી, તેના કરતાં પણ વધારે નિકટ તેની હાજરી મને હવે જણાય છે. જે કર્તવ્યોનું તેને ભાન થયું હતું

અને જીવનમાં કાર્ય કરવાનું એને માટે પસંદ કરી રાખ્યું હતું, તેની પવિત્રતાનું ભાન મને દિનપ્રતિદિન અધિક ને અધિકજ થતું જાય છે. હવે આ સંસારમાં જન્મભૂમિ સિવાય મારે માટે બીજી કોઇ માતા નથી અને મારી માતાએ જેવો સાચો પ્રેમ મારા ઉપર દાખવ્યો છે, તેવોજ સાચો પ્રેમ હું એ જન્મભૂમિ ઉપર દર્શાવીશ.” માતા પ્રત્યે મેઝિનીને એટલો બધો પ્રેમ હતો કે, એના મૃત્યુ પછી ઘણે વખતે એ જ્યારે ગુપ્તનિવાસમાં ઘણોજ નિરાશ થઇ ગયો હતો, ત્યારે પણ એને એવોજ ભાસ થયો હતો કે, માતા પોતાની સાંનિધ્યમાં આવીને પ્રેમપૂર્વક આશ્વાસન અને પ્રોત્સાહન આપી રહી છે.

સુમાતાઓદ્વારાજ સાચા દેશભક્તો ઘડાય છે.

૨૭–यादवचंद्र रॉयनी असाधारण क्षमा

બંગાળમાં સાધુ અઘોરનાથ નામના એક પ્રસિદ્ધ બ્રાહ્મોસમાજી ઉપદેશક થઇ ગયા છે. યાદવચંદ્ર એમના પિતા થાય. ફારસી તેમજ સંસ્કૃત ભાષાના સારા વિદ્વાન હોવા ઉપરાંત તે પરમ ઈશ્વરભક્ત પુરુષ હતા. જીવદયા તેમનામાં બહુજ હતી. હલકામાં હલકા જીવ પ્રત્યે પણ તેમને દયા આવતી. હડકાયું કૂતરું કરડે તો એને પણ મારે નહિ એવા એ અહિંસાવાદી હતા. વૈદકવિદ્યા પણ બહુજ સારી જાણતા. મરણપથારીએ પડેલા રોગી પાસેથી કદી ફી લેતા નહિ. આર્થિક સ્થિતિ સારી નહિ હોવા છતાં એમનો ધર્મભાવ ઊંચા પ્રકારનો હતો. એક દિવસે એવું બન્યું કે, ચોર એમનું છાપરું ઉઘાડીને નીચે ઊતર્યો. એણે આખું ઘરતપાસ્યું, પણ લઇ જવા યોગ્ય કાંઇ જણાયું નહિ. યાદવચંદ્ર જાગતા પડ્યા હતા. આટલી બધી મહેનત કરીને ચોર બિચારો ખાલી હાથે પાછો

ફરે છે એ જોઇ તેમને દયા આવી અને પોતાને હાથે હુક્કો તૈયાર કરીને મૃદુભાવે ચોરને કહ્યું કે, "અરે ભાઈ! આટલો બધો પરિશ્રમ કર્યો પણ કાંઇ મળ્યું નહિ! જરાક તંબાકુ તો પીતો જા." ચોર તો બિચારો આભોજ થઇ ગયો અને શરમનો માર્યો નીચું માથું ઘાલીને વિદાય થયો.

૨૮–एक पंडितने जणायली व्यावहारिक ज्ञाननी खामी

એક મહાન પંડિત પોતાના અભ્યાસમાં ઘણો નિમગ્ન થઇ ગયો હતો. એવામાં એક નાની છોકરી તેની પાસે થોડા દેવતા લેવા આવી. પંડિતે કહ્યું કે, "પણ તું શાના ઉપર દેવતા લઇ જઇશ?" આમ કહી તે દેવતા લેવા સારુ કાંઈ પાત્ર લેવા અંદર ગયો; એટલામાં પેલી બાલિકાએ સગડીમાં એકઠી થયેલી રાખને એક હાથમાં લઇને બીજે હાથે તેના ઉપર કેટલાક અંગારા મૂકયા એવામાં પંડિતજી આવી પહોંચ્યા અને બાળાની આવી યુક્તિ જોઇને પોતાની પોથીઓ ફેંકી દઇને પસ્તાવો કરતા બોલ્યા કે, "હું આટલું બધું ભણ્યો ખરો, પણ આવી નજીવી યુક્તિ મને સૂઝી નહિ, એ કેવી શરમભરેલી વાત કહેવાય!"

બુદ્ધિનો પૂરેપૂરો વિકાસ થાય અને જ્ઞાનને વ્યવહારમાં સરળતાથી મૂકી શકાય, એવુંજ શિક્ષણ વિદ્યાર્થીઓને આપવું જોઇએ.

૨૯–एक फकीरे आपेलो गहन प्रश्नोनो योग्य उत्तर

એક માણસે એક ફકીરને ત્રણ પ્રશ્ન પૂછ્યા: '(૧) ઈશ્વરની સત્તા સર્વત્ર છે' એમ પ્રત્યેક માણસ કહે છે; પરંતુ હું તે કેમ જોઈ શકતો નથી? તે કયાં છે તે મને બતાવો. (૨) મનુષ્યને તેનાં

પાપ સારુ શા માટે સજા થાય છે? કારણ કે મનુષ્ય જે કાંઇ કરે છે તે પ્રભુની પ્રેરણાથીજ કરે છે (૩) ઇશ્વર શયતાનને નરકાગ્નિમાં નાખી તેને સજા કરે છે, એ પણ કેમ બને? કારણ કે શયતાન જાતેજ અગ્નિરૂપ છે; તો પછી અગ્નિનું અગ્નિ ઉપર શું ચાલે?

આ ત્રણ પ્રશ્નો ફકીરે ગંભીરતાથી સાંભળી લીધા અને પછી જમીન ઉપરથી એક ઢેકું ઊંચકીને પેલા પ્રશ્ન પૂછનારના માથામાં માર્યું. તેણે એ સંબંધી કાજી પાસે જઇને ફરિયાદ કરી. કાજીએ ફકીરને બોલાવી મંગાવ્યો અને તેણે પેલા મનુષ્યને શા માટે ઢેકું માર્યું? એવો પ્રશ્ન કર્યો. ફકીરે ઉત્તર આપ્યો કે, એણે પૂછેલા ત્રણ પ્રશ્નોનો એ ઉત્તર છે."

કાજીએ પૂછ્યું: "કેવી રીતે?"

ફકીરે કહ્યું કે, "એ મનુષ્ય કહે છે કે, મારા માથામાં વાગ્યું, તો પછી તેને વાગવાથી જે દુઃખ થયું હોય તે મને બતાવવું જોઇએ; એટલે હું તેને ઇશ્વર બતાવીશ. (અર્થાત્ ઇશ્વર આંતરિક અનુભવદ્વારાજ ઓળખી શકાય છે.) બીજું કે, મેં જે કાંઇ કર્યું તે માત્ર ઇશ્વરની પ્રેરણાથીજ કર્યું છે, તો પછી ઇશ્વરની પ્રેરણાથી કરેલા મારા કાર્યને એ અપરાધ શા માટે ગણે છે? વળી તેનું શરીર માટીનું બનેલું છે, તો પછી માટીનું માટી ઉપર શું ચાલે?"

ફકીરના ઉત્તરો સાંભળી તે મનુષ્યને ઘણું આશ્ચર્ય લાગ્યું. કાજીએ પણ ફકીરને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યો.

૩૦–महान तत्त्ववेत्ता प्लेटोनो विद्याप्रेम

ગ્રીસદેશના મહાન તત્ત્વવેત્તા પ્લેટો (અફલાતુન)ને તેના એક મિત્રે પૂછ્યું કે, "અરે, તમને બીજાને શીખવવાનો જેવો ઉમંગ છે, તેવોજ બીજા પાસેથી શીખવાનો પણ છે; પરંતુ એમ

તમે ક્યાં સુધી શીખ્યા કરશો ?"

પ્લેટોએ ઉત્તર આપ્યો કે, "વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવામાં મને શરમ લાગે ત્યાંસુધી."

३१–सृष्टिसौंदर्यथी संस्कारी माणसने मळती शांति

ઈટલીમાં રાજ્યક્રાંતિના સમાચાર મળતાંવારજ ઇટલીને ખાતર દેશનિકાલ વેઠતો સ્વદેશભક્ત મેઝિની ઈંગ્લૅંડથી રોમ જવા નીકળ્યો. માર્ગમાં આલ્પ્સની દુર્ગમ પર્વતમાળા આવી. એનું પ્રાકૃતિક સૌંદર્ય જોઇને એ ઘણોજ પ્રસન્ન થયો. સેન્ટ ગોટહાર્ડના શિખર સંબંધી તેણે પોતાના એક મિત્રને લખી મોકલ્યું હતું કે, "આ દૃશ્ય ભવ્ય અને પ્રભુમય છે. આલ્પ્સથી વીંટળાયેલા આ સર્વોચ્ચ શિખરની સપાટી ઉપર બેસીને જેણે શાંતિનો અનુભવ નથી કર્યો, તેને 'કવિતા શું છે' તેની ખબર પણ નથી પડતી. આલ્પ્સ પર્વત ઉપર નાસ્તિકતાનો સંભવજ નથી."

આપણા દેશમાં તીર્થસ્થાનો પણ મહાન નદીતટ ઉપર, નિર્જન અરણ્યમાં કે ઊંચા સુંદર પર્વતો ઉપર એટલાજ સારુ રાખવામાં આવ્યાં છે કે, પ્રકૃતિનાં દર્શનદ્વારા મનુષ્ય એના સ્રષ્ટા પ્રભુના અસ્તિત્વ અને અસીમ કરુણાનો અનુભવ કરે.

३२–स्वर्गस्थ प्रतापचंद्र रॉयनी 'महाभारत' माटे खंत

મહાભારતનો અંગ્રેજીમાં અનુવાદ પ્રકટ કરવાનું ભારે કામ બંગાળાના એક દરિદ્ર વિદ્વાન પ્રતાપચંદ્ર રોયે માથે લીધું હતું. એમના અસાધારણ ઉદ્યમને લીધેજ એ કાર્યનો આરંભ થયો. અનેક રાજા મહારાજાઓ તથા સરકારનો આશ્રય પણ એમણે

મેળવ્યો; પરંતુ બધાને એમજ લાગતું હતું કે, મહાભારત જેવા બૃહદ્ ગ્રંથનો અનુવાદ પ્રકટ કરવો એ નાનુંસૂનું કામ નથી. પ્રતાપચંદ્રથી એ કામ પાર પડશે નહિ અને નાણાં નકામાં જશે; પરંતુ પ્રતાપચંદ્રે તો પોતાની બધી શક્તિને એજ કાર્યમાં યોજીને એ દુઃસાધ્ય કાર્યને પણ પાર પાડી બતાવ્યું. ચોરાણું ખંડમાં એ ગ્રંથ આશ્વમેધિક પર્વ સુધી પ્રગટ થયો, એટલામાં પ્રતાપચંદ્ર રૅાયનું મૃત્યુ થયું. મૃત્યુશય્યામાં પણ એમને 'મહાભારત'નીજ ચિંતા હતી. એમણે પોતાની સુયોગ્ય પત્ની શ્રીમતી સુંદરીબાલાને કહ્યું કે, "મારા શ્રાદ્ધમાં કાંઈ પણ ખર્ચ કરશો નહિ; અડધાં ભૂખ્યાં રહીને પણ મહાભારતને સંપૂર્ણ કરજો. એથીજ તમે મારી પ્રત્યે શ્રદ્ધા પ્રકટ કરી અને મારું સાચું શ્રાદ્ધ કર્યું, એમ હું માનીશ. મહાભારત સમાપ્ત થશે ત્યારેજ મારું શ્રાદ્ધ પૂર્ણ થયું એમ હું માનીશ." ત્યાર પછી એક વર્ષમાંજ એ ગ્રંથ છપાઇને સંપૂર્ણ બહાર પડી ગયો.

સ્વજનોનાં અધૂરાં કામ પૂરાં કરવાં એ પણ ઊંચા પ્રકારનું શ્રાદ્ધ મનાય છે.

३३–एक भरवाडे एक पंडितने आपेलुं ज्ञान

ન્યૂટન પ્રખ્યાત વિદ્વાન થઇ ગયો છે. વિજ્ઞાનની મોટી શોધો તેને આભારી છે. એક સમયે તે ફરવા નીકળ્યો હતો, એવામાં ઘેટાં ચરાવનાર એક ભરવાડ તેને સામો મળ્યો. ભરવાડને તેણે પ્રશ્ન કર્યો કે, "ભાઇ! અહીંથી ગામ કેટલે દૂર છે?" ત્યારે ભરવાડે ઉત્તર આપ્યો કે, "ગામ તો બહુ દૂર નથી, પણ તમે ઉતાવળે પગલે નહિ જાઓ તો તમારે વરસાદમાં ભીંજાઈ જવું પડશે."

તે વખતે સૂર્યનો પ્રકાશ રસ્તા ઉપર પડતો હતો, આકાશમાં

વાદળાનું નામનિશાન નહોતું; તેથી ન્યૂટને ભરવાડના કહેવા ઉપર વિશેષ ધ્યાન ન આપ્યું અને ધીમે ધીમે ગામ તરફ જવા માંડ્યું. એટલામાં એકાએક સૂર્યનો પ્રકાશ જતો રહ્યો અને આકાશ વાદળાંઓથી ઘેરાઇ ગયું. જોતજોતામાં વરસાદ જોરથી વરસવા લાગ્યો તથા ભરવાડના કહેવા પ્રમાણે ન્યૂટન ભીંજાઈ ગયો. આથી એ પ્રસિદ્ધ વિદ્વાનને ઘણું આશ્ચર્ય લાગ્યું. વરસાદ બંધ પડ્યો એટલે તેણે પેલા ભરવાડની પાસે જઇને પૂછ્યું કે, "વરસાદનાં જરા પણ ચિહ્નો દેખાતાં નહોતાં, છતાં તેં શા ઉપરથી જાણ્યું કે વરસાદ જલદી પડશે?"

ભરવાડે કાંઈ પણ ઉત્તર ન આપ્યો, એટલે ન્યૂટને તેના હાથમાં એક ગીની મૂકી. સુવર્ણથી પ્રસન્ન થઇ ભરવાડે તરતજ કહ્યું કે, "પેલું કાળું ઘેટું જુઓ." એટલે ન્યૂટને આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે, "પણ વરસાદ સાથે એ ઘેટાને શો સંબંધ?" ત્યારે ભરવાડે ઉત્તર આપ્યો કે, "એ જ્યારે રક્ષણ મેળવવાનું સ્થાન શોધે છે તથા ડોકું ઝાડીઓમાં ખોસે છે, ત્યારે હું સમજું છું કે, ઘડી બે ઘડીમાં વરસાદ આવશેજ આવશે."

ગામડાંના સાધારણ માણસો પાસે પણ અનુભવજન્ય જ્ઞાનનો ખજાનો ભરેલો હોય છે. ન્યૂટનની માફક તેમની પાસે જઇને એ જ્ઞાન મેળવનાર જોઇએ.

३४–देशनी खरी जरूरियातो विषे प्रेसिडेन्ट लिंकन

અબ્રહામ લિંકને જ્યારે મિત્રોના આગ્રહથી અમેરિકાના ઇલિનોઇસ પરગણાની વ્યવસ્થાપક સભાના સભાસદ થવાની ઉમેદવારી બહાર પાડી, તે સમયે મતદારોની સભા આગળ પોતાનો ઉદ્દેશ તેણે નીચે પ્રમાણે જાહેર કર્યો હતોઃ "પ્રિય મહાશયો! મારો રાજને-

તિક મત ટૂંકો અને રુચિકર છે. હું ઇચ્છું છું કે, બધી બાબતોમાં આપણા દેશની આંતરિક ઉન્નતિ થાય, એટલા માટે હું બેંકોની સ્થાપના કરવા માગું છું અને વિદેશથી આવતા દરેક જાતના સામાન ઉપર રક્ષણશીલ જકાત નાખવાનો મારો અભિપ્રાય છે. થોડે વ્યાજે નાણાં મળવાથી અને બહારની હરીફાઇથી બચવાથી આપણા દેશના ગરીબ ખેડૂત અને કારીગરોનું રક્ષણ થશે અને દેશની ઉન્નતિ થશે. મારે બીજું કાંઈ જોઇતું નથી. મારી વાત તમને પસંદ હોય તો આપ મને મત આપશો. હું આપનો ઉપકાર માનીશ. મત નહિ આપો તો તમારી દશા જે છે તેજ કાયમ રહેશે."

આપણા દેશને સમૃદ્ધ કરવા સારુ પણ લિંકને બતાવેલા બે ઉપાયોની ઘણીજ જરૂર છે અને ધારાસભાના સભાસદોનું અધિક ધ્યાન એ ઉપર જવું ઘટે છે.

३५–राजा फिलिपने वृद्ध डोशीनो कर्तव्य–पालननो उपदेश

મેસિડોનિયાના રાજા ફિલિપના દરબારમાં એક વૃદ્ધ સ્ત્રી ફરિયાદ કરવા ગઈ હતી. એ વખતે રાજકાર્યથી પરવારી સભા બરખાસ્ત કરીને રાજા ઊઠવાની તૈયારીમાં હતો; એટલે તેણે તે ડોશીને કહ્યું કે, "હાલ મને ફુરસદ નથી." ડોશીએ કહ્યું કે, "તો પછી રાજા થવાની પણ ફુરસદ નથી?" ફિલિપ ઘણી વાર સુધી એ ઉત્તર સાંભળીને ચૂપ બેસી રહ્યો; કેમકે વૃદ્ધાના શબ્દોથી એને ચાનક લાગી હતી. એણે એનો મુકદ્દમો સાંભળીને યોગ્ય ફેંસલો આપ્યો; એટલુંજ નહિ પણ ત્યાર પછી કોઈ પણ દિવસ 'વખત નથી,' 'ફુરસદ નથી' એવું કહ્યુંજ નહિ.

३६—दधीचि ऋषिनो आत्मत्याग

એક સમયે વૃત્રાસુરના પ્રતાપથી ઇન્દ્ર સ્વર્ગભ્રષ્ટ થયો અને બધા દેવતાઓ તે વૃત્રાસુરના અત્યાચારથી દુઃખી થવા લાગ્યા. તેણે કઠણ તપ કરીને બ્રહ્મા પાસેથી એવું વરદાન મેળવ્યું હતું કે, લોઢું, બીજી કોઈ ધાતુ, લાકડું, વાંસ વગેરે કોઈ પણ વસ્તુથી બનાવેલા હથિયારથી એનો વધ ન થાય. દેવગુરુ બૃહસ્પતિના ઉપદેશથી ઇન્દ્ર ઉગ્રતપા દધીચિ મુનિને શરણે ગયો અને તેમનાં હાડકાં આપવાની પ્રાર્થના કરી. એક સમયે એના એજ ઇન્દ્રે દધીચિની તપસ્યામાં ભંગ કરીને એમની સાથે શત્રુતાની વર્તણૂક ચલાવી હતી; પરંતુ મોટા મનના પુરુષો અંગત શત્રુતાને એવે વખતે ધ્યાનમાં લેતા નથી. બધા દેવતાઓનું કલ્યાણ કરવાના ઉદ્દેશથી આત્મત્યાગી દધીચિમુનિએ પ્રસન્નતાપૂર્વક પ્રાણત્યાગ કરીને પોતાનાં અસ્થિનું, અસ્ત્ર બનાવવા સારુ ઇન્દ્રને દાન કર્યું. એ અસ્થિદ્વારા વજ્રાસ્ત્ર બનાવીને ઇન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો અને સ્વર્ગને ઉપદ્રવમાંથી બચાવ્યું. ધન્ય છે એ દધીચિને !!

३७—लज्जा एज उत्तम रंग छे

યુરોપ–અમેરિકા આદિ દેશોમાં અને તેમના અનુકરણમાં આપણા દેશનાં મોટાં નગરોમાં ફેશનેબલ સ્ત્રીઓ સુંદર દેખાવા સારુ ગાલ ઉપર રંગ ચોપડે છે. સિકંદર બાદશાહના ગુરુ એરિસ્ટોટલને ‘પીથિયા’ નામની એક કન્યા હતી. તે ઘણી વિદુષી તથા ચતુર હતી. તેને એક વખત કોઇએ પૂછ્યું કે, “ગાલ ઉપર ચોપડવાને સૌથી સરસ રંગ કયો?”

વિદુષી પીથિયાએ ઉત્તર આપ્યો કે, “લજ્જા!”

૩૮–राजानी इज्जत विषे बादशाहनो अभिप्राय

ઈરાનનો પ્રસિદ્ધ ન્યાયી રાજા નૌશેરવાં એક દિવસ મૃગયા રમવા ગયો હતો. મૃગયામાં મળેલા જાનવરનું માંસ શેકીને ખાતી વખતે તેને થોડાક મીઠાની જરૂર પડી. તેણે પોતાના નોકરને પાસેના ગામમાંથી મીઠું લાવવાની આજ્ઞા આપી, પણ જણાવ્યું કે, "જોજે, એ મીઠાની વાજબી કિંમત આપતો આવજે." નોકરે કહ્યું કે, "હજૂર! એવી નજીવી વસ્તુની કિંમત આપવા બાબત આપે એટલી બધી કાળજી કેમ બતાવી? દેશના રાજાને જરાક મીઠું રૈયત વગરમૂલ્યે આપશે તો એમાં શું થઇ જશે? રાજાની ઇજ્જત કાયમ રાખવી જોઇએ." ન્યાયી રાજાએ કહ્યું કે, "એ તો તલનો પહાડ થઇ જાય! આજે હું કોઈ વૃક્ષનું એકાદ ફળ તોડાવું તો મારા સિપાઇઓ ને નોકરો એ ઝાડ ઉપર ફળજ રહેવા દે નહિ અને છેવટે એ વૃક્ષને પોતાને પણ લાકડાં સારુ કાપી નાખે! અન્યાય કરવામાં રાજાની ઇજ્જત સચવાતી નથી."

૩૯–उन्नति विषे गेरिबाल्डीनो अभिप्राय

ગેરિબાલ્ડીએ સ્રીઓનું હિત વધારવા સારુ મળેલી એક સભામાં સંદેશો લખી મોકલ્યો હતો કે, "સારા ઘરની મહિલાઓનાં શરીર અનારોગ્ય રહેવાનાં મુખ્ય કારણો એ છે કે, તેઓ પૂરતું કામ કરતી નથી; (સ્થિતિ સારી હોવાથી ઘરમાં પરિશ્રમ પહોંચે એવું કામકાજ કરવાનું હોતું નથી.) માટે જો તેઓ પરોપકારવ્રતમાં લીન થઇને દુઃખીઓની જરૂરિયાતો પૂરી પાડવાનો અને તેમનાં સંતાનોને શિક્ષણ આપવાનાં સાધનો યોજવાનો પ્રયત્ન કરે, તો એમનું શરીર અને મન સદા નીરોગી રહેશે. ખરા હૃદયથી સત્કર્મમાં મહેનત કરવી

અને ઈશ્વરની આજ્ઞા પાળવી, એ બંને એકજ વાત છે. જે લોકો પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને માત્ર પોતાને તાત્કાલિક તૃપ્તિ આપે એવા મોજશોખમાંજ જીવન ગાળે છે, તેઓ તો ઈશ્વરનો નિયમ ભંગ કરવાના મહાન ગુનેગાર થાય છે અને માનસિક સુખ તથા શારીરિક આરોગ્ય બંનેથી વંચિત રહે છે."

४०–कीमती वस्त्राभूषण साधनामां अंतरायरूप छे

શ્રીરામકૃષ્ણ પરમહંસને એમના ભક્ત મથુરબાબુએ એક કીમતી કપડું આણી આપ્યું હતું. પરમહંસદેવ એ વસ્ત્ર ધારણ કરીને ધ્યાન ધરવા બેસી ગયા. ધ્યાન સમાપ્ત કર્યા પછી પોતાના ઇષ્ટદેવતાને પ્રણામ કરવા જતા હતા, એટલામાં વિચાર આવ્યો કે, પ્રણામ કરવા જતાં વસ્ત્રને ધૂળ ચોંટશે! તરતજ તેમણે વસ્ત્રને કાઢીને ફેંકી દીધું અને ત્યાર પછી સ્વસ્થ ચિત્તે ઇષ્ટદેવતાને પ્રણામ કર્યા.

४१–शिवाजी महाराजनो परस्त्री प्रत्येनो सद्भाव

શિવાજી છત્રપતિએ જ્યારે કલ્યાણ લૂંટયું, ત્યારે એમના સૈનિકોએ લૂંટ ચલાવતાં એક સુંદર સ્ત્રીને પકડીને મહારાજની રૂબરૂ રજૂ કરી તથા એ સ્ત્રીને એમની પાસે ઉપપત્ની તરીકે રાખવાની વિનતિ કરી. એ વખતે શિવાજી મહારાજે પોતાના સૈનિકોને કહ્યું કે, "જો એ મારી માતા હોત તો હું પણ એના જેવોજ સુંદર હોત. સૌંદર્ય જોઇને મનુષ્યે પોતાની જ્ઞાનબુદ્ધિને ખોઈ બેસવી જોઇએ નહિ." એમ કહીને તેમણે એ સ્ત્રીના ધણીનો પત્તો લગાડયો અને તેને એના પતિ પાસે મોકલી આપી.

४२–सर विलियम जोन्सनो भारतनी वस्तुओ प्रत्ये प्रेम

સર વિલિયમ જોન્સ ઇસ્ટ ઇંડિયા કંપનીના સમયમાં એક મોટા અમલદાર હતા. સંસ્કૃતભાષાના એ મહાવિદ્વાન અને પ્રેમી હતા. કાલીદાસના શાકુંતલ નાટકનું અંગ્રેજી ભાષાંતર સૌથી પ્રથમ એમણેજ કર્યું હતું. એ ભાષાંતરે કાલીદાસની પ્રતિભાનો પરિચય પાશ્ચાત્યદેશના વિદ્વાનોને કરાવ્યો. એ મહાવિદ્વાનને આપણા દેશ ઉપર કેટલો પ્રેમ હતો, તે નીચેની એક ઘટના ઉપરથી જણાશે. એમણે અશોકવૃક્ષ જ્યારે પ્રથમ જોયું ત્યારે એમને ઘણોજ આનંદ થયો. સંસ્કૃત કાવ્યોમાં અશોકનાં કેટલાં બધાં વર્ણને છે, તેનો એ વિચાર કરવા લાગ્યા. એ વૃક્ષ ઉપર એમને એટલો બધો પ્રેમ ઊપજ્યો, કે એમણે એનું નામ જોન્સનું અશોક પાડયું. વનસ્પતિશાસ્ત્રમાં હજુ સુધી એ એજ નામથી પ્રસિદ્ધ છે.

४३–एक पंडितकन्यानो ईश्वर उपर संपूर्ण आधार

શાહશુજા કેરમાન દેશના પ્રસિદ્ધ પંડિત, જ્ઞાની અને વૈરાગી હતા. પોતાની પરમ રૂપવતી અને ગુણવતી કન્યાને સારુ એ સારા વરની શોધમાં હતા. એક દિવસ તેમણે જોયું કે, એક યુવક ભક્તિપૂર્વક ઈશ્વરની ઉપાસના કરી રહ્યો છે. વાતચીત કરતાં ખબર પડી કે, એ યુવક સારા સ્વભાવનો અને હોશિયાર છે. ફકીરવેશધારી એ યુવકને શાહશુજાએ પૂછયું કે, "નવજવાન! તું પરણેલો છે?" ફકીરે કહ્યું કે, "ના." પછી પૂછયું: "પરણવાની ઇચ્છા છે?" તેણે કહ્યું: "મારા જેવા ગરીબને કોણ કન્યા આપે? મારી પાસે પૂંજીમાં ત્રણ 'દરહમ' (એક જાતના સિક્કા) છે." શાહે કહ્યું કે, "હું મારી કન્યા તને આપીશ. તું એ દરહમમાંથી એકની રોટલી, એકની

સાકર અને એકનો લોબાન લઈ આવજે. હું તારું લગ્ન કરી દઈશ.” એ પ્રમાણે સગપણ થઈ ગયું. પરમ ધન-ઐશ્વર્યવાળા કેરમાનના બાદશાહે થોડાકજ દિવસ ઉપર એ કન્યાનું માગું પોતાને સારુ કર્યું હતું. એને પસંદ ન કરતાં શાહશુજાએ એક ગરીબ ફકીરને તેની ઈશ્વરભક્તિ તથા ઉપાસનાને ખાતર પોતાની લાડકી પુત્રી પરણાવી. પરણ્યા પછી છોકરી સાસરે ગઇ. ત્યાં જઇને જુએ છે તો પાણીના કૂજા ઉપર એક સૂકી રોટલી મૂકી રાખેલી છે. છોકરીએ પૂછયું કે, “ આ રોટલી શા સારુ મૂકી રાખી છે?” ત્યારે તેના સ્વામીએ કહ્યું કે, “ આજ રાત્રે ખાવા સારુ કાલે રાખી મૂકી હતી.” એટલું સાંભળતાંવારજ યુવતીને ઘણો ખેદ થયો અને તે પાછી પિયેર જવા લાગી. ફકીરે કહ્યું કે, “ હું તો જાણતોજ હતો કે, શાહશુજાની છોકરી મારાં દુઃખ અને દરિદ્રતામાં ભાગ પડાવી નહિ શકે.” યુવતીએ કહ્યું: “ પ્રિયતમ ! તમારી ગરીબાઈ જોઇને હું દિલગીર થઇ છું અને એટલા માટે પિયેર ચાલી જવા માગું છું, એમ નથી. ઈશ્વર ઉપર આધાર અને વિશ્વાસ રાખવામાં તમે કેટલા દુર્બળ છો, એ જાણીને મને ઘણોજ ખેદ થયો છે અને શોકાતુર હૃદયે હું બાવાજાનની પાસે જવા તૈયાર થઇ છું. આજ શું ખાવું છે, તેનો ગઈ કાલથી વિચાર કરીને તમે રોટી સાચવી રાખો છો ! હાય ! મને મારા બાવાજીની વર્તણૂક જોઇને આશ્ચર્ય થાય છે. તેમણે વીસ વર્ષ સુધી મને લાડથી પાળીપોષી છે. વળી તે કહેતા હતા કે, તને એવા પુરુષ સાથે પરણાવીશ, કે જેનામાં વૈરાગ્ય અને ઈશ્વર ઉપર પૂર્ણ આસ્થા હશે. મને આજે ખબર પડી કે, એમણે મારું લગ્ન એવા સાથે કર્યું, કે જેને પોતાના ગુજરાન માટે ઈશ્વર ઉપર ભરોંસો નથી.” એ સાંભળતાં ફકીરની આંખ ઊઘડી. તેણે ગળગળે સ્વરે કહ્યું કે, “ આ પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે થઇ શકે ? પ્રિયે !” ત્યારે સતીએ કહ્યું કે, “ આ ઘરમાં કાં તો એ સૂકી રોટ-

લીજ રહેશે કે કાં તો હું રહીશ." ફકીરે તરતજ એ રોટલીને બહાર ફેંકી દીધી. સંસારમાં રહ્યા છતાં પણ કેવો ઉચ્ચ વૈરાગ્ય!

૪૪–ईश्वर उपर विश्वास एज शांतिनो साचो उपाय छे

એક અંગ્રેજ અમલદાર પોતાની નવી પરણેલી સ્ત્રી સહિત વહાણમાં બેસીને સમુદ્રયાત્રાએ જઇ રહ્યો હતો. રસ્તામાં સમુદ્રમાં જબરું તોફાન ઊઠયું. મુસાફરો ગભરાયા અને ભયથી આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. પેલો અમલદાર જરા પણ ગભરાયો નહિ. તેની પત્નીએ વ્યાકુળ બનીને પૂછયું કે, "તમે અત્યારે નિશ્ચિંત કેમ બેસી રહ્યા છો?" અમલદારે તરતજ મ્યાનમાંથી તલવાર કાઢીને પત્નીના માથા ઉપર ધરીને પૂછયું કે, "તને બીક લાગે છે?" પત્નીએ કહ્યું કે, "આ વળી શા ઢોંગ રચ્યા? તમારા હાથમાં તલવાર હોય તો એથી મને ભય શાનો? તમે તો મને આટલું બધું ચાહો છો." ત્યારે અમલદાર બોલી ઊઠયો કે, "બસ, અમારા મનમાં પણ એજ પ્રકારનો ભાવ છે. આ તોફાન પણ ભગવાનના હાથમાંજ છે, તો પછી મને ભય શાનો? એ તો એના અથાગ પ્રેમને લીધે મારે માટે જે કાંઇ ખરેખરું લાભદાયક હશે તેજ કરશે."

૪૫–रामकृष्ण परमहंसदेवनी सादाई

એક દિવસ શ્રીરામકૃષ્ણ પરમહંસ બગીચામાં ફરી રહ્યા હતા, એવામાં કલકત્તાના પ્રસિદ્ધ ડૉકટર મહેંદ્રનાથ સરકાર ત્યાં જઇ પહોંચ્યા અને પરમહંસને બાગના માળી સમજીને જુઇનાં થોડાં ફૂલ તોડી આપવા કહ્યું. પરમહંસે તરતજ તેમની આજ્ઞાને શિરોધાર્ય કરીને થોડાંક ફૂલ તોડી આપ્યાં. ત્યાર પછી થોડા દિવસોમાં

પરમહંસદેવના મંદવાડમાં ડૉકટર સાહેબને એમનાં દર્શન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. એ વખતે પરમહંસને જોઇને એ ઘણા આશ્ચર્યચકિત થયા અને કહેવા લાગ્યા કે, "હાય! મેં કેવો ગજબ કર્યો? મારી બુદ્ધિ ક્યાં બહેર મારી ગઇ હતી? આમને તો મેં માળી ધારીને ફૂલ તોડી આપવાનું કહ્યું હતું!"

૪૬–राजा राममोहन रॉयनी स्त्रीजाति प्रत्ये श्रद्धा

રાજા રામમોહન રૉય સ્વતંત્રપણે ધર્મવિચાર પ્રગટ કરવા ખાતર સોળ વર્ષની વયે દેશ છોડીને હિમાલય તરફ ચાલી નીકળ્યા હતા અને ત્યાંથી તિબેટ ગયા હતા. તિબેટવાસીઓ 'લામા' ઉપાધિધારી જીવિત મનુષ્યને આ વિશાળ બ્રહ્માંડનો ઉત્પન્નકર્તા માને છે. લામાનું મૃત્યુ થતાં તેઓ કેટલાંક ખાસ લક્ષણ ધરાવનાર કોઈ બાળકને તેની જગ્યાએ સ્થાપે છે; જાણે કે લામા એક શરીરનો ત્યાગ કરીને બીજું શરીર ધારણ કરે છે! તિબેટદેશમાં અવતારવાદ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. જે રામમોહન રૉયે મૂર્તિપૂજાનો વિરોધ કરીને પિતાનું ઘર છોડયું હતું, તે આવો અવતારવાદ કેવી રીતે સહન કરી શકે? એમણે તો એ બંધુવિહીન દેશમાં પણ કોઇ કોઈ વાર નિર્ભયપણે એ મતની વિરુદ્ધ ભાષણો આપવાં શરૂ કર્યાં. એ દેશના પુરુષો એ ખંડનને લીધે તેમના ઉપર અતિશય ક્રોધે ભરાયા અને તેમની સારી પેઠે ખબર લઇ લેવા તૈયાર થયા; પરંતુ તિબેટની કોમળહૃદયા સ્ત્રીઓ એમના ઉપર વિશેષ સ્નેહ રાખતી હતી. એમણે તેમને ધૈર્ય આપ્યું અને બધી આફતોમાંથી બચાવ્યા. એ ગુણને લીધે રામમોહન રૉય હમેશને માટે નારીજાતિના પક્ષપાતી થયા. પોતે પ્રગટ કરેલાં પુસ્તકોમાં, મિત્રવર્ગ આગળ, દેશમાં કે પરદેશમાં સદા તેઓ નારીચરિત્રની મહત્તાનુંજ કીર્તન

કરતા. તિબેટવાસી રમણીઓએ પોતાના સદ્વ્યવહારથી એમના તરુણ હૃદયમાં નારીભક્તિનું બીજ રોપ્યું હતું. એમનું જીવન-ચરિત્ર લખનાર કુમારી કાર્પેન્ટર લખે છે કે, "રામમોહન રૉયનું સુકોમળ સ્નેહાળ હૃદય, ચાળીસ વર્ષ પછી પણ અત્યંત આગ્રહ સહિત એ વખતના બધા બનાવોનું સ્મરણ કરતું. એ (રામમોહન રૉય) પોતે કહી ગયા છે કે, 'તિબેટવાસી રમણીઓના સ્નેહમય વ્યવહારને લીધે હું નારીજાતિ પ્રત્યે હમેશાં શ્રદ્ધા અને કૃતજ્ઞતાનો અનુભવ કરું છું.'"

૪૭–रामनोहन रॉयनी सतीदाहनिवारणनी प्रतिज्ञा

મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચતાં જણાય છે કે, એકાદ સાધારણ બનાવ ઉપરથી એમના જીવનમાં મોટો ફેરફાર થાય છે. વિધાતાના નિર્દેશથી એવી સાધારણ ઘટનાઓમાંથી એમને નવું સત્ય અને કર્તવ્યમાર્ગ જણાઇ આવે છે. આપણે દરરોજ હજારો શબને શ્મશાનમાં જતાં જોઇએ છીએ; પરંતુ કપિલવસ્તુના રાજકુમારે એજ શબને જોઇને રાજસિંહાસનનો પણ ત્યાગ કરી સંન્યાસ ગ્રહણ કર્યો હતો. માર્ટિન લ્યૂથર, થિયોડર પાર્કર, દયાનંદ સરસ્વતી આદિ મહાત્માઓનાં ચરિત્રો એવા કોઇ એક સામાન્ય પ્રસંગ ઉપરથી જીવનમાં થયેલા મહાન પરિવર્તનનાં ઉદાહરણો છે. રામમોહન રૉયના જીવનમાં પણ એક એવોજ પ્રસંગ છે. એમના વખતમાં પોતાના મૃત્યુ પછી વિધવાને મને કે કમને, સતી કરી દેવાનો રિવાજ પૂરજોશમાં ચાલતો હતો. એ વખતમાં સતીને ચિતામાં ચઢીને બળી મરતી કોણે નહિ જોઇ હોય? પરંતુ રામમોહન રૉયે પોતાના ભાઇ જગમોહનની સ્ત્રીને પતિના શબ સહિત ચિતામાં આરોહણ કરતી જોઇને પ્રતિજ્ઞા કરી કે, "જ્યાંસુધી આ દેહમાં જીવ

છે, ત્યાંસુધી આ ભયંકર પ્રથા બંધ કરવાને તન, મન અને ધનથી પ્રયત્ન કરીશ."

એ પ્રતિજ્ઞા એમણે પાળી પણ ખરી. વ્યાખ્યાનો આપીને, લેખો લખીને તથા સરકારમાં અરજીઓ આપીને એમણે એ રિવાજ બંધ કરાવ્યો. રામમોહન રૉયની ભાભીના સતી થવાનો એ પ્રસંગ ઈ. સ. ૧૮૧૧માં બન્યો હતો. એ દિવસથી કરવા માંડેલા પ્રયત્નની સફળતા ઈ. સ. ૧૮૨૯માં મળી. એ વર્ષમાં ચોથી ડિસેમ્બરે લૉર્ડ વિલિયમ બૅન્ટિક નામના ગવર્નર જનરલે સતીદાહની પ્રથાનું ભારતવર્ષમાંથી નિવારણ કરવાની આજ્ઞા પ્રગટ કરી.

બાલ્યાવસ્થામાં કૉપીબૂક લખતાં 'વિલિયમ બૅન્ટિકે સતી થવાનો ચાલ બંધ કર્યો' એવું વાંચ્યું હતું, પણ એ આંદોલનનો મુખ્ય યશ આપણાજ દેશબંધુ રામમોહન રૉયને છે, એ વાત કેટલા થોડા લોક જાણે છે!

૪૮–राजा अने राणी वच्चे पति–पत्नीनो संबंध

ઇંગ્લૅંડના રાજા બીજા જેમ્સની કન્યા મૅરી, હૉલૅન્ડના પ્રિન્સ વિલિયમ ઑફ ઑરેંજની પત્ની હતી. બીજા જેમ્સને પદભ્રષ્ટ કર્યા પછી મૅરી હૉલૅન્ડથી આવીને ઇંગ્લૅંડની રાણી બની. એ સમયે એક પ્રતિષ્ઠિત ઘરની રમણીએ રાણી મૅરીને પૂછ્યું કે, "હવે તો તમારા બન્નેના પતિ–પત્નીના સંબંધ સાથે રાજા અને પ્રજાનો સંબંધ પણ જોડાયો. હવે સંસાર કેમ ચાલશે?" રાણી મૅરીએ એ વખતે સ્વામીને પોતાની પાસે બોલાવી એમની આગળજ એ પ્રશ્ન રજૂ કર્યો અને કહ્યું કે, "ખ્રિસ્તની દશ આજ્ઞાઓમાંની બધી વાતમાં સ્વામીને વશ રહેવાની આજ્ઞાનું હું પાલન કરીશ અને એ દશ આજ્ઞાઓમાંની પત્નીને ચાહવાની આજ્ઞાનું પ્રતિપાલન

મારા સ્વામી કરશે; એટલે અમારે કોઇ જાતનો ઝઘડો થશે નહિ અને કોઈ નવી વ્યવસ્થા કરવી નહિ પડે."

૪૯–सिकंदर बादशाहनो जितायली प्रजा साथे व्यवहार

મહાન સિકંદર બાદશાહને કોઇએ પૂછયું કે, "આપે આટલા બધા દેશો ઉપર વિજય કેવી રીતે મેળવ્યો? આપની પૂર્વે અનેક બાદશાહો વયમાં મોટા તથા ધન અને બળમાં અધિક થઇ ગયા છે; પરંતુ તેઓ પણ જિતાયલી પ્રજાને આપની પેઠે શાંત રાખી શકતા નહિ." સિકંદરે ઉત્તર આપ્યો કે, "ઇશ્વરની કૃપાથી મેં જે જે દેશ ઉપર વિજય મેળવ્યો છે, ત્યાંની પ્રજાને મેં કદાપિ કરના ભારથી કે બીજી કોઈ રીતે પીડા આપી નથી. એમને પહેલાં કરતાં સારી સ્થિતિમાં રાખવાનો પ્રયત્ન હું કરું છું. ખાસ કારણ ન હોય તો એમના રાજવંશનો પણ લોપ કરતો નથી. એવું ન કરું તો કોઈ મને ઉદારચેતા પણ ન કહે અને મારે વશ પણ ન થાય. મારે મારું પોતાનું નામ કાયમ રાખવું હોય તો મારે આગલા રાજાઓના ગૌરવનો લોપ ન કરવો જોઇએ."

૫૦–पवित्र मनना पंडित

બંગાળાના ગોબરડાંગા ગામના પ્રસિદ્ધ જમીનદાર શારદાપ્રસન્ન મુખોપાધ્યાયની હવેલીમાં એક વાર કલકત્તાની કોઇ એક પ્રસિદ્ધ નાચનારીનું કીર્તન હતું. પ્રેક્ષકોમાં ઇચ્છાપુર ગામના કેટલાક ભોળા પંડિતો પણ હતા. નર્તકી કૃષ્ણભક્તિનાં મધુર ગીતો ગાઇ રહી હતી. નાચતાં નાચતાં એનો પગ એક પંડિતના શરીરને

અડકયો, પણ નર્તકીએ ગભરાઈને પસ્તાવો ન કર્યો તથા પંડિતના ચરણની રજ ન લીધી; તેથી બધા પંડિતો વિસ્મય પામીને ત્યાંથી ઊઠીને બહાર જતા રહ્યા. બહાર જઈને એકે કહ્યું કે, "આ નાચનારી તો વેશ્યા જણાય છે." બીજાઓએ કહ્યું કે, "એમ તે હોય? આવી સુંદરી અને કૃષ્ણપ્રેમી સ્ત્રી તે કદી વેશ્યા હોય?" કેટલોક વાદવિવાદ ચાલ્યા પછી તેમણે શારદાપ્રસન્ન બાબુને બોલાવડાવ્યા. એક પંડિતે કહ્યું કે, "એ ગાનારી વેશ્યા ન હોય તો તર્કપંચાનનભાઈના શરીરને પગ અડકી ગયા છતાં એણે એમના પગની રજ માથે કેમ ન ચઢાવી?"

શારદાબાબુ હાજરજવાબી હતા. એમણે તરતજ જવાબ આપ્યો કે, "એ સમયે નાચનારી કૃષ્ણપ્રેમમાં મસ્ત બનેલી હતી, બાહ્યજ્ઞાનથી શૂન્ય હતી; એટલે પછી આપની ચરણ-રજ લેવાનું એને કેવી રીતે સંભવે?" એટલું કહી એ તરત મિજલસમાં ગયા અને નર્તકીને પંડિતજીની માફી માગી ચરણરજ લેવાનું કહ્યું. નર્તકીએ તરતજ એ આજ્ઞાનું પાલન કર્યું. ભોળા પંડિતજીએ તરત આશીર્વાદ આપ્યો: "સતી સાવિત્રી જેવી થજે." બધા હસ્યા, પરંતુ નર્તકીને વિશ્વાસ બેઠો કે, આ જન્મ તો દુરાચારમાં ગાળ્યો; પરંતુ પરજન્મમાં પવિત્ર અનેસરળ સ્વભાવના પંડિતજીનો આશીર્વાદ જરૂર ફળશે. આશીર્વાદ માથે ચઢાવીને તે રોઈ પડી; કારણ કે ગમે તેટલી અધમ દશાએ પહોંચ્યા છતાં પણ આર્યરમણીઓનો આદર્શ તો સીતા અને સાવિત્રીજ છે.

૫૧—धर्मने खातर जीवननो त्याग करनारा धर्मवीरो

રોમના સામ્રાજ્યમાં જ્યારે બળવો મચાવવાના સંદેહથી ખ્રિસ્તીઓ ઉપર અત્યંત જોરજુલમ કરવામાં આવતો હતો, તેમને

અગ્નિમાં બાળી મૂકવામાં આવતા હતા કે ફાડી ખાનારાં જાનવરોનાં મુખ આગળ મૂકવામાં આવતા હતા, ત્યારે કેટલાક ખ્રિસ્તી બંદીવાનોનાં ધૈર્ય તથા ઉદારતા જોઇને કેદખાનાનો એક પહેરેગીર સૈનિક રોવા લાગ્યો. એ જોઇને એક ખ્રિસ્તી કેદીએ કહ્યું કે, "ભાઇ! તું તારા બાદશાહને સારુ અવિચલિત ચિત્તે યુદ્ધમાં મૃત્યુને આલિંગન દેવા સદા તૈયાર રહે છે. અમે વિશ્વ–બ્રહ્માંડના રાજાના દાસ છીએ. તેની જયઘોષણા કરતા કરતા આનંદપૂર્વક આ દેહનો ત્યાગ કરીશું, એમાં તને વિચિત્ર શું લાગે છે?" ધર્મવીર તો એવાજ હોય!

૫૨–तीर्थाटन संबंधी अबुबकर अने रामप्रसादना विचार

એકનિષ્ઠ મુસલમાન ખલીફા અબુબકર એક દિવસ બોલી ગયા હતા કે, "મને મન થઇ આવે છે કે, જાણે મક્કા જઇને ત્યાંની મસ્જિદને બાળી નાખું; કારણ કે એમ થાય તો ભક્તજનો એ મસ્જિદમાં જવાનો આગ્રહ છોડી દઇને ઘરમાં ને ઘરમાંજ સર્વત્ર એ મસ્જિદના પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રકટ કરે." તીર્થયાત્રા પણ ભગવદ્ભક્તિમાં વધારો કરવામાં સાધારણ માણસો માટે ઠીક સહાયભૂત થઈ પડે છે; પરંતુ એ વખતે તીર્થાટનની પાછળ ઘેલા થઇને ફરનારા અને પ્રભુનું સાંનિધ્ય જીવનમાં રાતદિવસ ન અનુભવનારાઓને ઉદ્દેશીનેજ એમણે એવું કહ્યું હતું.

બંગાળાના ભક્ત રામપ્રસાદ સેન એક દિવસ હાલિ શહેરથી કાશી જઇ રહ્યા હતા. રસ્તામાં એમને સ્વપ્ન આવ્યું કે, "તારે સારુ તીર્થાટનની જરૂર નથી, કેમકે માતા અન્નપૂર્ણા તારા હૃદયમાંજ વસી રહ્યાં છે." તરતજ એ ઘેર પાછા ફર્યા અને એક ગીત

રચ્યું, જેનો સારાંશ એ હતો કે,

"હવે મારે કાશીનું શું કામ છે?

માતાજીના પગ તળે ગયા-ગંગા અને વારાણસી છે.

હૃદયકમળમાં ધ્યાન ધરતી વખતે, આનંદસાગરમાં ડૂબી જાઉં છું.

માત મહાકાળી ચરણે કોકોનદ તીર્થ છે." ઇત્યાદિ

૫૩-अमेरिकाना सिपाईनुं नियमपालन

અમેરિકા દેશમાં ફોજની કવાયત કરતી વખતે એક સિપાઈના શરીર ઉપર એક નાનો ઝેરી કીડો ચઢવા લાગ્યો. સૈનિક કવાયતના હુકમ પ્રમાણે બે હાથમાં આમતેમ બંદૂક ફેરવતો હતો. કીડો ગાલ ઉપર થઇને કાનમાં પેસવા લાગ્યો, ત્યારે પણ સૈનિકે કવાયતની હારમાંથી નીકળી જઇને બંદૂક નીચે મૂકીને કીડાને ઉતારી મૂકવાનો વિચાર ન કર્યો. કીડાએ કાનમાં પેસીને એવો કારી ડંખ માર્યો, કે પાછળથી એને લીધેજ સિપાઇનું મૃત્યુ થયું. અવિચલિતપણે નિયમનું પાલન કરવાના આ ઉદાહરણની અસર અમેરિકાના બધા સૈનિકો ઉપર થઈ અને એમણે ફંડ ઉઘરાવીને એ દૃઢપ્રતિજ્ઞ સિપાઇનું સ્મારક સ્થાપ્યું.

૫૪-गोस्वामी पासेनो पारसमणिथी पण कीमती पदार्थ

એક બ્રાહ્મણને ધનવાન થવાની ઘણી લાલસા હતી. ધનની લાલસામાં એ સાધુસંગ પણ કરતો અને વેપાર પણ કરતો; પરંતુ કશાથી એની મરજી મુજબ અઢળક ધન પ્રાપ્ત થયું નહિ. એક દિવસ એક સાધુએ એની સેવાથી સંતુષ્ટ થઇને કહ્યું કે, "શ્રીવૃંદાવનમાં સનાતન ગોસ્વામીજીની પાસે પારસમણિ છે. એનો સ્પર્શ

થતાંવાર ગમે તે ધાતુનું સોનું થઇ જાય છે." લોભી બ્રાહ્મણ ગોસ્વામીજીની પાસે ગયો અને પ્રાર્થના કરી કે, "આપ મને પારસમણિ આપી દેશો તો હું એના વડે દેશમાં સૌથી મોટો શેઠ બની જઇશ." ગોસ્વામીજી બોલ્યા કે, "એ રાખના ઢગલામાં પડ્યો છે, લઈ જા, મારે એ કાંઇ કામનો નથી." બ્રાહ્મણે આશ્ચર્ય પામીને પૂછ્યું કે, "એના કરતાં પણ વધારે કીમતી કોઈ પદાર્થ આપની પાસે છે કે જેથી પારસમણિને આવી બેપરવાઇથી ફેંકી દીધો છે?" ગોસ્વામીજીએ કહ્યું કે, "હા, મારી પાસે એક એવો મણિ છે કે, જેની આગળ સંસારના બધા પદાર્થો અસાર છે." બ્રાહ્મણે પારસમણિ કરતાં પણ વધારે કીમતી પદાર્થ પોતાને આપી દેવાનો બહુજ આગ્રહ કર્યો; એટલે ગોસ્વામીજીએ ધીમેથી એના કાનમાં 'હરિનામ'નો મંત્ર કહ્યો અને સાથે ધર્મને માટે એક ઉપદેશ પણ આપ્યો. બ્રાહ્મણ બહુજ ખુશ થયો અને હરિનામ દેતો દેતો ઘેર ગયો. પારસમણિને તો એ ભૂલી ગયો; એટલુંજ નહિ પણ પોતે કંજુસાઇથી એકઠું કરેલું ધન ઝટ ઝટ દાનમાં વાપરી નાખ્યું.

५५–राजा राममोहन रॉयनी रामायणना पाठमां आसक्ति

રામમોહન રૉય ઊગતા યૌવનમાં એક દિવસ એકાંત ઓરડામાં બેસીને સંસ્કૃત વાલ્મીકિ રામાયણનું અધ્યયન કરતા હતા. પૂર્વે એમણે એ ગ્રંથનો પાઠ કર્યો નહોતો; એટલે વિશેષ આગ્રહપૂર્વક પાઠ શરૂ કર્યો હતો. ધીમે ધીમે બપોરના બે વાગી ગયા, પણ પાઠ સમાપ્ત ન થયો. ઘરનાં માણસોને તેમણે સખ્ત આજ્ઞા આપી હતી કે, મારા પાઠમાં જરા પણ વિઘ્ન નાખવામાં ન આવે, ભોજનનો સમય વીતી ગયો, છતાં ગંભીર સ્વભાવના રામમોહન રૉયના એ

અનુષ્ઠાનમાં વિઘ્ન નાખવાનું સાહસ કોઇ કરી શક્યું નહિ. ધીમે ધીમે બધાએ ભોજન કરી લીધું. રામમોહન અધ્યયનમાંજ નિમગ્ન રહ્યા. ત્રીજો પહોર પણ વીતી ગયો. પુત્ર ભૂખ્યો હોય ત્યાંસુધી એમનાં માતા ફૂલઠાકુરાણી કેવી રીતે જમે? એ વખતે રામમોહન રૉયના વિશેષ શ્રદ્ધાભાજન એક ગૃહસ્થે સાહસ કરીને એમના ઓરડાનાં દ્વાર થોડાંક ઉઘાડયાં. રામમોહન રૉય સમજી ગયા અને જરાક થોભવાનો આંગળીથી ઇશારો કર્યો. થોડીક વાર પછી પાઠ પૂરો કરીને તે ભોજન કરવા ઊઠયા. એમ કહેવાય છે કે, એમણે બહુજ એકાગ્રતાપૂર્વક સપ્તકાંડ રામાયણનો પાઠ કર્યો હતો.

૫૬–સત્યવાદીનું સન્માન

ગ્રીકપંડિત જેનોક્રેટિસને એક મુકદ્દમામાં સાક્ષી આપવા સારુ અદાલતમાં જવું પડયું. તેઓ નિયમ પ્રમાણે મૅજિસ્ટ્રેટની ખુરશીની સામે ઊભા રહી સત્ય કહેવાની પ્રતિજ્ઞા લેવા લાગ્યા; એટલે મૅજીસ્ટ્રેટે કહ્યું કે, "આપના જેવાને સારુ પ્રતિજ્ઞા લેવાની જરૂર નથી. આપની બધી વાત પ્રતિજ્ઞાપૂર્વકજ કહેવાયલી હોય છે."

ઇટલીના કવિ પેટ્રાર્કના સંબંધમાં પણ એવુંજ હતું. એને કોઇ દિવસ બાયબલ હાથમાં લઇને જુબાની આપવી પડતી નહિ. ન્યાયાધીશ એને માન આપવા સારુ ઊભા થતા અને સોગંદ ખવરાવ્યા વગરજ એની સાક્ષી નોંધી લેતા.

ચરિત્રના ગુણને લીધેજ એમને એટલું બધું માન મળ્યું હતું.

૫૭–કેશવજી ભટ્ટનું નાના ગૌરાંગે અભિમાન ઉતાર્યું

કેશવજી ભટ્ટ કાશ્મીરી બ્રાહ્મણ અને સંસ્કૃતભાષાના ઘણા મોટા વિદ્વાન હતા. પોતાની વિદ્યાનો બહુ ફાંકો હોવાથી તેઓ

જ્યાં જતા ત્યાં શાસ્ત્રાર્થ કરતા અને પોતાને શ્રેષ્ઠ સાબિત કરતા. એજ વિચારથી દિગ્વિજય કરવા સારુ તેઓ કાશ્મીરથી ચાલીને નદિયા શાંતિપુર જઈ પહોંચ્યા. નદિયા એ વખતે ન્યાયશાસ્ત્રનો પ્રસિદ્ધ અને અભેદ્ય કિલ્લો હતો.

નદિયાના પંડિતો પણ કેશવજી ભટ્ટનું નામ સાંભળીને કાને હાથ દેવા લાગ્યા. એક દિવસ સેંકડો ચેલાઓને લઇને એ બેઠા હતા, ત્યાં ચૈતન્યદેવ જઈ પહોંચ્યા. એમની ઉંમર એ સમયે કેવળ સાત વર્ષની હતી, પણ મુખમુદ્રા ઘણી તેજસ્વી અને સુંદર હતી. ભટ્ટજીનું ધ્યાન તેમની તરફ ગયું. ચૈતન્યદેવ બોલ્યા કે, ' આપ ઘણા મોટા પંડિત છો, મને કાંઇક સંભળાવો." ભટ્ટજીએ કહ્યું કે, "તું હજી બાળક છે. ભણ્યો ગણ્યો કાંઈ નહિ હોય, તું મારી વાતોમાં શું સમજીશ ?"

ચૈતન્યે હસીને કહ્યું કે, " ત્યારે બીજું કાંઇ નહિ તો ગંગાજીની સ્તુતિના શ્લોકજ સંભળાવો. એ સાંભળીને હું પ્રસન્ન થઈશ."

ભટ્ટજી એમની ભોળી વાતોથી છેતરાઇ ગયા. ગંગાજીની સ્તુતિના પોતાના રચેલા શ્લોકો સંભળાવ્યા. ચૈતન્યે કહ્યું કે, " હવે આ શ્લોકોના ગુણ–દોષ કહી સંભળાવો." ભટ્ટજીએ કહ્યું " મારી કવિતા દોષરહિત હોય છે." ચૈતન્યે હસીને કહ્યું કે, " મને આજ્ઞા આપો તો હુંજ એના ગુણદોષ બતાવી આપું." ભટ્ટજીએ પોતાની સંમતિ આપી, એટલે ચૈતન્યદેવે એકે એકે પિંગળના અનેક દોષ તેમની રચનામાં બતાવ્યા. પંડિતજી તો ગભરાઇ ગયા અને વિચારવા લાગ્યા કે, " આટલી વયમાં આવું પાંડિત્ય !" એ વખતે તો તે કાંઈ ન બોલ્યા. ચૈતન્યદેવ તો પોતાને ઘેર જતા રહ્યા. કેશવદેવ પણ મનમાં ને મનમાં બહુ શરમાવા લાગ્યા. " સંસ્કૃત વિદ્યાનું પોતાનું અભિમાન આજે ધૂળમાં મળી ગયું." એજ વિચારમાં તે રાત્રે સૂઇ ગયા. સ્વપ્નમાં એમને ચૈતન્યદેવનું મહત્ત્વ જણાયું.

બીજે દિવસે પોતે તેમને ઘેર ગયા અને પગે પડીને કહ્યું કે, “આપ ખરેખર જ્ઞાનમૂર્તિ છો.” એ દિવસથી કેશવજી ભટ્ટને ચૈતન્યદેવ ઉપર શ્રદ્ધા બેઠી.

બંગાળામાંથી વિદાય થતી વખતે તેમની પાસે ઉપદેશ લેવા ગયા, ત્યારે ચૈતન્યદેવે કહ્યું કે, “સાંભળો પંડિતજી! કેવળ બે વાતો ધ્યાનમાં રાખજો. પહેલી તો એ કે ભગવાનની ભક્તિ કરો એથી તમારો જન્મ સફળ થશે અને આપોઆપ તમારામાં બધા સદ્ગુણ દીપી નીકળશે. બીજી વાત એ કે, હવે કોઇની સાથે શાસ્ત્રાર્થ ન કરશો. એથી અહંકાર અને પક્ષપાત વધે છે. પોતાના પક્ષને દૃઢ અને સત્ય દર્શાવવા સારુ વાજબી તેમજ ગેરવાજબી દલીલોથી પણ કામ લેવું પડે છે. અહંકાર એજ પાપની જડ છે. એથી બચશો તોજ તમારું વાસ્તવ કલ્યાણ થશે. ભટ્ટજી નમ્રતાથી બોલ્યા કે, “હવેથી એમજ કરીશ.” પછી એ કાશ્મીર ચાલ્યા ગયા અને શાસ્ત્રાર્થ કરવાનું છોડી દીધું.

૫૮–जनरल नोगीनो युवकोने उपदेश

જાપાનના સુપ્રસિદ્ધ સ્વદેશભક્ત સેનાધિપતિ નોગીએ ત્યાંના યુવકોને માટે જે સાત નિયમો ઘડી આપ્યા હતા, તેમાંના મુખ્ય પાંચ નીચે પ્રમાણે છેઃ

(૧) બહુ ખુલ્લું મોઢું (બહુ વાચાળપણું) એ હૃદય તેટલુંજ ખાલી હોવાની નિશાની છે અને જ્યાં ત્યાં દોડતી ફરતી દૃષ્ટિ, એ મન ઠેકાણે નહિ હોવાની નિશાની છે.

(૨) ફાટેલાં કપડાં સીવીને પહેરવામાં અને મેલાં કપડાં ધોઇને પહેરવામાં જરા પણ શરમાશો નહિ. વળી ફૅશનની ફિશિયારીમાં બિલકુલ નહિ તણાતાં તમારાં પગરખાં તથા કપડાં તંગ

રાખવાને બદલે થોડાંક ઢીલાં બનાવો.

(૩) ઋતુઓને લીધે માલૂમ પડતી બહારની શરદી કે ગરમીને તમે ન ખમી શકો તો નક્કી સમજજો કે, એ ખાનદાનીની નિશાની નહિ, પણ મુડદાલ હોવાની નિશાની છે અથવા તો તમે તેની સામે સાદા ઉપચારો કરવા જેટલી સામાન્ય અક્કલ પણ ધરાવતા નથી. તમારી સામાન્ય ફરજો બજાવવામાં તો એ શરદી-ગરમીથી કાંઇ પણ અટકાવ નજ પડવો જોઇએ.

(૪) તમે દિવસે દિવસે એવા બનતા જાઓ, કે જેથી નિષ્કામતાપૂર્વક તમારા દેશને કાંઇ પણ લાભ પહોંચાડી શકો. 'જેઓ એવા બનવાને ન ઇચ્છે, તેમણે જીવવા કરતાં મરી જવું એજ વધારે સારું છે.'

(૫) જો તમે કોઇને સલામ કરો તો તેની સામે સભ્યતાપૂર્વક પણ જુઓ.

૫૯–મહાત્મા ગાંધીજીની વીરોચિત ક્ષમા

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની પ્રથમ વારની લડાઇ સમયે કેટલીક ગેરસમજ પેદા થઇ હતી અને તેને લીધે કેટલાક પઠાણોએ મહાત્માજી ઉપર મહાઘાતકી હુમલો કર્યો હતો. તેઓ મૃત્યુવશ પથારીએ પડ્યા હતા, તે સમયે ગુનેગારોને શિક્ષા કરાવવાના હેતુથી પોલીસો મહાત્માજીની જુબાની લેવા રેવરંડ જે. જે. ડૉકના ઘરમાં, જ્યાં તેમની સારવાર તે ભલા પાદરી કરતા હતા ત્યાં આવ્યા. આ સમયે તે સાધુના હૃદયમાંથી દયાનાં અમીઝરણાં વહ્યાં. પોલીસને તેમણે જણાવ્યું કે, "મારા દેશી બંધુની સામે હું કામ ચલાવવા માગતો નથી." આમ જણાવી જુબાની આપવા ના પાડી. પોલીસ નિરાશ થઇ ચાલી ગઈ! એક ખ્રિસ્તી

પાદરીના ઘરમાં પૂર્વની પ્રજાના નેતાએ ભગવાન ઈસુખ્રિસ્તની એક આજ્ઞા "લવ ધાઇ એનિમી એઝ યુ લવ યોર સેલ્ફ" (તમારી જાતને ચાહો છો તેટલુંજ દુશ્મનને પણ ચાહો) એનું પાલન કર્યું. આ બનાવ જોઈ તે ઘરનાં ખ્રિસ્તી ધર્મનાં અનુયાયીઓને કેટલો આનંદ થયો હશે!

એ બનાવ સંબંધી મહાત્માજી કહે છે કે, "પોતાના દેશી બંધુના હાથનો માર ખાવો એ જેના ભાગ્યમાં લખાયું હોય, તે ખરો પુણ્યશાળી છે. મારા તે ભાઇને લાગ્યું કે હું ખોટું કરું છું, તો તેણે મને તેના વિચાર પ્રમાણે શિક્ષા કરી તેમાં હું તેનો દોષ કેમ કાઢું?"

ધન્ય છે આવા સ્વદેશપ્રેમને અને ધન્ય છે આવી વીરોચિત ક્ષમાવૃત્તિને!

૬૦–राजा राममोहन रॉयनी आत्मसन्मानरक्षा

રામમોહન રોયના સમયમાં એક ભારતવાસીને માટે કલેકટરના કે જિલ્લાજજના શિરસ્તેદાર બનવું એ મોટું માન હતું. એ પદ ઉપર પણ એકદમ ચઢાતું નહિ, એટલે યુવક રામમોહન રોયને સાધારણ કારકુનનીજ નોકરી સ્વીકારવી પડી હતી. એ વખતમાં કારકુનો સાથે કંપની સરકારના સિવિલિયન અમલદારોની વર્તણૂક બહુ ખરાબ હતી. દેશી કારકુનોએ પણ એમને ખુશામત અને અસત્ય પ્રેમનો પરિચય આપીને બગાડયા હતા. અમલદારોમાં પણ ઉદ્ધતાઇ, જંગલીપણું, દેશીઓ પ્રત્યે અપમાન આદિ ગુણો જણાતા હતા. એવા સંયોગોમાં રામમોહન રોય જેવા ખાનદાન માણસને પોતા માટે ચિંતા થાય એ સ્વાભાવિક હતું.

જોન ડિગ્બી નામના એક સિવિલિયન પાસે તેમણે નોકરી-

ની અરજી આપી હતી. સાહેબે એ અરજી સ્વીકારી, એટલે રામમોહન રૉયે સાહેબના હાથમાં એક કરારનામું સહી કરવા મૂક્યું. તેમાં લખ્યું હતું કે, "જ્યારે જ્યારે રામમોહન રૉય કામ સારુ એમની પાસે આવશે, ત્યારે એમને ખુરશી આપવી પડશે અને સાધારણ કારકુનો પ્રત્યે જેવી ઉદ્ધતાઇથી હુકમજારી કરે છે, તેવી રીતે કરી શકાશે નહિ." સાહેબે મોંએથી સંમતિ આપી; પણ એટલાથી સંતોષ ન પામતાં લેખિત એકરારનોજ તેમણે આગ્રહ કર્યો હતો. ડિગ્બી સાહેબને આખરે એ શરતો મંજૂર કરીને સહી કરવી પડી, ત્યારેજ રામમોહન રૉયે નોકરી સ્વીકારી. પોતાના કામથી અમલદારને એમણે એટલા બધા પ્રસન્ન કર્યા કે ડિગ્બી સાહેબ પાછળથી એમના ઇષ્ટ મિત્ર અને પ્રશંસક બની ગયા. તેઓ બન્નેનો સ્નેહ જીવનપર્યંત કાયમ રહ્યો હતો.

૬૧–સોગંદ ન લેવાનો ટૉલ્સ્ટૉયનો અભિપ્રાય

સોગંદ લેવાથી આપણી નીતિ બગડે છે કે કેમ? તે સંબંધી ટૉલ્સ્ટૉય જણાવે છે કે, "પ્રભુએ તમારું વર્તન વ્યવસ્થિત રહેવામાં સહાયતા મળે તે માટે વિવેકબુદ્ધિ આપી છે. એ બુદ્ધિને વેગળી રાખીને તમે તમારું વચન કોઇને વેચી દેશો નહિ, કે જેથી તમને અયોગ્ય લાગે તેવું વર્તન પણ તમારે તે વચનને અનુસરીને કરવું પડે. ધારો કે, કોઇ બાદશાહ, ઝાર, કૈસર, રાજા, રાણી, પ્રમુખ કે સેનાપતિના વચનમાં રહેવાના શપથ તમે લીધા છે અને એમાંના કોઇએ તમને ગમે તેવો ગુનો કરવાની આજ્ઞા કરી તો પછી તમે શું કરશો? શું તમે સપડાશો નહિ? એ શપથના બળ ઉપર જુલમી સત્તાધીશે આજ્ઞા કરી કે, "એક ઉત્તમ અને નિર્દોષ માણસનો વધ કરો." તો તમારે કાં તો પ્રભુની આજ્ઞાનો ભંગ કરવો પડશે કે કાં તો વચન ભંગ કરવાની જરૂર પડશે. બેમાંથી કોઇ

પણ એક પાતક તમારે અવશ્ય કરવું પડશે. એવી સ્થિતિમાં તમે શું કરશો ? માટે એવી સ્થિતિમાં સપડાવાનો પ્રસંગજ ન આવે એવી ગોઠવણ અગાઉથી કરવી ઇષ્ટ નથી ?

જર્મનસમ્રાટ બીજા વિલિયમે નવી ભરતીમાં આવેલા સૈનિકો પાસે શપથ લેવડાવ્યા પછી તેમને ઉદ્દેશીને કહ્યું કે, "તમે મારી આજ્ઞાનું પાલન કરવાના શપથ લઇ ચૂકયા છો, તે ચોક્કસ ધ્યાનમાં રાખજો. હવે, જો હું તમને તમારા પોતાના પિતા પર ગોળી છોડવાનો હુકમ કરું તો તેનું પણ તમે ઉલ્લંઘન કરી શકશો નહિ."

"યુદ્ધ જેવો ચોખ્ખો મનુષ્યવધનો ધંધો એવા શપથ પરજ આધાર રાખી રહેલો છે. પોતાની સદસદ્ વિવેકબુદ્ધિ એવી રીતે શાસકને સ્વાધીન કરવાની પ્રથા સર્વ દેશોમાં ચાલતી હોવાથીજ એ અધમાધમ યુદ્ધવ્યવહાર જગતમાં અસ્તિત્વ ધરાવી રહ્યો છે."

(સસ્તુ સાહિત્યના 'મહાત્મા ટૉલસ્ટૉય' ગ્રંથમાંથી)

૬૨–बीडी संबंधी टॉल्स्टॉयनो अभिप्राय

રશિયાનો એક પ્રસિદ્ધ નટ એક સમયે ટૉલ્સ્ટૉયને ઘેર મળવા ગયો. એ વખતે કુટુંબનાં માણસો ઉપરાંત બીજાં પણ સ્નેહીઓ ત્યાં ચા પીવા એકત્ર થયાં હતાં. થોડી વાર પછી પેલા નટે બીડી સળગાવી, એટલે તરતજ ટૉલ્સ્ટૉયે પૂછ્યું કે, "અરે, આ શું કરે છે?" પેલો યુવક શરમાયો, પણ પોતાના કાર્યનો બચાવ કરવા સારુ કહ્યું કે, "બીડી પીવાથી મનનક્રિયા સારી ચાલે છે, વિચારશક્તિ વિશેષ તીવ્ર બને છે."

ટૉલ્સ્ટૉયે હસીને કહ્યું કે, "વસ્તુસ્થિતિ તું કહે છે તેથી ઊલટી છે, એ મારો પોતાનો અનુભવ છે. બીડી પીધા પછી મગજ તપી જઇને અનેક વિચારોનો ખળભળાટ મનમાં થવા લાગે છે અને

તુલનાશક્તિ ઉપર પાછું પડળ બંધાય છે; તેથી વિચારોનો એ ગોટાળો કે ખળભળાટ લક્ષમાં નહિ આવતાં માત્ર એમજ લાગે છે કે, આપણને વિચારો પુષ્કળ સૂઝે છે."

૬૩–ब्रह्मचर्य अने विषय विषे जाणवा जेवा विचारो

(૧)

કાઉન્ટ ટૉલ્સ્ટૉયે આ વિષય ઉપર પોતાના એક મિત્રને કહ્યું હતું કે, "મારી જુવાનીના સમયનું વર્તન યાદ આવે છે, ત્યારે મારાં રૂંવેરૂંવાં ખડાં થઇ જાય છે. આહાર–વિહારમાં અંકુશ નહિ રહેવાથી માણસના હાથે અનેક પ્રકારનાં કુકર્મ બને છે. જીભની લોલુપતા અત્યંત વિષયાસક્તિનું મૂળ છે. એક વખત હું એક જુવાન ખેડૂતની સાથે ગાડીમાં બેસીને જતો હતો. યૌવનની રેખા હજુ તેના ઉપર હમણાંજ ઉપસવા લાગી હતી. તેનું લગ્ન થયેલું નહોતું. મેં તેને પૂછ્યું કે, 'અરે! તને સ્રીની જરૂર નથી જણાતી?' તેણે કહ્યું કે, "કાઉન્ટ સાહેબ! એ વાતનો વિચાર કરવાનોજ વખત મને ક્યાં મળે છે?'

(૨)

મોસ્કોમાં એક સુપ્રસિદ્ધ અંગ્રેજ ડૉક્ટર રહેતો હતો. તેની પાસે એક યુવક સલાહ લેવા ગયો. તેની સર્વ હકીકત સાંભળી લઇ ડૉક્ટરે કહ્યું કે, "તું હવે ભરજુવાનીમાં આવ્યો છે, તેથી સર્વ વિકારની ઉત્પત્તિ થઇ છે. હવે જેમ બને તેમ જલદી લગ્ન કર અથવા બીજી કાંઇ તજવીજ કર!" ત્યારે પેલા નવયુવકે કહ્યું કે "બીજી તજવીજ તે શું અનીતિ નથી?" ડૉક્ટરે કહ્યું કે "વૈદક-શાસ્રનો અભિપ્રાય મેં તને જણાવ્યો. નૈતિક બાબતની ચર્ચા કરવી હોય તો ધર્મગુરુ પાસે જા."

પછી થોડી વાર ચૂપ રહી ડૉકટરે કહ્યું કે, “તારા શરીરની સ્વસ્થતા માટે શાની જરૂર છે, તે મેં તને કહ્યું; છતાં તારી પ્રકૃતિ સુધારવાનો બીજો પણ એક ઉપાય છે કે, ખરા અંતઃકરણથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવું. વિષયવાસનાને તારે તદ્દન મારી નાખવી જોઇએ. યુવતીઓના ટોળામાં કદી પણ જઇશ નહિ. અરે! સ્ત્રીઓનાં ચિત્રો જોવાં એ પણ તારે માટે જોખમકારક છે; તેજ પ્રમાણે છાકટા યુવકોથી પણ તારે દૂર રહેવું જોઇએ. હું કાંઇ ધાર્મિક માણસ નથી, પણ ઇસુએ કરેલો ઉપદેશ કેટલો યોગ્ય અને સશાસ્ત્ર છે, તે હું સમજું છું. ઇસુ કહે છે કે, ‘કોઇ પણ સ્ત્રી તરફ જે વિષયદૃષ્ટિથી જુએ છે, તે તેની સાથે માનસિક વ્યભિચારજ કરે છે.’ તેનું એ વચન વૈદકશાસ્ત્રની કસોટીએ પણ બરાબરજ ઊતરે છે; કેમકે કેવળ જડ દૃષ્ટિથી જોનારા અમો ડૉકટરોનો પણ એજ અનુભવ છે.”

૬૪–लेखकोने काउन्ट टॉल्स्टॉयनी शिखामण

ટૉલ્સ્ટૉયના સમયમાં રશિયામાં સાહિત્યની દુર્દશા હતી. સામાન્ય લોકોને ઉપયોગી થઇ પડે એવું ઉત્તમ સાહિત્ય એ ભાષામાં નહોતું. એમના પ્રોત્સાહનથી સાદી અને સહેલી ભાષામાં લખાયેલાં ઉત્તમ પુસ્તકો બનતી કિફાયતે પૂરાં પાડનારી એક સંસ્થા પણ રશિયામાં સ્થપાઇ હતી. લેખકોનો ઉદ્દેશ્ય કેવો હોવો જોઇએ, એ સંબંધી ટૉલ્સ્ટૉય કહે છે કે, “લેખકોએ કેવળ સાદા ભોજનનાજ બદલામાં સામાન્ય જનસમાજને માટે સારાં પુસ્તકો લખવાં જોઇએ. લેખક જે અન્નનો આહાર કરે છે, જે વસ્ત્ર પહેરે છે અને જે ઘરમાં રહે છે, તે પણ લોકોની જાતમહેનતથીજ ઉત્પન્ન થયેલાં હોય છે અને લેખક એ સર્વનો વગરમહેનતે ઉપયોગ કરે છે; તો પછી તેણે એ ઋણ નિદાન સારાં પુસ્તકોદ્વારા પણ ફેડવું

જોઇએ. કેવળ એશઆરામી અને શ્રીમંત લોકો માટેજ લેખકો લખ્યા કરે અને સામાન્ય જનતાનો વિચાર ન કરે, તો પછી જનસમાજે પણ એવા કચરા (જેવા માનવો)નું શા માટે પોષણ કરવું ? એવા લેખક તો ઊલટા સમાજને માટે નિરર્થક અને નુકસાનકર્તા થઇ પડે છે.”

૬૫–सुखशांति भोगववानो आबाद उपाय

મેનિડિમસ નામના એક વિદ્વાનને કોઇએ પૂછ્યું કે, “આપણને જે વખતે કાંઈ ઇચ્છા થાય, તેજ વખતે એ પૂર્ણ થઈ જાય તો એના કરતાં વધારે સુખ બીજું કયું ?” વિદ્વાને ઉત્તર આપ્યો કે, “આપણને પ્રભુએ જે કાંઇ આપ્યું હોય, તે ઉપરાંત બીજા કશાની ઇચ્છાજ ન કરીએ તો એમાં વધારે સુખ નથી શું ?”

પ્રશ્નકર્તા અને એના જેવા સ્વભાવવાળા મનુષ્યો ગમે તેટલી સમૃદ્ધિવાળા હોય, તોપણ તે વાસનાનાજ ગુલામ હોવાથી સદા અસંતોષી અને દુઃખીજ રહેવાના. ઉત્તર આપનારના જેવા–પોતાની પ્રાપ્તસ્થિતિમાં જેઓ સંતોષ માનતા હોય છે તેવાઓજ–માત્ર આ જગતમાં સુખશાંતિ ભોગવી શકવાના.

૬૬–बादशाहे करेली गरीब खेडूतना सद्गुणनी कदर

લગભગ ત્રણસો વર્ષ પૂર્વે રશિયામાં આઇડાન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. રશિયાના રાજાને ઝાર કહે છે. એ રાજા પ્રજાવત્સલ હતો. પોતાની પ્રજા સુખમાં છે કે દુઃખમાં તે જાણવા સારુ એ વખતોવખત સાધારણ માણસના વેશથી રાજ્યમાં ફરતો. કોઇ એને ઓળખી શકતું નહિ. એવીજ રીતે એક દિવસ એ

મોસ્કો પ્રાંતમાં એકલો ફરી રહ્યો હતો. ફરતાં ફરતાં એ નાનાસરખાં ગામડાંમાં જઈ પહોંચ્યો અને પોતે બહુજ થાકી ગયો છે, એવો ઢોંગ કરીને અનેક ઘરોમાં રાતવાસો કરવાની પ્રાર્થના કરતો ફર્યો; પણ કોઇએ ગુપ્તવેશધારી રાજાની વાત ધ્યાનમાં લીધી નહિ. એનાં ગંદાં અને ફાટેલાં વસ્ત્ર જોઇને બધા એને કાઢી મૂકવા લાગ્યા. પોતાની પ્રજાની આવી નિષ્ઠુર વર્તણૂકથી મનમાં ઘણોજ સંતાપ કરતો રાજા રાજમહેલ તરફ પાછો ફરી રહ્યો હતો, એટલામાં દૂર એક નાની ઝૂંપડી એની નજરે પડી. એ ઝૂંપડીની પાસે જઇને રાજાએ બારણું ખખડાવ્યાં. ખેડૂતે બારણું ઉઘાડીને પૂછ્યું: "કોણ છે?" રાજાએ કહ્યું કે, "હું થાકયોપાકયો વટેમાર્ગું છું. તમે મને રાતવાસો અહીં કરવા દેશો?" ખેડૂતે વિનયપૂર્વક કહ્યું કે, "હા ભાઇ! આવો, ઘણી ખુશીથી. મારા ઘરમાં થોડુંક ખાવાનું છે તે આરોગો, તમે જરા કવખતે આવ્યા. મારી પત્ની આજે માંદી છે. મારાથી પરોણાગત નહિ થાય. હશે, પણ તમે ટાઢમાં બહાર કેમ ઊભા છો? અંદર આવો." એમ કહી ખેડૂત રાજાને ઘરમાંના એક નાના ઓરડામાં લઈ ગયો, કે જે ઓરડો નાનાં બાલક–બાલિકાઓથી ભરેલો હતો.

એક પારણામાં બે બાળક સૂઇ રહ્યાં હતાં. ત્રણ વર્ષની એક બીજી છોકરી પારણાની પાસે કાંબળી ઉપર સુખે સૂઇ રહી હતી. ખેડૂતે રાજાને કહ્યું કે, "તમે અહીંયાં બેસો. હું તમારે સારુ ખાવાપીવાની ગોઠવણ કરું." એટલું કહીને તે ગયો. થોડી વારમાં પાછો આવીને રાજાની આગળ રોટલી અને મધ રજૂ કર્યાં અને કહ્યું કે, "આ તમે મારાં છોકરાંઓ સાથે ખાઓ, હું મારી પત્નીની સારવાર કરું છું." એ પ્રમાણે કહી ખેડૂત પોતાની પત્નીની સારવાર કરવા ગયો, પણ થોડી વારમાં એક નાના બાળકને ખોળામાં લઇને પાછો આવ્યો અને રાજાને કહેવા લાગ્યો કે, "કાલે આ છોકરાનું

નામકરણ થશે." રાજાએ છોકરાને પ્રેમપૂર્વક ખોળામાં લઇને આશીર્વાદ દીધો કે, "આ બાળક ઘણો ભાગ્યશાળી થશે." અતિથિની ભવિષ્યવાણીથી ખેડૂતને હરખ થયો અને તેના મુખ ઉપર હાસ્યની રેખા જણાઈ.

રાત પડયે હવે ઘણો વખત થયો હતો. દરિદ્ર ખેડૂતે ઘાસનું બિછાનું પાથરીને રાજાને સુવાડયો અને પોતે પણ એના ઉપર સૂતો.

પ્રભાત થતાં રાજા ખેડૂત પાસેથી રજા માગીને વિદાય થયો અને જતી વખતે કહેતો ગયો કે, "હું જ્યારે મોસ્કો પહોંચીશ, ત્યારે ત્યાં આગળ એક ધનવાન પુરુષ મારા મિત્ર છે તેને હું તમારી આજની માયા અને મમતાભરી વર્તણુકની વાત કરીશ અને તમારા આ બાળકના 'ધર્મપિતા' બનવાને આગ્રહ કરીશ. તમે વચન આપો કે, મારા આવ્યા વગર તમે આ છોકરાનો નામકરણ સંસ્કાર નહિ કરો. તમે મારે માટે થોડી રાહ જોજો. હું ત્રણ કલાકમાંજ પાછો આવું છું." ખેડૂતે એજ પ્રમાણે કર્યું.

રાજા ચાલ્યો ગયો. ત્રણ કલાક પણ થઇ ગયા, પરંતુ કોઈ આવ્યું નહિ. ખેડૂત એ સમયે છોકરાને લઇને દેવળમાં જવાની તૈયારી કરી રહ્યો હતો. એટલામાંજ એણે દૂરથી આવતો ઘોડાની પડઘીનો અવાજ સાંભળ્યો. ખેડૂતે જોયું કે, રાજાના અંગરક્ષક સૈનિકો આવી રહ્યા છે. જોતજાતામાં તેઓ ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. રાજા ગાડીમાંથી નીચે ઊતર્યો અને ખેડૂતની પાસે જઇને બોલ્યો કે, "હું મારી પ્રતિજ્ઞાનું પાલન કરવા આવ્યો છું. બાળકને મારા ખોળામાં આપો અને દેવળમાં ચાલો." ખેડૂત તો બેબાકળો બની ગયો. મુખમાંથી એકે શબ્દ નીકળ્યો નહિ. ગભરાઇને રાજાના મુંખ સામું જોઇ રહ્યો. રાજાએ થોડી વાર નિઃસ્તબ્ધ રહીને કહ્યું કે, "અચંબો લાગે છે કે શું? કાલે રાત્રે તેં મારી સાથે માણસાઇનો વ્યવહાર ચલાવ્યો છે. આજ હું તેનો બદલો વાળવા આવ્યો

છું. તારો છોકરો આજથી મારી દેખરેખમાંજ રહેશે.” એટલું કહીને મૃદુ હાસ્યપૂર્વક રાજાએ પૂછ્યું કે, “કેમ, મારી ભવિષ્યવાણી સાચી પડી કે નહિ?”

સરળ સ્વભાવનો ખેડૂત હવે બધું રહસ્ય સમજી ગયો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે ઝટ છોકરાને લઇ આવીને રાજાની આગળ ધર્યો. રાજા બાળકને ખોળામાં લઇને દેવળ તરફ ચાલ્યો.

રાજાએ ત્યાર પછી પોતાની પ્રતિજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કર્યું. એણે ખેડૂતના એ બાળકને રાજમહેલમાં લાવીને પોતાનાજ છોકરાની પેઠે ઉછેર્યો. ખેડૂતને ઝુંપડીની જગ્યાએ હવેલી બંધાવી આપી અને ત્યાં તે સુખમાં જીવન ગાળવા લાગ્યો. ગરીબને તેના સદ્ગુણનો કેવો સારો બદલો આપ્યો!

૬૭–भक्तना भगवान

(મુનિવાહન)

તિરુપ્પાન આલવારનું બીજું નામ મુનિવાહન હતું. ઇ૦ સ૦ ૧૦૦માં દક્ષિણ ભારતના એક ગામમાં ચંડાળને ઘેર એમનો જન્મ થયો હતો. તેઓ સંગીતવિદ્યામાં નિપુણ હોઇને ઈશ્વરના પૂરા ભક્ત હતા. ભજન ગાતાં ગાતાં ઘણી વાર તે બાહ્યજ્ઞાનશૂન્ય થઇને પડી જતા. સુપ્રસિદ્ધ કાવેરી તીર્થમાં-શ્રીરંગમાં એક દિવસે રસ્તામાં ગાન કરતાં કરતાં મૂર્ચ્છિત થઇને તે પડયા હતા, એવામાં શ્રીરંગનાથજીનો એક પૂજારી ઠાકોરજીની પૂજા સારુ જળ ભરી લાવવા જઈ રહ્યો હતો. એ બ્રાહ્મણસેવકે ચંડાળદ્વારા પોતાનો માર્ગ રોકાયલો જોઇને ગુસ્સે થઇ તેને એવો માર્યો કે, તિરૂપ્પાનની મૂર્છા જતી રહી અને ભાન આવ્યું. એ ઊભા થઈ ગયા અને

માર્ગ ખુલ્લો થયાથી સેવક પાણી ભરી આવ્યો, પણ જળ લઈને મંદિરમાં જઈને જુએ છે તો મંદિરનું દ્વાર અંદરથી બંધ છે. એણે ભગવાનની ઘણીએ ક્ષમા માગી કે, “મારાથી જાણેઅજાણે કોઈ અપરાધ થયો હોય તો માફ કરો.” મંદિરમાંથી આજ્ઞા મળી કે, “જો તું મારા એ ચંડાળભક્તને ખભે બેસાડીને મારા મંદિરની પરિક્રમા કરે, તોજ બારણાં ઉઘડે.” સેવક ઘણોજ શરમાઈ ગયો અને પશ્ચાત્તાપપૂર્વક ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું, ત્યારે બારણાં ઊઘડયાં.

૬૮–ધન તથા વિદ્યા

એક માણસે એક પંડિતને પ્રશ્ન કર્યો કે, “વિદ્વાન લોકો શ્રીમંતોને ત્યાં મળી આવે છે; પરંતુ પૈસાદાર લોકો વિદ્વાનોને ઘેર કેમ નથી જણાતા?”

પંડિતે ઉત્તર આપ્યો કે, “વિદ્વાનોને ધન જેવી જડ વસ્તુની પણ જેટલી જરૂર જણાય છે, તેટલી શ્રીમંતોને જ્ઞાન જેવી મહાન વસ્તુની પણ ઇચ્છા થતી નથી.”

૬૯–જીવનચરિત્ર ક્યારે લખાવું જોઇએ?

(પંડિત શિવનાથ શાસ્ત્રી)

પંડિત શિવનાથ શાસ્ત્રી બંગાળાના એક સુપ્રસિદ્ધ ધાર્મિક સુધારક, નિપુણ લેખક તથા પ્રભાવશાળી વક્તા હતા. સાધારણ બ્રાહ્મોસમાજના તો એ સ્થાપક અને આચાર્ય હતા. દેશસેવામાંજ એમનું જીવન વ્યતીત થયું હતું. એકતાલીસ વર્ષની વયે બ્રાહ્મધર્મનો પ્રચાર કરવા તથા પાશ્ચાત્ય સમાજનું અવલોકન કરી તેમના ગુણ ગ્રહણ કરવા માટે એ યુરોપની યાત્રાએ ગયા હતા. એ સમયે

એમના સચ્ચરિત્ર તથા ધાર્મિક ભાવથી ઘણા લોકો તેમના તરફ આકર્ષાયા હતા. એવી સ્થિતિમાં એમની પુત્રી શ્રીમતી હેમલતા-દેવીને એમનું જીવનચરિત્ર લખવાની ઈચ્છા થઇ અને પિતાને વિલાયત પત્ર લખી પોતાનો અભિલાષ જણાવ્યો. એ વખતે પંડિત શિવનાથ શાસ્ત્રીએ જે ઉત્તર આપ્યો તે થોડીઘણી સેવા કરીને એકદમ પ્રસિદ્ધિમાં આવવાની અધીરાઇ રાખનારા દેશસેવકોને માટે ધડો લેવા જેવો છે. એમણે લખ્યું કે, " તું તારા પત્રમાં લખે છે કે, તું મારું જીવનચરિત્ર લખવાની છે. છિ ! છિ ! એવું કામ કરતી નહિ. તારા પિતાનું જીવનચરિત્ર લખવાનો સમય હજુ આવ્યો નથી. ઈશ્વરની સેવામાં મારી મૂછો જ્યારે ધોળી થઇ જાય, આ રસના એના ગુણગાન કરતાં કરતાં જ્યારે ઘડપણને લીધે નિસ્તેજ અને અસમર્થ થઇ જાય, આ ચક્ષુ તેના ઉપર વિશ્વાસ રાખનારા લોકોનું સુખ જોતાં જોતાં નિસ્તેજ અને અંધ થઇ જાય, જ્યારે હું તારા ખભા ઉપર હાથ ટેકવીને બ્રાહ્મોસમાજમાં ઉપાસના કરવા જાઉં અને જ્યારે જેઓ હાલ જનનીના ગર્ભમાં છે, તેઓ આચાર્યનું કામ કરવા લાગે ત્યારે, જીવનના એ સંધ્યાકાળ સુધી હું જીવતો રહ્યો હોઉં તો તારા બાપનું સામાન્ય વૃત્તાંત લખજે. તારા જીવનમાં જગદીશ્વરની કરુણાએ કેવી રીતે કામ કર્યું છે, તેની સાક્ષી આપજે. હમણાં તો મારું જીવનચરિત્ર લખાશે એનો વિચાર કરતાં પણ મને શરમ આવે છે. "

પિતૃવત્સલ કન્યાની ઇચ્છા પૂર્ણ થઈ. પંડિત શિવનાથ બ્રાહ્મોસમાજની વેદી ઉપરથી સેંકડો ઉપદેશો અને પ્રવચન આપીને તથા બ્રહ્મનાં ગુણગાન કરીને ઘરડા થઇ ગયા. વૃદ્ધ વયે તેમનું મૃત્યુ થયું. પાછલી વયમાં એમણે પોતે પણ પોતાના જાહેર જીવનના અનુભવો " આત્મચરિત્ર "માં લખ્યા; પણ એ બધું ક્યારે કર્યું ? પોતે નિર્માણ કરી રાખેલું કાર્ય પાર પાડ્યા પછીજ.

૭૦–ग्रेस डार्लिंगनी दया

ઇંગ્લૅંડ દેશમાં નોર્થંબરલૅંડની પાસે સમુદ્રમાં ડૂબેલા અનેક પહાડો છે. એ પહાડોની સાથે અથડાઇને વહાણો ભાગીને ડૂબી ન જાય એટલા સારુ તેમને ચેતવણી આપવા એક દીવાદાંડી બાંધવામાં આવી છે. ત્યાં આગળ બીજા કોઇની વસ્તી નહોતી. દીવો સળગાવવા સારુ કેવળ ડાર્લિંગ નામનો એક નોકર કુટુંબ સહિત ત્યાં રહેતો. ઈ. સ. ૧૮૮૩ના સપ્ટેમ્બર માસમાં સમુદ્રમાં સખ્ત તોફાન આવ્યું અને દીવાદાંડીથી અડધા માઇલને છેટે એક ખડક સાથે અથડાઇને એક વહાણ ભાંગી ગયું. સવારે દૂરબીનથી ડાર્લિંગે જોયું કે, એ તૂટેલા વહાણનો એક ભાગ ખડકની ઉપર પડ્યો છે અને બાકીના ભાગના ચૂરેચૂરા થઇ ગયા છે. જે ભાગ બચી ગયો હતો, તેમાં દસ–બાર ઉતારુઓ હતા. એની કન્યા ડાર્લિંગે એ કરુણાજનક દૃશ્ય જોઇને પિતાને પૂછ્યું કે, “ આ લોકોના રક્ષણ સારુ આપણે કાંઇ ન કરી શકીએ ? આપણે શું ખાલી હાથે બેસી રહીશું ? આટલા બધા મનુષ્યો મદદ વગર મરણ પામે, તે શું આપણે જોઇને બેસીજ રહેવાનું ? ” પિતાએ કહ્યું કે, “ આપણાં હોડકાંને લઇને એ લોકોને બચાવવા જવું એ સાક્ષાત્ યમદેવને ભેટવા સમાન છે. ખડકની ચારે તરફ ખૂબ પાણી છે અને વંટોળિયો જોરમાં છે. ” પરંતુ ગ્રેસ ડાર્લિંગે તો એમને બચાવવાની હઠજ લીધી. પુત્રીના આગ્રહને વશ થઇને બન્ને જણાંએ હોડી તોફાની સમુદ્રમાં હંકારી. કન્યાનું વય બાવીસ વર્ષનું હતું. એનું શરીર કાંઈ બહુ બળવાન નહોતું, તેમજ અત્યાર સુધી શાંત સમુદ્રમાંજ હોડી ચલાવવાનો તેને અભ્યાસ હતો. આવા તોફાનમાં એ પહેલાં કદાપિ હોડીમાં બેઠી નહોતી; પણ આજે તો ઇશ્વરનું નામ લઇને

કરુણામયી ગ્રેસ તેના પિતાની સાથે હોડી હંકારીને વંટોળિયાની સામે થઈ. સાક્ષાત્ મૃત્યુની સામે ટક્કર ઝીલીને એ ખડક પાસે પહોંચી તથા પેલા મુસાફરોને બચાવ્યા. આ વાતના સમાચાર ઊગરેલા લોકોએ કૃતજ્ઞતાપૂર્વક ચારે તરફ ફેલાવ્યા. યુરોપના અનેક દેશોમાંથી પ્રશંસાપત્ર, ચાંદ તથા ઇનામની કોથળીઓ ગ્રેસ ડાર્લિંગને આ પુણ્યકાર્ય માટે અર્પણ કરવામાં આવ્યાં! માનવબંધુઓને અકાળમૃત્યુને વશ થતાં જોઈ તેને એવી દયા ઊપજી હતી કે, પોતાનો કે પોતાનાં વૃદ્ધ માતપિતાનો વિચાર કરવાનો અવકાશજ તેને નહોતો મળ્યો અને આવું અસામાન્ય સાહસ ખેડવા એ તૈયાર થઈ હતી.

૭૧–મહાન ભક્ત તુકારામની સહનશીલતા

સંસારમાં અનેક મહાપુરુષોને કર્કશા સ્ત્રી સાથે પાનું પડ્યાનાં દૃષ્ટાંતો નોંધાયલાં છે. મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સાધુ અને કવિ તુકારામના જીવનમાં પણ એવુંજ બન્યું હતું. એમની પત્ની ઘણા સાંકડા મનની અને કજિયાખોર હતી. તુકારામ પરહિતમાં અને પ્રભુસેવામાંજ જીવન ગાળતા અને ઘરધંધામાં ધ્યાન આપતા નહિ, એ એને પસંદ નહોતું. એક દિવસ તુકારામ શેરડીના થોડાક સાંઠા લઇને ઘેર આવી રહ્યા હતા. આવતાં આવતાં રસ્તામાં ઘણા ગરીબ માણસો મળ્યા અને એમના ઉપર દયા ઊપજવાથી એક એક શેરડી તેમને આપતા આવ્યા. છેવટે ઘેર આવ્યા ત્યારે એકજ શેરડી પાસે રહી. તુકારામની સ્ત્રીને કાને રસ્તાનો બધો વૃત્તાંત પહોંચી ચૂક્યો હતો. પતિએ હાથમાંનો કેવળ એકજ શેરડીનો સાંઠો પત્નીને આપ્યો; એટલે એનો પિત્તો ઊકળી ગયો અને ક્રોધના આવેશમાં એ સાંઠો તુકારામનાજ બરડા ઉપર માર્યો! સાંઠાના બે કકડા

થઈ ગયા. તુકારામને કેટલું વાગ્યું હશે, તેની કલ્પના તો સહેલાઈથી થઇ શકે છે; પરંતુ એ પવિત્ર સંતે હસીને કહ્યું કે, "સહધર્મિણીનો ખરો ધર્મ એજ છે. મેં તને શેરડીનો સાંઠો ખાવા સારુ આપ્યો, તે તું એકલી કેવી રીતે ખાઈ શકે? માટે સ્વામીને આપવા સારુ એને ભાંગીને બે કકડા કર્યા!"

૭૨–ગરીબોની સેવાવિષે સ્વામી વિવેકાનંદનો અભિપ્રાય

રામકૃષ્ણ મિશન તરફથી જ્યારે પહેલવહેલું સંકટનિવારણનું કાર્ય મુર્શિદાબાદ જિલ્લામાં ઉપાડવામાં આવ્યું, ત્યારે સ્વામી વિવેકાનંદજીએ સ્વામી શ્રદ્ધાનંદજીને એક પત્રમાં લખ્યું હતું કે, "ફક્ત કેટલાક ગરીબોને ચોખા આપ્યે નહિ ચાલે. ચિરકાળથી દાન અપાતું આવતું હોવા છતાં પણ, ભારતમાં મદદ માગવા આવનારની ખોટ નથી. સહાયતાની સાથે સાથે કાંઈક શિક્ષણ પણ આપો છો કે નહિ? જ્યાંસુધી લોકો કમાવાની શક્તિ આવતા પહેલાં પરણતા રહેશે, ત્યાંસુધી આ ભૂખમરાના કોયડાનો ઉકેલ કદી થવાનો નથી. વળી એવી મદદ ઘણા લુચ્ચા–લફંગા લોકો પણ પોતાને ગરીબ ગણાવીને લઈ જાય છે; માટે ખાસ સાવધાની રાખીને સહાયતા આપવી. હવે તમે સમજ્યા હશો કે, વિદ્યાદાનજ આપણું મુખ્ય કાર્ય છે."

વાત સાચી છે. અન્નદાનથી તો એક દિવસની ભીડ ભાગે છે, પણ વિદ્યાદાન તો જીવનપર્યંતનું દુઃખ ટાળે છે.

૭૩–ધર્મપ્રચારને માટે જ્ઞાનની આવશ્યકતા

સ્વામી વિવેકાનંદના પહેલા શિષ્ય સંન્યાસી સદાનંદ હતા. એ નામ પ્રમાણે ઘણા આનંદી સ્વભાવના હતા. ઈ. સ. ૧૮૯૭માં

સ્વામીજી તથા સદાનંદ અને બીજા એક-બે શિષ્યો રેલવેમાં પ્રવાસ કરી રહ્યા હતા. સ્વામીજીને યુરોપ-અમેરિકાના પ્રવાસથી પાછા ફર્યાને એકાદ વર્ષ થઇ ગયું હતું અને ગુરુદેવના ઉપદેશનો પ્રચાર આખા ભરતખંડમાં કરવાને તન-મનથી પ્રયત્ન કરી રહ્યા હતા. એમને ખાતરી હતી કે, પ્રચારના કાર્ય સારુ ઘણી વિદ્વત્તાવાળા માણસોની આવશ્યકતા છે. પોતાના શિષ્યો અને ગુરુભાઈઓમાં પોતાની ઇચ્છાનુસાર વિદ્વત્તા દીઠામાં નહિ આવવાથી, એમને ઘણો પરિતાપ થતો હતો અને એને લીધે એ ઘણી વાર શિષ્યો ઉપર ચિડાઈ પણ જતા હતા. એવોજ પ્રકાર એ દિવસે ગાડીમાં બન્યો. ગુપ્ત મહારાજને લક્ષ્ય કરીને તિરસ્કારસૂચક ભાષામાં સ્વામીજી બોલ્યા કે, "તું તો હવે ભણવા-ગણવાનું કાંઈ કરતો નથી. તારાથી હવે 'કુલીગીરી' (મજૂરી) સિવાય બીજું શું થવાનું છે?" ગુપ્ત મહારાજે હાથ જોડીને કહ્યું કે, "મહારાજ! આપેજ મને ભણવા-ગણવાની મના કરી હતી ને?" સ્વામીજીએ કહ્યું કે, "મેં તને એને બદલે સાધન-ભજન કરવાનું પણ કહ્યું હતું, એમાં તું કેટલો આગળ વધ્યો?"

શિષ્યને આથી ઘણો પસ્તાવો થયો.

૭૪-पुराण समजवा सारु ब्राह्मणग्रंथना अभ्यासनी जरूर

દેહત્યાગના થોડાક માસ પૂર્વે સ્વામીજીએ પોતાના એક શિષ્યને પૂછ્યું કે, "શું ભણો છો?" શિષ્યે ઉત્તર દીધો કે, "વિષ્ણુપુરાણ." સ્વામીજીએ બોધ દીધો કે, "વેદના બ્રાહ્મણગ્રંથ ભણ્યા વગર પુરાણોનું રહસ્ય સમજી શકાતું નથી, કારણ કે પુરાણનું મૂળ બ્રાહ્મણમાં છે. પુરાણની ઘણી કથાઓ બ્રાહ્મણગ્રંથો-

માંથી લીધેલી છે.” ત્યાર પછી લાયબ્રેરીમાંથી જીવાનંદ વિદ્યાસાગરસંપાદિત “ગોપથ બ્રાહ્મણ” શોધી કાઢીને એમાંથી થોડાંક પૃષ્ઠો શિષ્યોને ભણાવ્યાં.

૭૫–સાચો પ્રભુપ્રેમ અથવા ઈશ્વરપ્રાર્થના કેવાં હોય?

કોઇ એક સ્ત્રીને એક પુરુષ સાથે સાચો પ્રેમ બંધાયો હતો. એના વગર સંસારમાં કોઇને એ ચાહતી નહોતી. એક વખતે એ પ્રિયતમનો એને વિયોગ થવાથી એણે ખાવું, પીવું અને ઊંઘવું છોડી દીધું. એની સુંદર કાયા સુકાઈ જવા લાગી. આખરે એક દિવસ એને પ્રિયતમના સમાચાર મળ્યા. તરતજ એ હર્ષઘેલી થઇને એને મળવા સારુ ચાલી નીકળી. રસ્તામાં અકબર બાદશાહનો પડાવ હતો. બાદશાહ પોતાના તંબૂની પાસે જાજમ બિછાવીને નમાજ પઢી રહ્યો હતો. પેલી પ્રેમઘેલીને તો બાદશાહનું પણ ભાન ન રહ્યું અને એ તેની જાજમને પગ તળે દબાવતી ત્યાંથી ચાલી નીકળી. અકબરને ક્રોધ તો ઘણો ચઢ્યો, પણ નમાજ પઢતો હોવાથી ક્રોધને રોકવોજ પડ્યો. પેલી સ્ત્રી તો ગઇ અને પોતાના પ્રિયતમને મળીને હસતી હસતી એની સાથે પાછી આવી. હવે બાદશાહ નમાજ પઢી ચૂક્યો હતો; તેથી તે પેલી સ્ત્રીને જોઇને બોલ્યો કે, “અરે, પાપિણિ! તને એ પણ ભાન ન રહ્યું કે, આ જાજમ છે?”

પ્રેમમગ્ન સ્ત્રીએ નિર્ભયતાથી હસતે મુખે ઉત્તર આપ્યો કે,

“નર રાચી સૂઝી નહિ, તુમ કસ લખ્યો સુજાન?
પઢ કુરાન બૌરે ભયો, નહિ સાચા રહીમાન.

“બાદશાહ સલામત! હું તો મનુષ્યના પ્રેમમાં ગાંડી થઈ ગઇ હતી, તેથી ન આપને જોયા અને ન આપની જાજમને જોઇ; પરંતુ

આપે મને કેવી રીતે જોઇ? મને તો લાગે છે કે, આપ કુરાન પઢી પઢીને થાકી ગયા, પણ આપના હૃદયમાં તો 'માલિક' પ્રત્યે ખરો પ્રેમ હજુ સુધી નથીજ ઉપજ્યો."

બાદશાહ આ ઉત્તરથી ઘણોજ શરમાઇ ગયો.

("દૃષ્ટાંતાંજલિ"માંથી)

७६-प्रजाने बायली बनाववानो उपाय

લિડિયાવાસીઓ ઉપર ઈરાનીઓએ વિજય મેળવ્યા પછી તેમણે ઈરાન વિરુદ્ધ બળવો કર્યો. એ સમયે ઈરાનના બાદશાહ સાઇરસે આજ્ઞા આપી કે, "આ બળવો શમાવવા માટે લિડિયાવાસી બધા લોકોની હું હત્યા કરીશ, કાં તો એમને પકડીને ગુલામ તરીકે વેચીશ." એ વખતે લિડિયાના કેદ પકડાયેલા રાજા ક્રિસસે સાઇરસને સલાહ આપી કે, "આ વખતે તો એમને ક્ષમા કરો, એમની હત્યા પણ ન કરો અને દાસરૂપે વેચો પણ નહિ. એમનાં હથિયાર એક વાર બિલકુલ છીનવી લો અને સુખશાંતિમાં રાખીને એમને ઉત્તમ વસ્ત્ર પહેરવાની સગવડ કરી આપો. દારૂ પીવાને, ગાનતાનમાં મશગૂલ રહેવાને અને નાટક તથા ખેલતમાશા જોવાને પુષ્કળ ઉત્તેજન આપો. થોડા દિવસોમાં તેઓ તેજહીન અને નિરુદ્યમી તથા સ્ત્રીઓના જેવા બાયલા થઇ જશે અને પછી કદી પણ તમારી વિરુદ્ધ બળવો કરી શકશે નહિ." લિડિયાવાસીઓ પહેલેથીજ થોડાક વિલાસપ્રિય તો હતાજ. વિજયી ઈરાનીઓએ ઉપર જણાવેલી નીતિનું અવલંબન કર્યું. તેનું પરિણામ એ આવ્યું કે, ઇતિહાસમાં લિડિયાનું નામનિશાન પણ રહ્યું નથી. શાંતિનો સમય પોતાની જાતિમાં સુખ અને સંપ વધારવા તથા અધિક બળવાન અને ધાર્મિક બનવા માટે છે, વિલાસપ્રિયતા માટે નથી; એનું

ભાન લિડિયાવાસીઓને રહ્યું નહિ, તેમ બીજી પણ અનેક પ્રજાઓને રહ્યું નથી અને વિજેતાઓ તો જ્યાં ત્યાં એવીજ નીતિ ચાલુ કરીને જીતેલી પ્રજાને આળસુ, કાયર અને હીચકારીજ બનાવી દે છે.

૭૭–परमहंस रामकृष्णनो प्रसिद्धि माटे तिरस्कार

લોકોમાં પોતાની પ્રસિદ્ધિ થાય એ પરમહંસદેવને પસંદ નહોતું. ગમે તે માણસની આગળ પોતાના જીવનની હકીકત તેઓ કહેતા પણ નહિ. જેના ઉપર બહુ પ્રેમ હોય, જેને સારી પેઠે પિછાની ગયા હોય, તેનીજ આગળ પોતાના આધ્યાત્મિક અનુભવ કહેતા. બાબુ કેશવચંદ્ર સેન એમના સમાગમમાં આવ્યા પછી એમના ગુણોથી ઘણા મુગ્ધ થઇ ગયા હતા અને પોતાનો સદ્‌ભાવ પ્રકટ કરવા સારુ એક વાર વર્તમાનપત્રોમાં પરમહંસ સંબંધી હકીકત લખી હતી. પોતાની એ પ્રમાણે પ્રસિદ્ધિ કરવા સારુ નારાજ થઇને પરમહંસદેવે કેશવને કેટલાક સમય સુધી પોતાની પાસે આવવાની પણ મના કરી હતી. એક દિવસ અર્ધરાત્રિએ તે ઊઠીને ફરવા લાગ્યા અને 'થૂ, થૂ' કરીને કહેવા લાગ્યા કે, "લોકો માન આપે છે, મા! લોકો માન આપે છે. થૂ, થૂ!" સારાંશ એ કે, લોકપ્રતિષ્ઠા ઉપર તો એ સદા થૂંકતા. માન, યશ અને પ્રસિદ્ધિની વાત સાંભળીને એ વિરક્ત થતા. વાસ્તવમાં એ નામ–રૂપની પેલી પાર નીકળી ગયા હતા. પછી નામની પરવા હોય પણ કેવી રીતે? પોતે વારંવાર ઉપદેશ આપતા કે, "ફૂલને ખીલવા દો, મધમાખીઓ એની મેળે આવી બેસશે. ચરિત્ર ઘડો, સુંદર ચરિત્ર જોઇને આપોઆપજ જગત મુગ્ધ થઇ જશે."

૭૮–साधुए दरेक काम चीवटथी करवां जोईए

(રામકૃષ્ણ પરમહંસ)

રામકૃષ્ણ પરમહંસ પરમ વૈરાગી હોવા છતાં દુનિયાનાં કામોમાં બેદરકાર નહોતા. ધ્યાન–ભજનને બહાને સંસાર–વ્યવહારનાં કામ બગાડવાં એને પોતે તમોગુણનું લક્ષણ ગણતા. એ પોતે પણ અનેક કામ હાથે કરતા. બગીચામાં માળીનું કામ કરતાં એમને ઘણાએ જોયા છે. કોઇ પણ શિષ્ય આડું–અવળું કામ કરે, સુઘડતા ન રાખે તો તે એમને પસંદ પડતું નહિ. દરેક નાનું–સૂનું કામ પણ યથાર્થ રીતે પોતે કરતા અને એમ કરવા શિષ્યોને ઉપદેશ આપતા. સફાઇથી પાન બનાવતાં પણ શિષ્યને શીખવતા. પોતે વાસીદું પણ વાળતા, પરંતુ વૃત્તિ અંતર્મુખ રહેતી. કોઇ શિષ્ય સોદો ખરીદવા જઇને છેતરાઈ આવે તો તેની મશ્કરી કરતા કે, "તને સાધુ થવાનું કહ્યું છે, બેવકૂફ બનવાનું તો નથી શીખવ્યું !" પોતે કહેતા કે, "योगः कर्मसु कौशलम्" કર્મ કરવામાં કુશળતા હોવી, એ પણ યોગ છે."

૭૯–संत कनकदासने आत्मज्ञाननी प्राप्ति

સંત કનકદાસને આત્મજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું, એ ઇતિહાસ પણ જાણવા જેવો છે. મૂળ એ ધારવાડ તરફના બાડ નામના ગામડાના રહીશ હતા. એમનું અસલ નામ વીરનાયક હતું. ધંધો શિકારીનો કરતા. અચૂક બાણ મારી લક્ષ વીંધવામાં એની તોલે આવે એવો એના વખતમાં બીજો ન હતો. ચિત્રકલ દુર્ગના રાજાની નોકરીમાં એ સેનાપતિના હોદ્દા સુધી ચડ્યો. પૈસા અને પ્રતિષ્ઠાનો

એ સ્વામી બન્યો, પણ એક વખત યુદ્ધ કરતાં કરતાં એને વિચાર આવ્યો કે, "શું જીવનનો આજ ઉદ્દેશ કે મનુષ્યે એકબીજાનો વધ કરી સ્વાર્થ સાધવો?" વિચાર કરતાં યુદ્ધ માટે એને તિરસ્કાર છૂટ્યો. અંતર્મુખી વૃત્તિ કરતાં અંદરના અવાજે પડકાર કર્યો કે, "બાપ! આ બધી દુનિયાની માયા છોડી દે અને એકતારો તથા ભિક્ષાપાત્ર હાથમાં લઇને દાસ થા." સત્યવીરોનું લક્ષણજ એ છે કે, જીવનમાં ફેરફાર કરતાં તેમને મન સાથે ઝાઝું લડવું પડતું નથી. વીરનાયકે ગૃહસંસાર છોડ્યો અને યાત્રાએ નીકળ્યો. વિજયનગરમાં એને ગુરુ મળી ગયા અને ત્યાં માધ્વ સંપ્રદાયની દીક્ષા લીધી. કનકદાસ ત્યાર પછી ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા.

("નવજીવન"માંથી)

૮૦–ઈશ્વરના સર્વવ્યાપકપણાનું ભાન

(સંત કનકદાસ)

દક્ષિણમાં વાદીરાજ સ્વામી એક અસાધારણ વિદ્વાન અને ધર્મશીલ સાધુ તરીકે જાણીતા થઇ ગયા છે. સંત કનકદાસ એમનાજ શિષ્ય હતા. કનકદાસ અંત્યજ જાતિના હોવા છતાં પરમ સાધુ હતા. ગુરુ, એમની ભક્તિથી ઘણા પ્રસન્ન રહેતા. વાદીરાજ સ્વામીએ એક દિવસે બ્રાહ્મણોને એક એક કેળું આપ્યું અને કહ્યું કે, "આજે એકાદશી છે. કોઇ જુએ નહિ એવે ઠેકાણે જઇને ખાજો." કનકના ભાગમાં પણ એક કેળું આવ્યું. સાંજે બધા ભેગા થયા. પોતાની આજ્ઞાનું પાલન કેવું થયું છે, એ જોવા વાદીરાજે દરેક જણને પૂછ્યું. દરેક જણે ક્યાં ક્યાં એકાંત શોધ્યું, એ જાણી લઇએ તો ખૂબ રમૂજ પડે. એકલા કનકદાસના હાથમાંનું કેળું એમ ને એમ રહ્યું હતું. એણે કહ્યું કે, "જ્યાં જાઉં ત્યાં વાસુદેવ તો છે, છે ને છેજ. એટલે પછી એકાંત તો મળેજ ક્યાં?

એટલે હું તો કેળું એમ ને એમ લઈને બેઠો છું."

૮૧-तीव्र स्मरणशक्ति

સ્વામી વિવેકાનંદની સ્મરણશક્તિ બહુ તીવ્ર હતી. વાત એ પણ હતી કે, વાંચતી વખતે તેઓ બિલકુલ તન્મય થઇ જઇને વાંચતા. યુરોપના પ્રવાસમાં એક વાર તેઓ જર્મનીના પ્રસિદ્ધ સંસ્કૃત પંડિત ડ્યુસેનના ઘરમાં બેઠા હતા. સામે ટેબલ ઉપર કવિતાનું એક પુસ્તક પડયું હતું. સ્વામીજીએ હાથમાં લઇને તેને વાંચવાનું શરૂ કર્યું. પંડિત ડ્યુસેને બેત્રણ વાર વાત કરવા માંડી, પણ સ્વામીજી તરફથી ઉત્તર ન મળતાં ચિડાઇ ગયા. પુસ્તકનું વાચન સમાપ્ત કર્યા પછી એ વાતની ખબર પડતાં સ્વામીજીએ ડ્યુસેનની ક્ષમા માગી; પરંતુ ડ્યુસેન પોતાની વાત ઉપર વિશ્વાસ કરતાં સંકોચાઈ રહ્યા છે, એમ લાગતાં સ્વામીજીએ એ પુસ્તક-માંથી અનેક પંક્તિઓ કહી સંભળાવી. એ જોઇને ડ્યુસેન એકદમ છકજ થઈ ગયા.

૮૨-पहाणा वीणतां पंडित !

જૂનાગઢમાં પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી રોક જગવિખ્યાત વિદ્વાન થઈ ગયા છે. નાનપણમાં એમના બીજા ભાઇઓ જ્યારે નિશાળમાં જઇ વિદ્યાભ્યાસ કરવામાં લીન થતા, ત્યારે બાળક ભગવાનલાલ ગિરનારની તળેટીમાં તથા ઉપરકોટ પર જઈ પહાણા વીણતો ફરતો. મોટાભાઇ તેને સંસ્કૃતનો પરિચય કરાવવા મથે, પણ કાંઇજ વળે નહિ. પથ્થર વીણવાની અને જમીન ખોદતાં નીકળી આવેલાં પૂતળાં જોવાની એને એવી તો લત લાગી હતી, કે ભણવામાં કે ઘરકામમાં તેનો જીવ ભાગ્યેજ ખૂંપતો. રખડવાની

ટેવને લીધે એક વખત પોતાના એક સોબતીને સાથે લઇને જતાં ઉપરકોટમાં એક ઊંડા કાણામાં સ્વાભાવિક રીતે લાકડી ખોસી જોવાનું તેને મન થયું. આખી લાકડી જમીનમાં પેસી જતી જોઇ તેને તે છિદ્ર વધારે ઇંતેજારીથી જોવાનું મન થયું. બીજે દિવસે તેણે એક મોટો વાંસડો ખોસી જોયો. તે વાંસ પણ ઊંડો પેસી ગયો. તેણે સોરઠ-સરકારને પોતાની વાત જણાવી. ત્યાં ખોદાવી જોતાં એક મોટું ભોયરું નીકળી આવ્યું, જેમાં અનેક સભાગૃહો તથા બેઠકો હતી ત્યાર પછી આજ સુધીમાં ખોળતાં ઉપરકોટમાંથી જૂના વખતના કોઠાર, ભોંયરાં, મકાનો વગેરે ઘણું નીકળી આવ્યું છે.

આ સફળતાથી ઉત્તેજિત થઇને ભગવાનલાલે શોધખોળના કાર્યમાં ચિત્તને વધારે પરોવ્યું. સરકારની પણ તેમના ઉપર પ્રીતિ થઇ. ડૉકટર ભાઉ દાજીની સાથે રહી તમણે ઘણું કામ કર્યું અને ભારતવર્ષના ઇતિહાસમાં અનેક નવી શોધો કરી. અંગ્રેજીનું જ્ઞાન ન હોવા છતાં યુરોપમાં તેમની શોધક અને વિવેચકબુદ્ધિનાં વખાણ થવા લાગ્યાં. આવી રીતે સૂક્ષ્મ અવલોકનશક્તિ અને ખંતને પ્રતાપે ભગવાનલાલજી પહાણા વીણતાં પંડિત થઇ ગયા અને પંડિત ભગવાનલાલ તરીકે આખા સંસારમાં પ્રસિદ્ધિ પામ્યા. યુરોપની ઇન્ટરનેશનલ ઓરિજિનલ કોંગ્રેસે તેમને "ડૉકટર ઑફ લૉઝ" ની પદવીથી વિભૂષિત કર્યા, વિયેના યુનિવર્સિટીએ "ડૉકટર ઑફ ફિલસૂફી"ની ઉપાધિ અર્પણ કરી, લંડન યુનિવર્સિટીએ "પ્રોફેસર ઑફ લિટરેચર"ની પદવી અર્પી અને મુંબઇ યુનિવર્સિટીએ "ફેલો" નીમ્યા.

નોકરી પાછળ વલખાં મારવા કરતાં પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાનું આપણાં બાળકો શીખે તો તે પણ ભગવાનલાલ ઇન્દ્રજીની પેઠે મહાપંડિત નીવડી શકે.

("અહિચ્છત્ર" પુ. ૧, અંક ૪માંથી)

૮૩–स्वामी विवेकानंदनुं ब्रह्मचर्य अने स्मरणशक्ति

સાધારણ રીતે એવું બને છે કે, વયોવૃદ્ધિની સાથે સાથે મનુષ્યની સ્મરણશક્તિ મંદ પડતી જાય છે; પરંતુ સ્વામીજીની સ્મરણશક્તિ જીવનના છેલ્લા સમય સુધી એવીને એવીજ તીવ્ર રહી હતી.

ઈ૦ સ૦ ૧૯૦૧માં બેલુર મઠના પુસ્તકાલય સારુ નવા એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા (અંગ્રેજી વિશ્વકોષ)નો આખો સેટ ખરીદવામાં આવ્યો. સ્વામીજીનું શરીર એ સમયે બહુ ખરાબ હતું, વૈદ્યોની દવા ચાલતી હતી, ઔષધની સાથે પરેજી સખ્ત હતી અને પાણી પીવાની પણ બિલકુલ મના હતી. આહાર–નિદ્રા બિલકુલ નહોતાં, એમ કહીએ તો ચાલે. પુસ્તકો ખરીદાયા પછી થોડાકજ દિવસોમાં એક સદ્‌ગૃહસ્થ મઠમાં આવ્યા. સુંદર સોનેરી બાંધણીવાળા અનેક નવા ગ્રંથોનો ઢગલો જોઈને સ્વામીજીને કહેવા લાગ્યા કે, "આટલાં પુસ્તકો એક જિંદગીમાં વાંચવાં એ ઘણુંજ વિકટ કામ છે." એમને એ વખતે ખબર નહોતી કે, સ્વામીજીએ એ ગ્રંથસંગ્રહમાંથી દસ મોટા દળદાર ગ્રંથો તો વાંચીને સમાપ્ત કર્યા હતા અને અગિયારમો ગ્રંથ વાંચી રહ્યા હતા. સ્વામીજીએ એ વાત જણાવી અને પહેલા દસ ગ્રંથોમાંથી પ્રશ્ન કરવાની રજા આપી. પ્રશ્ન પૂછવા શરૂ થયા અને સ્વામીજીએ દરેક પ્રશ્નના વાજબી ઉત્તર આપ્યા; એટલુંજ નહિ પણ કેટલીક જગ્યાએ તો પુસ્તકની ભાષા સુદ્ધાં પ્રમાણરૂપે કહી સંભળાવી. પ્રશ્નકર્તાએ પ્રત્યેક ખંડમાંથી બેએક વિષયો ઉપર પ્રશ્ન કર્યા હતા, પરંતુ આવા સંતોષજનક ઉત્તર સાંભળીને એ તો અવાક્ થઇ ગયા અને બોલી ઊઠયા કે, "આવી સ્મરણશક્તિ એ માણસનું ગજું ન હોય." એમને આશ્ચર્યચકિત થયેલા જોઇને સ્વામીજીએ કહ્યું કે, "જુઓ,

એકલા બ્રહ્મચર્યના બરાબર પાલનથી બધી વિદ્યાઓ ક્ષણભરમાં આવડી જાય છે. શ્રુતિધરોના પણ શ્રુતિધર થવાય છે. એ બ્રહ્મચર્યનો લોપ થયાથીજ આપણા દેશનું સત્યાનાશ વળ્યું છે."

એમના ગુરુ રામકૃષ્ણ પરમહંસદેવ પણ કહેતા કે, "બાર વર્ષ સુધી અસ્ખલિત વીર્ય રાખવાથી એક વિશેષ પ્રકારની શક્તિ ઉત્પન્ન થાય છે. અંદર એક નવી નાડી જારી થાય છે, તેનું નામ મેધાનાડી. એ નાડી ઉત્પન્ન થયા પછી બધું સ્મરણ રહે છે, બધું જાણી શકાય છે."

૮૪–સ્વર્ગસ્થ દેવીપ્રસન્ન રૉયનું સરળ જીવન

દેવીપ્રસન્ન રૉય ચોધરી બંગાળાના એક સુપ્રસિદ્ધ લેખક તથા ધાર્મિક સુધારક હતા."શરતચંદ્ર","સંન્યાસી","વિરાજમોહન" આદિ નવલકથાઓ ઉપરાંત તેમણે "નવ્યભારત" નામના સારા માસિકનું તંત્રીપદ જીવનના અંતપર્યંત શોભાવ્યું હતું. ગરીબો પ્રત્યે એમને ઘણી દયા હતી. પોતાની પાસે પાંચ પૈસા થાય તે વખતે વિલાસમાં ધન ન વાપરતાં સત્કાર્યમાં તેનો ઉપયોગ કરતા. દેશ-સેવા, જનસેવા અને વિલાસપ્રિયતાનો ત્યાગ, એ એમના જીવનનું મુખ્ય વ્રત હતું. એ કહેતા કે, "જ્યારે દેશના લોકોની અવસ્થા જોઉં છું, પેટ ભરવાના પણ તેમને સાંસા જોઉં છું, કેટલાંયે સગાં-સંબંધીઓને ધનના અભાવથી દુઃખી થતાં નિહાળું છું, ત્યારે મને એમજ લાગે છે કે, વિલાસી થવાનો મને અધિકારજ નથી."

એમણે પોતાના ગામમાં ધર્માદા દવાખાનું સ્થાપ્યું છે અને પોતાના ઘર "આનંદાશ્રમ"માં અનેકોના ભરણ-પોષણની વ્યવસ્થા કરી છે. પોતાના જિલ્લામાં દુકાળ કે મરકીનું સંકટ આવી પડતાં તેઓ તરતજ સેવાવ્રતમાં જોડાઇ જતા. પુણ્યકાર્યમાં

ઘણું ખર્ચ કરતા, પણ પોતાને સારુ તથા કુટુંબીઓ સારુ તો તેમનો આદર્શ "સરળ જીવન અને ઉચ્ચ વિચાર" હતો. પોષાક હમેશાં સાદો રાખતા. ખાવાપીવામાં પણ કદી બિનજરૂરી ખર્ચ કરતા નહિ. ઘરનું ઘણું કામકાજ હાથેજ કરતા. પોતે ઘરમાં સાળ રાખીને કપડાં પણ જાતે વણતા. (ખાદીનો પ્રચાર શરૂ થતા પહેલાંની આ વાત છે.)

આવી રીતે કરકસરથી ઘર ચલાવ્યાથી સામાન્ય આવકવાળા મનુષ્યો સંતાનને ઉચ્ચ કેળવણી આપવા તથા દેશસેવાના કાર્યમાં પણ ગજા પ્રમાણે આર્થિક સહાયતા આપવા શક્તિમાન બને છે. એક વાર વિલાસના પંજામાં ફસાયા એટલે તો પછી ઉચ્ચ અભિલાષાવાળા સંસ્કારી મનુષ્યો પણ પોતાની જાતને તેમજ દેશને પણ ભારરૂપજ થઇ પડે છે.

૮૫–देवीप्रसन्न रॉय चोधरीनो पुत्रवधू प्रत्ये वात्सल्यभाव

દેવીપ્રસન્ન રૉયના પુત્ર પ્રભાતકુસુમનું લગ્ન વિલાયતથી પાછા આવ્યા પછી સરકારી વકીલની પુત્રી સાથે થયું હતું. લગ્નના આગલે દિવસે એ વેવાઇને ઘેર વહુને ખોળે બેસાડવા ગયા હતા. એ પ્રસંગને સંભારી તેમની પુત્રવધૂ લખે છે કે, "એ વખતે એમણે કહ્યું કે, 'હું બાલ્યકાળથી માતૃહીન છું; તું આજ માતૃહીનની માતા થઇને એક વાર જગતને બારણે આત્મત્યાગના મંત્રથી દીક્ષિત થઇને ઊભી રહેજે. તું આજ આ મંડપમાં એ સાધનવ્રત ગ્રહણ કરીને મને અભયવચન આપ કે, તમે ગમે તેટલા અપરાધ કરશો તોપણ મનમાં આણીશ નહિ.'" પુત્રવધૂનું પાલન એમણે કન્યાની પેઠેજ કર્યું હતું. મંદવાડમાં મળમૂત્ર ઉપાડતાં પણ સંકોચ કર્યો

નથી. એમના એ આદરભાવને સંભારી પુત્રવધૂ શ્રાદ્ધપ્રસંગે કહે છે કે, "આજ અશ્રુજળથી ભીંજાઇને એ દેવાધિદેવ મહાદેવને અંતઃકરણપૂર્વક સેંકડો ધન્યવાદ આપું છું."

પોતે મરણશય્યામાં હતા એ સમયે પુત્રને પાસે બોલાવીને ઉપદેશ આપ્યો કે, "હું જાણું છું કે, તું 'વહુમા'ની કાળજી રાખે છે, તેનો આદર કરે છે; તોપણ હું આ પથારીમાંથી પાછો ઊભો ન થાઉં-અને ફરીથી તારી સાથે વાતચીત કરવાનો પ્રસંગ ન આવે-તો કહી જાઉં છું કે, મેં ઘણો પ્રયત્ન કરીને, ઘણી ખોળ કરીને, મેઘના (નદીની) પેલે પારથી "મારી મા" આણી છે, તેના તરફ જરા પણ બેદરકારી દેખાડીશ નહિ, કોઇ દિવસ તેની અવહેલના કરીશ નહિ; એમ કરીશ તો પરલોકમાં પણ મારા આત્માને ઘણો મોટો ઘા લાગશે."

વહુઓ પ્રત્યે સાસુ-સસરાનો આવો પ્રેમ હોય તો સંયુક્તકુટુંબમાં જે ક્લેશ અને કલહ દીઠામાં આવે છે, તેને બદલે ચિરશાંતિનું સામ્રાજ્ય સ્થપાય.

૮૬–हाजीमहमद महसीननुं गुप्त दान

બંગાળામાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પેઠે હાજીમહમદ મહસીનનું નામ પણ દયા, પરોપકાર અને પરદુઃખભંજન માટે પ્રસિદ્ધ છે. એ ઈ. સ. ૧૮૩૨માં હુગલી નગરમાં જન્મ્યા હતા. અરબી, ફારસી આદિ ભાષાઓના વિદ્વાન અને મહાન સદાચારી હતા. એમને પોતાની બહેન તરફથી પુષ્કળ સંપત્તિ વારસામાં મળી હતી; પરંતુ એ અઢળક ધનના સ્વામી થયા છતાં પણ એમણે મોજશોખમાં જીવન ગાળ્યું નથી. આખી જિંદગી સુધી પોતે કુંવારાજ રહ્યા હતા; અને જ્ઞાનોપાર્જન, ધર્મચિંતન તથા પરોપકાર-

માં જીવન વ્યતીત કર્યું હતું. નાતજાતનો ભેદભાવ રાખ્યા વગર ગરીબોનાં દુઃખ નિવારણ કરવા સારુ એ પોતાનો ભંડાર ખુલ્લો મૂકતા. રાત્રે ગુપ્ત વેશે ગરીબોની ઝૂંપડીઓમાં જઇ તેમની સાથે વાતચીત કરી, તેમના દુઃખનો પરિચય મેળવતા અને પછી એમની સહાયતાનો બંદોબસ્ત કરતા. એમ કહેવાય છે કે, એક દિવસ એવીજ રીતે રાત્રે ગુપ્ત વેશમાં ફરતા ફરતા તેઓ એક ગરીબની ભાંગીતૂટી ઝૂંપડીમાં જઇ પહોંચ્યા. જુએ છે તો એક ગરીબ માતા પોતાનાં સંતાનોની ભૂખ નિવારણ કરી શકવાને અસમર્થ હોવાથી તેમને શિખામણ આપી રહી છે અને નિર્દોષ બાળકો ભૂખને લીધે રોઇ રહ્યાં છે. એ દૃશ્યથી મહસીનનું કોમળ હૃદય વ્યથા પામ્યું અને એ દિવસથી એમણે એ નિર્ધન સ્ત્રી તથા એનાં સંતાનોના પોષણનો ભાર પોતાના ઉપર લીધો.

("જ્ઞાન–પ્રસૂન"માંથી)

૮૭–हाजीमहमद महसीननी नोकरो प्रत्ये लागणी

હાજીમહમદ નોકરોને પ્રાણની પેઠે ચાહતા. એક દિવસ એમના એક બાળનોકરે, તેની બહેનના મંદવાડના સમાચાર મળ્યાથી રજા માટે પ્રાર્થના કરી. હાજીસાહેબે રજા આપી; એટલુંજ નહિ પણ તેના હાથમાં એક પડીકું આપીને કહ્યું કે, "આ પડીકામાં તારી બહેનને સારુ દવા છે." નોકરે ઘેર જઇને જોયું તો એમાં દવાની સાથે કેટલાક રૂપિયા પણ હતા.

૮૮–डिडिरोना हृदयनी विशाळता

અઢારમી સદીમાં ફ્રાન્સદેશમાં જે વિદ્વાનો ઉત્પન્ન થયા હતા, તેમાં ડિડિરો મુખ્ય હતો. ઇ. સ. ૧૭૧૩માં તેનો જન્મ થયો

હતો અને મોટો થયા પછી સાહિત્યના ક્ષેત્રમાં ઘણી નામના મેળવી હતી. એ ફ્રાન્સના વિશ્વકોશનો સંપાદક હતો અને એમાંના વેપાર તથા હુન્નરને લગતા લેખો એનાજ હાથથી રચાયા હતા. એ ગ્રંથના પ્રચારથી યુરોપમાં એક નવો યુગ પ્રવર્ત્યો હતો. દેશમાં પ્રચલિત રોમન કૅથલિક ધર્મ ઉપર ડિડિરોને શ્રદ્ધા નહોતી, એટલે સાક્ષરશિરોમણિ હોવા છતાં પણ સાધારણ લોકો તેને નાસ્તિક ગણીને ધિક્કારતા; પરંતુ પોતાનો તિરસ્કાર કરનારાઓ પ્રત્યે એને જરા પણ ખોટું લાગતું નહિ. એ કદી પણ એમનો દ્વેષ કરતો નહિ. એનું હૃદય અસાધારણ માનવ-પ્રેમથી પરિપૂર્ણ હતું. કોઇને ધન આપીને, તો કોઇને સલાહ આપીને ને કોઇના લેખ સુધારી આપીને, એમ અનેક પ્રકારે ડિડિરો લોકોનું કલ્યાણ કરતો હતો. એમ કહેવાય છે કે, એવાં પરોપકારનાં કાર્યોમાં એના ધન તથા સમયના ત્રણ ચતુર્થાંશ ભાગનો ઉપયોગ થતો. તેનું હૃદય કેટલું ઉદાર હતું તે નીચેના એક પ્રસંગ ઉપરથી જણાઇ આવે છેઃ-

એક દિવસ ડિડિરો બેઠો હતો ત્યાં એક યુવક આવીને તેની પાસે ઊભો રહ્યો. યુવકનો પરિચય પૂછતાં જણાયું કે, તે એક નવો લેખક છે. થોડા દિવસથીજ તે લેખિની ચલાવતાં શીખ્યો છે. હાલમાં એ એક ગ્રંથ રચીને સાહિત્યરથી ડિડિરોને બતાવવા લાવ્યો છે. યુવકે ઘણીજ નમ્રતાપૂર્વક ડિડિરોના હાથમાં પોતે રચેલા ગ્રંથની હસ્તલિખિત પ્રત મૂકીને કહ્યું કે, "મહાશય! આપ કૃપા કરીને મારો આ લેખ એક વાર તપાસી જશો, તો હું ઘણો ઉપકૃત થઈશ." ડિડિરોએ ગ્રંથ વાંચીને તપાસી જોવાનું કબૂલ કર્યું. યુવક ડિડિરોને ધન્યવાદ આપીને ચાલ્યો ગયો. ગ્રંથ તપાસાયો છે કે નહિ તે જાણવા યુવક બીજે દિવસે પાછો ડિડિરોને ઘેર ગયો. એ વખતે ડિડિરોએ હસીને તે યુવકને કહ્યું કે, "અહા! તમે મને લક્ષ્યમાં રાખીનેજ આ પ્રહસન લખ્યું લાગે છે, મને ગાળો ભાંડ-

વાથી તમને કાંઈ લાભ છે?" યુવકે હસીને કહ્યું કે, "હાજી, આપની નિંદા કર્યાથી મને ઘણો લાભ છે. મારામાં લખવાની એટલી બધી શક્તિ નથી કે ગ્રંથ લખીને પેટ ભરી શકું. દેશના લોકો આપને ઘણાજ ધિક્કાર અને દ્વેષની નજરે જુએ છે. આપની નિંદાનો ગ્રંથ લખ્યાથી ખૂબ કમાણી થશે, એમ ધારીને મેં આ પ્રહસન લખ્યું છે." ડિડિરોએ ઘણાજ આહ્લાદપૂર્વક કહ્યું કે, "બહુ સારું કર્યું, પણ એક કામ કર. એને છપાવવા જેટલાં નાણાં એકઠાં કર. હું તને એક યુક્તિ બતાવું. રોમન કેથલિક ધર્મમાં મને શ્રદ્ધા નથી, એટલા માટે અમુક સદ્ગૃહસ્થ મને પાર વગરનો ધિક્કારે છે. તું જો એ સજ્જનને તારું પુસ્તક અર્પણ કરે, તો એ ખુશ થઇને જરૂર તને પુષ્કળ ધન આપશે." ત્યારે યુવકે કહ્યું કે, "ના સાહેબ! એટલી બધી માથાકૂટમાં હું પડવા માગતો નથી. વળી મારા જેવા સાધારણ લેખકમાં એટલી બધી વિદ્યા ક્યાંથી હોય, કે એ સજ્જનને શોભે એવી અર્પણપત્રિકા લખું." ડિડિરોએ કહ્યું કે, "તું થોડી વાર થોભી જા. હું તને અર્પણપત્રિકા લખી આપું છું, તેથી એ સદ્ગૃહસ્થનું મન પ્રસન્ન થશે અને તને ધનની પ્રાપ્તિ પણ થશે." એટલું કહીને ડિડિરોએ પોતે એક સરસ અર્પણપત્રિકા લખી કાઢી. યુવક એને લઇને પેલા સદ્ગૃહસ્થને મળી આવ્યો. એ પ્રહસન તથા અર્પણપત્રિકા વાંચીને ઘણો પ્રસન્ન થયો અને બહુ મોટું ઇનામ આપીને યુવકને વિદાય કર્યો.

૮૯–दुर्व्यसननो एकदम त्याग

એક માણસમાં અનેક સદ્ગુણો હોવા છતાં પણ દારૂ પીવાની લત લાગવાથી તે દિવસે દિવસે આળસુ થવા લાગ્યો હતો. મિત્રોએ તેને ઘણી વાર તે છોડી દેવાની સલાહ આપી, પણ કેટલાંય વર્ષો સુધી તેનું કાંઇ પરિણામ આવ્યું નહિ. એક દિવસ એક પ્રતિષ્ઠિત ગૃહ-

સ્થે તેને ઘણો સમજાવ્યો, ત્યારે તેણે કહ્યું કે, "આપ મારા ભલાને ખાતર જે કાંઇ શિખામણ આપી રહ્યા છો તે હું સમજું છું. આટલા દિવસ સમજી શક્યો નહોતો. હવે અફીણ ખાવાનું શરૂ કરીને દારૂ દરરોજ થોડો ઓછો કરીશ અને એ પ્રમાણે તદ્દન છોડી દઈશ." પેલા સદ્ગૃહસ્થે કહ્યું કે, "ધીમે ધીમે છોડીશ એ શું? જે માણસ અગ્નિકુંડમાં પડ્યો હોય, તે શું ધીમે ધીમે બહાર નીકળી શકે? એ તો એક કૂદકે અગ્નિમાંથી બહાર નીકળવાનું સાહસ કરે તોજ બચી શકે. તું પણ આ દુરાચારરૂપી અગ્નિમાંથી બચવા માગતો હોય તો એકજ વાર દૃઢ પ્રતિજ્ઞા કર કે, આજથી મદ્યને સ્પર્શ પણ નહિ કરું."

૧૦–कुरूप संबंधी कालिदासनी व्याख्या

મહારાજા વિક્રમાદિત્યે એક વાર કાલિદાસને કહ્યું કે, "તમે આટલા મોટા પંડિત, સુકવિ અને સજ્જન છો, તેવોજ તમારો ચહેરો પણ સુંદર હોત તો કેવું સારું?" રાજાના એ વચનમાં શરીરસૌંદર્યના અભિમાનથી ઉત્પન્ન થયેલી એક અસભ્યતા હતી. તે બતાવવા સારુ કવિ કાલિદાસે એક યુક્તિ કરી. એ વિષયને ભુલાવામાં નાખીને થોડી વાર પછી એણે કહ્યું કે, "મહારાજ! આજ બહુ સખ્ત ગરમી છે. તરસ બહુ લાગી છે." રાજાની આજ્ઞાથી તરતજ માટીના પાત્રમાં શીતળ જળ લાવવામાં આવ્યું અને સાથે સોનાની એક લોટી પણ લાવવામાં આવી. કાલિદાસે જળપાન કરીને પ્રશંસા કરી. વિક્રમાદિત્યે પણ પાણી પીને સંતોષ જાહેર કર્યો. કાલિદાસે પછી સોનાના પાત્રમાં જળ માગ્યું અને તેને સામે મૂકી રાખીને બીજી આડી વાતમાં રાજાને લગાડ્યો. કેટલીક વાર પછી એ લોટીમાંથી થોડુંક જળ પીને વિક્રમાદિત્યની તરફ હસીને બોલ્યોઃ "જુઓ મહારાજ! કેવું સારું જળ આ

સુવર્ણપાત્રમાં ભર્યું હતું ! પરંતુ તેના બાહ્યસૌંદર્યને લીધે અંદરનું ઠંડું પાણી તો ઊલટું ગરમ થઇ ગયું; ત્યારે બીજી તરફ પેલા રૂપરહિત માટીના પાત્રની અંદરનું જળ કેવું ઠંડું અને મધુર રહ્યું છે!”

९१–अदेखा माणसोने थतुं बेवडुं दुःख

એગિસને એક વખતે કોઇએ કહ્યું કે, “અમુક માણસ તમારા દ્રવ્યની અદેખાઇ કરે છે.” ત્યારે તેણે જવાબ દીધો કે, “એમ કરવાથી એમનો સંતાપ બેવડાય છે. એક તો તેમને પોતાની નિર્ધનતા બદલ સંતાપ થતો હોય છે અને બીજો મારી શ્રીમંતાઇ બદલ.” જે માણસો પોતે નિર્ધન હોવાને લીધે સામા માણસના ઐશ્વર્યની અદેખાઈ કરે છે, તેમને તેથી સુખને બદલે ઊલટું બેવડું દુઃખ થાય છે. (“સુખ અને શાંતિ”માંથી)

९२–कामोयेन्सनो कृतज्ञ हिंदी–चाकर

પોર્ટુગાલનું સૌથી મોટું મહાકાવ્ય લુસિયડના રચનાર કવિ કામોયેન્સની એક આંખ યૌવનકાળમાં મૂર લોકોની સાથે યુદ્ધ કરતાં ચાલી ગઇ હતી. ત્યાર પછી એણે પોર્ટુગાલના તાબાનાં સંસ્થાનોમાં ભ્રમણ કર્યું હતું. ભારતવર્ષમાં આવ્યા પછી હિંદુઓ પ્રત્યે પોર્ટુગીઝ લોકોનો અત્યાચાર જોઇને તેને ઘણું દુઃખ થયું હતું અને તેણે તેમના એ અધમ કાર્યની ખૂબ ઝાટકણી કાઢી હતી. કોઇ પણ દેશમાં જુલમી અમલદારો પોતાના કાર્યની ટીકા કદી પણ સાંખી શકતા નથી. કોઈ પણ ઉપાયે ટીકાકાર પોતાનાથી દૂર જાય અને તેની ટીકા વડીસરકારને કાને ન પહોંચે, એટલા સારુ

અમલદારોએ કામોયેન્સને ચીનદેશમાં દેશવટો દીધો. રસ્તામાં વહાણ ડૂબી ગયું અને કામોયેન્સે તરીને પોતાનો જીવ બચાવ્યો. એ વખતે પણ પોતાના મહાકાવ્યની હસ્તલિખિત નકલ એણે પોતાની સાથેજ રાખી હતી અને જીવના જોખમે તેનું પણ સમુદ્રમાં રક્ષણ કર્યું હતું. એનો હિંદુસ્તાની નોકર પણ તરીને બચવા પામ્યો હતો. કવિ ઘણું કષ્ટ વેઠીને આખરે એ નોકર સહિત પોર્ટુંગાલ પહોંચ્યો. ત્યાં ગયા પછી તેનું શરીર બગડ્યું અને દરિદ્રતાને લીધે મહાદુઃખમાં તેના જીવનનો અંત આવ્યો; પરંતુ એ ભારતવાસી ખ્રિસ્તી નોકર એન્ટોનિયો તેના સ્વામીના એવા દુઃખમાં પણ સ્વામીની સાથેજ રહ્યો અને બીજાને ઘેર નોકરી કરીને તથા ભીખ માગીને પણ તેને જમાડતો અને રાત્રે તેની પાસે આવી સેવા–ચાકરી કરતો.

આદરપૂર્વક વર્તન તથા મીઠી જીભ રાખ્યાથી ભારતવાસીઓ સદાને માટે વશ થઇ જાય છે અને ગમે તેવાં દુઃખમાં પણ સ્વામીનો સાથ છોડતા નથી.

૧૩–देवीप्रसन्न रॉय चोधरीनो स्वदेशीभाव

સ્વદેશી પોશાક અને દેશી ભાષા માટે સ્વર્ગસ્થ દેવીપ્રસન્ન રૉયને ઘણું માન હતું. એમના એકના એક પુત્ર પ્રભાતકુસુમને વિલાયત બૅરિસ્ટરનો અભ્યાસ કરવા મોકલતી વખતે દેશી પોશાક અને દેશી ભાષાનો ઉપયોગ કરવા માટે પ્રતિજ્ઞાથી બાંધી લીધો હતો. પોતે અંગ્રેજી ઘણું સારું જાણતા હોવા છતાં, દેશી ભાષાની મર્યાદા જાળવવા સારુ સાહેબશાહી ઢંગમાં રહેનારા મોટા મોટા સદ્ગૃહસ્થોના અંગ્રેજી પત્રોનો ઉત્તર બંગાળીમાંજ આપતા હતા.

૧૪-ક્ષમાવૃત્તિમાં રહેલી શક્તિ-બિશપ ટિયન

રશિયામાં એક સમયે ખેડૂતપ્રજાને ગુલામ તરીકે ગણવામાં આવતી હતી. જમીનદારી વેચાઇ જતાં એને લગતા ખેડૂતો પણ વેચાયલા ગણાતા અને તેમની સાથે ગુલામના જેવી વર્તણૂક ચલાવવામાં આવતી. એ "સર્ફ" અથવા ગુલામો પ્રત્યેની નિર્દયતાનું નિવારણ કરાવવાનું બીડું બિશપ ટિયન નામના એક પરોપકારી પાદરીએ ઝડપ્યું હતું. એ પાદરી મહાપ્રતાપી અને અત્યાચારી જમીનદાર પ્રિન્સ વાયોનેઝની પાસે ગયો. વાતચીતમાં જમીનદાર સાહેબનો મિજાજ જતો રહ્યો અને તેણે બિશપ (પાદરી)ને એક થપ્પડ મારી. પાદરી એ વખતે ત્યાંથી ઊઠીને બહાર નીકળી આવ્યો; પણ તરતજ તેના મનમાં વિચાર આવ્યો કે, "આ માણસે ઘણો મોટો અન્યાય કર્યો છે એ વાત ખરી, પણ હું મીઠી વાતચીત કરીને એને રીઝવી શક્યો હોત અને લોકોનાં દુઃખ યથાર્થ રૂપમાં એના હૃદયમાં ઠસાવી શક્યો હોત તો આ પ્રસંગ ઊભો થાત નહિ; માટે વાંક મારોજ છે." પાદરી તરતજ ફરીથી પ્રિન્સની પાસે ગયો અને તેને પગે પડીને માફી માગી કહ્યું કે, "અતિથિ તથા પાદરીને મારવાનો જે અપરાધ આપનાથી થયો છે, તેનું કારણ હું પોતેજ છું. હું આપને ઉપદેશ દેવા આવ્યો, પણ સારી રીતે બધી વાત કહી શક્યો નહિ, તેથીજ આપનાથી મારું અપમાન કરવાનો દોષ થયો છે, એટલે ખરું જોતાં અપરાધી હુંજ છું." પાદરીને માર્યા પછી તરતજ પ્રિન્સને એકદમ પશ્ચાત્તાપ થયો હતો. મહાત્મા પુરુષનું પોતે અપમાન કરી બેઠો, એ વાતથી તેનું હૃદય ડંખ્યા કરતું હતું. એ તરતજ ગળગળો થઇને પાદરીને પગે પડ્યો અને કહ્યું કે, "હવે આપ કહેશો તે પ્રમાણે હું કરીશ." એ દિવસથી એણે પોતાના ખેડૂતો સાથે

બહુ સારી વર્તણૂક ચલાવવા માંડી. એમ કહેવાય છે કે, આખા રશિયા રાજ્યમાં એના ખેડૂતો જેટલું સુખ, સગવડ અને સ્વતંત્રતા ભોગવતા હતા, તેટલું સુખ બીજા કોઇ પણ જમીનદારના તાબાના ખેડૂતો ભોગવતા નહોતા.

૧૫–देवीप्रसन्न रॉय चोधरीना धर्ममतनी उदारता

દેવીપ્રસન્ન રૉય ચોધરી દૃઢ બ્રાહ્મોસમાજી હતા. બ્રાહ્મોધર્મ સાચો છે એવી ખાતરી થવાથી એમણે કુળધર્મનો ત્યાગ કરીને એ ધર્મ ગ્રહણ કર્યો હતો અને એને ખાતર પુષ્કળ દુઃખ વેઠયું હતું; પરંતુ એમનું હૃદય એટલું બધું ઉદાર હતું કે, બીજા કેટલાક સુધારકોની પેઠે બીજાઓના ધર્મ પ્રત્યે દ્વેષ રાખતા નહિ. સંરક્ષક હિંદુધર્મના અનુયાયીઓમાં સારા માણસો જોવામાં આવે તો એમનો આદર કરતા; એટલુંજ નહિ પણ શ્રદ્ધા અને ભક્તિપૂર્વક એમની સેવાચાકરી કરતા તથા એમની પાસેથી શું શીખવાનું છે તે પોતાના માસિક "નવભારત"માં તથા ખાનગી વાતચીતમાં જણાવતા. હિંદુધર્માવલંબી મિત્રોને ત્યાંથી પૂજાપ્રસંગે આમંત્રણ આવતું, તો કોઈ પણ પ્રકારનો વાંધો લીધા વગર ત્યાં હાજર થતા. એક દિવસ એમના એક મિત્રને ઘેર શારદાપૂજાનો ઉત્સવ હતો. મિત્રના પુત્ર શ્રીયદુનાથ ચક્રવર્તી, દેવીપ્રસન્ન બાબુને નિમંત્રણ આપવા ગયા. એ વખતે એમની તબિયત બહુજ ખરાબ હતી. મિત્રપુત્રની સાથે શાંતિથી વાતચીત કરીને કહ્યું કે, "મોટાભાઇએ મને પૂજાનું આમંત્રણ કર્યું છે; હું ઘણા આનંદપૂર્વક આવત, પણ તમે જુઓ છો કે મારું શરીર સારું નથી. ડૉકટરે મને બહાર જવાની મના કરી છે, એટલે એમનું સ્નેહભર્યું આમંત્રણ સ્વીકારી શકતો નથી, તેને માટે લાચાર છું. મોટાભાઈ જે પૂજા કરે છે તે પણ જગન્માતાનીજ પૂજા છે. જે રૂપે જેને વિશ્વાસ

હોય, તે રૂપમાં તે ભજે. બધાનો ઉદ્દેશ એકજ છે; માટે મને તમારે ત્યાં પૂજાપ્રસંગે આવવામાં જરા પણ વાંધો હોઈ શકેજ નહિ, એ વાતની મોટાભાઇને ખાતરી આપજો."

એમની એ ધાર્મિક ઉદારતાનો પરિચય શ્રીઇન્દ્રનાથ બંદોપાધ્યાય નામના ચુસ્ત સનાતનધર્મી લેખકના મૃત્યુપ્રસંગે પણ મળ્યો હતો. ઇન્દ્રનાથે આખી જિંદગી સુધી બ્રાહ્મોસમાજની વિરુદ્ધ તીવ્ર ભાવે કલમ ચલાવી હતી, દેવીપ્રસન્નના પ્રિય વિચારો અને સિદ્ધાંતોનું બહુ સખ્ત ભાષામાં ઘણીવાર ખંડન કર્યું હતું; પણ શ્રીઇન્દ્રનાથના મૃત્યુ પછી દેવીપ્રસન્ન રોયે જે લેખ લખી તેમના ગુણોની કદર કરી હતી, તે લેખ એવો સારો હતો કે, એવો સારો લેખ એમના પ્રશંસક કે પત્રકારો તરફથી પણ નહોતો લખાયો.

૧૬–रमाबाई रानडेना पितानो पुत्रीने बोध

ભારતવર્ષમાં પુત્રીને સાસરે વળાવતાં માતાપિતા સદ્બોધ આપે છે. રમાબાઇ રાનડે જ્યારે પહેલી વાર સાસરે વિદાય થયાં, ત્યારે એમના પિતાશ્રીએ નીચેનો ઉપદેશ આપ્યો હતો: " જો તું તારે સાસરે જાય છે, સાવકાં સહિયારાંનું કુટુંબ છે તથા ઘરમાં દસ જાતનાં આશ્રિતો છે. તું મારી દીકરી છે, આપણા કુલીન ઘરને શોભે તેમ ચાલજે. તને ગમે તેટલો ત્રાસ થાય તોપણ સહન કરજે, પરંતુ નોકરને પણ તું વાંકો જવાબ દેતી નહિ. બીજું, તારા મનને અસહ્ય દુઃખ થાય, તોપણ તું જાતે કોઇની પણ ચાડી તારા પતિ પાસે કરતી નહિ. ચાડીથી કુટુંબનો તો શું, પણ રાજ્યનો પણ નાશ થાય છે; માટે હું તને કહું છું તે બે વ્રતો પાળજે. એટલે તને કોઇ દિવસ હરકત આવશે નહિ. તું ભાગ્યવાન છે. સહનશીલતા એ તારો ગુણ થશે, ત્યારે તું સાચી કસોટીએ ચઢીશ અને

અમારા કુળમાં જન્મ લીધાનું સાર્થક થશે. આનાથી વિરુદ્ધ તું વર્તે છે એમ હું સાંભળીશ, તો ફરી કદી હું તને તેડીશ-નહિ."

રમાબાઈ પ્રસિદ્ધ દેશભક્ત અને સુધારક ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેનાં સેવાપરાયણ પત્ની થાય. સાસરે ગયા પછી પતિની ઇચ્છાનુસાર ભણવા માંડયું, એટલે નણંદો તથા કુટુંબની બીજી સ્ત્રીઓ તરફથી એમનું પુષ્કળ અપમાન થવા માંડયું હતું. એમની અવસ્થા એ સમયે ઘણી નાની હતી. પતિ સિવાય કોઇ સહાનુભૂતિ દર્શાવનાર નહોતું, મનની મૂંઝવણ ખાલી કરવાનું કોઇ સ્થાન નહોતું; પરંતુ પિતાનો વિદાયગીરી વખતનો બોધ સ્મરણમાં લાવીને એમણે કદી પણ પતિ આગળ કુટુંબીઓની ફરિયાદ કરી નથી. પિતાએ સૂચવેલાં એ વ્રત આજ્ઞાધારી પુત્રીને છાજતી રીતે એમણે જીવનપર્યંત પાળ્યાં અને સુખી થયાં.

ઘણી વાર તો ચતુર પતિ કચેરીમાંથી પાછા ફરતાં પત્નીની મલિન મુખમુદ્રા ઉપરથી એના સંતપ્ત હૃદયને પારખીને સ્નેહપૂર્વક કારણ પૂછતા, ત્યારે રમાબાઇ ઉડાવનારો જવાબ આપતાં કે, "નાનાં ભાંડુ અથવા માતા યાદ આવ્યાં હતાં."

૧૭–ક્ષાત્રकीर्ति–राजा दिलीप

એક સમયે સૂર્યવંશી રાજા દિલીપ પુત્રપ્રાપ્તિની આશામાં મહર્ષિ વસિષ્ઠના આશ્રમમાં ગૌ–સેવા–વ્રતમાં કામે લાગેલા હતા. એક દિવસે ગાયો ચરાવતાં ચરાવતાં જોયું કે, એક વિકરાળ સિંહ અચાનક ત્યાં આવીને મહર્ષિની ગાય ઉપર આક્રમણ કરવાની તૈયારીમાં છે. દિલીપે હથિયાર ઉપાડયું, પણ હાથ ચાલ્યો નહિ; એટલે લાચાર થઇને પોતાના દેહને સિંહની આગળ આડો પાડીને કહ્યું કે, "આપ દૈવી શક્તિસંપન્ન છો, નહિ તો હું શસ્ત્ર ચલાવવા-

માં અશક્ત કેવી રીતે બની જાઉં ? મારું ભક્ષણ કરો અને મારી રક્ષામાં સોંપાયેલી ગાયનું રક્ષણ કરો." સિંહે કહ્યું કે, "હું તો આ ગાયનુંજ ભક્ષણ કરીશ. તું સમૃદ્ધિશાળી રાજા છે. મહર્ષિને બીજી સેંકડો ગાયો આપીને સંતુષ્ટ કરજે. નાહકનો તું તારા સુકુમાર દેહનો ત્યાગ શા સારુ કરે છે?" દિલીપે ઉત્તર આપ્યો કે, "બીજાઓનું ક્ષત(ઘા)માંથી રક્ષણ કરે, તેજ ક્ષત્રિય કહેવાય છે. હું મારા રક્ષણમાં મુકાયલી ગાયને બચાવી ન શકું અને જીવતો રહું તો સંસારમાં મારી ઘણી અપકીર્તિ થાય. હું ક્ષાત્રધર્મથી ભ્રષ્ટ થયો એમ ગણાય, એવી દશામાં મરવું એજ મારે માટે એકમાત્ર ઉપાય છે."

સિંહે કહ્યું કે, "જેવી તારી મરજી, ચાલ બચ્ચા આવી જા." દિલીપ આનંદપૂર્વક મૃત્યુની રાહ જોતો અવિચલિત નેત્રે સિંહની સામે એકીટશે જોવા લાગ્યો; પણ સિંહે તેના ઉપર હુમલો કર્યો નહિ. તેનું સાહસ તથા ક્ષાત્રધર્મમાં દૃઢતા જોઈને દેવતાઓએ અંતરીક્ષમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને સિંહરૂપધારી ધર્મ, રાજાને પુત્રપ્રાપ્તિનું વરદાન આપીને અંતર્ધાન થઈ ગયો. દિલીપનો પુત્ર રઘુરાજા પણ ઘણો યશસ્વી નીકળ્યો અને તેના નામ ઉપરથી એ વંશ રઘુવંશ કહેવાયો. મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રજીએ પણ એજ મહાન વંશમાં જન્મ લીધો હતો.

૧૮–उत्तम मानवनी इच्छा पण केवी उच्च होय छे?

મારે શું જોઇએ ? એના ઉત્તરમાં શ્રીદેવીપ્રસન્ન રૉય એક સ્થળે લખે છે કે, "લોઢાના જેવો વજ્રકઠોર દેહ, કે જે દેહ બે-ચાર દિવસ ભૂખ્યા રહેવાથી શક્તિહીન થઇ જાય નહિ; જે દેહ દસ દિવસ વરસાદમાં ભીંજાવાથી કે પ્રચંડ તાપમાં ફર્યાથી માંદો પડે નહિ તથા જે દેહ દસ રાત્રિ જાગ્યાથી થાકી જાય નહિ; આવું તંદુ-

રસ્ત શરીર અને બીજું પ્રેમથી છલાછલ ભરેલું, પારકાના દુઃખે વિહ્વળ તથા દેશના અને દેશજનના સુખે સદા સુખી રહે એવું હૃદય જોઇએ." કેવી ઉચ્ચ અભિલાષા! દેવીબાબુના ચરિત્રનું અવલોકન કરનાર એક વિદ્વાન લખે છે કે, "આ બધી વાતો દેવીબાબુના જીવનમાં અમે સત્ય રૂપે પ્રત્યક્ષ જોઈ છે."

૧૧–श्रीदेवीप्रसन्न रॉयनो स्वातंत्र्यप्रेम

દેવીપ્રસન્ન રૉયનો સ્વાતંત્ર્યપ્રેમ બહુજ દૃઢ હતો. યૌવનના આરંભમાંજ તેમણે સંકલ્પ કર્યો હતો કે, કોઈની ગુલામી નહિ કરું. આર્થિક અવસ્થા સારી નહિ હોવાને લીધે જીવનના પ્રારંભમાં અનેક દુઃખો વેઠીને પણ એ પોતાના સંકલ્પને દૃઢ વળગી રહ્યા હતા. એમના પુત્ર પ્રભાતકુસુમને વિલાયત મોકલવાનો પ્રસંગ આવ્યો, ત્યારે એક સંબંધીએ સૂચના કરી કે, "એને વિલાયત મોકલી એવું કાંઈ ભણાવો કે દેશમાં પાછો ફર્યા પછી સરકારી મોટી અમલદારી મળે." દેવીબાબુએ હસીને કહ્યું કે, "મેં પોતે ઘોર આર્થિક કષ્ટ ભોગવ્યા છતાં પણ કદી નોકરી કરવાનો પ્રયત્ન કર્યો નથી, તો એકના એક પુત્રને પૈસા ખર્ચીને ગુલામ બનાવી દઉં, એ તો કેમજ બને? પ્રભાત બૅરિસ્ટર થઇ આવીને એક પણ નિરપરાધીને કાયદાની જાળમાંથી બચાવી લાવશે તો મારાં ખર્ચેલાં નાણાં સફળ થશે."

એમણે પુત્રને દેશહિતનાં કામોમાં જોડાવામાં સહાયતા આપી હતી.

१००–घरखर्चनो हिसाब राखवानी आवश्यकता

(મહાત્મા ગાંધીજી)

મહાત્મા ગાંધીજી પોતાની આત્મકથામાં વિલાયતમાં ગાળેલા વિદ્યાર્થીજીવનનું વર્ણન કરતાં લખે છે કે, "આ મૂર્છાના કાળમાંયે અમુક અંશે સાવધાન હતો અને હું તો પાઇએ પાઇનો હિસાબ રાખતો. ખર્ચની ગણતરી હતી. દર માસે પંદર પાઉંડથી વધારે ન ખર્ચવા એમેં નિશ્ચય કર્યો હતો. બસ (મોટર)માં જવાનું કે ટપાલનું કે છાપાનું ખર્ચ પણ હમેશાં માંડતો ને સૂતા પહેલાં હમેશાં મેળ મેળવી જતો. આ ટેવ છેવટ સુધી કાયમ રહી અને તેથીજ હું જાણું છું કે, જાહેરજીવનમાં મારે હસ્તક લાખો રૂપિયાનો ઉપાડ થયો છે, તેમાં હું યોગ્ય કંજૂસાઈ વાપરી શક્યો છું. જેટલી હિલચાલો મારા હાથ નીચે ચાલી છે, તેમાં કોઇ દિવસ મેં કરજ નથી કર્યું; પણ દરેકમાં કંઇક ને કંઈક જમા પાસામાં રહ્યું છે. દરેક નવયુવક પોતાને મળતા થોડા રૂપિયાનો પણ હિસાબ કાળજીપૂર્વક રાખશે, તો તેનો લાભ મેં જેમ ભવિષ્યમાં ઉઠાવ્યો ને પ્રજાને મળ્યો, તેમ તે પણ અનુભવશે."

આ ઉપરાંત અનેક લાભ નિયમિત હિસાબ રાખવામાં છે. અનુભવજ તેની સાક્ષી પૂરશે.

१०१–परोपकारनां नानां अने मोटां कार्यों विषे समजूत

સેંટ ફ્રાન્કોઈ ડિસેઇલ્સે પરોપકારનાં મોટાં અને નાનાં કામોને અનુક્રમે સાકર અને મીઠાની ઉપમા આપી છે. સાકર મીઠા કરતાં વધારે સ્વાદિષ્ટ છે ખરી, પણ આપણે તેની વપરાશ કરકસરથી કરીએ છીએ. મીઠું ડગલે ને પગલે કામમાં આવે છે અને તે

સબરસ કહેવાય છે. તેજ પ્રમાણે પરોપકારનાં મોટાં કામ સર્વથી થઈ શકે એવાં હોતાં નથી; પણ નાનાં કામ તો સર્વથી થઇ શકે એવાં હોય છે. માટે સર્વકોઇએ પોતપોતાના ગજા પ્રમાણે દુનિયાનું ભલું કરવાની ખંત રાખવી જોઇએ અને તેમ થાય તો જગત કેટલું બધું સુખરૂપ થઇ શકે !

("સુખ અને શાંતિ" માંથી)

१०२–नेपोलियन बोनापार्टनी पक्षी प्रत्ये दया

ડ્યૂક ઑફ વેલિંગ્ટનને હાથે પરાજિત થઇને નેપોલિયન નિરાશ અને ઉદાસ ભાવે પોતાના એક મિત્ર સાથે પેરિસના એક મકાનમાં બેઠો હતો. પોતાનો ટેક છોડીને અંગ્રેજોને શરણે જવું કે અમેરિકા નાસી જવું, તેના વિચારમાં એ નિમગ્ન હતો; એટલામાં બહારથી ઊડતું ઊડતું એક પક્ષી બારીમાં આવીને બેઠું. નેપોલિયનને શકુન ઉપર વિશ્વાસ હતો અને એવી રીતે પક્ષીનું આવવું શુભ શકુન ગણાતું હોવાથી પેલો મિત્ર પ્રસન્નવદને બોલી ઊઠયો કે, "બેડો પાર! શકુન કેવા સારા થાય છે!" એમ કહી તેણે એ પક્ષીને પકડયું. અનેક પ્રાણીઓનો સંહાર કરનાર નેપોલિયનના હૃદયમાં એ સમયે દયાનો સંચાર થવાથી તેણે કહ્યું કે, "બિચારા એ પ્રાણીને છોડી દે, દુનિયામાં એવા દુઃખી જીવો ઘણા છે. શા માટે એક વધારે જીવને દુઃખી કરે છે?"

હજારો મનુષ્યોનો વધ કરતાં જેના હૃદયમાં દયા કે અનુકંપાનો આવિર્ભાવ થતો નહોતો, તેનાથી આજે એક પક્ષીનું સામાન્ય દુઃખ પણ ખમી શકાયું નહિ. જીવદયા મનુષ્યસ્વભાવમાં રહેલો ઊંડો પણ સામાન્ય ગુણ છે.

૧૦૩–સૉક્રેટિસનો મૃત્યુ વિષે અભિપ્રાય

ત્રીસ જુલમગારોએ દસ સેનાપતિઓને ફરમાવેલી દેહાંતદંડની સજાને પોતાની સંમતિ નહિ આપવા બદલ પ્રસિદ્ધ તત્ત્વવેત્તા સૉક્રેટિસના ઉપર ઍથેન્સની રાજસભાએ જ્યારે વિષપાન કરી મૃત્યુને શરણ થવાની સજા ફરમાવી, ત્યારે વિષનો પ્યાલો હાથમાં લઇને તેણે કહ્યું કે, "ન્યાયને ખાતર મરવું એ પણ હું એક લાભજ સમજું છું." તે વખતે તેણે એ પણ કહ્યું કે, "મૃત્યુ એ બીજું નહિ તો એક ગાઢ સ્વપ્ન કે દીર્ઘ નિદ્રા હોય, તોપણ તે જીવંત દશા કરતાં તો વધારે સારી છે, એવી મને ખાતરી છે."

("સુખ અને શાંતિ"માંથી)

૧૦૪–સ્વામી વિવેકાનંદની સહૃદયતા

એક દિવસ તિબેટની યાત્રામાંથી પાછા ફરેલા સ્વામી અખંડાનંદજી, સ્વામી વિવેકાનંદજીની આગળ તિબેટમાં પોતે જોયેલા બનાવોનું વર્ણન કરી રહ્યા હતા. એક સાધુના અપૂર્વ આચરણનો પ્રસંગ નીકળ્યો. તેમણે કહ્યું કે, "ભાઇ! એ સાધુ પોતાની જાતને કેટલો બધો ભૂલી ગયો હતો, કે મેં પોતાની આંખે એક વાર જોયું કે, નિરાધાર પતરોગીઓનાં ટોળાંને એ દયાળુ, માતાની પેઠે આલિંગન કરતો હતો અને ચેપ લાગી જવાની જરા પણ બીક રાખ્યા વગર એમની સેવા–શુશ્રૂષા કરતો હતો. વળી વિચિત્ર વાત તો એ હતી કે, એવા પરોપકારી માણસના ચારિત્ર્યમાં એક માણસે ઘોર દૂષણ કહ્યું હતું."

તે સાધુની રોગીઓની સેવાની વાત સાંભળતાં સ્વામી વિવેકાનંદજીના આખા મુખમંડળ ઉપર એક અપૂર્વ પ્રેમ તથા કરુ-

ણાનો ભાવ ઝળકી ઊઠયો. તે ભક્તિપૂર્વક બોલી ઊઠયા કે, "જેની વાત તમે મને સંભળાવી રહ્યા છો, તેઓ ખરેખર મહાપુરુષ છે. એમ ન હોય તો દુઃખી અને રોગીઓની દશા જોઇને એનો પ્રાણ એટલો બધો દુભાયજ કેમ? આપણે કેમ રોગીઓની એવી રીતે સેવા કરી શકતા નથી? ચારિત્ર્યના દોષ ગણાવ્યા એ તો આડીઅવળી વાત થઈ. નિંદાખોરોની નિંદાઓ ઉપર ધ્યાન આપશો નહિ. એ તો માત્ર બીજાને માટે સાંભળેલીજ વાત છે. પણ તમે નજરોનજર જે જોયું તે તો વાસ્તવિક રીતે મહાપુરુષનુંજ આચરણ છે. રત્નજ રત્નને ઓળખી શકે છે."

એ કહેતા કે, "જેનામાં સહૃદયતા છે તે માણસ હજાર કુકર્મ કરવા છતાં પણ ખરો છે. ભગવાનની દયા થતાં એક પળભરમાં એ સુધરી જશે."

૧૦૫–વેલિંગટનના જીવનની સાર્થકતા

વૉટરલૂના યુદ્ધની સમાપ્તિ વખતે પાછળ દોડયા આવતા અંગ્રેજ સૈનિકો ઉપર ઝાડીઓમાં સંતાઈ રહીને ફ્રેંચ સિપાઈઓ ગોળીબાર ચલાવી રહ્યા હતા. એક અંગ્રેજ અમલદારે ડયૂક ઑફ વેલિંગ્ટનને કહ્યું કે, "આપ જરા સાચવીને પાછળ પાછળ આવજો." ડયૂકે ઉત્તર આપ્યો કે, "હવે ગોળી વાગ્યાથી હું મરી જઈશ તો વિશેષ હાનિ નથી. મારા જીવનનું કાર્ય સમાપ્ત થયું છે. આ વિજય પછી યુરોપમાં કોઈ મોટા યુદ્ધની જરૂર ઘણા લાંબા સમય સુધી રહેશે નહિ."

१०६–चीनमां स्वामी विवेकानंद

ચીનદેશ સાથે પરદેશની સરકારની સંધિ થયેલી હોવા છતાં કેટલાંક નક્કી કરી રાખેલાં નગરોમાંજ પરદેશીઓ દાખલ થઇ શકે છે. એ નગરોની સીમા ઓળંગીને ગામડાંઓમાં જવાનો અધિકાર કોઇને નથી. ચીનના ગામડિયાઓ પરદેશીઓની વિરુદ્ધ હોવાથી જો તે પરદેશીઓ સીમાની પાર જવાનો પ્રયત્ન કરે તો તેઓ તેને નિર્દયતાપૂર્વક મારે છે.

સ્વામી વિવેકાનંદ એક ચીના દુભાષિયાને લઇને કેન્ટન શહેર જોવા ગયા હતા. બે જર્મન મુસાફરો પણ એમની સાથે થઇ ગયા અને બધા સાથે સાથેજ મંદિરો જોવા ગયા. શહેરની બહાર થોડે દૂર એક ગામમાં એક ખૂબ મોટું મંદિર દેખાતું હતું. સ્વામી વિવેકાનંદે એ સ્થાન પર લઇ જવાની દુભાષિયાને આગ્રહપૂર્વક વિનતિ કરી અને બધા એ ગામ તરફ જવા લાગ્યા. એ લોકો શહેરની બહાર આવ્યા, એટલે હાથમાં લઠ્ઠ લઇને કેટલાક ગ્રામવાસીઓ ગાળો ભાંડતા આવ્યા. પેલા જર્મનો તો પાછે પગે નાસી ગયા. સ્વામીજીએ દુભાષિયાને સમજાવ્યું કે, "હું ગામ લૂંટવા આવ્યો નથી, વેપાર કરવાનો પણ મારો ઉદ્દેશ નથી અને સાધુ-સંન્યાસીને કોઇ મારતું નથી." એટલું કહીને દુભાષિયાને સાથેજ રાખ્યો. ગામવાળા લોકો પાસે આવ્યા, ત્યારે દુભાષિયાએ તેમને સમજાવ્યું કે, "આ તો હિંદુસ્તાની છે." એ શબ્દો સાંભળતાંવારજ ગુસ્સાના આવેશમાં આવેલા ગામડિયા એકદમ શાંત થઇ ગયા. સર્વેએ સાષ્ટાંગ પ્રણામ કર્યાં. કોઇએ તેમને કહ્યું કે, "મારો છોકરો માંદો છે." કોઇએ કહ્યું કે, "મારા ઘરમાં ભૂત છે, એક કવચ લખી આપો." સ્વામીજીએ ગજવામાંથી એક કાગળ કાઢીને

એના નાના નાના ટુકડા કરી દૃઢ અને સંપૂર્ણ શુદ્ધ ભાવે શુભેચ્છાપૂર્વક "ૐ" શબ્દ લખી આપ્યો અને એ કવચ બધાને વહેંચ્યાં. બધા પ્રસન્નતાપૂર્વક તે લઈ ગયા; કેમકે એમને ખાતરી હતી કે, એ કવચથી એમનાં બધાં સંકટ દૂર થશે.

ગ્રામવાસીઓ પ્રેમપૂર્વક સ્વામીજીને પોતાની સાથે લઇ ગયા અને ત્રણ બૌદ્ધમંદિર તથા મઠ બતાવ્યા. પ્રત્યેક મઠમાં બંગાળી અક્ષરમાં સંસ્કૃત ભાષામાં લખેલા બૌદ્ધશાસ્ત્રના અનેક ગ્રંથો હતા. એ ઉપરાંત બૌદ્ધ ધર્મપ્રચારક અનેક બંગાળી સાધુઓની મૂર્તિઓ પણ ત્યાં સુરક્ષિત હતી.

ભારતવર્ષના રાગદ્વેષરહિત સંન્યાસીને જોતાં વિદેશીઓનો દ્વેષભાવ પણ લુપ્ત થઈ જાય છે.

૧૦૭–વસ્તુનું મૂલ્ય તેના સંગ્રહમાં નહિ પણ વપરાશમાં છે

કોઇ એક રાજાના રત્નભંડારમાં હીરા, મોતી, પન્ના, નીલમ વગેરે જાતજાતનાં કીમતી ઝવેરાત ભરેલાં હતાં. કેટલાક કેળવાયેલા મનુષ્યોને એ રત્નભંડાર બતાવતાં એમાંના એક જણે વિનયપૂર્વક પૂછ્યું કે, "મહારાજ! એ બધાથી આપને શી આવક થાય છે?" મહારાજાએ કહ્યું કે, "આવક શાની થાય? એને સારુ તો ઊલટો પહેરેગીરો તથા વિશ્વાસુ ખજાનચી રાખવામાં દર વર્ષે હજારો રૂપિયા ખર્ચ થાય છે." પેલા સદ્‌ગૃહસ્થે કહ્યું કે, "મહારાજ! આટલા બધા કીમતી પથ્થરોમાંથી કાંઈ પણ ઊપજ થતી નથી; પરંતુ મારા ઘરની પાસે એક ગરીબ વિધવા છે, તેણે ત્રણ રૂપિયાના બે પથરા (ઘંટીનાં પડ) ખરીદ્યા છે, તેમાંથી એનું ગુજરાન ચાલે છે. એ મોટા પથરા શું આ બધી મોજશોખની વસ્તુઓ

કરતાં વધારે ઉપયોગી નથી? આટલા બધા રૂપિયાના કીમતી પદાર્થોને પેટીમાં રાખી મૂકવાને બદલે એ નાણાંનો ઉપયોગ રાજ્યના વેપાર તથા હુન્નરને ઉત્તેજન આપવામાં કરવામાં આવે, તો કેટલા લોકોનું ગુજરાન ચાલી શકે?"

૧૦૮–एक नागरणनी पाकशास्त्र तथा गृहकार्यमां कुशळता

જૂના વખતમાં છબીલરામ કરીને એક નાગર ગૃહસ્થ કોઈ રાજ્યના દીવાન હતા. એક વખત તેમણે ગામના જ્ઞાતિભાઈઓને જમવાને નોતર્યા. જમી રહ્યા પછી સૌ ઘેર જવાની તૈયારી કરતા હતા, તેવામાં દસપંદરનો પગારદાર એક ગરીબ નાગર ધીમેથી બોલ્યો કે, "આજ તો ભાઈસાહેબનાં નોતરાંનો સ્વીકાર કરવો પડ્યો, એટલે ઘરની રસોઈની મજા ચૂકયા!" આ શબ્દો દીવાનને કાને ગયા. તેમના મનમાં આવ્યું કે, પોતે જ્ઞાતિભાઈઓને માટે ભાતભાતનાં જમણ તૈયાર કરાવ્યાં હતાં, તેની મજા કરતાં આ ગરીબ નાગરના ઘરની રસોઈમાં કેવીક મજા હશે કે તે ચૂકવાથી પોતે અફસોસ કરે છે? માત્ર મિથ્યાભિમાનથીજ તે બોલે છે કે કંઇ ખરું છે, તે જાણવાની દીવાનસાહેબને ઇચ્છા થઈ.

કેટલાક દિવસો વીત્યા પછી દીવાનસાહેબ ઘોડે ચઢી બરાબર જમવાના વખતેજ નાગરવાડામાં પેઠા. પેલો નાગર બારણા આગળ ઊભો હતો. તેણે દીવાનસાહેબને જોયા. અત્યારે અહીં કોને ત્યાં પધરામણી થઈ છે તે જાણવા તે આતુર થયો. એટલામાં તો તેના ઘર આગળજ ઘોડો આવીને ઊભો. પ્રણામ કરી "પધારો, પધારો," એમ બોલતો તે નાગર દીવાનસાહેબની સામે આવી ઊભો. "અત્યારે આપનાં પગલાં કયાંથી?" એમ તેણે પૂછયું. ખુલાસામાં

દીવાને જણાવ્યું કે, "સહેજ કામે બહાર નીકળ્યો હતો અને મોડું થયું, તેથી મેં વિચાર્યું કે, કોઇ ભાઇને ત્યાંજ ખાઈ લઇશું. તમારું ઘર નજીક દીઠું એટલે અહીં આવ્યો છું, કશી ખાસ તૈયારીની જરૂર નથી, જે તૈયાર હશે તે ચાલશે." પેલા નાગરે દીવાનસાહેબને ઘરમાં લઈ જઇ એક ચોખ્ખા આસન પર બેસાડ્યા. ઘર નાનું પણ ચોખ્ખું અને અગરબત્તીના ધૂપથી મઘમઘતું હતું. આંબળાંથી સુવાસિત અને ગરમ કરેલું જળ તૈયાર હતું. તે વડે દીવાનસાહેબ સ્નાન કરી રહ્યા, એટલે ગૃહપત્નીએ પ્રેમ અને નરમાશથી જણાવ્યું કે, "જમવા પધારો." રંગોળીથી શોભીતાં આસન તૈયાર થયાં અને આરસી જેવાં માંજીને ચળકતાં કરેલાં જળપાત્રો યોગ્ય સ્થળે ગોઠવાયાં. રસોઇમાં આઠદશ અતિ સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર કરી હતી. પીરસવાની રીતમાં નાગરિક સુઘડતા ચોખ્ખી જણાઇ આવતી હતી. આ સર્વથી દીવાનસાહેબ પ્રસન્ન થયા, પણ જમતાં જમતાં એક ક્રિયા થતી હતી, તેનું કારણ તેમનાથી સમજાયું નહિ. તે એ કે, ભાણા પાસે ગરમ પાણીની એક વાડકી મૂકી હતી, તેમાં પેલો નાગર વારંવાર આંગળી બોળતો હતો ને તે પાણી બદલી લઈ બાઈ નવું હૂંફાળું પાણી રેડી જતી હતી. દીવાનસાહેબે જમ્યા પછી આનું કારણ તે નાગરને પૂછ્યું. તેણે કહ્યું કે, "એક વાનીમાં આંગળી બોળી જમીએ ને પછી ધોયા વગર બીજી વાનીમાં હાથ ઘાલી જમીએ, તો બન્નેના સ્વાદ ભેગા થાય એટલે બરાબર રસોઇની ખૂબી સમજાય નહિ ને?" વધારામાં તેણે દીવાનસાહેબને જણાવ્યું કે, "આપણે જમ્યા તે સર્વ વાનીઓ માત્ર જુવારમાંથીજ બનાવેલી હતી." દીવાન આશ્ચર્યચકિત થયા. રસોઇયાની બનાવેલી પોતાના ઘરની કીમતી રસોઈમાં નહોતી આ ગરીબ નાગરણની રસોઇની મીઠાશ, કે પોતાના પીરસનારમાં નહોતો અનુભવ્યો કદી આવો પ્રેમ, તેમજ

સ્વાદની પરીક્ષા કરવાની નહોતી ખીલી આ ગરીબ નાગરના જેવી પોતાની રસવૃત્તિ, એમ તેમને સ્પષ્ટ જણાયું. આવી પત્નીના ગરીબ પતિનાં ધન્યભાગ્ય છે, એમ તે સમજ્યા. બાઇને બહેન કહી બોલાવી દર વર્ષે કાપડાના સો રૂપિયાની રકમ તેને બાંધી આપી અને તેઓ ખુશી થતા ઘેર ગયા.

ચતુર અને ગૃહવ્યવસ્થામાં કુશળ સ્નેહાળ પત્ની ગમે તેવા ગરીબ સ્વામીના ઘરને સ્વર્ગસદન બનાવી શકે છે.

('મજૂરસંદેશ'માંથી)

૧૦૬–महादेव गोविंद रानडेनी गरीबो माटे लागणी

ન્યાયમૂર્તિ રાનડેને બાલ્યાવસ્થાથીજ ગરીબો પ્રત્યે દયા હતી. નિર્ધન ગોઠિયાઓની દશા જોઇને એમનું હૃદય પીગળી જતું. તહેવારને દિવસે માતા મોટા હરખથી એમને કંઠી, વીંટી વગેરે પહેરાવે; પરંતુ કંઠી પહેરાવે તે દેખાય નહિ તેટલા માટે ગળે ખેસ વીંટે; કડું, પહેરણની બાંયની અંદર ઘાલી દે અને વીંટીમાંનું નંગ અંદરની બાજુ ફેરવી લઇ મૂઠી વાળી રાખે. એક વાર ઘરની એક વડીલ સ્ત્રીએ તેમને ઠપકો આપ્યો કે, "માધવ! તારી મા આટલા પ્રેમથી તને ઘરેણાં પહેરાવે છે તે તું કેમ પહેરાવવા દેતો નથી વારુ? ને પહેરે છે તો દીવાનાની માફક તેને સંતાડે છે કેમ?" બાળક માધવરાવે ઉત્તર આપ્યો કે, "રોજ આપણે ત્યાં માધુકરી કરવા સારુ બે વિદ્યાર્થીઓ આવે છે અને ભોજન કરી જાય છે તે દાગીના ક્યાં પહેરે છે?"

પોતાનાજ જેવા વિદ્યાર્થીઓ માધુકરી માગી પેટ ભરે, અલંકારનું તો દર્શન સુધ્ધાં ન કરે અને પોતે ઠાઠ મારીને ફરે, એ એમના પરગજુ હૃદયને અસહ્ય થઈ પડ્યું હતું. એજ સદ્‌ગુણના વિકાસથી ભવિષ્યમાં એમણે દેશહિતનાં અનેક કાર્યો કર્યાં હતાં.

११०–रानडेनुं अविचलित आज्ञापालन

એક સમયે રાનડેનાં માતાએ એમને બરફી આપી અને એ મના બીજા હાથમાં એક નાનો કટકો આપી કહ્યું કે, "આ તું ખ અને આ પેલા છોકરાને આપ." રાનડેએ નાનો કટકો પોતાન મુખમાં મૂકયો અને મોટો કટકો ચાકરના છોકરાને આપ્યો. થોડ વારમાં ચાકરના બાળકના હાથમાં મોટો કટકો જોઈ માતાએ પૂછ્યું કે, "અરે! આને નાનો કટકો આપવાનો તે મોટો આપ્યે અને તેં નાનો લીધો?" માધવરાવે કહ્યું કે, "તેં 'આ હાથમાંને એને આપ' એમ કહ્યું માટે મેં એ આપ્યો." માતાને સમજાયુ કે, "આ હાથમાંનો આપ" એમ કહેવામાં પોતાની ભૂલ થા જવાથી આમ બન્યું હતું.

માતાએ તો ભૂલ કરી પણ બાળક રાનડેએ તો સરળતાથ તેમની આજ્ઞા પાળી.

१११–विलियम केरीनो विद्याप्राप्ति माटे असाधारण श्रम

ભારતવર્ષમાં અંગ્રેજી રાજ્યના આરંભકાળમાં જે ગણ્યા ગાંઠ્યા પરોપકારી અંગ્રેજોએ આપણા દેશની સેવા કરવામાં જીવ ગાળ્યું હતું, તેમાં વિલિયમ કેરીનું નામ અગ્રગણ્ય છે. ઇ. સ ૧૭૯૩ના નવેમ્બર માસમાં એ ભાગીરથીને કિનારે ઊતર્યા હતા આ દેશમાં વસ્યાનું સાર્થક કરવું હોય, દેશવાસીઓન આચાર–વિચાર તથા મનોભાવથી પરિચિત થવું હોય તો એમની ભાષા તથા સાહિત્યનું જ્ઞાન હોવું જોઇએ. એવો વિ

ચાર કરીને એમણે બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષાનું સારું જ્ઞાન ન હોય તો બંગાળી ભાષાની ઉન્નતિ થાય નહિ, એમ ધારી સંસ્કૃત ભણવાનો સંકલ્પ કર્યો અને થોડા દિવસોમાંજ એ ભાષામાં પ્રવીણતા મેળવી. ઈ. સ. ૧૭૯૬માં મહાભારતનાં ગુણકીર્તન કરતાં એક મિત્રને તેમણે વિલાયત લખ્યું હતું કે, "મહાભારતનો ઘણો ભાગ મેં વાંચ્યો છે. મહાભારત એક વીરરસપૂર્ણ કાવ્ય છે. ઘણી સુંદર અને સુલલિત ભાષામાં લખાયું છે." ઈ. સ. ૧૮૦૭માં ફોર્ટ વિલિયમ કૉલેજના સંસ્કૃત અધ્યાપકની નોકરી તેમને મળી. ત્યાં રહીને એમણે હજાર પૃષ્ઠનું એક સંસ્કૃત વ્યાકરણ રચ્યું હતું.

સંસ્કૃત અને બંગાળી ભાષા ઉપરાંત હિંદુસ્તાની, ઊડિયા, તૈલંગી, કાનડી, મરાઠી અને તામિલ વગેરે પ્રાંતિક ભાષાઓમાં સારી પ્રવીણતા મેળવી હતી. ભિન્ન ભિન્ન ભાષાના પ્રચારવાળા આ મહાખંડનો ખરો પરિચય તો પ્રાંતિક ભાષાઓ અને સાહિત્યના અભ્યાસથીજ મળી શકે. મહાત્મા ગાંધીજી એ તરફ આપણું ધ્યાન ખેંચી રહ્યા છે, પણ હજુ દેશના કેટલા યુવકોનું ધ્યાન એ તરફ ગયું છે? કેટલી પાઠશાળાઓમાં ભારતની ભિન્ન ભિન્ન ભાષાઓના અભ્યાસનો પ્રબંધ છે?

વિલિયમ કેરીના અગાધ પાંડિત્યની વાત સાંભળીને આપણે મુગ્ધ થઈ જઇએ છીએ, પણ એવું પાંડિત્ય કાંઈ પરિશ્રમ વગર આવતું નથી. વિલિયમ કૅરી દરરોજ કેટલી મહેનત કરતા હતા, એ જાણીને આપણે છક થઈ જઇએ છીએ. એમના એક મિત્રના પત્રમાંથી એનું વૃત્તાંત જાણવામાં આવ્યું છે. એ લખે છે કે, " કૅરી સવારમાં ૭ ઘડી પૂર્વે નિદ્રામાંથી ઊઠીને હિબ્રૂ ભાષામાં લખેલા જૂના બાયબલનો એક અધ્યાય વાંચે છે; સાત વાગ્યા સુધી ભગવત્‌ચિંતનમાં નિમગ્ન રહે છે; ત્યાર પછી નોકરોને સાથે લઇને ગૃહ-

પ્રાર્થના કરે છે; પ્રાર્થના પૂરી થયા પછી મુનશીજીની પાસે ફારસી ભાષા ભણે છે અને ત્યાર પછી પંડિતજી પાસે બેસીને રામાયણનો અનુવાદ કરે છે; દસ વાગ્યા પછી કૉલેજમાં જાય છે; કૉલેજનું કાર્ય સમાપ્ત કરીને બે વાગે ઘેર પાછા ફરે છે અને ઘેર આવીને બંગાળી અનુવાદ તથા પ્રૂફ સુધારવામાં કામે લાગી જાય છે. ત્યાર પછી ભોજન કરીને ફૉર્ટ વિલિયમ કૉલેજના મુખ્ય પંડિતજીની મદદથી બાયબલના એક અધ્યાયનો અનુવાદ કરે છે. સાંજે છ વાગે તૈલંગી ભાષાના પંડિત પાસે એ ભાષા ભણે છે. સંધ્યાકાળ પછી આશરે પચાસ ઉપાસકોને લઈને અંગ્રેજીમાં દૈનિક પ્રાર્થના કરે છે. ઉપાસના થઈ રહ્યા પછી બીજી એક ભાષામાં બાયબલનો અનુવાદ કરે છે અને રાત્રિના અગિયાર વાગ્યાને સમયે ગ્રીક ભાષામાં લખેલા બાયબલના એક અધ્યાયનો પાઠ કરે છે. પાઠ કરી રહ્યા પછી પરમેશ્વરના ચરણમાં આત્મસમર્પણ કરીને નિદ્રાના સુકોમળ ખોળામાં થાક ઉતારે છે." કેવું ઉદ્યોગી જીવન !

એ પણ સ્મરણમાં રાખવા જેવું છે કે, વિલિયમ કૅરી હિંદુસ્તાનમાં આવતાં પહેલાં ગરીબ દશામાં હતા અને એક મોચીને ત્યાં કામ કરતા હતા; પણ એ ધંધામાંથી થોડીઘણી ફુરસદ કાઢી પુસ્તકો વાંચતા હતા અને ગ્રીક વગેરે ભાષા શીખ્યા હતા; એટલા માટેજ એમના મૃત્યુ પછી અંગ્રેજ કવિ રૉબર્ટ સાઉધીએ લખ્યું હતું કે, "એક મોચીએ બેચાર સાધારણ માણસોની મદદથી જે મહાન કાર્ય સાધ્યું છે, તેવું કાર્ય સાધવાને દુનિયામાં બહુ થોડા માણસોજ સમર્થ થાય છે." ('જ્ઞાન–પ્રસૂન' માંથી)

૧૧૨–પ્રેમનું બળ

એક નાનીસરખી છોકરી એક ભારે બાળકને ઊંચકીને જતી હતી. એના ઉપર દયા લાવી કોઈએ પૂછ્યું કે, "અલિ! આટલો

ચાર કરીને એમણે બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો. સંસ્કૃત ભાષાનું સારું જ્ઞાન ન હોય તો બંગાળી ભાષાની ઉન્નતિ થાય નહિ, એમ ધારી સંસ્કૃત ભણવાનો સંકલ્પ કર્યો અને થોડા દિવસોમાંજ એ ભાષામાં પ્રવીણતા મેળવી. ઈ. સ. ૧૭૯૬માં મહાભારતનાં ગુણકીર્તન કરતાં એક મિત્રને તેમણે વિલાયત લખ્યું હતું કે, "મહાભારતનો ઘણો ભાગ મેં વાંચ્યો છે. મહાભારત એક વીર-રસપૂર્ણ કાવ્ય છે. ઘણી સુંદર અને સુલલિત ભાષામાં લખાયું છે." ઈ. સ. ૧૮૦૭માં ફોર્ટ વિલિયમ કોલેજના સંસ્કૃત અધ્યાપકની નોકરી તેમને મળી. ત્યાં રહીને એમણે હજાર પૃષ્ઠનું એક સંસ્કૃત વ્યાકરણ રચ્યું હતું.

સંસ્કૃત અને બંગાળી ભાષા ઉપરાંત હિંદુસ્તાની, ઊડિયા, તૈલંગી, કાનડી, મરાઠી અને તામિલ વગેરે પ્રાંતિક ભાષાઓમાં સારી પ્રવીણતા મેળવી હતી. ભિન્ન ભિન્ન ભાષાના પ્રચારવાળા આ મહાખંડનો ખરો પરિચય તો પ્રાંતિક ભાષાઓ અને સાહિત્યના અભ્યાસથીજ મળી શકે. મહાત્મા ગાંધીજી એ તરફ આપણું ધ્યાન ખેંચી રહ્યા છે, પણ હજુ દેશના કેટલા યુવકોનું ધ્યાન એ તરફ ગયું છે? કેટલી પાઠશાળાઓમાં ભારતની ભિન્ન ભિન્ન ભાષાઓના અભ્યાસનો પ્રબંધ છે?

વિલિયમ કેરીના અગાધ પાંડિત્યની વાત સાંભળીને આપણે મુગ્ધ થઈ જઇએ છીએ, પણ એવું પાંડિત્ય કાંઇ પરિશ્રમ વગર આવતું નથી. વિલિયમ કૅરી દરરોજ કેટલી મહેનત કરતા હતા, એ જાણીને આપણે છક થઈ જઇએ છીએ. એમના એક મિત્રના પત્રમાંથી એનું વૃત્તાંત જાણવામાં આવ્યું છે. એ લખે છે કે, "કેરી સવારમાં છ ઘડી પૂર્વે નિદ્રામાંથી ઊઠીને હિબ્રૂ ભાષામાં લખેલા જૂના બાયબલનો એક અધ્યાય વાંચે છે; સાત વાગ્યા સુધી ભગવત્ચિંતનમાં નિમગ્ન રહે છે; ત્યાર પછી નોકરોને સાથે લઈને ગૃહ-

પ્રાર્થના કરે છે; પ્રાર્થના પૂરી થયા પછી મુનશીજીની પાસે ફારસી ભાષા ભણે છે અને ત્યાર પછી પંડિતજી પાસે બેસીને રામાયણનો અનુવાદ કરે છે; દસ વાગ્યા પછી કૉલેજમાં જાય છે; કૉલેજનું કાર્ય સમાપ્ત કરીને બે વાગે ઘેર પાછા ફરે છે અને ઘેર આવીને બંગાળી અનુવાદ તથા પ્રૂફ સુધારવામાં કામે લાગી જાય છે. ત્યાર પછી ભોજન કરીને ફૉર્ટ વિલિયમ કૉલેજના મુખ્ય પંડિતજીની મદદથી બાયબલના એક અધ્યાયનો અનુવાદ કરે છે. સાંજે છ વાગે તેલંગી ભાષાના પંડિત પાસે એ ભાષા ભણે છે. સંધ્યાકાળ પછી આશરે પચાસ ઉપાસકોને લઇને અંગ્રેજીમાં દૈનિક પ્રાર્થના કરે છે. ઉપાસના થઈ રહ્યા પછી બીજી એક ભાષામાં બાયબલનો અનુવાદ કરે છે અને રાત્રિના અગિયાર વાગ્યાને સમયે ગ્રીક ભાષામાં લખેલા બાયબલના એક અધ્યાયનો પાઠ કરે છે. પાઠ કરી રહ્યા પછી પરમેશ્વરના ચરણમાં આત્મસમર્પણ કરીને નિદ્રાના સુકોમળ ખોળામાં થાક ઉતારે છે.” કેવું ઉદ્યોગી જીવન!

એ પણ સ્મરણમાં રાખવા જેવું છે કે, વિલિયમ કૅરી હિંદુસ્તાનમાં આવતાં પહેલાં ગરીબ દશામાં હતા અને એક મોચીને ત્યાં કામ કરતા હતા; પણ એ ધંધામાંથી થોડીઘણી ફુરસદ કાઢી પુસ્તકો વાંચતા હતા અને ગ્રીક વગેરે ભાષા શીખ્યા હતા; એટલા માટેજ એમના મૃત્યુ પછી અંગ્રેજ કવિ રૉબર્ટ સાઉધીએ લખ્યું હતું કે, “એક મોચીએ બેચાર સાધારણ માણસોની મદદથી જે મહાન કાર્ય સાધ્યું છે, તેવું કાર્ય સાધવાને દુનિયામાં બહુ થોડા માણસોજ સમર્થ થાય છે.” (‘જ્ઞાન–પ્રસૂન’ માંથી)

૧૧૨–પ્રેમનું બળ

એક નાનીસરખી છોકરી એક ભારે બાળકને ઊંચકીને જતી હતી. એના ઉપર દયા લાવી કોઇએ પૂછ્યું કે, “અલિ! આટલો

મોટો છોકરો તારાથી ઉંચકાય છે? તને ભાર નથી લાગતો?" પેલી છોકરીએ કહ્યું કે, "ના, એ ભારે નથી લાગતો, એ તો મારો સગો ભાઈ છે."

પ્રેમમાં ગમે તેવા ભારને પણ હલકો કરી નાખવાની શક્તિ છે.

११३-ऋण चूकववानी काळजी

હિંદુમાત્રનો વિશ્વાસ છે કે, કોઈનું દેવું રાખીને મરી જવું નહિ; નહિ તો એ ઋણ ચૂકવવા ફરીથી જન્મ લેવો પડશે. એક સાચો હિંદુ, મુદતના કાયદાનો લાભ લઇ ઋણની જવાબદારીમાંથી મુક્ત થવાનું પસંદ નથી કરતો. હરાનંદ ભટ્ટાચાર્યના જીવનના અંતભાગની એક ઘટના અમારા એ વિચારનું સત્ય સાબિત કરે છે.

ઈ. સ. ૧૮૯૬માં એમના પુત્ર પંડિત શિવનાથ શાસ્ત્રી જ્યારે કલકત્તામાં કોર્નવૉલિસ સ્ટ્રીટમાં રહેતા હતા, ત્યારે હરાનંદ, એક દિવસ ત્યાં, શિવનાથ બહાર ગયેલા હોવાથી તેમની પથારીમાં સૂઈ ગયા. શિવનાથ આવીને જુએ છે તો પિતાનું મુખ ખેદયુક્ત છે. તેમણે પૂછ્યું કે, "બાબા! આપને શું થયું છે? આજ આટલા બધા ઉદાસ કેમ દેખાઓ છો?"

હરાનંદે કહ્યું કે, "ઘણા કલેશની એક વાત છે."

શિવનાથે કહ્યું કે, "એવું તે કલેશનું કારણ શું છે?"

હરાનંદે કહ્યું કે, "હું વિચાર કરતો હતો કે, એક પૈસો પણ ઉધાર રાખીને નહિ મરું. આટલા દિવસ સુધી હું ધારતો હતો કે, મારે એક પૈસાનું પણ દેવું નથી. એવામાં એકદમ એક દિવસ સાંભરી આવ્યું કે, કોલેજમાં હું અને શ્રીશ વિદ્યારત્ન (જેણે સૌથી પ્રથમ વિધવાવિવાહ કર્યો હતો તે) સાથે ભણતા હતા, ત્યારે તેમની પાસેથી મેં ત્રણચાર વાર કરીને ચાલીસ રૂપિયા ઉધાર લીધા

હતા. નોકરીધંધે લાગ્યા પછી રૂપિયા પાછા આપી દેવાનું વચન આપ્યું હતું; પણ ત્યાર પછી પુનર્લગ્નના ઝઘડામાં પડીને શ્રીશચંદ્ર ક્યાંયે ગયો અને હું એ વાત વીસરી ગયો. હવે વાત સાંભરી આવી; ગમે તેમ કરીને એ ચાલીસ રૂપિયા આપીજ દેવા જોઇએ."

શિવનાથે ઘણીજ તપાસ કરીને તે શ્રીશ વિદ્યારત્નના પુત્રને રૂપિયા ચાલીસ આપી રસીદ લખાવી પિતાની પાસે મોકલી, ત્યારે હરાનંદને શાંતિ વળી. શ્રીશચંદ્રના પુત્રે કહ્યું હતું કે, "પાંસઠ વર્ષનું ઋણ આ પ્રમાણે ઘેર બેઠે આપી જાય, એવી વાત તો કદી સાંભળી નથી."

હરાનંદના એક બીજા ઋણની વાત પણ જાણવા જેવી છે. એમના મરણનાં પચીસ–ત્રીસ વર્ષ પૂર્વે મજિલપુર ગામના વિદ્યાર્થીઓએ એક લાયબ્રેરી સ્થાપી હતી. એમણે હરાનંદ શર્માના હાથમાં પુસ્તકોની એક યાદી આપીને કહ્યું કે, "પંડિતજી ! તમે કોઈ ઓળખીતાની દુકાનેથી આ ચોપડીઓ લાવી આપો, રૂપિયા અમે પાછળથી ચૂકવી આપીશું." હરાનંદે પોતાના એક મિત્રની દુકાનેથી દસ રૂપિયાનાં પુસ્તકો ખરીદીને છોકરાઓને સોંપ્યાં. એમણે આજકાલ કરતાં રૂપિયા ચૂકવ્યા નહિ. હરાનંદ પણ ઉઘરાણી કરવાનું ભૂલી ગયા. બુકસેલર પણ વીસરી ગયો અને એ પ્રમાણે એ દસ રૂપિયાની વાત વિસારે પડી. વૃદ્ધ વયમાં ઋણની ચિંતા કરતાં એમને એ દુકાનના દસ રૂપિયાની વાત પણ સાંભરી. શિવનાથને દસ રૂપિયા મોકલી આપ્યા અને લખ્યું કે, "એ બુકસેલરનો કોઈ વારસ હોય તો તેને આપજો." ઘણી તપાસ કર્યા પછી શિવનાથ શાસ્ત્રીએ બુકસેલરના પુત્રને શોધી કાઢીને દસ રૂપિયા આપી પિતાને રસીદ મોકલાવી.

એ અવસ્થામાં ઋણ સંબંધી વિચાર કરતાં હરાનંદને સાંભરી આવ્યું કે, વિદ્યાર્થી અવસ્થામાં ભવાનીપુરમાં એક કાપડિયાની

દુકાનેથી પાંચ રૂપિયાનું કાપડ ઉધાર લીધું છે, તેનાં નાણાં ચૂકવ્યાં નથી. પાછો પુત્ર શિવનાથ ઉપર હુકમ ગયો. આ વખતે દુકાનદારનો પત્તો ઘણી તપાસ કર્યા છતાં પણ લાગ્યો નહિ. શિવનાથે લાચાર થઇને રૂપિયા પાંચનું કાપડ પિતાની પાસે મોકલી આપ્યું. હરાનંદે એ કાપડ ગરીબ લોકોને વહેંચી આપીને શાંતિ અનુભવી.

११४–गणपतराव भाउनी मातृभक्ति

ગણુપતરાવ ભાઉ શ્રીમતી રમાબાઇ રાનડેના વડવા હતા. એ ઘણા માતૃભક્ત હતા. પૂર્વવયમાં એક વખત ગુસ્સાના આવેશમાં તે પોતાનાં માતુશ્રી સામે વાંકું બોલ્યા હતા. તે વિષે થોડી વાર પછી તેમને ઘણો પશ્ચાત્તાપ થયો ને એમના ગામમાં સાગરેશ્વર મહાદેવનું દહેરું હતું, ત્યાં જઇ પોતાની જીભનું ટેરવું કાપી શિવના લિંગ ઉપર અર્પણ કર્યું તથા "માતુશ્રીની સામે કટુ વચન કહેવા કરતાં મને મૂંગો બનાવ્યો હોત તો ઠીક" એમ શિવજીને સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યું. આ કૃત્ય એક વૃદ્ધ પૂજારીની નજરે પડતાં તે એકદમ આગળ દોડી આવ્યો અને શિવના લિંગ પરથી એકદમ જીભનો કટકો ઉપાડી લીધો અને અંગારા ઉપર ધરીને ગણપતરાવ ભાઉની જીભ સાથે ચોંટાડી દઈ કહ્યું કે, "ફરી એમ કરતો નહિ. તારી માતુશ્રીનો મને ઠપકો મળત કે તું પાસે છતાં પણ એમ કેમ કરવા દીધું ?" એમ કહેવામાં આવે છે કે, "ફક્ત અંગારા ઉપર ધરેલો કકડો જીભ સાથે સારી રીતે ચોંટી ગયો."

(શ્રીમતી રમાબાઇના 'સંસ્મરણ'માંથી)

૧૧૫–साचा साधु हरानंद भट्टाचार्यना उत्तम गुणो

૧–જાતેજ ચોકસી કરીને અભિપ્રાય આપવો

બ્રાહ્મોસમાજના સુપ્રસિદ્ધ ઉપદેશક સ્વર્ગસ્થ પંડિત શિવનાથ શાસ્ત્રીના પિતા હરાનંદ ભટ્ટાચાર્ય ગરીબ હોવા છતાં પણ સત્યપરાયણ અને પરોપકારી નર હતા. એક વખત બંગાળાના મજિલપુર જિલ્લામાં દુકાળ પડ્યો. એ વખતે ગરીબ લોકોનાં અસહ્ય કષ્ટ જોઇને સરકારે "રીલીફ વર્કસ" (અર્થાત્ દુષ્કાળ-સંકટ–નિવારણ કામ) ખોલ્યાં હતાં. હરાનંદ ભટ્ટાચાર્યની સત્યપરાયણતા અને કાર્યકુશળતાની ખ્યાતિ એટલી બધી ફેલાઇ ગઇ હતી કે, સરકારી અમલદારોએ નિયમ કર્યો હતો કે, જે કોઇ હરાનંદ પાસેથી સર્ટિફિકેટ લઈ આવે, તેને સહાયતા આપવી. એનું કારણ એ હતું કે, હરાનંદ સર્ટિફિકેટ આપતાં પહેલાં જાતે એને ઘેર જઇને ખાતરી કરી આવતા કે, એની શી દશા છે અને એ મદદ મેળવવાનો ખરો અધિકારી છે કે કેમ?

૨–ઊંડી દયા અને જાતમહેનત

એ વખતે હરાનંદ કલકત્તામાં નોકરી કરતા હતા. ઉનાળાની રજામાં દેશ જતા. રજા પૂરી થવા આવી હતી. કલકત્તા જવાના દિવસો પાસે આવતા જતા હતા, એવામાં હરાનંદને સમાચાર મળ્યા કે, "મજિલપુરથી ત્રણ–ચાર માઇલ દૂર કોઇ એક ખેડૂત સહકુટુંબ ભૂખે મરી રહ્યો છે." સાંભળતાંવારજ હરાનંદ પોતાના ઘરમાંથી ચોખા બાંધીને પગે ચાલતા એને ઘેર જઈ આપી આવ્યા અને કહેતા આવ્યા કે, "રવિવારે હાટમાં જાય ત્યારે મારે ત્યાં આવજે, હું તને સર્ટિફિકેટ આપીશ; એટલે તને સરકાર તરફથી મદદ મળશે."

૩–વચન અને દયાને ખાતર પગાર જતો કર્યો

એ રવિવાર તેમને કલકત્તા પાછા જવાનો દિવસ હોઇને બીજે દિવસે સોમવારે નિશાળ ઊઘડવાની હતી. પોતે નિશાળમાં પંડિતની નોકરી કરતા હતા. નિશાળ ઉઘડવાને દિવસે હાજરી ન આપે તો બે મહિનાની રજાનો પગાર પણ કપાય એવું હતું. પેલા ખેડૂતને રવિવારે આવીને સર્ટિફિકેટ લઇ જવાનું કહ્યું છે, એ વાતનું તેમને વિસ્મરણ થઇ ગયું હતું. યથાસમયે પુત્ર શિવનાથને સાથે લઇને હરાનંદ મછવો ભાડે કરીને કલકત્તા જવા નીકળ્યા. મછવો ઘણે દૂર ગયો હશે, એટલામાં સાંભરી આવ્યું કે, પેલો ખેડૂત તો મારે ત્યાં સર્ટિફિકેટ લેવા આવ્યો હશે. ખલાસીને કહીને મછવો રોકાવ્યો અને કહ્યું કે, "મારે જરૂરનું કામ છે તે પાછા ઘેર જવું પડશે. તું ચિંતા ન કરીશ. હું તને બેવડું ભાડું આપીશ." શિવનાથે કહ્યું કે, "બાબા! કાલે નિશાળ ઊઘડશે. આપે હાજર થવુંજ જોઇએ." હરાનંદે કહ્યું કે, "એમાં શું થયું? બહુ કરશે તો બે મહિનાનો પગાર કાપી લેશે, પણ પેલો માણસ સહકુટુંબ ભૂખે મરી જશે તો! હું મારા પોતાના સુખનો વિચાર કદી નહિ કરું. એ ગરીબને વચન આપ્યું છે, માટે તેને ખાતર જવુંજ પડશે." પછી હરાનંદ ત્યાંથી પાછા ઘેર ગયા અને એ ગરીબ કુટુંબને મદદ આપવાનું સર્ટિફિકેટ આપી આવ્યા.

૧૧૬–બાળક રાનડેની પ્રમાણિકતા

રાનડેના પિતાજી કોલ્હાપુરમાં હતા, ત્યારે એમના ઘરમાં માણેકઠારી પૂનમને દિવસે બ્રાહ્મણો તથા મિત્રમંડળને બોલાવી દૂધ આપવાનો રિવાજ હતો અને નિશાળના બધા વિદ્યાર્થીઓને બોલાવીને તે દિવસે રાત્રે બે વાગતા સુધી જાગરણ કરી ચોપટ

રમવાની રજા હતી. એક વર્ષે એવું બન્યું કે, માણેકઠારી પૂનમની રાત્રે સાથે રમવા સારુ પિતાના મિત્રના ઘરનાં છોકરાંઓ હાજર નહોતાં; કેમકે કામપ્રસંગે તેઓ બીજે ગામ ગયાં હતાં. નાની બહેન પણ સૂઈ ગઇ હતી. રાનડે ફોઇ પાસે સોગટાં માગવા ગયા. ફોઇએ કહ્યું કે, "દુર્ગા સૂઇ ગઈ છે. બીજાં કોઈ છોકરાં આવ્યાં નથી, તું કોની સાથે ચોપટ રમીશ?" તેમણે કહ્યું કે, "હું કોઇની સાથે પણ રમીશ. તું સોગટાં આપ, એટલે થયું." ફોઇએ સોગટાં આપ્યાં. બાળક રાનડે તે લઇને ઓટલા ઉપર ગયા અને એક થાંભલા આગળ બેસીને દાવ શરૂ કર્યો. એક હાથ પોતાનો અને એક હાથ થાંભલાનો એમ સમજી રમવાની શરૂઆત કરી અને બંને વખત થાંભલાએ તેમને હરાવ્યા. એ જોઇને ફોઈએ મશ્કરી કરી કે, "અરેરે! આજ તો તારી ફજેતી થઇ. એક નિર્જીવ થાંભલાએ તને હરાવ્યો?" દશ વર્ષના બાળક રાનડેએ ગુસ્સે ન થતાં ધીમેથી કહ્યું કે, "તો એમાં થયું શું? જે સાચું તે સાચુંજ. થાંભલાનો હાથ સારો પડ્યો, એટલે તે જીત્યો; મારો પડ્યો નહિ, એટલે હું હાર્યો. એમાં ફજેતી શાની? આ થાંભલાનો દાવ હું જમણે હાથે રમતો હતો અને એ હાથને રમવાની ટેવ હોવાથી એનો દાવ સારો પડતો હતો; પરંતુ ડાબા હાથે રમવાની ટેવ ન હોવાથી બરાબર રમતાંજ આવડતું નહિ, તો પછી મારે જોઇતો દાવ પડેજ ક્યાંથી?" બીજો કોઈ ચાલાક છોકરો હોત તો થાંભલાથી હારત નહિ. આ પ્રમાણે કોઇ પણ વાતમાં લુચ્ચાઈ ન કરતાં, હોય તેવું કહી દેવું એ નાનપણથીજ રાનડેનો સ્વભાવ હતો.

૧૧૭–स्वादिष्ट भोजननां नुकसान अने सादा खानपानना लाभ

પ્રાચીનકાળમાં જેરુસલેમ નગર ઉપર બાબિલોનના બાદશાહે વિજય મેળવ્યો અને ઘણા ઉમરાવોને કેદ પકડીને પોતાના દેશમાં લઈ ગયો. એમાં અનેક યુવકો પણ હતા. બાબિલોનરાજે એ યુવકોને એક કૉલેજમાં મોકલી આપ્યા કે ત્યાં ત્રણ વર્ષ રહી રાજાને ખર્ચે શિક્ષણ મેળવીને તેઓ વિદ્વાન બનીને રાજાની સેવા કરવાને યોગ્ય થાય. રાજાએ તેમની સાથે પોતાના ખાનસામાને મોકલી આપ્યો અને તેને ખાસ આજ્ઞા આપી કે, "આ યુવકોની સંભાળ રાખજે, ખાવા–પીવામાં એમને જરા પણ અડચણ પડવા દેતો નહિ." રાજાની આજ્ઞાને અનુસરીને ખાનસામો દરરોજ જાતજાતની સ્વાદિષ્ટ વાનીઓ બનાવીને ભાણાં પીરસતો. દારૂની પ્યાલીઓ પણ પીરસાતી. આવા સ્વાદિષ્ટ અને ભારે ખોરાકથી ડેનિયલ નામક યહૂદી નવયુવક કંટાળી ગયો અને તેણે સંકલ્પ કર્યો કે, આવા આરોગ્યને હાનિકારક ભોજનનો ત્યાગ કરીને સાદા ભોજન ઉપર જ હું નિર્વાહ ચલાવીશ. બીજા ત્રણ યુવકો ઉપર તેણે પોતાના વિચારોની છાપ પાડી. તેમણે ચારે જણાએ ખાનસામાને પોતાનો અભિપ્રાય જણાવ્યો, ત્યારે તેણે કહ્યું કે, "એ નહિ ચાલે, બીજાઓને માટે જે સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક ભોજન બને છે, તેજ તમારે પણ ખાવું પડશે. એમ નહિ કરો તો તમારી તબિયત બગડશે, તમે સુકાઈ જશો, શરીર દુર્બળ થવાથી મન પણ દુર્બળ થશે, વિદ્યાભ્યાસ ઉપર તમે ધ્યાન નહિ આપી શકો અને મહારાજા સાહેબ મારી ખબર લઈ લેશે." પેલા યુવકોએ નમ્રતાથી કહ્યું કે, "ભાઈ! એમ ઉતાવળા ન થાઓ. દશ દિવસ સુધી સાધારણ

સાદાં શાક–ભાજી અને કઠોળના ખોરાક તથા શુદ્ધ પાણી ઉપર રહેવા દો અને પછી જુઓ, શું પરિણામ આવે છે? જો અમારું આરોગ્ય એથી બગડશે અને શરીર દુર્બળ થશે, તો અમે પાછા તમારો ભારે ખોરાક ખાવાનો આરંભ કરીશું."

ખાનસામાએ કબૂલ કર્યું. દશ દિવસ પછી ડેનિયલ અને તેના ત્રણ મિત્રો વધારે આનંદી, ચંચળ અને આરોગ્ય જણાયા. વિદ્યાભ્યાસ કરવામાં તેમનું ચિત્ત વધારે ચોંટતું હતું. અઘરા વિષયો પણ હવે તેમની સમજમાં આવતા. હવે તો ખાનસામાએ તેમને એજ ખોરાક કાયમ રાખવાની રજા આપી. ત્રણ વર્ષ પછી જોયું તો આખી કૉલેજમાં એ ત્રણ વિદ્યાર્થીઓ સૌથી વધારે બુદ્ધિમાન, તંદુરસ્ત અને સુંદર જણાયા. રાજાએ તેમને પોતાના અંગરક્ષક નીમ્યા.

સાદો ખોરાક તન અને મનને નીરોગી રાખે છે. આપણાં અનેક શાકભાજી યોગ્ય રીતે રાંધીને ખાવામાં આવે તો જીવનશક્તિ વધારવામાં તેઓ સહાયભૂત થાય છે, એમ હાલનું આરોગ્યશાસ્ત્ર પણ કહે છે.

પીવાની વસ્તુઓમાં પણ દારૂ, ચા, કૉફી, કોકો, સોડા, લેમન વગેરે પદાર્થો કરતાં નિર્મળ જળ અધિક લાભદાયક છે, એ તો નિર્વિવાદ અને સર્વના અનુભવની વાત છે.

११८–एक मुसलमान भक्तनी नम्रता

મક્કા શહેરમાં મુસલમાનોની મસ્જિદમાં એક ભક્ત પાણીનો ઘડો લઇને ઊભો રહેતો. નમાજ પઢતાં પહેલાં "વજૂ" કરવા સારુ જે લોકો પાણી માગતા, તેમને પોતાને હાથે પાણી આપી, હાથ ધોવરાવી તેમના પગ આગળ તે બેસતો. મસ્જિદની અંદર

કોઇએ કદી એને જોયો નહોતો. એ કદી નમાજ પઢતો નહિ, પણ એક તરફ બેસી રહેતો.

મુસલમાનોને એ જોઇ ઘણું આશ્ચર્ય લાગ્યું. તેમણે ધાર્યું કે, "આ તો કોઇ કાફીર છે અને ગુપ્તવેશમાં અહીં આવે છે. નમાજ તો પઢતો નથી અને બહાર ઊભો રહે છે. જરૂર કાંઈ કપટ છે." એમ વિચારી તેમણે એ બિચારાને ધમકાવ્યો કે, "ધર્મભ્રષ્ટ! ચાલ્યો જા અહીંથી, હજરત સાહેબની દુહાઈ છે. ખબરદાર! હવે મસ્જિદની અંદર આવ્યો છે તો."

એ લોકો ધમકાવતા ધમકાવતા તેને મહમદ પયગંબરની પાસે લઈગયા. એમણે બધી વાત સાંભળીને પ્રેમપૂર્વક પૂછ્યું કે, "ભાઇ! તું નમાજ શા સારુ નથી પઢતો?" ત્યારે તે ભક્તે કહ્યું કે, "હું દીન છું. પયગંબર! જે લોકો ગુણવાન છે, તેમના હાથ-પગ ધોવરાવવામાં હું મારા જીવનનું સાર્થક માનું છું. પ્રભુ! મારા જેવા ગરીબ પામરના મુખેથી અલ્લાહનાં ગુણગાન શોભે?"

ભક્તની નમ્રતાની વાણી સાંભળી હજરત મહમદ ગદ્ગદિત થઈ ગયા અને તેને પ્રેમથી ભેટી પડ્યા; તથા બીજાઓને કહ્યું કે, "આ ભક્તજ શ્રેષ્ઠ ઉપાસક છે, એની આ નમ્રતા પણ સત્ય ઉપાસના છે; તમારામાંથી કેટલા એવા છે કે જેમણે એવી બીજાઓની સેવાનો લાભ નિરભિમાનપણે લીધો છે? ધન્ય છે એવા ભક્તને!" આવું કહેતાં કહેતાં હજરતનાં નયનમાંથી પ્રેમાશ્રુ ખરવા લાગ્યાં.

૧૧૯—एक उत्तम आर्य स्त्री—रमाबाई रानडेनी लज्जाशीलता

રાનડે જ્યારે નાશિકમાં ન્યાયાધીશ હતા, ત્યારે એક વખત થાણાના સેશન્સ જજ મિ. કાગલન સાહેબ ત્યાં સેશન્સ ચલા-

વવા ગયા. એમની સાથે એમનાં પત્ની અને સાળી હતાં. એ બંને અંગ્રેજ રમણીઓ મળતાવડા સ્વભાવની અને હિંદુઓના પરિચયમાં આવવાની હોંશ ધરાવનારી હતી. નાશિકમાં તેઓએ અનેક હિંદુ અમલદારોની સ્ત્રીઓની ઓળખાણ કરી. એજ અરસામાં કન્યાશાળામાં પરીક્ષા થઈ ગઇ હતી; એટલે એક ઇનામનો મેળાવડો કરી મિસિસ કાગલનને હાથે ઇનામ અપાવવાની યોજના ત્યાંના કાયકર્તાઓએ કરી. દિવસ નક્કી થયો, આમંત્રણ અપાયાં, રમાબાઇ રાનડે ઘેર ઘેર ફરીને સ્ત્રીઓને નિમંત્રણ આપી આવ્યાં.

ઠરાવેલે સમયે મિસ્ટર કાગલન પોતાની પત્ની તથા સાળી સાથે આવ્યા. ભાષણો થયાં, ઇનામો વહેંચાયાં. શ્રીમતી રમાબાઇ રાનડે, મિસિસ કાગલન તથા હાજર રહેલી સન્નારીઓનો આભાર માનીને બેસી ગયાં. એટલામાં ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરે હાર તથા કલગીનો થાળ એમની પાસે લાવી મૂક્યો. એમણે એમાંનો એક હાર મિસિસ કાગલનને પહેરાવી, બીજા હાર એમનાં માતુશ્રી તથા બહેનને પહેરાવ્યા. એક હાર જેવો ને તેવો થાળમાં રાખી મૂકી તે થાળ ડેપ્યુટી તરફ ખસેડ્યો. ડેપ્યુટીએ ધીમેથી કહ્યું કે, "એ હાર સાહેબને પહેરાવો." શ્રીમતી રમાબાઇએ તરતજ ચોખ્ખી ના કહી. એમના આર્ય હૃદયને એથી ઘણો આઘાત પહોંચ્યો અને ડેપ્યુટી ઉપર બહુજ ગુસ્સે થયાં. રા. સા. ગોપાળ હરિ દેશમુખ ત્યાં હાજર હતા. તે બધું સમજી જઇને મૂછમાં હસ્યા અને એકદમ ઊઠી ડેપ્યુટીના હાથમાંના થાળમાંથી હાર ઉપાડી લઈ તે કાગલન સાહેબના ગળામાં પહેરાવ્યો અને કલગી, અત્તર વગેરે આપ્યાં.

ઘેર ગયા પછી જાણીજોઇને રાનડેએ મશ્કરીમાં પત્નીને પૂછ્યું કે, "તમારી સભા સારી રીતે પાર પડી કે? તેં ત્રણ જણાને હાર પહેરાવ્યા, પણ બિચારા કાગલન સાહેબને કેમ છોડી દીધા?"

રમાબાઈએ કહ્યું કે, "હું હિંદુ ન હોત તો એ વિષે મને પણ ખોટું લાગત નહિ. ડેપ્યુટી હિંદુ છે તથા પુખ્ત વયના છે; છતાં તેમણે સાહેબને હાર પહેરાવવાનું મને કહ્યું, તેથી મને આશ્ચર્ય લાગ્યું અને ક્રોધ ઉત્પન્ન થયો."

આ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, શ્રીમતી રમાબાઈમાં આદર્શ આર્ય સ્ત્રીને શોભે એવી લજ્જાની ભાવના હતી. પરપુરુષને માળા પહેરાવતાં, એથીજ એમને સંકોચ થયો.

૧૨૦–उमाबाई कुर्लेकर अने पुराणवार्तानुं कथन

શ્રીમતી રમાબાઈ રાનડેનાં માતુશ્રી ઉમાબાઇ એક લજ્જાવતી, પતિવ્રતા અને સહનશીલ નારી હતાં. પોતાનાં બાળકો ઉપર બાલ્યાવસ્થાથીજ સારા સંસ્કાર પડે એવી એમની ઇચ્છા હતી. દરરોજ સાંજે ઘરનાં બાળકોને પોતાની પાસે બોલાવી ખુલ્લાં આંગણાંમાં તે બેસતાં અને પુરાણમાંનાં દેવ–દેવીઓની કથા–કહાણી કહેતાં. એ જોઇને એમનાં નણંદ મશ્કરી કરતાં કે, "ઉમાભાભીને લાગે છે કે, મારાં છોકરાં બહુ ડાહ્યાં અને હોશિયાર છે. એમને પુરાણમાંની વાર્તાઓ કહું છું તે બધી તેઓ સમજે છે, એવી મોટી મોટી વાતો તો આપણાં જેવાં મોટાં માણસોને પણ યાદ રહેતી નથી, તો બિચારાં બાળકો શું સમજવાનાં હતાં?" એના જવાબમાં ઉમાબાઈ કહેતાં કે, "મને કૂતરાંબિલાડાંની વાર્તાઓ આવડતી નથી તો હું શું કરું? તમને આવડતી હોય તો કહો; પણ મને લાગે છે કે, આપણે બાળકોના કોમળ હૃદયમાં સારું બી વાવવું. જેવી જમીન મળશે તેવું મૂળ બાઝશે. તેથી આપણા મુખમાંથી જો રોજ દેવ–દેવીઓની કથાનો ઉચ્ચાર થાય તો આપણને પુણ્ય લાગે. એ ઉપરાંત આપણાથી બીજું શું બનવાનું છે?"

બાલ્યાવસ્થામાં સાંભળેલી વાતો હૃદયમાં ઠસી જાય છે. માતાની સાક્ષી પૂરતાં શ્રીમતી રમાબાઈ રાનડે લખે છે કે, "પણ ચમત્કાર એ હતો કે, તે વખતે અમે ભાંડુઓની વય અનુક્રમે ચાર છ, આઠ અને દશ વરસની હતી; તોપણ એમની કહેલી દરેક વાર્તા અમને હમણાંજ સાંભળી હોય, એમ સાંભરે છે. નવી વાંચેલી અને સાંભળેલી વાર્તાઓ વીસરી જવાય છે, પરંતુ માતાએ કહેલી વાર્તાઓ હૃદય પર કોરાઇને સ્મરણમાં રહે છે."

(શ્રીમતી રાનડેકૃત 'અમારા જીવનમાંની કેટલીક યાદગીરીઓ'માંથી)

१२१–पुत्रने सन्मार्गे लावी देशने बचावनारी महान माता

પ્રાચીનકાળમાં રોમમાં કોરિયોલેનસ નામનો એક બાળક હતો. તેને તેની માતાએ ઘણા લાડ અને પ્રેમમાં ઉછેર્યો હતો. કોરિયોલેનસ મોટો થયો, ત્યારે તે એક વીરપુરુષ નીવડ્યો. અનેક યુદ્ધોમાં એણે પોતાના શૌર્યનો પરિચય આપ્યો. રોમવાસીઓએ પણ એને ઘણું સન્માન આપ્યું, પણ પાછળથી પોતાના નગરવાસી બંધુઓ સાથે એને મતભેદ થયો અને દેશવાસીઓએ એને દેશનિકાલ કર્યો. એવા અપમાનના સમયમાં મનુષ્યની વિવેકબુદ્ધિનો લોપ થાય છે. વાજબી કે ગેરવાજબીપણાનું ભાન એને રહેતું નથી. ન કરવાનાં કામો એવે સમયે વેરથી ઉશ્કેરાઇને એ કરી બેસે છે. એવીજ એક દુર્ભાગી પળે ક્રોધાંધ ગુર્જરમંત્રી માધવ, પોતાના દેશશત્રુ અલાઉદ્દીનને ગુજરાત ઉપર આક્રમણ કરવા બોલાવી લાવ્યો હતો અને જનની જન્મભૂમિની સ્વતંત્રતા સદાને માટે ખોઇ હતી. અસ્તુ. કોરિયોલેનસને પણ પોતાના દેશબંધુઓએ કરેલા અપમાનનું વેર વાળવાની રાક્ષસી ઇચ્છા થઈ. ક્રોધા-

વેશમાં એ રેમના શત્રુઓ પાસે ગયો, તેમના સૈન્યમાં નોકરી સ્વીકારી અને એમને સાથે લઇને પોતાનાજ નગર તથા પોતાનાજ બંધુઓ ઉપર આક્રમણ કર્યું. રસ્તામાં લૂંટફાટ મચાવતું તથા ખેતરો અને ઘરોમાં આગ લગાડતું એનું સૈન્ય રોમના દરવાજા આગળ પહોંચ્યું. દેશદ્રોહી પુત્રના આ ઘૃણાસ્પદ વર્તનના સમાચાર કોરિયોલેનસની માતા વિટુરિયાના કાને પહોંચી ચૂક્યા હતા. એ નગરની બહાર આવી અને પુત્રવધૂ તથા બે પૌત્રને લઇને શત્રુના સૈન્યમાં સીધી જઇને પુત્રને મળી. શોકવિહ્વળ નેત્રે પુત્રના સામું જોઇને તેણે કહ્યું કે, "વહાલા દીકરા! મેં તને આ કામ સારુ ગર્ભમાં રાખ્યો હતો? આ અધમાચરણ માટે લાડ લડાવીને મોટો કર્યો હતો? શું તું તારાજ બંધુઓ સાથે–એકજ રક્તનો સંબંધ ધરાવતાં તારાં ભાઇભાંડુઓ સાથે લડીશ? શું તું તારી જનેતા અને જન્મભૂમિની સાથે યુદ્ધ કરીશ?"

કોરિયોલેનસ નઠોર બની અદબ વાળીને બેફિકરાઇ સાથે ઊભો રહ્યો. એનો વૈરાગ્નિ હજુ શાંત થયો નહોતો; પરંતુ માતાનાં મધુર વચનો તથા અશ્રુએ તેના હૃદયને પીગળાવ્યું અને ક્રોધાગ્નિને શાંત પાડયો. હવે તો એની વિવેકબુદ્ધિ પાછી સતેજ થઇ, તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. મસ્તક નમાવી માતાને કહ્યું: "માતા! હું એ અનર્થ નહિ કરું." તેણે લશ્કરને વિખેરી નાખ્યું અને પોતે દૂર એકાંત સ્થળમાં જઇને વસ્યો. જે સ્થળે આ ઘટના બની, જે સ્થળે વિટુરિયાએ માતૃપ્રેમની દુહાઇ દઇને પુત્રને અનિષ્ટ કરતાં રોકયો અને રોમન સામ્રાજ્યનું રક્ષણ કર્યું, તે સ્થળે રોમવાસીઓએ એક મંદિર બંધાવ્યું અને વિટુરિયા એ મંદિરની અધિષ્ઠાત્રી બની. રોમવાસીઓએ યાવજ્જીવન તેનું ઘણુંજ સન્માન કર્યું. ખરેખર! તે સન્માનને પાત્રજ હતી.

માતાનો સદુપદેશ શું નથી કરી શકતો?

૧૨૨—બાપ તેવા બેટા—પ્રજાને ઉત્તમ બનાવવાની કળા

અઢારમા સૈકામાં સિસિલિ પર્વત ઉપર મીકા નામનો એક લૂંટારાનો સરદાર રહેતો હતો. લૂંટફાટ કરી નિર્દોષ માણસોને મારી નાખીને એણે ઘણું ધન એકઠું કર્યું હતું. વૃદ્ધાવસ્થામાં એ પર્વત ઉપર એક મકાનમાં શાંત જીવન ગાળી રહ્યો હતો, પણ એનું જીવન સુખી નહોતું. એનો એકનો એક છોકરો સ્વેચ્છાચારી અને પિતૃવિરોધી હતો. એક વખત તો એ છરો લઈને બાપને મારી નાખવા ગયો હતો, પણ ઈશ્વરકૃપાએ વખતસર મદદ મળી જવાથી મીકા બચી ગયો હતો. એક દિવસ એ જિલ્લાનો એક વૃદ્ધ ખેડૂત ફરતો ફરતો મીકાના ઘર આગળ જઈ ચઢ્યો અને બે સસલાંનો શિકાર કર્યો. આ ટેકરી ઉપર તો મીકાનું સામ્રાજ્ય મનાતું હતું. આથી એની આજ્ઞા વગર શિકાર કરનારા તે વૃદ્ધને મીકાની ટોળીના માણસો પકડીને લઈ ગયા અને મીકાએ તેને કેદમાં રાખવાની આજ્ઞા આપી. બીજે દિવસે એક નવયુવક ત્યાં પહોંચ્યો અને મીકાને મળવા દેવાની આજ્ઞા માગી. તેણે કહ્યું કે, "આપે જે વૃદ્ધ ખેડૂતને કેદ પકડ્યો છે, તેનો હું પુત્ર છું. એ વૃદ્ધ છે, અંધારી કોટડીમાં પુરાઈ રહેવાનું કષ્ટ એમનાથી સહન નહિ થાય. હું જુવાન છું, મારાથી બધાં દુઃખો સહન થશે. એમને બદલે મને કેદમાં બેસાડો."

વૃદ્ધ લૂંટારાને આથી ઘણું આશ્ચર્ય લાગ્યું. એક નવયુવક પોતાની ખુશીથી પિતાની મુક્તિને ખાતર પોતે લૂંટારાઓને હાથે કેદ પકડાવા તૈયાર છે! તેણે વૃદ્ધ ખેડૂતને પૂછ્યું કે, 'તારો છોકરો આટલો બધો ભલો કેમ છે?"

ખેડૂતે કહ્યું કે, "મેં પોતે આખું જીવન ભલા થવાનો પ્રયત્ન કર્યો છે. મારું જીવન ભલાઈમાંજ વ્યતીત થયું છે."

१२३–मातृप्रेम

એક બહેરી અને મૂંગી માતા પોતાના નવા જન્મેલા બાળકના પારણાની પાસે બેસીને ઊંડા વિચારમાં નિમગ્ન હતી. એ જાણતી હતી કે, એવી કોઈક શક્તિ છે, કે જે બીજા મનુષ્યોમાં છે અને જેનાથી વિધાતાએ પોતાને વંચિત રાખી છે. એ શક્તિઓ કઈ છે, એ તે સમજી શકતી નહિ; પરંતુ લોકોને હોઠ ફફડાવતા જોતી તથા કાંઈ બનાવ બનતાં બીજાઓને હોઠ ફફડાવતા જોવાથી કાન એ તરફ ફેરવતા જોતી, ત્યારે એ સમજી શકતી કે, એમાં કાંઈક મજા છે અને જે લોકો એ શક્તિ ધરાવે છે તે ભાગ્યશાળી છે. પોતાનો નવો જન્મેલો પુત્ર એ ઈન્દ્રિયોની શક્તિથી રહિત ન અવતર્યો હોય, એ ચિંતા એને ખેદયુક્ત બનાવી રહી હતી. આખરે પુત્ર પ્રત્યેના પ્રેમે એને એક યુક્તિ સુઝાડી. માતાએ એક મોટો પથ્થર હાથમાં લીધો અને જોરથી ભોંય ઉપર અફળાવ્યો. પથ્થરના અવાજથી પારણામાંનું બાળક ઝબકી ઊઠીને રોવા લાગ્યું. માતાને ખાતરી થઇ કે, બાળક પોતાના જેવું અભાગી નથી. એનાં નેત્રમાં હર્ષનાં આંસુ ઊભરાઇ આવ્યાં અને ઘૂંટણિયે પડીને તેણે પ્રભુની પ્રાર્થના કરી. પોતે બહેરી હોવાથી કાંઇ સાંભળ્યું નહોતું; પણ બાળકના હાવ–ભાવ ઉપરથી એને ખાતરી થઇ ગઇ હતી કે, મારા બાળકમાં સાંભળવાની અદ્ભુત શક્તિ છે.

१२४–हारून रशीदनुं क्षमानुं शिक्षण

સુપ્રસિદ્ધ સુલતાન હારૂન–અલ–રશીદના એક પુત્રે એક દિવસ તેની પાસે આવીને કહ્યું કે, “ અમુક સેનાપતિના છોકરાએ મને માતા સમી ગાળ ભાંડી.” હારૂને મંત્રીઓને પૂછ્યું કે, “ આ

બાબતમાં શું કરવું જોઇએ ?" કોઇએ કહ્યું કે, "હુજૂર ! એને મારી નાખવો જોઇએ." કોઇએ સૂચવ્યું કે, "એ હરામખોરની જીભ કાપી નાખવી જોઇએ." કોઇએ જણાવ્યું કે, "દંડ કરીને દેશપાર કરી દેવો જોઇએ." ન્યાયપરાયણ હારૂને કહ્યું કે, "બેટા ! તું જો અપરાધીને ક્ષમા કરી શકે તો ઘણીજ સારી વાત છે. જે પુરુષ ક્રોધનું કારણ મળવા છતાં પણ શાંત રહીને વાતચીત કરી શકે છે, તેજ સાચો વીર છે; પણ તારામાં જો એવી શક્તિ ન હોય તો તું પણ એની માતાને ગાળ દઈ શકે છે; પરંતુ તે શું 'તને' છાજશે ?"

१२५–परिश्रम पछी विनोदनी आवश्यकता छे

(કૉન્ફ્યુશિયસ)

ચીન દેશના પ્રસિદ્ધ ધર્માચાર્ય કૉન્ફ્યુશિયસ એક દિવસ શિષ્યો સહિત એક ગામડાંમાં જઈ રહ્યા હતા. પાક લણી લેવામાં આવ્યો હતો અને ખળાં ભરાઈ ગયાં હતાં. ખેડૂતોને એમની સખ્ત મજૂરીનો બદલો ભગવાને આપેલો હોવાથી નિર્દોષ આનંદ સાથે ગાનતાન અને નાચમાં તેઓ પોતાનો સમય ગાળી રહ્યા હતા. કૉન્ફ્યુશિયસ એમને એ પ્રમાણે આનંદ કરતા જોઇને પ્રસન્નચિત્તે હસ્યા; પરંતુ એમના શિષ્યોને એ વાત રુચિ નહિ. એમણે ગુરુને કહ્યું કે, "લોકોએ આ પ્રમાણે વિલાસી થવું ન જોઇએ અને ગંભીર બનવું જોઇએ. આવે વખતે તો એમણે મંદિરોમાં જઇને પ્રભુને ધન્યવાદ આપવો જોઇએ."

મહાન કૉન્ફ્યુશિયસે કહ્યું કે, "ભાઇઓ ! એ લોકો પણ પોતાનાં મનથી પ્રભુનો ધન્યવાદજ માની રહ્યા છે. ધન્યવાદ પ્રગટ કરવાની કાંઇ એકજ રીત નથી. આ મનુષ્યોની પદ્ધતિ સીધી

અને સાદી છે. તમારે આમ ઉતાવળથી અભિપ્રાય બાંધવો જોઇએ નહિ. આટલા સખ્ત પરિશ્રમ પછી ગરીબ ખેડૂતો થાક ખાય, એ સ્વાભાવિકજ છે. એક શિકારીએ વાપરેલા ધનુષ્ય જેવી એમની સ્થિતિ છે. હમેશાં ધનુષ્ય ચઢાવેલુંજ ન રાખવું જોઇએ. એમ કરશો તો એની સ્થિતિસ્થાપકતા ચાલી જશે અને એની કિંમત કોડીની પણ નહિ રહે."

આખો દિવસ ગંભીર બની બેસી રહેવું એ પણ ઉચિત નથી. નિર્દોષ ગાવું-બજાવવું અને રમત-ગમત વગેરે મનુષ્યના આરોગ્ય માટે આવશ્યક છે. વિવિધ પ્રજાઓના ઉત્સવો એજ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને યોજાયા છે. આપણો વસંતોત્સવ, હોળી વગેરે તહેવારો પ્રકૃતિની સાથે એકતાન થઇને વિનોદદ્વારા થાક ઉતારી કર્મમય જીવનમાં ઊતરવા સારુ વધારે બળવાન થવા માટે છે. ધ્યાનમાં એટલુંજ રાખવાનું છે કે, હાસ્ય-વિનોદ પણ પોતાની સીમાને ઓળંગી જઇને અનીતિના પોષક ન બને. (ગુહ્ય)

૧૨૬-रानडेए पक्षसमर्थन खातर वेठेलुं अपमान

ઇ. સ. ૧૮૫૭માં ભારતોદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતી પૂના પધાર્યા હતા. એમનાં વ્યાખ્યાનોથી સંસાર અને ધર્મના સુધારાને સારું સમર્થન મળ્યું હતું. રાનડે અને તેમના મિત્રો, એમના ધર્મોપદેશથી ઘણા પ્રસન્ન થયા હતા અને એ પ્રસન્નતા પ્રગટ કરવા સારુ સ્વામીજી વિદાય થાય તે અગાઉ તેમના માનમાં સ્વારી કાઢવાનો વિચાર કર્યો હતો. એ સમાચાર શહેરમાં ફેલાતાં જૂના વિચારના હિંદુઓએ તેમની વિરુદ્ધ ચળવળ ઊભી કરી. એ લોકોએ સ્વામીજીનું અપમાન કરવા સારુ ગર્દભાનંદનો વરઘોડો કાઢ્યો અને આખા શહેરમાં ગલીએ ગલીએ ફેરવ્યો. પેલી તરફ

રાનડે અને એમના સુધારક દળે જાહેર મેળાવડામાં સ્વામીજીનું સન્માન કરીને ઠાઠમાઠ સાથે સવારી કાઢી. એક પાલખીમાં વેદને પધરાવ્યા અને હાથી ઉપર સ્વામીજીને બેસાડ્યા. સવારી ચાલવા માંડી, એટલે વિરુદ્ધ પક્ષના માણસોએ ગાળો ભાંડવાનું તથા તોફાન કરવાનું શરૂ કર્યું. એ દિવસે વરસાદ ઘણો પડેલો હોવાથી રસ્તામાં ઘણો કીચડ થયો હતો; પરંતુ રાનડે સાચા સત્યાગ્રહી હતા. વિરોધીઓનો કોઈ પણ પ્રકારે પ્રતિકાર ન કરતાં શાંતિથી તેઓની સવારી ચાલવા લાગી. એમને ઉશ્કેરવા માટે વિરોધીઓએ કીચડના ગોળા ફેંકવા માંડ્યા. સવારીમાંના સજ્જનોને સખ્ત પ્રહાર થવા માંડ્યા, પણ એમનું ધૈર્ય ડગ્યું નહિ. પોલીસનો બંદોબસ્ત સાથે રાખ્યો હતો; તોપણ એમને રાનડેએ ચેતવણી આપી હતી કે, "અમારું ગમે તેટલું અપમાન થાય, પણ અમારા કહ્યા વગર તમે વચમાં પડતા નહિ, માત્ર સવારી સાથે શોભા માટે રહેવું.' સવારી જરા વધારે આગળ ચાલી, એટલે સનાતનધર્મીઓએ લાકડીઓ તથા પથરા ચલાવવાની શરૂઆત કરી. કેટલાક જખમી પણ થયા. આખરે શાંતિના રક્ષણ સારુ પોલીસને વચમાં પડવું પડ્યું, એટલે હુલ્લડખોરો વીખરાઈ ગયા.

રાનડે ઘેર પહોંચ્યા, ત્યારે એમનાં વસ્ત્ર કાદવકીચડના ગોળાઓથી ખરડાયેલાં હતાં. એ જોઈને ઘરનાં માણસોએ કહ્યું કે, "સાથે પોલીસના સિપાઈઓ હતા, તોપણ તમારા ઉપર કાદવ કેમ આવ્યો?" ત્યારે એમણે હસીને કહ્યું કે, "કેમ વારુ? બધાની સાથે જ્યારે હું હતો, ત્યારે મને પણ કેમ ન વાગે? પક્ષાભિમાનનાં કામો તો એવાંજ હોય. બીજા પક્ષના માણસો થોડા હોય કે વધારે હોય તેની અમને શી પરવા છે? આવે વખતે માનાપમાનનો વિચાર અમારા મનમાં આવે પણ કેમ? એ વાતો તો એમજ ચાલવાની."

१२७–रानडेए हजाम पासेथी लीधेलुं शिक्षण

ઈ. સ. ૧૮૮૬-૮૭માં શ્રીયુત મહાદેવ ગોવિંદ રાનડેને સરકારી કામને અંગે કલકત્તામાં રહેવું પડયું હતું. કલકત્તામાં એમણે બંગાળી શીખવાનું શરૂ કર્યું હતું. બાળપોથી વગેરે ઉપરથી પોતાની મેળે થોડો અભ્યાસ કર્યો હતો. એક દિવસે હજામ એમની હજામત બનાવવા આવ્યો. રાનડેએ હજામત કરાવતી વખતે એક બંગાળી પુસ્તક હાથમાં લઇને મોટેથી વાંચવા માંડયું અને જ્યાં અઘરું લાગતું ત્યાં પેલા હજામને પૂછતા. રમાબાઇ પાસેના ઓરડામાં બેઠાં હતાં; સ્વામી સાથે બીજા કોઇ માણસને વાતચીત કરતો સાંભળીને એ ત્યાં આવ્યાં અને ધ્યાનપૂર્વક જોવા લાગ્યાં. રાનડે હાથમાં બંગાળી પુસ્તક લઇ મોટેથી વાંચી રહ્યા છે અને હજામ, શબ્દનો ઉચ્ચાર તથા અર્થ સમજાવી રહ્યો છે. એ જોઇને રમાબાઇને હસવું આવ્યું અને હજામના ગયા પછી કહ્યું કે, "વાહ! માસ્તર તો બહુ સારો શોધી કાઢ્યો! શ્રીદત્તે ચોવીસ ગુરુ કર્યાં હતા, તેમ 'પોતા'ના ગુરુની યાદી કરવા કોઈ મને કહેશે તો આ ગુરુનું નામ હું પહેલું લખીશ. પ્રાચીનકાળમાં ગુરુની પાસે શીખવું હોય તો એનીજ સેવા કરવી પડતી હતી; પણ આ બિચારો ગુરુ તો આપની સેવા કરે છે, માટે એનું નામ પહેલું જોઇએ."

આ પ્રમાણે મોટી વયે એક સાધારણ માણસની મદદ લઇને પોતે બંગાળી શીખ્યા; એટલુંજ નહિ પણ પોતાનાં પત્ની રમાબાઇને પણ બંગાળી શીખવ્યું.

ભારતવર્ષમાં કેળવાયલાં સ્ત્રી-પુરુષોએ પોતાની ભાષા ઉપરાંત બીજા પ્રાંતોની ભાષા શીખવાનો પણ પ્રયાસ કરવો જોઇએ. હિંદુસ્તાનની એકતા સારુ, એકબીજાનાં હૃદય ઓળખવા સારુ એની આવશ્યકતા છે. અમારા અનેક ગુજરાતી બંધુઓ કલકત્તા-

માં ઘણાં વર્ષ સુધી રહ્યા છતાં બંગાળી ભાષા અને સાહિત્યનો અભ્યાસ નથી કરતા, એ શોચનીય છે.

૧૨૮–माइकल एन्जेलोनी नोकर प्रत्ये दया

જગતમાં સૌથી મોટું દેવળ સેન્ટ પિટરનું મનાય છે. રોમ નગરમાંના એ દેવળનું નિર્માણ મહાન શિલ્પી માઇકલ એન્જેલોની યોજના પ્રમાણે થયું હતું. બીજી પણ અનેક સુંદર મૂર્તિઓ એન્જેલોની શિલ્પકળાની નિપુણતાની સાક્ષી પૂરતી આજદિનપર્યંત યુરોપમાં વિદ્યમાન છે.

એ પ્રસિદ્ધ શિલ્પી, નોકરોના ઉપર ઘણીજ દયા રાખતો હતો. એના એક નોકરે છવીસ વર્ષ સુધી લાગલાગટ નિમકહલાલીથી એની નોકરી કરી હતી. એનું નામ અરબીનો હતું. વૃદ્ધાવસ્થામાં અંગ શિથિલ થઈ ગયાં, કામકાજ કરવાની શક્તિ રહી નહિ, મૃત્યુ નજીક દેખાવા લાગ્યું, ત્યારે માઇકલ એન્જેલોએ રાત્રિદિવસ તેની શુશ્રૂષા કરી. આ પ્રમાણે તેણે પોતાના દયાભાવનો પરિચય આપ્યો. યુરોપમાં એક સુંદર ચિત્ર પ્રચલિત છે, જેમાં અરબીનોને મૃત્યુશય્યામાં પડેલો દેખાડવામાં આવ્યો છે અને તેનો શેઠ નીચો નમીને પ્રેમપૂર્વક તેની તરફ જોઈ રહ્યો છે.

જેવી રીતે આપણે નોકરો પાસેથી આજ્ઞાપાલન, સેવા અને વિશ્વાસુપણાની આશા રાખીએ છીએ, તેવીજ રીતે નોકરો પણ આપણી પાસેથી દયા અને અનુકંપાની આશા રાખે છે. (ગુલ્ડ)

૧૨૯–नोकरोए स्वामीनी दयानो वाळेलो बदलो

પ્રાચીનકાળમાં રોમનગરમાં જુલિયસ સિઝરના વખતમાં પ્લેનકસ નામનો એક ધનવાન મનુષ્ય રહેતો હતો. એ સમયમાં

ગુલામગીરી પૂરજોસમાં હતી; લોકો બજારમાંથી ઢોર ખરીદે છે, તેમ એ વખતે ગુલામ ખરીદતા અને તેમની સાથે ઘણી વાર તો ઢોરના કરતાં પણ ખરાબ વર્તણૂક ચલાવવામાં આવતી. ગુલામી-પ્રથાનો પ્રચાર સુધારાની ડિંગ મારતા યુરોપના કપાળમાં મોટું કલંક છે. અસ્તુ. પ્લેનકસમાં અનેક દોષો હોવા છતાં એક મોટો ગુણ એ હતો કે, એના ગુલામો સાથે એ ઘણી સારી વર્તણૂક ચલાવતો. એક પ્રસંગે પ્લેનકસ ઉપર આરોપ મૂકવામાં આવ્યો અને રાજ્ય તરફથી તેને દેહાંતદંડની સજા થઇ. સરકારી સિપાઇઓ તેને પકડવા સારુ ઘેર ગયા. તેના વફાદાર નોકરોએ તેને ઘરની અંદર એવો સંતાડી દીધો કે પત્તોજ ન લાગે. સરકારી અમલદારોએ તે નોકરોને પુષ્કળ માર માર્યો તથા અનેક પ્રકારનાં દુઃખ દીધાં, પણ એમણે પોતાના સ્વામીને બતાવવાની સાફ ના કહી. પ્લેનકસે પોતાના ગુપ્ત નિવાસમાંથી આ બધું જોયું હતું. નિર્દોષ દાસોની ચીસો સાંભળી હતી. પોતાને ખાતર નોકરોને આટલો બધો ત્રાસ અને અત્યાચાર સહન કરવાં પડે, એ તેને અનુચિત લાગ્યું. હવે એ બહાર આવ્યો, રાજ્યના અમલદારોને શરણે ગયો અને જણાવ્યું કે, "હું મોતની સજા ભોગવવા તૈયાર છું." આ બનાવથી રોમના રાજ્યકર્તાઓનું હૃદય પીગળ્યું. એમણે કહ્યું કે, 'જે માલિકને ઘરના નોકરો આટલા બધા ચાહે છે, તેનો જીવ લેવાનું અમે વાજબી ધારતા નથી.'"

આ પ્રમણે ગુલામો પ્રત્યે સદ્‌વર્તન ચલાવ્યાથી પ્લેનકસની જિંદગી બચી. (ગુ૯ડ)

૧૩૦—જ્યૉર્જ સ્ટીવન્સનનો ભગિનીપ્રેમ

જ્યૉર્જ સ્ટીવન્સન ઇંગ્લૅંડનો પ્રસિદ્ધ એંજિનિયર હતો. દુનિ-

યામાં સૌથી પહેલું સ્ટીમ એંજિન એણે બનાવીને લિવરપૂલ અને મૅન્ચેસ્ટરની વચ્ચે દોડાવ્યું હતું.

સ્ટીવન્સનને એક બહેન હતી. તેનું નામ નેલ હતું. બાલ્યાવસ્થામાં એક વાર એ બહેનની સાથે ન્યુકૅસલ નગરમાં ગયો હતો. ત્યાં એક દુકાનમાં બહેને એક ટોપી જોઇ. ટોપી ગમી ગઇ, પણ કિંમત પૂછતાં માલૂમ પડયું કે, પોતાની પાસે જેટલા પૈસા હતા, તેના કરતાં તેની કિંમત પંદર પેન્સ વધારે હતી. બહેનને નિરાશ થતી જોઇને જ્યૉર્જ સ્ટીવન્સને કહ્યું કે, "નેલ! કાંઇ પરવા ન કરતી. હું હમણાં તારે સારુ પૈસા લઇ આવું છું. હું આવું ત્યાંસુધી તું અહીંજ ઊભી રહેજે."

જ્યૉર્જ ભીડમાં ચાલ્યો. નેલે ઘણી વાર સુધી વાટ જોઈ. કદી એને ચિંતા પણ થઇ આવતી કે, જ્યૉર્જ કયાં ચાલ્યો ગયો હશે? ખોવાઈ તો નહિ ગયો હોય! એટલામાં જ્યૉર્જ ઉમંગભેર દોડતો દોડતો આવ્યો અને કહ્યું કે, "બહેન! હું તારી ટોપી સારુ પૈસા લઇ આવ્યો છું."

"પણ તને પૈસા કયાંથી મળ્યા?"

"નેલ! એક સદ્ગૃહસ્થનો ઘોડો પકડવાથી."

બહેને ટોપી ખરીદી અને વહાલી બહેનની ઇચ્છા પૂરી કર્યાથી જ્યૉર્જને પણ ઘણોજ સંતોષ થયો. (ગુહ્ડ)

१३१—न्यायी काजी सुराजुद्दीन

દિલ્હીનો બાદશાહ ગ્યાસુદ્દીન એક સમયે ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો હતો. તેવામાં અકસ્માત્ એક તીર છૂટીને એક છોકરાને લાગ્યું અને એ મરી ગયો. એની ગરીબ માતાએ કાજી સુરાજુદ્દીનની પાસે એ વિષયમાં ફરિયાદ નોંધાવી. કર્તવ્યપરાયણ

કાજીએ રાજાને એ ફરિયાદની ખબર આપીને પોતાની અદાલતમાં હાજર રહેવાનું હુકમનામું કાઢયું. રાજા એક નાની તલવારને કપડામાં સંતાડીને અદાલતમાં ગયા. કાજીએ અદાલતનું સન્માન સંપૂર્ણપણે જાળવ્યું. રાજાને કોઇ પણ પ્રકારની "તાઝિમ" ન આપી અને સાધારણ ગુનેગારની પેઠે ઊભો રાખી તેની વિરુદ્ધ આરોપ જણાવી દીધો. રાજાએ અજાણતાં થયેલા અપરાધનો સ્વીકાર કર્યો અને એ વિધવાની ક્ષમા માગી તથા પુષ્કળ ધન આપી રાજીનામું કરાવ્યું અને કાજીને એ વાત જણાવી. કાજીએ મુકદ્દમામાંથી રાજાને મુક્ત કર્યો.

ત્યાર પછી કાજી ન્યાયાસન ઉપરથી ઊઠીને આગળ આવ્યો અને નીચા નમીને સલામ કરી રાજાનું સન્માન કર્યું. બાદશાહે વસ્ત્રમાં સંતાડી રાખેલી તલવાર કાઢીને કહ્યું કે, "કાજી સાહેબ! તમારી આજ્ઞાનુસાર, પવિત્ર કુરાનના કાયદાને માન આપવા સારુ હું અદાલતમાં આવ્યો હતો. મેં જોયું હોત કે, તમે ન્યાયમાર્ગથી જરા પણ ચળ્યા છો, તો આ તલવારથી તમારું શિર છેદી નાખત. મારા રાજ્યમાં આવા ન્યાયાધીશ છે કે જે કુરાનની આજ્ઞા કરતાં કોઇ પણ સત્તાને શ્રેષ્ઠ નથી સમજતા. એ જાણ્યા પછી હું ઈશ્વરને ધન્યવાદ આપું છું." કાજીએ હાથમાં એક નેતરની સોટી લઇને કહ્યું કે "હું પણ સર્વશક્તિમાન ઈશ્વરના સોગંદ ખાઇને કહું છું કે, જો આપ કાયદાના હુકમનો સ્વીકાર ન કરત તો હું આ નેતરથી તમારા બરડાની ખબર લઇ લેત. આજ ઈશ્વરની કૃપાથી આપણે બન્ને પરીક્ષામાં સારી રીતે પાસ થઇ ગયા."

૧૩૨–कार्यनी उत्तमता माटे जीव आपनारो कारीगर

પેરિસમાં એક શિલ્પી રહેતો હતો અને પૂતળાં બનાવવાનું

કામ કરતો હતો; પરંતુ એને ઉત્તેજન મળતું નહિ હોવાથી દરિદ્રાવસ્થામાં જીવન ગાળી રહ્યો હતો. બીજાઓની પેઠે એનાં પૂતળાં સારે ભાવે વેચાતાં નહિ, પણ શિલ્પકળામાં એને ખરો રસ હતો. આખું જગત જેની પ્રશંસા કરે એવું એક સરસ કળામય પૂતળું બનાવવાની તેને ધગશ લાગી હતી. પ્લેસર માટીમાંથી તેણે એક સ્ત્રીની મૂર્તિ ઘડી, એ ઋતુ શિયાળાની હતી. ટાઢ કડકડતી પડતી હતી. પ્લેસર ઉપર ઠંડીની અસર ઘણી ખરાબ થાય છે. મૂર્તિને ઝાકળ લાગી જાય તો મૂર્તિ બગડી જાય છે. પોતાનું કામ ન બગડે એની એને અતિશય કાળજી હતી. મૂર્તિને ઠંડીથી બચાવવા માટે તે શિલ્પીએ પોતાનો ગરમ ઓવરકોટ એના ઉપર ઢાંકયો અને પોતે એ ઠંડી રાત્રિમાં થાકયો–પાકયો ઉઘાડો સૂઇ રહ્યો, એમાંજ એનું મૃત્યુ થયું. એના મિત્રોએ ત્યાર પછી એ પ્લેસરની મૂર્તિની નકલ જસતમાં ઉતરાવી લીધી, કે જેથી લોકો જોઇ શકે. આ સુંદર મૂર્તિને ખાતર કારીગરે પોતાનો જીવ સમર્પણ કર્યો હતો. કેવળ ધનને ખાતર નહિ, પણ સાચા પ્રેમથી અને ખરી ધગશથી સાહિત્ય, સંગીત કે કળાનાં જે કામ થાય છે, તેમાંજ ખરું સૌંદર્ય આવે છે અને એવી કૃતિઓના રચનારાઓનો યશ ચિરંજીવ હોય છે.

૧૩૩–न्यायी शासनकर्ता मनरो

પ્રથમ મેસુરયુદ્ધમાં બારમહલ ઇલાકા ઉપર ઇસ્ટ ઇંડિયા કંપનીનો અધિકાર જામ્યા પછી સર ટોમસ મનરોના ઉપર તેની વ્યવસ્થાનો ભાર આવી પડયો. દયા, સાચી સહાનુભૂતિ અને ઉદારતાના ગુણને લીધે આ દેશના લોકોની ભક્તિ અને પ્રેમ એમણે સંપાદન કર્યાં હતાં. આપણા દેશના લોકો ઉપર એમને ઘણો

પ્રેમ હતો. આપણા ગુણોને ખુલ્લી રીતે જાહેર કરતાં એ સંકોચાતા નહિ. એક વાર એમણે કહ્યું હતું કે, "ભારતવર્ષ અને ઇંગ્લેંડના સાધારણ લોકોના સ્વભાવ અને સદ્ગુણોની આપ-લે કરવામાં આવે તો એના બદલામાં ભારતવર્ષ કરતાં ઇંગ્લેંડનેજ વધારે ફાયદો થાય."

વાત ખરી છે કે, સામાન્ય વર્ગના ભારતવાસીઓ યુરોપના એજ વર્ગના લોકો કરતાં વધારે સાચાબોલા, સહનશીલ, નીતિમાન, સંતોષી અને સદાચારી હોય છે.

આપણા દેશના લોકો અંગ્રેજોના સમાગમમાં આવ્યા પછી વધારે ઉદ્યમી અને કાર્યકુશળ બને, એવી મનરોસાહેબની ખાસ ઇચ્છા હતી. એમણે સ્પષ્ટ કહ્યું હતું કે, "કોઇ પણ જાતિને સુધારવી અને સાથે સાથે એને પરદેશી રાજ્યની ધૂંસરી નીચે પરાધીનતાની હલકામાં હલકી સ્થિતિએ રાખવી, એ બે વાત એકબીજાની સાથે મેળ ખાય એવી નથી-અર્થાત્ તમે પોતાના હાથ નીચેની પ્રજાને ઉન્નતિને માર્ગે લઈ જવા માગતા હો, તો એને ધીમે ધીમે સ્વતંત્ર બનાવો."

એ ઉદાર નીતિને અનુસરીને એમણે અનેક ભારતવાસીઓને ઊંચા અધિકાર આપ્યા હતા.

એ વખતમાં કંપની સરકારના અમલદારો વેપાર કરતા હતા અને સત્તાનું દબાણ કરીને પોતાની મરજી પ્રમાણે સસ્તે ભાવે રૈયત પાસેથી માલ ખરીદ કરતા હતા. સર ટોમસ મનરોએ એ રિવાજનો બહુજ વિરોધ કર્યો હતો.

૧૩૪-आर्योना साचा महापुरुषो केवा होय छे?

(મહાત્મા રામકૃષ્ણ પરમહંસનું નિરભિમાન)

એક દિવસે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ, એક સદ્ગૃહસ્થને ઘેર

ગયા. ત્યાં આગળ પ્રસિદ્ધ નૈયાયિક દીનબંધુ ન્યાયરત્ન આવેલા હતા. પરમહંસદેવે તેમને જોતાંવારજ પ્રણામ કર્યા; પરંતુ ન્યાય-શાસ્ત્રવિશારદ મહાશયે તેમને પ્રણામ ન કરતાં કહ્યું કે, "આપ શું મારે માટે પ્રણામ કરવા યોગ્ય છો?" પરમહંસે કહ્યું કે, "હું તો બધાનો દાસ છું, બધા મારે પ્રણામ કરવા યોગ્ય છે." પંડિતે કહ્યું કે, "મેં જે પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર આપો. આપ મારે માટે પ્રણામ કરવા યોગ્ય છો કે નહિ?" પરમહંસદેવે નમ્રતાપૂર્વક કહ્યું કે, "આ સંસારમાં બધી વસ્તુઓ કરતાં હું અધમ છું, હું બધાનો દાસાનુદાસ છું, બધાને મારે પ્રણામ કરવા જોઈએ." પંડિતજીએ કહ્યું કે, "તમે મારું તાત્પર્ય સમજ્યા લાગતા નથી. આપને જનોઈ નથી, એટલે આપ બ્રાહ્મણના નમસ્કાર લેવા યોગ્ય નથી; એમ છતાં આપ સંન્યાસી હો તો આપને પ્રણામ કરી શકું. માટેજ પૂછું છું કે, આપ શું સંન્યાસી છો?" નિરભિમાની પરમહંસદેવે પોતાના મુખે એમ પણ કહ્યું નહિ.

૧૩૫–શ્રીમતી રમાબાઈનું પોણોસો રૂપિયાનું અથાણું

શ્રીયુત રાનડે પોતાનાં પત્ની સાથે ઈ. સ. ૧૮૮૪–૮૫માં સતારા જિલ્લામાં સરકારી કામે પ્રવાસે નીકળ્યા હતા. રસ્તામાં રાનડે તો પગે ચાલતા આગળ નીકળી પડ્યા અને રમાબાઈને ગાડી જોડાવીને પાછળ આવવા કહ્યું. ગાડી તૈયાર થાય એટલી વાર રમાબાઈને રમૂજ સૂઝી. એક આંબાના ઝાડને સરસ કેરીઓ આવી રહી હતી. ઝાડ ઉપરથી પાડીને તાજાં ફળ ખાવામાં એક ખાસ પ્રકારનો આનંદ આવે છે. રમાબાઈને એ આનંદ લેવાની ઇચ્છા થઇ અને ગાડીવાનની ચાબુક વડે બે–ત્રણ ફટકા માર્યા. તેથી પાંચ–પચીસ કેરીઓ નીચે પડી. હવે તો એમનો લોભ વધ્યો અને ચાબુ-

કનો એક એવો સપાટો માર્યો કે ચાબુકનો છેડો બંગડીને લાગી ને ચાબુકની સાથે બંગડી પણ ઊડી ગઇ. આની તરત ખબર પડી; પણ તે ક્યાં પડી, તે દેખાઈ નહિ. એમણે તથા સિપાઇએ ઝાડની નીચે તથા આસપાસ ઘણીએ શોધ કરી, પણ પત્તો લાગ્યો નહિ. એના ઉપર પગ આવી જવાથી ધૂળમાં એવી દબાઈ ગઇ કે ગમે તેટલી શોધ કર્યા છતાં પણ પત્તો નજ લાગ્યો.

એટલામાં ગાડી તૈયાર થઇને આવી, એટલે રમાબાઈ એમાં બેસીને આગળ ગયાં. આ વખતે એમને ઘણોજ પશ્ચાત્તાપ થતો હતો. બંગડી શોધવા જતાં વાર થવાથી પતિને ઘણે દૂર સુધી પગે ચાલવું પડયું હશે, તેની પણ તેમને ચિંતા થઇ. પતિને મળતાં બધી હકીકત કહી, ત્યારે રાનડેએ શાંતિપૂર્વક કહ્યું કે, "તેં બીજાની કેરીઓ પૂછ્યા વગર પાડી એ ખોટું કર્યું; માટે તને શિક્ષા થાય અને ફરીથી આવું નહિ કરવાનું યાદ રહે, એટલા માટે બંગડી ખોવાઈ છે. હવે હું એ બંગડીની શોધ કરાવીશ નહિ ને નવી પણ કરાવીશ નહિ; એટલે તને યાદ રહેશે."

રમાબાઇને બંગડી ખોવાયાથી ઘણોજ ખેદ થયો. એ ખેદ દૂર કરવા રાનડેએ સાંજે જમવા બેસતી વખતે વિનોદમાં રસોઈયાને કહ્યું કે, "આજ સત્તારનું પોણોસો રૂપિયાનું અથાણું તો પીરસવા લાવ."

શેનું અથાણું અને શેની વાત? કેરીઓ એમ ને એમ પડી રહી હતી. પત્નીને ખિન્ન જોઇને રાનડેએ કહ્યું કે, "બંગડી ખોવાઇ તેમાં આટલું બધું ખિન્ન થવાની જરૂર નથી. મારાથી પણ આજે તારા જેવીજ એક વાત બની છે. આજ બપોરે મારી તપખીરની દાબડી ખોવાઇ છે. મારી એક વસ્તુ ખોવાઈ અને તારી પણ ખોવાઇ. તું કહીશ કે, તે તો જસતની હતી, તેની તે શી કિંમત? પણ ઉપયોગની દૃષ્ટિએ જોતાં અત્યારે દાબડી વધારે કામની અને કીમતી હતી; કારણ કે એ વિના ચાલશે નહિ. કોઇ પણ વસ્તુ

ખોવાય તો સાવધાનીની ખામી હોવાનો દોષ લાગે છે; માટે એવો દોષ ન થાય તેની સંભાળ રાખવી જોઇએ, પણ આમ આખો દિવસ ઉદાસ થઇને બેસી રહ્યાથી શો લાભ? હસી-રમીને સમાધાનીથી રહેવું, એટલે બીજાઓને પણ ઠીક લાગે."

ત્યાર પછી એ ખોવાયલી વસ્તુનું નામ પણ રાનડેએ દીધું નથી.

१३६–प्रिन्स आल्बर्टनी महेमाननी लागणी माटे काळजी

ઇંગ્લૅંડના પ્રિન્સ આલ્બર્ટે એક દિવસ પોતાના એક ગરીબ પણ યોગ્ય મિત્રને જમવાનું આમંત્રણ આપ્યું. એ ગરીબ માણસ બાલ્યાવસ્થામાં પ્રિન્સ ઉપર પ્રેમ રાખતો હતો અને પ્રિન્સ પણ પોતાના વૈભવના દિવસમાં એ દીન મિત્રને વિસરી ગયા નહોતા. એ મિત્ર ગામડાનો રહેવાસી હતો. ગામડાના લોકો શહેરીઓની સભ્યતા જાણતા હોતા નથી. વિલાયતમાં સુધરેલા લોકો છરી અને કાંટા બેની મદદથી ખાય છે; પણ આ ગામડિયાને પોતાના ઘરમાં એકલી છરીથીજ ખાવાનો અભ્યાસ હતો. શાહજાદાના મેજ ઉપર પણ એણે પોતાની ગ્રામ્યપદ્ધતિથી જમવાનું શરૂ કર્યું. પ્રિન્સ આલ્બર્ટનું ધ્યાન એ તરફ ગયું, એટલે એમણે પણ તરતજ કાંટો છોડી દીધો અને છરીથીજ ખાવાનું શરૂ કર્યું. રાજકુટુંબનાં બાળકોને આથી આશ્ચર્ય લાગ્યું અને તેઓ હસવા લાગ્યાં; પણ પ્રિન્સ આલ્બર્ટે કરડી આંખે તેમની સામું જોયાથી તેઓ શાંત થઈ ગયાં. મહેમાનના ગયા પછી બાળકોએ પૂછ્યું કે, "બાપુ! તમે કાંટાનો ઉપયોગ કેમ ન કર્યો?"

પ્રિન્સે ઉત્તર આપ્યો કે, "એમ કર્યાથી મારો મિત્ર શરમાઇ જાત. એને કાંટાનો ઉપયોગ કરતાં આવડતું નહિ હોવાથી

એ ગભરાઇ જાત. મારી દેખાદેખી એને પણ એવું કરવું પડત અને એમાં એને અગવડ થાત."

પ્રિન્સ આલ્બર્ટનું આ આચરણ એમની સભ્યતાનો સારો પરિચય આપે છે.

१३७–बेज घडीमां ब्रह्मप्राप्ति करवानी कळा

એક વાર મહારાજા જનકે એક સભા ભરીને મોટા મોટા વિદ્વાનોને તેડચા અને પ્રશ્ન કર્યો કે, "એવો ઉપાય બતાવો કે જેથી બે કલાકમાં ઈશ્વરપ્રાપ્તિ થઇ જાય." એ વખતે ત્યાં ઘણા પંડિતો હાજર હતા. અષ્ટાવક્રજીના પિતા પણ ત્યાં હતા. અષ્ટાવક્ર બહારથી ઘેર આવ્યા અને પિતાજી ન જણાયા, ત્યારે માતાને પૂછતાં ખબર પડી કે, આજ જનકરાજાને ત્યાં મોટી સભા છે. અષ્ટાવક્ર પણ એ સભામાં ગયા. ત્યાં એમને જોઇનેજ સભાના લોકો હસવા લાગ્યા, પણ અષ્ટાવક્ર એથી છોભીલા ન પડતાં બમણા હસ્યા; એટલે સભાસદોએ અમને પૂછ્યું કે, "તમે શા સારુ હસ્યા?" અષ્ટાવક્રે એમને ઊલટો સવાલ પૂછ્યો કે, "તમે શું જોઇને હસ્યા?" સભાસદોએ કહ્યું કે, "અમે તો આપનાં આઠે અંગ વાંકાં જોઇને હસ્યા." ત્યારે અષ્ટાવક્રે જણાવ્યું કે, "હું એટલા માટે હસ્યો કે હું વિદ્વાનોની મંડળીને બદલે ચમારો સમક્ષ આવ્યો છું, એમ મને લાગ્યું; કારણ કે હાડકાં અને ચામડાંની પરીક્ષા ચમારોજ કરે છે." એ સાંભળીને રાજાને લાગ્યું કે, આ સાચો બ્રહ્મજ્ઞાની છે. એણે અષ્ટાવક્રનો ઘણો આદરસત્કાર કર્યો અને પોતાનો પ્રશ્ન પૂછ્યો. અષ્ટાવક્રે કહ્યું કે, "હું આપને બે ઘડીમાંજ ઈશ્વરપ્રાપ્તિ કરાવી દઉં તો શું આપો?" જનકે કહ્યું કે, "મારું આખું રાજ્ય આપી દઉં." અષ્ટાવક્રે કહ્યું કે, "શું રાજ્ય આપનું છે? જન્મતી વખતે એ રાજ્યને સાથે લાવ્યા હતા? આપ શું બીજાઓની પેઠે ખાલી હાથે

'ઉંઆઉં, ઉંઆઉં' કરતા ઉત્પન્ન નહોતા થયા?" જનકે કહ્યું કે, "હે મહારાજ! રાજ્ય સિવાય તો મારી પાસે બીજું કાંઇ નથી, હું શું આપું?" અષ્ટાવક્રે કહ્યું કે, "આપ આપની પોતાની વસ્તુ આપો." ત્યારે મહારાજા જનકે કહ્યું કે, "મારી પાસે બીજું કાંઈ નથી." અષ્ટાવક્રે કહ્યું કે, "આપનું મન આપો, એટલે હું આપને ઇશ્વર સાથે મેળાપ કરાવી દઈશ." બસ, જે વખતે જનક-રાજાએ પોતાના મનને સ્થિર કર્યું, તેજ વખતે એમને બ્રહ્માનંદ-નો અનુભવ થવા લાગ્યો અને ઘણોજ આનંદ પ્રાપ્ત થયો.

ઉપનિષદમાં કહ્યું છે કે, એ એક બ્રહ્મ, મનના શાંત થવાથીજ જાણી શકાય છે, બીજા કશાથી નહિ.

१३८–राजा जनक अने देहाभिमाननो त्याग

(રાજા જનક)

એક વાર મહારાજા જનકના મંત્રીએ એમને પૂછ્યું કે, "મહા-રાજ! આપ દેહધારી હોવા છતાં પણ વિદેહી કેમ ગણાઓ છો?" મહારાજે ઉત્તર આપ્યો કે, "આનો ઉત્તર થોડા દિવસ પછી આપીશ." કેટલાક દિવસ પછી મહારાજાએ એક દિવસ મંત્રીને ભોજનનું આમંત્રણ આપ્યું અને ભોજન સારુ બધા પદાર્થ એવા બનાવ્યા, કે જેમાં મીઠું નહોતું નાખ્યું. મંત્રીજી ભોજન કરે તે અગાઉ રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે, "આજ ચાર વાગે મંત્રીને ફાંસી દેવામાં આવશે." વળી ઢંઢેરો પીટનારને કહી દીધું કે, "મંત્રીજીને બારણે જઇને ત્રણ વાર જોરથી સાદ પાડજે કે જેથી એ બરોબર સાંભળે." થયું પણ એમજ. મંત્રીએ મહારાજાનો ઢંઢેરો સાંભળ્યો, પણ રાજાની આજ્ઞા હોવાથી બે વાગે ભોજન કરવા જવું પડ્યું. રાજાએ ઘણા આદરપૂર્વક એમને ભોજન

કરાવ્યું. મંત્રીજી ભોજન કરી રહ્યા એટલે જનકે પૂછ્યું કે, "મંત્રીજી! આપ કહો તો ખરા કે આજનું ભોજન કેવું હતું? દરેક વાનીમાં મીઠું કેટલું અને કેવું પડયું હતું? એનો ઠીક ઉત્તર આપશો તો સૂળીની સજા માફ કરી દઇશ."

મંત્રીએ કહ્યું કે, "મહારાજ! મને મૃત્યુના ભયને લીધે કાંઇ પણ ભાન રહ્યું નથી કે મીઠું વધારે હતું કે ઓછું. હું શું કહું?" મહારાજા જનકે કહ્યું કે, "તમને સૂળીએ ચઢાવવાનો વખત ચાર વાગ્યાનો હતો અને બે વાગ્યે આપ ભોજન કરવા બેઠા હતા. બે કલાક જીવવાની પૂર્ણ આશા હતી, છતાં આપને મીઠાનું ભાન રહ્યું નહિ! શરીર, સ્મરણશક્તિ, જીભ વગેરે બધું કાયમ રહેવા છતાં પણ આપને મીઠું છે કે નહિ, તેનું પણ ભાન ન રહ્યું! તમે બે કલાકનો સમય હોવા છતાં છતા દેહે દેહભાન વગરના થઇ ગયા, તો મને તો એક પળની પણ ખાતરી નથી અને તેથીજ હું સદા વિદેહી રહું છું."

१३९–केळवायेली मातानी संतान उपर असर

એક સમયે ભોજરાજા પોતાના રાજ્યની પાઠશાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા લેતા હતા. બધા બ્રહ્મચારીઓની પરીક્ષા લઇ ચૂકયા પછી રાજા એક બ્રહ્મચારી પાસે ગયા; એટલે એ બ્રહ્મચારીએ તરતજ એક શ્લોક રચીને રાજાને સંભળાવ્યો:

त्वद्यशो जलधौ भोज निमज्जनभयादिव।
सूर्येन्दु बिम्बमिषतो धत्ते तुम्बिद्वयं नमः॥

અર્થાત્ હે મહારાજ! આકાશ આપના યશરૂપી સમુદ્રમાં ડૂબવાના ભયથી સૂર્ય અને ચંદ્ર બન્નેને તૂંબડાં બનાવીને રહ્યું છે.

એ સાંભળીને મહારાજા એ બાળકની કાવ્યશક્તિ જોઇને

પ્રસન્ન થયા અને અધ્યાપકને પૂછ્યું કે, "આ બાળક આટલો બધો ચતુર કેમ છે?" અધ્યાપકજીએ ઉત્તર આપ્યો કે, "મહારાજ! આ બાળકની માતા સંસ્કૃત ભણેલી છે અને પરમ વિદુષી છે. બાળકે ઘર આગળ માતાની પાસેજ સાહિત્યનો થોડો અભ્યાસ કર્યો છે."

१४०–संत इसिद्रोनी जनसेवा

સેંકડો વર્ષ પૂર્વે સ્પેન દેશમાં એક ગરીબ ખેડૂત રહેતો હતો. તેનું નામ ઇસિદ્રો હતું. ધન–વૈભવમાં દરિદ્ર હોવા છતાં એનું હૃદય ઘણું ઉદાર હતું. ધનવાનો ધનથી જેટલી સેવા નથી કરી શકતા, તેટલી ગરીબ મનુષ્યો ખરી લાગણીથી તન વડે કરી શકે છે. ઇસિદ્રો પોતાના ગામના ખેડુતબંધુઓને સહાયતા આપવા સદા તત્પર રહેતો. એમને પાણીની તંગી હોય તો પોતે કૂવો ખોદી આપતો. એમને દારૂ ભરવા સારુ ભોંયરાની જરૂર હોય તો પોતે જમીન ખોદીને ભોંયરું બનાવી આપતો. દરરોજ સવારે એ ખેતરોમાં જઇ પક્ષીઓને દાણા નાખતો અને પ્રભુનાં ગીત ગાતો.

એના માયાળુ સ્વભાવ અને ઉદાર હૃદયને લીધે ગામના બધા લોકો એના પ્રત્યે બહુ ભક્તિ ધરાવતા અને એને "સાધુ ઇસિદ્રો" નામથી ઓળખતા. હજુ પણ એ સ્પેનમાં સાધુ તરીકે પૂજાય છે અને એની દૈવી શક્તિના ચમત્કારોની ઘણી કથાઓ એ દેશમાં પ્રચલિત છે. દાન, પરોપકાર, સજ્જનતા અને દુઃખીઓની સાથે સહાનુભૂતિ, એ બધા ગુણો ધરાવનાર મનુષ્યમાં દૈવી શક્તિઓનો વિકાસ થયો હોય તો એમાં આશ્ચર્ય પણ શું છે!

१४१–नेपोलियननी सुंदर शिखामण–बीजाने मान आपो

એક દિવસ ફ્રાન્સ દેશનો બાદશાહ મહાન નેપોલિયન એક સન્નારીની સાથે ફરવા જઈ રહ્યો હતો. એટલામાં ભારે બોજો માથે ઊંચકીને જતો એક માણસ એમને મળ્યો. નેપોલિયનની સાથે જનારી રમણી કાંઇ જેવી તેવી તો હશેજ નહિ. એના મનમાં પોતાની પદવીનું અભિમાન હતું. એણે ધાર્યું કે, એ મજૂર આઘો ખસીને ધણોએ ચાલ્યો જશે. આમ વિચારીને એ સાંકડા રસ્તાના વચલા ભાગમાં ઊભી રહી. નેપોલિયનને આ વર્તણૂક અસભ્ય લાગી. એણે રમણીને આઘી ખસેડીને કહ્યું કે, "મડમ! બોજાને માન આપો." પેલો મજૂર સરળતાથી ચાલ્યો ગયો. આ પ્રમાણે એણે એ તુમાખી રમણીનો મિજાજ ઠેકાણે આણ્યો.

એ ફ્રેંચ રમણીના જેવી ભૂલ આપણે હમેશાં કરીએ છીએ. માથા ઉપર થેલો કે પેટી મૂકીને જનારા મજૂરને ખસી જવા હુકમ આપીએ છીએ અને હાથમાં નાજુક સોટી લઇને ચાલનારા આપણા સુકુમાર દેહને જરા ખસી જવાનો શ્રમ આપતા નથી. રબરટાયરની ગાડી કે મોટરમાં બેઠા હોઇએ અને સામેથી પુષ્કળ ભારભરેલો ખટારો આવતો હોય, તો ખટારાવાળો આપણે સારુ માર્ગ કરે, એવી ઈચ્છા રાખીએ છીએ અને એ બિચારો એમ ન કરે તો આપણા સભ્ય મુખમાંથી એને "ગામડિયો" "મૂર્ખ" આદિ વિશેષણોથી વધાવીએ છીએ. એવે સમયે નેપોલિયનનું "બોજાને માન આપો" એ વાક્યનું સ્મરણ કરવું જોઇએ.

१४२–महाराणी मेरी अने गामडियो

મહારાણી મેરીની રોગીઓ પ્રત્યે ઘણી સહાનુભૂતિ છે. અનેક વાર તેઓ હૅાસ્પિટલની મુલાકાતે જાય છે અને રોગી તથા દુઃખી મનુષ્યોની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરીને તેઓને શાંત કરે છે. એક વખત હૅાસ્પિટલમાં એક ગામડિયો માંદો પડ્યો હતો. એણે આવા રાજવંશીઓને કદી પણ જોયેલાં નહિ, તેથી રાજા-રાણીના આવવાના સમાચાર મળ્યા, ત્યારે એ ગભરાયો અને એણે કહ્યું કે, "બાદશાહથી તો હું બહુ બીતો નથી; પણ મહારાણી સાહેબ પધારશે, ત્યારે હું એમના દરજ્જાને છાજે એવી સભ્યતાપૂર્વક વાતચીત કેવી રીતે કરીશ? એટલામાં તો મહારાણી તેની પાસે ગયાં અને તેની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કર્યો. રાણીની સરળતા જોઇને એના મનમાંની બધી બીક ચાલી ગઈ અને એમના ગયા પછી પોતાના સાથીઓને કહેવા લાગ્યો કે, "મહારાણી તો જાણે મારાં માતુશ્રી મારી પાસે આવીને ઊભાં હોય એવાંજ મને લાગ્યાં!" તેની માતા એક મજબૂત બાંધાની, ભારે હાથવાળી, ગામડિયણ પણ અતિ સ્નેહાળ ભૂરી આંખોવાળી સ્ત્રી હતી તથા તેની બાબતમાં તેની અને રાણી વચ્ચે મળતાપણું છે ખરું, એમ બધાએ કબૂલ કર્યું.

('સ્ત્રીબોધ' ઉપરથી)

१४३–रानडेनी कुटुंबीओ तथा नोकरो माटे काळजी

ઘણાં મનુષ્યો મોટી પદવી પામ્યા પછી અભિમાની થઈ જાય છે. ગરીબ સગાં-સંબંધીઓની ખબર-અંતર રાખતાં તેમને શરમ આવે છે; પણ ખરા મહાનુભાવ પુરુષોની મહત્તા તો પદવૃદ્ધિની સાથે વધતીજ જાય છે.

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેને એવી ટેવ હતી કે, ગમે તેટલો દૂરનો સગો કે નોકર ઘરમાં માંદો છે, એવા સમાચાર કાને પડતાં તરતજ માંદા માણસના ઓરડામાં પોતે જઈ ખબર પૂછતા અને ડૉકટરને બોલાવી દવાની વ્યવસ્થા કરતા. પત્ની રમાબાઇને ખાસ આગ્રહ કરતા કે, એની માવજતનો ભાર નોકર-ચાકરો ઉપર ન સોંપતાં તું પોતેજ દેખરેખ રાખજે. તે પણ માણુસ સાજો થતાં સુધી દરરોજ બે વખત તેની ખબર પૂછવાનું ભૂલતા નહિ.

રમાબાઇને એથી ઘણું આશ્ચર્ય લાગતું કે, આટલા બધા સરકારી કામમાં તથા લોકસેવાનાં અનેક મહત્ત્વનાં કાર્યોમાં નિમગ્ન રહેવા છતાં એમને આવી નજીવી વાતો સંબંધી વખતોવખત પૂછવાનું યાદ કેમ રહે છે? એક વાર તેમણે પોતાના મનની એ શંકા સરળ હૃદયે પતિ આગળ પ્રગટ પણ કરી દીધી. રાનડેએ ઉત્તર આપ્યો કે, "કોઈ પણ કામનું સ્મરણ રહેવાનો આધાર તે કામ માટે આપણને કેટલી ચિંતા છે તે ઉપર, તેમજ આપણા ઉપર તેની કેટલી જવાબદારી છે તે ઉપર રહેલો છે. જો કાળજી ન હોય તોજ સ્મરણ રહે નહિ. જે વાત અંતઃકરણ સુધી પહોંચી હોય, તે ઘણું કરીને કોઇ પણ ભૂલી જતું નથી. આપણું મન ઘણા દુઃખથી, ચિંતાથી કે તીવ્ર વેદનાથી પીડાતું હોય, ત્યારેજ યાદ ન આવે; પણ એવો વખત ક્વચિતજ આવે છે અને આવે તોપણ તે વાતને કોઈ દોષમાં ગણતું નથી."

૧૪૪–जीवन्मुक्तनुं मन

(શ્રીરામકૃષ્ણ પરમહંસ)

જે વખતે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવને ગળામાં નાસૂરનો રોગ થયો હતો, તે વખતે એમને જોવા જનાર શ્રીયુત શશધર

તર્કચૂડામણિએ કહ્યું કે, "આપના જેવા પુરુષ મનને એકાગ્રપણે રોગવાળા ભાગ ઉપર ઠસાવીને કહે કે, 'રોગ ચાલ્યો જા, રોગ ચાલ્યો જા' તો દુઃખ મટી જાય. એ પ્રમાણે એક વાર કરી જુઓ ને ?" પરમહંસદેવે ઉત્તર આપ્યો કે "તમે પંડિત થઇને આવી વાત શા સારુ બોલો છો ? એ મન સચ્ચિદાનંદને આપ્યું છે, તેને ત્યાંથી ખસેડીને આ હાડમાંસના ખોખા ઉપર જમાવવું ?" પંડિતજી નિરુત્તર થઇ ગયા; પરંતુ વિવેકાનંદ વગેરે ભક્તો તો હઠ પકડીને બેઠા કે, "અમારે ખાતર આપે દુઃખ દૂર કરવુંજ પડશે." પરમહંસદેવે એમને કહ્યું કે "દુઃખ મટાડવું ન મટાડવું એ માને હાથ છે. શું રોગ ભોગવવાની મને ઇચ્છા થાય છે ?" એટલે વિવેકાનંદે કહ્યું કે, "ત્યારે માને કહો કે રોગ મટાડી દે." પરમહંસદેવે કહ્યું કે, "તુંજ એ પ્રમાણે કહી જોજે, આ મુખે તો એ વાત નીકળશે નહિ." ગુરુભક્ત શિષ્યો છોડે એવા નહોતા. એમણે અતિશય આગ્રહ કર્યો, ત્યારે પરમહંસદેવે કહ્યું કે, "ઠીક, કહી જોઇશ." બીજે દિવસે વિવેકાનંદના પ્રશ્નના ઉત્તરમાં પરમહંસદેવે જણાવ્યું કે, "મેં માને કહી જોયું કે આ દર્દવાળા ગળામાંથી ખાતાં તને દુઃખ થતું હશે; ત્યારે માએ તને બતાવીને કહ્યું કે, "એના મુખ વડે હું ખાઇશ."

૧૪૫–सरदार ग्रेन्टनी ऊंडी बुद्धि अने अडग धारणा

અમેરિકામાં એક વાર લશ્કરી જગ્યાએ ઘોડા ઉપરથી પડ્યાને સરદાર ગ્રેન્ટને થોડોજ વખત થયો હતો; એવામાં બીજા સ્થળના લશ્કરની સરદારી લેવાનો હુકમ તેને મળ્યો. શત્રુપક્ષનો ત્યાં એવો સખ્ત ઘેરો હતો કે, તે થોડા દિવસમાંજ શરણે જાય એવો સંભવ હતો. રાત્રે દુશ્મનની છાવણીની તાપણીઓથી આજુબાજુની ટેક-

રીઓ ઝળહળી રહી હતી. સરસામાન લઇ જવા-લાવવાનો વ્યવહાર તોડી નાખવામાં આવ્યો હતો. જનરલ ગ્રેન્ટને દરદ ઘણું થતું હતું; છતાં પણ તેણે લડાઇની તે નવી જગા ઉપર પોતાને લઇ જવાનો હુકમ આપ્યો.

નદીમાં વહાણો ઉપર તથા જંગલમાં માઇલના માઇલ ઘોડા ઉપર, ડોળીમાં અને છેવટે શહેરમાં ચાર માણસની ખાંધ ઉપર તેને તે સ્થળે લઇ જવામાં આવ્યો. એકદમ વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ. નિપુણ નર આવી પહોંચેલો સાંભળીને તેના બળની અસર લશ્કરને થઇ. તે ઘોડા ઉપર ચઢી શકે તે પહેલાં તો તેણે લશ્કરને આગળ ધસવાની આજ્ઞા આપી. ઈંચે ઈંચ જમીન માટે દુશ્મનો લડ્યા; છતાં થોડા વખતમાં આજુબાજુની ટેકરીઓ યુનિયનના સૈનિકોએ લીધી. આ કાંઇ નસીબની વાત નહોતી, આ કાંઇ પ્રારબ્ધનું પરિણામ નહોતું; પરંતુ ઘવાયલા સરદાર ગ્રેન્ટની ઊંડી બુદ્ધિ અને અડગ ધારણાનુંજ તે પરિણામ હતું.

(' આગળ ધસો ' માંથી)

૧૪૬-राम राखे तेने कोण चाखे ?

છેલ્લા જર્મન યુદ્ધસમયે પોતાનો પરાજય પાસે દેખાવા માંડ્યો, ત્યારે જર્મનોએ પાછા હઠતાં અનેક નગરોનો નાશ કર્યો હતો. એમના ત્રાસથી દુઃખી થઇને એક વખત એક ગામના બધા લોકો નાસી ગયા. આગ અને ભાંગતોડથી નાશ પામેલા એક નગરમાં અંગ્રેજ સૈનિકોએ જોયું કે, એક નિર્દોષ બાળક એકલું ઘસઘસાટ નિદ્રા લઇ રહ્યું છે. આખું નગર પાયમાલ થયું, બધા ભયભીત થઇને નાસી ગયા અને આ દૂધ પીતું બાળક એકલું બચી ગયું. માટે એમાં જરૂર બાળકનું વિધાન હશે, એમ ધારીને

એ દયાળુ અંગ્રેજોએ તેને ઉપાડી લીધું અને પોતાની સાથે રાખ્યું. અતિ પ્રેમથી તેઓ એને લઇને ઘાસની પથારીમાં સૂતા હતા, એ-વામાં પાછલી રાત્રે જર્મનોના ગોળા પાછા છૂટયા. પેલા બે અંગ્રેજો ઊડી ગયા, તેમના હાથપગ પણ વિખરાઇ ગયા; પણ પેલું બાળક જ્યાં સૂતું હતું, ત્યાંજ સહીસલામત ઘોર નિદ્રામાં પડયું હતું. સવારે બીજા સૈનિકો આવ્યા. તેમણે એને ઉપાડી લીધું અને પાલનપોષણ કર્યું.

આ ભગવાનની અપૂર્વ લીલા નહિ તો બીજું શું !

૧૪૭–कणादऋषिनो त्याग

ખેડૂતો ખેતરનો પાક લણીને લઈ જાય, ત્યાર પછી જે કણ પડ્યા હોય તે વીણી લઈ તે ઉપર મહર્ષિ કણાદ ગુજરાન ચલા-વતા; એથીજ એમનું નામ કણાદ પડયું હતું. એવી રીતે એ સાદા અને સૂક્ષ્મ ભોજનનો આહાર કરીને એમણે વૈશેષિક દર્શન લખ્યું હતું. એક દિવસ એ રાજ્યના રાજાને ખબર પડી કે, એની હદના જંગલમાં એક મહાવિદ્વાન ઋષિ ફક્ત ખેતરમાંના દાણા વીણીને પોતાનો નિર્વાહ ચલાવે છે, ત્યારે રાજાએ પુષ્કળ દ્રવ્ય લઈને પોતાના અમલદારોને એ ઋષિની સેવામાં મોકલ્યા. ઋષિ એ વખતે સમાધિમાં હતા. એમણે નેત્ર ખોલતાંવાર રાજાના અમલ-દારોને જોયા અને એમના આવવાનો ઉદ્દેશ પણ પૂછપાછ કરતાં જણાયો. નિર્લોભ ઋષિએ કહ્યું કે, "તમારા રાજાએ મોકલેલું આ ધન કોઇ ગરીબને આપી દો." અમલદારને એ વાક્ય સાંભળીને આશ્ચર્ય થયું કે, પોતે તો એક લંગોટીભેર છે, કણ વીણીને પેટ ભરે છે અને ગરીબની વાતો કરે છે. એમના કરતાં તે વળી વધારે ગરીબ કોણ હશે ? એમણે જઈને રાજાને એ સમાચાર કહ્યા.

રાજાએ સભા ભરીને સભાસદોની સલાહ લીધી. કોઇએ કહ્યું કે, "આપના દરજ્જાને છાજે એવો એ સરપાવ નહોતો." રાજાએ બીજી વાર બમણું ધન લઇને કારભારીને મોકલ્યા. એ વખતે પણ ઋષિએ એજ ઉત્તર આપ્યો કે, "કોઈ દીન-દરિદ્રને એ ધન આપી દેજો. હવે તો રાજાસાહેબ પોતેજ એથી ચોગણું ધન તથા શાલ-દુશાલા વગેરે લઇને મહર્ષિ કણાદની સેવામાં ઉપસ્થિત થયા અને એનો સ્વીકાર કરવાને નમ્રતાપૂર્વક વિનતિ કરી; પરંતુ નિઃસ્પૃહ ઋષિએ પુનઃ કહ્યું કે, "કોઇ કંગાલનેજ આ ધન આપી દો." રાજાએ હાથ જોડીને કહ્યું કે, "મહાત્માજી! અપરાધ ક્ષમા કરશો. મને આશ્ચર્ય થાય છે કે, આપના પોતાના અંગ ઉપર એક લંગોટી-માત્ર છે, છતાં આપ કહો છો કે, આ ધન કોઇ ગરીબને આપી દો! મને તો આપના કરતાં વધારે કંગાલ કોઇ જણાતું નથી." મહાત્માએ વધારે દલીલ ન કરતાં કહ્યું કે, "કોઇ કંગાલને આ ધન આપી દો." રાજા લાચાર થઇને મહેલ તરફ પાછો ફર્યો અને રાત્રે પોતાની મહારાણીને એ વૃત્તાંત કહી સંભળાવ્યું. રાણી સમજુ હતી. એણે પતિને ઠપકો આપ્યો કે, "એવા તત્ત્વજ્ઞાની મહાત્મા પાસે દ્રવ્ય અને સરપાવ લઇ જવામાં આપે મોટી ભૂલ કરી છે. ત્યાં આગળ જઇને તો કોઇ એવી રસાયનવિદ્યા શીખી આવો કે, જેથી અનેક ગરીબોનું કલ્યાણ થાય. હમણાંજ તમે એ ઋષિની પાસે જાઓ."

પત્નીની સલાહ માનીને રાજા રાતોરાત ઋષિની ઝૂંપડીમાં ગયો અને એમના ચરણમાં પડીને દીનતાપૂર્વક કહ્યું કે, "મહારાજ! હું આપને મારા ધનવૈભવની લાલચ બતાવતો રહ્યો, એ મારો અપરાધ ક્ષમા કરો. આપ મને એવી કોઇ રસાયનવિદ્યા બતાવો, કે જેથી મારા રાજ્યના દીન લોકોનું પાલન થાય." મહાત્માએ પૂછ્યું કે, "રાજન્! હું દિવસે પણ તારે ઘેર કદી આવ્યો નથી અને આજ

અર્ધરાત્રિએ તું મારી કુટિરમાં આવીને ભીખ માગી રહ્યો છે. કહે હવે કંગાલ કોણ? તું કે હું?" રાજાએ ફરીથી ક્ષમા માગી, એટલે ઋષિએ તેને માથે હાથ મૂકીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે, 'એજ ખરું રસાયન છે. આ બ્રહ્મવિદ્યારૂપી રસાયન લોખંડને સુવર્ણ બનાવી દે, તેમ નરને નારાયણ બનાવી દે છે. જા, જઈને તારા રાજ્યમાં બ્રહ્મવિદ્યાનો પ્રચાર કર.×"

૧૪૮–રાનડેનો ઇન્દ્રિયનિગ્રહ

એક દિવસે રાનડેને એમના મિત્ર નારાયણભાઇ દાંડેકરે પોતાના બગીચામાંથી આફુસ તથા પાયરીની કેરીઓ મોકલાવી અને લખ્યું કે, "મેં મારે હાથે વાવેલા ઝાડનાં આ ફળ હોવાથી આપ એમાંની થોડી પણ કેરીઓ ખાશો તો મને ઘણો આનંદ થશે." એ કેરીઓમાંથી એક કેરી લઈ તેના કકડા એક રકાબીમાં મૂકી રમાબાઇને ખાવા આપ્યા. ભોજન કર્યા પછી રાનડેએ એમાંથી એક ફાડ ખાધી અને કેરીના સ્વાદનાં ઘણાં વખાણ કરી કહ્યું કે, "તમે ખાઓ અને નોકરોને પણ આપજો હો." એમ કહી રકાબીમાંથી બીજો એક કકડો લઇ રકાબી ખસેડી મૂકી. એ જોઇ રમાબાઇને ઘણું આશ્ચર્ય લાગ્યું અને કહ્યું કે, "કેરી ન ભાવતી હોય એવું તો

× 'બ્રહ્મવિદ્યાનો પ્રચાર' એનો અર્થ અત્યારે જેમ હાલના શુષ્ક વેદાંતીઓ પોતાનાં આચરણ પામર વિષયી જેવાં હોવા છતાં 'તત્ત્વમસિ'ને 'અહં બ્રહ્માસ્મિ' જેવાં મહાવાક્યો ઉપદેશ્યા કરે છે, અને તેમ કરીને બીજાઓમાં પણ પોતાનું પામર વિષયીપણુંજ વધારે છે, તેવો નહિ સમજતાં બ્રહ્મવિદ્યાનું દ્વાર અથવા અધિકાર મેળવવા માટે જે ઉત્તમ ગુણ–કર્મની આવશ્યકતા છે, તેનોજ પ્રચાર જરૂરી સમજવો જોઇએ; 'કર્મયોગ' અથવા 'પૂર્ણ નિષ્કામભાવે લોકસેવા'નું પહેલું પગથિયું પણ તે પછીજ પ્રાપ્ત થાય છે.

ભાગ્યેજ કોઇ હશે." રાનડેએ કહ્યું કે, "મને પણ એ ગમી છે. મેં પણ એના બે કકડા તો ખાધા છે ને!"

રમાબાઈએ કહ્યું કે, "આશ્ચર્ય તો એજ છે ને! કેરી જેવી ચીજ પચવામાં ભારે નથી. તબિયત પણ આપની સારી છે. કેરીઓ પણ ઉત્તમ છે અને મિત્રને ત્યાંથી પ્રેમપૂર્વક આવેલી છે; છતાં આપે બેજ કકડા કેમ ખાધા? આ બધા તમે ખાધા હોત તો કેવું સારું થાત? મેં જ્યારે કાપીને થોડી ચાખી, ત્યારે મને તો એવું લાગ્યું હતું કે, તમે બીજી વાર પણ માગશો."

રાનડેએ કહ્યું કે, "ફળ ખરેખર ઘણું સારું છે; માટેજ મેં આટલું રહેવા દીધું છે. તું ખા અને છોકરાંઓને આપ. મારી જો ઇચ્છા હોત તો બે કકડા વધારે ખાઇ શકત; પણ આજ જીભની પરીક્ષા લઇ જોઈ. એ વિષે અત્યારે મને એક વાત યાદ આવે છે તે કહું છું. નાનપણમાં અમે મુંબઇમાં ભણતા હતા, ત્યારે ફણસવાડીમાં ડી મોંટેની ચાલમાં રહેતા હતા. અમારી પડોશમાં માયદેવ નામે એક મિત્ર તેની માતા સહિત રહેતો હતો. એમનું કુટુંબ પહેલાં ઘણી સંપત્તિવાળું હતું. તે લોકો ખાધેલ–પીધેલ હતાં; પણ હવે એમની સ્થિતિ એવી સારી નહોતી. પિતાના મૃત્યુ પછી માયાદેવનું ઈનામી ગામ ખાલસા થઇ ગયું હતું અને પચીસ–ત્રીસ રૂપિયાની સ્કૉલરશીપ મળતી તે ઉપર મા–દીકરો બન્નેને ગુજરાન ચલાવવું પડતું.

એ બાઇએ પહેલાં સુખ ભોગવ્યું હતું, એટલે આ સ્થિતિ તેને દુઃખમય લાગતી. જો કોઇ દિવસ તેનો છોકરો શાક ન લાવે તો ઘણી ગુસ્સે થતી અને અમારા દેખતાં મોટેથી બોલતી કે, "મારી જીભ ઘણી ચટોરી થઇ ગઇ છે. હું એને ઘણું કહું છું કે, સાત–આઠ શાક, સાત–આઠ રાઈતાં તથા બે–ત્રણ પક્વાન્નથી પીરસેલી થાળીઓ તથા ઘી, ખીર, મઠા વગેરેથી ભરપૂર વાડકાઓ મળતા,

તે દિવસ હવે જતા રહ્યા છે. તે યાદ કરવાથી શું લાભ? પણ ચાર-પાંચ વાનીઓ બનાવ્યા વગર ચાલતુંજ નથી અને આ છોકરાને તો શાક લાવવાનો પણ કંટાળો! એને શાક વગર ચાલે છે, પણ મારે ચાલતું નથી.” આ ઉપરથી મેં સાર એ કાઢયો કે, જીભને વશ ન રાખીએ તો તે મસ્ત બની જાય છે અને નબળા દિવસમાં આપણી આજ્ઞા માનતી નથી. માટે માણસે, એવી ટેવો પાડવી કે જે ગમે તેવી સ્થિતિમાં નભી શકે. એથી ગમે તેવી ખરાબ દશા પણ દુઃખકારક લાગતી નથી. દરેક માણસે જેમ જેમ વૃદ્ધ થતો જાય અને સમજશક્તિ વધતી જાય, તેમ તેમ પશુવૃત્તિ ઓછી કરવા અને દૈવી ગુણ વધારવા તરફ લક્ષ્ય આપવું જોઇએ. સારી ટેવને સાધતાં ઘણાં કષ્ટ પડે છે; માટે તેને મદદ કરવા સારુ આપણે પણ થોડાઘણા નિયમ તો બાંધવાજ જોઇએ.

ભાગ્યવાન અધિકારી પુરુષો તો સખ્ત નિયમો પાળે છે તથા યોગસાધન પણ કરે છે; પરંતુ અમે તેટલા ભાગ્યવાન નથી. અમે તો હજારો વ્યવસાયોમાં નિમગ્ન છીએ, એટલે ગજા પ્રમાણે થાય તેટલોજ ઇન્દ્રિયનિગ્રહ કરીએ છીએ.

१४९–फ्लॉरेन्स नाइटिंगेलनी दया

ઇંગ્લૅંડ દેશમાં ફ્લૉરેન્સ નાઇટિંગેલ નામનાં એક મહાપરોપકારી અને સેવાપરાયણ સન્નારી થઈ ગયાં છે. ઈ. સ. ૧૮૨૦માં ઇટલીના રમણીય નગર ફ્લૉરેન્સમાં એમનો જન્મ થયો હતો અને ઇ. સ. ૧૯૧૦માં ૯૦ વર્ષની વૃદ્ધ વયે તેમનું મરણ થયું હતું.

ગરીબો, દુઃખીઓ અને માંદાંઓની સેવામાં તેમણે પાછળથી પોતાનું જીવન સમર્પણ કર્યું હતું, પણ એ ગુણો એમની બાલ્યાવસ્થામાં પણ જણાઈ આવે છે.

છેક નાની ઉંમરે જ્યારે એ ઢીંગલા–ઢીંગલીની રમત રમતાં, ત્યારે તેમની ઢીંગલી પણ હમેશાં માંદી રહેતી અને તે નિત્ય તેની સારવાર કર્યા કરતાં. ઘણીજ સાવચેતીથી તેને ઋતુને યોગ્ય વસ્ત્ર પહેરાવતાં, સુવાડતાં અને ખોરાક પણ સંભાળીને આપતાં. તેને સુવાડે ત્યારે પોતાની બહેનને કહેતાં કે, "બહેન! જોજે હો, બહુ ગડબડ ના કરતી; નહિ તો મારી ઢીંગલી જાગી ઊઠશે." તેનાં ઓશીકું, ચાદર વગેરે સફાઇથી પાથરતાં, તેનું મન રંજન કરવાને નાના પ્રકારનાં રમકડાં તેની નજર આગળ મૂકતાં તથા તેની હાલત મહેનત કરીને સુધારતાં ને પાછી રોજ તે બિચારીને મંદવાડના બિછાનામાં સુવાડતાં. તેમની બહેનમાં આ પ્રકારની લાગણી નહિ હોવાથી તે તેની ઢીંગલીને ગમે તે રીતે આડીઅવળી પકડતી, તેથી કોઇ દિવસ તેનો હાથ ભાંગતો તો કોઈ દિવસ તેનો પગ ભાંગતો. તે વખતે તેને મલમપટ્ટા કરાવવાને તે ફ્લૉરેન્સ પાસે જતી. નાની ફ્લૉરેન્સ ભલભલા હાડવૈદ્યને હઠાવે તેટલી કુશળતાથી તેનાં હાડકાં બેસાડતી અને પાટા બાંધતી.

આ પ્રમાણે બાલ્યાવસ્થામાંથી માંદા માણસની સેવા કરવાનો શોખ તેમનામાં ઉત્પન્ન થયો હતો.

ઢીંગલા–ઢીંગલીઓ તથા ઘરમાં પાળેલાં પશુ–પક્ષીઓદ્વારા પણ બાળકોમાં દયા અને સેવાના ગુણો ખીલવી શકાય છે.

(ફ્લૉરેન્સ નાઇટિંગેલના જીવનચરિત્રમાંથી)

૧૫૦–एक विद्यमान युवकनो वीरोचित आपभोग

ત્રાવણકોર રાજ્યમાં તોરૂર નામના એક ગામમાં એક શાહુકારના હાથીને લઇને માવત ચાલ્યો જતો હતો. એવામાં હાથી કોઇક કારણથી મદોન્મત્ત થયો. માવત ભાઇ નારણ નાયરે તેને

હાથ કરવા પોતાથી બનતી દરેક બાજી ખેલી, પણ હાથી હાથ રહી શકયો નહિ અને આવેશમાં આવી જઇ માવત ભાઇને પીઠ નીચે દંતૂશળ મારી પછાડયો અને નાઠો. દૈવવશાત્ તેનું મરણ થયું નહિ. લગભગ ત્રણ–ચાર માઇલને છેટે શરેટલા ગામની ઇસ્પિતાલમાં તેને લઇ જવામાં આવ્યો. દાકતરે તપાસતાં જણાવ્યું કે, જ્યાં દંતૂશળ લાગેલા હતા ત્યાંથી માંસ સાથે લોહી વહી રહ્યું હતું. જો કોઇ જીવતા માણસનું સવા રતલ માંસ મળે અને તે તેમાં નાખી સીવવામાં આવે, તોજ માવત ભાઇ નારણ નાયરની જિંદગી બચે, એમ કહેવામાં આવ્યું. શરેટલા તેમજ અડખેપડખેનાં ગામોમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઇ; પરંતુ આવો આત્મભોગ આપવા કુટુંબમાંથી કોઇ પણ બહાર પડયું નહિ. પાનાવલી ગામના રહીશ અને શ્રીમંત કુટુંબના ભાઇ કન્નાડકૃષ્ણ નાયર, કે જેઓ ગાંધીજીના અનુયાયી છે, તેમના કાને આ વાત આવી અને તેજ વખતે તૈયાર થઇ તેઓ શરેટલા ગયા તથા પોતાનું માંસ દેવા ડૉકટર સાહેબને તૈયારી બતાવી અને તે મુજબ ઘણું કષ્ટ ભોગવી સવા રતલ માંસ કાંઇ પણ લાભ વગર દેવામાં આવ્યું. (જાંઘમાંથી કાઢવામાં આવ્યું) અને તે માટે લગભગ એક માસ ઇસ્પિતાલમાં રહેવું પડયું. આત્મબલિદાનના ખરા અંતઃકરણના પ્રયોગથી બન્નેની જિંદગી બચી. તેમાં ઈશ્વરનો પૂરતો હાથ હોવા સાથે ભાઇ શ્રીકૃષ્ણ નાયરને જેટલો ધન્યવાદ દઇએ તેટલો ઓછો છે.

કન્નાડકૃષ્ણ નાયરના ઉમદા આપભોગ માટે આખા સંસારે તેમને ધન્યવાદ આપવો ઘટે છે. એમની વાતથી મહાભારતકાળના મહાત્માઓ યાદ આવે છે, કે જેઓએ માનવજાતિની સેવાર્થે પોતાના દેહને જોખમમાં મૂકતાં કદી પાછી પાની કરી નથી.

(તા. ૫–૯–૧૯૨૬ના 'નવજીવન'માંથી)

१५१–सर थॅामस मोरनुं स्वसंतानोने उत्तम शिक्षण

સર થૉમસ મોર ૧૬મા સૈકામાં ઇંગ્લૅંડમાં એક પ્રસિદ્ધ પુરુષ થઈ ગયા છે. એ ઘણા વિદ્વાન અને ધાર્મિક પ્રકૃતિના પુરુષ હતા. પોતાની વિદ્યાના બળે તેઓ લૉર્ડ ચૅન્સેલરના પ્રતિષ્ઠિત પદે પહોંચ્યા હતા. એમનું ગૃહજીવન ઘણું પવિત્ર હતું. સવાર–સાંજ એમનો ઘણોખરો સમય દેવળમાં જવામાં, ઈશ્વરની ઉપાસનામાં, ભજન ગાવામાં તથા ધાર્મિક ગ્રંથો વાંચીને વિચારવામાં જતો. પોતાની પત્ની તથા બાળકોને પણ ઉપાસના અને ભજનોમાં સાથે રાખતા, કે તેમના હૃદય ઉપર ધર્મના ઊંડા સંસ્કાર પડે, બાળકોને આ ફાની દુનિયાનો મોહ ઓછો થાય, સંસારની લાલચોમાં પડતાં તેઓ અટકે અને દિવ્ય જીવન તથા સ્વર્ગીય સુખની અભિલાષા ઉત્પન્ન થાય. તેટલા સારુ એમને એકાંતમાં બેસાડીને બોધ આપતા કે, “છોકરાઓ! તમે સ્વર્ગમાં જાઓ, એમાં કાંઈ બહુ નવાઇની વાત નથી; કેમકે આ ઘરમાં તમને બધાં સારી શિખામણો આપે છે. તમે જુઓ છો કે, સદ્ગુણી માણસોને ઇનામ મળે છે અને દુરાચારીઓને સજા થાય છે. તમને તો જબરજસ્તીથી સ્વર્ગના માર્ગ તરફ લઈ જવામાં આવે છે; પરંતુ તમે એવા સંયોગોમાં રહેતા હો કે સારો ઉપદેશ આપનાર કોઈ ન હોય, કોઇ પણ તમારી આગળ સારું દૃષ્ટાંત રજૂ ન કરતું હોય, ધર્માત્માઓને દુઃખી થતાં અને પાપાચારીઓને અમનચમનમાં લહેર ઉડાવતાં જોતા હો, એમ છતાં પણ તમે ઈશ્વરના ઉપર દૃઢ શ્રદ્ધા રાખીને જીવને જોખમે પણ સત્ય અને દયા વગેરે સદ્ગુણોને વળગી રહો, તો પ્રભુ પણ તમારી ખામીઓ દરગુજર કરીને તમને માફી આપશે અને તમને સારા માણસમાં ગણશે.”

આ શિક્ષણની અસર તેમનાં સંતાન ઉપર ઘણી સારી થઈ હતી.×
(વિલિયમ રોપરકૃત 'સર થૉમસ મોરના ચરિત્ર'માંથી)

૧૫૨–सर थॉमस मोरनो अदल न्याय

સર થૉમસ મોર આખો દિવસ કામકાજમાં કે પ્રભુની ઉપાસનામાં નિમગ્ન રહેતા. નવરા બેસવાની ફુરસદ એમને ભાગ્યેજ મળતી; પરંતુ એક દિવસે દૈવયોગે એમને નવરા બેઠેલા જોઈને એમના એક જમાઈએ હસતે હસતે વાત છેડી કે, "જ્યારે આપની પેઠે એક ધર્મગુરુ પણ મોટા હોદ્દા ઉપર હતા, ત્યારે તેથી કરીને એમના ઘરના દરવાન સુધ્ધાંને ઘણો લાભ પહોંચતો હતો; (એનો ભાવાર્થ એ હતો કે, હું આપનો જમાઈ છું; રાત્રિદિવસ આપની સેવા કરું છું, પણ આપની મારફત મને કાંઈ લાભ મળતો નથી;) પરંતુ આપ રાત્રિદિવસ ન્યાયના દરવાજા ખુલ્લા રાખો છો અને ગરીબ કે ધનવાનની અરજી હરઘડી સાંભળવા તૈયાર રહો છો, તેથી તો કોઈને કશોજ લાભ પહોંચતો નથી. આપનો એ ગુણ ઘણો પ્રશંસાપાત્ર હશે, પણ એથી આપનાં સંતાનોને સુધ્ધાં લાભ ન થાય, એ શા કામનું ?" એ વખતે એ અનુભવી લૉર્ડ ચૅન્સેલરે ઉત્તર આપ્યો કે, "તમારો ભાવ હું સમજી શકું છું. હું તમારા ઉપર ચીડાતો નથી, પણ તમે મારે મનથી છોકરા સમાન છો, એટલે બે વાત સ્પષ્ટ કહું છું. તે એ કે, તમારે અથવા તમારા કોઈ મિત્રને મારી મદદની જરૂર હોય તો હું સલાહસૂચનાથી તેમજ બીજી કેટલીક રીતે એમને મદદ કરી શકું;

× વાંચનાર બંધુ ! વડીલો પણ જો ધારે તો ઉત્તમ વિચાર અને આચાર પોતાની સંતતિમાં કેવી રીતે ઉતારી શકે છે, તે આ દૃષ્ટાંત ઉપરથી તમે પણ જરૂર ધ્યાનમાં લેજો —સંપાદક

પરંતુ એથી વધારે–પક્ષપાતના રૂપમાં–તો હું કશુંજ ન કરી શકું. મારા દીકરા ! હું તમને ખાતરી આપુ છું કે, બંને પક્ષકારો મારે હાથે ન્યાય કરાવવાનુંજ પસંદ કરે, ત્યાં પછી મારા પિતા એક તરફ હોય અને અધમમાં અધમ માણસ બીજી તરફ હોવા છતાં એનો પક્ષ વાજબી હોય તો તો એ પૂજ્ય પિતાથી સુધ્ધાં જરા પણ શરમ નહિ રાખતાં હું પેલા અધમાધમ માણસનીજ તરફેણમાં ફેંસલો આપું.”

આ ઉપરથી જણાય છે કે, એક ગૃહસ્થાશ્રમી તરીકે કુટુંબીઓને વાજબી મદદ આપવા એ તૈયાર રહેતા; પરંતુ ન્યાયના માર્ગમાંથી કદી પણ ચળતા નહિ. એક વખત એમના એક બીજા જમાઈ માસ્તર હેરોનનો મુકદ્દમો એમની કચેરીમાં આવ્યો, ત્યારે એનો પક્ષ જૂઠો લાગ્યાથી એમણે તરતજ એની વિરુદ્ધમાં હુકમનામું કરી આપ્યું.

૧૫૩–सर थॉमस मोरनो धर्ममां अडग विश्वास

ઇ. સ.ના સોળમા સૈકાના આરંભમાં ઇંગ્લેંડમાં આઠમા હેન્રીના રાજ્યમાં ધાર્મિક અને સામાજિક સુધારા તથા વ્યક્તિસ્વાતંત્ર્યના વિચારોનો ઉદય થયો હતો. પોપની સત્તાવિરુદ્ધ માર્ટિન લ્યુથર નામના સુધારકે તીવ્ર આંદોલન શરૂ કર્યું હતું. રાજા નવા દળના પક્ષમાં હતા. પોપની સત્તા રાજા પોતાના હાથમાં લેવા માગતો હતો. રાજાએ સર થોમસ મોરને પોતાના પક્ષમાં લેવાને ઘણોએ પ્રયત્ન કર્યો, પણ ધાર્મિક સત્તા રાજાના હાથમાં આવે એ તેને પસંદ નહિ હોવાથી એણે સંમતિ આપી નહિ. એ મતભેદને લીધે એ વડા ન્યાયાધીશને રાજીનામું આપવું પડયું. એ સમયે રાજ્યમાં પણ બીજી ઉથલપાથલો થઇ હતી. પાર્લમેંટે એ ગાદી-

ના વારસાનો નવો કાયદો પસાર કર્યો હતો, જેમાં એન બુલીન નામની સ્ત્રીની સંતતિને ગાદીની હકદાર ગણવામાં આવી હતી અને રાણી કેથેરાઇન સાથે સ્વર્ગવાસી રાજાના લગ્નને ગેરકાયદેસર ગણી કુમારી મેરીનો ગાદી ઉપરનો હક્ક રદ્દ કરવામાં આવ્યો હતો. બધા અમલદારોને એ બન્ને ઠરાવને સંમતિ આપવાની તથા એ કાયદાનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવાની ફરજ પાડવામાં આવી. થૉમસ મોરે એ વાતનો સ્વીકાર કર્યો કે, રાજગાદીનો હકદાર ભવિષ્યમાં કોણ છે, એ નક્કી કરવાનો પાર્લમેંટને હક છે; પરંતુ કેથેરાઇન સાથેનું સ્વર્ગસ્થ રાજાનું લગ્ન ગેરકાયદેસર હતું, એ વાતનો સ્વીકાર કરવાની એમણે સાફ ના કહી. આ કારણને લીધે રાજા અપ્રસન્ન થયો અને એને કેદખાનામાં મોકલવામાં આવ્યો. લંડનના કારાગૃહની એ સમયે ઘણી દુર્દશા હતી. અપાર સુખ–સમૃદ્ધિમાં ઊછરેલા એ અમલદારના કષ્ટનો પાર નહોતો. પોતાના વિચારો બદલીને રાજાના પક્ષમાં જાય તો સુખ, સમૃદ્ધિ અને સન્માન ફરીથી પ્રાપ્ત થાય એમ હતું. અનેક સગાં–સંબંધીઓ તરફથી એમને એવી સલાહ પણ મળતી. એક વખત એમની પ્રિય કન્યા માર્ગરેટ અમલદારોની રજા લઇને પિતાને કારાગૃહમાં મળવા ગઇ હતી. એ વખતે પોતાના છૂટકારાનો વિષય નીકળતાં એમણે કહ્યું હતું કે, “હું જાણું છું કે હું નિર્દોષ છું. કોઈ પણ જાતના અપરાધ વગર હું અહીં કેદ કરાયો છું, તો પ્રભુજ મને ચિંતામુક્ત કરશે. હું ક્ષણભર પણ એવું નથી માનતો કે, આ કારાગૃહ મારા ઘર કરતાં વધારે ખરાબ છે. હું તો એમ ધારું છું કે, પ્રભુ નિત્ય મને પોતાના ખોળામાં બેસાડીને લાડ લડાવી રહ્યા છે. આવી રીતે દુઃખના સમયમાં ધૈર્ય અને પ્રભુ ઉપર અડગ વિશ્વાસ રાખ્યાથી એમણે પૂર્ણ શાંતિ અનુભવી હતી.

એક બીજે પ્રસંગે એમની પત્ની તથા કન્યા બન્ને એમને મ-

ળવા સારુ ગયાં. કન્યા તો પિતાના ઉચ્ચ વિચારોથી પરિચિત થઇ ગઇ હતી અને એના પોતાના વિચાર પણ એવાજ થઇ ગયા હતા; પરંતુ લેડી મોર પતિની અત્યંત હીનદશા જોઇને ગદ્દગદ થઇ ગયાં. એમનું હૃદય પીગળી ગયું. સ્નેહવશ થઇ એમણે પતિને કહ્યું કે, "સ્વામીનાથ! આપની આવી દુર્દશા!! આખો સંસાર આપને અત્યાર સુધી સૌથી વધારે બુદ્ધિમાન પુરુષ ગણતો આવ્યો છે અને આપ જીદમાં આવીને એવી મૂર્ખતા કરી રહ્યા છો કે, આવા ગંદા અંધારા કારાગૃહમાં પડયા રહેવું પડે છે. ઊંદર અહીંયા દોડાદોડ કરી રહ્યા છે, કોઇ પણ જાતનો આરામ નથી, બીજા બધા પાદરીઓ અને વિદ્વાનોએ જે કામ કર્યું છે તે આપે પણ કર્યું હોત તો આપ સ્વતંત્ર બનીને રાજા તથા પાર્લમેંટની કૃપા સંપાદન કરીને સુખ અને વૈભવમાં જીવન ગાળતા હોત. ચેલસિયામાં તમારી કેવી ભવ્ય હવેલી છે! આપની કેવી વિશાળ લાયબ્રેરી અને સુંદર બગીચા વગેરે છે! પત્ની અને આજ્ઞાકારી સંતાનોના સમાગમમાં આપનો સમય કેટલા બધા આનંદમાં વ્યતીત થાત!"

પત્નીના બધા ઊભરા નીકળી જવા દીધા પછી તેમણે શાંતચિત્તે પૂછયું કે, "વહાલી! આ કારાગૃહ પણ શું આપણી હવેલી જેટલુંજ પ્રભુના દરબારની નજીક નથી?"

१५४–साचा संतो दुःखने स्वर्गनो मार्ग गणे छे

સર થૉમસ મોરના કુટુંબમાં એમનાં પત્ની કે કોઇ બાળક માંદું પડતું તો એ હિંમત હારતા નહિ, પણ દર્દીને આશ્વાસન આપતા કે, "મખમલની તળાઇઓમાં પડયે પડયે આપણે સ્વર્ગમાં જવાની આશા ન રાખી શકીએ. સ્વર્ગનો એ ખરો માર્ગ-

જ નથી; કેમકે આપણા મહાન સંતો પણ ઘણાં દુઃખ અને સંકટ વેઠીને એ માર્ગે પહોંચ્યા હતા. સેવક કાંઇ સ્વામી કરતાં વધારે સુખસગવડની આશા નજ રાખી શકે.” આવી રીતે દુઃખના સમયમાં પ્રભુ ઉપર અડગ શ્રદ્ધા રાખવાથી એમને પોતાને તથા દરદીને શાંતિ વળતી હતી.

१५५–एक अंग्रेज बाळानां साहस अने हिंमत

ગ્રેસ ડાર્લિંગની વાત તો તમે આગળ વાંચી ગયા છો. આજ એવીજ એક બીજી બાળાના પરોપકારાર્થે કરેલા સાહસની વાત કહીશું. એ બાળા પણ લાઇમરૉક દીવાદાંડીના રક્ષકની કન્યા હતી. ઈ. સ. ૧૮૫૪માં એક હોડી એ દીવાદાંડી આગળ ઊંધી પડી. દીવાદાંડીનો રક્ષક ઘર આગળ નહોતો. હોડીમાંથી પડી ગયેલા ચાર જુવાનો સમુદ્રમાં તરફડિયાં મારતાં હતા. રક્ષકની પુત્રીએ આ દૃશ્ય જોયું. તેને દયા ઊપજી અને જીવને જોખમે એ યુવકોનું રક્ષણ કરવા સારુ તેણે એક નાની બોટમાં હલેસાં મારતાં જઇ પહોંચીને તેમને બચાવી લીધા. એ દિવસથી એનામાં સાહસ આવ્યું. એની પરોપકારવૃત્તિને ઉત્તેજન મળ્યું. ત્યાર પછીના ત્રીસ વર્ષમાં જુદે જુદે સમયે બીજાં નવ માણસોને તેણે બચાવી લીધાં હતાં. કોઇની પણ મદદ વગર આ કામ તેણે કર્યું હતું. તેનામાં જેટલી હિંમત હતી, તેટલીજ હોશિયારી અને સહનશીલતા પણ હતાં.

१५६–सारा दाखलानी बीजाओ पर थती सारी असर

સારું અને પવિત્ર જીવન ગાળનારા મનુષ્યો પોતાના જીવનનું સાર્થક તો કરેજ છે, પણ એમના દાખલાનું અનુકરણ કરીને એ-

મના સમાગમમાં આવનાર અનેક પુરુષો પોતાનું જીવન સુધારી શકે છે.

એક દિવસ એક ધનવાન ઈરાની સરદાર, સ્પાર્ટાના એક બાદશાહની મુલાકાતે ગયો. બાદશાહ એ સમયે ઘાસ ઉપર બેઠો હતો. પેલો સરદાર તો બહુ અભિમાની હતો અને પોતાની ઉચ્ચ પદવીનો એને બહુ ગર્વ હતો. એની સેવામાં નોકરો પણ સાથે ગયા હતા. તેઓ પોતાના માલિકને માટે નરમ ગાલીચો પાથરવા લાગ્યા, પણ એ ઈરાની સરદારને વિચાર આવ્યો કે, "સ્પાર્ટાનરેશ ઘાસ ઉપર બેસવામાં સંતોષ માને છે, તો મારે પણ તેના જેવા સાદા થઇ જવું જોઇએ." એવું વિચારીને એ પણ લીલા ઘાસ ઉપર બેસી ગયો.

(પ્રો. ગુલ્ડરચિત 'મૉરલ ઇન્સ્ટ્રકશન્સ'માંથી)

१५७–फ्लॉरेन्स नाइटिंगेलनी पशु प्रत्ये दया

એક દિવસ પોતાના ગામના પાદરી સાથે બાલિકા ફ્લોરેન્સ ઘોડા ઉપર બેસીને ફરવા જઈ રહી હતી. તે પાદરીને પણ અનાથ તથા માંદા લોક પ્રત્યે અત્યંત દયાની લાગણી હતી અને તે ફ્લોરેન્સની વૃત્તિ સમજતો હતો, તેથી તેને તેવાં કાર્યો કરવાને ઉત્તેજન આપતો હતો.

એક દિવસ એવું બન્યું કે, રૅાજર નામનો એક વૃદ્ધ ભરવાડ તેનાં ઘેટાંનાં ટોળાંને એકઠાં કરતો હતો.

પાદરીએ ઘોડો થોભાવીને પૂછ્યું કે, "અલ્યા, તારો કૂતરો ક્યાં છે?"

તે બિચારાએ જવાબ દીધો કે, "શેરીના છોકરાઓએ તેના તરફ પથરા મારીને તેનો એક પગ ભાંગી નાખ્યો છે. હવે મને

નથી લાગતું કે એ બિચારો કોઇ દિવસ સાજો થાય; તેથી હું તો એને ગળે ફાંસો દઇને એની પીડાનો અંત લાવવાનો વિચાર કરું છું."

પાદરીની પાસે ઊભેલી બાળા ફ્લૉરેન્સે ઝીણે સ્વરે પૂછ્યું: "અરેરે! બિચારા કેપનો (કૂતરાનું નામ) પગ વળી શાથી ભાંગી ગયો? રોજર! એને બિચારાને કાંઇક તો ઇલાજ કરી જોયો હોય તો ઠીક. મને જોવા તો દે, એ ક્યાં છે?"

"બહેન! તારાથી કાંઇ વળવાનું નથી." તે વૃદ્ધ ભરવાડે જવાબ દીધો. "મારો તો વિચાર આજે એને ગળે ફાંસો દઇને મારી નાખવાનો છે, એટલે એ બિચારો પીડામાંથી તો છૂટે, હું તો એને તબેલામાં બાંધીને બહાર નીકળ્યો છું."

કૂતરાને આટલી વેદના થતી સાંભળીને ફ્લૉરેન્સને એટલી બધી દયા આવી કે તેણે ફરવા કરવાનું સર્વ એક બાજુએ મૂકી દઇને બારોબાર તે તબેલામાં ગઇ. ત્યાં જઇને જોયું તો એ કૂતરો તો બિચારો અત્યંત પીડામાં ગરકાવ થઇને પડી રહ્યો હતો. તેણે તેને થોડી વાર સુધી તો માયાળુ હાથથી પંપાળ્યા કર્યું અને લાડથી બોલાવ્યો. એટલાથીજ જાણે એ કૂતરાનું અર્ધું દુઃખ ઓછું થઈ ગયું હોય, તેમ તેણે આંખ ઊંચી કરીને તેના સામું ઉપકાર-વૃત્તિથી જોયું. તેણે આખો દિવસ તે કૂતરાની પાસે બેસી રહીને ગરમ પાણીનાં પોતાં નિચોવી નિચોવીને શેક કર્યો. છેવટે સંધ્યા-કાળે તેના પગનો સોજો ઊતરી ગયો અને તેના મુખ ઉપર હોશિ-યારી આવી. રોજર તો તેને ફાંસો દેવાનું દોરડું હાથમાં લઇને દિલગીર ચહેરે આવ્યો. આવીને જુએ છે તો કૅપને હોશિયાર થયેલો અને પૂંછડી હલાવતો જોયો. પોતાના વહાલા કૂતરાને સાજો થયેલો જોઇને રોજરની ખુશીનો પાર રહ્યો નહિ. એ તો ફ્લૉરેન્સને પગે પડી પડીને તેનો ઉપકાર માનવા લાગ્યો.

આટલા સાધારણ બનાવથી ઊછરતી ફ્લૉરેન્સના હૃદયમાં

એક જુદીજ લાગણી ઉત્પન્ન થઈ. કૂતરાની આંખમાં તેણે એટલી ઉપકારવૃત્તિ જોઇ તેથી તેને લાગ્યું કે, જો મૂંગાં પશુ આટલી લાગણી ધરાવી શકે છે તો મનુષ્યનું કાંઈ ભલું કર્યું હોય તો કેટલું સારું! એ દિવસથી એણે ગરીબોની કોઇ ને કોઇ પ્રકારે સેવા કરવાનું આરંભ્યું અને મોટી વયે સેવિકા તરીકે ઘણી પ્રખ્યાતિ મેળવી.

('નાઇટિંગેલ ચરિત્ર'માંથી)

१५८–प्रार्थनाद्वारा पण रोगनी शांति के बीजो उपाय मळी शके छे

પ્રાર્થનાદ્વારા રોગ મટાડવાનો પ્રયોગ પાશ્ચાત્ય દેશોમાં હાલમાં ચાલવા માંડ્યો છે. આપણે ત્યાં તો એ બહુ પુરાણી રીત છે. સંકટસમયે ઈશ્વરપ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ રાખી, તેનેજ ભરોસે દરદીને છોડી દેનાર અને આરોગ્ય મેળવનાર અનેક મનુષ્યો છે. સર થોમસ મોરને પણ પ્રભુપ્રત્યે એવીજ અડગ શ્રદ્ધા હતી. એક વખત એમની એક લાડકી કન્યા બહુ સખ્ત માંદી પડી. એને પરસેવાના રેબઝેબ છૂટતા હતા. સારામાં સારા ડૉકટરો તેની માવજતમાં લાગ્યા હતા. તેઓએ પોતાને આવડતા હતા તેટલા બધા ઉપાયો અજમાવ્યા; પરંતુ કેમે કરી તેની નિદ્રાને રોકી શક્યા નહિ. દરદીની અવસ્થા દિનપ્રતિદિન ખરાબ થતી ગઈ અને ડૉકટરો તથા સગાં-સંબંધીઓએ આખરે આશા છોડી. સર થોમસ મોરને એ કન્યા ઉપર ઘણોજ પ્રેમ હતો. એમણે લાડથી એનું લાલનપાલન કર્યું હતું. પુત્રીની આવી દશા જોઇને એમનું હૃદય ભરાઈ આવ્યું અને એના ઉપચાર સારુ અશરણના એકમાત્ર શરણ શ્રીહરિનું શરણ લીધું. એમણે નિત્યના અભ્યાસ પ્રમાણે ઉપાસનાગૃહમાં જઇ ઘૂંટણિયે પડીને ઊંડા હૃદયથી અશ્રુપૂર્ણ નયને પ્રભુપ્રાર્થના કરી કે, "હે

સર્વશક્તિમાન દયાળુ પિતા ! તારે માટે અસંભવિત કાંઈજ નથી. તું મારી ઉપાસનાથી પ્રસન્ન થયો હોય તો મારા ઉપર એકજ કૃપા કર અને મારી આ લાડકી બાળકીને બચાવ. મારી આટલી નમ્ર પ્રાર્થના સાંભળ." થોડી વાર સ્વસ્થ થયા પછી એમના મનમાં અંતર્યામીની–પ્રભુની કૃપાથી એવો વિચાર આવ્યો કે, અમુક ઉપાય અજમાવી જોવાથી એને લાભ થશે. એમણે તરતજ ડૉક્ટરોને પોતાનો અભિપ્રાય જણાવ્યો, એટલે એ લોકોએ કબૂલ કર્યું કે, "તમારો વિચાર તદ્દન ખરો છે. દર્દીને બચવાનો એકમાત્ર ઉપાય એ ઉપચારથીજ છે. અત્યાર સુધી અમને એનું વિસ્મરણ કેમ થયું, એજ આશ્ચર્ય છે."

એ ઉપચાર તરતજ કરવામાં આવ્યો અને એનું પરિણામ સારું આવ્યું. મૃત્યુનાં બધાં ચિહ્નો જે કન્યાના ચહેરા ઉપર દેખાવાં શરૂ થઈ ગયાં હતાં, તેની એ ઉપચાર પછી વળતી દશા થઈ. પિતાની સાચા અંતઃકરણની અખંડ પ્રાર્થનાની જાદુઇ અસર થઈ અને એ કન્યા સાજી–તાજી થઇ ગઇ !

આ ઉદાહરણદ્વારા અમે એમ કહેવા નથી માગતા કે, મંદવાડમાં દવા અગર બીજા ઉપચારો ન કરવા. દવા આદિ ઉપચારોની સાથે સાથે દરદી પોતે તથા તેના સંબંધીઓ પ્રભુ પાસે "દુઆ" આશીર્વાદ પણ એકાગ્રચિત્તે માગતાં શીખે, એજ અમારો ઉદ્દેશ છે. એવે સમયે જે શાંતિનું વાતાવરણ પેદા થાય છે, તે દરદીને સાજા થવામાં ઘણી મદદ કરે છે.

પ્રભુ પોતાના ભક્તોને અવશ્ય સહાયતા કરે છેજ.

૧૫૧–फ्लॉरेन्स नाइटिंगेलनुं मृत्यु विषे निश्चिंतपणुं

ક્રિમિયાના યુદ્ધ વખતે મિસ નાઈટિંગેલ, અનેક અંગ્રેજ સેવિકાઓ સહિત ઘાયલ થયેલા સૈનિકોની સેવા કરવા ગયાં હતાં. સિબે-

સ્ટપોલની ફ્રેંચ અને ઇંગ્લિશ છાવણીમાં ફર્યા પછી જે કિલ્લાને ઘેરો ઘાલ્યો હતો, તે જોવા એ અને એમના સાથી ગયાં. સારી જગ્યા શોધીને બધાં ઊભાં રહ્યાં. ત્યાં બંદૂકોના બાર થતા હતા.

એટલામાં એક દરવાને આવીને કહ્યું કે, "તમે ત્યાંથી ઊતરી જાઓ તો સારું; કેમકે અહીં લોકને ઊભેલા જોશે તો શત્રુઓ તેમના તરફ બંદૂક ફોડશે. મિસ નાઇટિંગેલ જરા દૂર જઇને ઊભાં.

ત્યાંથી સર્વ નિરીક્ષણ કર્યા પછી એથી પણ વધારે ધાસ્તીભરેલી જગ્યાએ જવાની મિસ નાઇટિંગેલે ઇચ્છા બતાવી. પેલો દરવાન તો બિચારો ગભરાઇ ગયો અને કહેવા લાગ્યો કે, "બાઇ સાહેબ! પરમેશ્વર ન કરે ને તમને જો કાંઈ થાય તો મારું નામ બદનામ ન કરશો. હું તો આ સર્વ સાહેબોની સાક્ષી લઇને કહીશ કે, 'મેં તો પહેલેથીજ ચેતાવ્યાં હતાં.'"

મિસ નાઇટિંગેલે ઉત્તર આપ્યો કે, "ભાઇ! મારા મુખ સામે તો કાંઈ સેંકડો માણસો મરી ગયાં છે. મને કાંઈ મોત જોવાની નવાઇ નથી અને તેથીજ હું મૃત્યુથી ડરતી નથી."

('નાઇટિંગેલ ચરિત્ર'માંથી)

૧૬૦–लाकडीने गुरु मानी नमस्कार करनार संन्यासी

ઇ. સ. ૧૮૮૯માં હરદ્વારમાં એક વૃદ્ધ સાધુ રહેતા હતા. એ ઘણા આનંદી અને મહાત્યાગી હતા. હરદ્વારવાસીઓ તેમના પ્રત્યે ઘણી શ્રદ્ધા રાખતા. એ સાધુ દરરોજ પ્રાતઃકાળે સ્નાન કરીને પોતાના આસન ઉપર બિરાજતા અને ગીતાજીની એક ચોપડીને ઉઘાડીને થોડીક વાર જોતા. પછી મનમાં ને મનમાં ઈશ્વરનું ચિંતન કરતા. પ્રભુના એ ચિંતનથી તેમના મનમાં અપૂર્વ શાંતિ ઉત્પન્ન થતી. ત્યાર પછી પાસે પડેલી એક લાકડી લઇને માથા સરસી ચાંપી

તેને પ્રણામ કરતા. ત્યાર પછી દર્શન કરવા આવનારાઓ સાથે વાર્તાલાપ કરતા. સ્વામી વિવેકાનંદના ગુરુભાઈ શરતમહારાજ એક સમયે તેમની પાસે પહોંચ્યા અને વિનયપૂર્વક પ્રાર્થના કરી કે, "મહારાજ! આપના શ્રીમુખે ગીતાની વ્યાખ્યા સાંભળવાની ઇચ્છા છે." સાધુએ સરળ ભાવે સ્પષ્ટ જણાવ્યું કે, "ભાઈ! હું તો મૂર્ખ અને અભણ છું. મને વાંચતાં–લખતાં કાંઇ આવડતું નથી. ગીતા સવળી ક્યાંથી ગણાય અને અવળી ક્યાંથી ગણાય, એનું પણ મને ભાન નથી; છતાં રિવાજને અનુસરીને ગીતાને હાથમાં લઇને એક વાર ભક્તિપૂર્વક તેનાં દર્શન કરી જાઉં છું. મારા જીવનનો વૃત્તાંત વિલક્ષણ છે. બ્રાહ્મણકુળમાં મારો જન્મ થયો હતો. છૈયાં–છોકરાં હતાં, પરંતુ ભણ્યો–ગણ્યો નહોતો, એટલે રળીને એમનું ભરણપોષણ કરવાની શક્તિ મારામાં નહોતી. બીજો ઉપાય નહિ સૂઝવાથી મેં ધાડપાડુનો ધંધો શરૂ કર્યો. શરીરબળ ખૂબ હોવાથી લોકોને લૂંટી લેતો. આ પ્રમાણે કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસ રાત્રિને સમયે રસ્તામાં લૂંટ પાડવા સારુ બહાર નીકળી પડ્યો, પણ કોઇ વટેમાર્ગુ રસ્તામાં મળ્યોજ નહિ. ઘરમાં સ્ત્રી તથા છોકરાં ભૂખ્યાં હતાં. આજ કાંઇ મળ્યું હોત તો એમને સારુ ભોજનસામગ્રી લઇ જાત; પણ હવે તો એમને ભૂખે મરવાનો વારો આવશે, એવા વિચારથી હું આકુળ–વ્યાકુળ થઇ ગયો. આખરે વિચાર સૂઝ્યો કે, દૂર એક મહાદેવજીનું મંદિર છે. ત્યાં પૂજાની સામગ્રીમાંથી કાંઇ મળી આવશે; અથવા તો કોઇ પણ વસ્તુ પડી હશે તો ઉપાડી લાવીશ. એ આશામાં શિવમંદિરમાં ગયો અને બારણું તોડીને અંદર પેઠો. અંધકારમાં ચોતરફ હાથ ફેરવીને જોયું તો કશું મળ્યું નહિ. એ વખતે મને બહુજ ગુસ્સો ચઢ્યો અને ક્રોધાવેશમાં આ લાકડી વડે મહાદેવજીને ખૂબ માર્યા. બેત્રણ મિનિટ પછી મારા મનમાં એકદમ વિચાર આવ્યો કે, અરેરે! મેં આ શું

કર્યું ? હું હિંદુ છું અને તેમાંયે વળી બ્રાહ્મણસંતાન ! શિવજીનું ધન લેવું એ પાપ છે, શિવનિર્માલ્ય લૂંટવા આવ્યો અને તેમાં ન ફાવ્યો, ત્યારે શિવજીને માર્યા ! આ બધું પાપ મેં કોને ખાતર કર્યું ? સ્ત્રી–પુત્રને ખાતર ! શું એ બધાં મારા પાપમાં ભાગી થશે ? અન્ય નિર્દોષ પ્રકારે હું એમનાં પેટ ન ભરી શકત ? વગેરે વગેરે અનેક વિચારો મારા મનમાં એ સમયે આવવા લાગ્યા. એની સાથેજ હૃદયમાં વૈરાગ્યનો ઉદય થયો. જે સંસારને ખાતર આટલું અધઃપતન થયું, તે સંસારને ધિક્કાર છે ! એ લાકડીને લઇને હું ત્યાંથી ચાલ્યો આવ્યો; ઘેર ન ગયો અને સદ્‌ગુરુની શોધમાં નીકળ્યો. છેવટે એક સંન્યાસી મળતાં એમનાં સેવાસમાગમનો લાભ લીધો અને તે પછી સંન્યાસદીક્ષા લીધી. ત્યારથી મેં ઘરબારની કાંઈ ખબર રાખી નથી અને પ્રભુભજનમાં રહું છું. આ લાકડીજ મારો ગુરુ છે; કેમકે એણેજ મને સન્માર્ગ દર્શાવ્યો છે અને તેથીજ હું દરરોજ એને પ્રણામ કરું છું.”*

૧૬૧–साचा साधुमां क्षमा अने उदारता केटली बधी होय छे?

રાજાએ સર થૉમસ મોરને કેદખાનામાં રિબાવીને પણ સંતોષ ન માન્યો. તેણે તેને ફાંસીની સજા ફરમાવી. એ દારુણ સમાચાર લઇને એમનોજ એક જૂનો મિત્ર સર થૉમસ પોપ ગયો. બીજે દિવસે પ્રાતઃકાળે તેને દેહાંતદંડ થવાનો હતો. સર થૉમસ મોરનું

* આ વાંચવા ઉપરથીજ કોઈ ત્યાગીનો ભેખ લઇ લેશે, તો મોટા નુકસાનમાં પડશે. આ દૃષ્ટાંતમાંથી આ વાત પણ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે કોઇ ઉચ્ચકક્ષ અને અનુભવસિદ્ધ માનવની સલાહ સંમતિ લીધા વિના એ રસ્તો લેવો નહિ. —સંપાદક

ધૈર્ય જરા પણ ચલિત થયું નહિ. પોતાના ઉપર ત્રાસ વર્તાવનાર રાજા પ્રત્યે એમણે ક્રોધ પણ કર્યો નહિ કે શાપ પણ દીધો નહિ; પરંતુ ઊલટી સાચા સાધુને છાજે એવી રીતે એને શુદ્ધ હૃદયથી ક્ષમા આપી; એટલુંજ નહિ પણ પહેલાંના ઉપકારોનું સ્મરણ કરીને ધન્યવાદ સુધ્ધાં આપ્યો. એણે સર થૉમસ પોપની સાથે સંદેશો કહાવ્યો કે, "રાજાજીએ મારા ઉપર વખતોવખત જે ઉપકાર કર્યા છે, મને ઊંચી પદવી તથા સન્માન આપ્યાં છે તથા અનેક પ્રકારની કૃપાનો વરસાદ વરસાવ્યો છે, તેને માટે મારા તરફથી એમનો ઉપકાર માનજો. વળી આ એકાંતવાસમાં રાખીને સંસારની જંજાળ વગેરેથી મુક્ત રહેવાનો તથા દયાળુ પરમાત્માનું ચિંતન કરવાનો પ્રસંગ આપ્યો છે, તેથી પણ એમના ઉપકારમાં વધારોજ થયો છે. વળી આ દુઃખી સંસારમાંથી મને મુક્ત કરવાની જે અંતિમ આજ્ઞા હજૂરે ફરમાવી છે, તેથી તો વળી હું ઘણોજ આભારી બન્યો છું. તેમની એ કૃપાઓ માટે હું આ લોકમાં તેમજ પરલોકમાં પણ તેમના કલ્યાણને માટે પ્રાર્થના કરવાનું ભૂલીશ નહિ."

રાજાની આજ્ઞા હતી કે, "મૃત્યુ સમયે તેણે વિશેષ ભાષણ કરવું નહિ; કેમકે એવા સમયે ઉચ્ચારેલા ઉત્તેજક શબ્દોની અસર પ્રજાજન ઉપર વધારે થવાનો ભય હતો. સર થૉમસ મોરે એ આજ્ઞાનો પણ સ્વીકાર કર્યો.

પોતાની પાસેના છેવટના જે થોડાઘણા રૂપિયા બચ્યા હતા, તેમાંથી દેવદૂતની એક સુવર્ણમૂર્તિ ખરીદીને તે પોતાને ફાંસીએ ચઢાવનાર જલ્લાદને પ્રેમપૂર્વક ભેટ આપી.

પ્રભુની ઉપાસના કરીને એ ધર્મવીર શાંત અને સ્વસ્થચિત્તે વધસ્તંભ ઉપર ચઢ્યો અને એ અપૂર્વ આત્મબલિદાન વડે અમર યશ કમાઈ ગયો.*

* દુનિયાઈ અમર યશ તો અમો અલ્પજ્ઞ માનવોનાજ મનથી

આ બનાવ ઈ. સ. ૧૫૩૫માં બન્યો છે અને આ તથા આની પૂર્વના એ મહાત્માના જીવનપ્રસંગો "લાઇવ્ઝ ઑફ ગ્રેટ મેન ટોલ્ડ બાય ગ્રેટ મેન" નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે.

૧૬૨–हातिमताईनुं अथाग दान–अत्यारे दान केवुं थवुं घटे?

અરબસ્તાનમાં કોઇ એક ધનાઢચ મનુષ્ય ગરીબ લોકોને મુઠ્ઠી મુઠ્ઠી અન્નનું દાન કરી રહ્યો હતો. એક ફકીરે ત્યાં જઇને હાથ ધર્યો. દાતાએ ભિક્ષા આપી. ફકીરે તે લઇને ફરીથી હાથ ધર્યો. દાતા ક્રોધાંધ થઇ ફકીરને ધમકાવવા લાગ્યો અને પહેરાવાળાઓને હુકમ આપ્યો કે, "એને કાઢી મૂકો." ફકીરે કહ્યું કે, "હાતિમનું દાન જોયું હતું, તેથીજ બીજી વાર હાથ ધર્યો હતો." દાતાએ કહ્યું કે, "એ વાત મનાય એવી નથી. કોઇ પુરુષ એકજ માણસને વારે ઘડીએ દાન કરે?" ફકીરે કહ્યું કે, "મારી વાત ઉપર વિશ્વાસ ન આવતો હોય તો મારી સાથે ચાલો." ફકીરની સાથે એ દાતા ગયો અને હાતિમના દાનભંડારમાંથી ઉપરાઉપરી ચાલીસ વાર ભિક્ષા માગી તથા દરેક વાર આદરપૂર્વક એને ભિક્ષા મળતી ગઇ. દાતા તો એ જોઇને ઘણોજ શરમાઈ ગયો. ('સદાલાપ' માંથી)

સર્વોપરી વસ્તુ છે. મહાન ઋષિમુનિઓને મન તો તે '**सा काष्ठा सा परा गति**' આગળ એ દુનિયાઈ કીર્તિ એવી તુચ્છ–અને સાધક માટે તો અંતરાયરૂપ પણ–છે કે જેથી તેને '**प्रतिष्ठा सुकरी विष्ठा**' પણ તેમણે કહી છે. થોમસ મોર જેવાને માટે તો તે પરમ ગતિ પણ દૂર રહી શકે નહિ. દુનિયાને તો પોતાની ગરજેજ–વિષયી માનવોને આગળ વધારવા માટેજ–આવા અલૌકિક માનવોના યશ ગાવા પડે છે. **—સંપાદક**

હાતિમ સાધારણ દાનવીર હતો. એના સમયનો બીજો કર્ણ હતો, એમ કહી શકાય. તેનો આદર્શ ઘણો ઉચ્ચ હતો; પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ ભરતામાં ભરવું એ પણ સારું નથી. એકને હદ ઉપરાંત ભિક્ષા મળે તો કદાચ એ તેનો દુરુપયોગ પણ કરે, ત્યારે બીજાને પેટ ભરવાજોગ પણ ન મળી શકે. માટે એવું દાન પણ સારું નહિ. સુપાત્રને દાન કરવું એજ વાજબી છે. વળી દાન એવા પ્રકારે અપાવું જોઇએ, કે દાન લેનાર ભવિષ્યમાં પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખે અને ભવિષ્યમાં એને દાન લેવાની જરૂરજ ન પડે.

આ પ્રસંગે અમને એક વાત યાદ આવે છે. કલકત્તામાં અમને દક્ષિણ આફ્રિકાવાસી એક અંગ્રેજ વેપારીનો મેળાપ થયો હતો. એક ગુજરાતી શેઠના ભાગમાં કલકત્તા તથા દક્ષિણ આફ્રિકામાં તેમનો વેપાર ચાલે છે. વર્ણદ્વેષ એમનામાં જણાયો નહિ. અમારી રૂબરૂમાં એમના ભાગીદારે પોતાના પિતાના મૃત્યુ પાછળ બ્રહ્મભોજન, જ્ઞાતિભોજન તથા ધર્મશાળાની સ્થાપના આદિ જે પુણ્યદાન કર્યું હતું તેની વાત કાઢી. પેલા અંગ્રેજ સજ્જને કહ્યું કે, "હું એ પ્રકારનું દાન કરતો નથી, બીજા પ્રકારનું દાન કરું છું. મારી પાસે દક્ષિણ આફ્રિકામાં કોઇ ગરીબ અંગ્રેજ દીનહીન દશામાં ભિક્ષા માગવા આવે છે, તો હું એને રોકડા પૈસા આપતો નથી, પણ એક સારી હૉટેલમાં મોકલી આપું છું અને હૉટેલના વ્યવસ્થાપકને ચિઠ્ઠી લખી આપું છું કે, જતાંવાર એની હજામત કરે, ગરમ પાણીએ સ્નાન કરાવે, કપડાં ધોવરાવે અને ચોખ્ખાં વસ્ત્રો પહેરવા આપે તથા ત્રણ દિવસ સુધી ભોજન કરાવે. એટલા વખતમાં એ થાક ખાઇને તાજો થાય, સ્વચ્છ વસ્ત્રો પહેરીને નોકરી–ધંધે લાગવા યોગ્ય બને અને પોતાનો નિર્વાહ પોતે ચલાવી લે. કોઇ ખાસ પ્રસંગમાં હૉટેલના વ્યવસ્થાપકને માણસ સારો લાગે

અને થોડા દિવસ વધારે મદદ મેળવવા યોગ્ય લાગે તો એ ભલામણ કરે અને હું એને બે-ચાર દિવસ વધારે મારા ખર્ચે હોટેલમાં રહેવા દઉં. ટૂંકામાં એ સદાને માટે ભિખારી ન બનતાં પ્રમાણિક મજૂર કે કલાર્ક બને એવી વ્યવસ્થા કરું છું. આ મારા દાનનો પ્રકાર છે."

१६३–साध्वी राबेयानी प्रभुप्रार्थना

મુસ્લિમ જગતમાં રાબેયા એક પરમ સાધ્વી સ્ત્રી થઇ ગઇ છે. જેરુસલેમની પૂર્વે જબલુતતુર પર્વત ઉપર તેની સમાધિ છે. દુનિયામાં બધાં સુખી થાઓ, બધાં પતિત મનુષ્યો ઉન્નત થાઓ અને બધાં શોકાતુર મનુષ્યો શાંતિ મેળવો, એજ તેની નિષ્કામ પ્રાર્થના હતી અને તેથીજ તે 'મંગળમાતા' ના નામથી ઓળખાતી હતી. તેની એક નિષ્કામ સરળ પ્રાર્થનાનો નમૂનો નીચે આપીએ છીએ. એથી વાચકોને જણાશે કે, એના હૃદયમાં ભક્તિરસ કેટલા મોટા પ્રમાણમાં હતો.

"હે પરમેશ્વર! તેં આ લોકમાં મારે સારુ જે કાંઇ નક્કી કરી રાખ્યું હોય તે મારા બંધુને આપ. મારે માટે તો તું પોતેજ પૂરતો છે. તારા સિવાય મારે બીજું કાંઇ પણ જોઇતું નથી. હે ઈશ્વર! જો હું નરકના ભયથી તારી પૂજા કરતી હોઉં, તો મને નરકની આગમાં બાળીને ભસ્મ કરી દેજે, જો સ્વર્ગના લોભથી તારી સેવા કરતી હોઉં, તો એ સ્વર્ગ પણ મારે માટે હરામ હોજો; પણ જો હું કેવળ તમારીજ ખાતર તમારી પૂજા કરતી હોઉં, તો તો તમારા ઉજ્જવલ સૌંદર્યનાં દર્શનથી મને વંચિત રાખશો નહિ.

"હે સખા! જ્યાંસુધી તમે બધા પતિતોને હાથ પકડીને ઉઠાડો નહિ, ત્યાંસુધી તમે મારા હાથને પકડતા નહિ; જ્યાંસુધી

તમે બધાં દુઃખીઓનાં આંસુ લૂછી ન નાખો, ત્યાંસુધી મારાં નેત્રમાંનાં આંસુ તરફ ઝાંખશો પણ નહિ; જ્યાંસુધી તમે બધાંનાં હૃદયને સિંચો નહિ. ત્યાંસુધી મારું હૃદય પણ મરુભૂમિ રહેશે. તેને માટે કરુણાની આવશ્યકતા નથી. પ્રભુ! એ પતિતો શું ઊંચા નહિજ આવે? શું એ આંસુથી ભીંજાયેલાંઓને શાંતિ નહિજ મળે? મારાં એ દુઃખી અને શોકાતુર ભાઇબહેનોમાં નવો પ્રાણ નહિ આવે? હે દીનાનાથ! મારે તો તમે પણ છો, પણ એમને બિચારાંને કયો આધાર છે?

"મને ઘણું ઊંચું ગગનચુંબી પર્વતશિખર ન બનાવતો. હે પ્રભુ! મને તો સપાટ ફળદ્રુપ ખેતર બનાવજે, કે જેથી ભૂખ્યા લોકોને મારા વડે અન્ન મળે. મને વિશાળ અથાગ ખારો સમુદ્ર ન બનાવતો, પણ હે પ્રભુ! મને તો તપેલી ધરણીની સપાટી ઉપરનું નાનુંસરખું ઝરણુંજ બનાવજે, કે જેથી તરસ્યાં માણસો મારામાંથી જળ પીએ. મને વીરના હાથમાંની ઝગમગતી તલવાર ન બનાવતો, પણ હે પ્રભો! મને તો એકાદ સામાન્ય લાકડીજ બનાવજે, કે જેથી પતિત અને દુર્બળ મનુષ્યો મારો ટેકો લઇને ચાલી શકે." (શ્રી. શરતકુમાર રાયકૃત "પંચકન્યા"માંથી)

(ભારતવર્ષમાં પણ માતા રાબેયા જેવાં–સાક્ષાત્ દેવી જેવાં અને ભક્તિના અવતાર સમાં મહાન સ્ત્રીપુરુષો દેખાશે નહિ ત્યાંસુધી જનવર્ગમાં ચાલી રહેલી સ્વાર્થવૃત્તિ, ઘૂરકાઘૂરકી અને હેરાનગતિ દૂર થવી અશક્યજ છે ને રહેશે. –સંપાદક

૧૬૪–સાચા પ્રભુભક્તની દુઃખ માટે કેવી સમજણ હોય છે?

કોઇ એક સાધ્વી સ્ત્રીનો પુત્ર મરણ પામ્યો. માતાને માટે પુત્ર-

વિયોગ કરતાં વધારે શોકજનક કાંઈ હોતું નથી; છતાં પણ એણે ઊંડી સમજણપૂર્વક એમજ કહ્યું હતું કે, “આ બનાવમાં પણ હું તો એમજ જોઈ શકું છું કે, એથી કરીને ભગવાન મારા સમગ્ર હૃદયને પોતા તરફજ ખેંચી લેવા માગે છે. આ બનાવથી મને શોક જરૂર થયો છે, તોપણ એવી સમજણને લીધે મહાન પ્રભુના કાર્યમાં હું કાંઇ પણ અયોગ્યતા કે વાંધો જોઇ શકતી નથી.”

('સદાલાપ'માંથી)

૧૬૫–एक महासाध्वीने दुःखमां पण प्रभुकृपानो अनुभव थयो

સાધ્વી રાબેયા જન્મથી દુઃખી હતી. એક વખત એના ગામમાં લૂંટારાઓ આવ્યા અને બીજાઓના ભેગી રાબેયાને પણ પકડીને લઇ ગયા. એ વખતે એશિયા અને યુરોપના દેશોમાં ગુલામગીરીનો વેપાર ધમધોકાર ચાલતો હતો. લૂંટારાઓએ રાબેયાને એક વિલાસી ધનવાનને ત્યાં વેચી.

રાબેયા ખૂબસૂરત નહોતી, એટલે એના ભાગમાં ઘરધણીના ઘરનું વૈતરુંજ આવ્યું. વિલાસી માલિકના પ્રમોદભવનમાં ખાવા-પીવા પીરસવાનું કામ તેને સોંપવામાં આવ્યું હતું. એ વખતે અરબસ્તાનમાં એવો રિવાજ હતો કે, ધનવાન મનુષ્યોને ઘેર વિદ્વાનોની પણ મિજલસ જામતી અને ત્યાં સ્વેચ્છાચારની સાથે સાથે વિદ્યાચર્ચા પણ થતી. રાબેયાના શેઠને ઘેર પણ વિદ્વાનોની મંડળી દરરોજ મળતી.

એવા રાત્રિભોજનપ્રસંગે દાસ–દાસીઓને પુષ્કળ માર પડતો. જે મનુષ્યોને ઢોર કે જડ વસ્તુની પેઠે ખરીદી કે વેચી શકાય તેની સારી દશા ક્યાંથી હોઇ શકે? પરોઢિયેથી માંડીને મોડી રાત સુધી

દાસ-દાસી કામ કરતાં અને માર ખાઇને કેટલીકવાર મહિનાઓ સુધી પીડાતાં. કેટલાકના તો પ્રાણ પણ નીકળી જતા. રાબેયાને પણ હદ ઉપરાંત મજૂરી કરવી પડતી, પણ નાનપણથીજ એને દુઃખ સહન કરવાની તથા કુશળતાથી કામ કરવાની ટેવ પડી ગઈ હતી, એટલે એ દુઃખી થતી નહિ. ચિત્તની શાંતિને લીધે એ તંદુરસ્તી પણ સાચવી શકતી હતી.

એક દિવસ રાબેયાના માલિકને ઘેર મિજલસ હતી. કવિ, દાર્શનિક, જ્યોતિષી, હકીમ વગેરે વિદ્વાનોની ઠઠ જામી હતી. અનેક વિષયોની વાતચીત ચાલી. વિલાસી શેઠને એ બધી બાબતોમાં કાંઈ રસ નહોતો પડતો. એ તો શરાબના પ્યાલામાંજ મસ્ત હતો.

રાબેયા વારાફરતી સ્વાદિષ્ટ વાનીઓ અને રંગબેરંગી શરાબ પીરસી જતી હતી. શીશાઓ ઉપર શીશા ખાલી થઈ જતા હતા; એટલામાં એક મહેમાને રકાબીમાંના ખોરાકમાંથી હાડકાની ગાંઠમાંનું માંસ છૂટું પાડતાં પાડતાં કહ્યું કે, "વાહ ! આ ગાંઠ કેવી આશ્ચર્યકારક કુશળતાથી બનાવી છે ! માણસના શરીરમાં પણ એવી ગાંઠ હશે કે ?" એક હકીમ સાહેબ બોલી ઊઠ્યા કે, "મનુષ્યના શરીરમાં એવી ગાંઠ છે, પરંતુ ચોપગાં અને બેપગાં પ્રાણીઓના ચાલવામાં ફરક હોવાથી એ ગાંઠની રચનામાં પણ થોડોક ફેરફાર છે.

પહેલા ગૃહસ્થે કહ્યું કે, "દોસ્ત ! માણસના શરીર ને જાનવરના દેહમાંની એ ગાંઠ બેને સાથે સરખાવીએ તો મજા પડે."

રાબેયાના શેઠે કહ્યું કે, "અહો ! એમાં તે શી મોટી વાત છે ! આ દાસીનો પગ ચીરીને તમે તમારી એ ગાંઠને સરખાવી જુઓ અને આનંદ મેળવો !"

માલિકનો ઇશારો થતાં દાસ-દાસીઓએ બિચારી રાબેયાને પકડી રાખી અને એક હકીમજીએ છરી વડે એની જાંઘ કાપીને

માંસપેશીઓ એક પછી એક છૂટી કરી નાખી, હાડકું બહાર કાઢયું. એક જણ હાડકાની ગાંઠને તપાસીને આનંદમાં બોલી ઊઠ્યો કે, "વાહ! પરમેશ્વરનો કેવો મહિમા છે!" પછી હકીમજીએ માંસની પેશીઓ પાછી ગોઠવી દઇને પગ બાંધી દીધો અને દાસ–દાસીઓ રાબેયાને તેની ઓરડીમાં મૂકી આવ્યાં.

એ અવર્ણનીય વેદનામાં સર્વદુ:ખવિદારક પરમેશ્વરનું મધુરું નામ રાબેયાના મર્મને ભેદવા લાગ્યું. દુ:ખના આવેશમાં હૃદયદેવતા પ્રભુ પોતેજ પોતાના હૃદયમાં અવતર્યા છે, એવો ભાવ રાબેયાના મનમાં જાગ્રત થયો અને તેથી તેણે એ અસહ્ય વેદનામાં પણ કોઇના ઉપર નિસાસો નહિ નાખતાં કહ્યું કે, "શુક્ર ખુદા–ઈશ્વરને ધન્યવાદ."

રોગશય્યામાં પડેલી રાબેયાએ દયાળુ પ્રભુને કહ્યું કે, "આજના આ દુ:ખ વડે તેં મને તારો મહિમા અને અપાર દયાળુતા સમજાવી છે, કે આટલા બધા દિવસ તેં મને કેટલા સુખમાં રાખી હતી! શરીરનું માત્ર એકજ અંગ ખોડું કરીને તેં મને કેવું સમજાવી દીધું કે, સેંકડો દુ:ખોમાંથી તેં કેવી રીતે મારું રક્ષણ કર્યું છે અને પ્રત્યેક પળે કેટલી બધી કાળજી રાખીને તેં મારું રક્ષણ કર્યું છે! તારી આ અપાર દયાનો વિચાર કરતાં મને મારી અયોગ્યતા માટે બહુજ શરમ આવે છે. વગરમાગ્યે તેં મારા ઉપર જે ઉદાર કરુણા આ વખતે પણ કરી છે તે જ્યારે મને યાદ આવે છે, ત્યારે તારી પ્રાર્થના કરતાં પણ મને શરમ આવે છે."

એ વેદનાને લીધે તેને એક મહિના સુધી ખાટલાવશ રહેવું પડયું હતું, પરંતુ કોઇ દિવસ તેણે પોતાને દુ:ખ દેનાર શેઠની નિંદા કરી નહોતી. એક ક્ષણને માટે પણ ઈશ્વરનો કે દૈવનો વાંક કાઢયો નહોતો, બલકે પૂર્ણ શાંતિમાં અને પ્રભુનો ઉપકાર માનવામાંજ તેણે સમય ગાળ્યો હતો.

('પંચકન્યા' નામક બંગાળી ગ્રંથમાંથી)

१६६–साचो ब्राह्मण कोने कहेवो ?

(ગૌતમ બુદ્ધ અને સોણુદંડ વચ્ચેની વાતચીત)

ચંપાનગરીમાં સોણુદંડ નામને। એક ધનિક વિદ્વાન અને સુશીલ બ્રાહ્મણ રહેતો હતો. સેંકડો વિદ્યાર્થીઓ એની પાસે ભણુતા અને એને માન આપતા. એક વખત બુદ્ધ ભગવાન વિહાર કરતા કરતા ચંપાનગરીની બહાર આવીને રહ્યા. એમને। ઉપદેશ સાંભળવાને આખી નગરીના બ્રાહ્મણો જતા હતા, તેમને જોઈ સોણુદંડે કહ્યું કે, " ભાઇઓ ! તમે ન જશો, મને જવા દો. " બ્રાહ્મણોએ કહ્યું કે, " મહારાજ ! તમારા જેવા વિદ્વાને એ તસ્દી લેવી યોગ્ય નથી, એમ કરવાથી તમારી પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. " પણ સોણુદંડ નમ્ર અને વિનયી હતો અને ગૌતમ બુદ્ધનું માહાત્મ્ય જાણુતો હતો; તેથી તેણે એમની યોગ્યતાની પ્રશંસા કરી અને કહ્યું કે, " એ એવા મહાત્મા છે કે મારેજ એમની પાસે જવું જોઇએ. " એમ કહી સોણુદંડ તથા બીજા બ્રાહ્મણો ગૌતમ બુદ્ધની પાસે ગયા અને ત્યાં ખરું બ્રાહ્મણુત્વ શામાં છે, એ વિષે ચર્ચા ચાલી.

ગૌતમ બુદ્ધે સોણુદંડના મનને। પ્રશ્ન જાણી લઈને પૂછ્યું: " સોણુદંડ ! એવી કયી વસ્તુઓ છે, કે જે હોય તો બ્રાહ્મણ 'હું બ્રાહ્મણ છું' એમ યથાર્થ રીતે કહી શકે ? "

સોણુદંડે કહ્યું કે, " ગૌતમ ! પાંચ વાનાં હોય તો તે પોતાને બ્રાહ્મણ કહી શકે.

(૧) એક માતા ને પિતા ઉભયને। વંશ વિશુદ્ધ હોવો જોઇએ.

(૨) એ ત્રણ વેદમાં અને એને લગતાં અન્ય શાસ્ત્રોમાં કુશળ હોવો જોઇએ.

(૩) વળી એ સુંદર, ગોરો, દીઠે પ્રિય લાગે એવો અને ભવ્ય હોવો જોઇએ.

(૪) શીલ-ચારિત્ર્યવાન હોવો જોઇએ.

(૫) પ્રજ્ઞાવાન (બુદ્ધિમાન) હોવો જોઇએ.”

બુદ્ધ ભગવાને પૂછ્યું કે, “પણ સોણદંડ! આ પાંચ-રૂપ, કુળ, શ્રુત, શીલ અને પ્રજ્ઞા એમાંનું કોઈ એક ન હોય તો ચાલે કે નહિ?”

સોણદંડે કહ્યું કે, “હા, રૂપ ન હોય તો ચાલે. બાકીનાં ચાર હોય તો બસ.”

બુદ્ધે કહ્યું કે, “પણ એ ચારમાંનું કયું ન હોય તો ચાલે?”

સોણદંડે કહ્યું કે, “શ્રુત (વિદ્યા) ન હોય તો ચાલે.”

બુદ્ધે કહ્યું કે, “બાકીનાં ત્રણમાંનું એકાદ ન હોય તો ચાલે?”

સોણદંડે કહ્યું કે, “હા, કુળ ન હોય તોપણ ચાલે.”

આ સાંભળી બીજા બ્રાહ્મણો ચમક્યા, પણ એમને સોણદંડે કહ્યું કે, “ભાઇઓ! હું કાંઇ આપણાં રૂપ, કુળ, કે શ્રુત (વિદ્યા)-ને નિંદતો નથી, પણ બ્રાહ્મણત્વમાં ખાસ શું આવશ્યક છે એજ કહું છું.” એમ કહી તેઓને ઠંડા પાડ્યા.

બુદ્ધે કહ્યું કે, “બાકી બે રહ્યાં શીલ અને પ્રજ્ઞા, (જ્ઞાનશક્તિ અને ચારિત્રશુદ્ધિ) એમાંનું પણ એક ન હોય તો ચાલે?”

સોણદંડે કહ્યું કે, “ના, જેમ હાથ કે પગ બીજા હાથ કે પગ સાથે ઘસીને ધોવાય છે, તેમ શીલ અને પ્રજ્ઞા (જ્ઞાન અને ચારિત્ર) એકબીજાની મદદથી શુદ્ધ થાય છે. શીલ વડે પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે અને પ્રજ્ઞા વડે શીલ આવે છે.”

(પ્રો. આનંદશંકરભાઇના લેખ ઉપરથી)

૧૬૭–स्वामी विवेकानंदनी गरीबो प्रत्ये दया

એક દિવસ નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ)ને સમાચાર મળ્યા કે, અમુક વ્યક્તિ ત્રણ સંતાન સહિત બહુ કષ્ટ ભોગવી રહી

છે. ઘરસંસાર ચલાવવાનું તેને વસમું થઈ પડયું છે. ભૂખની પીડાથી એને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો છે. રોગને લીધે એ પથારીમાં પડયો છે, પણ દવા કરાવવાનું ગજું નથી. એ સમાચાર સાંભળતાંવારજ નરેન્દ્રનાથનું હૃદય પીગળી ગયું. તેમણે તરતજ ત્રીસ રૂપિયા એકઠા કરીને એક મિત્રની સાથે એ ગરીબ મનુષ્યને મોકલી આપ્યા અને કહાવ્યું કે, "તમે કોઈ પણ જાતની ચિંતા ન કરશો. મારા મિત્ર ડૉકટર ત્રૈલોકયનાથ બંદોપાધ્યાય તમારે ઘેર આવીને વગર ફીએ જોઇ જશે અને દવા-દારૂ પણ મફત કરશે" ડૉકટર સાહેબે નરેન્દ્રનાથના આગ્રહથી એ ગરીબ મનુષ્યની દવા કરી હતી. નરેન્દ્રનાથ હમેશાં એ ગરીબ કુટુંબની ખબર રાખતા અને એક વાર જાતે જઇને એ લોકોને મળી આવ્યા હતા.×

૧૬૮—मानपान प्रत्ये फ्लॉरेन्स नाइटिंगेलनी उपेक्षा

કુમારી ફ્લૉરેન્સ નાઇટિંગેલના ઉત્તમ પરોપકારી કાર્યનો પરિચય તો વાચકોને અમે અહીં સુધી આપી ચૂકયા છીએ. એ ગુણો ઉપરાંત એમનામાં એક વિશેષ ગુણ એ હતો કે, લોકોમાં પ્રસિદ્ધિ મેળવી આગળ પડવાનો શોખ એમને જરાયે નહોતો. એમનાં સત્કાર્યોની ખ્યાતિ પવનવેગે ઇંગ્લૅંડ પહોંચી ચૂકી હતી અને ત્યાંના લોકો મોટા પાયા ઉપર એમને જાહેર સન્માન આપવાને આતુર થયા હતા. સરકારે એમને લખ્યું હતું કે, "આપને

× 'બાપ તેવા બેટા' એની પેઠે સ્વામી વિવેકાનંદના અનુયાયી એકળે વિદ્યાર્થીઓએ શ્રીકાશીપુરીમાં પણ ઉપલી રીતેજ શરૂઆત કરીને તેને એક કેવું વિશાળ ઔષધાલય તથા શુશ્રૂષાલય બનાવી મૂકયું છે તથા તેનીજ જોડમાં ભજનમઠ પણ સ્થાપેલો છે, તે નજરે જોવાથીજ સમજાય તેમ છે. જે કોઇ કાશી જેવા તીર્થમાં જઇને આ જીવતા-જાગતા સ્થાનને જુએ નહિ, તેની યાત્રાજ નકામી જાણવી. એ સ્થળનું પણ નામ તો ઘણું કરીને 'રામકૃષ્ણ સેવાશ્રમ' છે.—સંપાદક

સ્વદેશમાં આણવા સારુ સરકારી મનવાર તૈયાર રહેશે;" પરંતુ એમણે એ પસંદ કર્યું નહિ. લોકો એમના પ્રવાસથી જાણીતા ન થઇ જાય, એટલા માટે ગુપ્ત નામ ધારણ કરીને એમણે સાધારણ આગબોટમાં પ્રવાસ કર્યો અને ઇ. સ. ૧૮૫૬ની ૮ મી ઑગસ્ટને દિવસે ઇંગ્લેંડ પહોંચી જઇ લીહર્સ્ટ ગામમાં સીધા પોતાને ઘેર ગયાં. એમ કહેવાય છે કે, ઘરમાં પણ તેમણે પાછલે બારણેથી પ્રવેશ કર્યો હતો. આખો દેશ તેમના ગુણાનુવાદ ગાઈ રહ્યો હતો એ સમયે તેઓ પોતાના કુટુંબ સાથે શાંતિમાં પોતાનું જીવન ગાળી રહ્યાં હતાં અને થોડીક વિશ્રાંતિ ભોગવીને તાજાં થઇ પાછાં સેવિકાશ્રમનો ચાર્જ લેવાની તૈયારી કરી રહ્યાં હતાં.

દેશસેવાના બદલામાં માનપત્રોની આશા રાખનાર દેશસેવકોએ કુમારી ફ્લૉરેન્સ નાઇટિંગેલના ચરિત્ર ઉપરથી ધડો લેવો ઘટે છે. જનસમાજ તેની કદર કરવામાં પાછળ રહ્યો નહિ. તેમણે તેમના હાથમાં સાત લાખ રૂપિયા ઉઘરાવીને મૂક્યા. કુમારી ફ્લૉરેન્સે એમાંની એક કોડી પણ પોતાના કામમાં ન વાપરતાં, શુશ્રુષા–નર્સિંગનું શિક્ષણ આપનારી સંસ્થા અને ઇસ્પિતાલ સ્થાપવામાં એ રકમનો ઉપયોગ કર્યો.

આ પરોપકારી નારીએ ઇ. સ. ૧૯૧૦ની ૧૪મી ઑગસ્ટે લગભગ નેવું વર્ષની વયે પરલોકગમન કર્યું. મૃત્યુની પૂર્વે તેમણે આગ્રહ કર્યો હતો કે, "મારા શબને કોઇ પણ જાતના આડંબર વગર દફનાવજો."

રાણી અલેક્ઝાન્ડ્રાએ તેની સમાધિ ઉપર ચઢાવવા સારુ સુગંધીદાર પુષ્પોનો એક ગોટો મોકલ્યો હતો. તેમાં પુષ્પોના અક્ષરોથી લખ્યું હતું કે, "આ નારી મનુષ્યોનું પરમ કલ્યાણ કરનારી હતી."×

× ધન્ય માતા નાઇટિંગેલ ! નીપજજો ભારતભૂમિમાં એવી અનેકાનેક દેવીઓ, કે જે ગુપ્તાચારી દેશસેવિકા નહિ હોતાં સાચેસાચીજ દયાની દેવીઓ હોય.

१६९–कुमारी फ्लोरेन्स नाइटिंगेलनी सेवाचाकरी

કુમારી નાઇટિંગેલના સમયપૂર્વે ઇંગ્લેંડમાં ખાનદાન કુટુંબની સ્ત્રીઓ પરિચારિકાનું કામ કરવામાં હીણપત સમજતી. ક્રિમિયાના યુદ્ધસમયે ઇંગ્લેંડના મંત્રીમંડળને ખાતરી થઇ કે, ખરા દિલથી કામ કરનારી અને શુશ્રૂષાના નિયમોથી જાણીતી સેવિકાઓના અભાવે પોતાના સૈનિકો દુઃખી થઈ રહ્યા છે અને રોગના ભોગ થઇ કમોતે મરી રહ્યા છે. આથી તેમણે કુમારી નાઈટિંગેલની સરદારી નીચે સેવિકાઓની એક ટુકડી રણક્ષેત્રમાં મોકલી આપી હતી. સ્કુટેરાઇની લશ્કરી ઇસ્પિતાલમાંથી એમને કામ શરૂ કરવાનું હતું. એમની સેવાનો ખરો ખ્યાલ આણવા સારુ એમના ત્યાં પહોંચવા પહેલાં શી દશા હતી, તે પણ જાણવું જરૂરનું છે.

મિસ નાઇટિંગેલ જેવાં અંદર ગયાં, કે તરત તેમને માલૂમ પડ્યું કે, શોભા તો ફક્ત બહારનીજ હતી. અંદર તો બેશુમાર ગંદકી, મરકી, દુઃખ અને અવ્યવસ્થાજ હતી. ઓસરીની બન્ને બાજુએ સંખ્યાબંધ ઘાયલ થયેલા માણસો ગીચોગીચ પડેલા હતા ને તેમનાં શરીર ઢંકાય તેટલાં પણ વસ્ત્રો તેમની પાસે નહોતાં.

ક્રિમિયાના રણક્ષેત્રમાંથી ઘાયલ થયેલા માણસોને આ ઇસ્પિતાલમાં ઘસડી આણીને ઓસરી ઉપર ફેંકવામાં આવતા હતા. ચેપી રોગવાળા સિપાઇઓને પણ ત્યાંજ નાખવામાં આવતા. કાંઇ પણ ભેદ પાડવામાં આવ્યો નહોતો; કારણ કે બંદોબસ્ત રાખનાર કોઇજ નહોતું. એમાં પડેલા દર્દીઓ કેટલાય દિવસથી આવીને ત્યાં પડેલા હતા; પરંતુ તેમાંના ઘણાકના તો ઘા સરખા પણ કોઇએ ધોઇને સ્વચ્છ કર્યા નહોતા ને ભાંગ્યાંતૂટ્યાં હાડકાં પણ કોઇએ જોયાં નહોતાં. માંદા માણસોને માટે પાણી પીવા કે ખાવા

માટે વાસણ પણ નહોતાં, ત્યાં પછી સાબુ, ટુવાલ કે ચીંથરાં તો ક્યાંથીજ હોય ? દર્દીઓને પહેરવાને બીજાં લૂગડાં પણ નહોતાં. સિપાઇઓ પોતાનો લશ્કરી પોશાકજ પહેરીને પડયા રહેતા ને એટલા ગંદા હતા કે તેનું વર્ણન કરતાં પણ કંપારી છૂટે. તેમના અંગ ઉપર કીડા પડેલા હતા. તે કીડા ભીંતો ઉપર અને જમીન ઉપર પણ ચાલતા હતા અને સઘળે ઠેકાણે ગંદકી અને રોગનો ફેલાવો કરતા હતા. સ્વાભાવિક રીતેજ માંદા માણસો ડૉક્ટરી મદદની આશા રાખે; પણ આ ગરીબ લોકોની તો છેક અંત ઘડી સુધી દાદ–ફરિયાદ કોઇ સાંભળતું નહિ. તેમનો છુટકારો તો માત્ર મરણથીજ થતો.

દરદીઓને કીડા પીખી ખાતા. મોટા મોટા ઊંદરો તેમના ટાટના બિછાના ઉપર દોડાદોડ કરતા. બારીઓની નીચે છ–સાત કૂતરાં મરેલાં પડેલાં હતાં.

આ સર્વ દેખાવ કુમારી નાઇટિંગેલે જોયો અને ધીમે ધીમે એ બધું દૂર કરી ત્યાં આગળ સ્વચ્છતા અને શાંતિનું રાજ્ય લાવવાનો નિશ્ચય કર્યો. લોકો ધારતા હતા કે, સુકુમાર કુલીન અંગ્રેજ યુવતીઓ ઊંદરો અને કીડા જોઇને ડરી જશે ને સેવાવ્રત છોડી દઈ ઇંગ્લૅંડ નાસી જશે; પરંતુ મિસ નાઇટિંગેલને એ દુર્ગંધમય મલિન વાતાવરણની જરાયે સૂગ ભરાઇ નહિ. તેણે તો પોતાની છત્રી વડે એક માણસની પથારી ઉપરથી ઊંદરને ખસેડી નાખ્યો; ધીરજથી કામ લઇ પોતાના હાથ નીચેની નર્સોને ઉત્સાહિત કરી; વ્યવસ્થા કેવી રીતે રાખવી, તેની યોજના ઘડી કાઢી ને તેમને સમજાવી દીધી. ધીમે ધીમે બધી ગંદકી અને અવ્યવસ્થા દૂર કરી તથા અસંભવિત દેખાતું કામ પાર પાડયું.

એમની એ સમયની સેવાનું અવલોકન કરતાં એક વર્તમાનપત્રે લખ્યું હતું કે, " આ ભલી બાઈ છેક મધરાત સુધી ઇસ્પિ-

તાલના ઓરડામાં, ઓસરી ઉપર જ્યાં જ્યાં દરદીઓનાં બિછાનાં હોય ત્યાં ત્યાં હાથમાં એક નાનો સરખો દીવો લઇને ફરે છે અને સઘળાંની તપાસ રાખે છે. મરણપથારીએ સૂતેલા માણસો તેમને આવતાં સાંભળીને તેમના ભલા કામને માટે આશીર્વાદ દેવા ખાતર પાસું બદલીને સૂએ છે."

આ પ્રમાણે માનવબંધુઓ ઉપર અથાગ પ્રેમથી પ્રેરાઇને માનવજાતિની સેવાને પ્રભુનું પૂજન ગણી કુમારી નાઈટિંગેલે જે અદ્ભુત કાર્ય કર્યું છે, તેથી એમનો યશ અમર થઇ ગયો છે.

('નાઇટિંગેલચરિત્ર'માંથી)

૧૭૦–સ્વામી વિવેકાનંદનાં આત્મસંયમ અને આત્મગોપન

રાજનારાયણ બસુ સાથેના તેમના એક મેળાપમાં એક સરસ ખૂબી રહી હતી. દેશના અગ્રગણ્ય નેતાને મળવા જવું તો સન્માનની પૂરી વૃત્તિ સહિત જવું જોઇએ અને તેમની સાથે અંગ્રેજીમાં ન બોલતાં બંગાળીમાંજ બોલવું જોઈએ, એવા વિચારથી નરેન્દ્રનાથે બધી વાતચીત બંગાળીમાંજ કરી હતી અને એક પણ શબ્દ અંગ્રેજીનો ન નીકળી જાય તેની ખાસ ચીવટ રાખી હતી. રાજનારાયણ બસુ પણ એ વાતચીત ઉપરથી એમ સમજ્યા કે, યુવક નરેન્દ્રનાથ અંગ્રેજી જાણતા નથી; એટલા માટે પોતાના મુખમાંથી કોઇ અંગ્રેજી શબ્દ નીકળી જતાં એનો બંગાળી તરજુમો કરતા. એક વખત વાતચીતમાં 'સ્પીકર' (વક્તા) શબ્દ નીકળી જતાં આંગળીના ઇશારાથી તેમણે એ શબ્દ સમજાવ્યો હતો. વૃદ્ધ બસુ મહાશયની એ વર્તણૂકથી નરેન્દ્રનાથને મનમાં ઘણુંજ હસવું આવતું હતું, પણ એને દબાવીને ગંભીરપણે બેસી રહ્યા હતા. એમના

સાથી ગંગાધરજીથી રહેવાયું નહિ અને એ હસી પડચા, ત્યારે ઇશારો કરી તેમને હસતાં રોકચા હતા. વાતચીત પૂરી થયા પછી પાછા ફરતાં રસ્તામાં આ રમૂજી બનાવ સંભારીને તેઓ બધા વારંવાર ખૂબજ હસ્યા.

આત્મસંયમ અને આત્મગોપન (પોતાની યોગ્યતા કે વિદ્વત્તા નહિ દર્શાવવાપણું) એ શ્રેષ્ઠ મનુષ્યો માટે કેવો જરૂરી ગુણ છે, તે આ દૃષ્ટાંતમાંથી ખાસ સમજવાનું છે.

१७१—कर्तव्यक्षेत्र संबंधी उत्तम सलाह

અશ્વિનીકુમાર દત્ત ભણી-ગણીને તૈયાર થયા અને દેશસેવા કરવાની વૃત્તિ પણ તેમનામાં દીઠામાં આવી, ત્યારે ગુરુ રાજનારાયણે ઉપદેશ આપ્યો હતો કે, " અશ્વિનિ! કામ કરવું હોય તો બારિસાલમાં રહેજે અને ખૂબ નામ કાઢવું હોય તો કલકત્તા જજે."

મોટા નગરમાં જાહેરજીવન ગાળનારા સેવકો નામના મેળવી શકે છે, સરકાર અને જાહેર સંસ્થાઓ તરફથી માન મેળવવા ભાગ્યશાળી થાય છે; પરંતુ એથી એમની શક્તિનો સારામાં સારો ઉપયોગ થતો નથી. કેમકે નાનાં શહેરો અને ગામોને તેમની સેવાનો લાભ મળતો નથી. ખરું ભારતવર્ષ કલકત્તા, મુંબઇ કે મદ્રાસ જેવાં ભવ્ય નગરોમાં નથી, પણ તેનાં હજારો નાનાં શહેરો અને અસંખ્ય ગામડાંઓમાં છે. વિદ્યા, વિનય અને ભક્તિથી વિભૂષિત થયેલા સાચા દેશસેવકોને માટે તો ત્યાં આગળજ વિશાળ કાર્યક્ષેત્ર પડચું છે.

('મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર'માંથી)

१७२–रामतनु लाहिडीना जाणवा जेवा सद्गुणो

૧–અસત્ય ભાષણ પર તિરસ્કાર

રામતનુ લાહિડી બંગાળાના એક સુપ્રસિદ્ધ વિદ્વાન સુધારક, ધર્મપરાયણ અને સત્યનિષ્ઠ પુરુષ થઇ ગયા છે. કૃષ્ણનગરની કૉલેજિયેટ સ્કૂલના એ હેડમાસ્તર હતા. મિથ્યાચરણ પ્રત્યે અશ્વિનીબાબુને બાલ્યાવસ્થામાંથીજ જે તિરસ્કાર ઊપજ્યો હતો, તે એજ મહાપુરુષના સમાગમને આભારી હતો.

એક દિવસ રામતનુ લાહિડી કલકત્તાના રાજમાર્ગમાં ફૂટપાથ ઉપર થઇને જઈ રહ્યા હતાં. અશ્વિનીબાબુ તેમની પાછળ પાછળ જઇ રહ્યા હતા. એટલામાં એકાએક કોણ જાણે શો વિચાર આવ્યો કે લાહિડી મહાશય ઉતાવળે પગલે બીજા ફૂટપાથ ઉપર થઇને પાસેની એક ગલીમાં ઘૂસી ગયા. અશ્વિનીબાબુ વિસ્મય પામીને તેમની પાછળ એજ ગલીમાં ગયા અને આમ બેબાકળા થવાનું કારણ પૂછ્યું. લાહિડી મહાશયે એ વખતે સામેના ફૂટપાથ ઉપર થઇને જતા એક માણસ તરફ આંગળી કરીને કહ્યું કે, "એ માણસ પાસે મારા થોડાક રૂપિયા લેણા નીકળે છે. જ્યારે મળે છે ત્યારે વાયદો કરે છે કે, 'થોડા દિવસમાં આપી દઇશ;' પણ એનો વાયદો કદી સાચો પડતો નથી. વાયદો કરીને એનું પાલન નહિ કર્યાથી જૂઠું બોલ્યાનું પાપ થાય છે. એની એ બિચારાને ખબર નથી. આજ હું એને મળ્યો હોત તો પાછો એ જૂઠો વાયદો કરીને મિથ્યાચરણ કરત. મારાથી એ સહન થઈ શકતું નથી. એનું એ મિથ્યાચરણમાંથી રક્ષણ કરવા સારુ મારે એ રસ્તો છોડીને એકદમ આ તરફ નીકળી આવવું પડ્યું."

૨–તેજસ્વિતા અને સ્પષ્ટવક્તાપણું

રામતનુ લાહિડી કૃષ્ણનગરમાં હેડમાસ્તરના પદ ઉપર હતા,

ત્યારે એક વાર બંગાળાના લેફ્ટેનંટ ગવર્નર એ નગરની મુલાકાતે ગયેલા. તે વખતે ત્યાંના મહારાજાએ તેમના માનમાં એક મોટી પાર્ટીની ગોઠવણ કરી હતી. લાહિડી મહાશય પણ આમંત્રણ હોવાથી ત્યાં ગયા હતા. લેફ્ટેનંટ ગવર્નર સાથે એમને પહેલાંનો પરિચય હોવાથી એમને જોતાંવારજ લેફ્. ગવર્નરે "શેકહેન્ડ" કરવા સારુ હાથ આગળ લંબાવ્યો. પોતાના પ્રાંતનો સૌથી મોટો સંસ્કારી અમલદાર અને શહેનશાહનો પ્રતિનિધિ આ પ્રમાણે એક સામાન્ય હેડમાસ્તરની સાથે શેકહેન્ડ કરવા માટે પહેલો પોતે હાથ ધરે, એ કેટલું મોટું સન્માન! પણ લાહિડી મહાશયે શું કર્યું? એમણે તો પોતાનો જમણો હાથ સંકેલીને પાછળ લીધો અને કહ્યું કે, "જે સદ્ગૃહસ્થે 'ઇલ્બર્ટ બીલ'ના પક્ષમાં મત આપ્યો છે, તેની સાથે હું હાથ મેળવીશ નહિ."

ભારતવાસી અને અંગ્રેજો વચ્ચે ન્યાયની બાબતમાં ભેદભાવ દર્શાવવાનો "ઇલ્બર્ટ બીલ"નો ઉદ્દેશ હતો અને એ વખતે એને અંગે આપણા દેશમાં જબરી હિલચાલ ચાલી હતી.

લેફ્. ગવર્નરનું ખુલ્લી રીતે આ પ્રમાણે અપમાન કરવું, એ જેવી તેવી તેજસ્વિતા ન ગણાય! ગવર્નર સાહેબપ્રત્યે એમને વ્યક્તિગત દ્વેષ જરાયે નહોતો, ઊલટો સ્નેહ-સંબંધ હતો; પરંતુ આ આચરણથી એમના અમુક કૃત્ય પ્રત્યે ખુલ્લી રીતે અણગમો બતાવવો એજ એમનો ઉદ્દેશ હતો.

૩-મિથ્યાવચન પ્રત્યે તિરસ્કાર

રામતનુ લાહિડી મન, વચન અને કર્મથી સદા સત્યનેજ અનુસરતા. જૂઠનો આધાર લેવો એને એ મોટો અપરાધ ગણતા. એ જ્યારે ઉત્તરપાડા સ્કૂલના હેડમાસ્તર હતા, ત્યારે એમની એક નોકરડીએ રડતા બાળક 'નવકુમાર'ને છાનો રાખવા માટે કહ્યું હતું કે, "કીકા! રડતો નહિ. તને મીઠાઇ લાવી આપીશ."

લાહિડી મહાશયે એ વાત સાંભળી એટલે તરતજ નોકરડીની મારફતે મીઠાઇ મંગાવીને એ બાળકને અપાવી.

બાળકોને જૂઠી લાલચ બતાવીને તેનું પાલન નહિ કર્યાથી એમને પણ જૂઠું બોલવાની ટેવ પડી જાય છે અને વડીલોના વચન પ્રત્યે શ્રદ્ધા રહેતી નથી.

૪–સત્યનિષ્ઠા અને ન્યાયપરાયણતા

એક દિવસ કૃષ્ણનગરમાં એમના ઘરના એક કબાટમાંથી એક વસ્તુ ખોવાઈ. એમને ઘરના એક નોકર ઉપર શક ગયો. થોડા દિવસ પછી ચોરાયેલી વસ્તુ જડી આવી, એટલે લાહિડી મહાશયે એ નોકરની આગળ પોતાનો અપરાધ કબૂલ કરીને માફી માગી કે, "મેં તારા ઉપર ગેરવાજબી સંદેહ કર્યો છે. મારી ભૂલની મને માફી આપ." આવા પ્રકારની સત્યનિષ્ઠા અને ન્યાયપરાયણતા ઘણાં થોડાં મનુષ્યોમાં જોવામાં આવે છે.

('ભારતપ્રતિમા' અને 'મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર'માંથી)

१७३–पिताना शिक्षण अने सत्संगनो प्रताप

૧–અશ્વિનીકુમાર દત્તમાં આવેલી સેવાવૃત્તિનું કારણ

પૂર્વબંગાળાના પ્રસિદ્ધ દેશભક્ત અશ્વિનીકુમારના પિતા વ્રજમોહન 'સદર આલા'નો મોટો હોદ્દો ધરાવનારા અમલદાર હતા. એમને ઘેર નોકરચાકર અને ધનવૈભવ કશાની ઓછપ નહોતી. પુત્રના મનમાં એ વૈભવને લીધે કોઇ પણ જાતનું મિથ્યાભિમાન ઉત્પન્ન થવા ન પામે, એ માટે એમને બહુજ કાળજી રહેતી. એક દિવસ એક સદ્‌ગૃહસ્થ વ્રજમોહન બાબુને મળવા સારુ ગયા. એ વખતે વ્રજમોહને પુત્ર અશ્વિનીકુમારને આજ્ઞા આપી કે, "એમને સારુ હુક્કો ભરી લાવ." મુખને જરા પણ વીલું કર્યા વગર પ્રસન્ન-

ચિત્તે અશ્વિનીકુમારે આજ્ઞાનું પાલન કર્યું. અશ્વિનીકુમાર ત્યાંથી દૂર ગયા, એટલે આવનાર સજ્જને પૂછ્યું કે, "આપને ત્યાં નોકરની ખોટ નથી, છતાં હુક્કો તૈયાર કરી લાવવાની આજ્ઞા આપે પુત્રને કેમ આપી?" ઉત્તરમાં વ્રજમોહન બાબુએ જણાવ્યું કે, "મારો છોકરો કોઈ પણ કામને હલકું ન ગણે, એટલા માટે હું એને ગમે તેવાં નજીવાં કામો કરવાનો હુકમ આપું છું."

બાલ્યાવસ્થામાં આવું કાળજીભર્યું શિક્ષણ સમજુ પિતાએ આપેલું, તેથીજ અશ્વિનીકુમાર દત્ત મોટી વયે દીન અને દુઃખીઓના સાચા સેવક નીવડ્યા હતા.

૨-અશ્વિનીકુમાર દત્તનો અશ્લીલ શબ્દો પ્રત્યે તિરસ્કાર

બાબુ વ્રજમોહને બાલ્યાવસ્થાથીજ પુત્રના નૈતિક શિક્ષણ પ્રત્યે સ્નેહપૂર્વક એટલી બધી દેખરેખ રાખી હતી, કે કોઇ પ્રકારનો ડાઘ તેમના ચરિત્રને સ્પર્શ કરી શક્યો નહોતો. એ કહેતા કે, "પાપ શું છે, તેનો વિચાર પણ બાલ્યાવસ્થામાં મને આવી શકતો નહિ."

અશ્વિનીકુમારના નીતિ સંબંધી કેવા ઉચ્ચ વિચારો હતા, તે નીચેના એક પ્રસંગ ઉપરથી જણાઈ આવશે:

"અશ્વિનીકુમાર કલકત્તાની એક કૉલેજમાં એમ. એ.નો અભ્યાસ કરતા હતા અને છાત્રનિવાસમાં રહેતા હતા. એક દિવસે સાંજે ફરીને ઘેર આવતાં એક મિત્ર (પ્રોફેસર ત્રિગુણાચરણ)ના મુખેથી સમાચાર મળ્યા કે, એમની ઓરડીમાં બે વિદ્યાર્થીઓએ ઘણા અશ્લીલ શબ્દો ઉચ્ચાર્યા છે. એ સાંભળીને અશ્વિનીબાબુંને ઘણોજ ખેદ થયો. પોતાની ઓરડી અપવિત્ર થઇ છે, એમ તેમને લાગ્યું અને તેથી તેમણે એમાંના બધા સામાન ઉપરાંત ભીંતોને પણ ત્રણ વાર પાણી વડે ધોવરાવીને શુદ્ધ કરી, તે પછીજ તે

અંદર રહેવા ગયા.

આ ઉપરથી જણાઇ આવશે કે, અશ્લીલતા પ્રત્યે તેમને કેટલો બધો તિરસ્કાર હતો! અશ્લીલ શબ્દો વાતાવરણને મલિન કરે છે.

૩–આશ્વનીકુમાર દત્તનો મિત્રપ્રેમ

બાબુ અશ્વિનીકુમાર દત્ત ચૌદ વર્ષના હતા, ત્યારે માતાપિતાથી વિખૂટા પડીને વિદ્યાભ્યાસ અર્થે બહારગામ રહેતા હતા. એ સ્થળે જેમના ઘરમાં એ રહેતા હતા, તે બધા ઇન્દ્રિયાસક્ત અને દારૂડિયા હતા. કેટલાક તો એમની સામેજ બેસીને એમને લલચાવવા સારુ સુરાપાન કરતા. ઘરધણી વેશ્યાંને બોલાવતાં પણ સંકોચ કરતો નહિ. એક દિવસ કેટલાક જણ સુરાપાન કરતાં કરતાં બાળક અશ્વિનીકુમારની આગળ દારૂનાં પુષ્કળ વખાણ કરીને થોડોક પીવાનો આગ્રહ કરી રહ્યા હતા. એમનો આગ્રહ જોઇ અશ્વિનીકુમારને પણ સુરાપાન કરવાની ઇચ્છા થઇ આવી. ધીમે ધીમે દારૂનો પ્યાલો ઉપાડવા જવાની તૈયારી થઇ; પણ જે વખતે એમણે હાથ લંબાવ્યો, તેજ વખતે પરદેશમાં વસતા પોતાના એક મિત્રનું તેમને સ્મરણ થઈ આવ્યું. એ મિત્રનું નામ ભુવનેશ્વર ગુપ્ત હતું. એમના ઉપર અશ્વિનીબાબુને ઘણોજ પ્રેમ હતો. બન્ને જણે મળીને દારૂની વિરુદ્ધ ઘણી ટીકાઓ કરી હતી. મનમાં વિચાર આવ્યો કે, “હું આ શું કરી રહ્યો છું? હું આજ સુરાપાન કરીશ તો શું એ વાત એમનાથી છુપાવી શકીશ? અને જાણ્યા પછી શું એ મને ચાહશે?” એક તરફ સુરાપાનનું મોહમય પ્રલોભન અને બીજી તરફ પ્રેમનું પવિત્ર આકર્ષણ! એમ બે વિરોધી ભાવો વચ્ચે થોડી વાર સંગ્રામ ચાલ્યા પછી પ્રેમનો જય થયો. દારૂનો ગ્લાસ ત્યાંનો ત્યાંજ રહ્યો. અશ્વિનીબાબુએ તેનો સ્પર્શ પણ કર્યો નહિ.

સત્સંગનો મહિમા અપાર છે. સદાચારી મિત્રના પ્રેમના સ્મરણમાત્રે અશ્વિનીબાબુને મહાપાપમાંથી ઉગાર્યા.

૪-અશ્વિનીકુમાર દત્તનો અસત્ય આચરણ માટે પશ્ચાત્તાપ

અશ્વિનીકુમાર દત્ત હાઇસ્કૂલમાં ભણતા હતા, ત્યારે કલકત્તા વિશ્વવિદ્યાલયમાં એવો કાયદો હતો કે, સોળ વર્ષની વય પહેલાં કોઇ વિદ્યાર્થી મૅટ્રિકની પરીક્ષામાં બેસી શકે નહિ. એ પરીક્ષા વખતે એમની વય ચૌદ વર્ષની હતી, પણ એ વખતે તો બીજાઓ કરે છે તેમ જૂઠી સોળ વર્ષની ઉંમર લખાવીને એ પરીક્ષામાં બેઠા અને પાસ પણ થઈ ગયા. એફ. એ. (પ્રીવિયસ) પાસ થયા પછી એમને એ કૃત્યમાં રહેલા અસત્યનું ભાન થયું. ધર્મશીલ અશ્વિનીકુમારને લાગ્યું કે, " આ અસત્યદ્વારા મારું જીવન કલંકિત થયું છે. એ જૂઠને ચુપચાપ નિભાવી લઉં તો હું સત્યસ્વરૂપ પરમેશ્વરની ઉપાસના કેવી રીતે કરી શકું ? મિથ્યા આચરણ અને ઇશ્વરોપાસના, એ બે વાતનો મેળ કેવી રીતે ખાય ? " એ જૂઠને સુધારવા સારુ એમણે કૉલેજના પ્રિન્સિપાલને મળીને પોતાનો વિચાર જણાવ્યો. પ્રિન્સિપાલ સાહેબે સત્યનિષ્ઠ યુવકની બધી વાત સાંભળી લીધી, પણ કંઇ ઉપાય કર્યો નહિ; એટલે અશ્વિનીકુમાર યુનિવર્સિટીના રજિસ્ટ્રારને મળ્યા અને પોતે જૂઠી વય લખાવી હતી તે સુધારવા વિનતિ કરી. એમણે એ યુવકને કહ્યું કે, " હવે એ વાત હાથમાંથી જતી રહી છે, કાંઇ બની શકે એમ નથી. " એમણે અશ્વિનીકુમારની વાતને એક પ્રકારની ઘેલછા અને નાદાની ગણી કાઢીને વ્યાવહારિક ઉપદેશ આપીને વિદાય કર્યા.

વિશ્વવિદ્યાલયના ચોપડામાં જૂઠી ઉંમર લખાવવા માટે એમને એટલો બધો પશ્ચાત્તાપ થયો હતો, કે એના પ્રાયશ્ચિત્તરૂપે એમણે બે વર્ષ સુધી વિદ્યાભ્યાસ બંધ રાખ્યો હતો. આ પ્રમાણે અશ્વિનીકુમારના વિદ્યાર્થીજીવનમાંજ સત્ય પ્રત્યે દૃઢ પ્રેમ પ્રગટ થયો હતો. એવા ઉચ્ચ આદર્શવાળા મનુષ્યોજ ભવિષ્યમાં મહાન કાર્યો કરવા ભાગ્યશાળી થાય છે. (' મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર 'માંથી)

१७४–एक साचा ब्राह्मणनी सरळता–मद्यपानथी थती हानि

શ્રીયુત રાજનારાયણ બસુ બંગાળામાં એક પરમ વિદ્વાન, ધર્મપરાયણ અને દેશભક્ત પુરુષ થઇ ગયા છે. ઈ. સ. ૧૮૯૦માં એક વખત નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ) તીર્થાટન કરવા સારુ પોતાના સાથીઓ સહિત નીકળી પડ્યા હતા. રાજનારાયણ બસુ મહાશય ઉત્તરાવસ્થામાં 'દેવઘર' નામના ગામમાં રહેતા હતા. ત્યાંનાં હવાપાણી બહુ વખણાય છે. બંગાળાના એ વયોવૃદ્ધ વિદ્વાનને મળવા સારુ સ્વામીજી ગયા. બન્નેને એકબીજાનો આ પ્રથમ પરિચય હતો. જૂના જમાનાની ઘણી વાતો નીકળી, તેમાં બ્રાહ્મોસમાજ સંબંધી ચર્ચા ચાલી. પછી વિવેકાનંદે બસુ મહાશયને પૂછ્યું કે, "આપનું શરીર આટલું બધું લથડી કેમ ગયું?" બસુ મહાશય સત્યવાદી હતા. ઢોંગ કરતાં એમને આવડતો નહોતો, તેમણે સરળભાવે સ્પષ્ટપણે પોતાનો દોષ જણાવ્યો કે, "દારૂથી, ભાઈ! દારૂથી નવું અંગ્રેજી શિક્ષણ દેશમાં દાખલ થયું તેની સાથે સાથે દેશના યુવકોમાં એક એવો વિચાર પણ દાખલ થયો કે, દારૂ પીધા વગર બરોબર વિદ્યાભ્યાસ પણ થશે નહિ અને દેશહિતનાં કામો પણ થઈ શકશે નહિ !! એવી ખોટી માન્યતાથી મેં પણ મદ્યપાન શરૂ કર્યું, પરંતુ બંગાળીનું પેટ એને જીરવી શકે કેવી રીતે? એથીજ ભાઇ! શરીર લથડી ગયું." રાજનારાયણના અનુભવ ઉપરથી ધડો લઈ આપણા યુવકોએ દારૂ, સિગારેટ આદિ પશ્ચિમના દોષોથી હજાર ગાઉ દૂર રહેવું જોઇએ.*

---

* જુઓ શ્રી. મહેન્દ્રનાથ દત્તકૃત 'શ્રીમત્ વિવેકાનંદ સ્વામીજીર જીવનેર ઘટનાવલિ' પ્રથમ ભાગ.

१७५–ताबाना नोकरो प्रत्ये सहानुभूति

નેપોલિયન બોનાપાર્ટ ફ્રાન્સના જે લશ્કરને મિસર દેશમાં છોડી દઈને પોતાની પદોન્નતિ ખાતર ફ્રાન્સમાં ચાલ્યો ગયો હતો, તેમના ઉપર અંગ્રેજ સેનાપતિ સર રાલ્ફ એબાર ક્રંબીએ ભારતીય સિપાઈઓ અને અંગ્રેજ સૈનિકોના ભેગા લશ્કરની મદદથી અલેક્ઝાન્ડ્રિયામાં હુમલો કર્યો હતો. એ યુદ્ધમાં અંગ્રેજોનો જય થયો, પણ સેનાપતિ ઝેરી ઘાથી ઘાયલ થયો હતો. એક કામળો પાથરીને એના ઉપર ઘાયલ થયેલા સેનાપતિને સુવાડવામાં આવ્યો હતો. એમ કર્યાથી એને થોડીક વાર આરામ મળ્યો; પરંતુ એ અરસામાં તેણે વારંવાર પ્રશ્ન પૂછીને જાણી લીધું કે, એ કામળો કયા સિપાઈનો હતો. પછી પોતાના અમલદારોને સ્પષ્ટ આજ્ઞા આપી કે, "સાંજ પડતાં એ સિપાઈને એ કામળો આપી આવવો, કે જેથી એ તેના કામમાં આવી શકે." આટલું કહ્યા પછી થોડીજ વારમાં એ સહૃદય પુરુષે દેહત્યાગ કર્યો હતો.

('સદ્દાલાપ'માંથી)

१७६–रोगमां पण शांति अने प्रफुल्लता

ભક્ત રાજનારાયણ બસુ પાછલી વયમાં મંદવાડને લીધે રાજગૃહમાં રહેતા હતા. અશ્વિનીકુમારના એ ગુરુ હતા, એટલે એમના મંદવાડના સમાચાર સાંભળીને એ એમના દર્શનાર્થે ગયા. ત્રણ માસ થયાં બસુ મહાશય લકવાથી પીડાતા હતા, એટલે અશ્વિનીબાબુએ ગંભીર મુખે તેમના ઓરડામાં પ્રવેશ કર્યો. પ્રણામ કરતાંવારજ રાજનારાયણ બાબુ ઘણા પ્રફુલ્લિત થયા અને હર્ષભેર બોલી ઊઠ્યા કે, "અશ્વિનિ! આવ, આવ, ઘણા દિવસથી તને

મળ્યો નથી." એટલું કહીને તેમણે એક હાથેજ એમને આલિંગન કર્યું. બીજો હાથ લકવાને લીધે અવશ હતો. ત્યાર પછી વાતચીત શરૂ કરી. શેલી, બાયરન, વર્ડ્ઝવર્થ, હાફિજ ગીતા અને ઉપનિષદમાંથી શ્લોક પર શ્લોક ખુશીના આવેશમાં બોલવા લાગ્યા. જાણે દુઃખની કાંઈ પરવાજ નથી. એમના મનમાં પુષ્કળ આનંદ થયો. વાતચીતમાં ત્રણ કલાક ચાલ્યા ગયા, પણ ખબર પડી નહિ. અશ્વિનીબાબુને એથી જરા નવાઇ લાગી અને વિદાય થતી વખતે પૂછ્યું કે, "આપને એક વાત પૂછવા માગું છું. આપની તબિયત નરમ છે, એમ જાણીને ગંભીર મુખે આપની ખબર પૂછવા સારુ આવ્યો હતો; પરંતુ અહીંયાં આવતાંવાર જોયું કે, આપના આનંદનો તો પારજ નથી. ત્રણ માસ થયાં આપ પથારીવશ છો. શું આપને દુઃખ થતું નથી?" રાજનારાયણ બસુએ ઉત્તર આપ્યો કે, "અશ્વિનિ! હું હવે વૃદ્ધ થયો છું. જે ભગવાનની કૃપાથી આટલાં વર્ષ સુધી કેટલાંએ સુંદર દૃશ્યો જોયાં, કેટલાંએ સુંદર સ્થાનો જોયાં અને અવર્ણનીય આનંદ મેળવ્યો, તેનીજ ઇચ્છાનુસાર થોડાંક વર્ષ આ પ્રમાણે રોગશય્યામાં હું પ્રસન્નતાપૂર્વક સૂઇ ન શકું?"

આનું નામ ખરો ભગવદ્પ્રેમ! આવા મનુષ્યો રોગની વેદના પણ ઓછી કરી શકે છે.

('મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર'માંથી)

૧૭૭–हालतांचालतां स्वदेशभक्तिनुं ज्ञान केम अपाय?

અશ્વિનીકુમાર દત્તનું લગ્ન થયું, તે સમયે તેમનાં પત્ની સરલાબાળાની વય ઘણી નાની હતી. નિશાળમાં તેને ઝાઝું શિક્ષણ

મળ્યું નહોતું, એટલે અશ્વિનીકુમાર પોતે તેને લખતાં–વાંચતાં શીખવતા હતા અને વાર્તાલાપમાંજ તેને અનેક વિષયોનું વ્યાવહારિક જ્ઞાન સચોટ રીતે આપતા હતા. વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચીને ઇતિહાસ તથા ભૂગોળનું જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે જ્ઞાન એ ભાગ્યવતી સ્ત્રીએ પતિની સાથે પ્રવાસ કરીને પ્રત્યક્ષ રીતે મેળવ્યું હતું. નવી વાત જાણવાને એ કેટલાં ઉત્સુક રહેતાં અને અશ્વિની-બાબુ કેવી રીતે એમની જિજ્ઞાસા તૃપ્ત કરતા, એ નીચેના ઉદાહરણથી જણાશે.

એક સાંજે એ પતિ તથા પતિના બેએક મિત્રોની સાથે ગોવિંદ-પુર ગામમાં બહાર ફરવા નીકળ્યાં હતાં. ત્યાં આગળ થઇને ગ્રાન્ટ ટ્રંક રોડ (સરકારી ધોરી સડક) નીકળે છે. અશ્વિનીબાબુનાં પત્નીએ પ્રશ્ન કર્યો કે, "આ સડક ક્યાં જાય છે? અને તેને ગ્રાન્ડ ટ્રંક રોડ કેમ કહે છે?" અશ્વિનીબાબુના મિત્રે ઉત્તર આપ્યો કે, "શેરશાહ બાદશાહના અમલમાં આ સડક બંધાઇ છે. જે વખતે આગગાડી નહોતી એ સમયમાં આ સડક ઉપર થઇને લશ્કર આવ–જા કરતાં; દેશનો વેપાર આ સડકોદ્વારા ચાલતો; એક પ્રાંતમાંનો માલ બીજા પ્રાંતમાં અહીં થઇને જતો; લોકો રાજધાની દિલ્હી પણ આ રસ્તે થઇને જતા. અંગ્રેજોએ આગલા રાજાઓની કોઈ કીર્તિનો નાશ કર્યો નથી, એટલે તેમણે આ પુરાણા રાજમાર્ગને પણ બની શકે તેટલો જાળવી રાખ્યો છે. દેશમાં હજુ પણ કોઇ દિવસ બળવો જાગે અને બળવાખોરો આગગાડીનો રસ્તો તોડી નાખે, તો આ સડક ઉપર થઇને અંગ્રેજોનું લશ્કર જઈ શકે." મિત્ર આ પ્રમાણે ખુલાસો કરી ચૂક્યા, એટલે અશ્વિનીબાબુએ કહ્યું કે, "એમણે જે કાંઇ કહ્યું તે ધ્યાનમાં રાખજો, પણ સાથે સાથે એટલુંયે યાદ રાખજો કે, એ વખતમાં આ સડક ઉપર થઇને કેટલાએ સાધુ–મહાત્મા યાત્રાળુઓ, કાશી, પ્રયાગ, હરદ્વાર આદિ

તીર્થોમાં ગયા છે. તેમના ચરણની રજથી આ રસ્તો પવિત્ર બન્યો છે. એમનામાંના કેટલાએકના પ્રાણ લૂંટારાઓના હાથે પણ ગયા છે અને એ સાધુઓના દેહાવશેષ આ માર્ગની ધૂળમાં મળી ગયા છે."

('મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર'માંથી)

૧૭૮–पति अने पत्नी बन्नेनुं आदर्श ब्रह्मचर्य

ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં આદર્શ બ્રહ્મચર્યવ્રતપાલન કર્યાનાં દૃષ્ટાંત વર્તમાન યુગમાં જવલ્લેજ મળી આવે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસદેવે એવું જીવન ગાળ્યું હતું. બીજું ઉદાહરણ દેશભક્ત અશ્વિનીકુમાર દત્તનું છે.

લગ્ન થઇ ગયા પછી બે વર્ષ બાદ એક દિવસ એ ઘણા ધ્યાનપૂર્વક ઈસુ ખ્રિસ્તના ભક્ત સંત પોલનાં વચનો વાંચી રહ્યા હતા. એ વચનોમાં એમણે ઘણી જગ્યાએ દેહની શુદ્ધતા સાચવવાનો ઉપદેશ આપ્યો હતો. એ વચનોની એમના ઉપર ઘણી અસર થઈ અને વિચારવા લાગ્યા કે, હું તો પરણેલો છું, દૈહિક પવિત્રતા કેવી રીતે સાચવી શકું? તેમણે પોતાના મનના વિચાર આઠ પાનના લાંબા પત્રમાં પત્નીને લખી જણાવ્યા. તેમની પત્ની એ સમયે પંદર વર્ષની બાલિકા હતી, પરમેશ્વર રત્નનો સંયોગ રત્ન સાથેજ કરી આપે છે. એ સુકુમારીએ જરા પણ ચળ્યા વગર દૃઢતાપૂર્વક ઉત્તર આપ્યો કે, "હું આપની સહધર્મિણી છું, આપે ધર્મજીવનમાં આગળ વધવા સારુ જે માર્ગનું અવલંબન કરવું શ્રેય ગણ્યું છે, તેજ માર્ગનું અવલંબન સુખેથી કરજો. હું કદાપિ એમાં અડચણ નાખીશ નહિ; બલકે જ્યાંસુધી બનશે ત્યાંસુધી આપને સહાયતા કરીશ."

પત્નીનાં આવાં ઉત્સાહવર્ધક વચનોથી અશ્વિનીબાબુનો સંક-

લ્પ દૃઢ થયો. પરણેલા છતાં તેમણે આખું જીવન અખંડ બ્રહ્મચર્યવ્રતના પાલનમાં ગાળ્યું. સુંદરી, સાધ્વી, સહધર્મિણીની સાથે મરણપર્યંત ગૃહસ્થાશ્રમનું પાલન કર્યાં છતાં પણ એમણે બ્રહ્મચર્યને અખંડિત રાખીને જે આત્મસંયમ અને ચારિત્રબળનો પરિચય આપ્યો છે, તે આપણા જેવા પામર મનુષ્યોની કલ્પનામાં સહજ પણ ઊતરે એમ નથી.

અવિવાહિત બ્રહ્મચારીના જીવનને એ શ્રેષ્ઠ માનતા અને દેશહિત સાધવા સારુ કુંવારા બ્રહ્મચારીઓનું એક દળ સ્થાપવાની તેમની મનોકામના હતી. કેટલાક યુવકોએ તેમના ઉપદેશને અમલમાં પણ મૂક્યો હતો. ('મહાત્મા અશ્વિનીકુમારચરિત્ર'માંથી)

૧૭૯–વિદ્યાર્થીઓને ખાસ અગત્યના ઉપદેશ

અશ્વિનીકુમાર દત્તે વકીલાતનો ધંધો છોડી દઈને પોતાના પિતાના સ્મરણમાં સ્થાપેલા વ્રજમોહન વિદ્યાલયમાં અધ્યાપકનું કામ કરવા માંડ્યું હતું. વિદ્યાર્થીઓ નિશાળમાં દાખલ થાય, ત્યારે એમના હાથમાં નીચેનું ઉપદેશપત્ર આપવામાં આવતું. એ ઉપદેશપત્ર અશ્વિનીબાબુનું ઘડેલું હતું. એના ઉપરથી આપણને જણાશે કે, વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને નૈતિક ઉન્નતિ માટે તેમને કેટલી બધી કાળજી હતી.

" આ વિદ્યાલય તમને શારીરિક, માનસિક અને નૈતિક સુશિક્ષણ આપશે. અમે વિદ્યાલયમાં તેમજ ઘેર બન્ને સ્થળે તમારી વર્તણૂક ઉપર દેખરેખ રાખીશું. તમારા પ્રત્યેની અમારી દેખરેખ વિદ્યાલયમાં રજા પડશે ત્યારે પણ સમાપ્ત થશે નહિ. તમે વિદ્યાલયમાં આળસુ કે તોફાની થાઓ તો જેવો દંડ મળે તેવોજ દંડ ઘરમાં ખરાબ વર્તણૂક ચલાવ્યાથી પણ મળશે. નીચે લખેલાં ઉપ-

દેશવચનોનું કાળજીપૂર્વક પાલન કરવાનો પ્રયત્ન કરજોઃ–

(૧) તમારા દરરોજના પાઠ, કાર્ય અને રમતનું એક વખતપત્રક બનાવજો અને સર્વદા એ વખતપત્રકને અનુસરીને ચાલજો.

(૨) સવારે વહેલા ઊઠજો. રોજનું કાર્ય આરંભ કરવા પહેલાં કર્તવ્ય પાળવા સારુ પરમેશ્વરની પ્રાર્થના કરીને બળની ભિક્ષા માગજો.

(૩) કદી પણ વધારે પડતો અભ્યાસ કરતા નહિ. ભણવામાં નિયમિત રહેજો. કદી પણ ઉચ્છૃંખલ થતા નહિ. વરસનો ઘણોખરો ભાગ આળસમાં ગાળીને છેવટના વખતમાં હદ ઉપરાંત પરિશ્રમ કરીને માંદા પડતા નહિ. જે પાઠ મોઢે કરવાનો હોય, તેને સવારે કરવાની ગોઠવણ રાખજો. આવતી કાલનો પાઠ તૈયાર કરતાં પહેલાં આજે જે કાંઇ ભણ્યા હો, તેને એક વાર વિચારી જજો. સૂવા જતાં પહેલાં સાંજે શું ભણ્યા છો, તેનો એક વાર વિચાર કરી જજો અને ઊંઘતાં પહેલાં એક વાર પરમેશ્વરનું પણ સ્મરણ કરી લેજો.

(૪) વાંચતી વખતે તમારા શરીરનો મેરુદંડ (કરોડ) યથાસંભવ સીધો રાખીને બેસજો.

(૫) વાંચવામાં નિમગ્ન હો તે વખતે કોઇની પણ સાથે વાતચીત કરશો નહિ. કામને વખતે કામ કરજો, રમતને વખતે રમત રમજો. વગર બોલ્યે પાઠ કર્યાથી તમારું ચિત્ત એમાં ન ચોંટે તો મોઢેથી ઉચ્ચાર કરીને વાંચજો. અર્થ સમજ્યા વિનાજ કોઇ પણ વાક્યને કંઠસ્થ કરવા સારુ કદી પણ ગોખશો નહિ. જો તમે મન લગાડીને ધીમે ધીમે વાંચશો તો કોઇ પણ વાક્ય એક કે બે વાર વાંચ્યાથીજ મોઢે થઇ જશે.

(૬) વિદ્યાલયનાં પાઠ્યપુસ્તક ઉપરાંત બીજાં પણ સારાં પુસ્તકો વાંચવા માટે નિશાળમાંથી રજા મળ્યા પછી એક કલાકનો વખત નક્કી કરી રાખજો. એથી તમારું ચિત્ત સતેજ અને સરસ

થશે; પરંતુ ખબરદાર! કદાપિ કોઇ ખરાબ ગ્રંથ વાંચશો નહિ.

(૭) કોશનો ઉપયોગ કરવામાં બેપરવાઈ ન રાખશો. ઉચ્ચાર-પ્રતિ વિશેષ ધ્યાન આપજો. પ્રત્યેક શબ્દનો ઉચ્ચાર લક્ષમાં રાખીને સ્પષ્ટરૂપે વાંચજો. વિશુદ્ધ ઉચ્ચાર એ સભ્ય સમાજમાં દાખલ થવાનો અધિકાર મેળવવા સારુ ઉત્તમ ભલામણપત્ર છે.

(૮) ભણવાની બાબતમાં જે કોઈ રીત તમને અનુકૂળ અને સગવડભરેલી લાગે, તે રીત તમારા સહાધ્યાયી અથવા બીજા કોઇ વિદ્યાર્થીથી ગુપ્ત રાખશો નહિ. જેઓ ભણવા-ગણવામાં તમારા કરતાં શ્રેષ્ઠ હોય, તેમના બરોબરિયા થવાનો પ્રયત્ન કરજો; પણ તેમની તરફ અદેખાઇનો ભાવ કદાપિ ન રાખશો.

(૯) તમારા શિક્ષક ભણાવતી વખતે જે કાંઇ કહે, તે પૂરા ધ્યાનથી સાંભળજો.

(૧૦) માતાપિતાનું સન્માન કરજો. વડીલોની આગળ સદા નમ્ર થઇને રહેજો. ઉંમરમાં તમારાથી મોટા હોય તેમની સેવા કરજો. યાદ રાખજો કે, આજ્ઞાપાલન એ યૌવનના અલંકારસ્વરૂપ છે.

(૧૧) કદી પણ મદમાં છકેલા થઇને ફરશો નહિ. વિનયનો આધાર લેજો.

(૧૨) વાતચીતમાં સાવધાન રહેજો. કદી પણ અશ્લીલ વાક્યો બોલતા કે લખતા નહિ. જે સ્થળે અશ્લીલ વાતચીત થતી હોય ત્યાં આગળ ઊભા પણ ન રહેતાં બીજે ચાલ્યા જજો.

(૧૩) ખાવા-પીવા તથા પહેરવામાં સાદા થજો.

(૧૪) સર્વદા પવિત્ર રહેજો. અપવિત્ર અભ્યાસે સેંકડો ઉન્નતિશીલ યુવકોનું સત્યાનાશ વાળ્યું છે.

(૧૫) સરળ અને સાહસિક થજો. કોઇને પણ મિથ્યા વચન કહેશો નહિ.

(૧૬) સારી ચાલચલણવાળાં બાળકો અને આદર્શ ચરિત્ર-

વાળા પુખ્ત ઉંમરના પુરુષોનો સંગ કરજો. ખરાબ આચરણવાળાં બાળકોની સોબત હરેક પ્રકારે તજજો. 'તમે કોની સાથે હરો-ફરો છો તે કહો અને તમે કેવા ચરિત્રના માણસ છો તે અમે કહી આપીશું.' એ કહેવતને હમેશાં સ્મરણમાં રાખજો.

(૧૭) તમારો આમોદ-પ્રમોદ નિર્દોષ રાખજો. પાનાં, સોગટાં, પાસા વગેરે કદી ખેલશો નહિ.

(૧૮) તમે જે કાંઇ કામ કરો તે નિયમપૂર્વક અને વખતસર કરજો.

(૧૯) જે રમતોથી શરીરનું બળ વધે, તેજ રમતો રમજો. સાંજે કમમાં કમ એક કલાક તો જરૂર નિર્મળ વાયુમાં ફરવા જજો. શારીરિક સામર્થ્ય એ પ્રત્યેક યુવકને માટે ગૌરવની વાત છે.

(૨૦) યાદ રાખજો કે, જેનો સંકલ્પ શુભ છે, તેને પરમેશ્વર પણ સહાય કરે છે."

આપણી બધી નિશાળો પોતાની સંસ્થામાં પ્રવેશ કરતા વિદ્યાર્થીઓને આવોજ બોધ આપે અને તેનું પાલન કરવામાં વિદ્યાર્થીઓને સહાયતા આપે, તો વિદ્યાર્થીઓની દશા કેટલી બધી સુધરી જાય ! દેશનું નૈતિક વાતાવરણ કેટલું બધું શુદ્ધ થઈ જાય ! !

(શરત્‌કુમાર રાયરચિત 'મહાત્મા અશ્વિનીકુમાર દત્તના ચરિત્ર' ઉપરથી)

૧૮૦—हसन—गंगुनी प्रमाणिकता अने कृतज्ञता

દિલ્હીના બાદશાહ તઘલખશાહના સમયમાં ગંગુ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. એને જ્યોતિષવિદ્યાનું પણ સારું જ્ઞાન હતું. ગંગુને ઘેર હસન નામનો એક પઠાણ છોકરો નોકર હતો.

હસન ગરીબ પણ પ્રમાણિક હતો. સ્વામીનું કામ તે સાચા દિલથી કરતો. તેની નોકરીથી પ્રસન્ન થઇને ગંગુએ તેને એક નાનું-

સરખું ખેતર ખેડી ખાવા સારુ આપ્યું હતું અને સાથે સાથે એક જોડી બળદની પણ આપી હતી.

એક વખત હસન ખેતરમાં હળ હાંકતો હતો, ત્યાં હળ ભોંયમાં ચોંટી ગયું. બળદ ઘણું જોર કરે પણ હળ નીકળે નહિ. હસને જમીન ખોદીને જોયું તો એક મોટો ત્રાંબાનો ચરુ તેની નજરે પડ્યો. આ ચરુમાં અઢળક દ્રવ્ય ભરેલું હતું.

આ બધું દ્રવ્ય લઈ હસન ગંગુની પાસે ગયો અને તેને ચરણે મૂકી સઘળી હકીકત કહી.

ગંગુએ કહ્યું કે, "હસન! એ ખેતર તો મેં તને આપ્યું છે, એના ઉપર તારોજ હક છે; તું એ પાછું લઇ જા."

હસન ગરીબ હતો, પણ એની દાનત સાફ હતી. નીતિ સંબંધી એના વિચાર ઘણા ઉચ્ચ પ્રકારના હતા. તેણે કહ્યું કે, "ખેતર ખેડીને જે કાંઇ એમાંથી નીપજે એનો ધણી હું છું. જમીન અને જમીનના પેટામાં જે કાંઈ હોય તે સઘળું આપનું છે."

હસનની આવી શુદ્ધ વૃત્તિના સમાચાર પવનવેગે આખા નગરમાં ફેલાયા. બાદશાહને કાને પણ એ ખબર પહોંચી અને તેમણે તરતજ હસનને લશ્કરી સરદારનો હોદ્દો આપ્યો.

હસન પોતાના માલિકનો ઉપકાર માનનાર માણસ હતો. લશ્કરમાં દાખલ થયા પછી એ દિનપ્રતિદિન મોટે હોદ્દે ચઢતો ગયો હતો. તઘલખશાહ પછી એનો પુત્ર મહમદશાહ ગાદીએ બેઠો. એ ખરાબ રાજા હતો. એણે પોતાના સરદારો અને અમલદારોને પ્રસન્ન રાખ્યા નહોતા. એ બધા સરદારોએ બંડ કરીને ઈ. સ. ૧૩૪૭માં હસનને દક્ષિણનો સુલતાન બનાવ્યો હતો. દક્ષિણમાં ગુલબર્ગા નગરમાં એની રાજધાની હતી.

પોતાના સ્વામીના ઉપકારોનું સ્મરણ કરીને બાદશાહ હસને પોતાનું નામ હસન–ગંગુ રાખ્યું. ગંગુ જોષીને તેણે પોતાનો

પ્રધાન બનાવ્યો અને સિક્કાઓ ઉપર 'ગંગુ બ્રાહ્મણી' એવા શબ્દો કોતરાવ્યા.

આ પ્રસંગ હસનની કૃતજ્ઞતા સૂચવવા ઉપરાંત એ સમયની હિંદુમુસલમાનની એકતાના પણ ઉજ્જવલ દાખલારૂપ છે.

('આપણા દેશના ઇતિહાસ'માંથી)

૧૮૧–मौलाना जलालुद्दीन रूमीनी साधुता

મૌલાના જલાલુદ્દીન રૂમી એક પ્રસિદ્ધ વિદ્વાન, પ્રભુપ્રેમી અને તત્ત્વજ્ઞાની પુરુષ થઇ ગયા છે. હિજરી સન ૬૦૪માં બલ્ખ દેશમાં એમનો જન્મ થયો હતો.

મૌલાનાએ ફકીરી ધારણ કરી તે પહેલાં એક દિવસ એમની ધર્મપત્નીએ એક દાસીને ખૂબ મારી. મૌલાનાને જ્યારે એ વાતની ખબર પડી, ત્યારે તે ઘણા નાખુશ થયા અને કહ્યું કે, "જો એ શેઠાણી હોત અને તું દાસી હોત તો આવી વર્તણૂક ચલાવવા માટે તું એને માટે કેવો ખરાબ અભિપ્રાય બાંધત અને એને શું શું કહેત?"

મૌલાના રૂમી રાજા–મહારાજાઓ અને અમીરોની પાસે જવું–આવવું પસંદ કરતા નહોતા. એક દિવસ કેટલાક અમીર લોકો એક રાજાને સાથે લઇને એમની સેવામાં ઉપસ્થિત થયા અને પ્રશ્નોત્તર કરવા લાગ્યા. એ લોકો શંકા કરતા હતા અને મૌલાના એમનું સમાધાન કરતા હતા; એટલામાં કોઇએ કહ્યું કે, "મહારાજ! વિદ્વાનોએ અમીરોને માન આપવું જોઇએ." એનો અભિપ્રાય એવો હતો કે, વિદ્વાનોએ અમીરોને તાબે રહેવું જોઇએ. એક વાર કહ્યું, બે વાર કહ્યું; પણ મૌલાના તેનો ઉત્તર ન આપતાં મૌનજ રહ્યા. આખરે પેલા માણસે ત્રીજી વાર કહ્યું કે, "મહા-

રાજ! કુરાનમાં લખ્યું છે કે, 'માન આપો અલ્લાહને, રસૂલને અને અમીરો તથા રાજાઓને.'"

એ વાત સાંભળીને મોલાના ચૂપ રહી ન શક્યા. તેઓ બોલી ઊઠ્યા કે, "ભાઈ! મને તો અલ્લાહનીજ સેવામાંથી ફુરસદ નથી મળતી, તો પછી રાજા અને અમીરો માટે તો સમયજ ક્યાંથી મળે?"

વાત ખરી છે, ઈશ્વરનીજ સેવા અને આજ્ઞામાં રહેવું એ કાંઇ સાધારણ વાત નથી. જે માણસ ઈશ્વરપરાયણ ન થઇ શકે, તેજ લૌકિક માનવોની તાબેદારી કર્યા કરે. (મૌલાના રૂમી)

१८२–हजरत महमद स० आ० स० नो पट्ट-शिष्यने छेल्लो उपदेश

મહમદ પેગંબર સાહેબનો મૃત્યુસમય નિકટ આવ્યો, ત્યારે તેમણે પોતાના ઉત્તરાધિકારી હજરતઅલીને બોલાવીને છેવટનો ઉપદેશ આપ્યો કે, "તમે પુરુષોમાં સિંહ સમાન છો અને વીર પણ છો; પરંતુ કદી પોતાની વીરતા અને પરાક્રમનું અભિમાન ન કરશો, પણ નમ્ર રહીને અધિકાધિક ઉન્નત થવાનો દૃઢ સંકલ્પ રાખજો. તમારે હમેશાં નિષ્કપટ ધર્માત્માઓનીજ સોબતમાં રહેવું જોઇએ અને એવાનાંજ સેવા-સમાગમદ્વારા ઈશ્વરને પહોંચવાની આશા રાખવી જોઇએ. પોતાના મનને સદા વશમાં રાખજો અને જ્યારે પણ એ ખરાબી કરવા તૈયાર થાય, ત્યારે એની સાથે યુદ્ધ કરીને એને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરજો. વૃદ્ધજનો અને મુરબ્બીઓની આજ્ઞા શ્રદ્ધાપૂર્વક સાંભળજો અને પાળજો. દરેક પ્રાણીની સાથે પ્રેમથી વર્તજો અને કોઇને પણ પોતાના તરફથી જરા પણ કષ્ટ ન આપશો." (મૌલાના રૂમી)

१८३–सुलतान थवा माटे केवी योग्यता जोईए?

બાદશાહ થયા પછી એક વાર કોઇએ હસનને પૂછ્યું કે, "દ્રવ્ય અથવા લશ્કરની મોટી સામગ્રી વગર તમે સુલતાન શી રીતે થઇ શકયા?" હસને જવાબ આપ્યો કે, "મિત્રો તરફ મારી ખરી લાગણી, શત્રુઓ તરફ પણ ઉદારતા અને દરેક મનુષ્ય તરફ સદ્ભાવ, આટલી સામગ્રી શું સુલતાન થવા માટે બસ નથી?"

હસનનો ઉત્તર ખરેખર વાજબી છે. એ ત્રણ વાનાં પ્રત્યેક મનુષ્યને ઉન્નતિને પદે પહોંચાડવા માટે પૂરતાં છે. ભાગ્યના વિપરીતપણાથી માણસ એટલા બધા સાંસારિક વૈભવે ન પણ પહોંચી શકે; પરંતુ બાદશાહ કરતાં પણ વધી જાય એવી સંપૂર્ણ આત્મશાંતિ તો એનાથી અવશ્ય મળે છેજ.

('આપણા દેશના ઇતિહાસ'માંથી)

१८४–उत्तम सरदारने सेवको माटे केटली बधी लागणी होय छे!

બાદશાહ બાબર દિલ્હીની ગાદીએ બેસતા પહેલાં કાબૂલનો રાજા હતો. એક વાર એ પોતાનાં સગાં–વહાલાંઓને મળી આવીને હેરાતનગરથી કાબૂલ પાછો ફરતો હતો. એ વખતે શિયાળાની મોસમ હોવાથી ચારે તરફ પુષ્કળ બરફ પડતો હતો. સાંકડા પર્વતોમાંથી જવાનું હતું. બરફ એટલા બધા જોસથી પડતો હતો, કે બાબર અને તેનાં માણસો ઘણી વાર તો કેડ કેડ સુધી તેમાં ખૂંચી જતાં; એવે વખતે બાબર પોતે ઘોડા ઉપરથી ઊતરીને આગળ ચાલતો અને બરફમાં રસ્તો પાડીને બીજાઓને આગળ લઈ જતો.

તે કહેતો કે, "જે ખરો મર્દ છે તે તો આવે પ્રસંગે બીજાઓને બનતી મદદ જરૂર કરે છે."

ત્રણચાર દિવસ આટલી બધી અગવડ વેઠીને ચાલ્યા પછી બરફનું ભારે તોફાન ચડી આવ્યું. એ વખતે તેઓ સર્વેના જીવ પણ જોખમમાં હતા. બાબર અને તેનાં માણસો ટાઢમાં ધ્રૂજવા લાગ્યાં.

એવામાં તેઓ એક ગુફા પાસે આવી પહોંચ્યા. ગુફા ઘણીજ નાની હતી. ત્યાં પહોંચતાં એક માણસે બાબરને નમ્રતાપૂર્વક કહ્યું કે, "આપ અંદર પધારો."

બાબરે કહ્યું કે, "મારા માણસો બહાર બરફના તોફાનમાં દુઃખી થાય અને હું આ હૂંફ આપનારી ગુફામાં આરામ લઉં, એ કેમ બને? આખી ટોળી બહાર ત્રાસ ભોગવે અને હું અંદર નિરાંતે સૂઇ જાઉં? કોઇ પણ સાચા આદમીને એ ન શોભે, તો પછી હું તો તમારા સુખ–દુઃખનો ભાગીદાર છું. જે જે દુઃખ તમે વેઠશો, તે તે હું પણ વેઠીશ. મિત્રોની સાથે મરવાનો લહાવો પણ મારે મન તો લગ્ન સમાન છે."

આવા સરદારને માટે તેનાં માણસો પોતાનો દેહ સુધ્ધાં આપવાને તૈયાર થાય તેમાં શી નવાઇ?

('આપણા દેશના ઇતિહાસ'માંથી)

१८५–गरीबोनी अवगणना करवाथी थतुं नुकसान

સ્કૉટલૅન્ડના એક ગામમાં એક ગરીબ સ્ત્રી રહેતી હતી. તેને રહેવાને ઘર અને ખાવાને અન્ન નહોતું. આશ્રયને માટે ઘેરઘેર ફરીને એણે ભિક્ષા માગી; પણ એની દુર્દશા જોઇને કોઇનું પણ હૃદય પીગળ્યું નહિ. ઠંડી હવામાં ખુલ્લા પડ્યા રહેવાથી તથા ભૂખમરાથી એ માંદી પડી. જંતુઓને પોષણ પામવા માટે એનું

શરીર ઉત્તમ સ્થાન થઈ પડયું. આખરે એના શરીરમાં એક ચેપી રોગનાં જંતુઓ ઉત્પન્ન થયાં અને એ મરણ પામી. એના મુડદામાંથી રોગનાં ચેપી જંતુઓ ઊડીને આખા નગરમાં ફેલાયાં. ધનવાનોની હવેલીઓ પણ એની અસરથી બચી શકી નહિ અને જે તવંગર લોકોએ એ દરિદ્ર સ્ત્રી પ્રત્યે મનુષ્યને છાજતી બંધુભાવની લાગણી બતાવીને મુઠ્ઠી અન્ન આપવાની પણ ના કહી હતી, તે લોકો પણ એ ચેપી રોગનો ભોગ થઇને મરણ પામ્યા. અંગ્રેજ વિદ્વાન કાર્લાઇલ એ ઉપરથી વાજબી રીતે સાર કાઢે છે કે, "એ ધનવાનોએ તે જીવનમાં તો એ દીન નારીનો બહેન તરીકે સ્વીકાર કર્યો નહોતો; પણ મૃત્યુ પછી સ્વીકાર્યું કે, એ ખરેખર તેમની ભગિનીજ હતી. કેમકે એનાજ સુખ અને તંદુરસ્તીમાં તેમનું સુખ અને સ્વાસ્થ્ય સમાયેલાં હતાં."

ગરીબ અને માંદાઓની સેવા એ સામાજિક ફરજ છે. એ કર્તવ્યપાલનમાં આળસ કે પ્રમાદ કર્યાથી એ ગરીબોને તો દુઃખ થાય છેજ; પણ સાથે સાથે આખો સમાજ હીન દશાને પ્રાપ્ત થાય છે. જેમની પાસે ધન કે જ્ઞાનની સંપત્તિ છે, તેમણે એનો લાભ પોતાના ગરીબ અને અજ્ઞાની પડોશીઓને પણ આપવો ઘટે છે.

('વેલફેર' પુ-૪૨, અંક ૬માંથી)

१८६–राणी रासमणिनी पूजामां चंचलता

એક સમયે ગંગામાં સ્નાન કરી આવીને રાણી રાસમણિ દક્ષિણેશ્વરમાં દેવીનાં દર્શન સારુ ગયાં. એ વખતે કાલીની પૂજા ઘણી સારી થઈ રહી હતી. જગન્માતાને પ્રણામ કરીને રાણી મંદિરમાંની મૂર્તિ આગળ આસન બિછાવીને દરરોજની પૂજા કરવા લાગ્યાં અને પરમહંસ રામકૃષ્ણ, કે જે એ વખતે માતાના પૂજારી

હતા, તેમને માતાજીનાં ભજન ગાવાનો આગ્રહ કર્યો. ભક્તિમાં વિહ્વળ થઇને પરમહંસદેવે રામપ્રસાદ, કમલાકાંત આદિ ભક્તો-નાં પદ લલકારવા માંડયાં. રાણી પૂજા–જપ આદિ કરતાં કરતાં એ મધુરાં પદ સાંભળવા લાગ્યાં, થોડીક વાર એ પ્રમાણે ચાલ્યા પછી પરમહંસદેવ (એ સમયે છોટા ભટ્ટાચાર્ય) એકદમ ગાયન બંધ કરીને ગુસ્સાના આવેશમાં ઉગ્ર ભાવે બોલી ઊઠયા કે, "બસ, એજ વિચાર, અત્યારે પણ એની એ ચિંતા !" એમ કહીને એમ-ણે રાણીને એક થપ્પડ મારી ! સંતાનની કોઇ પણ જાતની ગેર-વર્તણૂક જોઇને પિતાને જેમ ગુસ્સો ચઢે છે અને કોઇક વખત મારી પણ બેસે છે, તેવોજ ભાવ અત્યારે પરમહંસદેવનો હતો.

મંદિરના કર્મચારીઓ તથા રાણીના નોકરોમાં ખળભળાટ મચી રહ્યો; પરંતુ રાણીને તો પોતાના અંતઃકરણની ખબરજ હતી કે, પોતે શ્રીજગદંબાનું ધ્યાન નહોતાં ધરી રહ્યાં; પરંતુ એક મુકદ્દમાનો વિચાર કરતાં કરતાં અમૂંઝણમાં પડયાં હતાં. રાણી રાસમણિ પોતાની એ વર્તણૂકથી બહુજ શરમાઇ ગયાં અને પૂજારી રામકૃષ્ણને પોતાના મનની વાત પારખી ગયેલા જોઇને વિસ્મય પામ્યાં. રાણીનો માનમરતબો ઘણો ભારે હતો; પરંતુ એમનામાં મગજને ઠંડું રાખવાની શક્તિ હતી. કર્મચારીઓની ગડબડથી રાણી ચમકી ઊઠયાં અને સમજી ગયાં કે, આ લોકો બિચારા નિર્દોષ પૂજારીને નાહક મારી બેસશે. એમણે ગંભીર સ્વરે આજ્ઞા આપી કે, " ખબરદાર ! ભટ્ટાચાર્ય મહાશયનો જરા પણ વાંક નથી. તમે એમને કાંઇ પણ કહેશો નહિ." ('સદાલાપ'માંથી)

१८७–महात्मा बुस्तामीनुं साचुं तीर्थ–संत-समागमना फायदा

સાધુ બુસ્તામી જ્યારે યાત્રામાં જતા ત્યારે હમેશાં એવા માણસોની તલાશમાં રહેતા, કે જે દુનિયાથી વિરક્ત હોય અને જેમનું દિલ ઈશ્વર ઉપર લાગેલું હોય. એક વાર એ હજ કરવા સારુ મક્કા તરફ નીકળ્યા. રસ્તામાં એક સાધુ મળ્યા. સત્સંગ થયો, ધર્મસંબંધી ઘણી વાતચીત થઇ. સાધુએ પૂછ્યું કે, "બુસ્તામિ! ક્યાં જઇ રહ્યા છો?" બુસ્તામીએ ઉત્તર આપ્યો કે, "હજ કરવા જાઉં છું." મહાત્માએ કહ્યું કે, "એટલું બધું કષ્ટ શા સારુ વેઠો છો? ખરી હજ શા માટે નથી કરતા? કોઇ સાચા સાધુની–જીવતાજાગતા તીર્થની–યાત્રા કરો. એ જડ મકાનમાં શું ભર્યું છે? ચેતન કાબાની તરફ કેમ નથી ચાલતા?" બુસ્તામીની અક્કલ ઠેકાણે આવી. તેમનું અંતર શુદ્ધ થયેલું હતું એટલે તેમને તો તે સાચું તીર્થસ્થાન (તે સાચા સાધુમાંજ પૂજ્યબુદ્ધિનું ભાન) મળી ગયું. આપણે ત્યાં પણ કહ્યું છે કે:

संसारे विषवृक्षस्य द्वे फले अमृतोपमे ।
काव्यामृतरसास्वादः आलापः सज्जनैः सह ॥

આ સંસારરૂપ વિષવૃક્ષને અમૃત સમાં બે ફળ છે. એક તો કાવ્યામૃતનો રસાસ્વાદ અને બીજું સજ્જનની સાથે વાતચીત.

क्षणमिव सज्जनसंगतिरेका । भवति भवार्णवतरणे नौका ॥

એક પળભરની પણ સજ્જનની સોબત સંસારસાગરમાંથી તરવાને માટે નૌકા સમાન થઇ પડે છે. (મૌલાના રૂમી)

१८८–अश्विनीकुमार दत्तनी देशभक्ति माटे अंतिम अभिलाषा

મૃત્યુના દોઢ વર્ષ પૂર્વે બારિસાલના સરકારી વકીલ આગળ અશ્વિનીબાબુએ જન્મભૂમિ બારિસાલ પ્રત્યે પોતાનો પ્રેમ નીચે પ્રમાણે પ્રગટ કર્યો હતો કે, "હું નિર્વાણ ચાહતો નથી, મોક્ષની કામના કરતો નથી; પરંતુ ફરીથી આ પૃથ્વીમાં આવવા માગું છું અને ફરીથી જીવવા માગું છું."

"કયા દેશમાં?"

"આ ભારતવર્ષમાંજ"

"કયા પ્રાંતમાં?"

"સોનાના બંગાળામાં"

"કયા જિલ્લામાં?"

"તે પણ કહેવું પડશે કે? બારિસાલમાં. પણ એક વાત કહી શકતો નથી કે, કોના ઘરમાં જન્મીશ. બાપ થવા લાયક માણસ હવે દીઠામાં નથી આવતો. એક હતો, તેને ફાંસી દેવામાં આવી છે."

"એ કોણ?"

"અબ્દુલ"

અબ્દુલ ભયંકર લૂંટારો હતો તથા નિર્દયપણે નરહત્યા કરતો હતો; પરંતુ એનું હૃદય એવું ભયશૂન્ય હતું કે, ફાંસી દેવાઈ તેની આગલી રાત્રે પણ તે જરાયે ઉદ્વેગ વગર ફર્યા કરતો હતો! અશ્વિનીકુમાર એવા નિર્ભય પિતાને ઘેર જન્મીને નવા જન્મમાં નવી શક્તિદ્વારા બારિસાલની સેવા કરવા માગતા હતા.

બારિસાલ માટે તેમને કેટલી ઊંડી–અને અંતઃકરણની ભક્તિ હતી, તે આટલા ઉપરથી જણાઇ આવે છે.

('મહાત્મા અશ્વિનીકુમાર દત્તચરિત્ર'માંથી)

१८९–हजरत नूह पेगम्बरनी प्रभुसांनिध्य पामवानी चावी

હજરત નૂહે પોતાના બંધુઓને ઉપદેશ આપ્યો છે કે, " જ્યારે મારામાંથી સ્વાર્થવૃત્તિ અને સકામ કર્મ× કરવાની ઇચ્છા નાશ પામી અને મેં સર્વભાવે મનને ઈશ્વર તરફ લગાડી દીધું, ત્યારેજ હું જગતને ઈશ્વરનો પેગામ–સંદેશો ઝીલાવવા અને પહોંચાડવા યોગ્ય બની શક્યો. " (મૌલાના રૂમી)

१९०–अश्विनीकुमार दत्तनी अंत्यजो प्रत्ये प्रीति

સ્વદેશી આંદોલનના વિરોધી કોઇ એક પુરુષે નામશૂદ્ર જાતિના લોકોને તે હીલચાલની વિરુદ્ધમાં ઉશ્કેરવા માટે એમાંના એક દેશભક્ત નામશૂદ્રને ઉપદેશ આપ્યો કે, " જુઓ, આ બાબુ લોકો 'વંદે માતરમ્', 'વંદે માતરમ્' બોલીને તમને ઠગે છે. તેઓ અંદર અંદર તો ભાઈઓ જેવો વ્યવહાર કરે છે; પરંતુ તમને નામશૂદ્ર ગણીને તિરસ્કારની નજરે જુએ છે. સારા લોકો તમારા હાથનું પાણી પીતા નથી, હુક્કાને અડકવા દેતા નથી; છતાં તમે એમના ભાઇ બનો, એ કેવી ઊલટી વાત છે ! " એ વાત સાંભળ્યા પછી એ

× 'લોકકીર્તિ' માટે પણ લૌકિક પદાર્થોનો ત્યાગ કરવામાં આવે છે; પરંતુ એવા ઉદ્દેશવાળો ત્યાગ સકામ કર્મમાંજ સમાતો હોઇને કર્મયોગમાં (નિષ્કામકર્મમાં) તેની ગણના નથી. કેમકે લોકપ્રતિષ્ઠા પણ આત્મનિષ્ઠ માટે સુકરી વિષ્ટા જેવી અને લૌકિક ભોગ્ય પદાર્થ છે અને મોક્ષજિજ્ઞાસુનો ત્યાગ તો કેટલી હદનો હોવો જોઇએ, તે વિષે કહેલું છે કે, " બ્રહ્મલોક લોં ભોગ જો, ચહે સબનકો ત્યાગ; વેદ અર્થ જ્ઞાતા મુનિ, કહત તાહિ વૈરાગ. "

બિચારા નામશૂદ્રના મનમાં જરા અંદેશો પેદા થયો કે, "ખરે! આ ઊંચી જાતિના ભણેલા બાબુઓ અમને ફોસલાવતા તો નહિ હોય?" પોતાનો સંદેહ મટાડવા સારુ એ બાબુ અશ્વિનીકુમાર પાસે ગયો. અશ્વિનીબાબુ એ વખતે પોતાની એક નૌકામાં પથારી પાથરીને બેઠા હતા. પથારીની પાસે એક સારી શેતરંજી બિછાવી હતી. નામશૂદ્રે અશ્વિનીકુમારની ઓરડીના બારણા આગળ જઇને નમસ્કાર કર્યા, એટલે અશ્વિનીકુમારે તરતજ ઊભા થઇને અભ્યાગતને વળતા નમસ્કાર કર્યા અને એ ઓરડીની અંદર લઈ જઇને પરિચય પૂછ્યો તથા તેને સાથે લઇને પોતે શેતરંજી ઉપર બેઠા. ત્યાર પછી તેના આવવાનું કારણ પૂછ્યું. નામશૂદ્રે કહ્યું કે, "બાબુ! હું આપને એક વાત પૂછવા સારુ આવ્યો હતો, પણ હવે એ પૂછવાની જરૂર રહી નથી. મારા પ્રશ્નનો ઉત્તર મળી ગયો છે. આપ મને સાથે લઇને એક બિછાના ઉપર બેસો છો, એટલે મને ખાતરી થઈ ગઈ કે, 'વંદે માતરમ્' સાચું છે અને અમે લોકો આપના ભાઇઓ છીએ."

અશ્વિનીકુમાર હમેશાં અંત્યજો તથા શૂદ્રોની સાથે એ પ્રમાણે ભળી જતા. એ લોકોની પણ એમના ઉપર ખરા હૃદયની પ્રીતિ હતી.

('અશ્વિનીકુમાર દત્તચરિત્ર'માંથી)

१३१–हजरत मुसाए एक अभण प्रभुभक्त पासे माफी मागी

એક ભરવાડ એક દિવસ દુઃખનો માર્યો કોઇ એક પહાડના શિખર ઉપર બેસીને ઈશ્વરપ્રાર્થના કરી રહ્યો હતો કે, "હે ખુદા! જો તું મને મળે અને આ તરફ તારું આવવું થાય તો હું તારી ચાકરી કરું, તારા વાળ હોળું, જૂઓ વીણું તથા તને તેલ ચોળીને

સ્નાન કરાવું. હે પરમાત્મન્! હું મારી જાત તારા ઉપર કુરબાન કરીશ, તારા પગને મારી દાઢીથી સાફ કરીશ, તું સૂઇ જવા માગીશ તો તારે માટે બિછાનું બિછાવીશ, તું માંદો હોઈશ તો તારી ચાકરી કરીશ અને એક સેવક જે રીતે તેના સ્વામી સાથે વર્તે તેમ તારી સાથે વર્તીશ." એ ભરવાડ એ પ્રમાણે કહી રહ્યો હતો, એવામાં મુસા ત્યાં આગળ થઇને જઇ રહ્યા હતા. તેમણે એની પ્રાર્થના સાંભળીને કહ્યું કે, " અરે નાદાન ભરવાડ! તું કોની સાથે વાતચીત કરી રહ્યો છે અને કયા માંદાની સેવાચાકરી કરવાની ઇચ્છા રાખે છે?"

ભરવાડે કહ્યું કે, " હું પરમાત્માની સાથે વાતો કરું છું અને એનીજ સેવા કરવા માગું છું." મુસાએ કહ્યું કે, " અરે બેવકૂફ! આ શું બકી રહ્યો છે? તું તો કાફરો કરતાં પણ વધારે ખરાબ થઇ ગયો છે. પરમાત્માને વાળ પણ નથી અને દેહ નહિ હોવાથી તેને બીમારી પણ થાય તેમ નથી. એને કોઈએ પેદા નથી કર્યો; એ તો અજન્મા, નિત્ય અને શુદ્ધ છે. એને માણસોના જેવી નાહવાધોવાની, વાળ હોળાવવાની અને એવી બીજી સેવાચાકરીની શી જરૂર?"

મુસાની આવી વાતો સાંભળીને પેલો ભરવાડ ઘણો ગુસ્સે થયો અને પોતાનાં કપડાં ફાડી નાખી ઊઠીને ઊભો થયો તથા ગાંડા માણસની પેઠે પોતાના માથા ઉપર ધૂળ અને માટી ફેંકતો કહેવા લાગ્યો કે, " અરે, ખુદાની સાથે પ્રત્યક્ષ વાતો કરવાનું અભિમાન રાખનારા સાધુ! તેં મોટું પાપ કર્યું છે. તેં મારા કલેજાના આજે ટુકડા કરી નાખ્યા છે."

એ ભરવાડ ત્યાંથી જંગલ તરફ ચાલ્યો ગયો, ત્યારે હજરત મુસાને આકાશવાણી સંભળાઈ કે, " હે મુસા! તેં ઘણું ખરાબ કામ કર્યું છે. તેં મારા પ્યારા ભક્તને મારાથી વિખૂટો પાડ્યો છે. શું તું દુનિયામાં એટલા માટે આવ્યો છે, કે કોઇને મારી પાસે

પહોંચવાજ ન દે અને જુદાઇનોજ પાઠ ભણાવ્યા કરે? મેં તો તને એટલા માટે દુનિયામાં મોકલ્યો છે કે, તું મારા પ્યારાઓને પ્રેમાલાપનો સંદેશો આપે. તારી વર્તણૂકથી હું બહુ દિલગીર છું. મેં દરેક માણસને પ્રાર્થના કરવા સારુ અનેક પ્રકારનાં સ્તોત્ર તેમજ મનોભાવ આપ્યા છે, તેમાંથી જેને જે ફાવે તેના વડે તેઓ મારી સ્તુતિ–ભક્તિ કર્યા કરે છે. એ ભરવાડના ખાસ પ્રકારના શબ્દો તારી સમજમાં નથી આવતા, તો તું તારે રસ્તે ચાલ્યો જા. નાહકનો એના ઉપર દોષારોપણ શા સારુ કરે છે? એણે બિચારાએ તો સાચા મનથી મારી સ્તુતિ કરી, છતાં પણ તું તો એમજ સમજ્યો કે, એણે પાપ કર્યું! એણે અમૃત પીરસ્યું અને તેં એને ઝેર માની લીધું; એણે પ્રકાશ કર્યો અને તું અંધકાર સમજ્યો; એણે ફૂલ આપ્યાં અને તેં એને કાંટા માની લીધા, એણે સારું કર્યું અને તેં ખોટું કર્યું."

મુસા ઈશ્વરની આવી વાણી સાંભળીને એ ભરવાડની શોધમાં નીકળ્યા અને એનાં પગલાંની નિશાનીએ જતાં જતાં જંગલમાં પહોંચ્યા. ત્યાં જઇને એ અભણ ભરવાડને કહ્યું કે, "હે પ્રભુના પ્યારા! મારા ઉપર દયા કર; કેમકે મેં મારી મૂર્ખતાથીજ તને ગમાર ભરવાડ માની લીધો હતો." (મૌલાના રૂમી)

१९२–पोणोसो वर्षना वृद्ध पुरुषनी ज्ञानपिपासा

પોલેંડમાં બોર્ગસિક નામનો એક પુરુષ હાલમાંજ થઈ ગયો છે. નાનપણમાં એણે થોડોઘણો અભ્યાસ કર્યો હતો, પરંતુ ઘરની સ્થિતિ સારી નહિ હોવાથી નાની વયમાંજ કુટુંબનું પોષણ કરવાનો ભાર એને માથે આવી પડ્યો અને વિદ્યાભ્યાસ અધૂરો મૂકીને તેને ગુજરાનને સારુ ધંધામાં પડવું પડ્યું. ઇ. સ. ૧૮૬૩માં એના

દેશબંધુ પોલ લોકોએ રશિયાના ઝારની વિરુદ્ધ બળવો કર્યો. બોર્ગસિક પણ બળવાખોરોની સાથે જોડાયો. એ યુદ્ધમાં એ કેદ પકડાયો અને સાઇબીરિયાના બરફવાળા પ્રદેશમાં એને દેશનિકાલ કરવામાં આવ્યો. ઇ. સ. ૧૮૯૫માં એને વગર શરતે માફી મળી. બોર્ગસિક પાછો ફરીને વોર્સો નગરમાં આવ્યો અને ઘણાં વર્ષ પૂર્વે પોતે જે અભ્યાસ અધૂરો મૂક્યો હતો, તે પાછો શરૂ કરીને એમાં ચિત્તને એવું પરોવ્યું કે પંચોતેર વર્ષની વૃદ્ધ વય છતાં પણ તે ઇ. સ. ૧૮૯૭માં ડોકટરની પદવી મેળવી શક્યો.

સંકલ્પ ને આગ્રહ દૃઢ હોય તો ગમે તે વયે મનુષ્ય વિદ્યા પ્રાપ્ત કરી શકે છે અને પોતાનો ઉદ્દેશ પાર પાડી શકે છે.

('ચિલ્ડ્રન્સ બૂક ઑફ મૉરલ લેસન્સ'માંથી)

૧૯૩–સંત ઇસિડોરને પનિહારીઓ તરફથી મળેલો બોધ

કૂવાના પથ્થર ઉપર દોરડાંના ઘસારાથી પહોંચેલો ઘસારો જોઇને બોપદેવને ખંતથી વિદ્યાભ્યાસ કરવાનો બોધ કેવી રીતે મળ્યો હતો, તે આપણે આગળ એક દૃષ્ટાંતમાં જોઇ ગયા છીએ. બરોબર એનેજ મળતી ઘટના સેંકડો વર્ષ પૂર્વે સ્પેન દેશમાં પણ બની હતી. ત્યાં આગળ ઇસિડોર નામનો એક વિદ્યાર્થી પાઠની કઠિનતા તથા શિક્ષકોની કઠોરતાથી કંટાળીને ઘરમાંથી નાસી ગયો. જંગલમાં ફરતાં ફરતાં થાકી જઈને એક કૂવા આગળ તે વિશ્રામ લઇ રહ્યો હતો, ત્યાં આગળ ગામડાની રમણીઓ પાણી ભરવા આવતી હતી. ઇસિડોર બારીકીથી તેમની હીલચાલ જોઈ રહેતો. એણે જોયું કે, પાણીની ડોલનું દોરડું પથ્થર સાથે જ્યાં ઘસાતું હતું ત્યાં આગળ નાળી જેવું થઇ રહ્યું હતું. ઇસિડોરે પનિહારી-

એને પૂછ્યું કે, "આ કોણે બનાવ્યું?"

સ્ત્રીઓએ એને સમજાવ્યું કે, એને બનાવવા કોઈ નથી આવ્યું. એ તો દોરડાના ઘસારાને લીધે પથ્થર ઘસાય છે અને એ જગ્યા એની મેળે થઈ જાય છે.

યુવકે વિચાર કર્યો કે, "એક સાધારણ દોરડું ખંતને લીધે કઠોર પથ્થરને પણ ઘસી નાખે છે, તો શું હું ખંતથી વિદ્યાભ્યાસ કરવા મંડી જાઉં તો સફળ ન થઇ શકું? જરૂર, હવે હું ગમે તેવો અઘરો પાઠ પણ તૈયાર કરી શકીશ." એનામાં નવોજ ઉત્સાહ આવ્યો. હવે એની સંકલ્પશક્તિ વધી ગઇ હતી. એ ઘેર પાછો ફર્યો, નિશાળમાં ગયો અને ખંતપૂર્વક પાઠ કરવા લાગ્યો. હવે એને વિદ્યાભ્યાસમાં ઘણી સફળતા મળી. એ મહાવિદ્વાન થયો અને વિદ્યાની સાથે સાધુતાના ગુણોથી વિભૂષિત હોવાથી સંત ઇસિડોર નામે પ્રસિદ્ધ થયો.

ઊંચી અભિલાષા અને પૂરી ખંત હોય તો કશુંજ અસાધ્ય નથી. ('ચિલ્ડ્રન્સ બૂક ઑફ મોરલ લેસન્સ'માંથી)

१९४–महात्मा लुकमान हकीमनो बादशाहने उपदेश

લુકમાન હકીમ ઘણો વિદ્વાન અને વિજ્ઞાનવેત્તા હતો; પણ દેખાવમાં સાધારણ માણસોના જેવો જણાતો હતો. એની રહેણી-કરણી બહુ સાદી હતી. એની યોગ્યતાની ખ્યાતિ ચોતરફ ફેલાઈ ગઇ હતી. એક દિવસ એક બાદશાહે લુકમાનને બોલાવી તેની યોગ્યતાની પરીક્ષા લેવાની ઇચ્છા કરી. રાજાની આજ્ઞા થતાં વારજ લુકમાનને દરબારમાં બોલાવવામાં આવ્યો. અનેક વિષયો ઉપર વાતચીત થઇ અને બાદશાહને ખાતરી થઈ કે, ખરેખર લુકમાન તે લુકમાનજ છે. એના જેવો મનુષ્ય બીજો નહિ મળી આવે. બાદ-

શાહ ઉપર એની એટલી બધી અસર થઈ કે, એ તેનાં વખાણ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, "હું આપના ઉપર ઘણો પ્રસન્ન છું. આપ મારી પાસે જે કાંઇ માગશો તે આપવા તૈયાર છું." લુકમાન કહેવા લાગ્યો કે, "હે બાદશાહ! તને શરમ નથી આવતી કે, મને દયાપાત્ર સમજે છે અને પોતાને મોટો દયાળુ માની બેઠો છે? જો, મેં દેહાભિમાન અને દુનિયાઇ લોભ એવા વશ કરી લીધા છે કે, હવે તે મારું કાંઇ પણ બગાડી શકે એમ નથી, ઊલટા નોકરની પેઠે મારી આજ્ઞાનું પાલન કરે છે. એમ હોવાથી હું શાહ છું અને તું તો અભિમાન અને લોભને વશ થઇને દુનિયાઇ વિષયો અને સત્તા પાછળ ભટકતો ફરે છે. તારામાં અભિમાનની માત્રા પણ પૂરેપૂરી છે અને લોભનો પણ તારા ઉપર પૂરેપૂરો અધિકાર છે. આ પ્રમાણે જે ગુણોનો ગુલામ થઇને તું બીજાઓના દેશ જીતવા માટે ચઢાઇ કરે છે અને નાહક અનેકોનાં ખૂન કરાવીને હજારો–લાખોને અનાથ તેમજ વિધવા બનાવી દુઃખના દરિયામાં નાખે છે, તેજ ગુણો મારા દાસ બનીને રહે છે. બોલ, હવે તને તે બાદશાહ કોણ કહે? હું તારી પાસે કાંઈ માગતો નથી."

જેણે વાસનાઓને જીતી છે તેજ ખરેખરો રાજાધિરાજ છે.

(મૌલાના રૂમી)

૧૯૫–महाराणी द्रौपदीनी असाधारण क्षमा

મહાભારતના યુદ્ધનો અંત આવી રહ્યો, દુર્યોધનની બધી આશાઓ ઉપર પાણી ફરી વળ્યું; ત્યારે એ બહુ અકળાયો અને પાંડવોનો બદલો લેવાની પ્રબળ વાસના તેના હૃદયમાં ઉત્પન્ન થઈ. એની બધી શક્તિ વપરાઈ ગઇ હતી, કોઇનો આધાર નહોતો. કોની મદદથી પોતાની ઇચ્છા પાર પાડવી, એના વિચારમાં તે મૂંઝાયા

કરતો હતો; એટલામાં અશ્વત્થામા એની પાસે જઇ પહોંચ્યો. તેણે એને ધીરજ આપીને કહ્યું કે, "આપ મને સેનાપતિ બનાવો, હું ગમે તે રીતે આપનો મનોરથ પૂર્ણ કરીશ અને પાંચે પાંડવોનો વધ કરીશ. મારા હૃદયમાં પણ મારા પૂજ્ય પિતાના મરણનો દારુણ ઘા લાગેલો છે. હું પણ બદલો લેવા માગું છું, હું જ્યાંસુધી પાંડવોને મારીશ નહિ, ત્યાંસુધી મારી દાઝ નહિ હોલાય." આથી દુર્યોધનને હિંમત આવી અને તેણે અશ્વત્થામાને પોતાનો સેનાપતિ બનાવ્યો.

અશ્વત્થામા રાત્રે લાગ જોઇને પાંડવોના તંબૂ તરફ ગયો. રસ્તામાં ઘણા વિઘ્નો આવ્યાં, પણ તેમને દૂર કરીને એ ઠેઠ પાંડવોના તંબૂમાં પહોંચ્યો. એ દિવસે પાંચ પાંડવોને ઠેકાણે દ્રૌપદીના પાંચે પુત્રો સૂઈ રહ્યા હતા. એમના ચહેરા પણ પાંચે પાંડવોને મળતા આવતા હતા. અશ્વત્થામા વીર હોવા છતાં પણ એ વખતે તો તે અધમ, ચોર, ધાડપાડુ અને ખૂનીનું કામ કરવા તૈયાર થયો હતો. એણે નિર્દયતાથી એ પાંચે સુકુમાર પાંડવપુત્રોનાં શિર કાપી નાખ્યાં. એ વીરયુવકો તરફડિયાં મારતા મરી ગયા. નિર્દય અને કાયર એવો અશ્વત્થામા પ્રસન્ન થતો દુર્યોધનની પાસે પહોંચ્યો. દુર્યોધનના હર્ષનો પાર નહોતો. એણે એ પાંચે શિરને અપમાનપૂર્વક પૃથ્વી ઉપર ફેંકી દીધાં અને પગવડે ઉપરાઉપરી ખૂબ ઠોકરો મારી ત્યારેજ તેનું મગજ જરા ઠેકાણે આવ્યું. પછી એ માથાંનું બારીકીથી અવલોકન કરીને એણે કહ્યું કે, "નરાધમ અશ્વત્થામા! ગજબ થયો, ગજબ થયો! તેં આ શું કર્યું? તેં અમારી પાછળ પાણી આપનાર પણ બાકી ન રાખ્યા! આ માથાં પાડવોનાં નથી, પણ એમના પુત્રોનાં છે. એમનાં શિર આટલાં પોચાં નહોતાં. મેં ભીમના માથામાં ગદા મારીને ઘણી વાર અજમાવી જોયું છે. હાય! જે થનાર હતું તે થઇ ચૂક્યું. અત્યાર સુધી હું હર્ષમાં હતો, હવે

શોકથી મરી રહ્યો છું."

આ સમાચાર પાંડવોના લશ્કરમાં પહોંચતાં હાહાકાર વર્તી રહ્યો. દરેક માણસ આ હીચકારા કૃત્યના વૃત્તાંતથી આકુળ-વ્યાકુળ થઈ જતો. બધાના શોકનો પાર નહોતો. પાંડવોએ પુત્રોના ધડને દીઠાં, ત્યારે તેમના શોકનો પાર ન રહ્યો. દ્રૌપદી તો મૂર્ચ્છિત થઇને ધરણી પર ઢળી પડી. એનો વિલાપ પથ્થરને પણ પીગળાવી નાખે એવો હતો. જ્યારે એને ખબર પડી કે, આ અધમ કૃત્ય અશ્વત્થામાનું છે, ત્યારે એણે ગુસ્સે થઇને પાંડવોને કહ્યું કે, "જ્યાંસુધી તમે એ દુષ્ટને પકડીને મારી સામે નહિ લાવો, ત્યાંસુધી હું અહીંથી ઊઠનાર નથી. વધારે વિલંબ થશે તો અહીંયાંજ હું મારા પ્રાણ છોડીશ. પાંડવોને પણ ક્રોધ આવ્યો. એમને અત્યારે કાંઇ ભાન નહોતું. ગમે તે પ્રકારે વૈર લેવું, એજ એક વિચાર એમના મનમાં ઘોળાયા કરતો હતો. ભીમથી ચૂપચાપ બેસી રહેવાયું નહિ. એ તરતજ અશ્વત્થામાને પકડવા સારુ દોડ્યો. યુધિષ્ઠિરે એની પાછળ અર્જુન અને શ્રીકૃષ્ણને મોકલ્યા.

અશ્વત્થામા અને અર્જુનની વચ્ચે ઘોર યુદ્ધ થયું, બન્ને પક્ષ તરફથી અનેક અસ્ત્ર-શસ્ત્ર છૂટ્યાં અને છેવટે અશ્વત્થામાને પકડી દ્રૌપદીની સામે લાવવામાં આવ્યો.

અશ્વત્થામા અત્યારે લાચાર થઇને દ્રૌપદીની સામે ઊભો છે. એને ખાતરી હતી કે, હમણાંજ મારી દુર્દશા થશે અને જાન જશે. દ્રૌપદી આજ્ઞા આપે એટલીજ વાર હતી. દ્રૌપદીએ અશ્વત્થામાને ઉપરથી નીચે સુધી નિહાળ્યો. એની મનોદશા એકદમ બદલાઈ ગઇ. હવે એનો ક્રોધ શમી ગયો. હૃદયમાં દયા ઊપજી. એણે પાંડવોને કહ્યું કે, "એ કાયરને છોડી દો. પ્રાણ લેવો એ એને માટે સજા નથી. હું એને પ્રાણદંડ દેવા નથી માગતી. એ આપણા ગુરુનો પુત્ર છે. એણે મારા પાંચે પુત્રોને માર્યા છે, તેથી જે દુઃખ હું

ભોગવી રહી છું તે મારું મનજ જાણે છે. મારા લાડકવાયા પુત્રો કાંઈ એને મારી નાખવાથી પાછા આવવાના નથી. હું જેમ પુત્ર-હીન થવાથી શોકસાગરમાં ડૂબી છું, તેમ જો હું આને મારી નખાવીશ તો ગુરુપત્ની પણ મારી પેઠેજ પુત્રશોકમાં ડૂબી જશે. મારા દુ:ખને લીધે બીજીને પણ દુ:ખી બનાવવી, એ હવે મને ગેરવાજબી લાગે છે, તેથી હું એને ક્ષમા કરું છું. આપ સર્વે પણ એને ક્ષમા આપો."

પાંડવોએ પણ દ્રૌપદીનાં વચનોને માન્ય કરી ગુરુપુત્રને છોડી દીધો. જનસમાજમાં એ વાત વીજળીના વેગે ફેલાઇ ગઈ અને ચારે દિશામાં દ્રૌપદીની ક્ષમાનાં વખાણ થવા લાગ્યાં.

(શ્રીરામદાસ ગૌડકૃત 'હિંદી વાચનમાળા' ઉપરથી)

૧૧૬-देखादेखी काम न करवुं

કાશીનગરીથી થોડે દૂર જ્ઞાનપુર નામના સ્થાનમાં બનારસના મહારાજા સાહેબની કચેરીઓ છે. ત્યાં બે મુખત્યાર રહેતા હતા. એક સીધા સ્વભાવનો અને હસમુખો હતો. બીજો પણ હતો તો સજ્જન, પણ એના સ્વભાવમાં ચીડિયાપણું અને અદેખાઇના દોષ હતા. પહેલો મુખત્યાર જે કાંઇ કરતો, તેની દેખાદેખી પેલો બીજો પણ એમજ કરતો. એક દિવસ પહેલા મુખત્યારે ભેંસ ખરીદી, બીજાને એની ખબર પડતાં તેણે પણ ભેંસ વેચાતી મંગાવી. પહેલા મુખત્યારને એની ખબર પડતાં એણે ભેંસ વેચીને ગાય લીધી. બીજાએ પણ દેખાદેખી એમજ કર્યું. પહેલાએ ફરીથી ગાય વેચીને બકરી બાંધી, બીજાએ પણ એ પ્રમાણેજ કર્યું. હવે તો પહેલા મુખત્યારને ખાતરી થઇ કે, 'આ માણસ મને ચીડવવા સારુજ આમ કરે છે.' હવે એને મશ્કરી સૂઝી. એણે એક ગધેડું

મંગાવીને પોતાને ઘેર બાંધ્યું અને બીજા મુખત્યારને કહેવરાવ્યું કે, " ભાઈસાહેબ! આજે મારે ઘેર ગધેડું બાંધ્યું છે; તમે પણ ગધેડું ઘેર બાંધો તો ખરી વાત." ઉત્તર હિંદુસ્તાનમાં ગધેડાને અડકવું એ પણ પાપ મનાય છે, તો પછી ઘેર ગધેડું બાંધવાની તો વાતજ ક્યાં? હવે પેલો ગભરાયો અને બહુજ શરમીંદો થયો.

કોઈની ખોટી સરસાઇ કરવી એ ઠીક નથી. મહાત્મા કબીર કહી ગયા છે કે:

" દેખાદેખી ભક્તિકા, કબહું ન લાગે રંગ;
વિપદ પડે પર છોડઈ, જયોં કાંચળી ભુજંગ."

દેખાદેખી કોઇને ભક્તિનો રંગ લાગતો નથી. આફત આવી પડતાં જેવી રીતે સાપ કાંચળીને છોડી દે છે, તેવી રીતે દેખાદેખી ભક્તિ કરનારા માણસો પણ સ્વાર્થમાં વાંધો આવતાં તરતજ ભક્તિને છોડી દઇને પાછો પોતાના મૂળ સ્વભાવ ઉપર આવી જાય છે.

('દૃષ્ટાન્તાંજલિ'માંથી)

૧૯૭–प्राचीन भारतनो अस्तेयनो उच्च आदर्श

શંખ અને લિખિત બે ભાઇઓ હતા. નદીકિનારે એ બન્નેની ઝૂંપડીઓ જુદી જુદી બાંધેલી હતી. બન્નેના આશ્રમમાં અનેક પ્રકારનાં ફળ–ફૂલનાં વૃક્ષો ઊગેલાં હતાં.

એક સમયે લિખિત પોતાના મોટાભાઇ શંખના આશ્રમમાં ગયો. એ વખતે શંખ બહાર ગયો હતો. આશ્રમમાં પોતાનો ભાઇ નહિ જણાયાથી લિખિત આમતેમ ફરવા લાગ્યો. તેણે જોયું કે, બગીચામાં બહુ સુંદર પાકાં ફળ લાગેલાં છે. પોતાના ભાઇનોજ બાગ હતો, એટલે વગરપૂછ્યે ફળ તોડીને ખાવા લાગ્યો.

એટલામાંજ શંખ બહારથી આવી પહોંચ્યો. એણે ભાઇને

ફળ ખાતો જોઈને પૂછ્યું કે, "તેં આ ફળ ક્યાંથી આણ્યાં?" લિખિતે પ્રણામ કરીને કહ્યું કે, "આ સુંદર મીઠાં ફળ આપના આશ્રમનાંજ છે." એ સાંભળીને શંખે ક્રોધપૂર્વક કહ્યું કે, "ભાઈ! તેં મારી ગેરહાજરીમાં મને પૂછ્યા વિનાજ આ ફળ તોડીને ખાવામાં ચોરીનું કામ કર્યું છે; માટે જલદી રાજાની પાસે જઇને તારો અપરાધ કબૂલ કર અને દંડ ભોગવીને પ્રાયશ્ચિત્ત કર."

લિખિત મોટાભાઇની આજ્ઞા મળતાંજ રાજા સુદ્યુમ્નની પાસે ગયો. રાજાએ આદરસત્કારપૂર્વક તેમને પાસે બેસાડીને પધારવાનું કારણ પૂછ્યું.

લિખિતે એના ઉત્તરમાં પોતાનો અપરાધ સ્પષ્ટ રીતે જણાવ્યો અને સજા ફરમાવવાની વિનંતિ કરી. રાજા સુદ્યુમ્ને કહ્યું કે, "રાજાને શિક્ષા કરવાનો જેટલો અધિકાર છે, તેટલોજ ક્ષમા કરવાનો પણ છે; માટે મેં આજે તમારો અપરાધ માફ કર્યો છે." પરંતુ લિખિતને એટલાથી સંતોષ ન થયો. એણે વારંવાર રાજાને પ્રાર્થના કરી કે, "મેં વગર રજાએ ભાઇના આશ્રમમાંથી ફળની ચોરી કરી છે, તેનો દંડ પણ મારે ભોગવવોજ જોઇએ."

આખરે રાજાએ લાચાર થઈને લિખિત મુનિનાં બન્ને કાંડાં કપાવી નાખવાની આજ્ઞા આપી. એ સમયે ચોરોને એવી સખ્ત સજા કરવામાં આવતી હતી.

લિખિત સજા પામીને ભાઇની પાસે ગયો અને કહ્યું કે, "ભાઈ! મેં રાજદંડ ભોગવી લીધો. હવે આપ મને ક્ષમા કરો." શંખે કહ્યું કે, "પ્રિય ભાઈ! તું મને પ્રાણથી પણ વધારે વહાલો છે. તેં મારું કાંઇ બગાડ્યું નથી, તેમજ હું તારા ઉપર ગુસ્સે પણ થયો નથી. તેં નીતિવિરુદ્ધ કામ કર્યું હતું, તેથી તને નીતિના માર્ગમાં દૃઢ કરવા સારુ અને ધર્મવિરુદ્ધ કૃત્યનું પ્રાયશ્ચિત્ત કરાવવા સારુ મેં રાજા પાસે મોકલ્યો હતો. રાજાએ સજા કરી દીધી.

હવે તું નદીકિનારે જઇને તપસ્યા કર. એમ કર્યાથી તું પાપથી મુક્ત થઈ જઇશ. ફરીથી એવું કામ કદી ન કરતો. હમેશાં યાદ રાખજે કે, વગર રજાએ કોઇની કાંઈ પણ વસ્તુ લેવી એ મહાપાપ છે.”

(શ્રીરામદાસ ગૌડકૃત ‘રાષ્ટ્રીય શિક્ષાવલિ’માંથી)

૧૯૮–सूक्ष्म बुद्धि अने वचनपालननो महिमा

ઇરાનની પશ્ચિમે આવેલા બગદાદ નગરમાં પૂર્વે ખલીફા હારૂન–અલ–રશીદ નામનો એક પ્રસિદ્ધ બાદશાહ થઇ ગયો છે. એ ઘણોજ દયાળુ, દાની, ધર્માત્મા અને બહાદુર હતો. દુનિયામાં આજ સુધી તેનું નામ જાણીતું છે. તેના મોટા પુત્રનું નામ અમીન અને નાનાનું નામ મામૂ રશીદ હતું. મામૂ પાંચ વર્ષનો થયો, ત્યારે એને કુરાન ભણાવવા સારુ એક મૌલવીને નોકર રાખવામાં આવ્યો. અમીન પણ એની સાથેજ ભણતો હતો.

મૌલવી સાહેબ વિદ્યાર્થીઓને થોડુંક વાંચી સંભળાવ્યા પછી નીચું માથું કરીને ચૂપચાપ વિદ્યાર્થીઓનો પાઠ સાંભળ્યા કરતા હતા. મામૂ ઘણોજ સમજુ છોકરો હતો. જ્યારે એ વાંચવામાં ભૂલ કરતો, ત્યારે મૌલવી સાહેબ માથું ઊંચું કરતા. મામૂ એટલા ઉપરથી સમજી જતો અને બીજી વાર વાંચીને પોતાની ભૂલ સુધારતો. એની એ ચતુરાઇથી મૌલવી સાહેબ ઘણા ખુશ થતા.

એક દિવસ મામૂએ કુરાનની એક આયત વાંચી. મૌલવી સાહેબ એ સાંભળીને ચમકી ઊઠયા. મામૂએ વિચાર્યું કે, મારી કોઇ ભૂલ થઇ હશે. એણે ફરીથી એ આયત વાંચી, ત્યારે એને ખબર પડી કે, વાંચવામાં કંઇ પણ ભૂલ થઈ નહોતી. તો પછી મૌલવી સાહેબ ચમકયા કેમ ? થોડી વાર સુધી બાળક એ વિષય ઉપર વિચાર કરતો રહ્યો. આખરે એની સમજમાં એક વાત આવી.

ભણી રહ્યા પછી એ પિતાની પાસે ગયો અને કહ્યું કે, "અબ્બાજાન! આપે મૌલવી સાહેબને જે કાંઇ પગાર આપવાનો કહ્યો હતો, તે આપી દેવો જોઇએ."

એ સાંભળીને ખલીફા હારૂને પુત્રને પૂછયું કે "કેમ મૌલવી સાહેબ તને કાંઈ કહેતા હતા? પગાર નહિ મળવાની ફરિયાદ એ ઘણી જગ્યાએ કરી ચૂકયા હોય એમ લાગે છે. આજ એમણે તને પણ કાંઇ કહ્યું લાગે છે."

મામૂએ કહ્યું કે, "ના, મૌલવી સાહેબે મને કાંઇ પણ કહ્યું નથી."

એટલું કહીને જે આયત સાંભળીને મૌલવી સાહેબ ચમકયા હતા, તે આયત મામૂએ પિતાને કહી સંભળાવી. એનો ભાવાર્થ એવો હતો કે, "હે ઇમાનવાળાઓ! જે વાત તમે પૂરી નથી કરી શકતા, તે કહો છોજ શા સારુ?"

મામૂએ પિતાને એ પણ કહ્યું કે, "મૌલવી સાહેબનું એ આયત સાંભળીને ચમકી ઊઠવું, વિનાકારણનું ન હોઈ શકે."

પુત્રની એ વાત સાંભળીને ખલીફા આશ્ચર્ય પામ્યા. એમણે પોતાની પાછળ મામૂનેજ વધારે બુદ્ધિમાન તરીકે ખલીફા બનાવવાનો પાકો નિશ્ચય કર્યો. ઉંમર તરફ જોતાં તો ગાદીનો હકદાર અમીનજ હતો, પણ બુદ્ધિમાં તે મામૂની બરોબરી કરી શકે એવો નહોતો.

ખલીફાએ તરતજ મૌલવી સાહેબને બોલાવીને પગાર ચૂકવી આપ્યો અને મામૂને પણ સારું ઇનામ આપ્યું.

આખરે મામૂ બગદાદનો ખલીફા થયો.

જે કાંઇ વાંચવું તે ધ્યાન દઇને વાંચવું જોઇએ. વળી જે વાયદો કરવામાં આવે તે પણ પૂરો કરવો જોઇએ.

('મનોરંજક ઐતિહાસિક કહાનિયાં'માંથી)

૧૯૯–મશ્કરી અને અપમાન સહીને પણ લોકસેવા બજાવી શકાય છે

કેટલાંક વર્ષ પૂર્વે ઇંગ્લેંડમાં વરસાદમાં છત્રી લઈને ચાલવું, એ ફેશનની વિરુદ્ધ અને હસવા લાયક ગણાતું હતું. જોનાસ હેનવે નામના એક પુરુષને એ ફેશન નુકસાનકારક લાગવાથી એણે લંડનની સડકો ઉપર છત્રી ઓઢીને ફરવાનું શરૂ કર્યું. જરા પણ નવી વાત જોતાં પ્રથમ તો લોકો બસ મશ્કરીજ કરવા મંડી પડવાના ! જોનાસની પણ એજ વલે થઈ. રસ્તે જતા લોકો તેને જોઇ હસવા લાગ્યા અને તેને ઊભો રાખીને મશ્કરી પણ કરવા લાગ્યા પરંતુ એણે જરા પણ પરવા કરી નહિ. એ તો બીજા લોકોને છત્રી ઓઢવાના ફાયદા સમજાવવા માગતો હતો. ત્રીસ વર્ષ સુધી એણે લોકોનો ઉપહાસ હિંમતપૂર્વક સહન કર્યો અને પરિણામ એ આવ્યું કે, લોકો વરસાદમાં છત્રીનો ઉપયોગ કરતાં શીખ્યા.

('ચિલ્ડ્રન્સ બૂક ઑફ મોરલ લેસન્સ'માંથી)

૨૦૦–શત્રુની દયા પર જીવવું સારું કે તેને હાથે મરવું સારું ?

જાપાનમાં કુમાગે નામનો એક બહાદુર ફકીર થઈ ગયો છે. એ હતો તો ફકીર, પણ દેશનો મોટો ભક્ત હતો. જરૂર પડતાં દેશને ખાતર તલવાર પકડીને મરવા–મારવાને પણ એ સદા તૈયાર રહેતો હતો. એ ઘણો સારો યોદ્ધો હતો. એનું નામ સાંભળીને ભલભલા બહાદુર લોકો કંપી ઊઠતા.

એક વાર જાપાનમાં સુનાનોરાના મેદાનમાં મોટી લડાઇ થઇ. કુમાગે પણ તલવાર લઇને લડાઇના મેદાનમાં પહોંચ્યો. એણે એક

વીર યુવક શત્રુને પકડી લીધો. કુમાગેએ તેના હાથપગ બાંધી દીધા અને પૂછ્યું કે, "તારું નામ શું છે?" યુવકે જવાબ દીધો કે, "તમારાથી થાય તે કરી નાખો. મારા ટુકડે ટુકડા કરો તોપણ હું મારું નામ નહિ બતાવું તે નહિજ બતાવું."

એનો એ દઢતાભર્યો ઉત્તર તથા એની યુવાવસ્થા જોઇને કુમાગેને દયા ઊપજી. એણે નવયુવકના હાથપગ છોડી દીધા અને કહ્યું કે, "મને તારા ઉપર દયા આવે છે. હું તને છોડી મૂકું છું, તું તારે ઘેર જા અને તારી માતાને ખુશ કર. તારા વગર એ બિચારી રોતી હશે."

યુવકે જવાબ આપ્યો કે, "હું આપનો દુશ્મન છું, આપનો કેદી છું, મારે તમારી દયા જોઇતી નથી. આપની દયા પર જીવવું, એના કરતાં તો આપને હાથે મરવું, એમાંજ મારું મનુષ્યત્વ અને વડાઈ છે. હું યુદ્ધક્ષેત્રમાં જીત મેળવ્યા વિનાજ ઘેર પાછો ફરીને મારાં માતપિતાનું નામ નહિ લજવું. લોકો પણ એથી કરીને મને કાયર, બીકણ અને હીચકારોજ કહેશે. જો હું કેદ ન પકડાયો હોત તો તો છેવટ સુધી આપની સાથે લડત. હશે હવે આપ વિલંબ ન કરો; મારી ગરદન હાજર છે."

કુમાગેએ એક વાર ફરીથી પણ એને સમજાવ્યો કે, "ભાઇ! સમજી જા અને ઝટપટ અહીંથી નાસી જા. રસ્તામાં જો ક્યાંક મારા સાથીઓ મળી ગયા, તો તેઓ તને કદી પણ છોડશે નહિ અને તારો જીવ ચાલ્યો જશે." કુમાગેએ તેને ઘણુંએ સમજાવ્યો, પણ એ યુવકે તેની સલાહ ન માની. એટલામાં કુમાગેના સાથી આવી પહોંચ્યા અને તેમણે તરતજ એ યુવક શત્રુને મારી નાખ્યો.

વીર યુવકે શત્રુની દયા પર જીવવા કરતાં પ્રાણ આપવામાંજ પોતાની મહત્તા જોઈ. ('મનોરંજક ઐતિહાસિક કહાનિયાં'માંથી)

२०१–एक स्वयंसेविकानी ऊंडी समजण अने भारे धगश

ઇટલીના પ્રસિદ્ધ દેશભક્ત સ્વીટ્ઝરલેંડમાં દેશનિકાલની સજા ભોગવી રહ્યો હતો. ઇટલીના ઉદ્ધાર માટે–ઇટલીની સ્વતંત્રતા માટે એણે બીડું ઝડપ્યું હતું. સ્વદેશભક્તોનો માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ રાજસત્તાથી સાંખી શકાતો નથી; કેમકે એમની દૃષ્ટિમાં સ્વદેશપ્રેમ એ રાજ્યદ્રોહ થઇ પડે છે અને તેઓ દેશના નેતાઓને અનેક પ્રકારનાં દુઃખ દેવામાંજ પોતાની સલામતી સમજે છે. મૅઝિની પણ રાજસત્તાનો ભોગ થઇને સ્વીટ્ઝરલેંડમાં એક નિર્જન પર્વતમાં ઝૂંપડી બાંધીને રહેતો હતો, ઇટલીમાં એ રાજદ્રોહી ગણાતો હોવાથી કોઈ એને સહાયતા આપવા તૈયાર થયું નહિ; એના એ નિર્જન વાસમાં જઇને તેની સંભાળ લેવાની કોઈની હિંમત ચાલી નહિ. મૅઝિની ઇંગ્લેંડમાં પણ ઘણું રહ્યો હતો અને ત્યાં અનેક સ્ત્રી–પુરુષો એના પ્રત્યે સ્નેહ અને સહાનુભૂતિ દાખવતાં હતાં. પર્વત ઉપર દેશવટો વેઠતાં એ માંદો પડ્યો અને એ મંદવાડના સમાચાર ઇંગ્લેંડ પહોંચ્યા, ત્યારે ત્યાંની એક સહૃદયા રમણીએ તેની પાસે જઇ તેની સારવાર કરી તેને સાજો કરવાનો સંકલ્પ કર્યો. એ સ્વીટ્ઝરલેંડ ગઈ અને પર્વતની ખીણ પાસે પહોંચી. ત્યાંથી એક ભોમિયાને સાથે લઇને હાથમાં લઠ્ઠસહિત એણે ઊંચા વિષમ પર્વત ઉપર ચઢવા માંડ્યું. રસ્તો ઘણો ખડબચડો હતો. બરફ બધે પથરાઇ ગયો હતો. એવી અવસ્થામાં પર્વત ઉપર ચઢવું એ જીવને જોખમમાં નાખવા જેવું હતું. એક સુકુમારીને માટે તો તે લગભગ અસાધ્ય જેવુંજ હતું; પરંતુ એ અબળાના હૃદયમાં પર–સેવાની ધગશ જાગી હતી, સંસારના એક મહાપુરુષના મંદવાડમાં

તેની સેવા કરીને તે સાજોતાજો થાય તેમ કરવું, એ તેના હાથે થતા દેશકલ્યાણુમાં અગત્યનો ભાગ લેવા બરાબર તેને સમજાઇ ચૂકયું હતું. આવી ઊંડી સમજણ અને નિઃસ્વાર્થ સેવાવૃત્તિને લીધે તેના મનમાં તેમજ શરીરમાં પણ અદ્ભુત બળનો સંચાર થયો. અનેક વિઘ્નોને ઓળંગીને તે મૅઝિનીની ઝૂંપડી આગળ જઇ પહોંચી. ત્યાં જતાં સુધીમાં તો તે થાકીને ધરણી પર ઢળી પડી. ભોમિયો તેને ઘરમાં લઇ ગયો. મૅઝિનીએ જોયું કે, એક અંગ્રેજ મહિલા તેની માવજત કરવા સારુ આવી છે, ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. એ અંગ્રેજ મહિલાએ બહુજ કાળજીથી મૅઝિનીની સેવાચાકરી કરી. એની પ્રેમમય સેવાથી એ મહાન દેશભક્ત વીર જલદી સાજો-તાજો થઇ ગયો.

ધન્ય છે એ પરોપકારી અંગ્રેજ મહિલાને !!

('ચિલ્ડ્રન્સ બૂક ઑફ મોરલ લેસન્સ'માંથી)

૨૦૨-खुशरो परवेझना गवैयानी हाजरजवाबी

ખુશરો પરવેઝના દરબારમાં એક ઘણોજ હોશિયાર ગવૈયો હતો. એનું નામ બારબદ હતું. ઈરાનના ગવૈયાઓમાં એનું નામ બહુ પ્રખ્યાત હતું. બારબદ સિતાર બજાવવામાં જેટલો હોશિયાર હતો, તેટલો ગાવામાં નહોતો. તેની પાસે એક ગુલામ હતો, જે ગાવામાં એક્કો હતો. બારબદ કોઇ કોઇ વખત એને પોતાની સાથે બાદશાહના દરબારમાં લઇ જતો હતો. બાદશાહ ઘણીજ ખુશીથી એનું ગાયન સાંભળતો. ધીમે ધીમે બાદશાહને ગુલામનું ગાવું એટલું બધું પસંદ પડી ગયું, કે હમેશાં એના સંગીતની એને ઇચ્છા રહેતી. હવે એને બારબદની સિતાર ઉપર એટલો બધો પ્રેમ ન રહ્યો.

બાદશાહનું મન આ પ્રમાણે પોતાના ઉપરથી ઊતરીને ગુલામની કળા ઉપર ચોંટયું છે, એ જોઈ બારબદ અદેખાઇનો માર્યો બળી જવા લાગ્યો. ગુલામ ઉપર હવે એ અંદરખાનેથી ઇર્ષ્યા કરવા લાગ્યો અને એક દિવસ લાગ જોઇને ગુપ્ત રીતે તેને મારી નંખાવ્યો.

ગુલામનું ગાયન સાંભળવાનું બંધ થવાથી, પરવેઝને ઘણોજ શોક થયો. એણે બારબદને પૂછયું કે, "કેમ ઉસ્તાદ! તમારો ગુલામ હાલ જણાતો નથી, એના શા સમાચાર છે?" બારબદે ઢોંગ કરીને જવાબ આપ્યો કે, "હજૂર! એ તો ઘણો બેઇમાન નીવડયો. ઘણા દિવસથી મને એની તરફના કાંઇ સમાચાર મળ્યા નથી. એ તો કોણ જાણે કયાંય નાસી ગયો છે." બાદશાહને એથી ચિંતા ઉત્પન્ન થઇ અને એની તપાસ કરવા સિપાઇઓ મોકલ્યા. આખરે બારબદનું કપટ એના જાણ્યામાં આવી ગયું. હવે એ બારબદ ઉપર ઘણોજ ગુસ્સે થયો. એણે તરતજ ગવૈયાને દરબારમાં બોલાવી મંગાવ્યો અને ધમકાવીને પૂછયું કે, "કેમ બેઇમાન દુષ્ટ! તેં આવું હત્યારું કામ કેમ કર્યું? બિચારા ગુલામે તારું શું બગાડયું હતું? તારી સિતાર સાંભળવામાં મને જેટલી મજા આવતી હતી, તેટલીજ એના ગાયનથી આવતી હતી. તેં હવે મારો અડધો આનંદ ધૂળમાં મેળવી દીધો; માટે એ કસૂરની તને એજ સજા છે કે, તને કતલ કરી નાખવામાં આવશે."

પોતાનું પોગળ ઊઘડી જવાથી બારબદ થરથર કંપવા લાગ્યો, પણ એ ચતુર પુરુષ હતો. થોડીકજ વારમાં હિંમત લાવીને તે બોલ્યો કે, "હજૂર! મેં તો ક્રોધ અને અદેખાઇના આવેશમાં આવી જઇને આપની જિંદગીનો અડધોજ આનંદ ધૂળમાં મેળવી દીધો છે; પણ આપ તો હવે બાકીની અડધી મજા પણ પોતાનેજ હાથે ધૂળમાં મેળવવા બેઠા છો! (અર્થાત્ જો હું જીવતો નહિ રહું

તો આપને એવી સરસ સિતાર સાંભળવાનું ટળી જશે.) એ શું દુઃખની વાત નથી?"

એ સાંભળતાં વારજ ખુશરોનો ગુસ્સો ઠંડો પડી ગયો. એણે બારબદનો અપરાધ માફ કરી દીધો. બારબદ ધીરજ ધરીને બાદશાહની સાથે એવી વાતો ન કરત, તો એનો જીવ કદી પણ બચત નહિ.

હાજરજવાબી પણ એક સારો ગુણ છે.

('મનોહર ઐતિહાસિક કહાનિયાં'માંથી)

૨૦૩–गांधीजीनी असाधारण क्षमा

મહાત્મા ગાંધીજી આફ્રિકામાં હતા, એ વખતે આત્મસન્માનને ખાતર ત્યાંના હિંદુઓ સરકારની સાથે લડી રહ્યા હતા. ત્યાંની સરકાર ભારતવાસીઓ ઉપર જુલમ કરી રહી હતી. મહાત્માજી તેમના આગેવાન તરીકે સત્યાગ્રહની લડાઈ લડી રહ્યા હતા. સરકાર થોડીક નમી, તેથી મહાત્માજી સમાધાન પર આવવાને તૈયાર થયા.

હિંદુ–મુસલમાન બધા એ વખતે મહાત્માજીના ઝંડા નીચે હતા. એક પઠાણને લાગ્યું કે, ગાંધીજી સરકાર તરફ વધારે ઝૂકી ગયા છે. એ વિચારથી એ ગાંધીજી ઉપર ઘણોજ ચિડાયો અને ગુસ્સાના આવેશમાં એક દિવસ મહાત્માજીને ખૂબ માર્યો. માર એટલો બધો સખ્ત પડ્યો હતો કે, કેટલાક મહિના સુધી તો એમને ખાટલાવશ રહેવું પડયું. લોકોએ ઘણુંયે કહ્યું, પણ ગાંધીજીએ એ પઠાણની વિરુદ્ધ કાંઇ પણ પગલાં ન લીધાં.

એક દિવસ એજ પઠાણ આવીને એમના ચરણમાં પડ્યો, બહુજ રોયો અને માફી માગી. એ વખતે એને ખબર પડી ગઇ હતી કે, મહાત્માજીનો સરકારની સાથે સમાધાન કરવામાં શુદ્ધ

હેતુ હતો. મહાત્માજી પણ જાણુતા હતા કે, પઠાણુના અત્યાચારમાં વૈરભાવ નહોતો. ઉદ્દેશની બાબતમાં ગેરસમજ થયાથીજ એણે એ કૃત્ય કર્યું હતું; પરંતુ એવે પ્રસંગે ક્રોધના આવેશમાં ન આવતાં ક્ષમા કરવી એ વીરપુરુષોનું લક્ષણુ છે.

(શ્રીરામદાસ ગૌડકૃત 'હિંદી વાચનમાળા'માંથી)

૨૦૪–तमाकुना उपयोगथी थती हानि

દારૂ, અફીણુ, ગાંજો, ભાંગ, ચડસ અને તમાકુ એ માદક પદાર્થો છે. આપણા દેશના દુર્ભાગ્યે માદક પદાર્થોનો ઉપયોગ વધતોજ જાય છે. તમાકુની બીડી અને સિગારેટ તો ઘેરેઘેર થઈ ગઈ છે. કુમળી વયના બાળકો એના ઉપયોગથી પોતાની તંદુરસ્તીનું સત્યાનાશ વાળી રહ્યા છે. રશિયાના પ્રસિદ્ધ મહાપુરુષ કાઉન્ટ ટૉલ્સ્ટૉય તમાકુના નશાને દારૂ કરતાં પણ વધારે ખરાબ ગણુતા હતા.

એ લખે છે કે, "એક મનુષ્યના મનમાં એક દિવસ પોતાની સ્ત્રીનું ખૂન કરવાનો વિચાર ઉત્પન્ન થયો. છરો બહાર કાઢ્યો, મારવા તૈયાર થયો; પણ એટલામાં હૃદયમાં પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો અને તેથી તરતજ તે પાછો હઠ્યો. ત્યાર પછી એ સિગારેટ પીવા બેઠો; પરંતુ સિગારેટમાં પણ તમાકુમાં બીજી વસ્તુઓ પેઠે જે એક જાતનું ઝેર રહેલું છે, તે ઝેરની અસરથી તેની અક્કલ ઉપર તરતજ ગાઢ પડદો પડી ગયો અને તેજ વખતે તેણે પત્નીનું ખૂન કર્યું!"

આવાં આવાં અનેક પ્રકારનાં નુકસાન તમાકુના ઉપયોગથી થાય છે. પાચનશક્તિ પણ ધીમે ધીમે બગડતી જાય છે, ભોજનમાં રુચિ ઘટતી ચાલે છે અને મોઢું પણ દુર્ગંધ મારે છે.

સમજુ મનુષ્યોએ તો હુક્કા–બીડીથી તેમજ જરદાથી અને

સિગારેટથી પણ સદા દૂરજ રહેવું જોઈએ અને નાનાં બાળકોને તો તેનો સ્પર્શ પણ કરવા દેવો જોઇએ નહિ.× (મહાત્મા ગાંધીજી)

૨૦૫–महात्मा गांधीजीनो राजाओने उपदेश

કાશીના હિંદુ વિશ્વવિદ્યાલયનો પાયો નાખવાનું મુહૂર્ત થયું, ત્યારે ભારતભૂષણ પંડિત મદનમોહન માલવિયાજીએ ઘણો મોટો સમારંભ રચ્યો હતો. દેશના સુપ્રસિદ્ધ વિદ્વાનો,માતૃભૂમિના અનન્ય સેવકો તથા ભારતીય નરેશો તેમના આમંત્રણને માન આપીને ત્યાં પધાર્યા હતા. રાજા–મહારાજાઓ એ પુણ્યપ્રસંગે પણ પોતાના હીરા, મોતી આદિ ઝવેરાતના અલંકાર તથા ઝગમગાટવાળા કીમતી કસબી પોશાકમાં અલંકૃત થઇને આવ્યા હતા. એ વખતે ઠાઠ એવો હતો કે, કોઇ પરદેશી તેનું અવલોકન કરી રહ્યો હોત તો તેને એમજ લાગત કે, ભારતવર્ષની દરિદ્રતાની જે વાત મહામાન્ય દાદાભાઇ નવરોજજી અને વિલિયમ ડિગ્બી કરતા હતા અને જેનો ઉલ્લેખ કોંગ્રેસવાળાઓ હમેશાં કરે છે તે બધી જૂઠી છે. મહાત્મા ગાંધીજીના ચિત્ત ઉપર આ બનાવની બહુજ અસર થઈ. દેશી નરેશો પ્રત્યે એમને સદ્ભાવ છે અને તેઓ ખરે રસ્તે ચાલી પોતાની પ્રજાની અને સાથે સાથે દેશની ઉન્નતિ કરે એવી તેમની અભિલાષા છે. એ અભિલાષાથી પ્રેરાઇને તેમણે પોતાનું વ્યાખ્યાન આપતાં નરેન્દ્રોને ઉદ્દેશીને કહ્યું હતું કે, “શ્રીમાનો! આ ઝવેરાત આપના શરીર ઉપરથી ઉતારી નાખો અને ભૂખમરાથી પીડાતા દીન–ગરીબ ખેડૂતો જે સેંકડે પંચોતેરની સંખ્યામાં તમારા રાજ્ય-

× વાંચનાર! તમને પણ એક યા બીજા રૂપમાં તમાકુનો છંદ લાગી ચૂક્યો હોય તો તરતજ છોડી દેજો. ધીમે ધીમે છોડીશું, એવી ખોટી દુરાશામાં રહેના નહિ. —સંપાદક

માં છે, તેમના સુખ સારુ વાપરો. એમનીજ ખરા પરસેવાની કમાણીનું આ ફળ છે. એ અલંકાર આપના શરીરના શણગાર સારુ નથી. એ એમનો ખોટો દિવસ આવે, ત્યારે મદદ કરવા સારુ આપની પાસે અનામત મૂકેલી થાપણ સમાન છે.

વાત તદ્દન ખરી છે. સારા રાજાઓ રાજ્યની સંપત્તિને એક અનામત થાપણ સમાનજ ગણે છે અને પોતાના અંગત મોજશોખમાં તેનો ઉપયોગ ન કરતાં પ્રજાના કલ્યાણાર્થેંજ તેને વાપરે છે.

(શ્રીરામદાસ ગૌડકૃત 'હિંદી વાચનમાળા'માંથી)

૨૦૬–संतानोनां शिक्षण अने सद्‌गुण माटे केवी काळजी जोईए?

૧–શિક્ષણ માટે અસાધારણ કાળજી

મહારાણી મેરીનાં માતુશ્રી ડચેસ ઑફ ટેક, છોકરાંઓ સારી રીતે રમતગમત કરે, એવું ઇચ્છતાં હોવા છતાં પણ એની ખાતર એમના અભ્યાસમાં જરા પણ ખલેલ ન આવે, તેની હમેશાં કાળજી રાખતાં હતાં. એક દિવસ કોઇ સ્નેહીને ત્યાંથી છોકરાંઓને રમવા જવાનું નિમંત્રણ આવ્યું. તેના ઉત્તરમાં તેમણે લખી મોકલ્યું કે, "છોકરાંને તમારે ત્યાંની રમતગમતમાં મોકલવા સામે મને બીજો તો કાંઇ વાંધો નથી; પરંતુ આ અઠવાડિયામાં બે દિવસ તેઓ બીજે ઠેકાણે જઈ આવેલાં છે તેથી ફરીને તેમનો વખત એમાં જાય તો અભ્યાસમાં ઘણો અંતરાય પડી જાય. મારો હેતુ તમે સમજશો અને તેમને નહિ મોકલવા માટે માફ કરશો."

૨–દાનધર્મનું શિક્ષણ આપવાની ઉત્તમ રીત

સમ્રાજ્ઞી મેરીનાં માતાપિતા ડયૂક અને ડચેસ ઑફ ટેક, કેનસિંગ્ટનના રાજમહેલમાં રહેતાં હતાં, ત્યારે મિ. બુલોક અને ત્યાંના

પુરોહિત છોકરાંને ધર્મશિક્ષણ આપતા હતા. ધર્મનું શિક્ષણ કેવળ પુસ્તકોમાંથીજ અપાતું નહિ, પણ પોતાના વ્યાવહારિક દૃષ્ટાંતથી અપાતું.

પુરોહિત ભણાવવા આવે ત્યારે અભ્યાસ કરવાના ઓરડામાં ડચેસ છોકરાંને એકઠાં કરતાં અને અભ્યાસ પૂરો થયા પછી દાનની માગણી માટે જેમની અરજીઓ આવી હોય, તેમને લગતી પૂછપરછ કરતાં તથા તેમની હાલતની તપાસ કરવાનું કહેતાં. છોકરાંઓના દેખતાં એવી વાતચીત કરવાનો હેતુ એ હતો કે, છોકરાં ગરીબોનું સંકટ અને બીજાઓની જરૂરિયાતો સમજતાં શીખે. વળી એ પુરોહિતની સાથે છોકરાંને ગરીબોની સ્થિતિ નજરે જોવા મળે તે માટે તેમને ઘેર પણ મોકલવામાં આવતાં. એક વખત તો પુરોહિતની સાથે એક ગરીબ કુટુંબને ઘેર ભોજનની સામગ્રી મોકલવામાં આવી હતી અને ગરીબ કુટુંબ કેવા આનંદથી તેનો ઉપયોગ કરે છે, તે જોતા રહેવાની છોકરાંઓને સૂચના કરવામાં આવી હતી. આ પ્રમાણે થવાથી સમ્રાજ્ઞીને બચ્ચપણમાંથીજ ગરીબોની મુશ્કેલીઓ સમજવાનો અને દુઃખની તપાસ કરવાનો મહાવરો પડ્યો છે.

૩–ગરીબો પ્રત્યે દિલસોજી શીખવવાની સરસ રીત

સમ્રાજ્ઞી મેરી બાલ્યાવસ્થામાં કુમારી મેના નામથી ઓળખાતાં હતાં. એ અને એમનાં માતાજી ઘણુંખરું સાથેજ ફરવા જતાં. એક વાર તેઓ રીચમંડ પાર્કમાં ફરવા ગયાં હતાં, ત્યાં એક ગરીબ ઘરડી ડોશી ઝાડ નીચે પડેલાં સૂકાં લાકડાં વીણતી તેમને જણાઈ. ટાઢ પુષ્કળ પડતી હતી અને ડોશી લાકડાં વીણવાથી કંટાળી ગઈ હોય એવી દેખાતી હતી. ડચેસ તરતજ તેની મદદે ગયાં અને નીચાં નીચાં ડાળ ઉપરનાં સૂકાં લાકડાં પોતાની છત્રીથી તેને માટે પાડવા લાગ્યાં અને પ્રિન્સેસ મેરી તેમણે પાડેલાં લાકડાં

વીણીને એકઠાં કરવા લાગ્યાં. આ પ્રમાણે મા–દીકરીએ સપાટાબંધ એક ભારો ચીટિયાં એકઠાં કરી આપી હસતે ચહેરે તેને ઘેર મોકલી.

૪–દુઃખીઓને મદદ આપવાનું શિક્ષણ

પ્રિન્સેસ મૅરી અને તેમનાં માતુશ્રી એક વાર લંડનના એક બાગમાં ફરતાં હતાં. એવામાં એક છોકરી મોટો ચકરાવો ન ખાવો પડે તે માટે પોતાની ઠેલણગાડીને તારની વાડમાંથી પેલી તરફ લઈ જવાને મથતી તેમણે જોઈ. પેલી છોકરીએ બેત્રણ વાર ઠેલણ-ગાડીને તારમાંથી પેલી તરફ જાય એમ હડસેલી, પણ કાંઇ વળ્યું નહિ, તેથી નિરાશ થઇને તે પાછી ફરતી હતી, એટલામાં ડચેસ તેની પાસે ગયાં અને કહ્યું કે, " હું ધારું છું કે, અમે તને મદદ કરી શકીશું. જો તું બાળકને ઠેલણગાડીમાંથી લઇ લે તો હું અને મારી પુત્રી ગાડીને ધકેલી તારની પેલી તરફ કાઢી આપીએ." આ મદ-દને માટે તે છોકરી તેમની બહુજ આભારી થઈ; પણ એ વખતે તેને ખબર પણ ન પડી કે, તેને મદદ આપનાર બાનુઓ ડચેસ ઑફ ટેક અને પ્રિન્સેસ મૅરી જેવી રાજવંશી રમણીઓ હતી.

ઉપલી હકીકત ઉપરથી જણાશે કે, એ રાજવંશી બાનુને પણ પોતાનાં બાળકોને ઉચ્ચ સંસ્કારથી વિભૂષિત બનાવવા માટે કેટલી બધી કાળજી હતી. આપણા દેશમાં તો રાજાઓ અને ધનિકો એથી વિરુદ્ધના ગુણોજ પોતાનાં બાળકોમાં ખીલવે છે. તેઓ તો એમજ માનતા લાગે છે કે, આજ્ઞાપાલન, સાદાઇ, આત્મસંયમ આદિ ગુણો તો ગરીબ માણસોને માટેજ છે. અમારાં છોકરાંઓને એની શી જરૂર ?

૨૦૭–મહારાણી મેરીની ગરીબોને માટે લાગણી

૧–ગરીબો માટે પહેરણુ ગૂંથવાની તેમની કાળજી

દીનદરિદ્ર લોકો માટે શહેનશાહ બાનુને ઘણીજ લાગણી છે. ધનથી તો ગરીબોની સેવા ઘણા રાજવંશીઓ કરે છે; પરંતુ સમ્રાજ્ઞી મેરી તો તન, મન અને ધનથી તેમની સેવા કરે છે. કુંવારાં હતાં ત્યારથીજ તેઓ પોતાને હાથે સીવેલાં ઘણાં કપડાં ગરીબ સ્ત્રીઓ તથા બાળકોને ભેટ આપતાં હતાં. પરણ્યા પછી પણ વર્ષોવર્ષ લગભગ સાઠ 'પહેરણો' ભરીને તૈયાર કરે છે. આટલાં બધાં કપડાં તેઓ કેવી રીતે તૈયાર કરે છે અને એટલો વખત પણ કેમ મેળવે છે, તે સંબંધી પ્રશ્ન પૂછવામાં આવતાં તેમણે એક વાર જણાવ્યું હતું કે, "મારા ઓરડાઓમાં હું પહેરણુ ભરવાનો સામાન રાખું છું અને જ્યારે જ્યારે મને જરા પણ વખત મળે છે, ત્યારે તરત તે કામ હાથમાં લઉં છું. વળી રાત્રે મારા પતિ જ્યારે વાંચવા બેસે છે, ત્યારે હું વાચન સાંભળતી જાઉં છું, વાત કરતી જાઉં છું અને 'પહેરણુ' પણ ગૂંથતી જાઉં છું."

આપણા દેશની મોટા ઘરની મહિલાઓ સમ્રાજ્ઞીના જીવન ઉપરથી કાંઇ ધડો લેશે ખરી કે?

૨–મહારાણીનો બાળકો પ્રત્યે પ્રેમ

સમ્રાજ્ઞીને બાળકો પ્રત્યે ઘણોજ પ્રેમ છે. તેમાંયે લૂલાં–લંગડાં બાળકો માટે તો તેઓ બહુજ લાગણી ધરાવે છે. તેમના માતૃભાવ અને સમયસૂચકતાનો એક પ્રસંગ જાણવા જેવો છે.

લંડનની વેસ્ટ એન્ડની દુકાનમાં કેટલીક ખરીદી કરી બહાર નીકળતાં સમ્રાજ્ઞીએ એક નાના છોકરાને તેની માતાની પાસેથી છટકી જતાં જોયું. તરતજ તેમણે તેને ઉપાડી લીધું અને તેનાં

માબાપને સોંપ્યું. શહેનશાહ એડવર્ડના મૃત્યુ પછી મળેલા દિલાસાપત્રોમાં એ બાળકની માતાનો પણ પત્ર હતો, કે જેમાં એણે ફરી ફરીને મહારાણીનો આભાર માન્યો હતો.×

૨૦૮–સાચા મહાપુરુષ કેવા હોય છે?

૧–ગરીબના અનાદરથી સંત ફ્રાન્સિસને થયેલો પસ્તાવો

મહાન સાધુ પુરુષ ફ્રાન્સિસ ઈ. સ. ૧૧૮૨માં જન્મ્યો હતો. તેનો પિતા મોટો વેપારી હતો, એટલે તેણે વિદ્યાભ્યાસ બહુ કર્યો નહિ અને એશઆરામ તથા ભોગવિલાસમાંજ જીવનનો આરંભ કર્યો હતો; પરંતુ એ વિલાસવૈભવમાં પણ તેનો આત્મા તદ્દન સૂતેલો નહોતો. કોઈક વાર પોતાની આસપાસના ગરીબોનું સંકટ જોઈને તેનું અંતર ભીનું થતું અને પોતે મોજશોખમાં જેટલું ખર્ચ કરે છે, તેટલાથી તો કેટલાયે ગરીબોને રોટલો પૂરો પડે, એવો તેને વિચાર આવ્યા કરતો.

એક દિવસ પોતાના પિતાની દુકાનમાં તે બીજા વેપારીને મખમલ, કિનખાબ વગેરે વેચતો હતો, એટલામાં એક ભિખારી ભીખ માગતો આવ્યો. મખમલનો સોદો બહુ કાળજીથી થઇ રહ્યો હતો, ત્યાં પેલાએ ભીખનો પોકાર કર્યો; તેથી કદાચ બંને સોદાગરોને ચીડ ચડી હશે, એટલે ભિખારીને કાઢી મૂકવામાં આવ્યો. પણ સોદો થઈ ગયો, એટલે ફ્રાન્સિસે ડોકિયું કર્યું તો પેલો ભિખારી નહોતો. “પૈસાની ભાંજગડમાં બારણે આવેલા યાચકને કાઢ્યો! મારા જેવો કઠોર કોણ? શું એ યાચક કરતાં આ વેપારી વધારે?” આમ વિચારતો તે પોતાની બેઠક પરથી કૂદ્યો, મખમલ મખમલને ઠેકાણે રહ્યું અને તેણે તો પેલા ભિખારીની

× આ તથા આમાંનાં બીજાં મહારાણી સંબંધી દૃષ્ટાંતો રા. રા. મણિલાલ છબારામ ભટ્ટરચિત ‘શહેનશાહબાનુ મેરી’માંથી લીધાં છે.

પાછળ દોટ મૂકી. દોડતાં દોડતાં જ્યારે પેલો ભિખારી હાથ આવ્યો, ત્યારે આનંદથી તેને ભેટ્યો. તેના ગજવામાં નાખવું હતું તે નાખ્યું અને તેજ વેળાએ પ્રતિજ્ઞા કરી કે, "આજે તો ગરીબની અવગણના કરી અને આટલું પ્રાયશ્ચિત્ત કરવું પડ્યું; પરંતુ હવેથી જિંદગીમાં કદી પણ ગરીબને તરછોડીશ નહિ."

ફ્રાન્સિસે એ પ્રતિજ્ઞા જીવનપર્યંત અટલપણે પાળી હતી.

૨–મહાત્મા ફ્રાન્સિસનો રક્તપિત્તિયાં પ્રત્યે પ્રેમ

રોમની યાત્રા કરી આવ્યા પછી ફ્રાન્સિસ એક દિવસ ઘોડે બેસીને જતો હતો, ત્યાં રસ્તામાં દૂરથી કોઈ આવતું જણાયું અને તેને જોઈને તે ચમક્યો. એ માણસ રક્તપિત્તિયો હતો. તે વેળા રક્તપિત્તનો રોગ આજે મનાય છે, તેના કરતાં પણ વધારે ભયંકર માનવામાં આવતો. તેના પડછાયાથી પણ લોકો ડરતા. ફ્રાન્સિસને પણ એ રોગનો ઘણોજ ડર હતો તેથી ઘોડાને તેણે પાછો વાળ્યો; છતાં તેનું અંતર તો તેને ડંખવાજ લાગ્યું. શૂરાતનની લડાઈમાં જનાર અને ગમે તેવી આફતોને પણ ન ગણકારનાર આમ એક પીડાતા રોગીથી ભાગે? તેણે ઘોડો પાછો ફેરવ્યો અને પેલા રોગીની પાસે પહોંચતાંવારજ ઘોડા ઉપરથી કૂદી પડી તેને ભેટી પડ્યો. તેના ખોળામાં પોતાનું ખિસ્સું ખાલી કર્યું અને તેનો હાથ ચૂમ્યો. પોતાના ભય ઉપર આવો અપૂર્વ વિજય ઈશ્વરે અપાવ્યો, તે માટે તેનો ઉપકાર માનીને તે પાછો ઘોડા ઉપર બેસી ચાલ્યો ગયો.

એ દિવસનો ઉમળકો ક્ષણિક નહોતો, એમ સિદ્ધ કરવા માટે તે રક્તપિત્તિયાંની ઇસ્પિતાલમાં ગયો. તેમને સૌને મળ્યો, પ્રેમથી વાતો કરી અને તેમની સેવામાટે પ્રતિજ્ઞા લીધી.

૩–સંત ફ્રાન્સિસને ધર્મગ્રંથમાંથી મળેલી સેવાવ્રતની પ્રેરણા

સંત ફ્રાન્સિસ પોતાના બે મિત્રોસહિત સંસારની જંજાળ

તથા અનિત્ય સુખનો ત્યાગ કરી દઈને અલગ ઝૂંપડી બાંધીને રહે-તા હતા. રક્તપિત્તિયાંની ઇસ્પિતાલની પાસેજ એમની એ કુટિર હતી. એ ગંદા રોગથી પીડાતા દર્દીઓના ઘા ધોવા, સાફ કરવા, તેમને નવરાવવા–ધોવરાવવા, બીજા માંદાઓની સેવા કરવી વગેરે કામોમાંથી કાંઇ સમય મળે તો તેમાં ભાવી જીવનનાં સ્વપ્નો એ ત્રણે જણ જોતા હતા.

એ અરસામાં એવું બન્યું કે, ફ્રાન્સિસને ભાવી જીવનની દશા હાથ લાગી. દેવળમાં તે પ્રાર્થના કરવા ગયો હતો, તે વખતે બાયબલ વંચાતું હતું. બાયબલનું એક વચન તેના હૃદયમાં ઊંડું ઊતરી ગયું. જાણે ઇસુખ્રિસ્ત એના કાનમાં જાતેજ એ ઉપદેશ આપી રહ્યા હોય, એમ એને લાગ્યું. તે વચન એ હતું કે, “ જ્યાં જ્યાં જાઓ ત્યાં ત્યાં કહેતા જાઓ કે, ઈશ્વરનું રાજ્ય આંખ આગળ છે. માંદા-ની સેવા કરો, રક્તપિત્તિયાંને સાફ કરો અને ભૂતપ્રેતાદિવાળાઓને મુક્ત કરો. તમને જે કાંઇ (તન, મન, ધન વગેરે) છૂટે હાથે મળ્યું છે, તે તમે પણ બીજાઓની સેવામાં છૂટે હાથે આપી દો અને સેવા માટે નીકળી પડો. સાથે દમડી જેટલું પણ દામ ન રાખશો, ન ઝોળી રાખશો કે ન બે પંચિયાં કે ન બે કોટ; ન જોડા કે ન તો લાકડી પણ રાખશો. ઈશ્વરના મજૂરને તેની લાયકાત જેટલી મજૂરી મળીજ રહે છે. ”

આ છેલ્લા શબ્દોમાં અચળ શ્રદ્ધા રહેલી છે. સેવાના પરમ ગહન ધર્મનું વ્રત લેનારને માટે એ અનુપમ ભાથું છે, એ ભાથાને લઇને ફ્રાન્સિસે પોતાનું સેવાજીવન શરૂ કર્યું અને દુઃખી તથા રોગીઓની સેવા કરવા સારુ એ તથા એના મિત્રો જગતમાં નીકળી પડ્યા.

૪–સંત ફ્રાન્સિસ અને તેના સાથીઓની જનસેવા

લોકોના ઉપદેશક થવું એ તો સહેલું છે, પણ તેમની સેવા

કરવી એ દોહ્યલું છે. સંત ફ્રાન્સિસ તો લોકોના સાચા સેવક હતા. એમની સેવાદ્વારાજ પ્રભુની સાચી સેવા થાય છે અને પ્રભુ પ્રસન્ન થાય છે, એમ તેઓ માનતા. એ પોતાના સાથીઓને ઉપદેશ આપતા કે, "ઈશ્વરે આપણને આપણોજ સ્વાર્થ સાધવાને નથી ઉત્પન્ન કર્યા, પણ લોકનો ઉદ્ધાર કરવા ઉત્પન્ન કર્યા છે. 'આપણે અભણ છીએ, આપણે નાનકડા પ્રાણી શું કરી શકીએ?' એવી લાગણીથી હતાશ થશો નહિ. ઈશ્વરનું કાર્ય સૌ કોઇ કરી શકે. આપણે તો લોકોને પશ્ચાત્તાપ કરી સન્માર્ગે જવાનુંજ કહેવાનું છે, તેમાં શી મોટી વાત છે? આપણે ક્યાં કોઈને ભારે પડવું છે? અને આપણું કોઇ ન સાંભળે તો શી હરકત? એમાં આપણું કહેવાપણું છે પણ ક્યાં? આપણું છેજ શું? કેમકે આપણે પોતેજ ઈશ્વરના છીએ! અને તે છતાં પણ હું તો ખાતરીથી કહું છું કે, આપણને જ્યાં ત્યાં આવકાર મળશે, ઘણા માણસો આપણી ભેગા થશે અને આપણું કુટુંબ વધશે."

આ સંદેશો લઇને સંત ફ્રાન્સિસ અને તેમના સાથીઓ જાડાં ભૂરાં લૂગડાં પહેરી કમરે દોરડું બાંધીને નીકળી પડતા. ગામમાં જાય ત્યાં રોપણી ચાલતી હોય તો રોપવામાં મદદે લાગી જાય, આખો દિવસ ખેતરમાં કામ કરે અને જે કાંઇ મળે તે ખાઇને મજૂરોની સાથે ખેતરમાં અથવા ઘાસ ઉપર પડ્યા રહે તથા કામમાંથી પરવારી પ્રાયશ્ચિત્ત અને પ્રાર્થનાની વાતો કરે.

આવા પ્રકારની સેવા એ વખતે તો નવીનજ હતી. આવી રીતે ગરીબીનું વ્રત લેવા માટે હિતૈષીઓ તેમને ઠપકો આપતા; પણ નમ્રતાની મૂર્તિ ફ્રાન્સિસ તો ઉત્તર આપતા કે, "સાહેબ! મિલકત અને ઘરબાર રાખીને અમે ક્યાં જઇએ? એ સાચવવા માટે નોકર રાખવા પડે, હથિયાર રાખવાં પડે, ઘણી વાર કજિયા કરવા પડે. સંગ્રહ કરીને જવું ક્યાં? સંગ્રહની પંચાતમાં પડીએ તો પછી

ઈશ્વરને ક્યારે યાદ કરીએ ?”

ફ્રાન્સિસની વાત સાચી હતી. સાચો અપરિગ્રહ પાળનારજ દેશની સંગીન સેવા અને પ્રભુભક્તિ કરી શકે છે. એટલા સારુજ આપણા દેશમાં ત્યાગીને કનક–કામિનીનો સ્પર્શ કરવાનો સખ્ત નિષેધ કરવામાં આવેલ છે.

૨૦૧–ખાદીધારી જૈન આચાર્ય હેમચંદ્રસૂરિ

આચાર્ય હેમચંદ્ર જૈનધર્મમાં ઘણાજ મોટા વિદ્વાન થઈ ગયા છે. એમનું પાંડિત્ય અગાધ હતું. ગુજરાતમાં ધંધુકા ગામમાં સંવત ૧૧૪૫માં તેમનો જન્મ થયો હતો અને સં. ૧૨૨૯માં ચોરાશી વર્ષની વયે અણહિલપુર પાટણમાં દેહત્યાગ કર્યો હતો.

આચાર્ય હેમચંદ્ર એક સમયે સાંભર ગામમાં પધાર્યા હતા. ત્યાં ધનજી નામે એક નિર્ધન શ્રાવકે પોતાને સારુ પોતાની સ્ત્રીએ કાંતેલા જાડા સૂતરમાંથી વણાવેલું કોરું પાણકોરું તેમને ભેટ આપ્યું. ગુરુ પાટણ પાછા આવ્યા, એટલે મહારાજા કુમારપાળ આદિ બોતેર રાજાઓ સૈન્યસામંત લઇને સામા આવ્યા ને જુએ છે તો ગુરુએ જાડી ખડબચડી ખાદી ધારણ કરી છે.

રાજા કુમારપાળે કહ્યું કે, “આપ મારા ગુરુ છો. આપ આવું કપડું ઓઢો એ તો મારે લાજી મરવા જેવું છે.”

આચાર્યે ઉત્તરમાં કહ્યું કે, “તારા રાજ્યમાં તારા સધર્મીઓ કંગાલ દશામાં માંડમાંડ કષ્ટપૂર્વક નિર્વાહ કરે છે, તેમાં તું નથી લાજતો ? અમારે સાધુને શું ? અમારે તો આવાંએ લૂગડાં ક્યાંથી હોય ? અમે તો જૂનાં ફાટેલાં–તૂટેલાં વસ્ત્ર પહેરીએ, બીજા માણસો ઉપર આસક્તિ તો નજ રાખીએ અને પોતાના શરીરની પણ અમને ચિંતા નહિ. ભમરો જેમ એક પણ ફૂલને કોચ્યા વિના

અનેક ફૂલ પાસે ભમી ભમીને પેટ ભરે છે, તેમ અમે પણ ઘેરેઘેર ભિક્ષા માગીને પરોપકારાર્થે દેહ ગાળીએ છીએ.”

એમના ઉપદેશની રાજા ઉપર ભારે અસર થઈ અને ગરીબ રૈયતનું સંકટ નિવારવા સારુ એ દર વર્ષે એક કરોડ સોનાના સિક્કા વાપરવા લાગ્યો.× ('નવજીવન'ના આધારે)

૨૧૦–महात्मा कॉन्फ्यूशियसनी अति उत्तम उपदेशपद्धति

આજથી લગભગ અઢી હજાર વર્ષ પૂર્વે (વિક્રમ સંવતનાં ૪૯૪ વર્ષ પૂર્વે) ચીન દેશમાં મહાત્મા કૉન્ફ્યૂશિયસનો જન્મ થયો હતો. એમના ઉપદેશો અને લેખોથીજ ચીનાઓનું રાષ્ટ્રીય સંગઠન થયું હતું. અત્યારે પણ આશરે ચાલીસ કરોડ લોકો એમના પ્રત્યે પૂજ્યદૃષ્ટિથી જુએ છે અને તેમના ઉપદેશ ભાવભક્તિપૂર્વક વાંચે છે.

એ મહાન ઉપદેશકનો એવો સ્વભાવ હતો કે, કોઈ પણ વાતનો બીજાને ઉપદેશ આપતાં પહેલાં પોતે એ ગુણ તથા સદાચારને સાધી લેતા. 'परोपदेशे पांडित्यम्'એ નહોતા બતાવતા. બાલ્યા-

× અમે આ ઘોર કળિયુગથી ભરેલા ભેખધારીઓ તો હવે ધનવાનોનાં ધન મઠમંદિરના બહાને, અન્નક્ષેત્રના નામે અને અનેક પ્રકારે અમારાજ ચરણમાં મુકાવીએ છીએ અને પછી ગમે તેમ સ્વચ્છંદે વર્તીએ છીએ! અમે આ પ્રકારના ભેખધારીઓ કરતાં તો અમુક વિભાગના જૈન ભેખધારીઓ કેટલા બધા સારા છે કે કનક–કામિનીથી મહંતીથી, માલિકીથી અને ઊંચકાય તેથી વધારે સામાનથી દૂરજ રહે છે, કોઇને ત્યાં બેસીને જમતા નથી, તેમજ બને ત્યાંસુધી એક ઘરનું અન્ન પણ લેતા નથી અને પીવાનું જળ સુધ્ધાં બીજાઓનુંજ માગી લાવીને પીએ છે. –સંપાદક

વસ્થાથીજ એમણે એ આદર્શ પોતાની આગળ રાખીને પ્રતિજ્ઞા કરી હતી કે, "જે કામ હું જાતે નહિ કરતો હોઉં તે કરવાનો બીજાને ઉપદેશ કદી નહિ કરું." પાછળથી એમણે પોતાના શિષ્યોને પણ એજ ઉપદેશ આપ્યો હતો કે, "જે વાતનું તમે પોતે પૂરું પાલન ન કરતા હો, તેવી વાત બીજાને કદી શીખવશો નહિ."

એવા કર્મવીરોનાજ ઉપદેશોની અસર થાય છે; બાકી "પોથીમાંનાં રીંગણાં"નો ઉપદેશ કરનારા ઘણાયે કથાકારો, શિક્ષકો, ઉપદેશકો રાત્રિદિવસ કામ કરે છે, છતાં દેશમાં નીતિ અને ધર્મની વૃદ્ધિ થતી નથી.

મહાત્મા કૉન્ફ્યૂશિયસને એક વાર કોઈ શિષ્યે પૂછ્યું કે, "કોઈ એક એવો શબ્દ છે, કે જે વડે મનુષ્યનું પૂરેપૂરું કર્તવ્ય જાહેર કરી શકાય?" મહાત્માએ કહ્યું કે, "હા, એક શબ્દ છે 'પરસ્પરતા' અર્થાત્ જો તમે બીજાઓ પાસેથી સારા વ્યવહારની આશા રાખતા હો તો તમે પણ બીજાઓ પ્રત્યે સદ્વ્યવહાર કરો. [શ્રીરામદાસ ગૌડના પુસ્તક ઉપરથી]

૨૧૧–પાછળથી પસ્તાવો કર્યે શું થાય?

એક દિવસ એક સ્ત્રી સંત ફ્રાન્સિસની પાસે ગઈ અને કહેવા લાગી કે, "મારી જીભ ઘણી ખરાબ છે, મારાથી બીજાઓને માટે એટલું બધું ભૂંડું બોલાઇ જવાય છે, કે જે મારે કદી ન બોલવું જોઇએ. હવે મને ઘણો પસ્તાવો થાય છે. પણ શું કરું?" સંત ફ્રાન્સિસે તેને બજારમાં જઇને એક મરઘી લાવવાનું કહ્યું અને સૂચવ્યું કે, "આવતી વખતે એનાં પીછાં એકેએકે કરીને તોડીને રસ્તામાં નાખતી આવજે." પેલી બાઇએ એમજ કર્યું અને પીછાં વગરની મરઘી સાધુની આગળ રજૂ કરી. સંતે કહ્યું કે, "પુત્રિ!

હવે તું એ ને એજ રસ્તે પાછી જા અને પીંછાં પાછાં વીણીને ખોસી દે." પેલી સ્ત્રીએ કહ્યું કે, "મહારાજ! એ તો મારાથી ન બની શકે." સંત ફ્રાન્સિસે કહ્યું કે, "સાચાબોલી દીકરી! એવીજ રીતે તેં તારા અપશબ્દોથી બીજાઓને જે હાનિ પહોંચાડી છે, તેનો બદલો તારા માત્ર એકલા પશ્ચાત્તાપથી તો વળીજ શકે નહિ. જે થઈ ગયું તે તો થઈજ ગયું. હવે તો તું એટલુંજ કરી શકે કે, ભવિષ્યમાં કોઇને મન, વચન કે કર્મથી ઇજા પહોંચાડવી નહિ. (અને પ્રાણીસેવા પાછળ છૂટથી શક્તિ વાપરવી.)"

(સંત ફ્રાન્સિસની આ હકીકત તથા આગલી હકીકત 'નવજીવન'-ના આધારે આપી છે.)

૨૧૨–प्रिन्सेस मॅरी एडेलेइडनी पितृभक्ति

મહારાણી મેરીનાં માતા ઘણાં પિતૃવત્સલ સ્ત્રી હતાં. લગ્નપૂર્વે એ પ્રિન્સેસ મેરી એડેલેઇડ નામથી ઓળખાતાં. એ અવસ્થામાં એક વખત તેમની એક સખી સાથે તેમને ખ્રિસ્તીધર્મ સારુ સ્વાત્માર્પણ કરનારા લોકો વિષે વાદવિવાદ શરૂ થયો. પ્રિન્સેસ એકદમ ઉશ્કેરાઈ ગયાં અને સખીને પૂછ્યું કે, "જો તમારા પિતા જીવતા હોય અને તમારે તેમને માટે માથું આપવાનો પ્રસંગ આવ્યો હોય તો તમે શિરચ્છેદ કરાવો કે કેમ?" પેલી સખીએ ઉત્તર આપ્યો કે, "ના, હું નથી માનતી કે, હું એમ કરી શકું. કદાપિ હું કરું પણ ખરી, પણ તેમ કરીજ શકું એવું નક્કીપણે તો હું નથીજ માનતી." "અરરર! તમે કેવું નિર્માલ્ય વચન બોલો છો!" એમ તરતજ પ્રિન્સેસે જણાવ્યું અને કહ્યું કે, "હું જેને ચાહતી હોઉં તેને માટે, તેમજ જે કોઈ મને વધારે પ્રિય હોય તેવી કોઈ પણ બાબત માટે હું પ્રાણ આપું. જો જરૂર હોય તો હું મારા વહાલા પિતાજી માટે એક વાર તો શું; પરંતુ એકબે વાર પણ પ્રાણ આપું."

२१३–सहरानपुरना जॉइन्ट मॅजिस्ट्रेटनो निष्पक्ष न्याय

ઇ. સ. ૧૯૧૦માં સહરાનપુર જિલ્લાની નહેરોના એક અંગ્રેજ અમલદારનો ગીનીઓથી ભરેલો એક વાટવો રસ્તામાં પડી ગયો. એ ઘોડો દોડાવતો આગળ નીકળી ગયો. રસ્તે જનાર એક મુસાફરે એ વાટવાને ઉપાડી લીધો. થોડી વાર પછી સાહેબને વાટવો ખોવાયાની ખબર પડી અને તે ઘોડો દોડાવતો પાછો ફર્યો તથા નહેરને કિનારે કિનારે ખોળવા લાગ્યો. મુસાફર ત્યાંજ બેઠો હતો. તેણે પૂછ્યું કે, "સાહેબ! શું ખોળો છો?" સાહેબે કહ્યું કે, "મારો ગીનીઓનો ભરેલો વાટવો ખોવાયો છે." મુસાફરે વાટવો હતો એવો ને એવો એને આપી દીધો. સાહેબે તેને ખોલીને ગીનીઓ ગણીને કહ્યું કે, "એમાં ત્રણ ગીનીઓ ઓછી છે, તેંજ એને ચોરી લીધી છે." એમ કહી તેણે એ પ્રમાણિક મુસાફરની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવીને સહરાનપુરના જૉઇન્ટ મૅજિસ્ટ્રેટ સાહેબની કચેરીમાં રજૂ કર્યો. મૅજિસ્ટ્રેટ આગળ આરોપીએ બધો સાચો વૃત્તાંત કહી સંભળાવ્યો. મૅજિસ્ટ્રેટના હૃદયમાં એના કથનની સત્યતાની છાપ પડી. એણે ત્રણ ગીની મંગાવી અને ફરિયાદી અંગ્રેજ અમલદારને કહ્યું કે, "લો, આ ત્રણ ગીનીને વાટવામાં નાખો." ફરિયાદીએ ઘણુંએ જોર કર્યું; પરંતુ એક પણ ગીની અંદર જઇ શકી નહિ; એટલે મૅજિસ્ટ્રેટ સાહેબે પેલા આરોપી મુસાફરને વાટવો આપી દઇને કહ્યું કે, "ફરિયાદીના વાટવામાં ત્રેસઠ ગીની હતી. આમાં તો સાઠથી એકસઠમી ગીની પણ નથી માઇ શકતી; માટે આ વાટવો એનો નથી એવું સાબિત થાય છે. ઇશ્વરેજ આ મુસાફરને વાટવો ભેટ આપેલો જણાય છે અને તેથી એજ એને ભોગવવાનો હક્ક ધરાવે છે."

મુસાફરે લેવાની ઘણીએ ના કહી, પણ સાહેબે ચપરાસીને આજ્ઞા

આપી કે; "એ ગીનીઓ એને આપીને રેલગાડીમાં બેસાડી આવ."

આ ન્યાયની પ્રશંસા આખા ઇલાકામાં ચોતરફ ફેલાઇ ગઇ અને બધા મૅજિસ્ટ્રેટને ધન્યવાદ આપવા લાગ્યા. ફરિયાદી અંગ્રેજ હતો અને આરોપી હિંદુસ્તાની. એવા મુકદ્દમાઓમાં અંગ્રેજ અમલદારો ઘણુંખરું પક્ષપાત કરે છે, પણ આ ન્યાયી મૅજિસ્ટ્રેટે જરા પણ પક્ષપાત ન કરતાં પોતાની અપૂર્વ બુદ્ધિથી ખરો ન્યાય તોળ્યો અને તેથી તેની જે પ્રશંસા થઈ તે વાજબીજ હતી.

(શ્રીયુત દેવીપ્રસાદ મુનસફ)

૨૧૪–सुलतान मुरादना गुनानो बोधदायक निकाल

ખુજંદ નગરમાં એક સલાટ પોતાના કામમાં ઘણો હોશિયાર હતો. તેણે સુલતાન મુરાદના હુકમથી એક મસ્જિદ બાંધી હતી; પરંતુ સુલતાનને એ પસંદ ન આવી, તેથી ગુસ્સે થઇને સુલતાને એ બિચારાના હાથ કપાવી નાખ્યા. સલાટ કાજીની કચેરીમાં ગયો અને કાજીને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે, "તું ખુદાનો સંદેશો પહોંચાડનારો અને પયગંબરે બનાવેલા કાયદાને પળાવનારો છે. હું બાદશાહનો ગુલામ નથી, છતાં મુરાદે મારા ઉપર આવો જુલમ ગુજાર્યો છે. તું કુરાનની આજ્ઞા પ્રમાણે મારા દાવાનો ફેંસલો કર."

કાજીએ સુલતાનને બોલાવ્યો, સુલતાન અપરાધીની પેઠે અદાલતમાં ગયો અને કાજીની આગળ કુરાન રાખેલું જોઇને ભય પામ્યો તથા ગભરાઇને કહેવા લાગ્યો કે, "મેં ગુસ્સાના આવેશમાં એનાં કાંડાં કપાવી નાખ્યાં છે, પણ હવે મને ઘણો પસ્તાવો થાય છે."

કાજીએ કહ્યું કે, "આ કુરાનના કાયદામાં ગુનેગારોને દંડ દેવાનું લખ્યું છે અને એ કાયદાને લીધેજ લોકો જીવી રહ્યા છે. કોઈ મુસલમાન બીજાનો ગુલામ નથી કે એના ઉપર આ પ્રમાણે

જુલમ કરવામાં આવે. બાદશાહનું લોહી સલાટના લોહી કરતાં કાંઈ વધારે રાતું નથી."

મુરાદે કુરાનની આજ્ઞા સાંભળીને પોતાના હાથ કાજીની આગળ ધર્યા કે સલાટના હાથ કાપવાના બદલામાં પોતાના હાથ પણ કાપી નાખવામાં આવે.

એ જોઈને ફરિયાદી ગભરાયો. એને એ વખતે કુરાનની એક આયત યાદ આવી. જેનો ભાવાર્થ લોકોની સાથે ન્યાય અને દયાનો વ્યવહાર કરવાનો હતો. એનામાં દયાનો સંચાર થયો અને કહ્યું કે, "મેં ઈશ્વર અને રસૂલની ખાતર એનો અપરાધ માફ કર્યો છે અને મને ઇન્સાફ પણ મળી ચૂક્યો છે. માટે હવે આપ એને છોડી દો."

ફરિયાદીએ રાજીનામું આપ્યું અને અપરાધીને પણ અંતઃકરણથી પશ્ચાત્તાપ થયો; એટલે કાજીએ બાદશાહને છોડી દીધો અને જતી વખતે ઉપદેશ આપ્યો કે, "આ દુનિયામાં તમે ફરિયાદી સાથે રાજીનામું કરી લીધું એ બહુજ સારું થયું. હવે તમે પરલોકમાં ખુદાની આગળ પણ અપરાધી નથી રહ્યા."

કાજી અને ફરિયાદીનો ઉપકાર માનતો સુલતાન રાજમહેલમાં ગયો અને ફરીથી એવો જુલમ નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

(શ્રી. દેવીપ્રસાદ મુનસફ)

૨૧૫–બ્રાહ્મણના જેવાં ગુણકર્મ હોય તેનેજ બ્રાહ્મણ કહેવાય

બ્રાહ્મણકુળમાં જન્મેલા પણ પાછળથી જૈનધર્મ અંગીકાર કરનારા જયઘોષ નામના મહાજ્ઞાની અને તપસ્વી પુરુષ કાશી નગરીમાં જઇ પહોંચ્યા. ત્યાં વિજયઘોષ નામનો એક બ્રાહ્મણ યજ્ઞ કરી

રહ્યો હતો; તેને ત્યાં જયઘોષે ભિક્ષા માગી, પણ વિજયઘોષે તેમનું અપમાન કર્યું. જયઘોષે એથી જરા પણ ક્રોધે ન ભરાતાં શાંતિથી એના પ્રશ્નોનો ઉત્તર આપ્યો, વેદ તથા યજ્ઞનું રહસ્ય સમજાવ્યું અને છેવટે ખરો બ્રાહ્મણ કોણ? એ દર્શાવતાં કહ્યું કે:

"જે બધી જાતનાં પ્રાણીને જાણે છે અને તેમની ત્રણે પ્રકારે-મન, વચન અને કર્મથી હિંસા કરતો નથી, તેને અમે 'બ્રાહ્મણ' કહીએ છીએ.

"જે ક્રોધ, હાસ્ય, લોભ કે ભયને લીધે પણ જૂઠું બોલતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

"જીવિત કે જડ, અલ્પ કે બહુ, કોઇ વસ્તુ આપ્યા વિના જે લેતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

"જે બ્રહ્મચર્ય પાળે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

"જેમ જળમાં ઊગેલું કમળ જળ થકી ભીંજાતું નથી, તેમ કામ (સાંસારિક પદાર્થો)થી જે લેપાતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

"માત્ર મસ્તક મૂંડાવીને કોઇ પણ માણુસ શ્રમણ થઈ જતો નથી, માત્ર ૐકાર ઉચ્ચાર્યાથી બ્રાહ્મણ બની જતો નથી, માત્ર અરણ્યમાં વસવાથી મુનિ થઈ જતો નથી અને માત્ર વલ્કલ પહેર્યાથી તાપસ થઇ જતો નથી.

"સમતા થકી શ્રમણ થાય છે; બ્રહ્મચર્ય થકી બ્રાહ્મણ થાય છે; જ્ઞાને કરી મુનિ થાય છે અને તપે કરી તાપસ થાય છે.

"કર્મે કરી માણુસ બ્રાહ્મણ થાય છે; કર્મે કરી ક્ષત્રિય થાય છે; કર્મે કરી વૈશ્ય થાય છે અને કર્મે કરી શૂદ્ર થાય છે.

"જે કોઇ ઉપર કહેલા ગુણોથી યુક્ત છે, તેજ બ્રાહ્મણ છે અને તેજ પોતાનો અને પારકાનો ઉદ્ધાર કરવા સમર્થ છે."

('ધર્મવર્ણન'માંથી)

२१६–आत्मचरित्र बाबत अश्विनीबाबुनो विनय

અશ્વિનીબાબુ દેશસેવક હોવા સાથે પ્રભુભક્ત પણ હતા અને સાચા સેવકની પેઠે પોતાને સદા દીનહીન માનતા. "હું મોટો માણસ છું, આદર્શ નેતા છું" એવો અહંકાર તેઓ કદી પણ મનમાં લાવતા નહિ. સ્નેહીઓનો ઘણોજ આગ્રહ હોવા છતાં પણ એમણે આત્મચરિત્ર લખવાનું કબૂલ કર્યું નહિ. જે સમયમાં એ દેશનિકાલ થઈને કેદ ભોગવતા હતા, તે સમયે એક મિત્ર તરફથી એમને એક કોરી બાંધેલી નોટબૂક મોકલી આપવામાં આવી હતી અને આગ્રહ કરવામાં આવ્યો હતો કે, એમાં એમનું જીવનચરિત્ર લખવામાં આવે. નોટબૂક જે અવસ્થામાં ગઈ હતી, તેજ અવસ્થામાં પાછી આવી. અશ્વિનીબાબુએ તેના ખુલાસામાં કહ્યું કે, "નોટ-બૂકની જે અવસ્થા છે, તેજ મારા જીવનચરિત્રની અવસ્થા છે. બાં-ધેલી ચોપડી ઉપર બે કઠણ પૂઠાં છે, ઉપરવાળું પૂઠું જન્મ છે, પાછળવાળું મૃત્યુ અને અંદરનાં બધાં પાનાં કોરાં અર્થાત્ જીવન-મૃત્યુની વચમાંનું જે જીવન છે, તે બધું ખાલી છે."

આખી જિંદગી સુધી સ્વદેશસેવા કરનાર વીરપુરુષને માટે આ કેટલી બધી સાદાઈ! હાલ તો પોતાને મુખે પોતાનાં યશોગાન ગાવાં અને એમાં અતિશયોક્તિ પણ કરવી એ તો સભ્યતા ગણાય છે. રાજ્યની સભાઓ, કાઉન્સિલો, એસેમ્બ્લીઓ અને કૉર્પોરેશ-નના ઉમેદવારોને તો 'મેનિફેસ્ટો' દ્વારા પોતાના ગુણોનો રાગ આલાપ્યા વગર ચાલતુંજ નથી. શું સાચા દેશસેવકોના ગુણની સૌરભ આપોઆપ એમના ગામ કે જિલ્લાની હદમાં પણ નહિજ પહોંચતી હોય? ('અશ્વિનીકુમાર દત્તચરિત્ર'માંથી)

૨૧૭–મહાત્મા અશ્વિનીકુમારનો બાબુ સતીશચંદ્રને ઉપદેશ

બંગભંગના વખતમાં સરકારી અમલદારોને જ્યાં ત્યાં રાજદ્રોહનું જ ભૂત દેખાતું હતું. પાપકર્મ કે નીતિવિરુદ્ધ આચરણનો સ્વપ્ને પણ વિચાર ન કરે એવા કૃષ્ણકુમાર મિત્ર, અશ્વિનીકુમાર દત્ત આદિ નવ દેશભક્તોને સરકારે ૧૮૧૮ના જૂના પુરાણા કાયદારૂપી શસ્ત્રને ખૂણેખાંચરેથી શોધી કાઢીને બંગાળાની બહાર કેદ કર્યા હતા. એમાં એક સતીશચંદ્ર નામના યુવક પણ હતા. એ અશ્વિનીકુમારનાં દેશસેવાનાં કાર્યોમાં સહાયક હતા. બારિસાલથી વહાણમાં કલકત્તા લાવી બન્નેને છૂટા પાડચા. અશ્વિનીબાબુને લખનૌ મોકલવાની તૈયારી સરકારે પહેલી કરી. વિદાય થતી વખતે સરકારી અમલદાર કૉટ્સ સાહેબે અશ્વિનીબાબુને કહ્યું કે, “અશ્વિનીબાબુ ! આપ સતીશબાબુના પિતા સમાન છો; વિદાયકાળે તેને કાંઇ શિખામણ આપવાની ઇચ્છા હોય તો મારી રૂબરૂ આપી શકો છો.” અશ્વિનીબાબુએ કહ્યું કે, “સતીશને હું શો ઉપદેશ આપું ? સતીશ બધું જાણે છે; પણ આ ઘડીએજ મારા મનમાં જે એક વાત સાંભરી આવે છે તે પરમ સાધ્વી મડમ ગેયાનું વચન છે કે:

“હું મારા શત્રુઓની ઉપર દયા લાવું છું; કેમકે એ બિચારાઓને ખબર નથી કે કારાગારના લોખંડના સળિયા મારા પ્રિયતમ (પ્રભુ)ને અંદર આવતાં રોકી શકે તેમ નથી.”

२१८–मानवजातिना कल्याण माटे गुरुआज्ञा तोडनार महात्मा

આ મહાન આચાર્ય ઈ. સ. ૧૦૧૭માં દક્ષિણપ્રાંતમાં જન્મ્યા હતા. શ્રીરંગજીમાં મહાપૂર્ણ સ્વામી પાસેથી એમણે ઉપદેશ લીધો હતો. એમ કહેવાય છે કે, તે ઉપદેશ કોઇને પણ કહેવો નહિ, એવી તેમના ગુરુની આજ્ઞા હતી; પરંતુ રામાનુજને લાગ્યું કે, એ ઉપદેશો જનસમાજ માટે ઘણાજ મહત્ત્વના છે. એમણે વિચાર કર્યો કે, " હું એકલોજ એથી મારા જીવનનું સાર્થક કરું તો સ્વાર્થી ગણાઉં. જનસમાજમાં એનો પ્રચાર કરીને માનવબંધુઓનું પણ શ્રેય કરવાની મારી ફરજ છે. બીજી તરફ ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ પણ મહાપાપ છે; પરંતુ એથી કરીને કદાચ મારે નરકયાતના ભોગવવી પડે તો ભલે ભોગવીશ; પણ હું તો આ સત્ય માર્ગનો ઉપદેશ અન્ય જીવોને પણ આપ્યા વિના નહિજ રહું." આવો નિશ્ચય કરીને એમણે ગુરુ પાસેથી મળેલો ઉપદેશ જગતમાં પ્રકટ કર્યો.

२१९–आदर्श समाजसेवक केवा होय?

ફ્રાન્સ દેશમાં 'વિલિયર્સ–ડી–લક' નામનું એક ગામડું છે. ત્યાંના રહેવાસીઓના મનમાં એક મહત્ત્વાકાંક્ષા ઉત્પન્ન થઈ કે, " આપણા ગામમાં કોઇ બાળક મરવું ન જોઈએ." એમણે એવો સંકલ્પ કર્યો અને એવો જબરજસ્ત પ્રયત્ન કર્યો કે દશ વર્ષ સુધી લાગટ એ ગામમાં જેટલાં બાળકો જન્મ્યાં એટલાં જીવ્યાં, કોઇ પણ સ્ત્રીને કસુવાવડ સુદ્ધાં ન થઈ!

પ્રથમ તો એ ગામના નગરશેઠે પોતાના મોટા દીકરાને વૈદક-શાસ્ત્ર ભણાવ્યું. એમ. ડી. સુધી ભણ્યો, તોપણ કમાણી કરવાનો એનો ઇરાદોજ નહોતો. વૈદકશાસ્ત્રના સંપૂર્ણ જ્ઞાન પછી એણે પોતાના નાનકડા ગામનીજ સેવા અર્થે પોતાનું જીવન અર્પણ કર્યું અને ગામનાં તમામ સ્ત્રીપુરુષોએ, નગરશેઠ તથા તેમના દીકરાને પૂરેપૂરી મદદ આપી.

ફ્રાન્સમાં વસ્તી ઘટતી જાય છે, પરંતુ દેશ ઉજ્જડ ન થઇ જાય તે માટે ઊછરતાં બાળકો જીવે અને મોટાં થાય એ ત્યાં બહુ જરૂરનું છે. આમ પોતાનાં બાળકો બચાવવામાં એ ગામે પોતાના દેશની સેવા પણ સાધી.

પ્રથમ તો એમણે ગામમાં ચોખ્ખા પાણીના નળ લીધા, ગટરો કરી, મહોલ્લા સ્વચ્છ કર્યા અને ગંદકી, ભેજ તથા દુર્ગંધ દૂર કર્યાં. મચ્છરો મૅલેરિયા ફેલાવે છે, માટે મચ્છરો ઉત્પન્નજ ન થાય એવા ઇલાજો લીધા. પાણીનાં ખાબોચિયાં પૂરી નાખ્યાં અને આખું ગામ તથા એની આસપાસના બબ્બે ત્રણત્રણ માઇલનો વિસ્તાર સાફ કરાવ્યો.

પછી એ ગામે નમૂનારૂપ સુધરાઈખાતું સ્થાપ્યું અને પેલો નગરશેઠનો પુત્ર તેનો પ્રમુખ થયો. આપણાં રસોડાં–પાણિયારાં કરતાં પણ સ્વચ્છ જાજરૂ બંધાવ્યાં. કચરા કેમ નાખવા એના નિયમો ઘડ્યા. ગળફા કે પરુ તો દરેક જણ બાળીજ નાખે એવી ગોઠવણ કરી અને ગંદકી, ચેપ તથા દુર્ગંધનો તો આખા ગામમાંથી નાશ કર્યો; એટલે માખીઓ તો ત્યાં શોધી પણ ન જડે એવી સ્થિતિ ઉત્પન્ન થઇ.

બહારગામથી કોઇ આવે તો એને માટે કૉરેન્ટાઈનનો બંદોબસ્ત કર્યો. ક્ષય અને બીજા ચેપી રોગોને માટે અલગ ઇસ્પિ-તાલો સ્થાપન કરી.

સગર્ભા સ્ત્રીઓની નોંધ રખાવા માંડી. ગામને ખર્ચે દાઈઓ અને સ્ત્રીડૉક્ટરો એમને વારંવાર તપાસે, તથા ગામને ખર્ચે બંધાવેલાં ચોખ્ખાં અને ખુલ્લી હવાઅજવાળાવાળાં સુવાવડખાતાં-માંજ સ્ત્રીઓની સુવાવડો થાય એવો બંદોબસ્ત કર્યો.

આમ બાળકોને સંભાળતાં બાળકોની માતાઓ પણ સુરક્ષિત થઈ ગઈ અને સુવાવડોમાં કોઇનાં પણ મરણ ન થયાં, એટલુંજ નહિ પણ આખા ગામમાં કસુવાવડો થતી પણ અટકી ગઈ.

સુવાવડો કે જે સ્ત્રીઓ માટે મોટી ઘાતરૂપ ગણાતી, તેને વિ-લિયર્સ-ડી-લકે કુદરતી રમત જેવી કરી નાખી. સાદી કસરત, પચે એવો પુષ્ટિકારક ખોરાક, યોગ્ય આરામ, માનસિક પ્રફુલ્લિ-તપણું અને ખુશનુમા વાતાવરણ યોજીને ગામની બધી સ્ત્રીઓ, જાણે દરેક રહેવાસીની પોતાનીજ માતા કે બહેનો હોય, એવી તજવીજથી તેમને રાખી.

આવી યોજનાથી તેમણે બાળકોને અકાળે મરતાં બચાવ્યાં, એટલુંજ નહિ પણ સામાન્ય મરણપ્રમાણ પણ ઘણું ઘટી ગયું. રોગ અને શોક પણ ઘટયા.

દારૂ એ અનેક અનર્થનું મૂળ હોવાથી એમણે દારૂની તો સાવ બંધીજ કરી દીધી. એટલે દારૂડિયા માણસોનાં તન, મન અને ધનની જે ખરાબી થાય છે અને તેમનાં બાળકોને પણ વારસામાં જે નબળાઇઓ મળે છે, તે પણ બધી અટકી.

આપણા દેશમાં નાનાં ગામડાંઓમાં આરોગ્ય સંબંધી પણ ઘણું કામ થઈ શકે એમ છે. સાચા દેશસેવકો પોતાનો કાર્ય-પ્રદેશ નગરોમાંથી ખસેડીને ગામોમાં લઈ જાય તો થોડી મહેનતે ઘણું કામ થઈ શકે. (ડૉક્ટર હરિપ્રસાદ દેસાઇકૃત 'બાળકલ્યાણ' ઉપરથી)

२२०–खलीफा मामूने एरिस्टोटलनुं स्वप्नदर्शन

મુસલમાન રાજ્યકર્તાઓમાં ખલીફા 'મામૂ રશીદ' ઘણાજ સહૃદય, વિદ્યાપ્રેમી અને ન્યાયી શાસક થઈ ગયા છે. એ ખલીફા હારૂન રશીદના પુત્ર હતા.

ખલીફા મામૂએ એક દિવસ સ્વપ્નમાં એક પૂજ્ય પુરુષને ઉચ્ચ આસન ઉપર બિરાજેલા જોયા. મામૂએ તેમની સમીપ જઈને પૂછ્યું કે, "તમારું નામ શું?" "અરસ્તુ" (એરિસ્ટોટલ). એ ઉત્તર સાંભળી મામૂને ઘણોજ હર્ષ થયો; કેમકે અરસ્તુ ગ્રીસનો પ્રસિદ્ધ તત્ત્વદર્શી હતો. મામૂએ તેને પૂછ્યું કે, "હજરત! દુનિયામાં કઈ વસ્તુ સારી છે?" કલ્પિત અરસ્તુએ ઉત્તર આપ્યો કે, "જેને બુદ્ધિ સારી કહે તે." ફરીથી તેણે અરસ્તુને પ્રાર્થના કરી કે, "મને કાંઇ શિખામણ આપો." ઉત્તર મળ્યો કે, "અદ્વૈતવાદ અને સત્સંગને હાથમાંથી જવા દેશો નહિ." આ સ્વપ્નદર્શનની મામૂ ઉપર એટલી બધી અસર થઈ કે, એણે તરતજ રૂમના કૈસરને લખીને એરિસ્ટોટલના જેટલા મળી શકે તેટલા બધા ગ્રંથો મંગાવ્યા અને તેનો અભ્યાસ કરીને વિદ્વાનો પાસે અનુવાદ કરાવ્યો.

२२१–खलीफा मामू रशीदनी सहनशीलता अने क्षमा

ખલીફા મામૂ એટલા બધા ક્ષમાશીલ હતા કે, પોતાની વિરુદ્ધ ઈર્ષ્યાખોર કવિઓએ રચેલી નિંદાની કવિતા ઉપર જરા પણ ધ્યાન આપતા નહિ. એવા કવિઓની તે ખબર લેતા નહિ, પણ એ કવિતાને મોઢે કરતા. એ કવિતાઓમાં કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ કાંઇ ગુણ હોય તો કદર કરતા. એક અરબી કવિ ઘણોજ ઉદ્દંડ અને નિંદા કરવામાં કુશળ હતો. એની નિંદાભરી કવિતાથી લોકો કંટાળી જતા.

એણે એક વાર મામૂના કાકા ઇબ્રાહીમની વિરુદ્ધ પણ બહુ કટાક્ષમય કવિતા લખી. એથી ચિડાઇને ઇબ્રાહીમે ખલીફા આગળ ફરિયાદ કરી કે, "એ હરામખોર કવિ હવે હદ ઓળંગી ગયો છે, એની નિંદાભરી કવિતાઓ મારાથી સાંખી શકાતી નથી." મામૂએ કહ્યું કે, "કાકા સાહેબ! એણે મારી નિંદા તમારા કરતાં પણ વધારે કરી છે; પરંતુ મેં એને ક્ષમા આપી છે અને આશા છે કે, આપ પણ માફ કરશો." ઇબ્રાહીમના કાકા ઉપરાંત બીજા દરબારીઓ પણ એ કવિથી કંટાળી ગયા હતા અને તેમણે પણ ઉપરાઉપરી ખલીફાના દરબારમાં ફરિયાદ કરી. આખરે એક પ્રતિષ્ઠિત દરબારી કે જે પોતે પણ બહુ સારો કવિ હતો, તેની વારંવારની ફરિયાદ સાંભાળીને મામૂએ કહ્યું કે, "ઠીક, જો તમે બદલો લેવા માગો છો તો તમે પણ એની નિંદામાં કાવ્ય લખો; પણ એટલુંજ લખજો કે, એ લોકોની નિંદામાં જે કાંઈ લખે છે તે બધું ખોટું છે."

२२२–एक बहेननो भाई माटे असामान्य प्रेम

મુંબઈમાં કેટલાંક વર્ષ પૂર્વે એક પારસી કુટુંબમાં બાનુબાઇ નામની એક કન્યા હતી. તેને બે ભાઈ હતા. બાનુબાઇની ઉંમર નવ વર્ષની હતી અને બંને ભાઇઓ એના કરતાં નાના હતા.

એક દિવસ સળગતો લૅમ્પ એના ભાઈ ઉપર પડ્યો અને એ બહુજ દાઝી ગયો. ડૉકટરોએ તેના જીવવાની આશા છોડી દીધી.

એક ડૉકટરે કહ્યું કે, "કોઇ માણસના હાથની જીવતી ચામડી ઉતારીને એની બળી ગયેલી ચામડીની જગ્યાએ ચોંટાડી દેવામાં આવે તોજ છોકરાને બચવાની આશા છે."

છોકરી બાનુબાઇ એ વાત સાંભળી રહી હતી. તે આગળ આવી અને ડૉકટરને કહેવા લાગી કે, "ડૉકટર સાહેબ! મારી ચામડી

કાપી લો અને મારા ભાઈની જિંદગી બચાવો.”

બધાને ઘણુંજ આશ્ચર્ય થયું, પણ જાન બચાવવા ખાતર છોકરીની વાત માનવી પડી. છોકરીએ ક્લોરોફોર્મ સૂંઘીને બેહોશ થવાનું પણ પસંદ ન કર્યું. તેની જીવતી ચામડી ડૉક્ટરે ઉતારી લીધી, પણ એણે હૃદયને એવું કઠણ કર્યું કે, એના મુખમાંથી જરા ચીસ સરખી પણ નીકળી નહિ.

એના ભાઈનો જીવ બચી ગયો અને એનો પોતાનો હાથ પણ થોડા દિવસોના ઇલાજથી સાજો થઇ ગયો.

ધન્ય છે એના બંધુપ્રેમને!

(શ્રી. રામદાસ ગૌડકૃત ‘વાચનમાળા’માંથી)

૨૨૩-खानदान विद्यार्थीनी शिक्षकप्रत्ये असामान्य गुरुभक्ति

ખલીફા મામૂ વિદ્વાનોની ઘણી કદર કરતો હતો. એણે પોતાના બે પુત્રોને ભણાવવા માટે એક વિદ્વાન શિક્ષક રાખ્યો હતો. એક વખત એ શિક્ષક કોઇ કામને માટે પોતાની ગાદી ઉપરથી ઊઠ્યો, એટલે તરતજ બન્ને શાહજાદાઓ ઊઠીને તેના જોડા સીધા કરીને તેની આગળ મૂકી દેવા સારુ દોડ્યા. પરંતુ બન્ને સાથે પહોંચ્યા; એટલે ગુરુસેવાનું એ પુણ્યકર્મ કોણે કરવું એ વિષે ઝઘડો ઊભો થયો. છેવટે બન્નેએ સમાધાન કર્યું કે, બન્ને જણે એક એક જોડો સીધો કરીને ગુરુજીના ચરણ આગળ મૂકવો. આ વાતની ખબર ખલીફાને કાને પહોંચી, એટલે તેણે શિક્ષકને બોલાવી મંગાવ્યો. મામૂએ શિક્ષકને પૂછ્યું કે, “આજ દુનિયામાં સૌથી વધારે પ્રતિષ્ઠિત અને પૂજ્ય કોણ છે?” શિક્ષકે કહ્યું કે, “મુસલમાનોના સ્વામી મામૂ કરતાં વધારે પ્રતિષ્ઠિત કોણ હોઈ શકે?”

મામૂએ કહ્યું કે, "નહિ, એ પુરુષ કે જેના જોડા સીધા કરવા સારુ મુસલમાનોના સ્વામીના પુત્રો પરસ્પર ઝઘડો કરે તે!"

શિક્ષકે ઉત્તર આપ્યો કે, "મેં પોતે શાહજાદાઓને એમ કરતાં રોકવાની ઇચ્છા રાખી હતી, પણ પછી વિચાર આવ્યો કે, હું એમની શ્રદ્ધાને શા માટે રોકું?" મામૂએ કહ્યું કે, "તમે એમને રોકયા હોત તો હું ઘણોજ નારાજ થાત. એ કૃત્યથી એમની ઇજ્જત કાંઇ ઓછી નથી થઈ, બલકે એથી એમણે કુલીનતા અને શિષ્ટાચારનો પરિચય આપ્યો છે. બાદશાહ, પિતા અને ગુરુની સેવા કરવાથી આબરૂ વધે છે, પણ ઘટતી નથી."

એમ કહીને એમણે છોકરાઓને ગુરુભક્તિના બદલામાં દશ દશ હજાર દરહમ (ચાર આના જેટલો સિક્કો) ભેટ આપ્યા અને અધ્યાપકનું કર્તવ્ય બરોબર બજાવવા સારુ શિક્ષકને પણ એટલુંજ ઇનામ મળ્યું. (શ્રીરામદાસ ગૌડકૃત 'વાચનમાળા'માંથી)

૨૨૪–જનરલ કાલુ ઘોષનું સાહસ

હુગલી જિલ્લાના આકનાગ્રામનિવાસી કાલીચરણ ઘોષ ભરતપુરના પ્રથમ યુદ્ધસમયે અંગ્રેજી પલટણમાં કારકુનનું કામ કરતો હતો. એની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હતી. સર્વદા યુદ્ધક્ષેત્રમાં સેનાપતિઓની સાથે રહેવાથી યુદ્ધવિદ્યામાં પણ એ ઘણો કુશળ થઇ ગયો હતો. અંગ્રેજ અમલદારો પણ એની બુદ્ધિની તીવ્રતા તથા જલદી કામ કરવાની ટેવને લીધે ઘણા પ્રસન્ન રહેતા અને વગર સંકોચે દરેક વિષય ઉપર તેની સાથે વાતચીત કરતા. લડાઇને લગતી ઘણી આંટી–ઘૂંટીઓની તેને ખબર પડી ગઇ હતી. દેશી સૂબેદાર તથા હવાલદાર એના ઉપર ઘણી શ્રદ્ધા રાખતા. ઘણી વાર એ અનુમાન કરીને કહેતો કે, "જનરલ સાહેબ આ પ્રમાણે હુકમ દેશે અને

તમારે એ વખતે અમુક રીતે કામ કરીને તેમને સંતોષ આપવો જોઇએ." એની બધી અટકળ ખરી પડતી, તેથી સૈનિકો એની બુદ્ધિને માટે ઘણું માન ધરાવતા.

એક યુદ્ધના પ્રથમ ભાગમાં બધા અંગ્રેજ અમલદારો ઘાયલ થયા અને એથી નિરાશ થઇને સિપાઇઓની બે પલટણ પાછી પાની કરવા લાગી. એ વખતે હવાલદાર અને સૂબેદારોએ કાલી બાબુને કહ્યું કે, "હેડકલાર્ક સાહેબ! અત્યારે તમેજ જનરલનો પોશાક પહેરીને અમને યુદ્ધ કરવાનો હુકમ આપો. અમે બધા ફરીથી વિજય પ્રાપ્ત કરવાનો યત્ન કરીશું. આપ આગેવાની નહિ લો તો બધું સૈન્ય વીખરાઈ જશે." કાલી બાબુએ એ વખતે પોતાનું કર્તવ્ય સમજીને એક મરણ પામેલા સેનાપતિનો પોશાક ધારણ કર્યો અને યુદ્ધક્ષેત્રમાં ઊતરીને એક સેનાપતિની પેઠે હુકમ આપી બધા સૈનિકોને એકઠા કર્યા તથા યુદ્ધ કરવામાં કામે લગાડ્યા. રીતસર યુદ્ધ ચાલ્યું, કાલી ઘોષની યુક્તિ અને બુદ્ધિથી અંગ્રેજોનો જય થયો. યુદ્ધ પૂરું થઇ ગયા પછી વગર અધિકારે લડાઇનો પોશાક ધારણ કરીને યુદ્ધક્ષેત્રમાં અમલદારની પેઠે હુકમ આપવાના અપરાધમાં કાલી ઘોષના ઉપર સૈનિક-કાયદા પ્રમાણે મુકદ્દમો ચાલ્યો અને પાંચસો રૂપિયા દંડ કરવામાં આવ્યો; પરંતુ એણે બે પલટણોને નાશમાંથી બચાવી હતી; એટલે અંગ્રેજ સત્તાધીશોએ તેની કર્તવ્યપરાયણતા અને બુદ્ધિકૌશલ્યનાં વખાણ કરીને એક સર્ટિફિકેટ આપ્યું તથા ત્રીસ હજાર રૂપિયા ઇનામમાં આપ્યા. એ દિવસથી લોકો એને 'જનરલ કાલી ઘોષ' નામથી ઓળખવા લાગ્યા.

('સદાલાપ'માંથી)

२२५–आदर्श राजा पृथु

પ્રાચીન યુગમાં દેશમાં એક વાર અરાજકતા વ્યાપી જઇને ચોરી વગેરે પાપકર્મોની વૃદ્ધિ થઈ, ત્યારે ધર્મરક્ષાને સારુ મુનિઓએ રાજા વેનની વિરુદ્ધ હિલચાલ કરીને તેને પદભ્રષ્ટ કર્યો અને તેના પુત્ર પૃથુને ગાદીએ બેસાડ્યો. તેણે મુનિઓને પૂછ્યું કે, " રાજામાં કયાં લક્ષણો હોવાં જોઇએ ? " ત્યારે કહેવામાં આવ્યું કે, " રાજા દાનશીલ, સત્યપરાયણ, પરાક્રમી, દુષ્ટદમનકારી, ક્ષમાશીલ, ધર્મજ્ઞ, કૃતજ્ઞ, દયાળુ, પ્રિયભાષી, પ્રજાપાલક, બ્રહ્મનિષ્ઠ, લોકહિતકારી, યજ્ઞ કરનાર, સાધુઓનો પ્રિય, સન્માનપાત્રનું માન રાખનારો, ન્યાયમાં તદ્દન નિષ્પક્ષપાતી અને શત્રુ તથા મિત્રને સરખી રીતે જોનારો હોવો જોઈએ. "

પૃથુએ એ ઉપદેશને હૃદયમાં ધારણ કર્યો અને એવા ગુણો પોતાના જીવનમાં ખીલવ્યા તથા એવાજ સદ્‌ગુણોથી વિભૂષિત થઇને રાજ્ય કર્યું.

સમસ્ત પ્રજા એના ઉપર અત્યંત પ્રસન્ન રહેતી. પ્રજાના કલ્યાણ સારુ તેણે સમુદ્ર અને પર્વતોમાંથી મોતી અને રત્નો તથા ખનીજ ધાતુઓ શોધી કાઢી હતી. પહાડ કાપીને જમીનને સપાટ બનાવી, ખેતીને માટે સગવડ કરાવી આપી હતી. સડકો બંધાવી માલ એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાના ઉપાય કર્યા હતા. નદી ઓળંગવા માટે પુલ બાંધ્યા હતા અથવા નૌકાઓની વ્યવસ્થા રાખી હતી. એના પિતા વેનના જુલમથી ખેડૂત લોકો બહુ ત્રાસી ગયા હતા, ખેતીની દુર્દશા હતી અને લોકોને ઝાડપાન તથા કંદમૂળ ખાઇને જીવવા વારો આવ્યો હતો. પૃથુએ અનેક સ્થળોએથી શોધી શોધીને સારાં બીજ મંગાવ્યાં અને ખેતીનો વધારો કર્યો. પ્રજાનો ઉત્સાહ વધારવા સારુ એ પોતાના હાથથી પણ ધરતી ખેડતો.

('સદાલાપ 'માંથી)

२२६–हालनी पूजापद्धति अने अश्विनीकुमार दत्त

એક પ્રસંગે દુર્ગાપૂજાના મંત્રોનો અર્થ અને પૂજાનું રહસ્ય સમજાવતાં મહાત્મા અશ્વિનીકુમાર દત્તે કહ્યું હતું, તે આપણે બધાએ ધ્યાનમાં લેવા જેવું છે.

"હાલ પૂજા કરે છે કોણ? જે શાસ્ત્રોમાં પૂજાનો વિધિ છે તેજ શાસ્ત્ર કહે છે કે:

'स्वयमसमर्थे ब्राह्मणम् वृणुयात्'

"અર્થાત્ પોતાથી નજ થઈ શકે એવું હોય, ત્યારેજ બ્રાહ્મણ-દ્વારા કર્મ કરાવવું, પણ એ નિયમ અનુસાર કોઈ કાર્ય કરે છે? બ્રાહ્મણ સિવાય બીજી ન્યાતના લોકો શું પોતાનું કર્મ પોતાને હાથે કરે છે? બ્રાહ્મણોમાંથી પણ કેટલા જણ પોતાને હાથે કર્મ કરે છે? ભગવાનને બોલાવવા હોય તો શું મુખત્યારદ્વારા બોલાવવા જોઇએ? ચંડીમંડપમાં પૂજા થઈ રહી છે, બ્રાહ્મણો મંત્ર ભણી રહ્યા છે, પણ હું પોતે તો એ સમયે ઘરમાં બેઠો બેઠો ખેડૂત પાસેથી મહેસૂલ જમા કરી રહ્યો હોઉં છું કે ગાનતાનની ગોઠવણ કરી રહ્યો હોઉં છું. પેલી તરફ જે બ્રાહ્મણ નિયુક્ત થયો હોય છે તે કાં તો ઉષ્ટ્રને બદલે એક વાર બોલે છે ઉષ્ટ્ર અને બીજી વાર બોલે છે ઉષ્ટ્ર અને પાછો સતૃષ્ણ નયને નૈવેદ્ય તરફ દૃષ્ટિપાત કરે છે. કેવી અપૂર્વ પૂજા ચાલી રહી છે! જાતે પૂજા ન કરી શકતા હો, તો બ્રાહ્મણ બોલાવો; પરંતુ તે બ્રાહ્મણ પાસે મંત્રનો અર્થ સમજી લઈને મનમાં ભક્તિનો સંચાર થાય એવું પણ કરવાની જરૂર છે. જો આમ મુખત્યાર કે વકીલ નીમવાની જરૂરજ હોય તો સદાચારી અને શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણનેજ કામે લગાડજો. આપણે વકીલ કે મુખત્યારદ્વારા પૂજા કરીએ છીએ, તેથી મુકદ્દમોએ ખોઇએ છીએ અને તિજોરી પણ ખાલી થાય છે."

('મહાત્મા અશ્વિનીકુમાર દત્તચરિત્ર'માંથી)

२२७–सादाईनो पण गर्व करवो ए खोटुं छे

ઘણા મનુષ્યો સાદાઈનો ઢોંગ કરીને સાધુ પુરુષમાં ગણાવા માગે છે અને એ સાદાઈનો એમને બહુ ગર્વ હોય છે.

ગ્રીસના મહાન તત્ત્વવેત્તા સૉક્રેટિસના સમયમાં આંટિસ્થિનિસ નામનો એક વિદ્વાન હમેશાં મેલાં અને ફાટેલાં–તૂટેલાં કપડાં પહેરીને ફરતો અને 'હું ઘણો નિઃસ્પૃહ છું' એવો હસવા જેવો ઢોંગ કરતો. સૉક્રેટિસને એ વાત બિલકુલ પસંદ નહોતી, તેથી તેણે એક દિવસ એ વિદ્વાનને કહી દીધું કે, "તમે આવાં ચીંથરાં શરીર ઉપર ધારણ કરો છો, પણ તેનાં છિદ્રોમાંથી માત્ર તમારો ગર્વજ લોકોની નજરે પડે છે." ('સૉક્રેટિસચરિત્ર'માંથી)

२२८–महेनत मजूरी करी स्वावलंबननो पाठ शीखनार युवक

પ્રાચીન સમયમાં ગ્રીસ દેશમાં કિલએનથિસ નામનો એક યુવક થઈ ગયો છે. અખાડાઓમાં કુસ્તી ખેલવામાં અને મુક્કાબાજીમાં એ ઘણો પ્રવીણ હતો. ભલભલાને એ હરાવી દેતો, પણ થોડા વખત પછી એને એ ધંધાનો કંટાળો આવ્યો અને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરવાની ધૂન લાગી. ઍથેન્સનિવાસી તત્ત્વવેત્તા ઝીનોની એ સમયે દર્શનવેત્તા તરીકે ઘણી ખ્યાતિ હતી. એ ઝીનોની પાસે ગયો તે વખતે એની અવસ્થા ઘણી દયાજનક હતી. અંગ પરનાં લૂગડાં ફાટેલાં હતાં અને પાસે છજ આનાના પૈસા હતા. ઝીનોની નિશાળમાં દરરોજ થોડી ફી લેવામાં આવતી, તે આપીને યુવક ધ્યાનપૂર્વક ભણતો. વિદ્યાભ્યાસમાં એ એટલો બધો રસ લેતો કે બીજા વિદ્યાર્થીઓ તેની અદેખાઈ કરતા. એમને શંકા

થઇ કે, આવો ચીંથરેહાલ યુવક ભણવાને માટે આટલા લાંબા સમયથી ફી કેવી રીતે લાવે છે? તેમણે તેની વિરુદ્ધ ચોરીનો આરોપ ઘડી કાઢ્યો અને ન્યાયાધીશ આગળ રજૂ કર્યો.

નિર્દોષ કિલએનથિસે નિર્ભયતાપૂર્વક ઉત્તર આપ્યો કે, " હું નિર્દોષ છું. મારી વિરુદ્ધ ચોરીનો જે આરોપ મૂકવામાં આવ્યો છે, તે તદ્દન પાયા વગરનો છે, હું મારા કથનની પુષ્ટિમાં બે સાક્ષી રજૂ કરવા માગું છું."

સાક્ષી બોલાવવામાં આવ્યા. પહેલો સાક્ષી એક માળી હતો. તેણે જુબાની આપી કે, " આ યુવક દરરોજ પરોઢિયે મારા બાગમાં આવીને કૂવામાંથી પાણી ખેંચે છે અને એના બદલામાં હું એને થોડાક આના મજૂરીના આપું છું." બીજો સાક્ષી એક વિધવા હતી. તેણે જુબાની આપી કે, " હું વૃદ્ધ થઈ છું અને છોકરાંઓની સંભાળમાં મારો ઘણો વખત જતો હોવાથી ઘરનું દળણું મારાથી દળાતું નથી. આ યુવક મારે ત્યાં આવીને દળી જાય છે અને હું તેને તેની મહેનતના બદલામાં પૈસા આપું છું."

આવી રીતે મહેનતમજૂરી કરીને મેળવેલા પૈસાથી કિલએનથિસ પોતાનો અભ્યાસ કરતો હતો. ન્યાયાધીશ તેના આત્મબળથી પ્રસન્ન થયા અને તેને મદદરૂપે થોડાંક નાણાં આપવા માંડ્યાં કે ભવિષ્યમાં એને નિશાળની ફીને ખાતર મજૂરી કરવી ન પડે.

પરંતુ યુવકે એવી મદદ સ્વીકારવાને સાફ ના કહી અને જણાવ્યું કે, " હું જાતમહેનતથીજ મારો અભ્યાસ કરવા માગું છું. કોઇનું દાન લેવાની મારે જરૂર નથી."

ગુરુજી ઝીનોએ પણ તેનું સમર્થન કરીને કહ્યું કે, " ઠીક છે, એને કોઇની મદદ વગરજ અભ્યાસ કરવા દો. સ્વાવલંબનનો મહાન પાઠ એ એવીજ રીતે શીખશે."

('ચિલ્ડ્રન્સ બૂક ઓફ મોરલ લેસન્સ'માંથી)

२२९–अभिमान दूर करवानो एक उपाय

સૉક્રેટિસના સમયમાં આલ્સિબાઇડિસ નામનો એક તરુણ તવંગર હતો. તેને પોતાના ધનવૈભવનું ઘણું અભિમાન હતું. પોતાની આગળ એ બીજા કોઇને લેખામાંજ ગણતો નહિ. સૉક્રેટિસને લાગ્યું કે, એનો ગર્વ મટાડવો જોઈએ. એક દિવસ એ તરુણ શેઠિયો પોતાની બડાઈ હાંકી રહ્યો હતો, તે વખતે સૉક્રેટિસે પૃથ્વીનો નકશો તેની પાસે લાવીને કહ્યું કે, "આ નકશામાં એટિકાપ્રાંત ક્યાં છે તે બતાવો જોઇએ." પણ એ પ્રાંત ઘણો નાનો હોવાથી એને શોધી કાઢતાં ઘણીજ વાર લાગી અને પરિશ્રમ પણ ઘણો પડચો. પછી સૉક્રેટિસે પૂછ્યું કે, "હવે એમાં તમારી જાગીરની જમીન ક્યાં છે તે બતાવો." આલ્સિબાઇડિસ બોલ્યો કે, "તે ઘણી થોડી છે, જેથી આ નકશામાં જુદી પાડીને કેવી રીતે બતાવી શકાય?" એ ઉત્તર સાંભળીને સૉક્રેટિસે કહ્યું કે, "વારુ ભાઈ! જે જમીનનો કટકો આંખે પૂરો દેખાતો નથી, તે જરાસરખા કટકાને લીધે તું પોતાને મોટો માણસ કેમ માને છે? આટલી નજીવી જમીનના ધણી થવા માટે તું આટલો બધો ફુલાઇને ફરે છે!"

સૉક્રેટિસનો આ વિચાર એથી પણ આગળ ચલાવીએ તો ચલાવી શકાય એમ છે. એટિકાપ્રાંત આખા ગ્રીસદેશની સરખામણીમાં શી ગણતરીમાં? આખો ગ્રીસદેશ યુરોપની સરખામણીમાં શી ગણતરીમાં? યુરોપ આખી પૃથ્વીની સરખામણીમાં કેટલો નાનો દેશ? અને પૃથ્વીનું પણ આખા બ્રહ્માંડમાં ક્યાં સ્થાન? આ પ્રમાણે વિચાર કરવાથી ભલભલા મનુષ્યને પણ પોતાની ક્ષુલ્લકતાનું ભાન થઈ શકશે. ('સૉક્રેટિસચરિત્ર'માંથી)

२३०–सॉक्रेटिसनी असामान्य प्रमाणिकता

દેવતાઓ સંબંધી સૉક્રેટિસના વિચાર ઘણા ખરાબ છે. એ ખરાબ વિચારો નાનાં છોકરાંના મનમાં ઠસાવીને તેમને બગાડે છે, એવું તહોમત સૉક્રેટિસ ઉપર તેના શત્રુઓએ મૂક્યું હતું. તેણે ન્યાયાધીશોની આગળ પોતાના ઉપર મુકાયેલા આરોપોનો બચાવ કર્યો, તોપણ તેમણે તેને દેહાંતશિક્ષા ફરમાવી.

એ સજા ભોગવવા પહેલાં એને કેદખાનામાં રાખવામાં આવ્યો હતો. એના સૌથી પ્રિય અને વિશ્વાસપાત્ર મિત્ર ક્રૅટોએ કેદખાનાંના નોકરોને ફોડીને સૉક્રેટિસને નસાડી લઈ જવાની યુક્તિ કરી હતી. એણે સૉક્રેટિસને એ યુક્તિ જણાવી અને પોતાની સાથે નાસી જવા માટે આગ્રહપૂર્વક વિનતિ કરી, ત્યારે સૉક્રેટિસને હસવું આવ્યું અને તેણે કહ્યું કે, “ ભાઇ ક્રૅટો ! આ એટિકા પ્રાંતની બહાર જ્યાં લોકો મરતા ન હોય, એવા એકાદ ઠેકાણાની તને ખબર છે ? હોય તો મને જણાવ.” આત્માની અમરતા અને દેહની ક્ષણભંગુરતામાં દૃઢ વિશ્વાસ ધરાવનાર સૉક્રેટિસના મુખમાં એવોજ ઉત્તર શોભે, પણ એના પ્રેમના આવેશમાં આવેલા ક્રૅટોને એ દલીલ રુચિ નહિ અને પોતાની સૂચનાનું પાલન કરવા સારુ વારંવાર આગ્રહ કર્યો. ત્યારે સૉક્રેટિસે એના સદ્‌ભાવની પ્રશંસા કરીને તથા પોતાપ્રત્યેના તેના પ્રેમ માટે ઉપકાર માનીને કહ્યું કે “ ઍથેન્સવાસીઓની પરવાનગી સિવાય તુરંગમાંથી નાસી જવું, એ મારે માટે વાસ્તવિક નથી. એમાં અપ્રમાણિકતા રહેલી છે. મારો ન્યાય કરવામાં ન્યાયાધીશોએ ભલે ભૂલ કરી હોય, પણ જ્યારે હું આખી જિંદગી સુધી એ કાયદાઓને માન આપતો આવ્યો છું અને એ ન્યાયાધીશોની આગળ મારો ન્યાય કરાવવાનું

કબૂલ કરી ચૂકયો છું, તો હવે એમની આજ્ઞાનું પાલન કરવાની પણ મારી ફરજ છે. મારા પોતાના વિચારથી એમનો નિર્ણય ઊલટો છે, તોપણ મારા વિચારને બાજુ પર રાખીને હું તો સરકારનોજ ન્યાય કબૂલ કરીશ. જન્મભૂમિ માબાપ કરતાં–સર્વ સગાંવહાલાં કરતાં પણ અધિક પ્રિય છે અને માનને પાત્ર છે. આપણો દેશ આપણી સાથે અન્યાયથી વર્તે તો આપણે ઘણા વિનયથી તેના કાન ખોલીને તથા તેને ડહાપણની બે ચાર વાતો કહીને શુદ્ધિમાં લાવવો જોઇએ અને એ ઠેકાણે નજ આવે તો તો પછી મૂંગે મોઢે તેનો હુકમ માથે ચઢાવવો, એજ આપણો ધર્મ છે. આ જગતમાં બાળબચ્ચાં તો શું; પણ જીવ સુદ્ધાંને હું પ્રમાણિકતા કરતાં વધારે નથી ગણતો. તાત્કાલિક જીવન માટે અપ્રમાણિક વર્તણૂક ચલાવીને હું મારું અમર જીવનનું સુખ બગાડવા નથી માગતો."

આ પ્રમાણે ક્રેટોને પોતાની નીતિની ખાતરી કરી આપીને શાંતચિત્તે એણે રાજ્યસત્તાને તાબે થઇ વિષનો પ્યાલો પી જઇને દેહત્યાગ કર્યો.

આવી ઊંચા પ્રકારની પ્રમાણિકતાને લીધેજ સોક્રેટિસનું નામ સંસારમાં અમર થઈ ગયું છે. ['સોક્રેટિસચરિત્ર'માંથી]

૨૩૧–पोताना अज्ञानने पण जे जाणे छे तेज खरो ज्ञानी छे

પ્રાચીનકાળમાં ગ્રીસ દેશમાં ડેલ્ફી નામનું એક નગર હતું. ત્યાં એક મોટું મંદિર હતું. એ મંદિરની ઘણી પ્રતિષ્ઠા હતી અને એવું મનાતું કે, ત્યાંની પૂજારણના શરીરમાં દેવતા આવતા અને એ વખતે એના મુખમાંથીજ શબ્દો નીકળતા તે સાચા પડશે, એમ બધાને ખાતરી હતી.

એક વખત સોક્રેટિસના ચિરિફન નામના એક વિદ્યાર્થીએ એ પૂજારણને પૂછ્યું કે, “ સોક્રેટિસના કરતાં વધારે ડાહ્યો પુરુષ બીજો કોઈ છે કે નહિ ? ” પૂજારણે કહ્યું કે, “ કોઇ નથી.”

આ વાતની ખબર સોક્રેટિસને મળતાં એ ઘણા વિચારમાં પડ્યો અને વિચારવા લાગ્યો કે, મારામાં તો થોડું પણ ડહાપણ નથી, છતાં દેવતાએ આવું કહ્યું; તેનો શો અર્થ ? બહુ વિચાર કરીને તેણે આ પ્રમાણે પોતાના મનનું સમાધાન કર્યું કે, “મારા અને બીજા લોકોમાં ભેદ એટલોજ છે કે, જે વસ્તુ વિષે તેઓ ખરેખર કાંઇ જાણતા નથી, તે હું પણ જાણતો નથી; પરંતુ હું મારી અજ્ઞાનતા ખુલ્લી રીતે કબૂલ કરું છું અને તેઓ એમ ન કરતાં પોતે જાણે મોટા સર્વજ્ઞ હોય એવો ડોળ કરે છે. વાસ્તવિક અને સંપૂર્ણ જ્ઞાતા તો એક માત્ર ઇશ્વરજ છે. હવે એપોલોના મંદિરની પૂજારણે મને જ્ઞાની કહ્યો, એનો અર્થ એટલોજ કે, માણસોમાં વાસ્તવિક જ્ઞાતા તો કોઈ છેજ નહિ; પણ જે માણસ મારી પેઠે પોતાની અજ્ઞાનતા સમજે છે, તેજ ‘ માણસોમાં જ્ઞાની’ છે. ’

[‘ સોક્રેટિસચરિત્ર ’માંથી]

૨૩૨–आपणा देशमां विद्याने बदले पैसानुं मान शाथी वध्युं ?

ભૂદેવ મુખોપાધ્યાય અંગ્રેજીમાં પોતાના નામની સાથે મુકરજી લખતા. બંગાળામાં ઘણા લોકો એવું કરે છે. ચટ્ટોપાધ્યાય ચેટરજી લખે છે, બંદ્યોપાધ્યાય બેનરજી લખે છે અને મુખોપાધ્યાય મુકરજી લખે છે. એક દિવસ બંગાળાની નિશાળોના ડાયરેકટર એટકિન્સન સાહેબે ભૂદેવબાબુને પૂછ્યું કે, “ તમે નામની સાથે મુકરજી કેમ લખો છો ? મુખોપાધ્યાય કેમ નથી લખતા ? ” ઉત્ત-

રમાં ભૂદેવબાબુએ હસીને કહ્યું કે, "તમે લોકો વિદ્યાનું ગૌરવ ઓછું કરો છો, ધનનું ગૌરવ તમારી દૃષ્ટિમાં વધારે છે; માટે અંગ્રેજીમાં લખું છું 'મુકરજી' અને બંગાળીમાં લખું છું 'મુખોપાધ્યાય.' આ દેશના લોકો હજુ પણ ઉપાધ્યાયનું સન્માન ધનવાનો કરતાં વધારે કરે છે; તોપણ હવે તમારા લોકોની સોબતથી અહીંયાં પણ ધનનું ગૌરવ દિનપ્રતિદિન વધતું જાય છે."

એટકિન્સન સાહેબે કહ્યું કે, "મુકરજીમાં ધનની વાત ક્યાંથી આવી?" ભૂદેવે કહ્યું કે, "मूखरीय इति ख्याता मुखराग्रामवासतः।" અમારા પૂર્વજો મુખરા ગામના જાગીરદાર હતા. મુખરીય શબ્દનો અપભ્રંશ 'મૂખૂજજે' અને તેનું અંગ્રેજી અપભ્રંશરૂપ થયું 'મુકરજી.'

('સદાલાપ'માંથી)

२३३–प्लेटोए मृत्युकाळे मानेलो जाणवा जेवो उपकार

મહાન તત્ત્વવેત્તા પ્લેટો (અફલાતુન) જ્યારે મરવા પડ્યો, ત્યારે તેણે ઈશ્વરની પાસે પ્રાર્થના કરીને ત્રણ વાત માટે એનો ઘણો ઉપકાર માન્યો હતો. પહેલી વાત એ હતી કે, પ્રભુએ તેને મનુષ્યજન્મ આપીને વિચાર કરવાની બુદ્ધિ આપી હતી; બીજી એ કે, પ્રભુએ તેને જંગલી લોકોમાં ઉત્પન્ન ન કરતાં ગ્રીસ જેવા સભ્ય દેશમાં ઉત્પન્ન કર્યો અને ત્રીજી એ હતી કે, સૉક્રેટિસ જેવો મહાપુરુષ જે સમયમાં જીવતો હતો, તે સમયમાં તેને જન્મ આપ્યો હતો.

મનુષ્યમાત્રને પ્રભુએ સારા–ખોટાનો વિચાર કરવા સારુ બુદ્ધિ તો આપી છેજ. ગ્રીસ કરતાં પણ પુરાણી સભ્યતાવાળા ભારતવર્ષ જેવા દેશમાં જન્મ લેવાનું સૌભાગ્ય પણ આપણને બધાને પ્રાપ્ત થયું છે, તેમજ મહાન પુરુષોનો પણ આપણા દેશમાં છેક અભાવ

નથી; છતાં પણ આપણે એક યા બીજા પ્રકારે તેમના સમાગમમાં આવીને તેમના જ્ઞાનચારિત્રનો લાભ ઉઠાવીએ નહિ, તો પછી આપણુંજ કમનસીબ! ('સોક્રેટિસચરિત્ર'માંથી)

૨૩૪–યુક્લિડ નામના વિદ્વાનનો અસાધારણ વિદ્યાપ્રેમ

આ યુકિલડ ભૂમિતિના ગ્રંથનો કર્તા નહિ, પણ એક બીજોજ વિદ્વાન અને સોક્રેટિસનો શિષ્ય હતો. તે ગ્રીસ દેશમાં મિગારા નામના નાના રાજ્યમાં રહેતો હતો. સોક્રેટિસના સમયમાં ઍથેન્સ અને મિગારા એ બે સંસ્થાનો વચ્ચે યુદ્ધ ચાલતું હતું અને ઍથેન્સવાસીઓએ પ્રતિજ્ઞા લીધી હતી કે, "અમે વર્ષમાં બે વાર મિગારાને લૂંટીને ઉજ્જડ કરીશું." એમણે એવો કાયદો કર્યો હતો કે, "મિગારાથી એટિકા (ઍથેન્સના રાજ્યમાં) કોઇ પુરુષે આવવું નહિ." આવી સ્થિતિમાં યુકિલડને ઍથેન્સ જઇને સોક્રેટિસ પાસે વિદ્યાભ્યાસ કરવા જવું એ જીવનું જોખમ ખેડવા જેવું હતું; પણ એના હૃદયમાં તો એ મહાન તત્ત્વવેત્તાના ઉપદેશામૃતનું પાન કરવાની તીવ્ર પિપાસા લાગી રહી હતી. એણે ગમે તે જોખમે વિદ્યા પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. આખરે એણે એક યુક્તિ પણ શોધી કાઢી. સંધ્યાકાળે તે સ્ત્રીનો વેશ ધારણ કરી બુરખો નાખીને પોતાનું શહેર છોડી સોક્રેટિસને ઘેર જતો અને ત્યાં રાત્રિ રહી મળસ્કું થતાં એના એજ વેશમાં પાછો ચાલ્યો જતો.

('સોક્રેટિસચરિત્ર'માંથી)

२३५—बाळकोने अने भावी संततिने बळवान बनाववानो खास उपाय

૧–ગર્ભાવસ્થામાંથીજ સંતતિનું ઉત્તમ શિક્ષણ શરૂ કરવું જોઈએ

નેપોલિયન બોનાપાર્ટની માતા લેટીશિયા ઘણી બુદ્ધિમતી અને ભણેલીગણેલી નારી હતી. તેનામાં પુરુષોને શોભે એવું સાહસ હતું. વીરપુરુષોનો ઇતિહાસ સાંભળવો અને કહેવો એને બહુ ગમતો. ઈ. સ. ૧૭૬૯ની ૧૫મી ઑગસ્ટે નેપોલિયન બોનાપાર્ટ તેને પેટે જન્મ્યો હતો. તેના જન્મસમયે લેટીશિયાએ જે વસ્ત્ર ઓઢયું હતું, તેના ઉપર પણ ગ્રીસના વીરરસ કાવ્ય ઇલિયડમાં વર્ણવેલા મહાન રણસંગ્રામનાં તથા તે સમયના વીરપુરુષોનાં ચિત્ર છાપેલાં હતાં. આ પ્રમાણે નેપોલિયને આ સંસારમાં પ્રથમ શ્વાસ લેતાં વારજ જો કાંઈ જોયું હોય તો તે યુદ્ધસંબંધી ચિત્રોથી અંકિત થયેલું વસ્ત્રજ હતું.

નેપોલિયન ગર્ભમાં હતો તે સમયે તેની માતા પોતે ઘોડે બેસીને એક પર્વતથી બીજે પર્વત અને એક જંગલમાંથી બીજા જંગલમાં પોતાના પ્રિય પતિની સાથે કૂચ કરતી હતી.

નેપોલિયન જરા મોટો થયો ત્યારે ફ્રાન્સના રાજાએ કોર્સિકા બેટ ઉપર ચઢાઈ કરી. તે સમયે તેના પિતા તથા બીજા સ્વદેશ-ભક્તોએ કેવી વીરતાથી યુદ્ધ કર્યું હતું, તેની વાતો રસભેર માતા લેટીશિયા તેની આગળ કરતી હતી. બાળક નેપોલિયનના સુકુમાર હૃદયમાં એવી રીતે બાલ્યાવસ્થાથીજ વીરરસનો સંચાર થયો હતો.

આપણા દેશમાં પણ વીરાંગના સુભદ્રાએ, પુત્ર અભિમન્યુને ગર્ભમાંથી કોઠાયુદ્ધનું જ્ઞાન કેવી રીતે આપ્યું હતું, તે વાત તો

પ્રસિદ્ધજ છે.

સગર્ભા સ્ત્રીઓને સારાં જીવનચરિત્ર અને રામાયણ, મહાભારત, રાજસ્થાન ઇત્યાદિ ઈતિહાસનાં પુસ્તકો વંચાવ્યાથી આપણા દેશમાં પણ ભાવી પ્રજા સારી નીવડે એમાં સંશય નથી.

૨-બાલ્યાવસ્થામાં વીરરસના અભ્યાસથી થતી અજબ અસર

નેપોલિયનને પાંચ વર્ષની વયે નિશાળે બેસાડવામાં આવ્યો હતો અને દશ વર્ષની વયે તેણે સૈનિકશાળામાં પ્રવેશ કર્યો હતો. ત્યાં આગળ તેણે ગણિત, ઇતિહાસ, વિજ્ઞાન અને સાહિત્યના વિષયોમાં પ્રવીણતા મેળવી હતી; પરંતુ તેની સાથે સાથે હોમર કવિએ રચેલું વીરરસનું કાવ્ય 'ઇલિયડ' તો તેનું પ્રિયવાચન હતું. 'ઇલિયડ' વાંચતાં તેના કુમળા મગજમાં વીરતાના અભિલાષ જાગતા. વિદ્યાર્થી અવસ્થામાં તેણે માતાને લખેલા એક પત્રમાં જણાવ્યું હતું કે, "કમરે તલવાર અને ગજવામાં હોમર રાખીને હું જગતમાં મારો રસ્તો કાપી કાઢીશ."

પ્લુટાર્કે લખેલાં વીરોનાં જીવનચરિત્રો પણ તે ધ્યાનથી વાંચતો અને ગ્રીસ તથા રોમનાં મહાસામ્રાજ્યોના આગેવાન પુરુષોનાં વીરરસપૂર્ણ પરાક્રમો અને મોટાં મોટાં રાજ્યોની ચઢતીપડતીનાં કારણો વિષે ઊંડો ઊતરીને એકાગ્રચિત્તે વિચાર કરતો.

બાલ્યાવસ્થાનું આ શિક્ષણ તેની ભાવી મહત્તાને પ્રાપ્ત કરવામાં કીમતી પગથિયું થઇ પડયું હતું.

આપણા દેશમાં માણભટ્ટો, વ્યાસ મુનિના મહાભારતને પ્રાકૃત ભાષામાં રસભેર રસ્તાઓ પર ઠઠ જમાવી ગાઈ સંભળાવીને જનસમાજમાં રહેલી વીરતાની ભાવનાને પોષતા હતા; પણ હવે સુધારો (!) વધતાં એવી કથાઓ લગભગ બંધ પડી છે અને આખું મહાભારત વાંચવા-સાંભળવા જેટલી ધીરજ આપણાં કેળવાયલાં (!)

યુવક-યુવતીઓમાં રહી નથી, એટલે વીરરસનું શિક્ષણ આપણને મળતું તદ્દન બંધ થયું છે.×

૩-શાળાઓમાં પણ કેવા ધોરણે તાલીમ અપાવી જોઇએ?

પંદર વર્ષની વયે નેપોલિયનને પૅરિસના પ્રસિદ્ધ યુદ્ધવિદ્યાલયમાં મોકલવામાં આવ્યો હતો. એ વિદ્યાલયમાં કુળવાન લોકોનાજ છોકરાઓને દાખલ કરવામાં આવતા. તેમના ઘોડાની બરદાસ્ત લેવા માટે, તેમનાં હથિયાર સ્વચ્છ રાખવા માટે તથા એવાં એવાં બીજાં પરચૂરણ કામ માટે દરેકને નોકર આપવામાં આવતો. વિદ્યાર્થીઓને સૂઇ રહેવા માટે સુંવાળી તળાઇઓ મળતી અને જમવાને ભાવતાં ભોજન મળતાં. આવું એશઆરામભર્યું જીવન કયા યુવકને ન ગમે? પરંતુ નેપોલિયન એવા વિલાસી જીવનનો કટ્ટો શત્રુ હતો. તેણે ત્યાંના ગવર્નર ઉપર સખ્ત ભાષામાં એક અરજી લખી મોકલી કે, "સૈનિક-વિદ્યાલયમાંથી ચાકરો રાખવાનો રિવાજ રદ કરવાની જરૂર છે. ઘોડાની માવજત, હથિયાર સાફ કરવાં અને એવાં બીજાં નાના પ્રકારનાં કામ જે હમણાં નોકરો પાસે કરાવવામાં આવે છે, તે કામ જાતેજ કરવાની વિદ્યાર્થીઓને ફરજ પાડવી જોઇએ. ખોરાકની બાબતમાં તથા બીજા શારીરિક પરિશ્રમ સહન કરવાની બાબતમાં વિદ્યાર્થીઓને અત્યારથીજ સાદા અને મહેનતુ બનાવવામાં નહિ આવે, તો યુદ્ધસમયે પડતી મુસીબતો અને તનતોડ મહેનત તેઓ કેવી રીતે સહન કરી શકશે?"

મોટા થયા પછી પોતે ફૉન્ટેન્બ્લો નગરમાં સ્થાપેલી સૈનિક-

× જોયોને! કેવો આપણા આધુનિક સુધારકો અને રાષ્ટ્રના સેવક-શિક્ષકોનો પ્રતાપ! નવા ભણતરવાળાઓ અને ધનિકોમાં જે તે રીતે મોટાભા અથવા તો મહાશિક્ષક કે ગુરુદેવ ગણાવું, એજ હેતુ હોય તેમના મગજમાં કે શ્રવણમાં દેશની એવી સર્વોત્તમ સેવાના વિચાર પણ ક્યાંથી આવે? લિ૦ અવગુણસાગર

પાઠશાળામાં તેણે ઉપરનાજ નિયમો રાખ્યા હતા અને તેના પરિણામે એ વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં જે આવડત અને સહનશીલતા આવતી, તેથીજ તેમની જનસમાજમાં ઘણી પ્રશંસા થતી હતી.

('નેપોલિયનચરિત્ર'માંથી)

૨૩૬–नेपोलियनना केटलाक असाधारण गुणो

૧–અદ્ભુત એકાગ્રતા અને સહનશીલતા

એકાગ્રચિત્તતા અને મનોનિગ્રહ એ નેપોલિયનના ખાસ ગુણો હતા. વિદ્યાર્થી અવસ્થામાંથીજ તેણે એ ગુણોને ખીલવ્યા હતા. એક દિવસ તેના શિક્ષકે ગણિતનો એક ઘણોજ અઘરો પ્રશ્ન વર્ગ આગળ મૂકયો. એ સવાલનો જવાબ શોધી કાઢવા સારુ નેપોલિયને બોતેર કલાક સુધી પોતાના ઓરડામાં બેસીને લાગલાગટ વિચાર કર્યો હતો. આ પ્રમાણે લાગલાગટ ઘણાજ લાંબા સમય સુધી શારીરિક અને માનસિક પરિશ્રમ સહન કરવાની અદ્ભુત શક્તિ તેનામાં બાલ્યાવસ્થાથીજ હતી.

૨–નાચ–કૂદ ઉપર નેપોલિયનનો તિરસ્કાર

નેપોલિયન બાદશાહ ખોટા વિલાસોને ધિક્કારતો હતો. એ ભાવ બાલ્યાવસ્થાથીજ એનામાં હતો. એક દિવસ અમુક ઉત્સવને પ્રસંગે બાળક નેપોલિયન માર્સેલ્સ ગયો હતો. ત્યાં સાંજની રમણીય વેળાએ ઘણા યુવાનો અને યુવતીઓ ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરીને આનંદપૂર્વક નૃત્ય કરતાં હતાં. તેમણે નેપોલિયનને પણ તેમના આનંદોત્સવમાં જોડાવાનું આમંત્રણ કર્યું. તે ઉપરથી તેણે સખત ભાષામાં જવાબ આપ્યો કે, "આવી રીતે નાચ્યાકૂદ્યાથી કાંઇ મનુષ્યત્વ આવતું નથી."

૩–નેપોલિયનની અસામાન્ય કૃતજ્ઞતા

નેપોલિયન જ્યારે સોળ વર્ષનો હતો ત્યારે એના પિતાનો

દેહાંત થયો. ત્યાર પછી થોડા સમયમાં એ માંદો પડચો. એ સમયે એની આર્થિક દશા સારી નહોતી. એટલે પરદેશમાં એક વીશીના સૌથી ઉપલા કાતરિયામાં શરીરે વ્યાધિગ્રસ્ત અને પૈસે ખાલી હોવાથી ઘણી દયાજનક હાલતમાં આવી પડચો હતો. એક સહૃદય બાઇના સાંભળવામાં આ વાત આવતાં તેણે પરોપકારવૃત્તિથી પ્રેરાઈને નેપોલિયનની સેવાચાકરી કરીને તેને સાજો કર્યો. સ્ત્રીઓના હૃદયમાં દયાનું ઝરણું સ્વાભાવિક રીતેજ વહેતું હોય છે. જગતના અનેક મહાન પુરુષોના જીવનને અણીને વખતે સેવાશુશ્રૂષાથી સહૃદય નારીઓએ બચાવ્યાનાં દૃષ્ટાંત ઇતિહાસમાં નોંધાયેલાં છે. નેપોલિયનના જીવનનો આ પ્રસંગ પણ સ્ત્રીઓની નિ:સ્વાર્થ દયાનો નમૂનો છે.

પાછળથી ઘણે વર્ષે જ્યારે ફ્રાન્સની પ્રજાએ કૃતજ્ઞતાપૂર્વક નેપોલિયનને રાજમુકુટ અર્પણ કર્યો, ત્યારે પેલી સ્ત્રીએ તેના ઉપર અભિનંદનનો પત્ર લખીને પોતાનો હર્ષ પ્રગટ કર્યો હતો અને સાથે સાથે એ પણ લખ્યું હતું કે, " ગરીબાઇ અને વિપત્તિને લીધે એનું જીવન અંધકારમય બની ગયું હતું." આ પત્ર વાંચતાંજ નેપોલિયને તે સ્ત્રીને દશ હજાર ફ્રેંકનો ચેક મોકલી આપ્યો અને લખ્યું કે, " ભવિષ્યમાં પણ તમે જે કાંઈ માગશો તે હું ઘણી ખુશીથી મોકલી આપીશ."

('નેપોલિયનચરિત્ર'માંથી)

૨૩૭–नेपोलियननां मातानुं स्वदेशप्रत्ये कर्तव्यपालन

ઈ. સ. ૧૭૬૯માં ફ્રેંચ સેનાએ કોર્સિકાના ટાપુ ઉપર આક્રમણ કરીને તેને પોતાના તાબામાં લીધો હતો. કોર્સિકાના સેનાપતિ જનરલ પાઓલિએ પોતાના દેશ તરફથી બહુ વીરતાપૂર્વક યુદ્ધ કર્યું હતું, તેથી પ્રસન્ન થઈ દેશ જીતાયા પછી ફ્રેંચ લોકોએ એનેજ કોર્સિકાનો ગવર્નર નીમ્યો હતો.

પાછળથી ફ્રાન્સમાં ચાલી રહેલા અંધેરને લીધે પાઓલિને એમ લાગ્યું કે, ફ્રાન્સ કરતાં ઈંગ્લેંડનું શરણ લેવાથી કોર્સિકાનું હિત વધારે સારી રીતે સચવાશે. એ વિચારથી તેણે કોર્સિકાનો દ્વીપ ઈંગ્લેંડને સ્વાધીન કરી દેવાનું કાવતરું રચ્યું. નેપોલિયનનો પિતા સરદાર પાઓલિનો મિત્ર હતો, એટલે તેણે યુવક નેપોલિયનને પણ એ કાવતરામાં જોડાવાનું કહ્યું; પરંતુ નેપોલિયને એવા દગામાં સામિલ થવાને સાફ ના કહી. પરંતુ એથી નિરાશ ન થતાં પાઓલિ, નેપોલિયનની માતા લેટીશિયાની પાસે ગયો અને એમના કુટુંબની સાથેના પોતાના જૂના સંબંધનું સ્મરણ કરાવીને કહ્યું કે, "તમે નેપોલિયનને સમજાવો કે, એ કોર્સિકાનો ટાપુ અંગ્રેજોને સ્વાધીન કરવામાં મારી સાથે જોડાય." પરંતુ નેપોલિયન જેવા વીરપુત્રની માતાને છાજે એવી દૃઢતાથી તેણે ઉત્તર આપ્યો કે "હું માત્ર બેજ કાયદા જાણું છું. એક કાયદો કર્તવ્યનો છે અને બીજો ઇજ્જત અને નેકીનો છે."

આ ઉત્તરથી અપ્રસન્ન થઈ પાઓલિએ નેપોલિયનના કુટુંબ સામે દેશનિકાલનો હુકમ જારી કર્યો. નેપોલિયનની માતાએ વિના અપરાધે સ્વદેશનો અને સ્વજનોનો પરિત્યાગ કરવાનું પસંદ કર્યું, પણ સ્વાર્થસિદ્ધિની લાલચમાં દેશદ્રોહનું ઘોર પાપ તો ન કર્યું તે નજ કર્યું. ધન્ય છે એવી સત્યપરાયણ માતાઓને!

('નેપોલિયન ચરિત્ર'માંથી)

२३८–एक गरीब महेताजीनो संतोष अने परोपकारवृत्ति

બંગાળામાં શ્રીકૃષ્ણચંદ્ર મજુમદાર એક સારા લેખક અને કવિ હતા. બંગાળી સંવત ૧૨૪૫માં તેમનો જન્મ થયો હતો

અને બંગ સં. ૧૩૧૩માં તેમણે પરલોકવાસ કર્યો. સંસ્કૃત અને ફારસી ભાષાનું પણ તેમને સારું જ્ઞાન હતું. એક બંગાળી નિશાળમાં મહેતાજીની નોકરી કરીને ગરીબાઈથી એ પોતાનું ગુજરાન કરતા; પરંતુ દરિદ્ર હોવા છતાં એમનામાં સંતોષવૃત્તિ બહુજ પ્રબળ હતી. એક વખત સરકારમાં તેમનો પગાર વધારવાનો સવાલ આવ્યો ત્યારે તેમણે કહી દીધું કે, "મને જે પગાર મળે છે તેટલાથીજ મારું પોષણ થઇ શકે છે, મારે વધારે પગારની જરૂર નથી. એ રૂપિયા મારા હાથ નીચેના ગરીબ પંડિતોને આપશો, તો એ બિચારાઓની અગવડ કાંઇક અંશે દૂર થશે."

આવા નિર્લોભી પુરુષો બહુ થોડા દીઠામાં આવે છે !

('ભારતવર્ષ'માંથી)

૨૩૯–राणी अहल्याबाईए बळवो केवी रीते शमाव्यो?

આજથી આશરે દોઢસો વર્ષ પૂર્વે વિંધ્યાચળમાં વસતા ભીલ લોકોએ પોતાનાં મહારાણી અને ઇંદોરનાં અધિષ્ઠાત્રી અહલ્યાબાઈની વિરુદ્ધ બળવો કરવાનો દૃઢ નિશ્ચય કર્યો અને જિલ્લાનો સૂબો જે કાંઈ હુકમ આપે તેની વિરુદ્ધ કાર્ય કરવું શરૂ કર્યું. એના બોલાવ્યાથી કોઈ જાય નહિ, એની વાત કોઈ સાંભળે નહિ, બધા પોતાની મરજી પ્રમાણે વર્તવા લાગ્યા અને તોફાન કરવું શરૂ કરી દીધું. સૂબો દિવસે દિવસે વધારે ગૂંચવાડામાં પડતો ગયો. એની પાસે સરકારી ખજાનો પણ હમેશાં રહેતો હતો; એટલે એને બીક લાગી કે, રખે આ લોકો ધાડ પાડીને લૂંટી ન જાય. આખરે તેણે મહારાણીને કાને એ ખબર પહોંચાડી. એ ખબર મળતાંજ મહારાણીએ બે પત્રો પોતાને હાથે લખ્યા. એક ભીલોના સરદાર ઉપર હતો અને બીજો સૂબા ઉપર હતો. બન્ને પત્રો યોગ્ય માણ-

સોની સાથે બન્ને જગ્યાએ મોકલી આપવામાં આવ્યા અને પોતાના પ્રધાનને ઘટનાસ્થળ ઉપર તપાસ કરવા મોકલ્યો. ભીલોના સરદારને જે પત્ર લખ્યો હતો, તેનો સારાંશ આ પ્રમાણે હતોઃ

"બળવો અથવા એવા પ્રકારની અશાંતિનું બીજ ત્યાંજ રોપાય અને એવાજ રાજ્યમાં એ ફૂલે છે અને ફળે છે, કે જ્યાં અન્યાય, અત્યાચાર અને જુલમ થતો હોય; પ્રજાને નાના પ્રકારના ઘાતકી ત્રાસ વેઠવા પડતા હોય; ખજાનો કે જે પ્રજા તરફથી સોંપાયેલી અનામત છે, તેનો ઉપયોગ અમલદારો ખરાબ કામમાં કરતા હોય; પરંતુ મારા રાજ્યમાં તો હું ધારું છું કે, એ બધી વાતો નથી. હું હમેશાં એવો દુર્દિન આવવાજ ન પામે તેને સારુ પ્રયત્ન કરતી રહું છું. પછી આ બળવાનું બી રોપાવાનું કારણ શું છે? હું પ્રધાનજીને મોકલું છું અને આશા રાખું છું કે, એ બધી વ્યવસ્થા ઠીક કરી દેશે.

"જ્યાં આગળ પ્રજાની અગવડો દૂર કરવાને રાજા તૈયાર ન હોય, જ્યાં એમના કહેવા ઉપર ધ્યાન દેવાતું ન હોય, જ્યાં એમના હકોનું રક્ષણ થતું ન હોય અને જ્યાં અન્યાય તથા અત્યાચારથી એમનું લોહી ચૂસી લેવામાં આવતું હોય ત્યાં પ્રજા, રાજ્યની વિરુદ્ધ પોકાર કરવાને લાચારીએ તૈયાર થતી હોય છે; પરંતુ મારે ત્યાં તો પ્રજાનું દુઃખ સાંભળવા સારુ દરવાજા સદા ઉઘાડા રહે છે અને હું તન, મન અને ધનથી તમારું પ્રતિપાલન કરવાને હરઘડી તૈયાર રહું છું. મારી વહાલી પ્રજા! તને આવું નીચ કાર્ય કરવાને કોણે તૈયાર કરી? હું ચાહું છું કે, તમે આવીને પોતાની ફરિયાદો મારી આગળ રજૂ કરો. નવો મંત્રી તમારે ત્યાં કામ કરવા સારુ મોકલવામાં આવે છે. આશા છે કે, એ તમારે માટે યોગ્ય પ્રબંધ કરશે."

આ પત્રનું પરિણામ ધાર્યું હતું તેવુંજ આવ્યું. થોડા દિવસો પછી ભીલ સરદાર અહલ્યાબાઈનાં દર્શન કરવા આવ્યો, પણ તે

બંડખોરના વેશમાં નહોતો, સાચા રાજભક્તના રૂપમાં હતો.

('ચાંદ માસિક' પરથી)

અમલદારોની શાખ કાયમ રાખવા ખાતર જુલમ નિભાવી લીધાથી ઘણા મોટા બળવા થયેલા ઇતિહાસમાં નોંધાયા છે. એવે પ્રસંગે મહારાણી અહલ્યાબાઇએ જે કાર્યકુશળતા બતાવી છે, તે તેમની અસાધારણ રાજનીતિ-નિપુણતાનો પુરાવો છે.

२४०—सर लल्लुभाई शाहनी ऊगती वयमां सत्यपरायणता

સર લલ્લુભાઈ આશારામ શાહ ગુજરાતનું ગૌરવ હતા. હાઈ-કોર્ટના ન્યાયાસન ઉપર બિરાજી અદલ ન્યાય તોળી એમણે ઘણી નામના મેળવી હતી. સં. ૧૯૮૩ની દેવદિવાળીને દિવસે એમનો સ્વર્ગવાસ થયો. જે ન્યાયવૃત્તિને લીધે એમણે પાછલા જીવનમાં સુખ્યાતિ મેળવી, તેનો પાયો એમના બાલ્યજીવનમાંજ નંખાયો હતો. એમના પિતાશ્રી કાઠિયાવાડમાં સારા અમલદાર હતા. એક વખત આશારામભાઇ મોરબીથી આવતા હતા. પોતે સેકન્ડ ક્લાસ-માં હતા અને છોકરાંઓ થર્ડ ક્લાસમાં હતાં. બાપે થોડો વખત વગર ટિકિટે છોકરાંઓને સેકન્ડ ક્લાસમાં બેસાડવાથી લલ્લુભાઇનો સત્ય પ્રેમ ઘવાયો. થર્ડ ક્લાસની ટિકિટ વડે સેકન્ડ ક્લાસની મુસાફરી આપણાથી કેમજ થાય? એવો વિચાર કરીને તેમણે પિતાજીને પૂછ્યા વિનાજ રેલ્વે કંપની પર સેકન્ડ ક્લાસનું ભાડું મોકલાવી આપ્યું હતું.

આ પ્રસંગ લલ્લુભાઇના ચારિત્ર્યની મહત્તા દર્શાવે છે.

('ગુજરાત'માંથી)

२४१–एक जापानी अमलदारनुं परोपकारार्थे पुत्रबलिदान

જાપાનમાં મિચિજેન નામનો એક બહાદુર માણસ થઈ ગયો છે. એ બધાનું ભલું કરતો હતો, એટલા માટે બધા એને ચાહતા હતા અને એનો ઘણો આદર કરતા હતા. બધે ઠેકાણે એની પ્રશંસા થતી હતી, એ જોઇને કેટલાક લોકો એના ઉપર દાઝે બળવા લાગ્યા અને એને નુકસાન પહોંચાડવાના ઉપાય કરવા લાગ્યા.

એક દિવસ કેટલાક લોકોએ જાપાનના રાજા આગળ મિચિજેનની ચાડી ખાધી અને કહ્યું કે, " આપ સાવધ રહેજો. મિચિજેન ઘણોજ બદમાશ છે. એ પ્રજાને પોતાના પક્ષમાં મેળવી લઇને આપનું રાજ્ય છીનવી લેવાનો લાગ શોધી રહ્યો છે. આપ એનાથી બચશો નહિ તો જરૂર કોઇ દિવસ એ આપને છેતરશે." રાજાઓને તો કાનજ હોય છે. વધારે ઊંડી તપાસ કરવાની તસ્દી કોણ લે? એ વાત સાંભળતાંવારજ રાજા પુષ્કળ ગુસ્સે થયો અને આગળ પાછળનો વિચાર કર્યા વિનાજ બોલી ઊઠ્યો કે, " એ બદમાશને તરતજ દેશનિકાલ કરો. એ અહીંયાં રહેવાજ નહિ પામે, તો પછી રાજ્ય પડાવી લેવા ક્યાંથી આવશે ? "

બિચારા દેશભક્ત મિચિજેનને દેશનિકાલ મળ્યો. એને એક નાનો છોકરો હતો. જતી વખતે મિચિજેન એને પોતાના એક મિત્ર ગેંજોને સોંપતો ગયો. ગેંજો પાઠશાળામાં શિક્ષકનું કામ કરતો હતો. તે એ બાળકને ઘણા પ્રેમથી ભણાવવા લાગ્યો.

મિચિજેનના દુષ્ટ શત્રુઓને એટલેથી પણ સંતોષ ન વળ્યો. એમણે ફરીથી રાજાને કહ્યું કે, " ગેંજો ઘણોજ બદમાસ છે. એ મિચિજેનનો મિત્ર છે. એ એના છોકરાને પોતાના ઘરમાં રાખીને

ભણાવે છે.” રાજાએ તરત હુકમ આપ્યો કે, “એ છોકરાને તરત મારી નાખો. સાપનાં બચ્ચાં સાપજ નીવડે છે.”

ગેંજોને ખબર મોકલવામાં આવી કે, “અમુક વખતે મિચિજેનના છોકરાને પાઠશાળામાં હાજર રાખવો.”

હવે ગેંજોને મિચિજેનના બાળકને બચાવવાની ફિકર પડી. એણે એ બાળકને ક્યાંક સંતાડી દીધો. એજ વખતે એક મોટા ઘરની સ્ત્રી એક બાળકને પાઠશાળામાં લઇને આવી. એ બાળક ઘણોજ સુંદર હતો અને મિચિજેનના બાળકને દેખાવમાં મળતો આવતો હતો. ગેંજોએ વિચાર કર્યો કે, આ બાળકને મિચિજેનના બાળક તરીકે ઓળખાવું તો કામ ચાલી જશે. એટલામાં તો રાજાએ મોકલેલો અમલદાર પાઠશાળામાં આવી પહોંચ્યો.

ગેંજોએ પોતાની તલવાર હાથમાં લીધી. એણે વિચારી રાખ્યું હતું કે, “આજ મારો ભેદ ઊઘાડો પડી જશે તો, કાં તો આ અમલદારને મારી નાખીશ અથવા તો હુંજ મરી જઇશ.” પરંતુ એ નવો આવેલો બાળક એજ અમલદારનો છોકરો હતો. એ અમલદાર ઘણોજ દયાળુ હતો. એ જાણતો હતો કે, મિચિજેન અને તેનો પુત્ર બન્ને તદ્દન નિર્દોષ છે. એમને મારી નાખ્યાથી ઘણું પાપ લાગશે. એણે પોતેજ મિચિજેનના બાળકને બચાવવા સારુ પોતાના બાળકને નિશાળમાં મોકલ્યો હતો. બાળકની સાથે જે સ્ત્રી આવી હતી તે પણ એની માતા—મિચિજેનના પુત્રની હત્યા સારુ રાજાએ મોકલેલા અમલદારની પત્નીજ—હતી! એ સ્ત્રી પણ ઘણીજ દયાળુ અને પરગજુ હતી.

અમલદારે ગેંજોને પૂછ્યું કે, “મિચિજેનનો બાળક ક્યાં છે?” ગેંજોએ ચૂપચાપ પેલા બાળક તરફ ઇશારો કર્યો. અમલદારે પોતાના જીવને કઠણ કરીને કહ્યું: “હા એજ મિચિજેનનો પુત્ર છે, હું એને ઓળખું છું.” તરતજ એ લોકોએ બાળકને એક તરફ લઇ

જઇને કતલ કર્યો!

એ અમલદાર ઘેર ગયા પછી એની સ્ત્રીએ પૂછ્યું કે, “ મિચિ-જેનનો છોકરો તો બચી ગયો ને?” અમલદારે જવાબ આપ્યોઃ હા, પણ એને સાટે તારા છોકરાની તો હત્યાજ કરવી પડી ને!” હૃદયને વીંધી નાખે એવા એ સમાચાર સાંભળવા છતાં એ સ્ત્રીના મુખ ઉપર જરા પણ ઉદાસી તો નજ છવાઇ, પણ એણે તો ઊલટું પ્રસન્નતાથી એમજ કહ્યું કે, “ મારો છોકરો પુણ્યને ખાતર–બીજાનો જીવ બચાવવાનેજ મર્યો છે ને? એટલે પછી એમાં શોક શો કરવો?”

ધન્ય છે એ બાળકનાં વીર માતાપિતાને! પારકાના રક્ષણ સારુ સંસારમાંની પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુ–જે પુત્ર, તેનું પૂરી શાંતિ-પૂર્વક બલિદાન આપનાર વીર મનુષ્યો આ જગતમાં ઘણાજ થોડા છે. આપણા દેશમાં પણ વીર ધાત્રી પન્ના એવોજ અસાધારણ ત્યાગ કરીને અમર યશ પ્રાપ્ત કરી ગઈ છે.

(‘ મનોરંજક ઐતિહાસિક કહાનિયાં ’માંથી)

૨૪૨–आदर्श पत्रकार शिशिरकुमार घोष

સ્વતંત્રપણે પ્રજાનો અધિકાર જણાવવા અને સરકારનાં કે સરકારી અમલદારોનાં ગેરવાજબી કામો ઉપર પ્રસંગ આવ્યે સખ્ત ટીકા કરવા માટે ‘ અમૃતબઝાર પત્રિકા ’ બહુ સુપ્રસિદ્ધ છે. તેના તંત્રી શિશિરકુમાર ઘોષ બહુજ સ્વતંત્ર સ્વભાવના અને નિર્લોભી માણસ હતા.

સર એસ્લી એડન, બંગાળાનો ગવર્નર હતો. એને સત્તાનો ઘણો શોખ હતો. પોતાનીજ ઇચ્છાનુસાર દૃઢતાથી બંગાળા ઉપર શાસન કરવાનો તેને અભિલાષ હતો. એની રાજનીતિ વિરુદ્ધ સખ્ત

ટીકા કરીને શિશિરકુમાર તેના અખંડ પ્રતાપની આડે આવતા હતા. આથી 'પત્રિકા' ગવર્નર સાહેબને કંટકરૂપ લાગી અને અધિપતિને જીતી લેવા રાજનીતિનું પ્રથમ શસ્ત્ર 'સામ' વાપરી જોયું. તેમણે શિશિરબાબુને બોલાવી નમ્રતાથી સમજાવ્યું કે, " હું, તમે અને ક્રિસ્ટોદાસ (કૃષ્ણદાસ) પાલ, ત્રણે જણા મળી આખા પ્રાંત ઉપર રાજ્ય ચલાવી શકીશું. ક્રિસ્ટોદાસે મારી સલાહ અનુસાર તેમનું પત્ર (હિંદુ પેટ્રિયટ) કાઢવા કબૂલ કર્યું છે અને હિંદુ પેટ્રિયટમાં જેમ હું લેખો લખું છું, તેમ તમારે પણ કરવું. જો તમે સરકારની ટીકા કરનારો કોઇ લેખ લખો, તો તેમ કરતાં પહેલાં તેની હસ્તલિખિત નકલ મને બતાવવી અને તેના બદલામાં સરકાર તમારા પત્રની નકલો ખપાવવામાં ઘણી મદદ કરશે. તમારી અને ક્રિસ્ટોદાસની સલાહ હું ખુશીથી બંગાળાનું શાસન કરવામાં લઈશ. "

બાબુ સાહેબ મૂંઝાયા. એ વખતે એમની આર્થિક દશા દયાજનક હતી. પત્રિકાના ગ્રાહક બહુ થોડા હતા. કલકત્તામાં હજુ એ ઠરી ઠામ બેઠા નહોતા. આવા સંયોગોમાં બંગાળાના લૅફટેનંટ ગવર્નરે આવી ભારે લાલચ બતાવી. બીજો કોઇ હોત તો લાલચમાં ફસાઇ જાત. આપણા અનેક નેતાઓ એવી પ્રલોભન–જાળમાં ફસાઇ ચૂકયા છે; પણ શિશિરકુમાર તો આદર્શ અને ધીર પુરુષ હતા. લક્ષ્મી વરવા આવે તોપણ ન્યાયના માર્ગમાંથી જરા પણ ચળે નહિ એવા એ દૃઢ વીર હતા. પોતાની પ્રત્યે ગવર્નર સાહેબે બતાવેલી એ કૃપા માટે ઉપકાર માનીને તેમણે ધીમે રહીને કહ્યું કે, " નામદાર ! અમારા દેશમાં એકાદ પણ પ્રમાણિક પત્રકાર રહેવોજ જોઇએ. "

સાહેબનો મિજાજ ગયો. તેમણે શિશિરબાબુને પાયમાલ કરી દેવાની ધમકી આપી અને એ ધમકીનો અમલ કરવા સારુ વડી

સરકારમાં સખ્ત લખાણુ કરી દેશી ભાષામાં પ્રગટ થતાં પત્રોની સ્વતંત્રતા કચડી નાખનારો 'પ્રેસ એકટ' (છાપખાનાનો કાયદો) પસાર કરાવ્યો. શિશિરબાબુ અને તેમના ભાઇ મોતીલાલજીએ 'અમૃતબઝાર પત્રિકા' જે અત્યાર સુધી દેશી અને અંગ્રેજી બે ભાષામાં નીકળતી હતી, તેને કેવળ અંગ્રેજીમાંજ પ્રગટ કરવા માંડી અને સર એસ્લી એડનની પ્રપંચજાળ તોડી નાખી.

('શ્રીયુત મોતીલાલ ઘોષના જીવનચરિત્ર' ઉપરથી)

२४३-एक गामडियानी प्रभुमां दृढ श्रद्धा

યુરોપમાં કૉલિન્સ નામનો એક નાસ્તિક થઇ ગયો છે. ઈશ્વર ઉપર તેને વિશ્વાસ નહોતો, કારણુ કે તેની બુદ્ધિમાં એના અસ્તિત્વની દલીલો ઊતરતી નહોતી. એક વાર એ બહાર જઈ રહ્યો હતો, એટલામાં માર્ગમાં એને એક ગામડિયો મળ્યો. કૉલિન્સે એને પૂછ્યું કે, "ભાઈ! ક્યાં જાય છે?" ગામડિયાએ જવાબ આપ્યો કે, "દેવળમાં."

"ત્યાં જઇને શું કરીશ?"

"પ્રભુને ભજીશ."

"ઠીક, એ તો બતાવ કે, તારો પરમેશ્વર નાનો છે કે મોટો?"

"એ બન્ને છે. નાનો પણ છે અને મોટો પણ છે સાહેબ!"

"એમ તે બની શકે? એ નાનો અને મોટો બન્ને કેવી રીતે હોઇ શકે?"

"સાહેબ! એ એવડો મોટો છે કે, મોટામાં મોટું સ્વર્ગ પણ એનો સમાવેશ ન કરી શકે અને એ એટલો બધો નાનો પણ છે કે તે મારા નાનાસરખા હૃદયમાં પણ વસી શકે છે." આ સરળ ઉત્તરની કૉલિન્સના હૃદય ઉપર ઊંડી અસર થઈ અને તે એ દિવસથી આસ્તિક બન્યો. એણે કબૂલ કર્યું છે કે, ઈશ્વરની વિરુદ્ધ

લખાયલા અનેક ગ્રંથોથી તેના પર જેટલી અસર થઈ હતી, તે સર્વના કરતાં વધારે અસર આ સરળ હૃદયના ગામડિયાના દૃઢ શ્રદ્ધાથી ભરેલા સાદા જવાબથી થઈ.

આપણાં ઉપનિષદો પણ બ્રહ્મનું વર્ણન કરતાં એજ કહી ગયાં છે કે, એ મોટામાં મોટો અને અણુથી પણ નાનો છે.

૨૪૪–પતિપ્રેમની પરાકાષ્ઠા

અંગ્રેજોમાં છૂટાછેડા કરવાનો રિવાજ છે, તોપણ મિસિસ વિલેટ નામની એક અંગ્રેજ મહિલાએ પોતાનો પતિ રક્તપિત્તના ચેપી રોગથી પીડાતો હોવા છતાં એને ખાતર પોતાના સુખ અને સ્વાસ્થ્યનો પરિત્યાગ કરીને જે આત્મસમર્પણ કર્યું છે, તે હાલના જમાનામાં બોધ લેવા યોગ્ય છે. એ સન્નારીની કથા અમે એના પોતાનાજ શબ્દોમાં નીચે ઉતારીએ છીએ.

“ પોતાનીજ ઇચ્છાથી કબરમાં દટાવું અથવા મિત્રમંડળી, સ્વજન અને સંસારની બધી વાસનાઓને છોડીને એકાંતવાસ કરવો, એ કોઈ લલના સ્વીકારશે નહિ, તો પછી મારા જેવી એક મહિલા, કે જેનો મિત્રસમુદાય ઘણો મોટો હોય અને જેને ધન તથા બીજાં સાંસારિક સુખોની મણા ન હોય, તે એકાંતવાસનું નામ સાંભળીનેજ અપાર દુઃખ પામે તો તે સંભવિત છે. ભૂમંડળના પ્રસિદ્ધ ચિત્રકારોનાં રમણીય ચિત્રો દરરોજ નીરખવાનો મને ઘણો શોખ છે. ગૉલ્ફ, ટેનિસ ઇત્યાદિ પાશ્ચાત્ય રમતો રમ્યા વગર મારો એક પણ દિવસ સુખમાં નથી વીતી શકતો. એ બાબતો ઉપર મને જન્મથીજ પ્રેમ હતો, પણ પરણ્યા પછી તો એ પ્રેમ ઘણો વધી ગયો હતો; પરંતુ હાય ! ઈશ્વરેચ્છા કાંઈ બીજીજ હતી. હું જ્યારે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને સંસારનાં એ સુખોની તરફ તૃષ્ણા-

ભરી દૃષ્ટિ નાખી રહી હતી, ત્યારે મારા પતિ એ સમયે માંદા હોવાથી તેમના ડૉકટરે કહ્યું કે, “ મારે ઘણી દિલગીરી સાથે આપને જણાવવું પડે છે કે, આપના પતિની અવસ્થા ઘણીજ શોચનીય થતી જાય છે. એમને રક્તપિત્તનો રોગ લાગુ પડયો છે; એટલે એમને અહીંથી ખસેડીને બીજા કોઈ એવા એકાંત સ્થળમાં લઇ જવા પડશે, કે જ્યાં માણસોની આવ–જા બિલકુલ ન હોય. કેમકે લોકોની વચમાં રહેવાથી બીજા લોકોને એ રોગ લાગવાનો સંભવ છે.”

મનુષ્યના ઉપર વજ્રપાત થાય તો તેની કેવી દશા થાય? તેવો અનુભવ મને ડૉકટરની એ વાત સાંભળીને થયો. મારા પતિદેવ કે જેમની સાથે મારો પવિત્ર સંબંધ થયે થોડાકજ સમય થયો હતો, તેમને પોતાના દોસ્તો અને સગાંવહાલાંઓને છોડીને એકાંતવાસમાં પોતાનું આયુષ્ય પૂરું કરવું પડશે! એ વાતનો વિચાર કરતાં મારા હૃદયને દારુણ દુઃખ થવા લાગ્યું; પરંતુ ડૉકટરની ઇચ્છાવિરુદ્ધ કાંઈ પણ કરવું અસંભવિત હતું. થોડાકજ સમયમાં મારા પતિદેવને ત્યાંથી ખસેડીને ‘બિટર–રૂટ’ નામની પહાડી ટેકરી ઉપર પહોંચાડી દેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. મેં ડૉકટરને પૂછ્યું કે, “ હું એમની સાથે જઇ શકીશ? ”

એમણે કહ્યું કે, “ આપના જવામાં મારે કાંઈ વાંધો નથી; પરંતુ તેથી એક દિવસ આપને પણ એ રોગના પંજામાંથી બચવાનું વસમું થઇ પડશે. માટે ભવિષ્યનાં સુખોને તિલાંજલિ આપીને જો તમે તમારું શેષ જીવન પોતાના પતિની સાથે ગાળવા માગતાં હો, તોજ ત્યાં જતાં હું આપને રોકી શકું નહિ. ”

“ મારા મનમાં અનેક વિચારો ઉત્પન્ન થયા. મેં પહેલાં પતિદેવની તરફ જોયું અને પછી સંસારના સુખની તરફ! એક તરફ મારો પતિપ્રેમ હતો અને બીજી તરફ સંસારનાં સુખ હતાં; પરંતુ લગ્ન વખતે મેં શું એ વાતની પ્રતિજ્ઞા નહોતી લીધી કે, દુઃખ

તથા સુખ બન્નેમાં હું સદા એમની સાથે રહીશ ? મારે માટે બીજો રસ્તો હોઈજ ન શકે. પતિસેવાની આગળ સંસારનાં બધાં સુખ તુચ્છ છે. મેં પતિદેવની સાથે જવાનો નિશ્ચય કર્યો.

"જ્યારે મારા પતિદેવે મારા આ નિશ્ચયની વાત જાણી, ત્યારે એ ઘણા દિલગીર થયા. એ નહોતા ચાહતા કે, એમને ખાતર મારું જીવન પણ કષ્ટમય થઈ જાય. એમણે મને સાથે લઇ જવાની ના કહી. એમણે મને સમજાવ્યું કે, ત્યાં કોઈ સગા-સંબંધીને મળવું અઘરું થઇ પડશે. વળી ત્યાંનો ભયંકર એકાંતવાસ માણસને ગાંડો બનાવી દે એવો હોય છે. એમણે એ પણ કહ્યું કે, ત્યાં સંસારના કોઈ પણ માણસ સાથે સંબંધ નહિ રહે. એમની સાથે રહેવાથી મને પણ એ રોગ લાગુ પડશે, એ બીક એમણે બતાવી. એ પ્રમાણે બીજું ઘણુંયે કહ્યું, પણ હું મારા નિશ્ચયથી ફરનારી નહોતી. જ્યારે બીજાઓએ મારો નિશ્ચય સાંભળ્યો, ત્યારે કેટલાકે મારાં વખાણ કર્યાં; પણ ઘણાઓએ તો કહ્યું કે, મારા જેવી ભણેલી-ગણેલી અને પૈસાવાળી સ્ત્રીએ આ પ્રમાણે સંસારને તિલાંજલિ આપવી એ સારું નથી. એ બધી વાતોની મારા હૃદય ઉપર કાંઇ પણ અસર ન થઇ. પરણતી વખતે મેં એવી પ્રતિજ્ઞા કરી હતી કે, જિંદગી સુધી હું એમનો સાથ નહિ છોડું અને સંપત્તિ તથા વિપત્તિમાં એમની સાથેજ રહીશ. જો આવે વખતે હું એમનો સાથ છોડી દઉં તો મારી પ્રતિજ્ઞાનો શો અર્થ થાય અને ઇશ્વરની આગળ મારાં કૃત્યોને માટે હું શો જવાબ દઉં ?

ત્યાર પછી થોડાજ દિવસોમાં અમે લોકો નક્કી કરેલે ઠેકાણે જઇ પહોંચ્યાં. ત્યાં મિત્રોની સોબત નહોતી, તેમજ મનોરંજનનાં કોઈ સાધન નહોતાં. અહીંયાં બંધુવર્ગનો આનંદદાયક સહવાસ નહોતો, તેમજ આરામની ગોઠવણ નહોતી; પરંતુ એ વાતોથી મારું ચિત્ત જરા પણ ડગ્યું નહિ. મારી આ સ્થિતિ ક્યાં સુધી

રહેશે, તે હું કહી શકતી નથી. હું જાણું છું કે, જે રોગ મારા પતિદેવને દારુણ દુઃખ દઈ રહ્યો છે, તે એક દિવસ મને પણ પોતાનો શિકાર બનાવશે. મારા પતિનું ધૈર્ય એજ મારો આધાર છે. મારે ખિન્નતા પ્રગટ નથી કરવી, કેમકે ખરેખર હું ખિન્ન નથી. કસોટીના વખતમાં પણ હું કર્તવ્યપાલનથી વિચલિત નથી થઈ, એ જોઇને મારા પતિદેવ આનંદ પામશે. એ વાતથી મને પણ અપાર આનંદ થાય છે! જો હું દુનિયામાં મારી બહેનોને દાખલો બેસાડી શકું તો મારું જીવન સાર્થક થશે, એટલુંજ હું જાણું છું."*

પોતાનાં સર્વ પ્રકારનાં સાંસારિક સુખોને લાત મારી લગ્નની વિશુદ્ધ પ્રતિજ્ઞાઓનું પાલન કરવાના ઉચ્ચ કર્તવ્યથી પ્રેરાઇ આવી પતિસેવા કરનાર સ્ત્રી કોઇ પણ દેશમાં હોય તો તે પૂજનીયજ છે.

२४५–नेपोलियननी प्रमाणिकता

ઉપર જણાવેલા યુદ્ધ પછી થોડે સમયે નેપોલિયનનું સૈન્ય વિજય કરતું કરતું મિલાન શહેરમાં જઈ પહોંચ્યું. મોડેનાનો રાજા ત્યાં આગળ એને શરણે આવ્યો અને તેની પાસેથી દંડ તરીકે વીસ લાખ ડૉલર અને તેની ચિત્રશાળાનાં વીસ ઉત્તમોત્તમ ચિત્રો લેવામાં આવ્યાં. આ સંધિનો કરાર જ્યારે લખાતો હતો, ત્યારે એક ફ્રેંચ અમલદાર નેપોલિયનની પાસે આવીને કહેવા લાગ્યો કે "મોડેનાના રાજાનો ભાઈ આઠ લાખ સોનાના ડૉલર લાવ્યો છે. તે તમને ભેટ આપવા ઇચ્છે છે. મારી પણ તમને સલાહ છે કે, તમે તેનો સ્વીકાર કરો. એમાં શું? એના બદલામાં રાજાના દંડમાંથી કાંઇક ઓછું કરજો." નેપોલિયને જવાબ આપ્યો કે,

* 'ચાંદ' વર્ષ ૪, ખંડ ૨, સંખ્યા ૨માંના શ્રીયુત શિવમંગલ પાંડેય તથા શ્રીયુત અમૃતલાલ કસનજી નાયકના લેખ ઉપરથી.

"હું રાજાનો આભાર માનું છું, પણ એ નાણું લઈને તેના દબાણ નીચે આવવા ચાહતો નથી." દંડની કુલ રકમ લશ્કરની તિજોરીમાં જમા થઈ અને નેપોલિયને એક દમડી પણ લીધી નહિ.

('નેપોલિયનના ચરિત્ર'માંથી)

૨૪૬–एक अनुभवी अंग्रेजनी हितावह शिखामणो

કેટલાંક વર્ષ ઉપર હડસનના ઉપસાગરમાં "હેન્રી કલે" નામનું વહાણ બળી ગયું, ત્યારે તેમાં ડૂબી મરેલા ઓ. સ્ટીવન એલનની નાની નોંધપોથીમાંથી એક નાનો છાપેલો કાગળનો કટકો મળી આવ્યો હતો. એ કોઈ વર્તમાનપત્રમાંથી કાપી કાઢેલો હોય એમ જણાતું હતું, પણ એમાં સોનાની શિખામણો ભરેલી હોવાથી અમે અમારા વાચકોના બોધ સારુ તેનો સાર નીચે આપીએ છીએ.

(૧) વચન આપતા નહિ.
(૨) નિત્ય સાચું બોલો.
(૩) કદી કોઇનું ભૂંડું બોલતા નહિ.
(૪) સંગત કરો તો સારી કરજો, નહિ તો બિલકુલ કરશો નહિ.
(૫) કામધંધામાં નિયમિત રહો.
(૬) સટ્ટો કરીને કદી નસીબ અજમાવશો નહિ.
(૭) કોઇપણ જાતનું કેફી પીણું પીશો નહિ.
(૮) સદાચરણ બીજી સઘળી વસ્તુઓ કરતાં શ્રેષ્ઠ છે.
(૯) તમારી છૂપી વાત કોઇને કહેશો નહિ.
(૧૦) બનતા સુધી ઉછીના પૈસા પણ લેશો નહિ.
(૧૧) સ્ત્રીનું ગુજરાન કરવા શક્તિમાન ન હો ત્યાંસુધી તમે પરણશો નહિ.
(૧૨) સુખી થવા ઇચ્છતા હો તો નિર્દોષ થવા યત્ન કરો.

(૧૩) કોઇ સાથે વાત કરો, ત્યારે તેના સામું જોઇને કરવી.
(૧૪) જો સારા થવા ચાહતા હો તો પૈસાદાર થવાનો લોભ રાખતા નહિ.
(૧૫) સદા આવક કરતાં ખર્ચ ઓછો રાખો.
(૧૬) જુવાનીમાં બચાવો તોજ ઘડપણમાં કામ આવે.
(૧૭) લાલચ સામે ટકી ન શકવાની ધાસ્તીથી દૂર રહો.
(૧૮) કદી કરજ કરશો નહિ.
(૧૯) શાંત મનથી નાના અને દૃઢ ફાયદા પ્રાપ્ત થાય છે.
(૨૦) સારી સંગત અને સારી વાતચીત એજ સદ્ગુણનાં લક્ષણ છે.
(૨૧) તમને હાનિ કે લાભ થવાનો આધાર તમારાં પોતાનાં કામો ઉપર છે.
(૨૨) જો તમારું કોઇ ભૂંડું બોલે તો તમે તમારી જિંદગીમાંજ તમારા વર્તનથી એવું સિદ્ધ કરી આપજો કે, કોઈ તેને માને નહિ.
(૨૩) જ્યારે તમે રાત્રે સૂવા જાઓ, ત્યારે દિવસના કામનો વિચાર કરજો.
(૨૪) કદી આળસુ રહેતા નહિ. જો તમારા હાથનો કંઇ ઉપયોગ થઈ શકતો ન હોય તો તમારું મન કામમાં રોકો.

આ શિખામણોને મનુષ્ય રોજ ધ્યાનમાં રાખે તો જીવનમાં સફળતા મળ્યા વગર રહેજ નહિ. ('સ્ત્રીબોધ'માંથી)

૨૪૭–ब्राह्मणपणानुं मुख्य लक्षण सत्यवक्तापणुं छे

જબાલાં નામની દાસીના ગર્ભમાં જન્મ પામેલો જાબાલ એક દિવસે મહર્ષિ ગૌતમની પાસે ધર્મશાસ્ત્ર ભણવા સારુ ગયો. ગુરુએ તેને પૂછ્યું કે, "તું કોણ છે? કયા ગોત્રનો છે?" જાબાલે કહ્યું

કે, "મારું નામ જાબાલ છે, પણ મારું ગોત્ર કયું છે તેની મને ખબર નથી."

પછી એ બાળક પોતાની માતા જબાલાની પાસે ગયો અને પૂછવા લાગ્યો કે, "હે માતા! હું બ્રહ્મચારી તરીકે ગુરુની સમીપ રહેવા ઇચ્છું છું; માટે હું કયા ગોત્રનો છું, તે મને કહો."

માતાએ કહ્યું કે, "તારા પિતાનું ગોત્ર હું જાણતી નથી. મારું નામ જબાલા છે અને તારું નામ સત્યકામ પાડેલું છે; માટે કોઇ પૂછે તો કહેજે કે, હું સત્યકામ જાબાલ છું."

સત્યકામે ગુરુની પાસે જઇને એ વાત યથાવત્ કહી. ગુરુને ખાતરી થઇ કે, બ્રાહ્મણના દીકરા સિવાય આટલી સરળતાથી સાચી વાત બીજો કોઇ કહી દે નહિ. "તું સત્યને વળગી રહ્યો છે, માટે હું તને બ્રાહ્મણ ગણીને તારો ઉપનયન સંસ્કાર કરીશ." એમ કહી તેમણે સત્યકામને જનોઈ આપીને બ્રહ્મચર્યવ્રતની દીક્ષા આપી તથા બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. જાબાલ પણ પછી ઘણો વિદ્વાન ઋષિ થયો. ('ઉપનિષદ'માંથી)

૨૪૮–साधुसमागमथी ज्ञानदेवने प्राप्त थयेली भक्ति

જ્ઞાનેશ્વર મહારાજ મહારાષ્ટ્રમાં એક મહાન સાધુ થઈ ગયા છે. એમણે ગીતા ઉપર સરળ ભાષામાં બહુ સારી ટીકા રચી છે. જ્ઞાન તો એમણે પોતાની મહેનત વડે સંપાદન કર્યું હતું; પણ ભક્તિ કેવી રીતે સંપાદન કરી તે સંબંધે એમ કહેવાય છે કે, એક દહાડો જ્ઞાનેશ્વરે 'નામદેવ' નામના પ્રખ્યાત સંતને કહ્યું કે, "મારી ઇચ્છા આપની સાથે રહી તીર્થયાત્રા કરવાની છે." તે ઉપરથી નામદેવે કહ્યું કે, "હું ઠાકુરદ્વારમાં જઇ દેવની આજ્ઞા લઈ આવું છું." એમ કહી બન્ને ઠાકુરદ્વારમાં ગયા. દેવની આજ્ઞા લેતી વખતે

નામદેવની આંખોમાં ભક્તિના પ્રભાવથી અશ્રુ ભરાઇ આવ્યાં, પણ જ્ઞાનેશ્વરની આંખમાં પાણીનું એક ટીપું પણ ન આવ્યું. જ્ઞાનદેવ સમજી ગયા કે, નામદેવજીના હૃદયમાં ઊંડી પ્રભુભક્તિ રહેલી છે. પછી નામદેવજી સાથે તીર્થયાત્રા કરીને જ્ઞાનેશ્વર મહારાજે પણ ઉત્તમ પ્રકારની પ્રભુભક્તિ સંપાદન કરી અને ત્યારેજ તેમને દેહનું સાર્થક થયેલું લાગ્યું અને ત્યારેજ તેઓ ઈશ્વરના સહવાસમાં આવવાને યોગ્ય થયા.

ખરીજ વાત છે કે, ભક્તિ વગરનું શુષ્ક જ્ઞાન નકામું છે.

('મહાદેવ ગોવિંદ રાનડેનાં વ્યાખ્યાનો'માંથી)

૨૪૯–आफतमां पण राजा आल्फ्रेडनी उदारता

પોતાના ભાઈના મૃત્યુ બાદ આલ્ફ્રેડ વિલાયતનો રાજા થયો. એ સમયે ડેન લોકોએ આખા ઈંગ્લૅંડમાં તોફાન મચાવી મૂકયું હતું. એ લોકો ડેન્માર્ક દેશના નિવાસી હતા અને લૂંટફાટ કરવા સારુ વિલાયતમાં જતા હતા. એ લોકો જ્યાં પહોંચતા ત્યાં લૂંટફાટ કરતા, ગામડાંઓને આગ લગાડી દેતા અને જે કાંઇ હાથ આવે તેનો નાશ કરતા. એમના ત્રાસથી દેશમાં હાહાકાર મચી રહ્યો હતો અને બધા ગભરાઈ ગયા હતા.

રાજગાદી ઉપર બેસતાંજ આલ્ફ્રેડને ડૅન લોકોનો નાશ કરવા સારુ તૈયાર થવું પડયું, ફોજ એકઠી કરવામાં આવી અને લડાઇ જામી ગઈ. ડૅન લોકો ઘણા બળવાન હતા. તેઓને લડતાં પણ સારી રીતે આવડતું હતું. એ યુદ્ધમાં અંગ્રેજોનીજ હાર થવા લાગી અને ડૅન લોકોનો ઉત્સાહ વધતો ગયો. સમરસેટશાયરની લડાઇમાં ડૅન લોકોએ રાજા આલ્ફ્રેડને બહુ સખ્ત હાર ખવરાવી. આલ્ફ્રેડ હારીને એથેલનીના નાના કિલ્લામાં સંતાઇ ગયો.

એ વખતે આલ્ફ્રેડની દશા ઘણી ખરાબ હતી. રજપૂતોની સ્વતંત્રતાને સારુ જીવસટેનું યુદ્ધ કરનાર રાણા પ્રતાપના જેવી એની દશા હતી. એની પાસે બહુ થોડા સિપાઇઓ બચ્યા હતા અને ખાવાપીવાનો સામાન પણ પાસે રહ્યો નહોતો. એથી આલ્ફ્રેડનું બળ બહુજ ઘટી ગયું હતું. કોઇ દિવસ એને પેટ ભરીને ભોજન કરવાનું મળતું નહોતું. એવે સમયે એક દિવસ એક ભિખારી આવી પહોંચ્યો. એની હાલત બહુ ખરાબ હતી. એને કેટલાયે દિવસથી પેટ ભરીને ખાવાનું નહોતું મળ્યું. એણે રાજા પાસે ભોજન માગ્યું.

રાજા ઘણા વિચારમાં પડ્યો. પોતાને તો પેટ ભરીને ભોજન મળ્યું નથી, તેમાં વળી આ ભિખારી આવી પહોંચ્યો. હવે એને શું આપવું ? આલ્ફ્રેડ ઘણો દયાળુ હતો. ભિખારીની દશા જોઇને એને બહુ દયા ઊપજી. એણે પોતાની રાણીને કહ્યું કે, “ તમારી પાસે જે કાંઈ હોય તે આ ભિખારીને આપી દો. બિચારો બહુ ભૂખ્યો જણાય છે. ”

રાણીએ ઉત્તર આપ્યો કે, “મારી પાસે શું છે તે એને આપું ? આપણા સિપાઇઓ ભોજનને સારુ સામાનની શોધમાં ગયા છે; પરંતુ એમને પણ કાંઈ મળે એમ નથી લાગતું. હત્યારા ડેન લોકો તો ચેનજ પડવા દેતા નથી. મારી પાસે કેવળ એક રોટલી રહી છે, જે મારું પણ પેટ ભરવાને પૂરતી થાય તેમ નથી. ”

એ સાંભળીને આલ્ફ્રેડ બહુ ખુશ થયો, એણે રાણીને કહ્યું કે, “ ઘણું છે, તું મારા ભાગની અડધી રોટલી એને આપી દે, પ્રભુને ત્યાં કશી ખોટ નથી. ”

રાણીએ પોતાના ભાગની પણ પરવા નહિ રાખતાં પ્રસન્નતા-પૂર્વક ભિખારીને આખી રોટલી આપી દીધી. એણે પોતાના ભાગની પણ પરવા ન કરી. ભિખારી એમને આશીર્વાદ દેતો ચાલ્યો

ગયો. થોડીકજ વારમાં એમના સિપાઇઓ ઈશ્વરકૃપાથી ભોજનની પુષ્કળ સામગ્રી લઇને પાછા આવ્યા અને બધાએ ખુશીથી ધરાઇને ભોજન કર્યું.

દરિદ્રનારાયણુની સેવા કરનારને ભગવાન કદી દુઃખી કરતો નથી.

('મનોરંજક ઐતિહાસિક કહાનિયાં'માંથી)

૨૫૦–નેપોલિયનની સત્યપ્રિયતા

નેપોલિયનના ફ્રેંચ સૈન્યને ઑસ્ટ્રિયાવાસીઓ સાથે લોદી નગર આગળ ભારે યુદ્ધ થયું હતું. 'અસંભવિત એ શબ્દ ફ્રેંચ ભાષાનો નથી.' એ મહાવાક્ય એણે એજ યુદ્ધ વખતે વાપર્યું હતું. એ યુદ્ધમાં શત્રુ ઑસ્ટ્રિયનોના અઢી હજાર સિપાઇઓ અને ચારસો ઘોડેસવારો જમીનદોસ્ત થઈ ગયા હતા અને વીસ તોપો તથા બે હજાર કેદીઓ ફ્રેંચોના હાથમાં આવ્યાં હતાં. નેપોલિયન તો એ સમયે હજી માત્ર નાનોસરખો કૉર્પોરલ હતો.

ઉત્તરાવસ્થામાં નેપોલિયન દેશનિકાલ થઇને સેન્ટ હેલિના ટાપુમાં રહેતો હતો, ત્યારે એક માણસે તેને લોદીના સંગ્રામનો હેવાલ વાંચી સંભળાવ્યો. તેમાં એવું લખ્યું હતું કે, "નેપોલિયને અત્યંત બહાદુરી બતાવી હતી અને તે સૌથી પહેલો પુલ ઓળંગી ગયો હતો તથા સરદાર લેની તેની પાછળ હતો." આ સાંભળીને નેપોલિયને કહ્યું કે, "આ લખાણમાં ભૂલ છે. અહીં ને અહીંજ સુધારવું પડશે. લેની તો મારી આગળ હતો, મારી આગળ હતો! અને હું એની લગોલગ પાછળ હતો." નેપોલિયન પણ કેટલો સત્યપ્રિય અને નિરભિમાની હતો, તે આ પ્રસંગ ઉપરથી જણાઇ આવે છે.

જે યશ જેને ઘટતો હોય તેનેજ તે યશ આપવો, એમાંજ

મોટાની વડાઈ છે. આ પ્રસંગે એ પણ જણાવવું અસ્થાને નહિ ગણાય કે, લોદીનો પુલ જીતવો એ ઘણું વિકટ કામ હતું. નેપોલિયનની બુદ્ધિ અને કુશળતાને લીધેજ એ પુલ જિતાયો હતો. નેપોલિયને એ સંબંધમાં કહ્યું હતું કે, "મેં પૅરિસનો બળવો સમાવ્યો તેમજ મોન્ટિનૉટનો સંગ્રામ જીત્યો, પણ તેથી મારા સામર્થ્યનો પૂરેપૂરો ખ્યાલ મને આવ્યો નહોતો; પરંતુ લોદીનો વિકટ પુલ જીત્યો ત્યારેજ મને એકાએક વિચાર આવ્યો કે, યુરોપના રાજનૈતિક નાટકમાં હું પણ મહત્ત્વનો પાઠ ભજવવાને સરજાયો છું. એજ દિવસથી મારા હૃદયમાં ઊંચામાં ઊંચા મનોરથો જાગૃત થયા હતા."

એ યુદ્ધનો મુખ્ય યશ એનોજ હોવા છતાં એ સંબંધી કોઈ પણ વિગત નોંધવામાં ભૂલ ન થાય અને બીજાનો યશ પણ પોતે ખાટી ન જાય, તેની એને ઘણી ચીવટ હતી.

('નેપોલિયનના ચરિત્ર'માંથી)

૨૫૧–બ્રાહ્મણપણું જન્મ કે જનોઈમાં નથી, પણ ગુણકર્મમાં રહેલું છે

મહાભારતના વનપર્વમાં પતિવ્રતા સ્ત્રીનું એક આખ્યાન છે. એક દિવસે એક બ્રાહ્મણ ભિક્ષા માટે એક ગૃહસ્થને ઘેર ગયો. ગૃહસ્થની સ્ત્રી તે વેળાએ ઘરના કામમાં લાગેલી હતી. તે જલદીથી ઘરનું કામ પૂરું કરી બ્રાહ્મણને ભિક્ષા આપવા જતી હતી, એટલામાં તેનો પતિ થાકચોપાક્યો ઘરમાં આવી પહોંચ્યો. સ્ત્રીને ભિક્ષા આપવાનો વખત મળ્યો નહિ. તે જલદીથી હાથમાં પંખો લઇને પતિની સેવા કરવામાં નિયુક્ત થઇ. બ્રાહ્મણ થોડી વાર થોભીને છેવટે ક્રોધાયમાન થઇને બોલ્યો કે, "બ્રાહ્મણ તને શ્રેષ્ઠ જણાયો

નહિ, પતિજ તને શ્રેષ્ઠ લાગ્યો ? ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળ્યા છતાં પણ તું બ્રાહ્મણની અવગણના કરે છે ?”

તે સાંભળી પેલી પતિપરાયણ સ્ત્રીએ ઉત્તર આપ્યો કે, “ હે ભગવાન્ ! આપ ધર્મનું તત્ત્વ જાણતા નથી, એમ લાગે છે. બ્રાહ્મણના વંશમાં જન્મ્યાથીજ કોઇ બ્રાહ્મણ થતો નથી અથવા યજ્ઞોપવિત ધારણ કર્યાથીજ કાંઇ બ્રાહ્મણ થવાતું નથી. પરંતુ ક્રોધ અને મોહરૂપી શત્રુઓને જે જીતી શકે છે, તેનેજ દેવતાઓ બ્રાહ્મણ જાણે છે. જે માણસ સત્યવાદી હોય, જે ગુરુસેવામાં તત્પર હોય, જે બીજાઓદ્વારા પોતાનું ભૂંડું થયું હોય છતાં તેનો અપકાર કરતો નથી; તેનેજ દેવતાઓ બ્રાહ્મણ જાણે છે. જે જિતેંદ્રિય છે, જે ધર્માનુરાગી છે, જે સ્વાધ્યાયમાં લાગેલો છે અને જે પવિત્ર છે તથા કામ–ક્રોધ જેને વશીભૂત છે, તેનેજ દેવતાઓ બ્રાહ્મણ જાણે છે. જે ધર્મજ્ઞ છે,જે બીજાના જીવને પોતાના આત્મા સમાન ગણે છે અને જે સર્વ પ્રકારે ધર્મનેજ અનુસરે છે, તેનેજ દેવતાઓ બ્રાહ્મણ જાણે છે.”

આ ઉપદેશમાં ઊંડું રહસ્ય રહેલું છે. કેવળ બાહ્યવિધિ કર્યાથીજ મનુષ્ય ધાર્મિક બનતો નથી. ધર્મ એ તો આચરણમાં ઉતારવાની વસ્તુ છે. જે કોઇ માણસ ચરિત્રની શ્રેષ્ઠતા સાધી શકે તેજ બ્રાહ્મણ છે અને તેજ પૂજ્ય છે. (મહાભારતના ‘વનપર્વ’માંથી)

૨૫૨–सर आशुतोष मुखोपाध्यायनी मातृभक्ति

સ્વર્ગસ્થ આશુતોષ મુખોપાધ્યાય કલકત્તા હાઇકોર્ટના ન્યાયાધીશ તથા વિશ્વવિદ્યાલયના વાઇસ ચેન્સેલર હતા. માતપિતા પ્રત્યે તેમને અત્યંત શ્રદ્ધા હતી. ઘણા મિત્રો તેમને વિલાયત જવાની સલાહ આપતા. એમને પણ વિલાયત જવાનું મન નહોતું થતું એમ નહિ. વિલાયત જવામાં પાપ માને એવા એ સાંકડા વિચારના

પણ નહોતા; પરંતુ એમની માતાને એમ કર્યાથી ખોટું લાગશે, એ વિચારથી એમણે વિલાયત જવાનો વિચાર માંડીજ વાળ્યો હતો. એમનો એ પણ વિશ્વાસ હતો કે, આ દેશમાં રહીને પણ મનુષ્ય સારામાં સારું શિક્ષણ મેળવી શકે છે.

લૉર્ડ કર્ઝન જ્યારે ભારતવર્ષના વાઇસરૉય હતા, ત્યારે એમણે એક દિવસ આશુતોષને બોલાવીને વિલાયત જવા સારુ આગ્રહ કર્યો. આશુતોષે એના ઉત્તરમાં જણાવ્યું કે, "મારી માતા વિલાયતગમનને પસંદ કરતી નથી, તેથી હું જઈ શકીશ નહિ."

ભારતનો ગવર્નર જનરલ વિલાયત જવાનો આગ્રહ કરી રહ્યો છે અને આશુતોષ "કેવળ માતાની મરજી નથી" એવું કારણ બતાવીને ના કહી રહ્યા છે, એવું જાણીને લૉર્ડ કર્ઝન જેવા સત્તાપ્રિય અધિકારીને ઘણી નવાઈ લાગી. મોટા મોટા રાજા-મહારાજાઓ પણ તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતા નહિ. આજે એક બંગાળી બ્રાહ્મણ તેની આજ્ઞાની અવજ્ઞા કરી રહ્યો છે! આશુતોષને તેમણે કહ્યું કે, "જાઓ, તમારી માતાને કહેજો કે, ભારતના ગવર્નર જનરલે તમને વિલાયત જવાનો હુકમ આપ્યો છે."

એના ઉત્તરમાં માતૃભક્ત આશુતોષે નિર્ભય ચિત્તે જવાબ આપ્યો કે, "એમ છે તો હું ભારતના ગવર્નર જનરલને કહીશ કે, આશુતોષ મુકરજી પોતાની માતાની આજ્ઞા તોડીને બીજા કોઇની આજ્ઞા સ્વીકારી શકશે નહિ-પછી ભલે તે 'બડા લાટ' હોય કે એના કરતાં પણ મોટો અમલદાર હોય!"

એ દૃષ્ટાંત ઉપરથી જણાય છે કે, આશુતોષ બાબુ માતપિતાને દેવ સમાન ગણતા હતા. ('બાંગલાર બાઘ આશુતોષના ચરિત્ર' ઉપરથી)

૨૫૩–ગુણવાનની કદર ગુણવાનજ કરી જાણે છે

ઇ. સ. ૧૮૮૭માં આશુતોષ મુકરજી ડૉ. રાસબિહારી ઘોષના હાથ નીચે હાઇકોર્ટમાં વકીલાત કરતા હતા. એ સમયે એક અંગ્રેજ અમલદારનું મૃત્યુ થયું. એની પાસે પુસ્તકો ઘણાં હતાં. એને હરાજ કરી નાખવાની જાહેરખબર છપાઇ. એના પુસ્તકસંગ્રહમાં ફ્રેંચ ભાષામાં લખેલા ગણિતવિદ્યાના બેએક ઘણા સારા ગ્રંથ હતા. આશુતોષને ગણિતનો ઘણો શોખ હતો અને ફ્રેંચ ભાષા પણ આવડતી હતી. એમની ઇચ્છા થઈ કે, "એ બે પુસ્તકો હું ખરીદી લઈશ."

હરાજીને વખતે એ નક્કી કરેલે સ્થાને જઈ પહોંચ્યા. તેમણે જોયું કે, એક સાહેબ ચોપડીઓનું લિલામ કરી રહ્યો છે; એટલામાં બે ઘોડાની બગીમાં બેસી એક અંગ્રેજ આવીને એ હરાજી કરનારાના કાનમાં કાંઇક કહી ગયો.

થોડી વારમાં એ બે પુસ્તકોમાંથી એકની હરાજી શરૂ થઈ. આશુતોષ જેટલી બોલી લગાવે તેના કરતાં એક રૂપિયો વધારે હરાજી કરનારો પોતે બોલે. એ પ્રમાણે આશુતોષે સો રૂપિયા સુધી કિંમત વધારી. હરાજી કરનારે એક સોને એક રૂપિયા બોલીને એ જૂનું પુસ્તક પોતાની પાસેજ રાખી લીધું.

ત્યાર પછી બીજા પુસ્તકનું લિલામ શરૂ થયું; એમાં પણ આશુતોષ જેટલી કિંમત બોલે, તેના કરતાં એક રૂપિયો વધારે પેલો હરાજી બોલનારો પોતે બોલે. એમ હરીફાઇ ચાલી. આશુતોષ પણ આંખ મીંચીને ચડસાચડસીમાં બોલી વધારતાજ ગયા. આખરે દોઢસો રૂપિયા આપવા તે તૈયાર થયા. હરાજીવાળા અંગ્રેજે એકસો એકાવન રૂપિયામાં એ જીર્ણ ગ્રંથને પોતાની પાસે રાખ્યો.

આશુતોષ એ બે જૂનાં પુસ્તકોને ખરીદી શકયા નહિ, પણ

હરાજી કરનારે શા સારુ એક એક રૂપિયો વધારે લગાડીને એ પુસ્તકો પોતાની પાસેજ રાખ્યાં, તે જાણવાની એમને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

તપાસ કરતાં પેલા હરાજી બોલનારા સાહેબે જણાવ્યું કે, “ થોડી વાર પહેલાં બે ઘોડાની બગીમાં બેસીને જે અંગ્રેજ આવ્યા હતા તે હાઈકોર્ટના જજ ઓકેનેલી સાહેબ હતા અને એ બે ગ્રંથ પોતાને સારુ ખરીદી લેવાનો હુકમ આપી ગયેલા, તેથી એમને સારુ આ બે ગ્રંથ રાખી લેવામાં આવ્યા છે.”

આશુતોષ નિરાશ વદને ઘેર પાછા ફર્યા. બીજે દિવસે હાઇકોર્ટના જજ સાહેબ પાસે બે પુસ્તકો સાથે રૂપિયા બસોબાવનનું બિલ ગયું, ત્યારે એમના આશ્ચર્યનો પણ પાર રહ્યો નહિ. તેમણે હરાજી કરનારને એનું કારણ પૂછ્યું. એણે ખુલાસો કર્યો કે, “ આશુતોષ મુકરજી નામનો એક બંગાળી યુવક એની કિંમત અઢીસો રૂપિયા સુધી લગાડી ગયો હતો, એટલે બે રૂપિયા વધારવામાં આવ્યા છે.

બીજે દિવસે અદાલતમાં જસ્ટિસ ઓકેનેલીએ ડૉકટર રાસબિહારી ઘોષને પૂછ્યું કે, “ આશુતોષ મુકરજી નામના કોઈ યુવકને તમે ઓળખો છો ? ”

ડૉ. રાસબિહારીએ કહ્યું કે, “ હાજી, એ મારા હાથ નીચેજ કામ શીખે છે. ”

જજ સાહેબે આજ્ઞા કરી કે, “ આશુતોષને મારી પાસે મોકલી આપજો. ”

ડૉ. રાસબિહારી ઘોષનો પરિચયપત્ર લઇને આશુતોષ જસ્ટિસ ઓકેનેલીની પાસે ગયા. જજ સાહેબે પરિચયપત્ર ફાડી નાખીને કહ્યું કે, “ તમારે માટે કોઇની ભલામણની જરૂર નથી. આ બે પુસ્તકોજ તમારો પૂરતો પરિચય આપે છે. ” એટલું કહીને એમણે

હરાજીમાંથી ખરીદ કરેલાં બે પુસ્તકો તેમની સંમુખ મૂકી દીધાં.

ત્યાર પછી જજ સાહેબે એ તરુણ વકીલ સાથે જાણે જૂના દોસ્ત હોય એ પ્રમાણે દિલ ખોલીને ખૂબ વાતચીત કરી. આશુતોષ પણ તેમના એ સદ્વ્યવહારથી મુગ્ધ થઇ ગયા. આશુતોષનું ઉચ્ચ શિક્ષણ તથા ગણિતવિદ્યા ઉપરનો અગાધ પ્રેમ જોઇને જજ સાહેબ ખુશ ખુશ થઇ ગયા અને તેમને એ બે પુસ્તકો ભેટ આપી દીધાં.

ગુણીજનોજ ગુણવાનની કદર કરે છે. ('બાંગલાર બાધ 'માંથી)

૨૫૪–रामकृष्ण परमहंसदेवनुं निरभिमान

એક દિવસ એક દૂબળોપાતળો ગરીબ માણસ ધૂળવાળી સપાટ પહેરીને ચટપટ કરતો આવીને "કેમ રે, રામકૃષ્ણ" કહેતો શ્રીરામકૃષ્ણ પરમહંસદેવની ગાદી ઉપર બેસી ગયો. ત્યાર પછી તેમના શરીરને થાબડીને કહ્યું કે, "મારે માટે એક ચલમ તો ભરી લાવ." પરમહંસદેવ તરતજ ઊઠીને ચલમ ભરી લાવવા ગયા. પાસે ઊભેલા ભક્તજનોએ દોડીને એમના હાથમાંથી ચલમ લઈ લઈને હુક્કો તૈયાર કર્યો. એ માણસ પરમહંસદેવના ગામનો હતો. થોડીવાર તમાકુ પીને "હવે ભાઈ રામ, હું જઇશ" કહીને તે ચાલ્યો ગયો. એના ચાલ્યા ગયા પછી ભક્તોએ પરમહંસદેવને કહ્યું કે, "અમે આટલા બધા હતા છતાં આપશ્રી જાતે તમાકુ ભરવા શા સારુ ગયા? અમને આજ્ઞા આપવી હતી." પરમહંસદેવે કહ્યું કે, "તમને ન કહ્યું તેમાં બગડયું શું?" કેવો વિનય!

('સદાલાપ 'માંથી)

२५५–सर आशुतोष मुखोपाध्यायनो विद्यार्थीओ प्रत्ये प्रेम

સર આશુતોષને વિદ્યાર્થીઓ પ્રત્યે ઘણોજ પ્રેમ હતો. પરીક્ષાઓ બહુ સખ્ત કરીને વિદ્યાર્થીઓનું લોહી ચૂસી લેવામાંજ યુનિવર્સિટીની નિપુણતા સચવાય છે, એવું એ માનતા નહોતા; એટલા માટે પરીક્ષકોના કાર્ય ઉપર પોતે ખાસ દેખરેખ રાખતા.

એકવાર એમણે જોયું કે, અમુક વિદ્યાર્થી લાગલાગટ કેટલાંક વર્ષથી મોઢાની પરીક્ષામાં નાપાસ થાય છે. બીજા બધા લેખિત વિષયોમાં એના ઘણા સારા નંબર આવે છે. એ ચતુર પરીક્ષક સમજી ગયા કે, મોઢાની પરીક્ષા લેતી વખતે એ વિદ્યાર્થી બિચારો ગભરાઇ જાય છે; તેથી તે બરાબર જવાબ દઇ શકતો નથી. બીજે વર્ષે એમણે પોતે એની મોઢાની પરીક્ષા લીધી.

વિદ્યાર્થી એમની પાસે આવ્યો, એટલે એમણે એને પરીક્ષાને લગતો એક પણ પ્રશ્ન પૂછ્યો નહિ, પણ સાધારણ વિષયોની વાતચીત કરવા માંડી; એથી વિદ્યાર્થીનો ભય જતો રહ્યો અને તેનામાં હિંમત આવી. એટલે ધીમે ધીમે આશુતોષે તેને પરીક્ષાને લગતા સવાલ પૂછવા માંડયા. વિદ્યાર્થીને પોતાના વિષયનું સારું જ્ઞાન તો હતુંજ. આગલાં વર્ષોમાં ગભરાટને લીધે તે ઠીક જવાબ દઇ શકતો નહોતો, તેથી એ નાપાસ થતો હતો. આ વર્ષે એની બીક જતી રહી અને એ સારે નંબરે પાસ થયો.

('બાંગલાર બાઘ સર આશુતોષચરિત્ર' માંથી)

२५६–एक अंग्रेज कामदारनी भूलभरेली समजण

એક અંગ્રેજ આગબોટમાં કોઈ એક નવો કપ્તાન નિમાયો.

હતો. તેને ઝાઝો અનુભવ નહોતો. કપ્તાનના કરતાં વધારે હોશિયાર બે-ચાર જણા તેના તાબામાં હતા. એક દિવસ કપ્તાન આગબોટ ચલાવી રહ્યો હતો, એવામાં તેમાંનો એક બોલ્યો કે, "આગબોટ જે વેગથી ચાલી જાય છે, તે વેગ જોતાં એક કલાકની અંદર તે ખડકની સાથે અથડાઇને નાશ પામશે." એ સાંભળીને બીજાએ કહ્યું કે, "તો પછી એ વાત કપ્તાનને કહેતો કેમ નથી?" તેણે ઉત્તર આપ્યો કે, "હું શા માટે કહું? એ કપ્તાન પોતાનું કામ કરી રહ્યો છે. તેની આજ્ઞા પાળવી એટલીજ આપણી ફરજ છે. તે આપણી સલાહ ન પૂછે ત્યાંસુધી આપણે આગળ પડીને ડહાપણ કરવું એ વાજબી નથી." આવા ભૂલભરેલા વિચારને લીધે ઉપરીને ચેતાવવાની ફરજ બજાવવી જોઇએ તે પણ કોઇએ બજાવી નહિ. આગબોટ ખડક સાથે અથડાઇને નાશ પામી. કેવી ભૂલભરેલી સમજણ! ('સદાલાપ'માંથી)

૨૫૭-नेपोलियननी विलक्षण शक्ति अने कार्यपद्धति

એક સાથે અસાધારણ માનસિક અને શારીરિક પરિશ્રમ કરીને નેપોલિયન અસાધ્ય દેખાતાં કાર્ય પણ સાધી શકતો. પોતાની કાર્યપદ્ધતિની વિલક્ષણતા તેણે નીચે પ્રમાણે પ્રકટ કરી હતી: "મારા મગજમાં જુદા જુદા વિષયોને માટે નોખાં નોખાં ખાનાં હોય, તેમ દરેક વિષયને તેના ખાનામાં ગોઠવી દઉં છું. મારે અમુક બાબતનો વિચાર ન આવવા દેવો હોય, તો હું તે બાબતનું ખાનું બંધ કરી દઉં છું; આથી કરીને મારા મગજમાં વિચારોનો ગૂંચવાડો થવા પામતો નથી. મારી નામરજી છતાં મારા મગજમાં વિચાર આવ્યા કરે અને તેથી કરીને મને ઊંઘ ન આવી હોય,

એવું કદી બન્યું નથી. મારે ઊંઘવું હોય છે, ત્યારે હું મારા મગજનાં તમામ ખાનાં બંધ કરી દઉં છું; એટલે મને તરતજ ઊંઘ આવી જાય છે. મારે જ્યારે આરામની જરૂર હોય, ત્યારે ગમે તે વખતે હું ઊંઘી લઉં છું અને લગભગ ઊંઘવાનો સંકલ્પ કરતાંની સાથેજ મને ઊંઘ આવે છે." કોઇ વાર છેવટનું પરિણામ લાવી મૂકે એવાં યુદ્ધોની તૈયારી પાછળ દિવસોના દિવસો અને રાતોની રાતો સુધી એક ઝોકું પણ લીધા વગર કામ કર્યા પછી જ્યારે તોપોના ધડાકા અને યોદ્ધાઓની વીરહાકનો ભયાનક કોલાહલ ચાલવા લાગ્યો હોય એવે વખતે પણ તે નિરાંતે ઊંઘ કાઢતો હોય એવાં અનેક દૃષ્ટાંતો જોવામાં આવ્યાં છે.

નેપોલિયનનો આ અદ્ભુત આત્મસંયમ યોગીઓને શોભે એવો હતો. ('નેપોલિયનના ચરિત્ર'માંથી)

૨૫૮–જગબંધુ દાસની દુઃખીપ્રત્યે સહાનુભૂતિ

દેશબંધુ ચિત્તરંજન દાસના દાદા શ્રીયુત જગબંધુ દાસ એક પરોપકારી પુરુષ હતા. થાક્યાપાક્યા મુસાફરોને સારુ તેમણે પોતાના ગામમાં એક ધર્મશાળા બંધાવી હતી. એ ઉપરાંત તેમનામાં કોઇ પણ પ્રકારનાં દુઃખિયાં માણસો પ્રત્યે દયાની લાગણી હતી. એક દિવસ એ પાલખીમાં બેસીને ગામ જઇ રહ્યા હતા. (એ વખતે બંગાળામાં મોટા માણસો પાલખીમાં બેસીને બહાર જતા.) રસ્તામાં તડકાને લીધે કંટાળી ગયેલો તથા વધારે ચાલવાથી થાકી ગયેલો એક બ્રાહ્મણ તેમના દીઠામાં આવ્યો. જગબંધુ પોતે પાલખીમાંથી ઊતરી ગયા અને પેલા બ્રાહ્મણને પાલખીમાં બેસાડી એને ગામ પહોંચાડ્યો.

૨૫૧–अहिंसा अने सेवा घातकी पशुने पण वश करे छे

પ્રયાગમાં ત્રિવેણીને પેલે પાર જંગલમાં સિંહને પાળનાર એક યોગીરાજ રહેતા હતા. દિવસભર એમનો મેળાપ ન થતાં રાત્રેજ ભક્તોને મળતા. મહાત્મા મુન્શીરામજી એમનાં દર્શને ગયા. રાત્રિના દશ વાગે આશ્રમે પહોંચ્યા, ત્યાં તો એ વૃદ્ધ કૌપીનધારી મહાત્મા સમાધિમાં બેઠા હતા. રાત્રિના ત્રણ વાગ્યા, પણ એ મહાત્માની સમાધિ ન છૂટી; તેમજ મળવા આવેલા લોકોની આંખ પણ ન મીંચાઇ. બરાબર રાત્રિના ત્રણ વાગે સિંહની ઘોર ગર્જના સંભળાઇ. જોતજોતામાં તો એ વિકરાળ વનરાજ કોઇ જટાધારીની માફક પોતાની કેશવાળી હલાવતો ને મશાલો જેવી આંખો ચમકાવતો સંડેડાટ યોગીરાજની સામે આવતો દેખાયો. આવીને એ અવધૂતના ચરણો ચાટવા મંડયો. યોગીએ આંખો ઉઘાડીને કેસરીના મસ્તક ઉપર પ્યારભર્યો હાથ ફેરવ્યો અને કહ્યું કે, “તું આવ્યો બચ્ચા! સારું, હવે ચાલ્યો જા!” ગુરુદેવનાં ચરણોમાં મસ્તક નમાવીને એ વનરાજે જંગલની વાટ લીધી. મહાત્મા મુન્શીરામજી તો એ દૃશ્ય જોઇને સ્તબ્ધજ થઈ ગયા અને મહાત્માના ચરણોમાં પડી ગયા. એમના મુખમાંથી સ્વાભાવિક રીતેજ ઉદ્ગાર નીકળી ગયા કે, “અહો યોગીવર! આટલો ચમત્કાર!” મહાત્માએ ઉત્તર આપ્યો કે, “ચમત્કાર કશોજ નથી બેટા! પરંતુ એવું બન્યું હતું કે, એક વાર એ સિંહને કોઇ શિકારીની ગોળી લાગી હતી. એના પગ ઉપર જખમ થવાથી એ બિચારો ચાલી શકતો નહોતો અને પડયો પડયો આર્તનાદ કરતો હતો. એ તરસ્યો હતો, એટલે મેં જઇને એને પાણી પાયું ને જંગલની એક

વનસ્પતિ વાટીને ઘા ઉપર પાટો બાંધ્યો. પાટો બાંધતો ગયો, તેમ એને આરામ થતો ગયો. દવા ચોપડતી વખતે રોજ એ મારા પગ ચાટતો અને આરામ થયા પછી પણ એની એ ટેવ નથી છૂટી. તેથીજ એ રોજ મારી સમાધિને વખતે મારા પગ ચાટવા નિયમિત આવ્યા કરે છે. નક્કી સમજજે બેટા! કે અહિંસા અને સેવા નિષ્ફળ નથી જતાં."

૨૬૦—મનુષ્યનું સૌંદર્ય શામાં છે?

એક દિવસ એક યુવક ખૂબ ટાપટીપ કરીને, વાળ સુંદર રીતે હોળીને ઠાઠમાઠ સાથે ગ્રીક તત્ત્વવેત્તા એપિકટેટસની પાસે પહોંચ્યો. એપિકટેટસે તેની સાથે નીચે પ્રમાણે વાતચીત કરીઃ

"કોઇ કૂતરાને, કોઇ ઘોડાને અથવા કોઈ જંતુને પણ તું સુંદર માને છે?"

એણે કહ્યું કે, "હા, માનું છું."

"એવીજ રીતે કોઇ મનુષ્ય પણ સુંદર અથવા કદ્રૂપો નથી હોતો?"

"હોય છે તો ખરો."

"આ બધાં જે જે સુંદર પ્રાણીઓ છે તે બધાંને આપણે શું એકજ કારણસર સુંદર કહીએ છીએ? ખરી વાત તો એ છે કે, કુદરતે કોઇક ખાસ ઉદ્દેશ સાધવા સારુજ કૂતરો, ઘોડો, કોયલ આદિ જાનવરો તથા પક્ષીઓની ઉત્પત્તિ કરી છે. આવું હોવાથી એવો સિદ્ધાંત કરવો ગેરવાજબી નહિ ગણાય કે, દરેક જાતનાં જીવજંતુની અંદર પોતાની પ્રકૃતિ અનુસાર જે સૌથી સારો જીવ હોય તેનેજ સુંદર કહેવામાં આવે છે અને પ્રત્યેક જાતિની પ્રકૃતિ ભિન્ન ભિન્ન પ્રકારની હોવાથી એમનું સૌંદર્ય પણ ભિન્ન ભિન્ન પ્રકારનું છે. કેમ એમજ છે ને?"

પેલા માણસે એ દલીલમાં રહેલું સત્ય સ્વીકાર્યું.

"એટલા માટે જે ખાસ ખૂબીને લીધે એક કૂતરો સુંદર કહેવાય છે, તેજ ગુણ એક ઘોડામાં હોય તો તે બદલ તે ઘોડો કદ્રૂપો દેખાય છે અને જે વિશેષતાને લીધે એક ઘોડો સુંદર દેખાય છે, તેજ વિશેષતા એક કૂતરામાં હોય તો તેને લીધે તે કૂતરો કદ્રૂપોજ ગણાય છે. આવી રીતે પ્રત્યેક જાતિની પ્રકૃતિમાં ભેદ હોવાથી એક-બીજી જાતિના સૌંદર્યના પ્રકારમાં પણ ભેદ નથી પડતો ?"

"હા, એવુંજ દેખાય છે."

"જે અસાધારણ ગુણને લીધે એક માણસ પહેલવાન બને છે, તેજ ગુણને લીધે કોઇ માણસ સારો નાચનારો પણ ન થઈ શકે ?"

પેલો માણસ બોલી ઊઠ્યો કે, "ખરી વાત છે, થઇ શકે."

"ત્યારે બતાવો કે, મનુષ્યની સુંદરતાનો આધાર શાના ઉપર છે ? જે ધોરણે કૂતરો સુંદર કહેવાય છે તથા ઘોડો ખૂબસૂરત કહેવાય છે, એજ ધોરણે મનુષ્યને પણ સુંદર ન કહી શકાય ?"

પેલાએ કહ્યું કે, "હા, કહી શકાય. વાત તો એમજ છે."

"તો પછી કૂતરાનું સૌંદર્ય કઈ વાત ઉપર આધાર રાખે છે ?"

"કૂતરાનો સ્વધર્મ કૂતરામાં સારી પેઠે રહેવા ઉપર."

"અને ઘોડાનું સૌંદર્ય ?"

"ઘોડાનો સ્વધર્મ એનામાં સારી પેઠે હોવા ઉપર."

"જો એમજ છે તો પછી મનુષ્યનું સૌંદર્ય પણ મનુષ્યના સ્વધર્મ ઉપર આધાર નથી રાખતું ? એટલા માટે હે શાણા યુવક ! તું પણ જો મનુષ્યોમાં સુંદર થવા માગતો હોય, તો મનુષ્યનો જે સ્વધર્મ છે, તે ધર્મનીજ ઉન્નતિ કરવા પ્રયત્ન કર; પરંતુ એ મનુષ્યધર્મ કયો છે ? તું કોઈની પ્રશંસા કરે છે તે શા માટે કરે છે, તેનો વિચાર કર્યો છે ? એની સજ્જનતાને લીધેજ તું એનાં વખાણ કરે છે ને ?"

"હા, સજ્જનતાનેજ ખાતર."

"મિત્રાચારી અને અમિત્રાચારી એ બેમાંથી તું કોનાં વખાણ કરે છે?"

"મિત્રાચારીનાં."

"ઇન્દ્રિયાસક્ત અને જિતેન્દ્રિય એ બેમાંથી તું કોને વખાણે છે?"

"જિતેન્દ્રિયને."

"ત્યારે જેની તું પ્રશંસા કરે છે, તેના જેવો તું પોતાને બનાવી શકે તો તું પણ જરૂર તેવો સુંદર બની શકીશ. જો એ સદ્‌ગુણોની ઉપેક્ષા કરીને તું સુંદર બનવા સારુ બહારની ગમે તેટલી ટાપટીપ કરીશ, તોપણ તું કદ્રૂપો અને કઢંગોજ દેખાઇશ. તું માંસ નથી, કેશ નથી; પરંતુ તું તો આત્મા–પુરુષ છે. તું તારા અંતઃકરણને નિર્મળ–સુંદર બનાવી શકીશ, તોજ તું ખરેખરો સુંદર બની શકીશ."

એપિક્ટેટસના કહેવાનો ઉદ્દેશ એવો પણ નહોતો કે, માણસે ગંદા અને મલિન રહેવું. એનો ઉદ્દેશ એ હતો કે, સ્થૂળ શરીરની સાથે સૂક્ષ્મ શરીરને પણ સ્વચ્છ અને નિર્મળ બનાવો. અર્થાત્ બાહ્ય શરીરને કુદરતે જે સૌંદર્ય આપ્યું છે તેને જાળવો; પણ તે ઉપરાંત તો સદાચાર વડેજ તેને શોભાવો અને દીપાવો, બહારની ટાપટીપથી નહિ.

આ ઉપદેશ પુરુષ તેમજ સ્ત્રી બન્નેને એકસરખો લાગુ પડે છે.

૨૬૧–महर्षि दयानंदनी सत्यमां अडग श्रद्धा

સ્વામી દયાનંદજી પ્રયાગમાં વ્યાખ્યાન આપતા હતા, તે વખતે અનેક અંગ્રેજ અમલદારો તથા પાદરીઓ પણ તેમનાં વ્યાખ્યાન સાંભળવા સારુ આવતા હતા. પુરાણોમાંની અસંભવિત વાતોનું એ ખંડન કરતા, ત્યારે વિધર્મી અમલદારો ખુશ થઇને ખડખડાટ હસતા. સ્વામીજીને એ ઠીક ન લાગ્યું. એમણે તરતજ વિષય બદ-

હ્યો અને કહ્યું કે, "પુરાણીઓની તો આવી લીલા છે, પણ હવે કિરાણીઓ (ખ્રિસ્તીઓ)ની લીલા સાંભળો. કેવા ભ્રષ્ટ એ લોકો કે, કુંવારી મૅરીને પુત્રોત્પત્તિ થયાનું બતાવીને એનો દોષ શુદ્ધસ્વરૂપ પરમાત્મા ઉપર ઢોળે છે!" સાંભળતાં વારજ કમિશ્નર સાહેબ તથા કલેકટરની મુખાકૃતિઓ લાલચોળ થઈ ગઈ; પરંતુ ઋષિનું વ્યાખ્યાન તો ચાલુજ રહ્યું અને આખર સુધી ખ્રિસ્તી ધર્મનું ખંડનજ કર્યા કર્યું. કોઇની મગદૂર નહોતી કે ત્યાંથી ઊઠી શકે.

કમિશ્નર સાહેબે વળતે દિવસે એક પ્રતિષ્ઠિત માણુસ પાસે કહેવરાવ્યું કે, "સ્વામીજીને કહેજો કે, આટલી કડવાશ ન વાપરે. અમે ખ્રિસ્તીઓ તો સભ્ય છીએ, વાદવિવાદથી ઉશ્કેરાતા નથી; પરંતુ કોઈ ઝનૂની હિંદુ કે મુસલમાન કોપશે તો એમનાં ભાષણો અટકાવી દેશે."

સ્વામીજી એ સાંભળીને હસ્યા. બીજે દિવસે પાદરી સ્કૉટ સિવાયના બધા અંગ્રેજ અમલદારો જ્યાં હાજર હતા, ત્યાં વ્યાખ્યાન આપતાં સત્યની મીમાંસા કરવા માંડી અને કહ્યું કે, "લોકો મને કહે છે કે, સત્યને પ્રગટ ન કરો. કલેકટર ગુસ્સે થશે, કમિશ્નર નારાજ થશે, ગવર્નર સતાવશે! અરે ભાઈ! ચક્રવર્તી રાજા ભલેને અપ્રસન્ન થતો! હું તો સત્યજ કહેવાનો. આ શરીર તો અનિત્ય છે. જેની મરજી થાય તે એને ભલે ઉડાવી દે." પછી ચારેબાજુ તીક્ષ્ણ દૃષ્ટિ કરીને તે સિંહનાદે ગરજ્યા કે, "પરંતુ એવો શૂરવીર તો મને બતાવો, કે જે મારા આત્માનો નાશ કરી શકવાનો દાવો કરે? જ્યાંસુધી એવો વીર દુનિયામાં નથી, ત્યાંસુધી હું સત્યને દાબી રાખવાનો વિચાર સરખો પણ કરીશ નહિ."

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. વાત તદ્દન સાચીજ હતી. દેહનું હનનુ તો મનુષ્ય પોતે પોતાની અજ્ઞાનતા અને નિર્બળતાને લીધે કરે છે અને જીવાત્માને તો કોઇ પણ હણુવાને સમર્થજ નથી.

તેથી કરીને સત્યવીરો તો કોઇ પણ જાતની ધમકીથી ડરી જઇને પરમાત્માનો આદેશ સંભળાવવા ચૂકતા નથી.

૨૬૨–માતાપિતાએ બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ ?

કલકત્તા હાઈકોર્ટના માજી ન્યાયાધીશ તથા કલકત્તા વિશ્વ-વિદ્યાલયના વાઇસ ચેન્સેલર સ્વર્ગસ્થ સર ગુરુદાસ બેનરજીનાં માતા સોનામણિદેવી એક આદર્શ સ્ત્રી હતાં. ગુરુદાસની બાલ્યાવસ્થા-માંજ તેમના પિતા સ્વર્ગવાસી થયેલા હોવાથી ગુરુદાસને ઉછેર-વાનો તથા કેળવવાનો ભાર તેમનાં કાર્યદક્ષ અને ધાર્મિક માતા ઉપર આવી પડ્યો હતો. એ માતાના શિક્ષણ અને ચારિત્ર્યના અનુકરણથીજ ગુરુદાસ મહાન પુરુષ થયા હતા.

સોનામણિદેવીના વિચારો કેટલીક બાબતમાં એમના જમા-નાના લોકો કરતાં આગળ વધેલા અને સુધરેલા હતા. દાખલા તરીકે બાલક–બાલિકાઓને માર મારવાનાં તેઓ સંપૂર્ણ વિરોધી હતાં. તેમનો વિશ્વાસ હતો કે, સ્નેહ, મમતા અને મીઠી વાતચી-તથી જેટલું કામ થઈ શકે છે, તેટલું કઠોર વર્તણૂકથી થતું નથી. સોનામણિદેવીએ પાશ્ચાત્ય વિદ્વાનોના શિશુપાલનવિષયક નીતિના નિયમો કદી વાંચ્યા નહોતા, પણ સ્વાભાવિક રીતેજ તેમનામાં એ ઉચ્ચ વિચારો ઉત્પન્ન થયા હતા. એમની પુત્રવધૂઓ કોઇ દિવસ છોકરાંઓને ધમકાવતાં કહેતી કે, "મારીને હાડકાં ખોખરાં કરી નાખીશ." ત્યારે સોનામણિદેવી કહેતાં કે, "કદી એવી ગેરવાજબી અને જૂઠી વાત કહેવી નહિ, તારાથી એનું એક પણ હાડકું ભંગા-વાનું નથી; તો પછી બોલે છે શા માટે? એવું કહ્યાથી તમારી વાતનું માન રહેશે નહિ અને બાળકોમાં મિથ્યા બોલવાની ટેવ

પ્રબળ થઇ જશે તથા બીજાં પણ ઘણી જાતનાં અનિષ્ટ પેદા થશે. જે સજા કરી શકીએ નહિ, તે મોંએથી કહેવી પણ ન જોઇએ.”

[‘સર ગુરુદાસચરિત્ર ’માંથી]

૨૬૩–सारा माणसनी एक अजाण्या विदेशी प्रत्ये सहानुभूति

કેટલાંક વર્ષ પૂર્વે શ્રીયુત ગૌરમોહન ડે એમ. એ. બી. એલ. ઇંગ્લૅંડમાં બૅરિસ્ટર થવા સારુ ગયા હતા. કલકત્તામાં થોમસ કૂકની કંપનીમાં બાર હજાર રૂપિયા જમા કરાવીને એ કંપનીની વિલાયતની શાખા ઉપર હૂંડી લઇને એ ઇંગ્લૅંડ ગયા હતા. લંડનમાં ચેકદ્વારા એ રૂપિયામાંથી ખર્ચજોગા રૂપિયા ઉપાડવા સારુ એ કંપનીની ઑફિસમાં ગયા. કંપનીના મેનેજરે ઓળખાણ માગી. એ સુપ્રસિદ્ધ બૅરિસ્ટર અને દેશભક્ત ડબલ્યુ. સી. બેનરજીની પાસે ગયા અને પૂર્વપરિચય આપીને ઓળખાણ તાજી કરાવવા પ્રયત્ન કર્યો. શ્રીયુત બેનરજીએ નવા બૅરિસ્ટરને ધંધામાં આગળ વધવાને કેટલી અગવડો છે, વગેરે સંબંધે ઘણી વાતચીત કરી; પણ છેવટે કહ્યું કે, “ આપની ઓળખાણ મને યાદ આવતી નથી.” “ ઈન્સ ઑફ કોર્ટ ”માં ઘણા બંગાળી હતા, પણ કોઇએ ઓળખાણ આપવાનું કબૂલ કર્યું નહિ અને સાફ કહી દીધું કે, “ભાઈ! અમે તમને ઓળખતા નથી.” એવી અવસ્થામાં મિ. ડે. કોઇનો દોષ કાઢી શક્યા નહિ. વિદેશમાં ભયભીત અને ચિંતાતુર થઇને પોતે એક હોટલમાં નાસ્તો કરવા ગયા. ત્યાં આગળ એક અંગ્રેજ એમની પાસેના એક ટેબલ ઉપર ચા-પાણી લઇ રહ્યો હતો. તે અંગ્રેજ વારે ઘડીએ મિસ્ટર ડેના ચિંતાતુર ચહેરા તરફ ઉત્સુકતાપૂર્વક જોઇ રહ્યો હતો. થોડીવારમાં બન્નેની વચ્ચે વાતચીત શરૂ થઈ.

કયા દેશમાંથી આવ્યા? ક્યારે આવ્યા? શું કરવા આવ્યા છો? વગેરે પ્રશ્નો પૂછયા પછી પેલા અંગ્રેજે કહ્યું કે, "હું આપને ચિંતાતુર દેખું છું. કાંઇ વિપત્તિમાં પડયા હો એમ લાગે છે." શ્રીયુત ડે પહેલાં તો જવાબ દેતાં સંકોચાયા, પણ પેલા અંગ્રેજનો બહુજ આગ્રહ જોઇને ખરી વાત કહી દીધી કે, "થોમસ કૂકની કંપનીવાળા કોઈની ઓળખાણ વગર મારા રૂપિયા મને આપવાની ના કહે છે. કોઇ ઓળખાણ આપતું નથી. બે દિવસની અંદર ફીના રૂપિયા ભરી દેવાની જરૂર છે. એ બધી સંકડામણને લીધે હું ચિંતાતુર થયો છું." એ બધી હકીકત સાંભળીને પેલા અંગ્રેજે કહ્યું કે, "મારું નામ ઍન્ડ્રૂ ડિયર છે. હું પાર્લમેંટનો સભાસદ છું. મારી દારૂની ભઠ્ઠી ચાલે છે. તમે કાંઇ ચિંતા ન કરશો. આપણે બન્ને થોમસ કૂકની કંપનીમાં સાથે જઇશું." એમ કહીને તેઓ શ્રીયુત ડેને સાથે લઇને કંપનીની ઑફિસમાં ગયા અને મેનેજરને મળ્યા. મેનેજરે કહ્યું કે, "હાલમાં એક બૅન્કડ્રાફ્ટ (હુંડી) કોઇએ વટાવ્યા પછીજ ખબર પડી કે એ ચોરાયેલી હતી. ત્યારથી વિશ્વાસપાત્ર કોઇ માણસનું ઓળખાણ લીધા વગર રૂપિયા નહિ આપવાનો કંપનીએ સખ્ત નિયમ કર્યો છે. પરદેશીની સિફારશ કરીને એ મુકદ્દમામાં પણ ભલામણ કરનારો ઘણી આફતમાં પડયો હતો." ઍન્ડ્રૂ ડિયરે કહ્યું કે, "હું આ ગૃહસ્થને ઓળખતો નથી, એટલે એમનું ઓળખાણ તો આપીશ નહિ; પરંતુ હું ખાતરી આપું છું કે, મારા જે દશ હજાર પાઉંડ આપની ઑફિસમાં ડિપોઝિટ છે, તેમાંના એક હજાર પાઉંડ એમની જામીનગીરી પેટે રાખજો. મારી ખાતરી છે કે, એ બિચારા પરદેશમાં આવીને આફતમાં સપડાયા છે. એમના જામીન થયાથી મને કંઇજ નુકસાન નહિ થાય અને કદાચ થશે તો એટલું નુકશાન વેઠી લેવા જેટલાં નાણાં ભગવાન મને જરૂર આપી રહેશે."

કંપનીએ એમની જામીનગીરી સ્વીકારીને તરતજ શ્રીયુત ડે મહાશયને નાણું આપી દીધાં. અજાણ્યા પ્રત્યે જેના હૃદયમાં આટલી બધી લાગણી જાગતી હોય, તે આપણા માનપાત્ર થઈ રહે છે.

(‘સદાલાપ’માંથી)

૨૬૪–મહર્ષિ દયાનંદની હૃદયવિશાળતા

ખ્રિસ્તીઓની અમુક બાબતોનું પ્રબળ રીતે ખંડન કરતા હોવા છતાં સારા ખ્રિસ્તીઓ પ્રત્યે એમને કોઈ પણ જાતનો અણગમો નહોતો. પાદરી સ્કૉટ પ્રત્યે એમની પ્રીતિ હતી. એક દિવસ એ ભલા પાદરીને ભાષણમાં ન જોવાથી તેમણે પૂછ્યું કે, “ભક્ત સ્કૉટ આજ કેમ નથી દેખાતા?”

એક ભક્તે કહ્યું કે, “મહારાજશ્રી! પાસેના દેવળમાં આજે એમનું વ્યાખ્યાન છે.” “ત્યારે તો ચાલો, ભક્ત સ્કૉટનું દેવળ જોઈ આવીએ.” એમ કહીને ઋષિ તમામ મેદનીને લઇને ચાલ્યા. દેવળમાં સ્કૉટ સાહેબે સામા આવી સત્કાર કર્યો. સ્વામીજીને વેદી ઉપર બિરાજી કાંઇક પ્રવચન કરવા વિનતિ કરી. તેથી ઋષિએ ત્યાં પણ વીસ મિનિટ સુધી મનુષ્યપૂજાના ખંડન ઉપર ભાષણ આપ્યું. આર્યધર્મના એક ધુરંધર વિદ્વાન સંન્યાસી હોવા છતાં પોતે ખ્રિસ્તીના દેવળમાં જાય એ એમની કેટલી બધી હૃદયવિશાળતાનું સૂચન કરે છે!

૨૬૫–દેશબંધુ ચિત્તરંજન દાસની પ્રમાણિકતા અને પિતૃભક્તિ

દેશબંધુ ચિત્તરંજન દાસના પિતાશ્રી ભુવનમોહન દાસ બહુજ

પરોપકારી અને દયાળુ ગૃહસ્થ હતા. પોતે દેવું કરીને પણ દુઃખી માણસને મદદ કરતા. એક વખત એમણે આફતમાં ફસેલા પોતાના એક મિત્રની ચાલીસ હજાર રૂપિયાની જામીનગીરી આપી હતી. એ મિત્રે એક પણ પૈસો પાછો આપ્યો નહિ, એટલે ચાલીસ હજારની જવાબદારી એમના ઉપર આવી પડી. પોતે પહેલેથીજ દેવામાં દબાઈ ગયા હતા, તેમાં આવડો મોટો નવો ભાર આવી પડ્યો. એવામાં એમના પુત્ર ચિત્તરંજન વિલાયતથી બૅરિસ્ટરી પાસ કરીને આવ્યા. એમની ઇચ્છા હતી કે, પોતાની કમાણીમાંથી એ પિતાનું દેવું ચૂકવે; પરંતુ કાયદાના ધંધામાં કુશળ હોવા છતાં એમનો ધંધો પ્રારંભમાં ઠીક ચાલ્યો નહિ. મહામુસીબતે ગુજરાન ચાલતું હતું. બીજી તરફ દેવાનું વ્યાજ ચઢતું જતું હતું. આખરે એ દેવામાંનો થોડોક ભાગ પોતે બહારગામ બૅરિસ્ટરી કરીને ચૂકવ્યો, પણ ઋણનો ખાડો એટલાથીએ પુરાય એમ નહોતો. લેણદારોએ ઉઘરાણીની તાકીદ કરવા માંડી. પિતાનું ઋણ વાળી દેવાની પુત્ર તરીકે પોતાની ફરજ હોવાથી પિતાએ કરેલું ઋણ પોતેજ કર્યું છે, એમ સ્વીકારીને તેમણે પણ ઈ. સ. ૧૯૦૬માં પિતાની સાથે નાદારી કોર્ટનું શરણ લઇ દેવાળિયામાં નામ નોંધાવ્યું; પરંતુ નાદારી લેતી વખતે પારકું ધન સ્વાહા કરી જવાની તેમની ઇચ્છા નહોતી. સારો દિવસ આવ્યેથી એ દેવું પતાવી દેવાનો સંકલ્પ તેમણે એજ સમયે મનમાં કર્યો હતો. ત્યાર પછી બૅરિસ્ટરના ધંધામાં પુષ્કળ કમાણી થવા માંડી, ત્યારે સૌથી પહેલી સગવડે એમણે પોતાના પિતાનું ઋણ લેણદારોને ચૂકવી આપવાની અરજી હાઇકોર્ટમાં ૧૯૧૩માં આપી. એ અરજી એમના તરફથી શ્રી. એસ. પી. સિંહે (કે જે પાછળથી લૉર્ડ સત્યપ્રસન્ન સિંહ તરીકે સુવિખ્યાત થયા છે તેમણે) આપી હતી. તેમાં જણાવ્યું હતું કે, "એમનું દેવું ૬૭,૭૩૯) રૂપિયાનું હતું. ઈ. સ. ૧૯૦૬ની ૧૯મી

જૂને શ્રી. દાસે નાદારીની અરજી આપીને ઋણમાંથી મુક્તિ મેળવી હતી; પણ એ અરજીમાં શ્રી. દાસે જણાવ્યું હતું કે, 'હું જ્યારે એ બધું કરજ ચૂકવી આપું, ત્યારે દેવાળિયાની યાદીમાંથી મારું નામ કાઢી નાખવું. હાલ શ્રી. દાસ પોતાનું કરજ પાઈએ પાઈ ચૂકવી દેવા સારુ સરકારી અમલદારને ૬૭,૭૩૯) રૂપિયાની રકમ આપવા તૈયાર છે.' "

જસ્ટિસ ક્લેયરને પણ એ અરજી વાંચીને નવાઈ લાગી. એમણે કહ્યું કે, "આ અરજીમાં કાંઇક વિશેષતા છે."

શ્રી. સિંહે કહ્યું કે, "હાજી, એવું વારંવાર જોવામાં આવતું નથી."

ન્યાયમૂર્તિ ક્લેયરે કહ્યું કે, "હા, એવું જોવામાં આવતું નથી. એ કામના સરકારી અમલદારના હાથમાં રૂપિયા આપી દીધાથી શ્રી. દાસને નાદારીમાંથી મુક્ત કરવામાં આવશે. આ પ્રમાણે જે રકમ આપવાને કાયદાનું કોઈ પણ બંધન પોતાને નહોતું, તેવી લગભગ અડસઠ હજારની ગંજાવર રકમ પોતાની ખુશીથી આપીને તેમણે અસાધારણ પ્રમાણિકતા અને સાધુતાનો પરિચય આપ્યો. એ દેવું એમનું પોતાનું નહિ, પણ એમના પિતાનું હોવાથી એમની અસાધારણ પિતૃભક્તિ પણ આ ઘટનાથી સિદ્ધ થઈ ચૂકી."

કલિયુગમાં એવાં ઉદાહરણ ભાગ્યેજ જોવામાં આવે છે.

('દેશબંધુ દાસના ચરિત્ર'માંથી)

૨૬૬–ગુરુકુળના વિદ્યાર્થીઓએ કષ્ટ ખમીને કરેલી સહાય

નિઝામના હૈદરાબાદ શહેરમાં એક વાર ભીષણ જળપ્રલય થયો. ગુરુકુળના વિદ્યાર્થીઓએ એ સમાચાર વર્તમાનપત્રોમાં વાંચ્યા. વાંચતાંવારજ તેઓ કુલપતિ મહાત્મા મુન્શીરામજીની પાસે ગયા

અને એક સભા ભરવાની ઇચ્છા જણાવી. મહાત્માજીએ હા કહી. વિદ્યાર્થીઓએ ઠરાવ કર્યો કે, "પંદર દિવસ સુધી ઘી, દૂધ અને દાળ વગર ચલાવી લઈ, બચેલી રકમ એ હોનારતમાં ભોગ થઇ પડેલાં માણસોને મોકલી આપવી." ખૂબી તો એ હતી કે, થોડાજ દિવસ પહેલાં નિઝામ-સરકારે સુપ્રસિદ્ધ સ્વામી નિત્યાનંદજીને કેવળ તેમના આર્યસમાજી હોવાના કારણે પોતાના રાજ્યની હદ બહાર કાઢ્યા હતા. આર્યસમાજીઓને આથી ઘણું ખોટું લાગ્યું હતું; છતાં પણ એ અપમાન વીસરી જઇને વિદ્યાર્થીઓ તો એ મુસલમાન રાજ્યમાં પણ આફતમાં ડૂબેલા લોકોની સહાયતા કરવા તત્પર થયા અને પંદર દિવસ સુધી ખોરાકમાં કષ્ટ વેઠ્યું. વિદ્યાર્થીઓના એ સ્વાર્પણની ઘણી સારી અસર થઈ હતી.

२६७–स्वामी श्रद्धानंदजीनुं अपूर्व आत्मबळ

સંવત ૧૯૭૪ના વૈશાખ સુદિ પડવાને દિવસે મહાત્મા મુન્શીરામજીએ સંન્યાસ લઇને શ્રદ્ધાનંદ નામ ધારણ કર્યું; પરંતુ ત્યાર પછી દેશમાં એવા સંયોગો ઊભા થયા કે, એમને સામાજિક અને ધાર્મિક સેવા ઉપરાંત રાજદ્વારી ક્ષેત્રમાં પણ ઊતરવું પડ્યું.

ઈ. સ. ૧૯૧૯માં સરકારે 'રૉલેટ ઍક્ટ' પસાર કર્યો. દેશમાં 'કાળા કાયદા'ના નામથી એ કાયદો ઓળખાયો છે. ગમે તેવા નિરપરાધી પ્રજાજનને પણ અર્ધી રાત્રે, વગરવાંકે, કેવળ રાજદ્રોહના સાચા કે બનાવટી શક ઉપરથીજ ઢંઢોળીને સરકારની પોલીસ પલકારની અંદર બેડીઓ પહેરાવી ઉઠાવી લઇ જઇ શકે અને અદાલતમાં એના ઉપર આરોપ સાબિત થયા વગર વર્ષોનાં વર્ષો સુધી એને પોલીસ કારાવાસમાં પૂરી રાખી શકે. એવા એ કાળા કાયદા સામે કરોડો માતાઓ, પત્નીઓ, બહેન-ભાઇઓ અને બાળકોના વિલાપસ્વર સંભળાયા. મહાત્મા ગાંધીજીએ એ કાળા

કેર સમા કાયદા વિરુદ્ધ સત્યાગ્રહ શરૂ કર્યો. એ સત્યાગ્રહમાં સંન્યાસી શ્રદ્ધાનંદ પણ ખરા દિલથી જોડાયા અને પૂરજોસમાં કામ કરવા લાગ્યા. પરિણામે થોડાજ સમયમાં તેઓ દિલ્હીના રાજનૈતિક આગેવાન થઇ પડચા.

ઈ. સ. ૧૯૧૯ના માર્ચની ૩૦મી તારીખ આવી પહોંચી. દિલ્હી નગરી ઉપર એ દિવસે સંન્યાસી શ્રદ્ધાનંદજીનું રાજ્ય ચાલતું હતું. હિંદુ–મુસલમાન ઉભય કોમ ઉપર એમની આણ વર્તતી હતી. એ નિઃશસ્ત્ર એકલવાયા સાધુની આંગળીનો ઇશારો થતાં મારવા કે મરવા અસંખ્ય હિંદુ–મુસલમાનો તૈયાર હતા. મુસલમાનોએ દિલ્હીની વિશાળ અને ભવ્ય જુમ્મામસ્જિદની વ્યાસપીઠ ઉપરથી ઉપદેશ આપવાનું માન શ્રદ્ધાનંદજીને આપ્યું હતું. એવો એ દિવસે તેમનો પ્રભાવ હતો. અંગ્રેજ અમલદારોને શાંતિના ભંગની ચિંતા હતી. આ સત્યાગ્રહે રાજ્યની પ્રતિષ્ઠાને ધૂળ ભેગી કરી છે એમ તેમની ખાતરી થઈ હતી અને તેને ગમે તે પ્રકારે દબાવી દેવા તેઓ તૈયાર થયા હતા. સરકારે પોતાની ગંજાવર ફોજને કિલ્લામાંથી બહાર કાઢીને દિલ્હી શહેરને ચૌટે ચૌટે અને માર્ગે માર્ગે મશિનગનો, ભરેલી બંદૂકો અને દારૂગોળાના રેંકડા ગોઠવી દીધા હતા. એકજ ઇશારો થતાં લોકોના દેહમાં પરોવાઇ જાય તેવી કાતિલ સંગીનો હુકમની રાહ જોતાં, સૈનિકોના હાથમાં ચમકતી હતી. આવી એ ભયાનક તિથિ હતી.

તે તિથિએ દિલ્હીનો બેતાજ બાદશાહ શ્રદ્ધાનંદ સંન્યાસી, બોડે માથે, ઉઘાડે પગે અને ભગવાં વસ્ત્રે પોતાના બુલંદ અવાજે મૂંગા સમર્પણના મંત્રો છોડતો, લાખો માનવીઓની વચ્ચે માંચડા ઉપર ઊભો હતો. સરકારી અન્યાયના જખમ વાગતાં ઘવાઈને અર્ધપશુ જેવી સ્થિતિમાં આવી પડેલી પ્રજાને એ સંન્યાસી 'અહિંસા'નો આદેશ સંભળાવી ઉચ્ચ બલિદાનની મનોદશા ઉપર ચઢાવતો,

રાજસત્તાની મનાઈને લોપવાનો બોધ આપી રહ્યો હતો.

આ પ્રમાણે એમનું સરઘસ ચાલ્યું જતું હતું. હજારો માણસો એમની પાછળ હતા. એકાએક એક સરકારી સૈન્યે આવીને એમનો રસ્તો રોકયો. બંદૂકોની નળીઓ એ ધર્મસેનાની સામે ઉગામવામાં આવી. માણસોને વીંધી નાખવા માટે સંગીનો આગળ વધતી હતી. સેનાપતિએ લાલચોળ ચહેરે ખૂનસભર્યાં નેત્રે હુકમ આપ્યો કે, " પાછા ફરો."

સંન્યાસી વીર શ્રદ્ધાનંદે પોતાની સેનાને શાંતિપૂર્વક આજ્ઞા આપી કે, " પરવા નહિ, ચૂપચાપ આગળ વધો."

સરકારી સશસ્ત્ર ફોજના જીવલેણ હુકમની સામે આવી આજ્ઞા આપનાર કોણ? શું સરકાર એને જીવતો રહેવા દે? પેટને ખાતર સ્વતંત્રતા વેચનાર ગુરખા સૈનિકોની કમરમાંથી ઝણુણુ કરતી કાતિલ કૂકરીઓ ખેંચાઇ અને આગળ ડગલું ઉપાડતા એ પહાડ જેવા પુરુષસિંહની છાતી સામે કાળની લસલસતી જીભો જેવી એ કૂકરીઓ ચમકવા લાગી!

સંન્યાસીનો એકજ શબ્દ એ દિવસે દિલ્હીના ચાંદની ચોકમાં લોહીની નદીઓ વહેવડાવવાને બસ હતો, પણ શ્રદ્ધાનંદજીએ શાંતિ ગુમાવી નહિ. પોતાની સામે જાણે ફૂલોનું બિછાનું બિછાવ્યું હોય, તેમ એમણે આગળ કૂદકો માર્યો.

ગુરખાની કાતિલ કૂકરીઓ પોતાનું ધૈર્ય ગુમાવી બેઠી. શસ્ત્ર હલાવતા ગુરખાઓ સત્તાના શત્રુ સ્વામીજી ઉપર ધસ્યા. મૃત્યુને અને શ્રદ્ધાનંદજીને હવે વધારે અંતર ન હતું. સંન્યાસીએ પોતાના અંગ ઉપર ઓઢેલું ભગવું વસ્ત્ર ખસેડી એ કૂકરીઓની પ્યાસ છિપાવવા માટે પોતાની પહોળી છાતી ધરીને પડકાર કર્યો કે, " આવો, સુખેથી છેદી નાખો."

મૃત્યુને આટલા પ્રેમથી ભેટવા તત્પર થનાર એક સંન્યાસી

મહાવીરને સિપાઇઓએ આજે પહેલીજ વાર જોયો. જોતાંવારજ તેમના હૃદયમાં રહેલી પાશવતા સ્તબ્ધ બની ગઈ અને ફૂકરીઓ હાથમાંજ સ્થિર થઇ ગઇ. હજારો કંઠમાંથી ગગનભેદી ધ્વનિ ગાજી ઊઠ્યો કે, "શ્રદ્ધાનંદકી જય!" જાણે કશુંજ બન્યું ન હોય, એમ પૂર્ણ આત્મશાંતિથી ડગલાં ભરતો એ મૃત્યુંજય પોતાની ધાર્મિક સેનાની સાથે સરઘસમાં આગળ વધ્યો.

શસ્ત્રબળ ઉપર સંન્યાસીના આત્મબળનો આ કેવો અપૂર્વ વિજય હતો!×

૨૬૮–સાચું સૌંદર્ય શામાં છે?

મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર અને બાબુ રાજનારાયણ બસુ વચ્ચે સારી મિત્રતા હતી. રાજનારાયણ બસુ બંગાળાના એક પ્રસિદ્ધ વિદ્વાન, સુધારક અને ધાર્મિક પુરુષ થઈ ગયા છે. ઈ. સ. ૧૮૪૫-માં એમણે બ્રાહ્મોધર્મ સ્વીકાર્યો, ત્યારથી મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરની એમના ઉપર ઘણી પ્રીતિ થઇ હતી. મહર્ષિની ઇચ્છા હતી કે, બ્રાહ્મલોકોની સ્ત્રીઓ આદર્શ ગૃહિણી અને બ્રહ્મવાદિની થાય તથા બ્રાહ્મસંસાર સુખી નીવડે. એ ઉદ્દેશથી પોતે વારંવાર શિષ્યોને એ વિષયમાં બોધ આપતા રહેતા. કોઇ પણ મિત્રની પત્નીને મહર્ષિ "મૈત્રેયી"રૂપે ત્રપમાં સંબોધતા; કેમકે એમનો આદર્શ બ્રાહ્મોધર્મી સ્ત્રીઓને વિલાસિની નહિ, પરંતુ મૈત્રેયીના જેવી બ્રહ્મપરાયણા બનાવવાનો હતો. રાજનારાયણ બસુને એક પત્રમાં તેમણે લખ્યું હતું કે:

× આ તથા બીજાં સ્વામી શ્રદ્ધાનંદજીના સંબંધનાં દૃષ્ટાંતો "સૌરાષ્ટ્ર કાર્યાલય" તરફથી પ્રગટ થયેલા શ્રદ્ધાનંદજીના ચરિત્ર ઉપરથી અહીં યોજ્યાં છે. —લેખક

"તમારી મૈત્રેયીને હું મારી કન્યા સમાન ગણું છું. એ ઘણી સુશીલ થઈ છે, એ જાણી એના તરફથી તથા તમારા તરફથી મને પરમ સંતોષ થયો છે. તેની સાથે સાથે તેનો આત્મા બ્રહ્મજ્ઞાનની જ્યોતથી પ્રકાશિત થશે અને બ્રહ્મપ્રીતિરસથી ભીંજાશે તો એની શોભા કેવી ખીલશે? એ શોભાની સાથે બીજી કોઈ શોભા સરખાવી શકાશે? સોનાના અલંકારની તેને શી જરૂર છે? સુંદર શરીરમાં જો મન પણ સુંદર રહેલું હોય અને એ સુંદર મન પણ જો પૂર્ણ સુંદર પ્રભુને ધારણ કરે, તો તો પછી એ સૌંદર્યની આગળ બીજું કયું સૌંદર્ય ઊભું રહી શકે?"

સૌંદર્યની આવીજ ભાવના સ્ત્રીઓએ અને પુરુષોએ ગ્રહણ કરવી ઉચિત છે. ('મહર્ષિ દેવેન્દ્રનાથચરિત્ર'માંથી)

૨૬૧–પતિને ખાતર ઘરેણાં ઉતારનાર પત્ની શિવદેવી

મુન્શીરામજી યૌવનના આરંભમાં કુસંગતિને લીધે કુમાર્ગે ચઢ્યા હતા. દારૂનો ઘણો છંદ લાગ્યો હતો, પણ પૂર્વજન્મના પુણ્યથી એમને સ્નેહાળ પત્ની મળી હતી. પતિ દારૂ પીને મોડી રાત્રે ઘેર આવતા ત્યાંસુધી એ ભૂખ્યાં બેસી રહીને તેમની વાટ જોયા કરતાં. દારૂડિયા પતિની એ સેવા કરતાં.

દારૂ પીવામાં મુન્શીરામજીએ જાલંધરમાં ઘણું દેવું કર્યું હતું. એક દિવસ પારસી ઇજારદારને ત્યાંથી ચઢી ગયેલા ત્રણસો રૂપિયાનું બિલ આવ્યું. ત્રણચાર દિવસની મુદત માગીને ઉઘરાણીને પાછી ઠેલી; પરંતુ એ રૂપિયા આપવાની કોઈ જોગવાઈ નહિ હોવાથી મુન્શીરામજીના મુખ ઉપર ગ્લાનિ છવાઇ ગઇ. એમનાં પ્રેમમૂર્તિ પત્ની શિવદેવી પતિનો મનોભાવ કળી ગયાં અને ભોજનસમયે પ્રેમપૂર્વક એ ખેદનું કારણ પૂછ્યું. સહૃદય મુન્શીરામ, પત્નીથી

કોઇ વાત છુપાવી ન શકયા. અંતરપટ ઉઘાડીને તેમણે પોતાના અધઃપતનની કહાણી કહી. એમનાં પત્નીએ શાંતિપૂર્વક એ કથા સાંભળી. ભોજન થઇ રહ્યા પછી પતિને કોગળા કરાવ્યા. હાથ–મોં ધોવરાવ્યાં. પછી પોતે જમવા બેસવા પહેલાંજ પોતાનાં સોનાનાં કડાં ઉતારીને પતિની પાસે મૂકયાં. પતિ તો પત્નીનો આત્મોત્સર્ગ જોઇને ચકિતજ થઇ ગયા.

એમણે શરમાઇ જઇને કહ્યું કે, "અરે દેવી! આવું તે કાંઇ બને? તને તો મારે વિભૂષિત કરવી જોઇએ, તેને બદલે શું હું તારાં આભૂષણો ઉતારી લેવાનું પસંદ કરું?"

"આમ જુઓ!" દેવીએ તરતજ કડાંની બીજી જોડ બતાવીને પતિને ફોસલાવ્યા અને કહ્યું કે, "આ એક જોડ પિયેરની અને એક જોડ સાસરાની આપેલી છે, એટલે મારે બેમાંની એક જોડ તો નકામીજ પડી છે. વળી એ તો મારી મિલકત છે ને! અને આ દેહ તો તમારો છે, તો પછી ધૂળ જેવાં કડાં લેવામાં તમને શાનો સંકોચ? વળી તમારી ચિંતાઓ ટળી શકતી હોય તો મારે માટે શું આ સોદો મોંઘો છે?"

પત્નીની પ્રેમભરી ભેટ પતિને સ્વીકારવી પડી. પત્નીનાં કડાં વેચીને ભવિષ્યના મહાત્મા–સ્વામી શ્રદ્ધાનંદ દારૂના ઋણમાંથી મુક્ત થયા. બાકી જે રૂપિયા બચ્યા તે પત્નીની પેટીમાંજ મુકાવ્યા અને મનમાં પ્રતિજ્ઞા કરી કે, "કમાવા લાગીશ, ત્યારે સૌથી પહેલું કામ તો એજ કરીશ કે આ લીધેલો દાગીનો ઘડાવીને દેવીને અર્પણ કરીશ."

દેવી શિવદેવીનો પતિને માટેનો આત્મોત્સર્ગ કેવો પ્રશંસનીય છે! વિપથગામી પતિને પણ આરાધ્યદેવ સમજી તેને ખાતર પોતાના સર્વસ્વનું બલિદાન અપાયાનાં બીજાં પણ અનેક દૃષ્ટાંત અમે સાંભળ્યાં છે.

(વંદન હો એવી આર્યદેવીઓને અને ભારતભૂમિને, કે જ્યાં આવા કળિકાળમાં પણ એવી ઉચ્ચ કોટિની અનેકાનેક દેવીઓ અને માતાઓની પરંપરા નષ્ટ નહિ થતાં થોડાઘણા પ્રમાણમાં પણ હજી કાયમ છે. —સંપાદક)

२७०–रामायणनी पापी मनुष्य पर थयेली असर

સ્વામી શ્રદ્ધાનંદજીના પિતા નાનકચંદ્રજી પોલીસખાતામાં અમલદાર હતા. પૂર્વજન્મના પુણ્યે એ બુદ્ધુભગત નામના એક સજ્જનના સમાગમમાં આવ્યા હતા, બુદ્ધુભગત ઝાંઝ, સારંગી અને તબલાં સાથે દર રાત્રિએ તુલસીદાસનું રામાયણ લલકારતા. નાનકચંદ્રજી ઉપર એ ભગતના રામાયણપાઠની બહુ ઊંડી અસર થઈ હતી. આખો દિવસ પોલીસ અમલદારની ક્રૂર ફરજો અદા કરી ગુનેગારોને કેદ પકડીને પોલીસ-ડાયરી લખતા અને રાત્રિએ અપરાધી તેમજ ફરિયાદી, થાણદાર, જમાદાર, સિપાઇ અને ખલાસી બધાને એકજ આસન પર બેસાડી રામાયણ સંભળાવતા. એક રાત્રે ભગવાન રામચંદ્રજીની ક્ષમાનો પ્રસંગ છેડાયો અને નાનકચંદ્રજીએ સિદ્ધ કરી બતાવ્યું કે, “પાપનો સ્વીકાર કરવો એ ઉત્તમમાં ઉત્તમ પ્રાયશ્ચિત્ત છે. શરણાગતને પ્રભુ કદી પણ ઠેલતો નથી.”

આટલું સાંભળીને એકાએક આરોપીઓમાંથી એક પ્રચંડ, અલમસ્ત આદમી ઊભો થયો. નાનકચંદ્રજીની સામે તે સાષ્ટાંગ ઢળી પડ્યો અને હાથ જોડી ગદ્‌ગદ કંઠે બોલ્યો: કે, “બન્ને ખૂન મેંજ કર્યાં છે. લાવો કાગળ, એકરાર લખી દઉં.”

વડીલોની અનેક ઊલટતપાસ, અથવા તો પોલીસોના ત્રાસજનક અત્યાચારથી પણ જે શખસ પોતાનો અપરાધ કબૂલ ન કરે, તેનું હૃદય ધર્મગ્રંથના ઉપદેશથી પીગળ્યું.

રામાયણુ આદિ ધાર્મિક કાવ્યોનો પ્રભાવજ ઓર છે!

૨૭૧–પ્રાતઃકાળમાં પ્રભુસ્તવન શા માટે ?

મહાત્મા મુન્શીરામ (સ્વામી શ્રદ્ધાનંદજી)ના દાદા ગુલાબરાય ભક્તપુરુષ હતા. પ્રાતઃકાળે ઊઠીને સ્નાન કરતા, ત્યાર પછી શીખ લોકોના ધર્મગ્રંથ સુખમણિ તથા ભગવદ્‌ગીતાના શ્લોકો લલકારતા અને પછી કબીર આદિ ભક્તનાં ભજનો ગાયા કરતા.

કપૂરથલાની રાણી હીરાદેવીના પોતે એજન્ટ હતા. મહારાજા નૌનિહાલસિંહ ગાદીનશીન થયા, ત્યારે રાણીજી પોતાના બન્ને કુમારોને લઇને જાલંધર જઇ વસ્યાં હતાં; એટલે ગુલાબરાયજી પણ મહારાજા નૌનિહાલસિંહની લાલચોની પરવા ન કરતાં પોતાના અન્નદાતા રાણીજીનીજ સાથે ચાલ્યા આવ્યા. રાણીજીના પરિવારની સાથેજ પોતે રહેતા હતા. ત્યાં દરરોજ પ્રાતઃકાળે ચાર વાગે પોતે પંચમ સૂરમાં ભજન લલકારતા, એથી રાણીજીના કુંવર વિક્રમસિંહની નિદ્રા ઊડી જતી, તેથી રોષે ભરાઇને એક દિવસ કુંવરે એમને કહ્યું કેઃ

"લાલાજી! પરમેશ્વરનું રટણુ શું આપ મનમાં નથી કરી શકતા?"

લાલા ગુલાબરાયે પરખાવ્યું કે, "મારા મનમાં તો નિરંતર પરમાત્મા વસીજ રહ્યા છે; પરંતુ હું ભજન ગાઉં છું એ તો માત્ર નાદાનોનેજ માટે, કે જેઓ પ્રભુસ્તવનની અમૃતઘડીએ પણ પથારીમાં ઘોરતા પડચા હોય છે–સમજ્યા કુંવર?"

આ પ્રસંગ ગુલાબરાયજીની નિર્ભયતા સૂચવવા ઉપરાંત પ્રાતઃકાળે જોરથી પ્રભુનાં સ્તવન ગાવાનું રહસ્ય પણ સમજાવે છે. મુસલમાન મુલ્લાંઓ પ્રાતઃકાળે મોટે સાદે બાંગ પોકારે છે, તેનો

ઉદ્દેશ પણ પોતાના સ્વધર્મીઓને નિદ્રાનો ત્યાગ કરી પ્રભુભક્તિમાં જોડાવાનું સ્મરણ કરાવવાનો હોય છે.

૨૭૨–व्रत करवानो एक नवो ने जाणवा जेवो प्रकार

ચોમાસાના ચાર મહિના હિંદુઓમાં ઘણા પવિત્ર ગણાય છે અને એ "ચાતુર્માસ"માં ભાવિક સ્ત્રી-પુરુષો કાંઇ ને કાંઇ વ્રત લે છે. કોઇ એક વાર જમવાનું, તો કોઇ સોમવાર કરવાનું, કોઇ સવારે નદીમાં જઇ સ્નાન કરવાનું, તો કોઇ અમુક મંદિરમાં જઈ ઠાકોરજીનાં દર્શન કર્યા વગર ભોજન નહિ કરવાનું અને કોઇ મહાદેવજીને બીલીપત્ર ચડાવવાનું, એમ વિવિધ જાતનાં વ્રત લે છે. એ નિમિત્તે લોકોની વૃત્તિ સારા માર્ગ તરફ વળે છે, ચિત્તની શુદ્ધિ થાય છે, આત્મસંયમનો અભ્યાસ થાય છે અને કેટલીક વાર પરોપકાર પણ થાય છે. પૂનામાં શ્રીમતી દુર્ગાબાઈ જોશી નામની એક દક્ષિણી બાઇ હતી. એનામાં નવા અને જૂના વિચારનું અદ્ભુત મિશ્રણ થયું હતું. એને થોડુંઘણું શિક્ષણ પણ મળ્યું હતું. ઈ. સ. ૧૯૦૫માં એ સન્નારીને ચાતુર્માસનિમિત્તે નવાજ પ્રકારનું વ્રત લેવાનું સૂઝયું. અંગ્રેજી નિશાળમાં છઠ્ઠા અને સાતમા વર્ગમાં ભણતા કેટલાક વિદ્યાર્થીઓ માટે સંસ્કૃતનું મફત શિક્ષણ આપવાનો એક વર્ગ એણે પોતાને ત્યાં શરૂ કર્યો અને તે કામ સારુ રા. ઓક નામના પ્રસિદ્ધ વિદ્વાનની પગાર આપીને નિમણૂક કરી. સંસ્કૃત ભાષા ઉપર એમનો સારો કાબૂ હતો અને કાવ્ય તથા વ્યાકરણના વિષયો બહુજ સારી અને રસ પડે એવી રીતે શીખવવાની તેમનામાં કળા હતી. મહાકાવ્યના કેટલાએક સર્ગ શાસ્ત્રી બુઆએ વિદ્યાર્થીઓને શીખવ્યા. શ્રીમતી દુર્ગાબાઇએ એ વ્રતનું ઉદ્યાપન

વિધિપૂર્વક દશેરાને દિવસે કર્યું અને વિદ્યાર્થીઓને ભગવદ્ગીતાની સટીક આવૃત્તિની એક એક પ્રત ભેટ આપી. એ ઉદ્યાપનના સમારંભનું પ્રમુખસ્થાન લોકમાન્ય તિલકે લીધું હતું અને વ્રતની પ્રાચીન ભાવનાને હાલના સમયને અનુકૂળ રૂપ આપવા માટે શ્રીમતી દુર્ગાબાઈ જોશીને ધન્યવાદ આપ્યો હતો.

દુર્ગાબાઈનું અનુકરણ આપણા દેશની ધનવાન સ્ત્રીઓ કરે અને ચાતુર્માસમાં પોતાની શક્તિ અનુસાર દેશહિતનું કોઈ કાર્ય કરવાનું વ્રત લે તો આ લોક અને પરલોક બન્નેમાં તેમનું કલ્યાણ થાય, એમાં જરા પણ સંદેહ નથી.

સ્ત્રીઓમાં રહેલી ધર્મભાવનાને આવાં નવાં સ્વરૂપો આપવાની જરૂર છે. ('લોકમાન્ય તિલકની યાદદાસ્ત'માંથી)

२७३–हरि से लागी रहो मेरे भाई

શ્રીરામકૃષ્ણ પરમહંસદેવે પોતાના કુળધર્મને અનુસરીને શક્તિની ઉપાસના સિદ્ધ કરી હતી. પાછળથી પરીક્ષા કરીને એમણે જોયું હતું કે, બધા ધર્મોની પદ્ધતિ અનુસાર સાધના કર્યાથી ફળ મળે છે; એટલા માટે એ કહી ગયા છે કે, "કાળી, તારા, હરિ, હર, રામ, કૃષ્ણ, ગૉડ, અલ્લા, જિહોવા, બ્રહ્મ ગમે તે નામથી એ 'એક'નું મનમાં ચિંતન કરશો તો તેથી લાભજ થશે. એમ છતાં પણ સદ્ગુરુ પાસે પોતાની કુળપ્રથા પ્રમાણે સાધના કરતાં શીખવું, એ મનુષ્યમાત્રનું સૌથી પહેલું કર્તવ્ય છે."

સારાં–ખોટાં કર્મોનું ફળ તો અવશ્ય ભોગવવુંજ પડે છે; પરંતુ પ્રભુનો આશ્રય લેનારને એ ફળ એવી રીતે મળે છે, કે જેથી અતિ ઘોર પાપીને પણ અધોગતિ તો નથીજ મળતી.

પરમહંસદેવ પોતાની મીઠી અને સરળ વાણીમાં કહી ગયા છે કે, "કરુણામયી જગન્માતાના ખોળામાં નાના બાળકની પેઠે

વગરસંકોચે કદાચ કાદવ–કીચડ સહિત કૂદી પડો, તો તે પણ એ દયાળુ માતાજ ધોઇને સાફ કરશે. મનુષ્યોની શક્તિઓને પણ હદ છે, પાપને પણ હદ હોય છે; પરંતુ ઈશ્વરની કૃપા તો અપાર છે, એનો તો પારજ નથી. એમ ન હોત તો માનવીના ઉદ્ધારનો ઉપાયજ નહોતો."

ભગવાનના ચિંતનમાં લાગ્યા રહેવાથી ધીમે ધીમે બધા ખરાબ ધંધા અને વિચાર પણ સારા થઈ જાય છે. એક ગુણિકા દરરોજ સવારે એક પોપટને અનેક વાર "સીતારામ" પઢતાં શીખવતી. એમ કરતાં કરતાં ધીમે ધીમે એનો પાપવાસના છૂટી ગઇ અને તેનો ઉદ્ધાર થયો.

હરિ સે લાગી રહો મેરે ભાઇ, તેરી બિગડી બાત બની જાઇ;
તેરી બનત બનત બનિ જાઇ, હરિ સે લાગી રહો રે ભાઇ–ટેક
રાંકા તારે બાંકા તારે, તારે સદન કસાઇ;
શુક પઢાય કે ગણિકા તારી, તારી હે મીરાંબાઈ–હરિ સે૦
ઐસિ ભક્તિ કર ઘટ ભીતર, છોડ કપટ ચતુરાઇ;
સેવા, બંદગી ઔર અધીનતા, સહજ મિલે રઘુરાઇ–હરિ સે૦

२७४–जेवी भक्तनी इच्छा तेवी भगवाननी कृपा

કર્ણાટકનિવાસી ગણપતિ ભટ્ટ સદાચારી, સરળ સ્વભાવના અને ભક્તિમાન બ્રાહ્મણ હતા. ગણપતિજ તેમના ઇષ્ટદેવ હતા. એ મૂર્તિદ્વારા એ ભગવાનનું ધ્યાન ધરતા. બ્રહ્મપુરાણનો પાઠ કરતાં તેમના વાંચવામાં આવ્યું કે, નીલાચલમાં જગન્નાથનાં દર્શન કર્યાથી મુક્તિ મળે છે. એ પણ દર્શન કરવા સારુ જવા નીકળ્યા. માર્ગમાં તેમણે જોયું કે, ઘણા લોકો જગન્નાથજીનાં દર્શન કરીને પાછા ફરી રહ્યા હતા. આથી તેમના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે, દર્શનથીજ

મુક્તિ થાય છે; તો પછી આ લોકો શરીર સહિત ઘેર પાછા કેમ ફરે છે? એના એ વિચારમાં એ સડકને કિનારે બેસી રહ્યા.

કૃપામય ભગવાન ઘણી વાર મનુષ્યનેજ મુખેથી ભક્તોને ઉપદેશ આપે છે. એ રસ્તે એક પંડો જઈ રહ્યો હતો. તેના મનમાં આવ્યું કે, "આ બ્રાહ્મણ આ પ્રમાણે ચિંતાતુર શા સારુ બેઠો છે? ચાલ, પાસે જઈને કારણ પૂછું." તેના પ્રશ્નના ઉત્તરમાં ગણપતિ ભટ્ટે પોતાની શંકા જણાવી. પંડો હસ્યો અને કહ્યું કે, "મહારાજ! ભગવાન કલ્પવૃક્ષ છે. તેની પાસે જે ઇચ્છાથી માણસ જાય છે, તેજ ઇચ્છા તેની પૂર્ણ થાય છે. આ બધા ભક્તો પાછા ગયા એમાંના કોઈએ દેહત્યાગપૂર્વક મુક્તિ ચાહી નહોતી. તમારી એવીજ ઇચ્છા હશે તો તમને એજ મળશે." પંડાની એ વાત સાંભળીને ગણપતિ ભટ્ટને જ્ઞાન પ્રાપ્ત થયું. એમાં ભગવાનનીજ અસીમ કૃપા સમજીને એમની આંખમાંથી આનંદાશ્રુ વરસવા લાગ્યાં અને વિચાર આવ્યો કે, "આ બ્રાહ્મણે કહેલી વાત ખરી છે. આટલી સ્પષ્ટ વાત પણ મારી સમજમાં ન આવી! સાધારણ રીતે લોકો તો ધન, પુત્ર વગેરે નાશવંત પદાર્થો માટેજ પ્રાર્થના કરે છે. મુક્તિની પ્રાર્થના કેટલા થોડા જણ કરે છે? મુક્તિના અનુપમ મહિમાનીજ ઘણા થોડાને ખબર હોય છે, એટલે પછી લોકો એને સારુ તો પ્રાર્થના કરેજ ક્યાંથી? જેને જે જોઈતું હોય તેજ તેને મળે."

પછી ગણપતિ ભટ્ટ બાકીનો માર્ગ ચાલી નાખીને શ્રીજગન્નાથજીના મંદિરમાં ગયા. ત્યાં તેમણે દર્શન તો કર્યાં; પરંતુ ગણપતિજ તેમના ઇષ્ટદેવ હોવાથી એ મૂર્તિનાંજ દર્શનથી તેમને તૃપ્તિ થતી. એ મૂર્તિ ન દેખાવાથી એમના મનમાં ક્ષોભ થયો. મંદિરમાં ઝાંખી કરીને તરતજ એ પાછા ફરવા લાગ્યા; પરંતુ કૃપામય ભગવાને ફરી પણ એમના મનની વિમાસણ એક માણસદ્વારા દૂર કરી. એક પંડાએ મશ્કરીરૂપે એમને કહ્યું કે, "વાહ, ભક્ત તો બહુ

મોટા દેખાઓ છો. છતાં દક્ષિણા પણ આપી નહિ, ભેટ પણ મૂકી નહિ, પૂજા પણ કરી નહિ અને ધરાઇને ઠાકોરજીનાં દર્શન સુધ્ધાં કર્યાં નહિ; તો પછી આટલે દૂર પગ ઘસડતા આવ્યાજ શું કામ?" તિરસ્કાર પામેલા ગણપતિ ભટ્ટના સરળ અંતઃકરણમાં આથી ફરી એક વાર ભગવાનની કૃપા ઊતરી. ફરીથી ધરાઇને દર્શન કર્યાં, તો જણાયું કે, એ મંદિરમાં ગણપતિનીજ મૂર્તિ બિરાજે છે. ઘણી વાર સુધી બહુજ ઊંડા ભાવપૂર્વક ધ્યાન–દર્શન કર્યા પછી એ મંદિરની બહાર આવ્યા. એ વખતે તે દેહાભિમાન વગરના જીવન્મુક્ત બની રહ્યા હતા. સંસારમાં એમને આસક્તિ રહી નહિ. સંસારમાં રહ્યા, પણ કોઈ પ્રકારના આગ્રહ કે ફળની આશા વિનાજ જીવનવ્યવહાર ચલાવ્યો. આ પ્રમાણે તેમનું જગન્નાથદર્શન પૂરેપૂરું સફળ થયું.

('સદાલાપ'માંથી)

२७५–मुक्ति संबंधे धर्मांध पुरुषोनी खोटी मान्यता

એક ધર્માંધ ખ્રિસ્તી એક દિવસ ઉપદેશ આપી રહ્યો હતો કે, "હિંદુ, બૌદ્ધ, મૂર્તિપૂજકો અને શિયા–સુન્ની તથા વહાબી મુસલમાનો તેમજ રોમન કેથલિક, યુનિટેરિયન, ચર્ચ ઑફ ઇંગ્લૅંડ, ગ્રીક ચર્ચ, આર્મેનિયન, સિરિયન વગેરે સંપ્રદાયના ખ્રિસ્તીઓમાંથી કોઇને પણ મુક્તિ મળશે નહિ. કેવળ પ્રેસ્બિટેરિયન ખ્રિસ્તીઓમાંના જેઓ તમાકુ અને દારૂનો ઉપયોગ કરતા નહિ હોય અને જે સ્ત્રીઓ અલંકાર ધારણ નહિ કરતી હોય, તેજ મુક્તિને પામી શકશે." એ સાંભળીને બિશપ ટેલરે તેને પૂછ્યું કે, "ભાઇ! એ તો કહે કે ઇસુખ્રિસ્તે કેટલા માણસોને સારુ જન્મ ધારણ કર્યો હતો?"

આવા વિચારો બહુ સાંકડું મન સૂચવે છે. હિંદુઓનો ધાર્મિક

ભાવ બહુજ ઉદાર છે. તેઓ તો એમજ માને છે કે, દરેક ધર્મમાં જેઓ સારા માણસો છે, જેઓ સદાચારપૂર્વક જીવન ગાળીને ભક્તિ અને જ્ઞાનમાં પૂર્ણતા પ્રાપ્ત કરે છે, તેઓ મુક્તિને પામે છે. જન-સમાજની સાધારણ રૂઢિનાં બંધનોથી મુક્ત થયેલા સાધુ–સંત, ફકીર કે પરમહંસો શું મુક્તિના અધિકારી નથી? ખરું જોતાં જેઓ સારા અને ભગવત્પ્રેમી છે, તેઓજ ખરે રસ્તે જઇ રહ્યા છે.

('સદાલાપ 'માંથી)

૨૭૬–एक उत्तम चित्रनी असाधारण कदर

ઈ. સ. ના ૧૫મા સૈકામાં યુરોપમાં રાફેલ નામનો સુપ્રસિદ્ધ ચિત્રકાર થઈ ગયો છે. ઇટલી દેશમાં ઇ. સ. ૧૪૮૩માં તેનો જન્મ થયો હતો. તેણે અનેક સુંદર ચિત્રો ચીતરીને અમર કીર્તિ મેળવી છે. જર્મનીના સૌથી મોટા શહેર, સેકસનીની રાજધાની ડ્રેસ્ડન નગરમાં એક મોટી ચિત્રશાળા છે. એમાં સુપ્રસિદ્ધ ચિત્રકારોનાં અનેક ચિત્રો ગંજાવર કિંમતે ખરીદ કરીને રાખેલાં છે. એ ચિત્ર-શાળામાં જે ચિત્ર સૌથી વધારે ધ્યાન ખેંચે છે, તે રાફેલનું 'સિસ્ટી-ના મેડોના ' નામનું ચિત્ર છે. ઘણા લોકો તો કેવળ એજ ચિત્ર જોવા સારુ ચિત્રશાળામાં જાય છે. ઘણાઓનો મત છે કે, રાફેલનું એ સૌથી સારું ચિત્ર છે.

ઈસુખ્રિસ્તનાં માતુશ્રી મેરીને ખ્રિસ્તીઓ–ખાસ કરીને રોમન કૅથલિકો દેવી સમાન ગણીને પૂજે છે.તેમની મૂર્તિ દરેક દેવળમાં હોય છે. એમનું માતા તરીકેનું રૂપ ભક્તોને વધારે પ્રિય થઈ પડયું છે. રાફેલે ઇ. સ. ૧૫૧૫માં સાન સિસ્ટોરના મઠના સાધુઓને સારુ એ ચિત્ર તૈયાર કર્યું હતું. સેકસનીના રાજાએ ઇ. સ. ૧૫૫૩માં મઠાધીશ પાસેથી એ ચિત્ર લગભગ ૫૧૫૫ પાઉંડ (પોણો લાખ રૂપિયા કરતાં પણ વધારે મોટી રકમ) આપીને લીધું. એ છબી

જ્યારે રાજમહેલમાં આવી, ત્યારે એને રાજ્યના સભાભવનમાં ટાંગવાનો હુકમ આપવામાં આવ્યો. હવે વિચાર થયો કે, કઇ દિશામાં અને કઇ જગ્યાએ ટાંગવાથી એના પર અજવાળું બરોબર આવશે. અનેક જગ્યાએ છબીને ટાંગીને પરીક્ષા કરવામાં આવી. આખરે એમ જણાયું કે, જે જગ્યાએ રાજસિંહાસન છે તે સ્થાને છબી ટાંગવામાં આવે તોજ તે બહુ સારી દેખાશે; પણ રાજસિંહાસન ખસેડીને ત્યાં આગળ છબી ટાંગવાની સૂચના કરવાને કોની જીભ ઊપડે? આખરે રાજાને એ વાતની ખબર પડી. તરતજ એણે પોતાને હાથે સિંહાસન ખસેડ્યું અને છબી ત્યાં આગળ ટાંગવાની આજ્ઞા આપતાં કહ્યું કે, "રાફેલની છબી માટે આજ યોગ્ય સ્થાન છે. મારું સિંહાસન દૂર રાખવામાં કાંઇ વાંધો નથી."

ઉત્તમ ચિત્રનું કેટલું બધું માન! અને ચિત્રકારની કેટલી બધી કદર! એવી કદર હોય તોજ કળાનો વિકાસ થાય.

('ભારતવર્ષ'માંથી)

૨૭૭–खंडित थयेली देवमूर्ति

એક દિવસ રાણી રાસમણિના મંદિરમાં આરસપહાણની ફરસબંધી પાણી બહુ પડવાથી લપસણી થઈ ગઈ હતી. એને લીધે ઠાકોરજીની મૂર્તિ લઈને જનારા બ્રાહ્મણનો પગ લપસી ગયો અને તે મૂર્તિ સહિત પડી ગયો. આથી મૂર્તિનો પગ ભાંગી ગયો. મંદિરના વ્યવસ્થાપકોને કાને વાત પહોંચી. ખંડિત મૂર્તિની તો પૂજા થાય નહિ. રાણી રાસમણિએ એનો ઉપાય શોધી કાઢવા સારુ પ્રસિદ્ધ પંડિતોની સભા ભરીને અભિપ્રાય પૂછ્યો. બધાએ ધર્મગ્રંથો તપાસીને નિર્ણય કર્યો કે, "ભાંગેલી મૂર્તિને ગંગાજળમાં પધરાવી દેવી અને તેની જગ્યાએ બીજી નવી મૂર્તિની સ્થાપના કરવી."

આથી કારીગરને બીજી નવી મૂર્તિ ઘડવાનો હુકમ આપવામાં આવ્યો.

સભા વેરાઈ ગયા પછી રાણીના જમાઇ મથુરબાબુએ કહ્યું કે, "એ સંબંધમાં 'બાબા' (શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ)ને પૂછી જુઓ. એ શું કહે તે તે પણ જાણવું જોઇએ." પરમહંસદેવની સલાહ એ વિષયમાં પૂછવામાં આવતાં તેમણે બહુ વિચાર કરીને જણાવ્યું કે, "રાણીના જમાઇને કોઇએ પાડી નાખીને પગ તોડી નાખ્યો હોત તો આપ એમની દવાદારૂ કરત કે નહિ? એજ વ્યવસ્થા આ પ્રસંગે કરો. મૂર્તિને સાંધી દઈને પૂજા જે પ્રમાણે ચાલે છે તેમ ચાલવા દો. મૂર્તિનો ત્યાગ શામાટે કરવો?" એ વ્યવસ્થા જોઈને બધા અવાક્ થઇ ગયા! કોઈના પણ મગજમાં એવી સાધારણ યુક્તિ આવી નહિ. વાસ્તવિક રીતે જે મૂર્તિ પ્રત્યે પૂજા કરીને હૃદયનો પ્રેમ કરતા આવ્યા છીએ, તેજ મૂર્તિનું આજે એકાદ અંગ ખંડિત થઈ જવાથી ખરા ભક્તના હૃદયમાંથી એના ઉપરનો પ્રેમ જતો રહેશે? વળી વૈષ્ણવોના આચાર્યદેવે ભક્તોને ઉપદેશ આપ્યો છે કે, 'ઠાકોરજીને આત્મવત્ પોતાના જેવા ગણીને સેવા કરો.' આપણે પોતે એવી દશામાં આવી પડતાં જે કરવું પસંદ કરીએ, તેજ ઠાકોરજી પણ પસંદ કરશે, એવું માનીને કામ કરવું જોઈએ. એ રીતે જોતાં મૂર્તિનો ત્યાગ કરવાની વ્યવસ્થા વાજબી નથી.

સ્મૃતિમાં ખંડિત મૂર્તિની પૂજા નહિ કરવાની જે આજ્ઞા છે, તે એવા સાધારણ ભક્તોને માટે છે, કે જેમનું ચિત્ત ભાંગેલી મૂર્તિ જોવાથી વિચલિત થવાનો સંભવ છે." પંડિતોમાં આ મીમાંસા ઉપર મતભેદ થયો, પણ એમનામાંથી જેઓ યથાર્થ જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત કરવા સમર્થ થયા હતા, તેઓ તો આ પ્રેમપૂર્ણ મીમાંસા સાંભળીને 'ધન્ય! ધન્ય!' કહેવા લાગ્યા. પછી શ્રીપરમહંસદેવે પોતાનેજ હાથે મૂર્તિને સાંધી દીધી અને તેની પૂજા પહેલાંની

પેઠેજ ચાલવા લાગી. કારીગરોએ એક નવી મૂર્તિ બનાવી, પણ તેને ગોવિંદજીના મંદિરના એક ખૂણામાં રાખી મૂકવામાં આવી. એની પ્રતિષ્ઠા થઈ નહિ. ('સદાલાપ'માંથી)

૨૭૮—પુરુષાર્થમાં લોકમાન્ય તિલકની શ્રદ્ધા

ઈ. સ. ૧૯૦૮માં લોકમાન્ય તિલક તળેગામમાં પૈસાફંડની આવકમાંથી સ્થાપેલું કાચનું કારખાનું તથા સમર્થ વિદ્યાલય જોવા સારુ ગયા હતા. ત્યાં એમને ઘણા વિદ્વાનો મળવા આવ્યા. પ્રૉફેસર બિજાપુરકર પણ એમની સાથે વાતચીત કરવા આવ્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણનો વિષય નીકળ્યો અને ઘણી રસભરી ચર્ચા ચાલી. એટલામાં પાછા ફરવાની ગાડીનો વખત થવા આવ્યો. લોકમાન્ય તિલકે જવાની તૈયારી કરવા માંડી. વાદવિવાદમાં રસ પડેલો હોવાથી પ્રૉફેસર બિજાપુરકરે કહ્યું કે, "ભાઇ! જરા થોભો. ગાડીને આવવાને હજુ વાર છે. ગાડીનો વખત પણ થઇ જાય અને તમે એ ગાડીએ જવાના હશો તો તમારા સ્ટેશને પહોંચતા લગી ગાડી આવવાની નથી. હું ખાતરીથી કહું છું કે, ગાડી 'લેટ' (મોડી) થશે. હું કહું છું તેનો અનુભવ કરી જુઓ."

લોકમાન્યે કહ્યું કે, "ઋષિને રોજનું કર્તવ્યકર્મ ન ચૂકવા દેવા સારુ ચંદ્રસૂર્ય સુધ્ધાં થોભી જાય એમ કહો છો! એવી કથા ઉપર કેટલો વિશ્વાસ રાખવો એની ચર્ચા અત્યારે હું કરવા બેસતો નથી; પણ મારે માટે ગાડી 'લેટ' (મોડી) થાય અને દૈવ મારા ઉપર ઉપકાર કરે, એ વાતજ મારે માન્ય નથી. ગાડી વખતસર આવે અથવા મોડી આવે તોપણ હું તો વખતસર સ્ટેશન ઉપર જઇને બેસવાનો અને ગાડી મેળવવાનો. હું પ્રયત્નવાદી છું. દૈવનો ઉપકાર મારે જોઇતો નથી."

('લોકમાન્ય તિલકની યાદદાસ્ત અને ખ્યાતિ'માંથી)

२७९–एक साचा देशभक्तनी चोकसी अने कर्तव्यनिष्ठा

મસ્જિદની આગળ વાજાં વગાડવાં કે ન વગાડવાં એ હિંદુ–મુસલમાનની તકરારનો મુખ્ય વિષય ઘણાં વર્ષોથી થઈ પડયો છે. આજથી પાંત્રીસેક વર્ષ ઉપર મહારાષ્ટ્રમાં પણ એજ કારણને લીધે અનેક સ્થળે તોફાન થયાં હતાં. નાશિક જિલ્લાના ચેવલા ગામમાં પણ હિંદુ–મુસલમાનો વચ્ચે એવું એક તોફાન થયું. એ તોફાનનું ખરું કારણ શું અને એ કામમાં અંદરખાનેથી કોની ઉશ્કેરણી હતી, તે વિષયમાં લોકમાન્ય તિલકે 'કેસરી' પત્રમાં એક લેખ લખ્યો હતો. એવા પ્રસંગે લોકમાન્ય કાંઈ બીજાઓએ પૂરી પાડેલી હકીકતને આધારે ટીકા કરતા નહોતા; પણ જાતેજ તપાસ કરીને ખરું કારણ શોધ્યા પછીજ લેખ લખતા. આ પ્રસંગે પણ તોફાનવાળા ગામમાં જાતેજ તપાસ કરવા ગયા હતા. ચેવલા ગામ જવાનું થયું, તે વખતે એમના બીજા પુત્ર રામભાઉ ઘણા માંદા હતા. મંદવાડ ભયંકર હોવાથી એમણે જવાનું માંડી વાળવું, એમ મિત્રો અને સંબંધીઓએ સલાહ આપી; પરંતુ વર્તમાનપત્રકાર તરીકેના પોતાના કર્તવ્ય અને જવાબદારીનું સ્મરણ કરીને પુત્રને ભારે મંદવાડમાં મૂકીને પોતે ચેવલા ગામ ગયા અને જોઇતી તપાસ કરી આવ્યા.

આવી ઊંડી કાળજી અને કર્તવ્યપરાયણતાને લીધેજ લોકમાન્ય પોતાના પત્ર 'કેસરી'ને પ્રભાવશાળી બનાવી શકયા હતા.

('લોકમાન્યની યાદદાસ્ત અને ખ્યાતિ'માંથી)

२८०–धर्मप्रचारने खातर देहनो भोग आपनारा विद्यार्थी

પ્રાચીનકાળમાં આજથી આશરે અઢી હજાર વર્ષ પૂર્વે પટણાની પાસે નાલંદ નામના ક્ષેત્રમાં એક મોટું વિશ્વવિદ્યાલય હતું. ભગવાન બુદ્ધે ત્યાં નિવાસ કરી વ્યાખ્યાનો આપ્યાં હતાં. ભગવાન મહાવીર સ્વામીએ પણ ત્યાંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને ત્યાં સ્વધર્મનાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. એની ખ્યાતિ જગતમાં પ્રસરી રહી હતી અને હાલ આપણા દેશના વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવવા યુરોપ, અમેરિકા અને જાપાન જાય છે, તેમ એ વખતમાં ચીન, કોરિયા, સિયામ, લંકા, તુર્કસ્તાન, ખોતાન અને યુનાન આદિ દેશોમાંથી વિદ્યાર્થીઓ નાલંદમાં ભણવા આવતા. પ્રખ્યાત ચીની મુસાફર હુએનસંગ લખે છે કે, "સંસારમાં એવો એક પણ દેશ નહિ હોય, કે જેને નાલંદ વિશ્વવિદ્યાલય જાણીતું નહિ હોય અથવા એવી એક પણ જાતિ નહિ હોય, કે જે જાતિનો એક પણ વિદ્યાર્થી નાલંદમાં શિક્ષા લઈ મહાપંડિત ન બન્યો હોય! ઈસ્વીસનના સાતમા સૈકામાં એ વિશ્વવિદ્યાલયમાં દશ હજારથી વધારે વિદ્યાર્થીઓ ભણતા હતા અને તેમને હજારો અધ્યાપકો ભણાવતા હતા."

એ વિશ્વવિદ્યાલયમાં ભણવા સારુ હુએનસંગ ચીનથી આવ્યો હતો. ત્યાં એને આચાર્યો તથા વિદ્યાર્થીઓ તરફથી સારું માન મળ્યું હતું. તેમણે એની સાથે એવો વ્યવહાર રાખ્યો હતો કે, એને એક દિવસ પણ એમ લાગ્યું નહોતું કે હું પરદેશમાં છું. એ ચીની વિદ્વાન જ્યારે ભણીને પાછો સ્વદેશ ગયો, ત્યારે ઘણી બૌદ્ધ મૂર્તિઓ અને બૌદ્ધ ધર્મના ગ્રંથોની હાથે કરેલી નકલો સાથે લઇ ગયો હતો. એને વળાવવા સારુ એના પ્રેમમાં મુગ્ધ થયેલા અનેક

વિદ્યાર્થીઓ સિંધુ નદીના મુખ સુધી જવા તૈયાર થયા હતા; પરંતુ દુર્ભાગ્યે એવું બન્યું કે, અડધે રસ્તે વહાણ તોફાને ચઢયું. વહાણમાં પાણી ભરાવા લાગ્યું અને ડૂબવાની તૈયારી થવા લાગી. હ્યુએનસંગની બધી મહેનત નિષ્ફળ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. નાલંદના તે બ્રહ્મચારીઓએ એ સમયે અસાધારણ સાહસનો પરિચય આપ્યો. એમણે વિચાર્યું કે, આ મૂર્તિઓ અને આ અમૂલ્ય ધર્મગ્રંથો નદીમાં ડૂબી જશે અને તેથી આપણા ધર્મનો ચીનદેશમાં પ્રચાર કરવાનો લાગ નહિ મળે. ગમે તેમ કરીને એ પવિત્ર સ્મારકો બચાવવાનો તેમણે સંકલ્પ કર્યો અને દેહલાલસા દૂર કરીને અમર આયુષ્ય મેળવવા નદીના પ્રવાહમાં તેઓ કૂદી પડ્યા! જોતજોતામાં એમના પવિત્ર દેહ તણાઈ ગયા! પોતાના દેહ સરિતાને સમર્પણ કરી દઇને આવી રીતે તેમણે વહાણમાંનો ભાર હલકો કર્યો અને હ્યુએનસંગનાં પુસ્તકોનું રક્ષણ કર્યું. આશ્રમવાસી વિદ્યાર્થીઓનો એ અનન્ય આત્મભોગ નાલંદ વિશ્વવિદ્યાલયના શિક્ષણનોજ પ્રભાવ હતો અને અમારા એ ભારતવાસી આર્ય બ્રહ્મચારી વિદ્યાર્થીઓનાં બલિદાનથીજ ચીનદેશમાં ધર્મનું જ્ઞાન ફેલાવા પામ્યું હતું.

સ્વેચ્છાથી અપાયલાં આવા પ્રકારનાં બલિદાનો તો હાલના સુધરેલા દેશોનાં વિશ્વવિદ્યાલયોના ઇતિહાસમાં પણ વિરલજ નોંધાયાં હશે.×

× રા. રા. માધવરાવ ભાસ્કરરાવ કર્ણિકના ફેબ્રુઆરી ૧૯૨૭ના 'સમાલોચક'માં છપાયેલા લેખ ઉપરથી.

२८१–लो० तिलकनी शरीरने सुदृढ बनाव-वानी काळजी

મનને મજબૂત બનાવવું હોય તો શરીરને નીરોગી અને સુદૃઢ બનાવવાની આવશ્યકતા છે, એ સિદ્ધાંત લોકમાન્ય તિલક નાનપણુથીજ સમજ્યા હતા. બ્રાહ્મણજાતિના ઊંચા કુળમાં જન્મેલા એટલે બચપણમાંજ એમનું લગ્ન થઈ ગયું હતું. એમનાં પત્નીની તબિયત વધારે સારી હતી તથા તેમનું શરીર વધારે સુદૃઢ દેખાતું હતું. આથી કરીને લોકમાન્યના મિત્રો કોઈ કોઈ વાર તેમની મશ્કરી પણ કરતા. લોકમાન્યે એ ખામી દૂર કરવાનો સંકલ્પ કર્યો અને એક વખત સંકલ્પ કર્યો, એટલે પૂરો કર્યેજ છૂટકો, એવો એમનો સ્વભાવ હતો. શરીરને ખીલવવા પાછળ એમણે કૉલેજના અભ્યાસમાં એક આખું વર્ષ કસરત કરવા પાછળ ગાળ્યું. એ વરસમાં એમણે ચોપડી પણ ઉઘાડી નહિ. સવાર–સાંજ તાલીમજ લીધા કરી. એ કસરતને લીધે તેમનું શરીર સારી રીતે કસાયું તથા નીરોગી બન્યું. જીવનપર્યંત થાકયા વગર ઉત્સાહભેર જે દેશસેવા તિલક મહારાજ કરી શકયા, તે આ કાળજી ને કસરતનાજ પ્રતાપે!

તેમનો અભિપ્રાય એવો હતો કે, શરીરને મજબૂત બનાવવા ક્રિકેટ, ટેનિસ વગેરે રમતો એટલી કામની નથી. દેશી પદ્ધતિ પ્રમાણે વ્યાયામ કરવાની જરૂર છે. ઘરનાં છોકરાંઓ માટે દેશી પદ્ધતિથી વ્યાયામ કરવાની ગોઠવણ તેમણે પોતાના વાડામાં કરી હતી.

વ્યાયામ સંબંધે લોકમાન્યને એટલી બધી કાળજી હતી કે, પોતે માંડલેની જેલમાંથી પોતાને ઘેર જે પત્રો લખતા, તેમાં પણ છોકરાંઓને કસરત કરાવવા બાબત હમેશાં સૂચના આપતા તથા છોકરાંઓ દરરોજ કેટલી બેઠકો કરે છે તે વિષે પુછાવતા.

('લોકમાન્યની યાદદાસ્ત અને ખ્યાતિ'માંથી)

૨૮૨–રશિયાના ઝારનું સૈનિક માટે માન

રશિયાના બાદશાહને ઝાર કહે છે. એક ઝારને પ્રજાનાં સુખ–દુઃખ જાતે જોવાનો ઘણો શોખ હોવાથી ઘણી વાર સાદા વેશમાં, કોઇ પણ જાતના હથિયાર કે અંગરક્ષકને સાથે રાખ્યા વગર બહાર ફરવા નીકળી પડતો. એવી રીતે તે એક દિવસ શિયાળાની ઋતુમાં મોસ્કો નગરમાં જઈ રહ્યો હતો. પ્રજાવત્સલ રાજાને ઓળખતાં રૈયતને વાર લાગી નહિ. તેમણે 'બાદશાહ સલામતનો જય હો!'-ના હર્ષનાદથી તેને વધાવી લીધો.

એજ સમયે રસ્તામાંથી એક ગરીબ મનુષ્યનું શબ લઇને લોકો તેને દફનાવવા જઇ રહ્યા હતા. ખ્રિસ્તીઓના મુડદાને હિંદુઓની પેઠે ઠાઠડીમાં બાંધતા નથી કે મુસલમાનોની પેઠે પલંગ ઉપર સુવાડતા નથી; પણ એક સુંદર બંધ પેટીમાં લઈ જાય છે અને એ પેટી સહિત મુડદાને જમીનમાં દફનાવવામાં આવે છે. એ પેટીને કૉફિન કહે છે. એ કૉફિન ઘડવામાં અને તેને સુંદર ફૂલના હારતોરાથી શણગારવામાં ખ્રિસ્તીઓ પુષ્કળ ખર્ચ કરે છે, પણ આ તો એક ગરીબ માણસનું કૉફિન હતું; એટલે બહુજ સાદું અને જીર્ણ થઇ ગયેલું હતું. એને ખેંચી જનારો માણસ પણ એક ગરીબ ડોસો હતો. શબનો ભાર નહિ ખેંચાયાથી એ બિચારો કમરમાંથી વળી જતો હતો. બીજું કોઇ એની સાથે નહોતું. રશિયાના બાદશાહે એ દેખાવ જોયો અને દયાથી પ્રેરાઇને પૂછ્યું કે, "ભાઈ! તું કોના શબને કબરસ્તાનમાં લઇ જાય છે?" પેલાએ ટૂંકામાંજ પતાવ્યું કે, "એક સિપાઇ મરી ગયો છે."

બાદશાહના હૃદય ઉપર ઘણી ઊંડી અસર થઇ. રશિયાના એક સૈનિકની આવી ગરીબાઇ! આટલી બધી દુર્દશા! જેણે આખી જિંદગી સુધી પોતાના દેશને માટે દેહ સમર્પણ કર્યો, તેની અંત-

સમયે આવી બેકદર! એણે કહ્યું કે, "રશિયાનો બહાદુર સિપાઈ ગમે તેટલો ગરીબ હોય, તોપણ તેનું શબ કોઈ પણ જાતના સન્માન વગર આવી રીતે શ્મશાનમાં જાય એ વાજબી નથી. મારા દેશનો સિપાઇ કૂતરાને મોતે મરે તે મને પોતાને કે મારા દેશને ન શોભે. ચાલ, હું તારી સાથે આવું છું."

રશિયા દેશનો સ્વામી એ સૈનિકના સન્માનને ખાતર શિર નીચું નમાવીને ધીમે પગલે તેના શબની સાથે સાથે ગયો. શિયાળાની મોસમ હતી, રસ્તામાં બરફ પથરાયો હતો, વાટ સુગમ નહોતી, પણ એ કશાની પરવા નરેન્દ્રે કરી નહિ.

એ રસ્તામાં થઇને જનારા માણસો ઝારને એ ગરીબની પાયદસ્તમાં જતો જોઇને આશ્ચર્ય પામ્યા. તેઓ પણ પોતાનો કામધંધો છોડીને ઝારની પાછળ પાછળ ગયા. જોતજોતામાં તો હજારો માણસો એ સરઘસમાં જોડાયા. મોટા સરદારોને પણ છેલ્લું માન આપવા માટે જેટલી મેદની એકઠી ન થાય, તેટલી મોટી ભીડ આ ગરીબ સૈનિકના કૉફિનની સાથે શ્મશાનમાં પહોંચી.

આ બધું રશિયાના ઝારની લાગણી અને ઉદારતાનુંજ પરિણામ હતું.

જે બાદશાહ પોતાના સૈનિકોની આટલી બધી કદર કરે, તેને ખાતર સિપાઇઓ પણ પ્રાણ આપવા તૈયાર થાય અને તેના પ્રજાજનો સૈન્યમાં જોડાય, એમાં આશ્ચર્યજ શું?

('ન્યુ રૉયલ રીડર્સ' ઉપરથી)

૨૮૩–સ્વ૦ गोपाळकृष्ण गोखलेनी प्रमाणिकता

પરમ દેશભક્ત શ્રીયુત ગોપાળકૃષ્ણ ગોખલે બાલ્યાવસ્થામાં જ્યારે નિશાળમાં ભણતા હતા, ત્યારે એક દિવસે માસ્તરે ઘેરથી કેટલાક હિસાબના દાખલા ગણી લાવવાને આપ્યા. ગોપાળરાવને

એમાંનો એક પ્રશ્ન આવડતો નહોતો, એટલે બીજા વિદ્યાર્થીની મદદથી કર્યો. નિશાળમાં બધાના જવાબ તપાસવામાં આવ્યા. ગોપાળરાવના બધા જવાબ સાચા હતા.

એ જોઇને એમના શિક્ષક ઘણાજ પ્રસન્ન થયા અને એમને કાંઇક ઇનામ પણ આપવા લાગ્યા. બાળક ગોપાળે ઇનામ તો ન લીધું, પણ ઊલટા રડવા લાગ્યા. એ જોઇને ગુરુજીને ઘણું આશ્ચર્ય લાગ્યું અને કારણ પૂછવા લાગ્યા. બાળકે હાથ જોડીને નમ્રતાથી કહ્યું કે, "આપ તો એમ સમજ્યા હશો કે આ બધા સવાલના જવાબ મેં પોતાની મેળેજ લખ્યા છે; ખરી વાત એવી નથી. એ- માંનો એક દાખલો મેં મારા મિત્રની મદદથીજ ગણ્યો છે. કહો, હવે હું ઇનામ મેળવવાને લાયક છું કે સજાને પાત્ર છું?"

એ સાંભળી ગુરુજી ઘણા ખુશ થયા અને તેમણે એમના હાથમાં ઇનામ મૂકતાં કહ્યું કે, "હવે આ ઇનામ હું તને તારી સત્યપ્રિયતાને માટે આપું છું."(મધ્યપ્રદેશવાળી 'હિંદી કી દૂસરી કિતાબ'માંથી)

૨૮૪–ડાકોરમાં ગરીબ ભક્તના ઢબુનો ઝળકી ઊઠેલો રંગ

ત્રાંબેકર એક શ્રીમંત દક્ષિણી ગૃહસ્થ હતા. પેશ્વા સરકારે એમને ડાકોર જાગીરીમાં આપ્યું હતું. ત્રાંબેકરે ત્યાં મંદિર બંધાવ્યું. મંદિર તૈયાર થયું, એટલે એમાં રંગ થવા માંડયો. એ અરસામાં એક ગરીબ વૈષ્ણવ દર પૂનમે શ્રીરણછોડરાયજીનાં દર્શન કરવા આવે. એને મંદિરના રંગો બહુ ગમ્યા અને પોતાની પાસે ફક્ત એક ઢબુ પૈસો હતો, તે કડિયાઓને આપી આવ્યો ને કહી ગયો કે, "મારા ગરીબ તરફથી પણ આ બે પૈસાનો રંગ લાવીને આ મંદિરમાં વાપરજો."

પછી રંગ થયો ત્યારે કડિયાઓ કહેવા લાગ્યા કે, "આખા મંદિરમાં સૌથી સરસ રંગ જો શોભતો હોય તો તે પેલા ગરીબ વૈષ્ણવના ઢબુનો છે. એ બે પૈસાનો જે રંગ આણીને અમે નાખ્યો તે સૌથી જુદો પડે છે અને ઝળકી રહ્યો છે!"

ત્રાંબેકરના હજારો રૂપિયા કરતાં પેલા ગરીબ વૈષ્ણવનો રંગ શાથી ચઢી ગયો? કારણ કે એની ભક્તિ સાચી હતી. ત્રાંબેકરને કીર્તિ વિશેષ પ્રિય હતી. વૈષ્ણવના સાચા અંતઃકરણનો પ્રેમ ત્રાંબેકરના ધનવૈભવ કરતાં ચઢી ગયો. ત્રાંબેકર પણ પુણ્યશાળી પુરુષ હતા. એમણે જ્યારે આ વાત સાંભળી, ત્યારે એમના ગર્વનાં પડળ ઊઘડી ગયાં. પછી એ પેલા વૈષ્ણવને પગે લાગતા અને એના જેવી ભક્તિ પોતાના હૃદયમાં ઉદય પામે, તે માટે રણછોડરાયની પ્રાર્થના કરતા.

('કુમાર'ના શ્રાવણ સં. ૧૯૮૨ના અંકમાંના ડૉ. હરિપ્રસાદ દેસાઈના લેખ પરથી)

૨૮૫–સ્કૉટલૅંડના એક ભિખારી બાળકની પ્રમાણિકતા

એક પ્રવાસી સ્કૉટલૅંડની મુસાફરી કરતો કરતો એડિનબરો નગરમાં જઈ ચઢ્યો. ત્યાં આગળ એક ચીંથરેહાલ છોકરો એની પાસે ભીખ માગવા આવ્યો. પેલા ગૃહસ્થે ભિખારીને ટાળવા સારુ બાનું કાઢ્યું કે, "મારી પાસે પરચૂરણ નથી." પેલા ગરીબ છોકરાએ વિનયપૂર્વક કહ્યું કે, "સાહેબ! હું પરચૂરણ લાવી આપું."

હવે તો આ પીડા ગમે તેમ કરીને ટળે તો સારું, એમ ધારી પેલા પ્રવાસીએ તેના હાથમાં એક શિલિંગ મૂક્યો. છોકરો સમજ્યો કે, આ શિલિંગ વટાવવા સારુ આપ્યો છે; માટે એ દોડતો દોડતો પરચૂરણ લેવા ગયો.

એ પાછો ફર્યો ત્યારે મુસાફર ત્યાં નહોતો. એ તો ચાલ્યો ગયો હતો. જે જગ્યાએ મુસાફરે તેને શિલિંગ આપ્યો હતો, ત્યાં આગળ જઇને એ છોકરાએ ઘણાએ દિવસ સુધી એની વાટ જોઇ. આખરે એક દિવસ તેણે એજ સદ્ગૃહસ્થને એ રસ્તે થઇને જતાં જોયો. જોતાંવારજ એ દોડીને તેની પાસે ગયો અને કહ્યું કે, "સાહેબ ! આ રહ્યું આપનું પરચૂરણ, મેં તે સાચવી રાખ્યું છે." એમ કહી તેણે બાર પેન્સ ગણીને પેલા ગૃહસ્થના હાથમાં આપ્યા. પેલો સદ્ગૃહસ્થ બાળકની પ્રમાણિકતાથી ઘણોજ પ્રસન્ન થઇ ગયો. તેણે એને નિશાળે મૂક્યો અને ભવિષ્યમાં મદદ આપતા રહેવાનું વચન આપ્યું.

એ બાળકને એની માતાની પાસેથી સારું શિક્ષણ મળ્યું હતું. એની માતાનો ઉપદેશ હતો કે, "બેટા ! ગમે તેટલું દુઃખ પડે તોપણ પારકી વસ્તુને વાપરતો નહિ."

ધર્મશાસ્ત્રો પણ એમજ કહે છે કે, પારકા ધનનો લોભ કરશો નહિ.

('ન્યુ રૉયલ રીડર્સ' ઉપરથી)

२८६—एक अंग्रेज गृहस्थनी सत्यपरायणता

ઇંગ્લૅંડમાં ચાર્લ્સ રાજાની આપખુદ સત્તા તથા અન્યાયી રાજ્યપ્રબંધથી કંટાળી પ્રજાએ તેની વિરુદ્ધ પ્રજાસત્તાક રાજ્યની હિલચાલ કરી હતી અને રાજાને પદભ્રષ્ટ કર્યો હતો. એ કામમાં જે મહાપુરુષોએ પ્રજાના મતાનુસાર રાજ્યની સ્થાપના કરવામાં આગળ પડતો ભાગ લીધો હતો, તેમાં 'પીમ' નામનો એક સદ્ગૃહસ્થ હતો. એ ઘણોજ સત્યપરાયણ હતો. એક વાર પાર્લમેંટમાં તેને કાંઇક કહેવાનું હતું, પણ એ કહી દીધાથી એને પોતાને નુકસાન થાય એમ હતું. એના મિત્રોએ સલાહ આપી કે, "આવે પ્રસંગે બહુ ડાહ્યા થવામાં માલ નથી. જાણે કાંઈ જાણતાજ નથી

એમ ચુપ બેસી રહેવામાંજ શાણપણ છે." પરંતુ ધીર પુરુષોને મનથી સત્ય એજ ઊંચામાં ઊંચી નીતિ છે. પીમે પોતાના હિતૈષી-ઓની સલાહ નહિ ગણકારતાં ઉત્તર આપ્યો કે, "મને ભલે હાનિ થાય પણ સત્યને હાનિ થાય, એ વાત મારાથી સહન થઈ શકે એમ નથી; માટે હું તો સાચુંજ બોલીશ. ભલે જે થવાનું હોય તે થાય."

('બાળવિલાસ'માંથી)

૨૮૭–मोडा थवानुं माठुं फळ

ઇંગ્લેંડના એક ચિત્રકારે મહારાણીનું ચિત્ર ચીતરવાની પરવાનગી માગી. એ પરવાનગી એને આપવામાં આવી. આ જેવુંતેવું સન્માન નહોતું. એને લીધે એ ચિત્રકારની આબરૂ આખા દેશમાં વધી પડે અને એ પુષ્કળ ધન કમાય એમ હતું. મહારાણી સાહેબે વખત નક્કી કર્યો અને કહ્યું કે, "એ વખતે તમે અમુક જગ્યાએ જરૂર આવજો. હું તમારી સામે બેસીશ, તમે ચિત્ર ચીતરજો." નક્કી કરેલે સ્થાને અને તેજ સમયે મહારાણી તો પહોંચી ગયાં, પણ પેલો ચિત્રકાર ન પહોંચ્યો, તે જરા મોડો થયો. જ્યારે એ ત્યાં પહોંચ્યો, ત્યારે નોકરે એને કહી સંભળાવ્યું કે, "મહારાણી અહીંયાં પધાર્યાં હતાં અને તમારી વાટ જોઈ પાછાં સિધાવ્યાં છે. હવે તેઓ પાછાં નહિ આવે."

ગરીબ ચિત્રકારના નસીબ ઉપર પાણી ફરી વળ્યું.

('ન્યુ રોયલ રીડર્સ' ઉપરથી)

૨૮૮–एक मोटा धर्मगुरुनी सभ्यता

ક્લીમેન્ટ ચૌદમાને જ્યારે પોપની મહાન પદવી મળી, ત્યારે દેશવિદેશના રાજાઓના અનેક પ્રતિનિધિઓ તેને મુબારકબાદી

આપવા સારુ જવા લાગ્યા. એ દરેક એલચી પોપને ઝૂકીને સલામ કરતો અને પોપ પણ એવીજ રીતે નમીને તેમને સલામ કરતા. એ જોઇને પોપના બક્ષીએ કહ્યું કે, "પૂજ્ય પોપ મહોદય! આપે એ લોકોને વળતી સલામ કરવાની જરૂર નથી." પોપે કહ્યું કે, "ઠીક, સમજ્યો; માફ કરજો. પોપની ગાદીએ બેઠે મને ઝાઝો સમય થયો નથી, એટલે હું મારી રીતભાત હજુ ભૂલી ગયો નથી."

આપણને નમસ્કાર કરનાર મનુષ્ય આપણા કરતાં દરજ્જામાં ઊતરતો હોય, તોપણ એને સામા નમસ્કાર કરવા, એ સારી રીતભાત સૂચવે છે. એથી ઊલટી રીતભાત મિથ્યાભિમાન સૂચવે છે. આજકાલ મોટા રાજાઓ પણ પોતાને સલામ કરનારને સામી સલામ કરીને પોતાની ખાનદાની અને સભ્યતાનો પરિચય આપે છે.

('ન્યુ રોયલ રીડર્સ' ઉપરથી)

૨૮૯–સફળતાની ચાવી

જૉન હંટર એક પ્રસિદ્ધ ડૉક્ટર થઈ ગયા છે. એ ઘણા વિદ્વાન હતા. વૈદકવિદ્યામાં એમણે અનેક શોધખોળ કરી હતી. વિદ્યાભ્યાસમાં તે એટલા બધા નિમગ્ન રહેતા કે, રાત્રે ફક્ત ચાર કલાક સૂતા અને દહાડે ભોજન કરી રહ્યા પછી એક કલાક સૂતા. એમને કોઇએ પૂછ્યું કે, "આપે આટલાં બધાં કામોમાં સફળતા કેવી રીતે મેળવી?" એના ઉત્તરમાં એમણે જણાવ્યું કે, "મારો સિદ્ધાંત છે કે, કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં હું સારી પેઠે વિચારી લઉં છું કે, મારાથી એ કામ પાર પડશે કે નહિ. જો થઇ શકે એવું હોય તો પછી એની પાછળ મહેનત કરવામાં હું કસર રાખતો નથી. એક વાર કામનો આરંભ કર્યો તો પછી એને પાર ઉતારીનેજ અટકું છું. એજ સિદ્ધાંત ઉપર ચાલ્યાથી મને સફળતા મળી છે."

('સ્વાવલંબન'માંથી)

२९०–धार्मिक सुधारा उपरज बधा सुधारानो आधार छे

ઈ. સ. ૧૮૯૭ના મે અથવા જૂન માસમાં સ્વામી વિવેકાનંદજી હિમાલયના પહાડ ઉપર આલ્મોડામાં કૅપ્ટન સેવરને બંગલે બિરાજી રહ્યા હતા, ત્યારે મહાત્મા અશ્વિનીકુમાર દત્ત એમની મુલાકાતે ગયા હતા. બન્ને એકબીજાને પહેલેથી ઓળખતા હતા. અનેક વિષયો ઉપર પ્રેમથી વાતચીત થવા લાગી. વાર્તાના પ્રસંગમાં અશ્વિનીબાબુએ સ્વામીજીને પૂછ્યું કે, " આપે આખી દુનિયાની મુસાફરી કરી છે અને આધ્યાત્મિકતાથી લાખો મનુષ્યોને તૃપ્ત કર્યા છે, તો મને બતાવો કે ભારતવર્ષનો મોક્ષ કયો રસ્તો લીધાથી થશે ?"

સ્વામીજીએ કહ્યું કે, " તમે ગુરુદેવ પાસેથી એ વિષયમાં જે કાંઇ સાંભળ્યું છે તે ઉપરાંત હું કાંઇ વધારે બતાવી શકીશ નહિ–અર્થાત્ ધર્મજ આપણા જીવનનો સાર છે અને જેટલા સુધારા જરૂરી છે તે બધા ધર્મનીજ મારફતે થવા જોઇએ, કે જેથી સાધારણ જનસમાજ પણ એનો સ્વીકાર કરી શકે. બાકી બીજા બધા ઉપાય તો ગંગાજીને તેના મૂળ–હિમાલયની તરફ પાછી હડસેલીને નવે રસ્તે લઇ જવાનો પ્રયત્ન કરવો, એના જેટલાજ અસંભવિત છે."

(' પ્રબુદ્ધ ભારત 'માંથી)

२९१–लोकमान्य तिलकनी दुःखमां पण शांति

ઈ. સ. ૧૯૦૨–૩માં પૂનામાં બહુજ જોરથી પ્લેગ ફાટી નીકળ્યો હતો. લોકમાન્ય શહેર બહાર ઝૂંપડામાં રહેતા હતા. ત્યાં પણ

વિકરાળ પ્લેગ એમની પાછળ ગયો અને તેમના મોટા પુત્ર વિશ્વનાથનો ભોગ લીધો. વિશ્વનાથ એ સમયે ફર્ગ્યુસન કોલેજમાં ભણુતો હતો અને આશાજનક યુવક હતો. એ એકજ અઠવાડિયામાં લોકમાન્યના એક પિતરાઇ ભાઇ અને ભાણેજ પણ પ્લેગનો ભોગ થઇ પડયા. ઉપરાઉપરી આવી પડેલી આવી આપત્તિએ ભલભલાને પણ હતાશ કરી નાખે એવી હતી. તિલક મહારાજને પણ અસહ્ય આઘાત લાગ્યો, પણ એ સાચા જ્ઞાની હોવાથી ચિત્તની શાંતિ ખોઇ બેઠા નહિ. એમને આશ્વાસન આપવા રા. વિશ્વનાથ કેતકર નામના એમના એક મિત્ર ગયા. તેમને એમણે કહ્યું કે, "અરે ભાઈ! ગામની હોળી સળગે ત્યારે દરેક ઘરવાળાએ છાણાં આપવાં પડે છે, તે પ્રમાણે આમાં પણ થયું છે."

२९२–नाना फडनवीसनो दृढ संकल्प

ઇચ્છાશક્તિ બહુ પ્રબળ શક્તિ છે. દૃઢ ઇચ્છા હોય તો માણુસ ગમે તેટલું અઘરું કામ પણ કરી શકે છે.

માધવરાવ પેશ્વાએ મરતી વખતે કહ્યું હતું કે, "મારી ત્રણ ઇચ્છાઓ મનમાં ને મનમાંજ રહી ગઈ. એક તો હું ગિલજાઇ જાતિના લોકોને હરાવવા માગતો હતો. બીજી અભિલાષા સુલતાન હૈદરઅલીને નીચું દેખાડવાની હતી અને ત્રીજી વાસના એ હતી કે, હું મારું દેવું ચૂકવી દેવા માગતો હતો."

નાના ફડનવીસ ત્યાં આગળ બેઠા હતા. તેમણે એ સાંભળીને પ્રતિજ્ઞા કરી કે, "એ ત્રણે વાતોને હું પાર પાડીશ." એ એમની ખાલી બડાશ નહોતી, પણ દૃઢ સંકલ્પ હતો. એ દિવસથી એ ત્રણે સંકલ્પ પાર પાડવાના ઉદ્યોગમાં તે લાગ્યા અને ત્રણે વાતો પાર પાડી ત્યારેજ અટકયા.

એક વિદ્વાને કહ્યું છે કે, "ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિને માટે દૃઢ સંકલ્પ કરનારના મનને અને નીચાણુમાં વહેતા પાણીની ગતિને કોણુ રોકી શકે એમ છે?" ('સ્વાવલંબન'માંથી)

૨૯૩–हवे केवुं शिक्षण आपवानी जरूर छे?

શ્રી. અશ્વિનીકુમાર બાબુએ સ્વામીજીને એક વખતે પૂછ્યું કે, "મારે દેશસેવાનું કયું કામ કરવું જોઇએ?" તેના ઉત્તરમાં સ્વામીજીએ જણાવ્યું કે, "હું જાણું છું કે, તમે કેળવણીની બાબતમાં કામ કરી રહ્યા છો. એ ઘણું સારું કામ છે. તમારી અંદર એક મહાન શક્તિ કામ કરી રહી છે અને વિદ્યાનું દાન એ સૌથી મોટામાં મોટું દાન છે; પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે, માણુસે કેળવણી લીધા પછી એ કેળવણીને સાધારણુ લોકોમાં ફેલાવવી જોઇએ. તમે પોતાના વિદ્યાર્થીઓને સદાચારી ને વજ્ર જેવા મજબૂત બનાવજો. બંગાળી નવયુવકોનાં હાડકાંમાંથી એવાં વજ્ર બનશે, કે જે ભારતવર્ષની ગુલામીની બેડી તોડી નાખશે. તમે મને એવા થોડાક નવયુવકો આપી શકશો? પછી તો હું આખી દુનિયાને હચમચાવી મૂકીશ.

"વળી તમે જ્યારે છોકરાઓને રાધાકૃષ્ણુનાં ગીત ગાતાં સાંભળો, ત્યારે ધમકાવજો. આખો દેશ ઘોર અંધકારની તરફ આગળ વધી રહ્યો છે. જે મનુષ્યોને પોતાની જાત ઉપર કાબૂ નથી, તે એવાં શૃંગારી ગીતો કેમજ ગાય? જરા પણુ અપવિત્રતા એમના ઉચ્ચ આદર્શોનો અમલ થવામાં અડચણુ નાખશે. શું આ વાત મશ્કરીમાં ઉડાવી દેવા જેવી છે? આપણે ઘણા દિવસ સુધી ગાનતાન કર્યું અને નાચ્યાકૂદ્યા. હવે થોડા વખત સુધી પૂર્ણ શાંતિથી રહીશું તો કાંઇ વાંધો નથી. અત્યારે તો દેશને દૃઢ બનાવવો જોઇએ.

"અંત્યજોની પાસે જાઓ; ચમાર, ભંગી અને એમના જેવા

બીજા માણસો પાસે જાઓ અને કહો કે, 'તમે લોકો પણ દેશનો આત્મા છો અને તમારામાં એવી પાર વિનાની શક્તિ ભરેલી છે, કે જે આખી દુનિયાને ઊથલપાથલ કરી શકે એમ છે. બંધનોને તોડીને ઊભા થઈ જાઓ અને આખી દુનિયા તમને જોઇને અચંબો પામશે.' જાઓ, એમને માટે નિશાળો ઉઘાડો અને એમને જનોઇ પહેરાવો."

એમને જનોઇ પહેરાવવાની જરૂર તો અમને જણાતી નથી. જનોઇનો મહિમા તો દ્વિજો જ ઠીક રીતે સમજે તો બસ છે; પણ ભારતવર્ષની દરેક કોમને સારું શિક્ષણ આપવાની તથા તેમનામાં રાષ્ટ્રીયતાનો ભાવ જગાડવાની જરૂર છે. ભારતના ઋષિઓ, કવિઓ તત્ત્વવેત્તાઓ વગેરે જે વારસો મૂકી ગયા છે, તેના ભાગીદાર આપણા એ નાના ભાઇઓ પણ છે. ('પ્રબુદ્ધ ભારત'માંથી)

૨૯૪–बादशाह नौशेरवाननो अदल इन्साफ

નૌશેરવાન ઈરાનનો બાદશાહ હતો. તેણે એક ગામમાં પોતાનો મહેલ બનાવ્યો. મહેલની સાથે એક સુંદર બગીચો પણ બનાવ્યો. મહેલની પાડોશમાં એક વિધવા ડોશીની ઝૂંપડી હતી. એ રાંધતી ત્યારે એના રસોડાનો ધુમાડો બાદશાહની બેઠક સુધી પહોંચતો. બાદશાહની બેઠકની રંગબેરંગી દીવાલો એથી કાળી પડી જતી. વજીરોએ ડોશીને સમજાવ્યું કે, "ઘરના બદલામાં પુષ્કળ રૂપિયા લઇને તું આ ઘર છોડી દે; પરંતુ તેને ગળે એ વાત ઊતરી નહિ. બાદશાહ નૌશેરવાનને કાને જ્યારે એ વાત પહોંચી, ત્યારે તેણે પ્રધાનોને કહ્યું કે, "ભાઈ! એ વાત જવા દો. બિચારી ડોશીનું એ ઝૂંપડું બહુ જૂના વખતનું છે. એને વેચવું કે ન વેચવું તેનો એને પૂરો અધિકાર છે. હું તેના ઉપર જરા પણ દબાણ કરવા નથી

માગતો." એક દિવસે રૂમના બાદશાહનો એક રાજદૂત એમને મળવા ગયો. તેણે બાગ તથા મહેલની ઘણી પ્રશંસા કરી; પરંતુ બેઠકને કાળી થયેલી જોઇને મોં મરડ્યું. નૌશેરવાન હસ્યો અને કહ્યું કે, "એ ડોશીના ઝૂંપડામાંથી જે ધુમાડો નીકળે છે, તેણે આ બેઠકને અત્યંત સુંદર અને શોભાયમાન બનાવી દીધી છે. એની કાળાશથી મારી પ્રશંસા લખાઇ રહી છે કે જે સદા કાયમ રહેશે અને લોકો વિચારશે કે, નૌશેરવાને બાદશાહ હોવા છતાં પણ એક ગરીબ ડોશી ઉપર અન્યાય અને જુલમ નથી કર્યો." રાજદૂત બોલ્યો કે, "આપને ધન્ય છે! આપના જેવા બાદશાહ થવું એ ઘણું અઘરું કામ છે."

બીજાને અન્યાય ન કરવો, બીજાની ભલાઇ કરવી, એજ સાચો યજ્ઞ છે. જે બીજાને માટે જીવે છે, તેનુંજ જીવ્યું સાર્થક છે. જે કેવળ પોતાનાજ સુખ અને સ્વાર્થને માટે જીવે છે, તેનું જીવન મૃત્યુ કરતાં પણ ખરાબ છે. ('દૃષ્ટાંતાંજલિ'માંથી)

૨૧૫–પ્રમાણિકતાનો આધાર ત્રેવડ ને કરકસરમાં છે

ફ્રાન્સિસ હાર્નરના પિતાએ પોતાના પુત્રને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતી વખતે નીચેની ઉત્તમ સલાહ આપી હતી: "હું ચાહું છું કે, તું બધી રીતે સુખી થાય; પરંતુ સાથે સાથે હું કરકસર ઉપર બહુ ભાર મૂકવા માગું છું. બધાને માટે એ જરૂરનો ગુણ છે અને ટૂંકા વિચારવાળા માણસો ભલે એનો ગમે તેટલો તિરસ્કાર કરે; પરંતુ એ ગુણને લીધે સ્વતંત્રતા જરૂર મળે છે અને સ્વતંત્રતા મેળવવી એ દરેક મનુષ્યનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ.

દરેક માણસે આવક કરતાં ખર્ચ ઓછું રાખવું જોઇએ. જે વસ્તુ વગર સહેલાઇથી ચલાવી શકાય તે વસ્તુ ખરીદવીજ ન જોઇએ. એવી રીતે કરકસર કર્યાથી માણસ ઘણાં સારાં કામો કરી શકશે.

કરકસર અને ત્રેવડ એ પ્રમાણિકપણાનો મૂળ પાયો છે; પણ કરકસરને કંજૂસાઇની હદ સુધી ન લેવી જોઇએ.

('સ્વાવલંબન'માંથી)

૨૯૬–ઍડમિરલ જરવિસનો દેવું ન કરવાનો સંકલ્પ

ઍડમિરલ જરવિસે દૃઢ સંકલ્પ કર્યો હતો કે, ગમે તેટલું દુઃખ પડશે પણ કોઈનું દેવું નહિ કરું. એક વાર એમનો હાથ ભીડમાં આવ્યો. છ વરસ સુધી ધરાઇને ખાવાનું ન મળ્યું; પરંતુ એમણે કોઇની પાસેથી એક પાઇ પણ કરજે લીધી નહિ; તેમજ પોતાનું પ્રમાણિકપણું છોડયું નહિ.

એક વખત દેવું કરવાની ટેવ પડી જવાથી માણસ પોતાની આવક ઉપરાંત ખર્ચ કરે છે. રાતદિવસ મૂળ રકમ ઉપર વ્યાજ ચઢતું જાય છે અને આખરે ઘરબાર વેચવા વારો આવે છે. દેવું પતાવવા કેટલીક વાર માણસો ચોરી, લાંચરુશવત વગેરે અપ્રમાણિક સાધનોની મદદ લઈ પાપના ખાડામાં પડે છે અને કેટલીક વાર આપઘાત પણ કરી બેસે છે. ('સ્વાવલંબન'માંથી)

૨૯૭–કરોળિયા પાસેથી શિખામણ લેનાર રાજા બ્રૂસ

દુશ્મનોને હાથે સ્કૉટલૅંડનો રાજા બ્રૂસ ઘણી વાર હાર્યા પછી એક દિવસ નિરાશ થઇને બેઠો હતો. એવામાં એણે જોયું કે, એક કરોળિયો એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવા માગે છે. એ કરોળિયાએ ઘણી વાર પ્રયત્ન કર્યો, પણ એ સફળ ન થયો; પરંતુ એથી એ નિરાશ થઇને બેસી રહ્યો નહિ. એણે એક વાર ફરીથી પ્રયત્ન કર્યો અને એ વખતે એને સફળતા મળી. કરોળિયાની એ ઉદ્યોગલીલા જોઇને રૉબર્ટ બ્રૂસ પણ ઝટ બેઠો થયો, એની નિરાશા ચાલી ગઇ, એનામાં નવા ઉમંગનો સંચાર થયો, લશ્કર લઇને એણે ફરી-

થી એક વાર દુશ્મનો ઉપર હુમલો કર્યો અને ઘણા બહાદુર શત્રુઓને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો. ('સ્વાવલંબન'માંથી)

૨૯૮–रघुनाथ शिरोमणिनी असाधारण विद्वत्ता

જે વિદ્વાનને લીધે આખા ભારતવર્ષમાં નવદ્વીપ ન્યાયશાસ્ત્રને માટે સિદ્ધ થયું છે, તેમનું નામ રઘુનાથ શિરોમણિ હતું. એ તીવ્ર બુદ્ધિના પંડિતની વાત સૌ કોઈએ જાણવા જેવી છે.

રઘુનાથ પંડિત જન્મથી એક આંખે આંધળા હતા. તેમની નાની વયમાં તેમના પિતાનું મૃત્યુ થવાથી એ ઘણીજ ગરીબ સ્થિતિમાં આવી પડચા હતા. પાંચ વર્ષની ઉંમરે એક દિવસ માતાના કહ્યાથી પાડોશના વાસુદેવ સાર્વભૌમની નિશાળમાં દેવતા લેવા સારુ એ ગયા હતા. વારેઘડીએ દેવતા માગ્યાથી એ નિશાળનો એક વિદ્યાર્થી એમના ઉપર ગુસ્સે થઈને એક મોટો અંગારો લાવીને બોલ્યો કે, "લે, આ અંગારો શામાં લઇશ ?" બાળક રઘુનાથના હાથમાં કાંઇ નહોતું. નિશાળના છોકરાઓ એકાદ ઠીકરાના કકડામાં દેવતા આપશે એમ ધારીને એ ત્યાં ગયા હતા. પણ અહીંયાં તો વિદ્યાર્થી હાથમાં અંગારો આપવા તૈયાર થયો; એટલે આ અસાધારણ બુદ્ધિવાળા બાળકે પોસમાં નીચેથી ધૂળ લઈને એના ઉપર અંગારો લીધો. આ પ્રમાણે અઘરા કોયડાને છોડવાનો આરંભ નાની વયથીજ થયો હતો. વાસુદેવ પંડિત બાળકની આવી તીવ્ર બુદ્ધિ જોઇને આશ્ચર્ય પામ્યા અને મનમાં વિચારવા લાગ્યા કે, આ બાળક આગળ જતાં જરૂર કોઇ મોટો માણસ થશે; તથા એને હાથે કાંઇ અસાધારણ કામ થશે. તેમણે તેની વિધવા માતાને બોલાવીને તેની મંજૂરી લઇને રઘુનાથને ભણાવવાનો તથા તેના ભરણપોષણનો ભાર પોતાને માથે લીધો. એ દિવસથી એમણે જા-

તેજ એને બારાખડી ભણાવવી શરૂ કરી; પરંતુ ભણવામાં પણ એવો વિચિત્ર વિદ્યાર્થી કોઈ દિવસ એમણે જોયો નહોતો. ગુરુજી કક્કો ભણાવવા લાગ્યા ત્યારે રઘુનાથે પૂછ્યું કે, "'ક' પહેલાં કેમ અને 'ખ' કેમ નહિ? બંગાળીઓ 'ચ' અને 'જ' ને એક સરખા બોલે છે અને શ, ષ, સ, એ ત્રણેને પણ એક સરખા બોલે છે. તેથી એ બાબતોનો પણ એમણે વાંધો લીધો. ટૂંકામાં બારાખડી ભણવામાં પણ એમણે એટલા બધા સવાલો પૂછ્યા-એટલી બધી શંકાઓ ઊભી કરી કે એમના વિદ્વાન ગુરુજીને વર્ણમાળા ભણાવવામાં પણ વ્યાકરણનાં અડધાં સૂત્રોનો ઉલ્લેખ કરવો પડ્યો. બાળક રઘુનાથની બુદ્ધિ જેવી તીવ્ર હતી, તેવીજ તેની સ્મરણશક્તિ પણ તીવ્ર હતી, ગુરુજી પ્રફુલ્લિત ચિત્તે બાળકને ભણાવવા લાગ્યા, એટલે એના અભ્યાસમાં ઘણી ઝડપથી વધારો થવા લાગ્યો. કાવ્ય, વ્યાકરણ, કોષ અને સ્મૃતિશાસ્ત્ર ભણીને પછી રઘુનાથ ન્યાયશાસ્ત્ર ભણવા લાગ્યા. દિવસે જે પાઠ ભણતા તેને રાત્રે લખી લેતા અને તે સંબંધી જે કાંઇ શંકાઓ ઊભી થાય, તેનો બીજે દિવસે ગુરુજી પાસે ખુલાસો પૂછતા. એ પ્રમાણે કર્યાથી તર્કશાસ્ત્રમાં એમને અસાધારણ શક્તિ પ્રાપ્ત થઇ. રઘુનાથે નિરુક્ત નામની એક ટીકાના દોષ ગુરુને બતાવ્યાથી એ ઘણાજ પ્રસન્ન થયા અને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ સમાપ્ત કરવા સારુ એમને મિથિલા મોકલી આપ્યા. એમ કરવામાં એમનો છેવટનો ઉદ્દેશ એ હતો કે, જે વિદ્યા પોતે પણ મિથિલાના ગુરુની સાંકડી બુદ્ધિને લીધે શીખવા નથી પામ્યા, તે શીખી આવીને રઘુનાથ પોતાની અસાધારણ પ્રતિભાથી ત્યાંના પંડિતોને વાદવિવાદમાં હરાવે અને નવદ્વીપનું માન વધારે. એ વખતમાં લોકો પોતાના પ્રાંતનેજ દેશ ગણતા અને બીજા પ્રાંતને પરદેશ ગણતા; એટલે આવી ચડસાચડસી એ વખતમાં ઘણી ચાલતી. સ્વદેશભક્ત વાસુદેવના બે વિદ્યાર્થી રઘુનાથ

અને શ્રીચૈતન્ય મહાપ્રભુએ તર્કશાસ્ત્ર અને ભક્તિમાર્ગમાં એક્કા નીવડીને તેમની ઉચ્ચ અભિલાષા પૂરી કરી તથા તેમના ઉદ્યમનું સાર્થક કર્યું. કોઇ પણ વિદ્યા–કળા ગમે તેટલી અઘરી હોય, પણ દૃઢ મનથી તેને મેળવીને દેશમાં લાવવાને પ્રયત્ન કરવામાં આવે તો એક પેઢીમાં કે બે પેઢીમાં તેનું સારું ફળ અવશ્ય મળે છે. આ વાત વાસુદેવ સાર્વભૌમ અને તેમના શિષ્ય રઘુનાથના ઉદાહરણ-થી સાબિત થાય છે.

હાલના સમયમાં જાપાને પણ એવીજ રીતે પોતાના વિદ્યાર્થી-ઓને રાજ્યને ખર્ચે યુરોપ અને અમેરિકા મોકલીને ત્યાંનાં વિજ્ઞાન તથા યુદ્ધવિદ્યાને પોતાના દેશમાં આણ્યાં છે અને હવે તો એ બાબતોમાં યુરોપ કરતાં પણ આગળ વધવાનો યત્ન કરી રહ્યું છે.

મિથિલાના સૌથી મોટા નૈયાયિક પક્ષધર મિશ્રનો નિયમ હતો કે, દીવાલની તરફ મુખ રાખીને વિદ્યાર્થીઓને ભણાવવા અને પુસ્તકોની ટીકા લખતાં લખતાં વિદ્યાર્થીઓના પ્રશ્નના ઉત્તર પણ આપવા. કોઇ વિદ્યાર્થી તર્કમાં તેમને બહુજ પ્રસન્ન કરે, તોજ એ તેના તરફ મુખ ફેરવીને વાદવિવાદ કરતા.

રઘુનાથે થોડા સમયમાંજ ન્યાયશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કરીને ગુરુજીએ રચેલા 'સામાન્ય લક્ષણા' નામક ગ્રંથમાં દોષ કાઢીને તે વિષે વાદવિવાદ શરૂ કર્યો. તર્કશાસ્ત્ર એ તો માનસિક કુસ્તી છે. એ કુસ્તીમાં ગુરુ–શિષ્યમાં હરીફાઇ થવી એ દોષભરેલું ગણાતું નથી. પક્ષધર મિશ્ર સાથે રઘુનાથનો ઘોર તર્કસંગ્રામ ચાલવા માંડ્યો. મિથિલા દેશનાં અનેક સ્થળોએથી ઘણા પંડિતો અને વિદ્યાર્થીઓ ત્યાં જઇને એ વાદવિવાદ સાંભળવા લાગ્યા. તર્ક કરતાં કરતાં એક-બીજાની મશ્કરીઓ પણ થવા માંડી. પક્ષધરે એક શ્લોક સંભ-ળાવ્યો કે, "તું હજુ બાળક જેવો (કાચી બુદ્ધિનો) તથા એક ચક્ષુવાળો છે; તો પછી સંશય રાખીને મારી 'સામાન્ય લક્ષણા'ને

એકદમ લોપ કરી દેવા શા સારુ ચાહે છે?"

ગુરુના આવા મહેણાની પરવા નહિ રાખતાં એમણે જવાબ આપ્યો કે, "જે પ્રભુ આંધળાને પણ દેખતો અને બાળકને પણ બોધવાળો કરે છે, તેનેજ હું ખરેખરો શિક્ષક ગણું છું. તે સિવાયના તો બધા નામધારી શિક્ષકોજ છે."

ત્યાર પછી રઘુનાથે પક્ષધર મિશ્રની બધી દલીલોના તર્ક વડે ટુકડે ટુકડા કરી નાખ્યા; પરંતુ એની બધી દલીલો ખરી લાગ્યા છતાં પણ ખુલ્લી રીતે પરાજય સ્વીકારવાને પક્ષધર તૈયાર થયા નહિ અને ઠોઠ, નાસ્તિક, બબૂચક વગેરે શબ્દો સંભળાવીને એમનું ઘણું અપમાન કર્યું.

ત્યાં હાજર રહેલા મૈથિલી પંડિતો તથા વિદ્યાર્થીઓએ પુષ્કળ ગડબડ કરીને તથા ગાળો ભાંડીને પંડિત પક્ષધરજીનાં કડવાં વચનોનું સમર્થન કર્યું. વળી કેટલાક વિદ્યાર્થીઓ એક શ્લોકદ્વારા કહેવા લાગ્યા કે "ઇન્દ્ર હજાર આંખવાળો છે, મહાદેવને ત્રણ આંખ છે; પણ આપ સાહેબને એકજ આંખ કેમ છે?"

આવી રીતે બધાએ "કાણો કાણો" કહીને ચીડવ્યાથી રઘુનાથ શરમાઇને ઘેર પાછો ફર્યો. ઘેર જઇને ધીરજથી વિચાર કરતાં જણાયું કે, આટલા બધા દિવસોના વાદવિવાદમાં મેં ગુરુજીને માટે એક પણ અપશબ્દ વાપર્યો નથી. ઊલટું મારી એકેએક દલીલ સાચી છતાં ગુરુજી તેનો રદિયો આપી નહિ શકવાથી મશ્કરી કરે છે. આ વિચારથી એ યુવકના ચિત્તમાં ક્રોધ ઉત્પન્ન થયો. તેમણે નિશ્ચય કર્યો કે, ફરીથી એક વાર ગુરુજીને ઘેર જઇને તેમની સાથે વાદવિવાદ કરીશ. ત્યાં આગળ ઘણા લોકોની ભીડ નહિ હોવાથી ગુરુજી સરળ ચિત્તે પોતાનો પરાજય સ્વીકારશે તો તો સ્વદેશમાં જઇને મારા મતનો પ્રચાર કરીશ, પણ જો એ પોતાની ભૂલ કબૂલ નહિ કરે તો તો હું એમની અને મારી પોતાની બન્નેની આ તલ-

વાર વડે હત્યા કરીને બધી પંચાતનો અંત આણીશ.

એ દિવસ શરદપૂર્ણિમાનો હતો. પક્ષધરની પત્ની પતિને કહી રહી હતી કે, "આજની ચાંદનીના કરતાં પણ વધારે નિર્મળ બીજું કાંઇ હશે?" પક્ષધર એ વખતે પોતાની કપટી અને અન્યાયી વર્તણૂકથી લજ્જિત થઇને રઘુનાથનો વિચાર કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, "નવદ્વીપમાંથી રઘુનાથ કરીને એક પંડિત આવ્યો છે. તેની બુદ્ધિ આજની આ ચંદ્રજ્યોત્સ્ના કરતાં પણ વધારે નિર્મળ છે." રઘુનાથ એ વખતે તૈયાર થઇને તેમના ઘર આગળ આવી પહોંચ્યા હતા, એટલામાં એને કાને આ શબ્દો પડ્યા. એ ગળગળો થઇ ગયો અને તલવારને ફેંકી દઇને ગુરુજીના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરીને બોલ્યો કે, "ગુરુદેવ! જે બુદ્ધિની આપ પ્રશંસા કરી રહ્યા છો, તેજ બુદ્ધિ આજે હાથમાં તલવાર પકડાવીને ગુરુહત્યા કરવા સારુ મને અહીંયાં ખેંચી લાવી હતી." ગુરુએ તેમને પ્રેમપૂર્વક આલિંગન આપ્યું તથા નાહક તેમનું અપમાન કરવા બદલ પશ્ચાત્તાપ કરી તેનો ક્રોધ શમાવ્યો તથા કર્તવ્યમાર્ગની યોગ્ય સૂચનાઓ આપી. પછી બીજેજ દિવસે બધા પંડિતો તથા વિદ્યાર્થીઓને બોલાવીને તેમની આગળ પોતાનો પરાજય સ્વીકાર્યો. આ પ્રમાણે અત્યાર સુધી જે મતો ભૂલ વગરના અને ખંડન ન થઈ શકે એવા મનાતા હતા, તે રઘુનાથની અસાધારણ બુદ્ધિના પ્રભાવે ભૂલભરેલા સાબિત થયા. એ પછી રઘુનાથ ભારતવર્ષમાં "શિરોમણિ" નામથી પ્રસિદ્ધ થયા. તેમણે નવદ્વીપમાં આવીને સંસ્કૃત શાળા સ્થાપી. ભારતવર્ષના બધા પ્રાંતોમાંથી વિદ્યાર્થીઓ ન્યાયશાસ્ત્ર ભણવા સારુ તેમની પાસે જવા લાગ્યા.

નવદ્વીપમાં ભણતી વખતે રઘુનાથને શ્રીકૃષ્ણ ચૈતન્યમહાપ્રભુ, જે એ વખતે તો માત્ર નિમાઇ પંડિતના નામથી ઓળખાતા હતા, તેમની સાથે ગાઢી દોસ્તી હતી. એક દિવસ કોઇ અઘરા વિષયનો

ખુલાસો શોધવા સારુ રઘુનાથ એક ઝાડની તળે બેસીને વિચાર કરતા હતા. આખી રાત્રિ એમ ને એમ વિચારમાં ચાલી ગઇ. શરીર ઉપર પક્ષીઓ વિષ્ટા કરી ગયાં, પણ રઘુનાથને કાંઇજ ભાન નહોતું. નિમાઇએ આવીને રઘુનાથના માથા ઉપર કમંડલુમાંનું પાણી રેડીને પૂછ્યું કે, "ભાઈ! બેઠો બેઠો શો વિચાર કરે છે?" રઘુનાથે કહ્યું કે, "ભાઇ! એ વાત તને જણાવ્યે શું વળવાનું હતું?" આખરે નિમાઇના ઘણા આગ્રહથી એમણે પોતાના મનની ગૂંચવણ કહી; એટલે નિમાઇએ તરતજ તેનો ખુલાસો કરી દીધો. રઘુનાથે કહ્યું કે, "ભાઈ! ત્રણ દિવસ સુધી લાગલાગટ વિચાર કર્યા છતાં પણ જે પ્રશ્નનો ખુલાસો મારાથી થઈ શક્યો નહિ, તે તેં તો એક ક્ષણભરમાં કરી દીધો! તું ખરેખર મહાપુરુષ છે." એમ કહેવાય છે કે, રઘુનાથે ન્યાયશાસ્ત્ર ઉપર દીધિતિ નામની એક ટીકા લખવાનો આરંભ કર્યો હતો, પણ એવામાં નિમાઇએ પોતે લખેલી ટીકા વાંચી સંભળાવ્યાથી રઘુનાથ ઘણાજ નિરાશ થઇ ગયા. નિમાઇ તેના મનનો ભાવ સમજી જઇને બોલ્યા કે, "ભાઈ! આ ફળરહિત શાસ્ત્રદ્વારા તને જે યશ મળવાની અભિલાષા છે, તે યશમાં હું તારો હરીફ થવા માગતો નથી; લે આ મારી ટીકાને ગંગાજીમાં ફેંકી દઉં છું." ખરું જોતાં તર્કશાસ્ત્ર એ કાંઇ મનુષ્યનું અંતિમ લક્ષ્ય નથી. એ માત્ર બુદ્ધિને સૂક્ષ્મ કરવા માટે ઉપયોગી છે; પરંતુ તેની સાથે સદાચાર પાળવો અને નિત્ય વસ્તુ માટે સંપૂર્ણ વિચાર કરીને તેનાજ સાક્ષાત્કારને માટે ભક્તિપૂર્વક સાધના કરવી એજ મનુષ્યનું અંતિમ લક્ષ્ય હોવું જોઇએ.

વ્યુત્પત્તિવાદ, લીલાવતી ટીકા, તત્ત્વચિંતામણિ, દીધિતિ, અદ્વૈતેશ્વરવાદ, બ્રહ્મસૂત્રવૃત્તિ વગેરે અનેક ગ્રંથો રઘુનાથે રચ્યા છે.

હરિઘોષ નામના એક ગૃહસ્થે પોતાની વિશાળ ગોશાળામાં રઘુનાથની ચતુષ્પાઠી સ્થાપી આપી, એટલે ઘણી મોટી સંખ્યામાં

વિદ્યાર્થીઓને ભણાવવાની સગવડ તેમને મળી હતી. ત્યારથી વિદ્યાર્થીઓના કલબલાટવાળા સ્થાનને બંગાળી લોકો 'હરિઘોષની ગૌશાળા' કહે છે. રઘુનાથ મિથિલામાં 'કાણાભટ્ટ શિરોમણિ'ના નામથી પ્રસિદ્ધ છે. તેમનામાં કવિત્વશક્તિ પણ અસાધારણ હતી; પરંતુ એને કાંઇ એ બહુ મોટી વાત ગણતા નહિ. તેમની કવિતાની એક જણે પ્રશંસા કરી, ત્યારે એમણે કહ્યું હતું કે, "જે મહાદેવજીએ કાલકૂટ વિષ પીધું હતું, તેમને મન સર્પ ધારણ કરવો એ જેમ એક રમત જેવી વાત હતી, તેમ ઘણા અઘરા ચિંતામણિ કે ન્યાયશાસ્ત્રના ગ્રંથો ભણેલાને માટે કવિતા રચવી એ પણ એક તુચ્છ કાર્ય છે."

તેમના ગુરુએ એક દિવસ તેમને લગ્ન કરવાનો આગ્રહ કર્યો, ત્યારે આખા જીવન સુધી બ્રહ્મચારી રહેલા રઘુનાથે ઉત્તર આપ્યો કે, "ગુરુજી! દીધિતિ ગ્રંથ મારો પુત્ર અને લીલાવતી ગ્રંથ મારી પુત્રી છે. લોકો સંતતિ માટેજ લગ્ન કરે છે; માટે આપ એવો આશીર્વાદ આપો કે મારાં આ પુત્ર–પુત્રી અમર થાય." ખરેખર! ગ્રંથકારોને એમના એ ગ્રંથો ઉપર એવોજ પ્રેમ હોવો જોઈએ.

કોઇ પણ વિષયમાં પૂરી સિદ્ધિ મેળવવા સારુ કેટલી બધી એકાગ્રતાપૂર્વક પ્રયત્ન કરવાની આવશ્યકતા છે, તે રઘુનાથ પંડિતના ઉદાહરણથી જણાય છે.

૨૯૬–एक मोलवीने देवदूतद्वारा मळेलुं शिक्षण

આ પૃથ્વીમાં અનેક પાપી મનુષ્યો સુખ ભોગવે છે અને સારા માણસો દુ:ખ ભોગવે છે, તેનું કારણ નહિ સમજી શકવાથી એક મોલવીએ એક દિવસ ભગવાનની આગળ પ્રાર્થના કરી કે, "હે દયાળુ ખુદા! આપની વ્યવસ્થામાં અન્યાય અવશ્ય નથી; પરંતુ લોકો જ્યારે મને પૂછે છે કે, 'મોલવીસાહેબ! ફલાણા પાપીને

આટલું બધું સુખ શા સારુ અને અમુક પુણ્યવાનને આટલું બધું દુઃખ કેમ?' ત્યારે હું તેમને તેનું કારણ સમજાવી શકતો નથી; માટે મને એનું કારણ સમજાવો." ભક્ત મોલવીએ બીજે દિવસે સ્વપ્નમાં દેવવાણી સાંભળી કે, "પાછલી રાત્રે નદીકાંઠે જવાથી તને એક યુવકનો મેળાપ થશે. તેની સાથે થોડાક દિવસ ફરવાથી તને આ બાબતનો ખુલાસો મળી જશે."

મોલવી પ્રાતઃકાળે નદીકિનારે જઇને જુએ છે, તો એક પરમ સુંદર યુવક ફકીર નદીકાંઠે ઊભો છે. તેની આગળ પોતાનો સંશય નિવેદન કરતાં તેણે કહ્યું કે, "ખુદા બધાના ભલાને ખાતરજ સુખ-દુઃખ નિર્માણ કરે છે, એમ મારું માનવું છે. એ મંગલમય છે, આપ જ્ઞાની અને વિદ્વાન વૃદ્ધ પુરુષ છો, આપ મારા જેવા યુવકને આ પ્રશ્ન શા સારુ પૂછો છો?" આ ઉપરથી મોલવી સમજી ગયો કે, આનીજ સાથે ફરવાની આજ્ઞા મને સ્વપ્નમાં ખુદા તરફથી મળી છે. યુવકને પૂછતાં તેણે કહ્યું કે, "નદીની પેલી પાર થોડાંક ગામડાંઓમાં મોજ આવે ત્યાં ફરતા રહેવાનો મેં વિચાર કર્યો છે." મોલવીએ એની સાથે જવાની ઇચ્છા દર્શાવતાં યુવકે સંમતિ આપી અને કહ્યું કે, "મોલવીસાહેબ! આપ મારી સાથે પધારવા માગો છો તો ભલે પધારો; પણ એક શરત છે. આપને મારું કોઇ આચરણ ગેરવાજબી જણાય; તોપણ આપથી કાંઇ બોલાશે નહિ. મેં કાંઇ આપના સંગાથને માટે વિનતિ કરી નથી. આપ રાજી-ખુશીથી મારી સાથે આવવા માગો છો. હું આપની સાથે વાદ-વિવાદ કરવાને આપને મારી સાથે લઇ જતો નથી." મોલવીએ કબૂલ કર્યું કે, "તારા કોઇ કામમાં હું વાંધો નહિ લઉં."

(क) ત્યાર પછી એ બે જણા નૌકામાં બેસીને નદી પાર જવા નીકળ્યા. નૌકા નદીની વચ્ચોવચ પહોંચી, એટલે યુવકે ખલાસીઓને ધક્કા મારીને નદીમાં ફેંકી દીધા અને પોતે નૌકાને હલેસાં

મારીને કાંઠે લઇ ગયો.

(ख) નદીપાર ગયા પછી યુવક પાસેના એક ગામડામાં એક ધનવાનને ઘેર ગયો અને બપોરે સૂઇ રહેવાનું સ્થાન તથા ભોજનને માટે વિનતિ કરી. ઘરધણીએ તેને દર્શન પણ દીધાં નહિ, દરવાને તેને ધમકાવીને કાઢી મૂકયો.

(ग) ત્યાર પછી બન્ને જણા એક બીજા ગામમાં એક શેઠને ઘેર સંધ્યાકાળે પહોંચ્યા. ઘરધણીએ તેમનો પૂરો આદરસત્કાર કર્યો અને ઉમદા રત્નજડિત વાટકાઓમાં એમને ભોજન કરાવ્યું. રાત પૂરી થઇ એટલે યુવકે મોલવીને જગાડયા અને પાછો પેલા કંજૂસને ઘેર ગયો. કંજૂસનો દરવાન બોલ્યો કે, "પાછા અહીંયાં શા સારુ આવ્યા?" યુવકે કહ્યું કે, "તારા શેઠને એક કીમતી વસ્તુ આપવા આવ્યો છું. એને ખબર આપ. આજ એ અમને જરૂર મળશે." કૃપણ શેઠિયાએ એ બન્ને વટેમાર્ગુઓને ઘરની અંદર બોલાવ્યા, એટલે યુવકે બે સુંદર કીમતી કટોરા પોતાની ઝોળીમાંથી કાઢીને એને આપ્યા. મોલવીએ જોયું કે, એ બે કટોરા ગઈ રાત્રે એમનો આદરસત્કાર કરનારા ગૃહસ્થને ત્યાંનાજ હતા. યુવકે આ પ્રમાણે સારા માણસ પાસેથી ચોરી લઇને એ કીમતી પદાર્થો ખરાબ માણસને આપ્યા. કૃપણે કહ્યું કે, "આ તો કીમતી પદાર્થો છે. મને મફતમાં શા સારુ આપી દો છો?" યુવકે કહ્યું કે, "જે માણસ રાત્રિદિવસ જે વસ્તુની ઇચ્છા કરતો હોય છે, તેને તે વસ્તુ આપવામાં કેટલું બધું સુખ છે! ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, ધનની અભિલાષાવાળાને ધન, જ્ઞાનાભિલાષીને જ્ઞાન અને મોક્ષાભિલાષીને મુક્તિનો ઉપદેશ આપ્યાથી તેમને ઘણોજ આનંદ થાય છે અને તેમના મુખની સામું જોયાથી તેમના આનંદનો અંશ અમને પણ મળે છે. હું ફકીર માણસ છું. મારે રત્નના કટોરાને શું કરવા છે? આપજ એની કદર કરી શકશો."

(ઘ) ત્યાર પછી યુવક અને મોલવી એક સદ્‌ગૃહસ્થને ઘેર ગયા. ત્યાં તેમના એકના એક પુત્રે તેમને યોગ્ય રીતે આવકાર આપ્યો. છોકરો ઓગણીસ-વીસ વર્ષનો હતો. રૂપ જેવાજ સુંદર ગુણો તેનામાં હતા. જેવું ગોરું વદન, વિશાળ લલાટ, અણીદાર નાક, ઉજ્જ્વલ ચક્ષુ, પાતળા હોઠ અને સફેદ મોતીના દાણા જેવા દાંત હતા; તેવાજ તેના હસમુખા વદનમાં સભ્યતાભરેલાં મીઠાં વચન, હિતાહિતનું જ્ઞાન, આસ્તિક ભાવ, ધ્યાન ધરવાની શક્તિ અને જ્ઞાનમાં ભક્તિ તથા પ્રીતિનું મિશ્રણ આદિ ગુણો હતા. એ ગૃહસ્થ અને તેની પત્નીની એવી અભિલાષા હતી કે, આ છોકરો ઘણો મોટો પંડિત નીવડે, ઊંચા પ્રકારનો સાધક બને અને તેનો સુયશ દેશવિદેશમાં વ્યાપી રહે. એ ગૃહસ્થ અને તેના પુત્ર તથા પત્નીના યત્નથી બન્ને મુસાફરોએ કેટલાક દિવસ પરમ સુખમાં તેમના ઘરમાં વાસ કર્યો. એક દિવસે અર્ધી રાત્રે પેલો ફકીરવેશધારી યુવક ધીમે ધીમે પથારીમાંથી ઊઠ્યો. એનો સાથી મોલવી જાગતો હતો. તે પણ ચુપચાપ ઊઠીને એ યુવકની પાછળ પાછળ ગયો. યુવકે અંદર પ્રવેશ કરીને પેલા ગૃહસ્થના સુશીલ પુત્રનું ગળું દબાવી દીધું. અસ્ફુટ શબ્દે ભગવાનનું નામ એક વખત મુખમાં ઉચ્ચારતાં ઉચ્ચારતાંજ એ ગૃહસ્થની આંખની કીકી, હૃદયનું ધન અને એકમાત્ર આશારૂપ એ સુપુત્રે દેહત્યાગ કર્યો!

યુવક ધીમે ધીમે પોતાની પથારીમાં પાછો આવ્યો, એટલે મોલવીએ ગદ્‌ગદ સ્વરે કહ્યું કે, "ભાઈ! હવે મારાથી તારી સાથે નહિ રહેવાય. હું મારે ઘેર પાછો જઈશ." મોલવી એટલું કહી ઘરની બહાર નીકળ્યો.

યુવક પણ મોલવીની પાછળ પાછળ ગયો અને બોલ્યો કે, "હું ફિરસ્તો (દેવદૂત) છું. ભગવાનની આજ્ઞાથી તને શિક્ષણ આપવા સારુ આવ્યો હતો. હજી થોડા દિવસ મારી સાથે રહ્યો

હોત, તો બીજું પણ ઘણું શીખી શકત. જો હવે મેં આ બધી લીલા શા સારુ કરી એ તને સમજાવું."

(क) પેલા બે ખલાસીઓએ અનેક એકલવાયા મુસાફરોને તેમની ગાંસડીઓ પડાવી લેવા ખાતર આ ઊંડી નદીની વચમાં ફેંકી દીધા હતા. એમના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો, એટલે એમનો પણ કાળ પાસે આવ્યો.

(ख) એ કંજૂસની પાસે બધા માગવા જતા હતા, પણ એ કોઇને પાઈ પરખાવતો નહોતો અને તેથી કોઇને કાંઇ આપ્યાથી સુખ છે, એ વાતનો એને ખ્યાલ પણ નહોતો તથા દાન મળ્યાથી કેવું સુખ ઊપજે છે, તેની પણ એને ખબર નહોતી. હવે એ કટોરાની બક્ષિસ મળતાં એ વિષે વિચાર કર્યાથી એનો સ્વભાવ બદલાશે; કેમકે એ માણસ માત્ર કંજૂસજ છે, બીજાને પીડા દેનારો નથી.

(ग–घ) હવે છેલ્લા સદ્‌ગૃહસ્થ અને તેમની પત્ની તથા તેમના યોગ્ય પુત્ર ઉપર ઈશ્વરની દયા વિશેષ હતી; પણ માત્ર એક પુત્રનેજ ખાતર એ માતાપિતાનું મન આટલી વૃદ્ધ વયે પણ સર્વભાવથી ઈશ્વરની તરફ જતું નહોતું. પુત્ર પ્રત્યે મમતા હોઇ તેને સંસારમાં યશ અપાવવા ખાતરજ એમનું મન જગતના વિષયોમાં અધિક ચોટેલું રહેતું હતું. હવે એમાં ફેરફાર થશે. એમણે પુત્રને માટે ધન–દોલત, આમોદ–પ્રમોદ, ઠાઠ–માઠ કશાની ઇચ્છા કરી નહોતી. ફક્ત એજ માગ્યું હતું કે, પુત્ર સારો પંડિત, સ્વધર્મનિષ્ઠ અને આદર્શ સદ્‌ગૃહસ્થ બનીને ઈશ્વરની કૃપા મેળવે. જે એમણે માગ્યું હતું અને જે માગવાનું એ પુત્ર પણ શીખ્યો હતો, તેજ શ્રીભગવાનની કૃપાથી હવે બન્યું છે. એ યુવક શાસ્ત્રોની વાગ્જાળ તરફ વધારે ધ્યાન આપે, દીવાની દુનિયામાં પ્રવેશ કરે તથા મોહમાયામાં ફસાય, તે પહેલાંજ ઈશ્વરની કૃપાથી તે ઉત્તમ ગુણવાળો અને ભગવદ્ભક્ત થઇને એકદમ મુક્તિ પામ્યો છે.

મંગલમય પ્રભુ બધાની સહાય સદા સર્વદા કર્યાજ કરે છે. જ્યાં આગળ એની ઇચ્છા આપણાથી સમજાય નહિ, ત્યાં તેના કાર્ય ઉપર ઊંડો અને દૃઢ વિશ્વાસજ રાખવો. જે લોકો પૂર્વજન્મને માને છે, તેઓ તો વાજબી રીતે બધો દોષ પોતાનાં કર્મોનેજ દે છે. એ ભક્તિનું લક્ષણ છે, એમ કર્યાથી મંગલમય પ્રભુ ઉપર દોષારોપણ કરવાનો જરા પણ અવકાશ રહેતો નથી. બધા ધર્મોમાં કહ્યું છે કે, "ભક્તિભાવે અને સન્માર્ગેજ જીવન ગાળવું જોઇએ."

૩૦૦—सर विलियम जोन्सनी मातानुं बुद्धिचातुर्य

સર વિલિયમ જોન્સ એક મહાવિદ્વાન થઇ ગયા છે. ઈ. સ. ૧૭૪૬માં લંડનમાં તેમનો જન્મ થયો હતો. ૧૭૮૩માં કલકત્તાની સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશની પદવી ઉપર એ હિંદુસ્તાનમાં આવ્યા હતા. ત્યાં આવીને સંસ્કૃત ભાષાનો એમણે ઘણો સારો અભ્યાસ કર્યો હતો અને પૂર્વના દેશોની ભાષા, ઇતિહાસ તથા રીતરિવાજનો અભ્યાસ અને શોધખોળ કરવા સારુ તેમણે 'બંગાલ એશિયાટિક સોસાયટી' ની સ્થાપના કરી હતી. એમનાં માતા એક વિદુષી અને બુદ્ધિમતી સન્નારી હતાં. બીજગણિત, ત્રિકોણમિતિ, નોકાશાસ્ત્ર અને ચિત્રવિદ્યામાં તે કુશળ હતાં. તેમના પતિ પ્રત્યેના સ્નેહ તથા બુદ્ધિવૈભવનો પરિચય નીચેના દાખલાથી મળે છે:

" એક વાર તેમના સ્વામી ઘણા માંદા પડચા. એવામાં તેમના એક મિત્રનો પત્ર આવ્યો. તે કાગળમાં એવી બિના લખી હતી, કે જે સાંભળ્યાથી પતિનો મંદવાડ વધી પડવાનો ભય હતો. એવે સમયે એ કુશળ સ્ત્રીએ હાજરજવાબી વાપરી અને એ કાગળમાં લખેલી હકીકત પતિને વાંચી ન સંભળાવતાં, પત્ર હાથમાં લઇને જાણે એમાંનુંજ લખાણ વાંચતી હોય,તેમ અચકાયા વિનાજ વાંચતાં

વાંચતાં નવો કાગળ જોડી કાઢીને વાંચી સંભળાવતી ગઇ. એણે એવી ખૂબીથી પત્ર વાંચ્યો કે પતિને જરા પણ વહેમ પડચો નહિ અને ઊલટી શાંતિ વળી. (જૂના 'નર્મગદ્ય'માંથી)

૩૦૧–કૉન્ફ્યૂશિયસની મનુષ્યો પ્રત્યે લાગણી

કૉન્ફ્યૂશિયસ ચીનદેશના મહાન ઉદ્ધારક અને ઉપદેશક હતા. રાજ્યકારભારની તો જરા પણ એમને લાલસા નહોતી; છતાં પણ પોતાનો ઉપદેશ યથાર્થ છે અને વ્યાવહારિક જીવનમાં કામે લગાડી શકાય એવો છે, એ સાબિત કરવા સારુ રાજ્યાધિકારમાં પણ દાખલ થઇને એમણે પ્રજાનું કલ્યાણ કરી બતાવ્યું હતું. એમના વખતમાં કેટલાક નિવૃત્તિમાર્ગી સાધુઓ હતા. તે ઘરબાર છોડીને વનમાં જઇને રહેતા. એક વખત એવું બન્યું કે, કૉન્ફ્યૂશિયસ અને તેમના શિષ્યો એક વખતે જતા હતા, ત્યાં નદીમાં પૂર આવેલું જોઇ પાસેના ખેતરમાં ઊભેલા એક માણુસને એના શિષ્યે પૂછ્યું કે, "હે ભાઈ! આ નદી કયે ઠેકાણેથી ઉતરાશે?" એ માણસ જે નિવૃત્તિમાર્ગી સાધુ હતો, તેણે કૉન્ફ્યૂશિયસ ઉપર ટાણો મારીને કહ્યું કે, "પૂછ તારા ગુરુને. તોફાનની વચ્ચે જઇ એમાંથી કેમ રસ્તો કાઢવો તે એ જાણે છે." શિષ્યે કૉન્ફ્યૂશિયસને આ ઉત્તર કહ્યો, ત્યારે કૉન્ફ્યૂશિયસે કહ્યું કે, "જગતમાંથી નીકળી પડીને જંગલમાં પશુપક્ષીઓનોજ સમાગમ કરવો વૃથા છે. સંકટમાં આવી પડેલા મનુષ્યબંધુઓની સાથેજ હું તો રહીશ. રાજ્યોમાં અંધાધૂંધી ચાલે છે, માટેજ એ મટાડવા પ્રયત્ન કરવાની મારી ફરજ છે."

મનુષ્યબંધુઓ માટે એ મહાન પુરુષને કેવી લાગણી હતી, તે આ ઉપરથી જણાઇ આવે છે.× ('ધર્મવર્ણન'માંથી)

× ખરેખર! આ સંસારમાં ઉચ્ચ કોટિના તો શું; પરંતુ સામાન્ય

३०२—एक सरदारनी कुलीनता अने निरभिमान

ઇંગ્લેંડના ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામેલા વિલિયમ ડયૂક ઑફ નોરમંડીનો પિતા વિલિયમ જ્યારે ખ્રિસ્તીધર્મના પુણ્યક્ષેત્ર જેરુસલેમ તરફ જતો હતો, ત્યારે તેણે કૉન્સ્ટેન્ટાઇન નગરમાં થોડા દિવસ મુકામ કર્યો હતો. આ ડયૂક ચાતુર્ય, ઔદાર્ય, મોટાઇ વગેરે ગુણો માટે સુવિખ્યાત હતો. તેના આ ગુણોની વાત રોમન બાદશાહની જાણમાં આવતાં તેમણે તેની પરીક્ષા લેવા ધાર્યું. તેમણે એક દિવસે ડયૂકને સહકુટુંબ પોતાને ત્યાં મિજબાનીમાં આમંત્રણ કર્યું. ડયૂક નિયમિત સમયે કુટુંબ સહિત રોમન બાદશાહના દરબારમાં જઇ પહોંચ્યો. આ સમયે રોમન બાદશાહે લુચ્ચાઇથી દરબારની સઘળી બેઠકો પૂરી નાખી હતી તથા એવી વ્યવસ્થા કરી હતી કે, કોઇ પણ સભાસદે ડયૂક તથા તેના પરિવારને માન આપ્યું નહિ; એટલુંજ નહિ પણ તેમના તરફ નજર સુધ્ધાં કરી નહિ. આથી ડયૂકના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એણે પોતાને માટે એક પણ આસન ખાલી જોયું નહિ. આ વિચિત્ર વ્યવસ્થાથી ખોટું ન લગાડતાં તે એક ખૂણા આગળ ખાલી જગ્યાએ ગયો અને ત્યાં પોતાનો ઝભ્ભો ઉતારીને તેનું આસન કર્યું તથા તે ઉપર બેઠો. તેના સરદારોએ પણ તેનુંજ અનુકરણ કર્યું. આશ્ચર્યની વાત તો એ હતી કે, પોતાના અપમાન માટે તેણે જરા પણ તિરસ્કાર દર્શાવ્યો નહિ,

---

કોટિના પણ જિજ્ઞાસુ પ્રભુપ્રેમી વિરલ હોવાથી અને પહેલે પગથિયે ચઢ્યા વિનાજ ઉપલે પગથિયે ટાંગ અડાવવા માગનારા માનવો "ન ઇધરકે રહે, ન ઉધરકે રહે" એવાજ બની રહેતા હોવાથી એવા ન બની જવાય તેટલા માટે દરેકે આ મહાત્માનું 'નિષ્કામ કર્મ' અથવા કર્મયોગના પ્રથમ દ્વારમાં પ્રવેશવાને સૂચવનારું કથન બહુજ ધ્યાનમાં રાખવા જેવું છે.

—સંપાદક

ઊલટો સંતોષ પ્રગટ કર્યો. છેવટે મિજબાની પૂરી થઈ અને સર્વ વિદાય થવા લાગ્યાં, ત્યારે ડયૂક તથા તેના સરદારોએ પોતાના ઝભ્ભાનાં આસનો ત્યાં ને ત્યાંજ રહેવા દઈને સ્મિત-હાસ્યપૂર્વક રજા માગી. આથી રોમન બાદશાહના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેમણે પોતાના મુખ્ય સરદારને મોકલી ડયૂકને વિનતિ કરી કે, " આપ આપના ઝભ્ભાઓ પહેરી જાઓ. " ડયૂકે ઉત્તરમાં કહાવ્યું કે, " નોર્મન લોકો મિજબાની વખતે જે આસન ઉપર બેસે, તે આસન કદી પણ પોતાની સાથે પાછાં લઈ જતા નથી. "

૩૦૩-भक्तना भगवान-एक बाळकनी कसोटी

એક નાસ્તિક, સ્વચ્છંદી અને મોજશોખમાંજ ડૂબ્યા રહેનારા કુટુંબમાં એક કોમળ હૃદયના બાળકનો જન્મ થયો હતો. એક દિવસ એક સંન્યાસી મહાપુરુષે જોયું કે, આ કુટુંબનાં બધાં માણુસો કોઇને મુઠ્ઠી અન્ન સુધ્ધાં આપતાં નહિ અને ભિક્ષુકને મારવાને સુધ્ધાં તૈયાર થતાં; આથી એમને ઘણું લાગી આવ્યું; પરંતુ તેમણે જોયું કે, એ ઘરમાંના એક બાળકની આંખમાં એવો બનાવ બનતી વખતે આંસુ ભરાઇ આવતાં હતાં. બીજે કોઇ પ્રસંગે એ બાળકનો એકાંતમાં મેળાપ થતાં તેમણે એને ઉપદેશ આપ્યો કે, " ભગવાનને હમેશાં 'મા' 'મા' કહીને બોલાવતો રહેજે; કેમકે એ જગજ્જનની છે અને સગી મા કરતાં પણ વધારે હેતાળ અને દયાળુ છે. " આ ઉપદેશ સાંભળ્યો ત્યારથી એ બાળકે રાત્રિદિવસ 'મા' 'મા' શબ્દનો ઉચ્ચાર કરવા માંડયો. એનાં માબાપ, ભાઇબહેન બધાં એમજ સમજ્યાં કે, આ છોકરાનું મગજ ખસી ગયું છે. દવા-દારૂ કરાવવામાં આવ્યાં, પણ કશાથી એ બાળકનું પ્રભુભજન બંધ થયું નહિ. આખરે એક ભુવાએ આવીને કહ્યું કે, " આ

છોકરાને ભૂત વળગ્યું છે, એના કપાળમાં તથા બોચીમાં ડામ દેવા પડશે." પછી જ્યારે એ નિર્દોષ બાળકને ડામ દેવાની વ્યવસ્થા નક્કી થઈ, ત્યારે આકાશવાણી થઇ કે, "એ બાળકને દુઃખ દેશો નહિ, એ પરમભક્ત છે. સર્વદા જગજ્જનનીને આખી દુનિયાના ભલા સારુ ગળગળો થઇને એ યાદ કર્યા કરે છે." એ નાસ્તિક કુટુંબે એ આકાશવાણી ઉપર પણ વિશ્વાસ મૂક્યો નહિ. તેઓ બધાં કહેવા લાગ્યાં કે, "આ તો કોઈ ઠગ બોલે છે." એમ કહીને તેઓ એ બાળકને ડામ દેવા તૈયાર થયાં. આવું જોતાંજ જગન્માતાએ એ સ્થળે પ્રગટ થઇને બાળકને પોતાના ખોળામાં લીધો. એકના પુણ્યે આખા કુટુંબને દેવીનાં સાક્ષાત્ દર્શન થયાં !*

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगंधिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥

३०४–एक माछीनो पोताना धंधा उपर वैराग्य

એક દેશમાં એક રાજા હતો. તેણે એક દિવસ કોઇએક માછીને માછલી લાવી આપવાનો હુકમ કર્યો. તે માછી નદીએ ગયો, પણ એ દિવસે તેની જાળમાં એક પણ માછલી આવી નહિ. માછીને ઘણી વાર થઈ જવાથી અધીરા બની ગયેલા રાજાએ તેને પકડવા સારુ સિપાઇઓને મોકલ્યા. રાજાએ કહેલી અવધ પૂરી થવાથી માછી પણ ઘણો ભયભીત થયો અને કિનારા આગળ મછવાને બાંધીને પોતે જંગલમાં ચાલ્યો ગયો. મછવામાં બેસીને તેણે ચલમ પીધી હતી. એ ચલમની રાખ કપાળે ચોળી પંચિયાનું કૌપીન

* આ છેલ્લું વાક્ય તે કુટુંબનાં કોઇ મહાન પુણ્ય ઉદય થયાં હોય તો અક્ષરે અક્ષર સાચું હોય, એમાં પણ નવાઇ નથી અને ઘણી વાર અનેક મોઢે જવાને લીધે એવી વાતોમાં અતિશયોક્તિ પણ ભારોભાર પેસી જાય, એમાં પણ નવાઇ નથી. —સંપાદક

કર્યું. પછી જંગલમાં જઇને આંખ મીંચી એકાંતસ્થળમાં બેસી ગયો. તેણે સાંભળ્યું અને જોયું હતું કે, સાધુને કોઇ હેરાન કરતું નથી, તેની શોધમાં નીકળેલા સિપાઇઓને ઘણી તપાસ કર્યા છતાં પણ તેનો પત્તો લાગ્યો નહિ. નૌકા નદીમાં તર્યા કરતી હતી, તેમાં જઇને જોયું તો એમાં પણ માછી નહોતો. બીજા સિપાઇઓ નદી-તીરે તપાસ કરવા ગયા હતા; તેમણે રાજાને જઇને ખબર આપી કે, જંગલમાં એક યોગીરાજ સ્થિર આસન માંડીને ધ્યાનમગ્ન બેસી રહ્યા છે. રાજા ઉગ્ર સ્વભાવનો હોવા છતાં પણ સ્વધર્મ ઉપર અનુ-રાગ રાખતો હતો. સાધુ-સંન્યાસીઓ પોતાના કરતાં વધારે સંયમી છે, એમ ધારીને તે એમના ઉપર બહુ ભક્તિ રાખતો. નવા સાધુ-ના પધારવાના સમાચાર મળ્યાથી એ ફળ, પુષ્પ, દૂધ વગેરે ભેટ લઈને જાતે તેમનાં દર્શન સારુ ગયો; માછીના મનમાં પકડાઇ જવાનો પુષ્કળ ભય હતો; એટલે એ બરોબર આંખ મીંચીને સ્થિર-ચિત્તે બેસી રહ્યો. કોઇની સાથે ન બોલ્યો કે ન વાતચીત કરી. જાણે ખરેખર ધ્યાનસ્થજ હોયને ! જ્યારે બધા ચાલ્યા ગયા અને લોકોની આવ-જા બંધ થઈ, ત્યારે તેણે આંખો ઉઘાડીને જોયું તો, જાળ છોડી દઇને કૌપીન ધારણ કર્યાથી તથા સ્થિરાસને બેસીને દુર્ગાનું નામ જપવાથી જિંદગીમાં કોઇ દિવસ નહિ ચાખેલાં એવાં ફળફળાદિ ખાવા મળ્યાં. ખુદ રાજા સાહેબે આવીને તેનો સત્કાર કર્યો. એ દિવસથી માછીને પોતાના હિંસા કરવાના ધંધા ઉપર તિરસ્કાર ઉત્પન્ન થયો અને ખરો વૈરાગ્ય ઊપજ્યો. આથી પછી તેણે કૌપીનનો ત્યાગ કર્યોજ નહિ અને ભેખધારીજ રહ્યો.

૩૦૫–विद्यागुरु प्रत्ये प्रोफेसर काशीरामनी भक्ति

પ્રોફેસર કાશીરામ દવેની બદલી ગુજરાત કૉલેજમાંથી વડો-દરા કૉલેજમાં થઇ. વિદ્યાર્થીઓમાં એ ઘણા પ્રિય હોવાથી ગુજ-

રાત કૉલેજના બધા વિદ્યાર્થીઓ પૂજ્ય ભાવનાથી પ્રેરાઈ તેમને વિદાયનું માન આપવા અમદાવાદ સ્ટેશન ઉપર ફૂલહાર તથા ગોટાઓ લઈને ગયા હતા. બધા વિદ્યાર્થીઓની દૃષ્ટિ પ્રેમ અને સદ્ભાવપૂર્વક પ્રૉફેસર સાહેબ ઉપર લાગી રહી હતી. એવામાં પ્રૉફેસર સાહેબે દૂરથી પોતાને સંસ્કૃત ભણાવનાર શ્રીયુત બદરીનાથજી શાસ્ત્રીને આવતા જોયા. વિદ્યાર્થીસંઘની દૃષ્ટિધારાઓ હવે સાહેબ ઉપર વરસતી હતી; પરંતુ હવે સાહેબનો હૃદયપ્રોધ ગુરુચરણમાં જઈને ઢળી પડ્યો. અમદાવાદના સ્ટેશનમાંના પ્લેટફૉર્મ ઉપરજ તેમણે શિષ્યમંડળીની વચ્ચોવચ પોતાના ગુરુદેવને જાણે વિનયનો વેલો પાયે પડ્યો હોય, એમ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં. હવે સાહેબના સુશિષ્ય કવિવર ન્હાનાલાલ વાજબી રીતે કહે છે કે, "એવાં સાષ્ટાંગ પ્રણામ ધર્માચાર્યને તો કોઈકજ કર્યાં હશે; સ્ટેશનના પ્લેટફૉર્મ કે રાજમાર્ગ ઉપર વિદ્યાગુરુને સાષ્ટાંગ દંડવત્ પ્રણામથી પ્રણમનાર, કીર્તિની છોળો ઉપર થનથનતો ત્રીસ વર્ષનો ભરજોબનડો નવયુગનો આંગ્લસંસ્કારી કો ગુજરાતી જાણ્યો હોય તો જણાવશો, એટલે ઉચ્ચારીશ કે મારા ગુરુવર્ય અદ્વિતીય સંસારી સંત નહોતા." (ન્હાનાલાલ કવિના એક ભાષણ ઉપરથી)

૩૦૬–राजानुं प्रजा प्रत्ये एक महत्त्वनुं कर्तव्य

તુર્કસ્તાનના સુલતાન સુલેમાને બેલગ્રેડ નગર ઉપર વિજય મેળવીને તેને પોતાના કબજામાં લીધા પછી કેટલેક દિવસે એક ખ્રિસ્તી ડોશીએ તેની આગળ જઈને ફરિયાદ કરી કે, "ચોર લોકો મારું સર્વસ્વ લૂંટી ગયા છે." સુલતાને કહ્યું કે, "તું જાગતી શા સારુ નહોતી? તેં બૂમાબૂમ કરી મૂકી હોત તો એ લોકો કાંઈ પણ લઈ શકત નહિ." એ સ્ત્રીએ ઉત્તર આપ્યો કે, "આપ

સાહેબ રૈયતના રક્ષણુ સારુ જાગો છો અને આપના અમલદારોને જાગતા રાખો છો, એવો મને પૂરો ભરોસો હતો, તેથીજ હું રાત્રે નિરાંતે સૂતી હતી.”

કર્તવ્યનિષ્ઠ સુલતાને તેના ઉત્તરથી પોતાનું કર્તવ્ય તરતજ સમજી જઇને ખાસ તપાસ ચલાવી અને એ ડોશીનો ચોરાઇ ગયેલો માલ શોધી કાઢીને પાછો સોંપ્યો.

૩૦૭—સમયની નિયમસર વહેંચણી કર્યાથી સધાતાં કામ

અગાઉના દૃષ્ટાંતમાં વર્ણવાઇ ગયેલા સર વિલિયમ જોન્સ સુડતાળીસ વર્ષની ટૂંકી વયે સ્વર્ગવાસી થયા હતા, પણ એટલા ટૂંકા આયુષ્યમાં કેટલાંક વર્ષ બૅરિસ્ટરીનો ધમધોકાર ધંધો અને કેટલાંક વર્ષ સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશનું કામ કર્યા ઉપરાંત અઠ્યાવીસ ભાષાઓનો તેમણે અભ્યાસ કર્યો હતો. અંગ્રેજી, લેટિન, ફ્રેંચ, ઇટાલિયન, ગ્રીક, અરબી, ફારસી અને સંસ્કૃત ભાષામાં તો એ બહુજ હોશિયાર હતા. અનેક ગ્રંથો પણ એમણે રચ્યા છે. રસાયણુશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને નૃત્યકળામાં પણ તે રસ ધરાવતા હતા. સમયનો સદુપયોગ કર્યા કરવાથીજ તેઓ આટલી યોગ્યતા પ્રાપ્ત કરી શક્યા હતા. એ પરોઢિયે ઊઠતા અને ત્રણચાર માઇલ પગે ચાલીને સૂર્યોદયપૂર્વે કોર્ટમાં જઇ બેસતા. ત્યાં કોર્ટ ઊઘડવા પહેલાં ચાર કલાક અભ્યાસ કરતા. એ પછી કોર્ટનું કામકાજ કરતા. એમાંથી પરવાર્યા પછી એક પંડિતની પાસે બેસીને હિંદુધર્મશાસ્ત્ર સંબંધી ગ્રંથ રચતા, રાત્રે અર્વાચીન ભાષાનાં પુસ્તકો વાંચતા, પત્ની સાથે સ્નેહથી વાર્તાલાપ કરતા અને શેતરંજની રમત રમતા. કોર્ટમાં ચાર મહિનાની રજા પડતી, ત્યારે કાશી વગેરે નગરોમાં પ્રવાસ

કરી આર્ય સંસ્કૃતિનો પરિચય મેળવી આવતા.

નિયમસર કામકાજ અને વિદ્યાભ્યાસ કર્યાથી તથા અંગકસરત અને નિર્દોશ રમતો ઉપર ધ્યાન આપ્યાથી મનુષ્ય પોતાને કેવો વિદ્વાન અને નામાંકિત બનાવી શકે છે, તે આ વિદ્વાનની હકીકત ઉપરથી સહેજે સમજાય છે.

(જૂના 'નર્મગદ્ય'માંથી)

૩૦૮–कवि इसरदाननी काव्यशक्ति अने प्रभुगुणगान

જામનગરના જામસાહેબ પાસે ઈસરદાન નામના એક રાજકવિ હતા. જામસાહેબને ખુશ કરી એકાદ જાગીર કે ઇનામની મોટી રકમ મેળવવાની આશાએ આ કવિએ જામસાહેબનું એક મોટું કાવ્ય રચ્યું ને તેમાં તેમનાં કામો અને ગુણોનું વર્ણન કરીને કવિત્વશક્તિ દાખવવામાં કચાશ રાખી ન હતી.

એક દહાડો જામસાહેબની રજાથી આ કાવ્ય તેમની કચેરીમાં વાંચી સંભળાવ્યું. તે સાંભળી જામસાહેબ અત્યંત પ્રસન્ન થયા ને કવિને શું આપવું, તેને માટે પોતાના દીવાન સામું જોયું; પણ દીવાને ડોકું હલાવી નકારમાં જવાબ આપ્યો. રાજકવિ પણ આ બાબત સમજી ગયા. તેમણે જોયું કે, પોતાને એક ભારે જાગીર કે મોટી રકમ મળત, પણ તેમાં દીવાને વચમાં પથરો નાખ્યો છે. કવિના ક્રોધનો પાર રહ્યો નહિ ને મરું કે મારું એમ થઇ ગયું; તેમ છતાં ક્રોધ શમાવી તે ઘેર ગયા.

પણ ઘેર આવ્યા પછીએ તેમનો ક્રોધ શમ્યો નહિ ને પોતાનો આ ખેલ બગાડનાર દીવાન પર વૈર લેવાનો મનસૂબો કરી સંધ્યાકાળ પછી પિછોડીમાં એક નાની તલવાર લઇને તેમને ઘેર ગયા.

કવિને પોતાને ઘેર આવેલા જોઇ તેમના સ્વાગત માટે દીવાન

બારણા સુધી સામા ગયા ને બહુ આદરથી ઘરમાં લાવી પોતાની ગાદી ઉપર બેસાડયા. તેમની સાથે તેમણે એવી તો નમ્રતા અને હેતથી વાતચીત કરી કે કવિનો ક્રોધ તદ્દન શમી ગયો. તે પછી કવિએ પોતાના કાવ્યની વાત કાઢી અને તેમાં "આપેજ ઊંધું માર્યું" એમ ચોખ્ખું કહી સંભળાવ્યું, તેની સાથે "આજે હું તમારો ઘાત કરવાનેજ આવ્યો હતો" એવું કહી પોતાની પાસેની તલવાર બતાવી.

આ સાંભળી દીવાને કહ્યું કે, "કવિરાજ! તમે હજુ મારા મનના વિચાર બરોબર સમજી શકયા નથી. તમારું તે કાવ્ય હલકી પ્રતિનું છે, એમ મારું ધારવુંજ ન હતું; પણ તે વખતે મને એમ થઇ આવ્યું કે, જેવી તમે આ જામસાહેબની સ્તુતિ અને પરાક્રમની કવિતા રચી, તેવી જો તમે જગતનિયંતા મહાપ્રભુની રચી હોત તો જરૂર તમારું કલ્યાણ થાત. જામસાહેબ આપી આપીને તમને એકાદ ગામ ને હાથી આપત, પણ તે સૌ આ સંસારમાં તમે છો ત્યાંસુધીજ તમારું રહેત; મરણ પછી તે તમારી સાથે આવત નહિ. મરણ પછી તો પ્રભુની ભક્તિ ને કાંઈ દાનપુણ્ય કર્યું હોય તેજ સાથે આવે છે." આવી રીતનો બોધ સાંભળીને કવિરાજ ખુશ થઇ ગયા ને પોતાની ભૂલ કબૂલ કરી. દીવાનને મારી નાખવાના વિચાર માટે પોતે પસ્તાવો કરવા લાગ્યા ને પછી રજા લઈ ઘેર ગયા.

તે દિવસથી તેમણે માણસના નહિ પણ હરિના ગુણ ગાવાનો આરંભ કર્યો ને હરિરસકાવ્ય બનાવ્યું. ×

કવિત્વશક્તિ એ પ્રભુની અમૂલ્ય બક્ષિસ છે અને એનો સારામાં સારો ઉપયોગ પ્રભુભક્તિનાં ગીત રચવાં એજ છે; કેમકે એવાં કાવ્યો સંસારને પ્રભુપદ તરફ પ્રેરવામાં અનેકોને સહાયભૂત થાય છે.

× 'સાહિત્ય' જાન્યુઆરી ૧૯૨૬માંના શ્રીયુત છગનલાલ વિદ્યારામ રાવળના લેખ ઉપરથી.

૩૦૯–ભાવી પ્રબળ કે પ્રયત્ન પ્રબળ છે ?

શ્રીમહાવીર સ્વામીને કુંડકોલિય નામનો એક શિષ્ય હતો. એક બપોરે તે અશોકવૃક્ષની નીચે બેઠો હતો, ત્યાં એક દેવે આવીને પૂછ્યું કે, "મંખલિપુત્ર ગોશાલનો એવો સિદ્ધાંત છે કે, ઉદ્યોગ કાંઇજ નથી કરી શકતો. જે કાંઇ થાય છે તે ભાવીના બળથીજ થાય છે. શ્રમણ ભગવાન મહાવીરનો આથી ઊલટો સિદ્ધાંત છે કે ઉદ્યોગ ખરો છે અને સર્વ પદાર્થ ભાવી પ્રમાણે ચાલે છે, એ ખોટું છે. આ બેમાં મને તો ગોશાલનો સિદ્ધાંત ખરો અને મહાવીર સ્વામીનો ખોટો લાગે છે." કુંડકોલિયે ઉત્તર આપ્યો કે, "હે દેવ ! જો તમે કહો છો તેમજ હોય તો કૃપા કરી કહેશો કે, આપે આ દિવ્ય પ્રભાવ–દેવપણું શી રીતે પ્રાપ્ત કર્યું ? પુરુષાર્થ–પ્રયત્નમાંથીજ કે એમનું એમ ?" દેવે જવાબ દીધો કે, "એમનું એમ." કુંડકોલિયે કહ્યું કે, "વારુ, ત્યારે આ અસંખ્ય જીવો જે દેવપણું પ્રાપ્ત કરવા માટે ઉદ્યોગ કરતા નથી, તે બધા કેમ દેવ બની જતા નથી ? માટે હે દેવ ! આપને આ પદ, એને મેળવવા સારુ આપે કરેલા ઉદ્યોગ યાને પરાક્રમને લીધેજ પ્રાપ્ત થયું છે. મળવાનું હતું માટે મળ્યું છે, એ કહેવું ખોટું છે." ('ધર્મવર્ણન'માંથી)

૩૧૦–સર પ્રતાપસિંહની છેવટની ઇચ્છા

ભારતવર્ષના વીર યોદ્ધા લેફ્ટેનન્ટ જનરલ સર પ્રતાપસિંહ, જેમનું વય સિત્તેર વર્ષની મર્યાદા વટાવી જવા છતાં તેઓ યુરોપના મહાયુદ્ધપ્રસંગે ફ્રાન્સની રણભૂમિમાં પહોંચી ગયા. તેમણે ન્યુયૉર્કના એક પત્રના પ્રતિનિધિ સમક્ષ જે શબ્દો કહ્યા છે તે એક સાચા

રજપૂતની અભિલાષા કેવા પ્રકારની હોય છે, તેનો સારો નમૂનો છે. તેમણે કહ્યું હતું કે, "હું આશા રાખું છું કે, મારા સૈનિકોના નાયક તરીકે સમરાંગણમાં ઝૂઝતાંજ હું દેહ છોડું, એવો સમય નજીક આવતો જાય છે અને પ્રત્યેક સાચો રજપૂત એવીજ રીતે મરવાનું પસંદ કરે છે. જો સમરાંગણમાં મારું મૃત્યુ થશે તો તો હું સીધો પ્રભુને મળી શકીશ; પરંતુ જો ડૉકટરની દૃષ્ટિસમક્ષ પથારીમાં મારું મૃત્યુ થાય, તો પ્રભુને મળતાં મને ઘણો વખત જોઇશે."

સાચી વીરતાની આ પ્રાચીન ભાવના હજુ પણ ભારતવાસી વીર ક્ષત્રિયોનાં હૃદયમાં પ્રબળપણે વસે છે, એ જાણી કોને આનંદ નહિ થાય? અમારો તો વિશ્વાસ છે કે, યોગ્ય શિક્ષણ અને પ્રસંગ આપવામાં આવે તો હિંદનો પ્રત્યેક દેશી રાજાજ નહિ; પરંતુ પ્રત્યેક સમજુ રજપૂત ન્યાયી યુદ્ધમાં સૈનિક બનવાને તૈયાર થાય.

૩૧૧–अनेक संतानो करतां शक्तिशाळी एकज संतान सारुं

અગસ્ત્યઋષિએ કેટલાંક વર્ષ સુધી ગૃહસ્થાશ્રમનું પાલન કરી, પરમ સુંદરી અને વિદુષી પત્ની સાથે સંસારસુખ ભોગવી તપસ્યામાં શેષ જીવન ગાળવાનો વિચાર કર્યો; ત્યારે પત્ની લોપામુદ્રાને બોલાવીને કહ્યું કે, "તું મારી સ્ત્રી છે, ધર્મના કાર્યમાં મને સહાયતા આપ. મારે સંતાન નથી, તેથી ભવિષ્યમાં પિંડ આપનાર કોઇ નહિ રહે. એ ચિંતાથી મારા પૂર્વજો દુઃખ પામી રહ્યા છે. કુટુંબમાં એક પુત્ર હોવાની બહુજ જરૂર છે; માટે તું મારી પાસે પુત્રદાન માગ, કે જેથી પછી તરત હું તપસ્યા કરવા ચાલ્યો જાઉં. બોલ, તારે એક કે વધારે છોકરા જોઇએ છીએ?"

લોપામુદ્રાએ કહ્યું કે, "આપે દયા દાખવી છે તો એકજ એવો

પુત્ર આપો કે જે હજાર છોકરાના જેટલી શક્તિવાળો થાય.”

“તથાસ્તુ” કહી વર આપીને પછી મહર્ષિ અગસ્ત્ય થોડે દૂર વનમાં જઇ તપસ્યા કરવા લાગ્યા. પછી યથાસમયે લોપામુદ્રાને એક પુત્ર અવતર્યો, તેનું નામ ‘દૃઢસ્યુ’ પાડયું. તે મોટો થયા પછી માતા-પિતાની અભિલાષા પૂર્ણ કરનાર નીવડયો.

નીતિકાર પણ કહી ગયા છે કે, એક ચંદ્રમાથી અંધકારનો નાશ થાય છે; તારાઓ ઘણા હોવા છતાં પણ અંધકારને હટાવી શકતા નથી; તેવીજ રીતે એકજ પુત્ર જો સદાચારી હોય તો કુળનું નામ તારે છે.

३१२–उत्तम शिक्षक प्रत्ये उत्तम शिष्यनी निष्पक्ष टीका

પારસી શેઠિયાઓમાં લગ્નપ્રસંગે ઘણાં મોટાં ખર્ચ થાય છે અને જમણવારની પાર્ટીઓ વગેરેમાં પાણીની માફક પૈસા વપરાય છે. તે સામે “રાસ્ત ગોફ્તાર”ના સ્વર્ગસ્થ અધિપતિ કાબરાજી ઘણી સખ્ત ટીકા કરતા હતા. શેઠ નવરોજજી ફરદુનજી એમને એવા લેખ લખવા ઉત્તેજિત કરતા; પરંતુ દૈવયોગ એવો થયો કે, શેઠ નવરોજજીને પોતાનેજ ઘેર લગ્નનો શુભ પ્રસંગ આવ્યો અને ખાનપાન ચાલ્યું. મિ૦ કાબરાજી એ લગ્નમાં જઇ જમી આવ્યા, પણ ત્યારબાદ “રાસ્ત ગોફ્તાર”માં એજ જમણવારની ઝાટકણી કાઢવાને ચૂકયા નહિ! મિ. નવરોજજીને કાબરાજી હમેશાં “મારા પ્યારા માસ્તર સાહેબ” લેખતા અને લખતા; પણ જ્યારે એજ “માસ્તર સાહેબ”ને ઘેર થયેલા લગ્નનું પોગળ “રાસ્ત ગોફ્તાર”માં છપાયું, ત્યારે લોકોની ખાતરી થઇ કે, કહેવું સહેલું છે, પણ ઉપદેશને અનુસરતું વર્તન રાખવું કેટલું અઘરું છે! લોકોની એ પણ

ખાતરી થઇ કે, અમુક સુધારાની બાબતમાં વિરુદ્ધ વર્તન કરનારા દોસ્ત કે દુશ્મનની બાબતમાં કાબરાજી કાંઇ પણ ભેદભાવ ગણે એવા નથી. નવરોજજી ફરદુનજીના મિત્રોને કાબરાજીની ટીકાથી ઘણું ખોટું લાગ્યું. તેઓએ નવરોજજીને ઉશ્કેરવા પ્રયત્ન પણ કર્યો, પણ નવરોજજી તો ખડખડ હસ્યા અને બોલ્યા કે, "હું જાણતો-જ હતો કે, ખુશરો લખ્યા વિના રહેશે નહિ અને એ ન લખત તો મારે એમને માટે કાંઇક જુદોજ વિચાર બાંધવો પડત."

૩૧૩–શ્રીમતી ब्रह्ममयी दासनी सहानुभूति

દેશબંધુ ચિત્તરંજન દાસના કાકા શ્રીયુત દુર્ગામોહન દાસનાં પત્ની શ્રીમતી બ્રહ્મમયી દેવી એક સાધ્વી અને પરોપકારી નારી હતાં. અનેક અનાથ વિધવાઓને તેમના ઘરમાં આશ્રય મળતો. કોઇનું પણ દુઃખ તેમનાથી દેખી શકાતું નહિ. એક સાધારણ દૃષ્ટાંત ઉપરથી એમના હૃદયમાં રહેલી સહાનુભૂતિનો પરિચય મળશે.

આચાર્ય શિવનાથ શાસ્ત્રી સાથે શ્રીયુત દુર્ગામોહન દાસને મિત્રતા હોવાથી બ્રહ્મમયી પણ એમને ઘેર આવ–જા કરતાં. પંડિત શિવનાથ શાસ્ત્રીની આર્થિક સ્થિતિ એ વખતે સારી નહોતી. એ વખતે કમાવા કરતાં દેશમાં શુદ્ધ એકેશ્વરવાદનો પ્રચાર કરવામાંજ એમનું ધ્યાન હતું.

એક દિવસ ઘરમાં આયનો નહિ હોવાથી શિવનાથ શાસ્ત્રીનાં પત્ની પ્રસન્નમયી દેવી પાણીમાં પડછાયો જોઇને અંબોડો વાળી રહ્યાં હતાં; એટલામાં બ્રહ્મમયી ત્યાં જઇ ચઢ્યાં અને કહેવા લાગ્યાં કે, "આ તો વાળ હોળવાની નવી રીત! જળમાં મોં બહુ સારું દેખાય છે!" પ્રસન્નમયીએ હસતે મુખે કહ્યું કે, "આયનો ફૂટી ગયો છે અને આ મહિને હાથ ભીડમાં છે. આવતા મહિનામાં

ખરીદ કરીશું." બ્રહ્મમયી એ સાંભળીને ત્યાંથી ઘેર ન જતાં સીધાં બજારમાં ગયાં અને એક ઘણો સુંદર આયનો ખરીદ કરીને પ્રસન્નમયીને ભેટ આપી આવ્યાં. પ્રસન્નમયીની શરમનો પાર રહ્યો નહિ; પણ બહેનપણી માટે બ્રહ્મમયીને કેટલી લાગણી હતી, તેનો પરિચય એથી મળી ગયો.

('દેશબંધુ ચિત્તરંજન દાસના ચરિત્ર'માંથી)

३१४–अंग्रेजजातिनी प्रबळतानुं एक खास कारण

મેદિનીપુરના વધારાના મેજિસ્ટ્રેટ મિ. આર. જી. કિલ્લી સાહેબના ચપરાસીને હડકાયું કૂતરું કરડયું. (ઇ. સ. ૧૯૦૮)મિ. કિલ્લીએ તરતજ એ જગ્યાનું ઝેર પોતે ચૂસી લીધું અને ત્યાર પછી પોતે પોતાના ઇલાજ સારુ કસોલીના દવાખાના તરફ ઊપડી ગયા.

આવા આવા ઉન્નત હૃદયના લોકો અંગ્રેજ લોકોમાં છે, તેથીજ અંગ્રેજજાતિ માનવસમાજમાં ઉચ્ચ આસન ઉપર બિરાજી રહી છે. ઈશ્વર તેમનામાં એ ઉદાર અને ઉન્નત ભાવ અધિકાધિક વિશાળ અને વૃદ્ધિંગત કરો.

३१५–साचुं सुख शुं धन अने हथियारमां रहेलुं छे?

પ્રાચીનકાળમાં લીડિયાના રાજા ક્રિસસ જેવું ધનવાન બીજું કોઈ નહોતું. ગ્રીક પંડિત સોલન એક વાર લીડિયા ગયો હતો. ક્રિસસે તેને પોતાનો અત્યંત વિશાળ રત્નભંડાર બતાવ્યો. સોલને તેની પ્રશંસા ન કરતાં કહ્યું કે, "જેની પાસે સારું લોઢું (અર્થાત્ લોખંડનાં હથિયાર) છે, તે બધાં રત્નોને સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે." એ ઉત્તરથી ચિડાઇ જઇને રાજાએ કહ્યું કે, "ત્યારે શું

તમે મને સૌભાગ્યશાળી ગણુતા નથી?" સોલને ઉત્તર આપ્યો કે, "ના! ભગવાન જેને જિંદગીના છેલ્લા દિવસ સુધી રાખે તેજ સુખી; તે સિવાય બીજો કોઇ માણુસ સુખી ગણુવા યોગ્ય નથી. મનુષ્ય સાધારણુ રીતે સિત્તેર વર્ષ જીવે છે, પરંતુ એમાં બધા દિવસ સરખા જતા નથી." ક્રિસસ રાજાએ કહ્યું કે, "તમે કહો છો એવા-જેને સુખી ગણુતા હો એવા બેએક જણુનાં નામ તો ગણાવો."

સોલને કહ્યું કે, "એથિનીનો ટેલ્સ એ સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્યનો નિવાસી હતો. તેને ઘણા પુત્ર તથા પૌત્ર હતા, બધા ધર્માત્મા હતા. બધાને જીવતા મૂકીને, દેશના રક્ષણુ માટે યુદ્ધમાં વિજય મેળવીને ટેલ્સ મરણુ પામ્યો હતો. એથિનીના લોકોએ તેના સ્મરણાર્થે તેની સમાધિ ઉપર એક સુંદર મંદિર બંધાવ્યું હતું. બીજા એવા માણુસો કિલઓરિસ અને બાઈટસ એ આર્ગસ દેશના નિવાસી હતા. એ બન્ને ભાઇઓ બળવાન અને ધનવાન હતા. જૂનો-દેવીના વાર્ષિકોત્સવપ્રસંગે બન્ને ભાઇઓ પોતાનાં માતાજીને રથમાં બેસાડીને ચાલીસ ગાઉ ખેંચી લાવ્યા હતા. ઉત્સવક્ષેત્રમાં એમને એવી રીતે માતાને રથમાં ખેંચી આવેલા જોઇને બધાએ 'ધન્ય' 'ધન્ય'ના પોકાર કર્યા હતા. પોતાના પુત્રોની એ અસામાન્ય સેવાથી માતાની લાગણી પણુ ઊભરાઈ આવી અને તેમણે અશ્રુ-પૂર્ણ નેત્રે જૂનોદેવીને પ્રાર્થના કરી હતી કે, "આ પૃથ્વીમાં સૌથી સારામાં સારું જે સુખ હોય તે ભોગવવાને મારા આ બન્ને પુત્રો જલદી ભાગ્યશાળી નીવડજો." કિલઓરિસ અને બાઈટસ બંને ભાઇ જૂનોદેવીના મંદિરમાં એ પછી દર્શન કરવા ગયા; અને ત્યાંજ તેઓ બન્ને મહાનિદ્રાને વશ થઇ ગયા.* પછી આર્ગસવાસીઓએ

---

* દેહ છૂટે, એ સારામાં સારી વાત શાથી ગણાય? જીવન્મુક્ત દશાએ પહોંચનારાથીજ આ વાત યથાવત્-સમજાય તેવી છે. આ અસત્-જડ અને દુઃખમય સંસારમાં રાજપદવી પર હોય તોપણ

એ બે મૃત યુવકોની સમાધિ ઉપર મઠ બંધાવ્યો છે.

એ ઉત્તરથી રાજાને ઘણો ખેદ થયો. થોડા દિવસ પછી ઇરાનના રાજા સાઈરસે લીડિયા ઉપર ચઢાઇ કરીને વિજય મેળવ્યો અને રાજા ક્રિસસને કેદ કરીને દેહાંતદંડની સજા ફરમાવી. પરાજિત રાજાનું મૃત્યુ જોવા ઇરાનનો રાજા વધસ્થળ ઉપર ગયો. મરણ પાસે આવતું જોઇ ક્રિસસ બોલી ઊઠ્યો કે, "સોલન! સોલન!" ઇરાનના રાજાએ એના વધના કાર્યને ક્ષણ વારને સારુ રોકીને પૂછ્યું કે, "અંતસમયે તેં સોલનનું નામ શા સારુ દીધું?" ક્રિસસે બધી હકીકત વિસ્તારથી કહી. ઇરાનરાજ સાઈરસને પણ એ કથાથી બોધ મળ્યો અને તેણે ક્રિસસને જીવનદાન આપ્યું.

३१६– कांतवानुं शाळानी फी तरीके

સુપ્રસિદ્ધ વિદ્વાન, સંસારસુધારક અને સમાજસેવક સ્વર્ગસ્થ બેરામજી મલબારી જ્યારે છ વર્ષના હતા, ત્યારે સુરતની એક નિશાળમાં તેમને ભણવા મોકલવામાં આવતા હતા. તેમની સાથે બીજા વીસ નાના છોકરાઓ હતા. છોકરાઓને પારસીધર્મના

માણસો સંસારને તેવોજ અનુભવતા હોય છે; એ વાત નળ, યુધિષ્ઠિર અને શ્રીરામચંદ્ર તથા કૃષ્ણ ભગવાન જેવાનાં જીવન ધ્યાનપૂર્વક અવલોકવામાં આવે તો યથાવત્ સમજાય તેવી છે. અલબત્ત, તેમની સત્યપરાયણતાની મહત્તા આગળ તેમને વેઠવાં પડેલાં દુઃખો તરણા જેવાંજ ગણાય. આ રહસ્ય હવે અજ્ઞ હિંદુસંતાનો અને કનકકામિનીપરાયણ ગુરુઘંટાલો ભૂલી બેઠા છે, તેથીજ એવું ધાર્યા કરે છે કે, આ સંસારમાં તો સત્ય પાળવામાં દુઃખ છે ને સત્ય ન પાળે તેનેજ સુખ છે. એ બિચારાઓને ખબર નથી કે, અધર્મનો વૈભવ બહુ તો ચાર દહાડાના ચાંદરણા જેટલો દેખાવ આપીને પછી તેમને અનંત જન્મપર્યંત નરકયાતનામાં ધકેલી છે. —સંપાદક

મંત્ર ભણાવવામાં આવતા અને તે શીખવતાં શિક્ષક થાકતો, ત્યારે તે છોકરાઓની પાસે કંતાવતો. આમાંથી જે ઉત્પન્ન થતું તે તેમની ફી તરીકે જમા લેવામાં આવતું.

આ ઉપરથી જણાય છે કે, કાંતવાનો મહિમા એ સમયના પારસીઓ પણ જાણતા હતા અને ગરીબ બાળકોને એ ઉદ્યોગથી વિદ્યાભ્યાસમાં પણ મદદ મળતી હતી.

('નવજીવન' તા. ૫-૯-૨૬ના અંકમાંથી)

૩૧૭—बादशाह नासिरुद्दीननो राजानी जवाबदारी संबंधी अभिप्राय

અલ્તમસનો સૌથી નાનો પુત્ર નાસિરુદ્દીન, ઈ. સ. ૧૨૪૬માં દિલ્હીના રાજસિંહાસન ઉપર બેઠો. બીજા બાદશાહોની પેઠે એણે અનેક રમણીઓ સાથે લગ્ન કર્યું ન હતું. તેણે જે નારીનું પાણિગ્રહણ કર્યું હતું તે વિવિધ સદ્‌ગુણસંપન્ન હતી. ઘરનું બધું કામ તે પોતાને હાથે કરતી. એક દિવસ રસોઇ કરતાં કરતાં દેવતાની ઝાળ લાગી જવાથી એના જમણા હાથની આંગળીઓ દાઝી ગઇ. એણે સ્વામીને એ વાત જણાવીને ઘરકામમાં મદદ કરવા સારુ એક પરિચારિકા માગી, પણ નાસિરુદ્દીને પત્નીની એ સામાન્ય વિનતિ પણ સ્વીકારી નહિ. તેણે સ્નેહપૂર્વક પત્નીને કહ્યું કે, "રાજ્યનું રક્ષણ અને રાજ્યની લક્ષ્મીમાં વધારો કરવાનોજ મારો અધિકાર છે. રાજ્યના ખજાનામાંથી જરૂર ઉપરાંત એક પૈસો પણ વાપરવાનો અધિકાર મને નથી." જવાબદારીનું આવું ઉજ્જવળ દૃષ્ટાંત સંસારમાં બહુજ વિરલ હોય છે.

બહુ વખોડાયલા મુસલમાન રાજ્યની આવી ઊજળી બાજુઓ પણ આપણે વીસરી જવી ઘટતી નથી.

૩૧૮–अंधविश्वास विषे रामकृष्ण परमहंसनो उत्तम उपदेश

એક દિવસ ભગવાન ઉપર વિશ્વાસ રાખવા સંબંધી વાતચીત નીકળતાં સ્વામી વિવેકાનંદે સાકારવાદીઓના વિશ્વાસનો અંધવિશ્વાસ તરીકે ઉલ્લેખ કર્યો હતો. એ સાંભળીને રામકૃષ્ણદેવ બોલી ઊઠ્યા કે, "ઠીક, ત્યારે અંધવિશ્વાસ કોને કહે તે મને સમજાવીશ? વિશ્વાસને તે વળી ચક્ષુ હોતાં હશે ? હોય તો પછી તેને વિશ્વાસ ન કહો, પણ ભક્તિ કહો અથવા જ્ઞાન કહો. વિશ્વાસ તે વળી અંધ કેટલો હોય અને દેખતો કેટલો હોય? એ તે વળી શું ?"

સ્વામી વિવેકાનંદ કહેતા કે, "વાસ્તવિક રીતે એ દિવસે હું ઠાકુર (રામકૃષ્ણ)ને અંધવિશ્વાસનો અર્થ સમજાવતાં ફસાઇ ગયો. કોઇ પણ અર્થ શોધ્યો જડ્યો નહિ; એટલે પછી એ દિવસથી મેં એ શબ્દ વાપરવો છોડીજ દીધો છે."

૩૧૯–प्रह्लादवर्गना माणसो

સ્વામી વિવેકાનંદ માનતા હતા કે, ખરી ધાર્મિકતા તો બાહ્ય વિદ્યાથી જુદીજ છે. એક દિવસ એમણે કહ્યું હતું કે, "વિદ્યાચર્ચાનો જ્યાં અંત આવે છે, ત્યાંથી પછી ધર્મનો આરંભ થાય છે." પરંતુ જે લોકો શ્રીરામકૃષ્ણ પરમહંસદેવનું નામ દઇને મૂર્ખતાનું સમર્થન કરતા, તેમને સ્વામીજી ધમકાવતા કે, "રામકૃષ્ણ પરમહંસ જેવા શું તે બધાએ હતા?" જે લોકો સાધન–ભજન વગેરે કરવાનો બહારથી ઢોંગજ કરે છે તેઓ ખરું જોતાં એમાં જરા પણ આગળ વધતા નથી અને "ધર્મસાધનામાં શાસ્ત્રચર્ચાની કે વિદ્યા-

અભ્યાસની કાંઇ જરૂર નથી " એવી દલીલ રજૂ કરીને એ સંબંધમાં જેઓ બેપરવા રહે છે, તેમને સ્વામીજી કટાક્ષમાં 'પ્રહ્લાદ ' ના માણસ કહેતા; કારણ કે કથા એવી છે કે, પ્રહ્લાદને 'ક' અક્ષર જોતાંવારજ કૃષ્ણનું સ્મરણ થતાં હૃદય ભરાઇ આવતું હતું. એટલું બધું તેનું હૃદય પૂર્વપ્રયત્નના બળે પવિત્ર થઇ ચૂકેલું હતું; પણ ઘણા લોકો એ રહસ્ય નહિ સમજતા હોવાથી એવીજ ભૂલભરેલી માન્યતા ધરાવે છે કે, પ્રહ્લાદ ભણ્યો ન હતો તોપણ કેવો મહાભક્ત નીવડ્યો હતો! તેના જેવી પૂર્વાર્જિત પવિત્રતા પોતામાં નહિ હોવા છતાં આવું ધારી લે, તેમનું પણ કમનસીબ કે બીજું કાંઇ?

૩૨૦–विद्याना अभावथी संप्रदायोनी पडती

બૌદ્ધ ધર્મની પડતીનાં કારણો ગણાવતાં સ્વામી વિવેકાનંદજીએ પોતાના એક વ્યાખ્યાનમાં કહ્યું છે કે, "બૌદ્ધલોકો સંસ્કૃત ભાષા ભણવા પ્રત્યે બેદરકાર બન્યા, તે પણ એમની અવનતિના કારણરૂપ છે. પોતે સ્થાપેલા બેલુર મઠની રખેને એવી દુર્દશા થાય, એટલા માટે મઠના બીજા નિયમો ભેગો એક એ નિયમ પણ લખવાનું ભૂલી ગયા નથી કે, 'વિદ્યાના અભાવથી સંપ્રદાયો હીન દશાને પ્રાપ્ત થાય છે; માટે સર્વથા વિદ્યાની ચર્ચા તો કરતાજ રહેવું.'"

૩૨૧–महात्मा अश्विनीकुमार दत्तनी स्वदेशप्रीति

બારિસાલ નગરમાં એક ગંજાવર સભામાં અશ્વિનીકુમાર બોલ્યા હતા કે, "આજ જો પરમેશ્વર પોતે પણ આવીને કહે કે, 'અશ્વિનિ! મુક્તિ લે,' તો હું કહું કે, 'ના, કર્તા! હજુ જરા વાર થોભી જાઓ. હજુ એક વાર આ બારિસાલની માટીમાં બાળક થઇને આળોટી

લઉં, યૌવનમાં બધાની સેવા કરું અને વૃદ્ધ થઇને બધાંનાં ચક્ષુનાં આંસુમાં સમાઇ જાઉં.'"

આ ખાલી મુખમાંના ઉદ્ગાર નહોતા. અશ્વિનીબાબુની બારિસાલ જિલ્લાની જિંદગીપર્યંતની સેવા સાક્ષી આપે છે કે, એમના હૃદયમાં વાસ્તવિક રીતે એવીજ ઊંડી પ્રીતિ જન્મભૂમિ પ્રત્યે હતી.

૩૨૨–મોટા માણસોની ખરી મહત્તા શામાં છે?

એથેન્સનો સુપ્રસિદ્ધ મુત્સદ્દી સરદાર પેરિકિલસ જ્યારે મૃત્યુ-શય્યા ઉપર પડ્યો હતો, ત્યારે એની પાસે બેઠા રહીને એના મિત્રો અને પ્રશંસકો એના ગુણાનુવાદ ગાઈ રહ્યા હતા. એણે કેટલાંએ યુદ્ધોમાં વિજય મેળવ્યો, કેટલા બધા લાંબા સમય સુધી સફળતા-પૂર્વક રાજ્યશાસન કર્યું, પ્રજાસત્તાક રાજ્યને કેટલી સહાયતા આપી; વગેરે તેના ગુણોનું સ્મરણ કરીને તેઓ તેનો મરણકાળ પાસે આવતો જોઈ શોક કરી રહ્યા હતા.

મૃત્યુશય્યામાં પડ્યેપડ્યે પેરિકિલસ પોતાની આ ગુણગાથા સાંભળી રહ્યો હતો. બધા ગુણ વર્ણવીને થાકી ગયા; એટલે એણે કહ્યું કે, "તમે મારી પ્રશંસાનો સૌથી મોટો ગુણ ભૂલી ગયા છો. તમે જે બધી બાબતો ગણાવી તેમાં તો ભાગ્યદેવીનો મુખ્ય હાથ હતો, એટલે મારી એ બધી ફતેહો ઘણી તુચ્છ છે. તમે મારા ગુણ ગણાવતાં એક વાતનો ઉલ્લેખ કરવો ભૂલી ગયા છો કે, મારે ખાતર આ દેશની કોઇ પણ રૈયતને શોકનાં વસ્ત્ર ધારણ કરવાનો પ્રસંગ નથી આવ્યો."

વાત એ હતી કે, પેરિકિલસે કોઇ સાથે પણ અન્યાયી વર્તણૂક ચલાવી નહોતી અને કોઇને પણ દુઃખ દીધું નહોતું. પારકાને પીડા ન કરે એજ ખરેખરો મહાન પુરુષ છે.

૩૨૩–सौंदर्यना दुरुपयोगथी थतो पश्चात्ताप

હોમરના અમર કાવ્યની નાયિકા હેલન અત્યંત સ્વરૂપવાન હતી. તે જ્યારે આધેડ વયની થઈ, ત્યારે એક દિવસ દર્પણમાં પોતાનું મુખ જોતાં તેના ઉપર કરચલીઓ જોઇને તેને રડવું આવ્યું અને તે પોતાના મન સાથે કહેવા લાગી કે, "મારામાં શું જોઇને મૂઆઓએ મારું બબ્બે વખત હરણ કર્યું હશે?" એ પ્રસંગ ઉપર ટીકા કરતાં 'લુબક' નામનો ગ્રંથકાર વાજબી રીતે કહે છે કે, "જો હેલને પોતાનું જીવન વધારે સારી રીતે ગાળ્યું હોત, અર્થાત્ તેણે સારા માણસોની સોબત રાખી હોત અને કામાંધ પુરુષોના ફંદામાં ફસી યુવાવસ્થામાંજ તેણે પોતાના સૌંદર્યનો નાશ કર્યો ન હોત, તો વૃદ્ધાવસ્થામાં તેના મુખ ઉપર યુવાવસ્થા કરતાં પણ વધારે તેજ દીપી નીકળત અને તેને ફસાવનારા યુવાનોજ તેની સેવા કરવામાં પોતાને માન મળેલું સમજત." ('સુખ અને શાંતિ'માંથી)

૩૨૪–रामकृष्ण वाचस्पतिए करेली गुणनी कदर

રામકૃષ્ણ વાચસ્પતિ શ્રીહટ્ટ ગામના એક પ્રસિદ્ધ અધ્યાપક હતા. રઘુનાથ શિરોમણિએ નવદ્વીપમાં પાઠશાળા ઉઘાડી, એટલે વાચસ્પતિ મહાશયે પોતાની પાઠશાળા બંધ કરી અને વિદ્યાર્થીઓને કહ્યું કે, "તમે બીજો ગુરુ શોધી લો, મેં મારે સારુ ગુરુ શોધી કાઢ્યા છે." એટલું કહીને એ પોતે સાધારણ વિદ્યાર્થીની પેઠે નવદ્વીપમાં ભણવા ગયા.

૩૨૫–ત્રણ મહાન રાજાઓની અસાધારણ મહત્તા તેમની માતાઓ અને માતૃભક્તિના પ્રતાપે હતી

એક ફ્રેંચ લેખક લખી ગયો છે કે, "ફ્રાન્સના અગણોતેર રાજાઓમાંથી ત્રણ જણાને ફ્રાન્સની પ્રજા ખરા અંતઃકરણથી ચાહતી હતી. સેંટ લૂઇ, બારમો લૂઇ અને ચોથો હેન્રી. એ ત્રણે જણાને બાલ્યાવસ્થામાં એમની માતાઓ તરફથી સારું શિક્ષણ મળ્યું હતું અને તેઓ સાચા માતૃભક્ત હતા.

જનનીપ્રત્યેના એ પ્રેમને લીધે એમનામાં જન્મભૂમિપ્રત્યેનો પ્રેમ પણ ખીલી નીકળ્યો હતો અને એને લીધેજ દેશની સારી સેવા કરી પ્રજાનો પ્રેમ સંપાદન કરવાને તેઓ ભાગ્યશાળી થયા હતા.

૩૨૬–એક અંગ્રેજ અને હિન્દી વચ્ચેની જાણવા જેવી ટપાટપી

એક વખત એક ભારતવાસી સજ્જન એક સ્ટેશન ઉપર રેલવેના સેકન્ડ ક્લાસના ડબ્બામાં બેસવા ગયા. જુએ છે તો ત્યાં એક અંગ્રેજ બેઠો છે. એથી તે બીજી પાટલી ઉપર બેસી ગયા. એ જોઇને તે અંગ્રેજ એ ડબ્બામાંથી બહાર ચાલ્યો ગયો અને મજૂરને બોલાવીને પોતાનો સામાન બીજા ડબ્બામાં મૂકી આવવાની આજ્ઞા આપી. એનું એ વિચિત્ર આચરણ જોઈ ભારતવાસી મુસાફરને હસવું આવ્યું. તેને હસતો જોઇને સાહેબનો મિજાજ ગયો અને પૂછ્યું કે, "બાબુ! તુમ હસતા કૈસા હૈ?" બાબુએ નમ્રતાપૂર્વક કહ્યું: "માફ કરજો; ખરી વાત એ છે કે, આપ અહીંથી ચાલ્યા ગયા, ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો કે, કદાચ આપ

સ્વર્ગમાં હો અને મારે માટે ભગવાન ત્યાં આમંત્રણ આપવાની ગોઠવણ કરે તો હું ત્યાં આવી રહ્યો છું, એમ જાણીને તમે ત્યાંથી પણ ખસીને બીજે જતા રહેવાનો પ્રયત્ન કરો કે નહિ? એ વિચારથી મને હસવું આવ્યું. આપ તે જોઇ ગયા તેને માટે દિલગીર છું, માફ કરજો.” એ ઉત્તર સાંભળીને તે અંગ્રેજ ખડખડાટ હસ્યો અને કહેવા લાગ્યો કે, “ ખરેખર, આપ જેવાની સાથે તો વાતચીતમાં મારો વખત ઊલટો આનંદમાં ચાલ્યો જશે એમ લાગે છે. આપ ક્યાં જાઓ છો?” મજૂર પાછો વિદાય થયો અને અંગ્રેજે પાછા આવીને એજ ડબ્બામાં બેઠક લીધી. પછી ઘણી વાર સુધી પરસ્પર વાતચીત કરીને બન્નેએ એકબીજા માટે માનની લાગણી ઉત્પન્ન કરી અને પોતપોતાને સ્ટેશને ઊતર્યા.

કાળા માણસોની સૂગ કાઢી નાખીને તેમના સમાગમમાં આવતાં તથા તેમના આચાર અને વિચારની કદર કરતાં અંગ્રેજો શીખે તો તેમના મનમાંથી દ્વેષભાવ ઘણો ઓછો થઇ જાય.

३२७–शत्रुना मृत्यु पछी नौशेरवानना सुंदर उद्‌गार

ઇરાનના પ્રસિદ્ધ બાદશાહ નૌશેરવાનને કોઇએ કહ્યું: “મેં સાંભળ્યું છે કે, ભગવાને કૃપા કરીને આપના એક શત્રુને આ દુનિયામાંથી ઉપાડી લીધો.” નૌશેરવાને કહ્યું: “ તમને એ પણ ખબર છે કે, મરતી વખતે એ મારા બધા અપરાધની માફી આપતા ગયા કે નહિ? બરોબરિયા શત્રુના મરણથી આનંદ પામવાનું કાંઇ પણ કારણ નથી. મારું જીવન પણ ચિરસ્થાયી તો નથી ને?”

३२८–एक विद्यार्थीनी छात्रवृत्तिनुं ऋण वाळवानी काळजी

વિદ્યાર્થીઓને સહાયતા તથા પ્રોત્સાહન આપવા સારુ અનેક દેશાભિમાની ધનિકોએ છાત્રવૃત્તિઓ સ્થાપી છે. એ છાત્રવૃત્તિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓમાંનો મોટો ભાગ પાછળથી સારી સ્થિતિએ ચઢે છે અને સુખ ભોગવે છે; પણ છાત્રવૃત્તિરૂપ પોતાને મળેલા દાનને જનસમાજ તરફનું ઋણ ગણીને સમાજને તેનું પ્રતિદાન કરનાર કેટલા નીકળ્યા છે? ચરોતર એજ્યુકેશન સોસાયટીનો ઇ. સ. ૧૯૨૪–૨૫નો રિપોર્ટ વાંચતાં એવા એક કર્તવ્યનિષ્ઠ દાનશીલ પુરુષનો પરિચય મળી આવે છે. ભાઇ અંબાલાલ હરિભાઇ પટેલ પૂના ખેતીવાડી કૉલેજમાં અભ્યાસ કરતા હતા, ત્યારે તેમને ત્રણ વર્ષમાં શેઠ ખીમજી આસર વીરજી તરફથી રૂપિયા સાડાસાતસો સ્કૉલરશિપ તરીકે મળ્યા હતા. અંબાલાલભાઇએ ધંધે લાગ્યા પછી એ સાડાસાતસો રૂપિયા ચરોતર કેળવણી સંસ્થાને એવી શરતે સોંપ્યા કે, એ ફંડને 'શેઠ ખીમજી સ્કૉલરશિપ ટ્રસ્ટ ફંડ' કહેવું અને એ મૂળ રકમને ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળના શેરોમાં રોકવી અને તેનું વ્યાજ આવે તે ખેતીવાડીના ઉત્તેજનમાં વાપરવું.

પોતાને મળેલી સ્કૉલરશિપ પાછી આપવાની કોઇ ફરજ એમના ઉપર નહોતી; પણ "સ્વાશ્રયી જીવન ગાળવાનું પસંદ કરનારા અને તેનો પાઠ શીખવનારા ભાઇ અંબાલાલને તે નાણાંનો આવી ઉત્તમ રીતે ઉપયોગ કરવાનું યોગ્ય લાગ્યું. આપણામાંથી એવા યુવાન ભાઇઓ નીકળશે?* " ('અહિચ્છત્ર' ઉપરથી)

* સ્કૉલરશિપ સિવાય પણ શાળા–પાઠશાળાઓ પાછળ ફી ઉપ-

૩૨૧–મહારાજા ચંદ્રાપીડનો નિષ્પક્ષ ન્યાય

આજથી આશરે બારસો વર્ષ પૂર્વે કાશ્મીરમાં ચંદ્રાપીડ નામનો રાજા રાજ્ય કરતો હતો. એ પોતાની પ્રજાનું પુત્ર સમાન પાલન કરતો હતો. પ્રજા પણ તેને ઈશ્વર સમાન ગણતી હતી.

એક વાર મહારાજા ચંદ્રાપીડને એક દેવમંદિર બંધાવવાની ઇચ્છા થઇ. એને માટે જે જગ્યા પસંદ કરી તેને માપવા માટે કારીગરોને મોકલ્યા. સંયોગ એવો બન્યો કે, માપણીમાં એક ચમારની ઝૂંપડી પણ આવી ગઇ. રાજાના કારીગરો માપતાં માપતાં એ ચમારની ઝૂંપડીની પાસે પહોંચ્યા, ત્યારે ચમારે એમને ધમકાવ્યા અને માપવાની દોરી ત્યાં લગાડવા ન દીધી. એ દશા જોઇને કારીગરો પાછા ફર્યા અને રાજાને ચમારની ફરિયાદ કરી. મહારાજાએ કહ્યું કે, "ભૂલ તમારીજ છે. તમે એ જગ્યા મંદિરને સારુ પસંદ કરી હતી તો પહેલાં એ ચમારને કેમ પૂછી ન જોયું ? હવે બીજી કોઇ જગ્યા પસંદ કરો. હું જબરજસ્તીથી કોઇની જમીન નહિ છીનવી લઉં."

થોડી વાર પછી દ્વારપાળે આવીને મહારાજાને કહ્યું કે, "એજ ચમાર મહારાજાનાં દર્શન કરવા માગે છે." મહારાજાએ કહ્યું કે, "એને જઇને કહી દો કે, કાલે હું એને રાજભવનની બહાર મળીશ." બીજે દિવસે જ્યારે એ ચમાર મહારાજાની રૂબરૂ હાજર થયો, ત્યારે મહારાજાએ એને પૂછ્યું કે, "કેમ! તું મારા ધર્મકાર્યમાં

રાંત જે અસાધારણ ખર્ચ થાય છે તેમાં તો ધનવાનો કરતાં ગરીબોનોજ પૈસો વધારે હોય છે, છતાં પણ જેઓ તેને લૂંટવાવાળા મૂડીવાદી અને સત્તાધારીઓની નોકરી વડે સ્વાર્થ સાધતા હોય તેમને માટે શું કહેવું ?

—સંપાદક

વિઘ્ન નાખવા માગે છે? હું તને એના બદલામાં બીજું સારું મકાન બંધાવી આપવા તૈયાર છું અને જો તું એને વેચવા તૈયાર હોય તો મોંમાગ્યું મૂલ્ય આપવા તૈયાર છું."

ચમારે કહ્યું કે, "હું એક નીચ જાતિનો અભણ માણસ છું. મને તો રાજદરબારના કાયદાની ખબર નથી. અદબ સાથે બોલતાં પણ મને આવડતું નથી, એટલે હું મારી ભૂલચૂકની પહેલેથીજ માફી માગી લઉં છું. મહારાજ! સાંભળો. હું કૂતરા કરતાં ઊતરતો નથી અને આપ ધર્મરાજ યુધિષ્ઠિર કરતાં ચડિયાતા નથી. મહાભારતમાં કહ્યું છે કે, જ્યારે એ સ્વર્ગમાં જવા લાગ્યા, ત્યારે એ કૂતરાને પણ સાથે લઇ ગયા હતા. દેવતાઓએ તેમને કૂતરાને સાથે લઇ જવાને ઘણીએ મના કરી, પણ એમણે જરા પણ માન્યું નહિ; તો પછી આપની સાથે હું વાતચીત કરી રહ્યો છું, એ જોઇને આપના અમલદારો મારો આટલો બધો તિરસ્કાર કેમ કરતા હશે?

"મહારાજ! હવે મારી ઝૂંપડીની વાત એવી છે કે જેટલો આપને આપનો મહેલ પ્રિય છે તેટલીજ એ ઝૂંપડી મને પ્રિય છે. એ ઝૂંપડીમાંજ મારો જન્મ થયો છે અને મારી આખી જિંદગી એમાંજ ગઇ છે. એમાંજ રહીને મેં સુખ અને દુઃખ બન્ને ભોગવ્યાં છે. એ મને મારી માતાના જેવી વહાલી લાગે છે. એ ઝૂંપડી તોડી પાડવામાં આવે એ દેખાવ મારી આંખોથી જોઇ નહિ શકાય. મકાન છીનવી લીધાથી કેવું દુઃખ થાય છે, એનું અનુમાન તો એજ કરી શકે કે જેનું રાજ્ય છીનવી લેવામાં આવ્યું હોય; અથવા જેને વિમાન ઉપરથી નીચે ફેંકી દેવામાં આવ્યો હોય. એટલા માટેજ એ દુઃખને સંભારીને મેં આપના કારીગરને મારી ઝૂંપડીનું માપ લેવા નથી દીધું. આપ જાતે મારા ઘર આગળ આવીને માગત તો ભલમનસાઇને ખાતર હું જરૂર એ મકાન આપને નજર કરી દેત. કેમકે એવી દશામાં મને જરા પણ દુઃખ ન થાત."

એક ચમારને નીડરપણે એવી વાતો કરતો જોઇને મહારાજા ચુપ થઇ ગયા. મનમાં ખુશ પણ બહુ થયા.

બીજે દિવસે રાજા પોતે એ ચમારને ઘેર ગયા અને મંદિર બંધાવવા સારુ એની ઝૂંપડી માગી. મહારાજાને પોતાને ઘેર આ-વીને ઝૂંપડી માગતા જોઇને ચમાર ઘણો પ્રસન્ન થયો અને કહ્યું કે, "મહારાજ! આપની ખ્યાતિ પ્રમાણેજ આપ ધર્માત્મા છો. આપને ધન્ય છે! ભગવાન આપનું ભલું કરે અને પોતાની પ્રજાનું ન્યાય-પૂર્વક પાલન કરવા માટે આપને દીર્ઘાયુષી કરે. હવે આપ આ જગ્યા-એ ખુશીથી મંદિર બંધાવો. આ ઝૂંપડી હવે આપનીજ છે."

આ પ્રમાણે ચમારે તરતજ એ ઝૂંપડી મહારાજાને સમર્પણ કરી અને પોતે બીજી જગ્યાએ ઝૂંપડી બાંધીને ત્યાં રહેવા લાગ્યો.

('બાલસખા'ના નવેમ્બર ૧૯૨૫ના એક લેખ ઉપરથી)

૩૩૦–શાહજાદી અલેકઝાન્ડ્રાની ગરીબોની માવજત

રાણી અલેકઝાન્ડ્રાને પોતાના ગરીબ પાડોશીઓની ઘણી ચિંતા રહેતી હતી. એમને મદદ કરવા એ સદા તત્પર રહેતાં. એક વાર એમના પતિ 'એ વખતના પ્રિન્સ ઑફ વેલ્સ' ઘણા સખ્ત ઝેરી તાવમાં સપડાયા હતા અને જિંદગી જોખમમાં આવી પડી હતી. એ વખતે પણ પ્રિન્સેસ અલેકઝાન્ડ્રાએ પોતાના આડોશી–પાડોશીનો વિચાર તજી દીધો નહોતો. તબેલામાં એક નોકર છોકરો ઝેરી તાવથી પીડાય છે, એવી ખબર મળતાંજ ભલી શાહજાદીએ પોતાના ડૉ-કટરને તેની સારવાર સારુ મોકલ્યો અને તેને માટે જરૂરી ખો-રાક વગેરેની બધી ગોઠવણ કરી. વળી દિવસમાં એક વાર તેઓ પોતાના પ્રિય સ્વામીનું બિછાનું છોડીને આ પીડાતા બાળકને જોવા તબેલાનો ઊભો દાદરો ચઢી માળા ઉપર તેના બિછાના આગળ

જતાં અને તેના તાવથી બળતા હોઠોમાં કાંઇ કાંઇ રેડીને તેનો તરવરાટ અટકાવતાં. સઘળી મહેનત છતાં આ ગરીબ બાળક જીવવા પામ્યો નહિ. એ વખતે તેનાં દુઃખી માબાપ જોડે પોતાનાં આંસુ ભેળવી આ દિલસોજ શાહજાદીએ તેમને દિલાસો આપ્યો અને તેની પાયદસ્તક્રિયામાં પોતે આ સાદો પણ ઊંડો મર્મ ધરાવતો લેખ કોતરાવ્યોઃ

'એકને લીધો અને બીજાને રાખ્યો.' એ મંદવાડમાં પ્રભુએ અલેકઝાન્ડ્રાના પતિને બચાવ્યા હતા, તેનોજ ઉલ્લેખ એ લેખમાં હતો.

૩૩૧–શાહજાદી અલેકઝાન્ડ્રાની ગરીબોને મદદ

પોતાના મોટા પુત્ર આલ્બર્ટ વિકટરના ભરયુવાવસ્થામાં થયેલા મૃત્યુ પછી શોકગ્રસ્ત અલેકઝાન્ડ્રા સેન્ડ્રિંગહેમ ખાતે એકાંતમાં જઈ વસ્યાં, જ્યાં દુઃખીઓને ધીરજ આપવામાં અને પોતાની પેઠે શોકમાં ડૂબેલાંઓને દિલાસો દેવામાં એમનો સમય વ્યતીત થતો.

એક વાર એ મહેલના રસ્તા ઉપર ફરી રહ્યાં હતાં. એવામાં એક વૃદ્ધ સ્ત્રીને બોજો ઉપાડી મુશ્કેલીથી ચાલતી જોઇ, તે નામદારે તેને વાતચીત કરવા ઊભી રાખી. "આવો ભારે બોજો તું શા સારુ ઊંચકે છે?" તેમણે મીઠાશથી પૂછ્યું: "એ તારે માટે ઘણો ભારે છે."

"શું કરું? બાઈ," ડોશીએ ભીંજેલી આંખો તેમના તરફ ઊંચી કરી ઉત્તર વાળ્યો: "મારો શાણો દીકરો જેક મારું એ કામ કરતો હતો, પણ તે મરી ગયો ને હું જો ન કરું તો ભૂખે મરું."

તે બિચારીને કેટલાક ધીરજવંત શબ્દો કહી તેઓ વિદાય થયાં અને તેજ સાંજે તે ડોશીને માટે એક ખચ્ચરનું ગાડું ભેટ

મોકલ્યું. આ બનાવ બન્યા પછી વારંવાર તેઓ તેને ઝૂંપડે જતાં અને બોલતાં કે, "મારું દુઃખ સમજી જઇને મારી સાથે રડતી આ ડોશીને મળવાથી મને કેટલી ધીરજ મળી છે!"

રાજમાતા અલેકઝાન્ડ્રાના આ ઉચ્ચ ગુણોની પ્રશંસા કોણ નહિ કરે?

૩૩૨–અલેકઝાન્ડ્રાનું સપ્રેમ આજ્ઞાપાલન

બાળકોને સારાં વસ્ત્રો પહેરવાનો શોખ તો કુદરતી હોય છે અને તેમાંએ પોતાની વયનાં બાળકોને પોતાનાથી સારાં લૂગડાં પહેરતાં જુએ ત્યારે તો એમનાથી રહેવાતુંજ નથી. બાલિકા અલેકઝાન્ડ્રાએ એક વખત આતુરતાથી પોતાની માતાને પૂછ્યું કે, "માજી! કાઉન્ટેસ....ની પેઠે અમે પણ મજલિનનાં કપડાં પહેરીને ફરવા કેમ ન જઇએ?" માતાએ સાદાઇથી ઉત્તર આપ્યો "દીકરી! મજલિનનાં કપડાં ઘણાં મોંઘાં થાય છે અને તે પૂરાં પાડવાની તારા બાપની ગુંજાશ નથી." શાહજાદા ક્રીશ્ચિયનનો સંસાર એ સમયે ગરીબ હતો અને તેના મહેલમાં ઝાઝા નોકરોની દોડધામ નહિ હોવાથી દરેક બાળકને પોતાનો ઓરડો તથા સરસામાન પોતેજ સાફ કરી ગોઠવવાની તેમજ ભોજનસમયે મદદ આપવાની ટેવ પાડી હતી. પ્રિન્સે એક વાર નાસ્તાને માટે પોતાના મિત્રને આમંત્રણ આપ્યું હતું. મેજ ઉપર માખણ ખૂટતાં એમનાં માતાએ નોકરને આજ્ઞા ન આપતાં મોટી પુત્રીનેજ નરમાશથી કહ્યું કે, "એલિકસ! થોડું બીજું માખણ લાવશે?" તરતજ બ્રિટિશ સામ્રાજ્યની ભવિષ્યની સમ્રાજ્ઞી પોતાની માતાનો હુકમ બજાવવા હસતે મુખે દોડી.

૩૩૩–મહારાણી અલેકઝાન્ડ્રાનું બાલ્યાવસ્થાનું શિક્ષણ તથા માતૃસેવા

આપણા શહેનશાહ જ્યોર્જનાં માતુશ્રી સ્વર્ગવાસી મહારાણી અલેકઝાન્ડ્રા ડેન્માર્કના રાજકુમાર પ્રિન્સ ક્રીશ્ચિયનનાં પુત્રી હતાં. એમના ભાઇ તો પાછળથી ગ્રીસના રાજા થયા હતા. રાજકુટુંબમાં જન્મ લીધા છતાં તેમનામાં સરળતા, આજ્ઞાપાલન, જાતમહેનત આદિ સામાન્ય મનુષ્યોમાં જોવામાં આવે એવા સદ્‌ગુણો મોટા પ્રમાણમાં હતા. એ ગુણોને લીધે સમ્રાજ્ઞી તરીકે એ ઘણાં પ્રસિદ્ધ થયાં હતાં. બાલ્યાવસ્થામાં એમનાં માતપિતા કાળજી રાખતાં કે, તવંગરીના લાડ અને મોજમજાના પવનનો સહેજ પણ હાનિકારક ધુમાડો તેમનાં બાળકોના નાજુક મગજને પહોંચે નહિ. નાની અલેકઝાન્ડ્રા પહેલવહેલી મીઠી–તોતડી ભાષામાં બોલવા લાગી, ત્યારથીજ એના મન ઉપર ઠસાવવામાં આવ્યું હતું કે, એની સત્તા સર્વોપરી હોયજ નહિ. માતપિતાએ આજ્ઞાપાલનની છાપ તેમના મગજ ઉપર સજ્જડ બેસાડી હતી. એક સ્ત્રી તથા ભવિષ્યની માતાને માટે જે ગૃહકેળવણી આવશ્યક ગણાય છે, તે પણ તેમનાં રાજવંશી માતપિતાએ તેમને આપી હતી. એમના પિતાનો આગ્રહ હતો કે, બાળકોએ રાજ્યના તેમજ ઘરના કાયદાઓને તાબે રહેતાં શીખવુંજ જોઇએ. ભરવાસીવવાની કળામાં માતાએ તેમને પ્રવીણ કર્યાં હતાં અને પોતાને હાથે તૈયાર કરેલી વસ્તુઓ વડે ગરીબોની સેવા કરવામાં વિશેષ પુણ્ય છે, એવું ઠસાવ્યું હતું. એમનાં માતાએ પોતાનાં બાળકોને કશી પણ ખોટી ફિશિયારી અથવા લખલૂટપણાની ટેવો પડવા દીધી નહોતી. બાદશાહી મિજલસમાં અને ખાનગી મેળાવડાઓમાં પોશાક તેમજ ઘરેણાંગાંઠાંના ઠાઠમાઠમાં

ઘણીક ઉમરાવજાદીઓ ડેન્માર્કની આ ગુલબદન રાજકુમારી કરતાં ચઢી જતી; પરંતુ એમનાં માતાને પોતાની કન્યાઓની સાદાઈનો ગર્વ હતો. તેઓ કહેતાં કે, "એમના પહેરવેશ અને ફેશન ઉપર હું જાતે દેખરેખ રાખું છું."

માતપિતાના આવા સપ્રેમ શિક્ષણને લીધે અલેકઝાન્ડ્રાને પણ પિયેરિયાં ઉપર ઘણોજ ઉમળકો હતો. ગ્રેટબ્રિટન અને આયર્લેંડ-નાં મહારાણી વિકટોરિયાનાં પુત્રવધૂ થયા પછી પણ એ પિયેર જતાં અને બાલ્યાવસ્થામાં જેવી રીતે માતપિતાની સેવા કરતાં, તેવીજ રીતે એ વખતે પણ કરતાં. એમનાં માતા વૃદ્ધાવસ્થાને લીધે પૈડાંવાળી ખુરશીમાં બેસીને મહેલમાં તથા બગીચામાં ફરતાં. તે વખતે એમને માટે ગરમ દૂધ અલેકઝાન્ડ્રા પોતાના સુકુમાર કરમાં લઇ જતાં અને પ્રેમપૂર્વક માતાને પિવડાવતાં. નોકર–ચાકરો એમને એમ કરવા ના કહેતાં; પણ પોતે જણાવતાં કે, " એ મીઠી અને પ્રિય સેવાનો અધિકાર એમનો પોતાનોજ છે."

('સ્ત્રીબોધ'ના જ્યુબિલી અંક તથા 'સ્ટ્રાન્ડ મેગેઝિન' ઉપરથી)

૩૩૪–एक सेवकनी असाधारण स्वामीभक्ति

ઇંગ્લેંડના પ્રથમ રાજા વિલિયમના જ્યેષ્ઠપુત્રને એક વાર એક ઝેરી તીર વાગ્યું હતું. કોઈ માણુસ તેના ઘાનું વિષ ચૂસી લે, તોજ એ યુવકનો પ્રાણ બચે એમ ડૉક્ટરોએ જણાવ્યું. પણ પોતાની ખાતર બીજા કોઈના પ્રાણ જાય એ રાજકુમારને પસંદ નહોતું. આમ ડ્યૂક સૂઈ ગયો હતો તે સમયે તેના એક સેવક સિબિલાએ તેનો ઘા ચૂસી લીધો અને સ્વામીને બચાવવા ખાતર પોતાના પ્રાણનો પરિત્યાગ કર્યો.

३३५–मिसरना एक राजानुं आदर्श प्रजापालन

ચાર હજાર વર્ષ પહેલાંના મિસરના એક રાજ્યકર્તાના મૃત્યુલેખ-માં જણાવવામાં આવ્યું હતું કે, એક બાળકને પણ તેણે ઈજા ભોગવવા દીધી નથી; કોઈ પણ વિધવાને તેણે દુઃખ પડવા દીધું નથી; ગાયો ચારનારા ગોવાળને કદી પીડા કરી નથી; તેના વખતમાં કોઇ પણ ભિખારી ન હતું અને જ્યારે દુકાળનાં વર્ષ આવ્યાં હતાં, ત્યારે તો પ્રાંતના ઉત્તરથી દક્ષિણ છેડા સુધી તેના પ્રાંતની સઘળી જમીન તેજ ખેડાવતો, પ્રજાને તેજ ખવડાવતો અને ભવિષ્યને માટે પણ તેજ તેમને અનાજનાં સાધન કરી આપતો. તેના પ્રાંતમાં કોઈ પણ માણસ ભૂખે મરતું નહિ અને વિધવાને તેના ધણીના મરણથી જે દુઃખ પડે તે દુઃખ તે પડવા દેતો નહિ." હાલના કહેવાતા આ સુધારાના સમયમાં કયો રાજકર્તા આવી ગોઠવણ કરવાનું અહોભાગ્ય મેળવી શકે એમ છે? ('આગળ ધસો'માંથી)

३३६–महात्मा कैयटनी असाधारण निस्पृहता

મહાત્મા કૈયટ એક પ્રસિદ્ધ વિદ્વાન હતા. એમણે લખેલો મહાભાષ્યતિલક નામનો ગ્રંથ સુપ્રસિદ્ધ છે. એ કાર્યમાં એ એકાગ્રચિત્તે રાતદિવસ પરોવાયલા રહેતા. રળવા–કમાવાનું કે ઘર ચલાવવાનું ભાન એમને નહોતું. એમની પતિવ્રતા પત્ની જંગલોમાંથી મુંજ કાપી લાવીને એનાં દોરડાં બનાવીને વેચતી અને એ પૈસાથી અનાજ વગેરે લાવી ભોજન બનાવીને પતિને જમાડતી. એક દિવસ તે દેશના રાજાને કાને એ સમાચાર પહોંચ્યા; એટલે એ તરતજ મહાત્માની પાસે ગયો અને કહ્યું કે, "મહારાજ! આપ મારા રાજ્યમાં આટલું બધું કષ્ટ વેઠી રહ્યા છો, તેથી મને

ઘણું પાપ લાગે છે." મહાત્મા કૈયટે પોતાની પત્નીને સંબોધીને કહ્યું કે, "આપણા અહીં રહેવાથી રાજાને આટલું બધું પાપ લાગે છે; તો ચાલો, આપણે ચટાઇ ઉઠાવીને અહીંથી ચાલ્યાં જઇએ." એ સાંભળી રાજાએ કહ્યું કે, "મારો ભાવાર્થ એવો નહોતો. મારી તો પ્રાર્થના એ છે કે, અમારા છતાં આપ જેવા વિદ્વાનને જીવન-નિર્વાહ માટે સંકટ વેઠવું પડે, એ મારે માટે અપકીર્તિજનક છે; માટે આપ મારી સેવા સ્વીકારો અને જે જે વસ્તુની આપને આ-વશ્યકતા હોય, તે તે વસ્તુ મોકલી આપવા સેવકને આજ્ઞા આ-પો." મહાત્મા કૈયટે રાજાને કહ્યું કે, "આપ મારી આજ્ઞા માન-શો?" વારંવાર એ પ્રશ્નના જવાબમાં રાજાએ આજ્ઞા પાળવાનું વચન આપ્યું, ત્યારે મહાત્માએ કહ્યું કે, "મારી આજ્ઞા એજ છે કે, આપ હમણાંજ અહીંથી ચાલ્યા જાઓ."

ખરેખર! સંતોષી નરજ સદા સુખી છે.

૩૩૭–संयमरायनी असाधारण स्वामीभक्ति

ભારતના છેલ્લા હિંદુમહારાજા પૃથ્વીરાજ મહોબાના યુદ્ધમાં બહુ ઘાયલ થયા હતા. આલ્હા અને ઉદલ જેવા વીરોને મારીને ચંદેલોની શક્તિને એમણે ધૂળમાં મેળવી દીધી હતી; પરંતુ દુશ્મ-નોએ પણ એમની સારી ખબર લીધી હતી. એ પોતે અને એમના શૂરવીર સામંતો ઘાયલ થઇને યુદ્ધભૂમિમાં બેભાન પડ્યા હતા. મહારાજા પૃથ્વીરાજને મૂર્ચ્છિત જોઇને એમના દેહ ઉપર ગીધ અને કાગડા આવી બેઠા હતા અને એમની આંખ ચાંચવડે ફોડી નાખવાની તૈયારીમાં હતા. એમનાથી થોડે અંતરે સંયમરાય નામનો એક સામંત પણ ઘાયલ પડ્યો હતો. યુદ્ધમાં એની બન્ને જાંઘો કપાઈ ગઈ હતી; છતાં પણ જ્યારે એણે ગીધ, કાગડા વગે-

રેને પૃથ્વીરાજના દેહ ઉપર બેઠેલાં જોયાં, ત્યારે પોતાના સ્વામીના રક્ષણ સારુ એણે પોતાના દેહનું માંસ કાપી કાપીને એ પક્ષીઓને ખવરાવવું શરૂ કર્યું. એથી પક્ષીઓએ પૃથ્વીરાજના મૂર્છિત દેહને નુકસાન ન કર્યું. આખરે પૃથ્વીરાજ હોશમાં આવ્યા. એમની શોધમાં નીકળેલા બીજા સરદારો ઘણુ એટલામાં ત્યાં જઇ પહોંચ્યા. તેમણે સંયમરાયનું ઉપલું કૃત્ય પોતાની આંખે જોયું; પરંતુ એ લોકો મદદે પહોંચે, એટલામાં તો એ વીર સરદાર લગભગ મરણ પામી ચૂકયો હતો. એટલે તેઓ એનું રક્ષણ ન કરી શકયા; પરંતુ એની કીર્તિના સમાચાર જણાવીને જગપ્રસિદ્ધ કર્યો. ધન્ય છે એની સ્વામીભક્તિને!

૩૩૮—बाजी प्रभुनी असामान्य स्वामीभक्ति

એક વાર મહારાજા શિવાજી છત્રપતિને મોગલસેનાએ એક કિલ્લામાં ઘેરી લીધા હતા. આખરે લાગ જોઇને તેઓ એ કિલ્લામાંથી નીકળી ગયા. એ વાતની શત્રુઓને ખબર પડી જવાથી તેમની એક મોટી સેનાએ શિવાજીની પાછળ ધાવો કર્યો. શત્રુસેના પાછળ આવી રહી હતી અને જે કિલ્લા તરફ પોતે જઇ રહ્યા હતા તે બહુ દૂર હતો; વળી પોતાના નાના લશ્કર વડે શિવાજી મોગલોના મોટા સૈન્યસાથે ટક્કર ઝીલી શકે એવું પણ નહોતું. એ વખતે એમનો સ્વામીભક્ત સિપાઇ બાજી પ્રભુ મદદે આવ્યો. તેણે કહ્યું કે, “આપ સુખેથી કિલ્લા તરફ જાઓ. આપ કિલ્લામાં નહિ પહોંચી જાઓ, ત્યાંસુધી હું શત્રુઓને રોકી રાખીશ. આપ કુશળતાપૂર્વક પહોંચી જાઓ, ત્યારે કિલ્લામાંથી તોપ ફોડીને મને ખબર આપજો.” પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે જ્યાંસુધી શિવાજી મહારાજ કિલ્લામાં પહોંચી ન ગયા, ત્યાંસુધી ખરેખર બાજી પ્રભુએ શત્રુઓને

રોકી રાખ્યા. યુનાનમાં થરમોપોલીની ખીણ આગળ લિઓની-ડાસે વિશાળ ઇરાની સેનાને રોકી રાખી હતી, તેમ વીર બાજી પ્રભુએ પોતાના ગણ્યા-ગાંઠ્યા સાથીઓની મદદથી મોગલોની મોટી સેનાને રોકી રાખી. એને ઘણા ઘા વાગ્યા, પણ કશાની પરવા ન કરી. પોતાના સ્વામી શિવાજી મહારાજનું રક્ષણ કરવું એજ એનો એકમાત્ર ઉદ્દેશ હતો અને તે સફળ પણ થયો.

३३९–बादशाह जहांगीरनी खेडूतो माटे लागणी

સમ્રાટ જહાંગીરના સમયમાં એક વર્ષે મહેસૂલખાતામાં મોટી રકમ જમા થઇ. કોઇ દિવસ નહિ અને આજ વર્ષે આટલી મોટી આવક થવાનું કારણ શું હશે, તેનો ખુલાસો કરવાનું જહાંગીરે વજીરને ફરમાવ્યું.

વજીરે જવાબ આપ્યો કે, "જહાંપનાહ! રાજ્યના મહેસૂલમાં અણઘટતો વધારો કરવાનો અમે મૂળથીજ ઉદ્દેશ રાખ્યો નથી. આ વખતે તો અચાનકજ એવી ઘટના બની છે કે, ગંગા નદીનો ઘણો ભાગ સુકાઇ ગયો અને એ રીતે ખાલી પડેલી ફળદ્રૂપભૂમિમાં ફળફૂલ વગેરે વાવી આપના ખેડૂતોએ સારી આવક મેળવી; એટલે એ આવકનો થોડો ભાગ મહેસૂલખાતાને પણ અનાયાસે આ વર્ષે પ્રાપ્ત થયો."

સમ્રાટ જહાંગીર તરત તો કાંઇજ ન બોલ્યો. સાંજ પડી જ-વાથી તે કચેરી બરખાસ્ત કરી સીધો પોતાના મહેલ તરફ ચાલ્યો.

અર્ધરાત્રિ પસાર થઇ ગઇ, પણ બાદશાહની આંખ ન મીંચાઇ. આખરે તે કંટાળ્યો અને પથારીમાંથી ઊઠી બેઠો થયો. માત્ર એક ઝભ્ભો પહેરી રાતના બાર વાગે તે વજીરના દરવાજા પાસે જઇ ઊભો રહ્યો.

વજીરે ઉતાવળે આવી જહાંપનાહનું અભિવંદન કર્યું.

બાદશાહે બીજી આડીઅવળી વાતો કરવાને બદલે પહેલીજ ક્ષણે કહી દીધું કે, "હું તમને એકજ વાત કહેવા આવ્યો છું. રાજ્યમહેસૂલમાં આ વર્ષે ઘણો વધારો થયો છે; છતાં મને ચેન નથી પડયું. ગંગામૈયાનાં પાણી સુકાઇ જાય, એને હું આપણા રાજા–પ્રજા ઉભયની કમનસીબી માનું છું. એ બહાને એક પાઇ પણ ઉઘરાવવાનો આપણને અધિકાર નથી. ગંગાજી જેવી પવિત્ર નદીનાં પાણી શોષાઇ જતાં હોય તો કાંઇક પણ રાજધર્મ આપણે ચૂકયા છીએ. ખેર! એ આવક તમે એ ખેડૂતો અને ગરીબ પ્રજાનેજ વહેંચી આપો. હું આજે ખુદાતાલાને ગંગાનાં પાણી પ્રથમની પેઠેજ આબાદ રાખવા પ્રાર્થના કરીશ અને તમે પણ એજ પ્રમાણે પ્રભુના દરબારમાં આ પ્રાર્થનાનો પેગામ પહોંચાડજો."

બીજે વર્ષે ગંગાજીમાં પૂર ઊભરાયાં, સમ્રાટની સાચા દિલની અરજ મંજૂર થઇ અને ગંગાકિનારાનાં ખેતરો ભરચક ધાન્યથી લચી પડયાં. ('ઇન્સાફ સંગ્રહ' ઉપરથી)

३४०–महाराजा अशोकनो प्रजाप्रेम अने सूबाओनी परीक्षा

પોતાના જન્મદિવસે મહાસમ્રાટ અશોકે પોતાના બધા સૂબાઓને પાટલીપુત્રમાં બોલાવ્યા અને કહ્યું કે, "આજે મારે સૌથી સારું કામ કરી બતાવનાર સૂબાને ઇનામ આપવું છે. બોલો તમે શું કર્યું?"

સુવર્ણગિરિના સૂબાએ સમ્રાટને નમન કરીને કહ્યું કે, "નામદાર! મારા તાબાના પ્રદેશની આવક મેં ત્રણગણી કરી છે." પછી ઉજ્જનનો સૂબો આગળ આવ્યો અને શિર ઝુકાવીને બોલી ઊઠ્યો

કે, "રાજ્યની તિજોરીમાં મોકલાતું સોનું મેં બમણું કર્યું છે."

"ઠીક, ને તમે ?" ત્રીજા સૂબા તરફ ફરીને અશોક બોલ્યો. ઉત્તરમાં તોલાસીના સૂબાએ માથું નમાવીને કહ્યું કે, "મારા હાથ નીચેના પ્રજાજનોના પ્રજાકીય મનોરથો કચરી નાખ્યા છે; તેઓને મેં ગુલામો કરતાંએ વધુ નરમ કરી મૂકયા છે, રાજાધિરાજ !'

"અહો ! અને તમે ?" અશોકે ચોથાને પૂછયું. "દેવ ! હું તો તક્ષશિલાનો સૂબો છું. સરહદનો પ્રદેશ મેં બરોબર જાળવ્યો છે. મારા તાબાના પ્રદેશનું ખર્ચ મેં અડધું કર્યું છે."

"અને તમે તો પાટલીપુત્રના સૂબા કે ? તમે શું કર્યું છે ?" અશોકે પાંચમા સૂબાપ્રત્યે વેણ કાઢ્યાં.

"મેં તો કાંઇએ નથી કર્યું, મહારાજ ! મેં તો મારી હકુમતના પ્રદેશનો ખર્ચ બમણો કર્યો છે અને લોકો ઉપરથી કરનો ભાર ઓછો કર્યો છે. મારી પહેલાંનો સૂબો આપની તિજોરીમાં જેટલું ભરણું મોકલતો હતો તેટલું મેં નથી મોકલ્યું. મેં તો લોકોના પૈસા લોકોને માટેજ દવાખાનાંઓ પાછળ, ધર્મશાળાઓ પાછળ, વિહારો પાછળ, શાળાઓ પાછળ અને એવી એવી અનેક બીજી બાબતો પાછળ ખર્ચેલા છે." પાટલીપુત્રનો સૂબો આટલું કહી મહાસમ્રાટને ફરી એક વાર નમન કરી મૌન રહ્યો.

"મારું ઇનામ હું પાટલીપુત્રના સૂબાને આપું છું." અશોકે કહ્યું. "સોનાના ભંડારો મારે નથી જોઇતા. નથી જોઇતો મારે પ્રજાના કરનો વધારો, સરહદના રક્ષણુનેનામે પ્રજાનાં લોહી મારે નથી ચૂસવાં અને નથી તેઓનાં જીવન કચડી નાખવાં. મારે તો મારી પ્રજાના ઉચ્ચ અને સુંદર મનોરથોની સિદ્ધિ, આબાદી તથા ઉન્નતિ જોઇએ છે." ('કર્મભૂમિ' ઉપરથી)

૩૪૧–ગ્રીસની મહારાણીની ઈશ્વર ઉપર અડગ શ્રદ્ધા

યુરોપના મહાભારત યુદ્ધને પરિણામે ગ્રીસના બાદશાહને રાજ્યપાટ છોડવું પડ્યું ત્યારે રશિયાના બળવાખોરોએ તેનાં ઘરબાર લૂંટી લઇ તેનાં સ્વજનોને પણ મારી નાખ્યાં હતાં; પરંતુ એવી ઘોર આપત્તિમાં ગ્રીસની રાણીએ ઘણું ધૈર્ય રાખ્યું હતું. તેના સગા ભાઈ, જમાઈ તથા બીજાં પંદર સગાંઓને શત્રુઓએ પંદર દિવસની અંદર ક્રૂરતાથી મારી નાખ્યાં; એના સ્વામીનું ખૂન કરવામાં આવ્યું; એના પ્રિય પુત્ર રાજા કૉન્સ્ટેન્ટાઇન તથા પૌત્ર રાજા અલેક્ઝાન્ડરનું પણ મૃત્યુ થયું; છતાં એ બધું તેણે શાંતચિત્તે સહન કર્યું અને કોઈ દિવસ પ્રભુનો વાંક કાઢ્યો નથી. લોકો એના દુઃખનું વર્ણન કરતાં એવું કહેતા કે, "એમનાં કર્મ એમને એવું દુઃખ આપે એવાં નહોતાં" ત્યારે એ સહનશીલ રાણી કહેતી કે, "પ્રભુની ઇચ્છાના સંબંધમાં આપણે શંકા ન લાવવી જોઇએ. પ્રભુ જે કાંઇ કરે છે તેમાં કાંઇ સારોજ હેતુ સમાયેલો હોય છે."

૩૪૨–अनाचारमांथी उत्पन्न थती आवक हराम छे

અફીણના પરવાના કાઢવા માટે જ્યારે ચીનના મૂર્તિપૂજક શહેનશાહને અરજ કરવામાં આવી, ત્યારે તેણે કહ્યું કે, "મારી પ્રજાના દુર્ગુણ અને દુઃખમાંથી પૈસા ઊભા કરવાને હું લલચાઇશ નહિ." છતાં ખ્રિસ્તી ઇંગ્લૅંડ અને તેની આશ્રિત ભારતસરકાર તથા તેનાં તાબેદાર અનેક દેશી રાજ્યો પણ દારૂ અને બીજા માદક પદાર્થોના પરવાના આપીને લાખો રૂપિયાની આવક કરે છે! સુધરેલું ગણાતું જાપાન તો વેશ્યાવૃત્તિના અધમ ધંધાના પણ પરવાના આપીને રાજ્યની આવક વધારે છે! કેવી અધમતા!!

३४३–महान भक्त जलालुद्दीन रूमीनुं निरभिमान

એક દિવસ મૌલાના રૂમી બજારમાં થઇને જઈ રહ્યા હતા. આખા દેશમાં એમની વિદ્વત્તા અને પ્રભુપરાયણતા વિખ્યાત હતી. નાનાંમોટાં સૌ એમને જાણતાં અને માન આપતાં. એક વખતે એમને આવતા જોઇને હજારો માણસો એમના હાથ ચૂમવા સારુ દોડયા. એક છોકરો કાંઇ કામમાં ગૂંથાયેલો હતો, તેણે કહ્યું કે, "મૌલાના ! જરા થોભી જાઓ, હું પણ લાભ ઉઠાવીશ." જ્યાંસુધી એ છોકરો સલામ કરવા સારુ ન આવ્યો, ત્યાંસુધી પોતે ત્યાંજ ઊભા રહ્યા. (મૌલાના રૂમી)

३४४–जेवो देश तेवो वेश

શહેનશાહ એડવર્ડ એકવાર પાટવી રાજકુમાર તરીકે પત્ની સહિત ઈજિપ્તની સહેલ કરવા ગયા હતા. ઇજિપ્તના મુસલમાન વાઈસરોયે ગ્રેટબ્રિટનનાં આ ભવિષ્યનાં રાજા–રાણીના આતિથ્યની ઘણી સારી વ્યવસ્થા કરી હતી. પોતાના એ પનોતા પરોણાના માનમાં તેણે શાહજાદી અલેકઝાન્ડ્રાને બાદશાહી જનાનામાં પોતાની માતા સાથે ખાણું લેવાનું નિમંત્રણ કર્યું. શાહજાદી મુસલમાન વાઇસરોયના મહેલમાં પધાર્યાં. ત્યાં જમવાનું દેશી ઢબે હતું. ટેબલ–ખુરશી કે છરી–કાંટા નહોતાં; પરંતુ "મારે તો મારી રોજની ઢબેજ જમવું છે" એવો દુરાગ્રહ ન કરતાં 'દેશ તેવો વેશ' ધારણ કરી ત્યાંના રિવાજ મુજબ સોનાને પાટલે બિરાજી છરીકાંટા વગર હાથ વડેજ ભોજન લઇ અલેકઝાન્ડ્રાએ બધાંને રાજી કર્યાં.

આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં કુમારી શીરીનબાઈ કાબરાજી સુધરેલા ગણાતા પારસીઓનો એક દાખલો આપણી આગળ રજૂ

કરે છે અને સરખામણી કરવા સૂચવે છે. મુંબઇથી કેટલીક પારસી બાનુઓ ગામડામાં સહેલગાહે ગઈ હતી. ત્યાં આગળ એક મિજબાની ગોઠવાઇ. ગામડાના પારસીઓ હિંદુઓની પેઠે સાદાઇથી રહે છે અને ટેબલ-ખુરશીને બદલે ભોંય ઉપરજ પંગત માંડીને જમે છે. પેલી મુંબઇગરી પારસી બાનુઓને તો ભોંય ઉપર બેસીને જમતાં ઘણી સૂગ ચઢી, ઘણાં નખરાં કર્યાં અને ગામડામાં રહેનારાં પરંતુ ખરેખર સુધરેલાં પોતાનાં યજમાનોનાં દિલ પોતાની બેઅદબ વર્તણુકથી દુઃખવ્યાં. ક્યાં એ આજકાલની સુધરેલી પારસી બાનુઓ અને ક્યાં રાજવંશી અલેકઝાન્ડ્રા ? આ બધો પ્રતાપ બાલ્યાવસ્થામાં માતાપિતા તરફથી મળેલા શિક્ષણનો હતો.

૩૪૫–गरीब शिक्षिकाप्रत्ये शाहजादी अलेकझान्ड्रानुं मान

રાજમાતા અલેકઝાન્ડ્રાને બાલ્યાવસ્થામાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાને તેમના પિતાએ મિસ નુડસન નામની એક સ્ત્રીને નોકર રાખી હતી. કુમારી અલેકઝાન્ડ્રાને તે શિક્ષિકા માટે ઘણું માન હતું. પરણીને સાસરે ગયાં ત્યારે પણ એને સાથે લઇ ગયાં હતાં. શરૂઆતથી તે છેવટ સુધી ગુરુ અને શિષ્યા વચ્ચે ઘાડાં બહેનપણાં કાયમ રહ્યાં હતાં. રાજમહેલમાં જેટલું સન્માન એ બાઇને મળતું, તેટલું ભાગ્યેજ બીજા કોઇને મળ્યું હશે. પોતાની એ વહાલી શિક્ષિકા પ્રત્યે રાણી અલેકઝાન્ડ્રાને કેટલું બધું હેત હતું, તેનો ખ્યાલ નીચેના એક રમૂજી પ્રસંગ ઉપરથી આવી શકશે. માર્લબરો મહેલમાં મહારાણીએ એક વાર 'પાર્ટી' આપી હતી. ત્યાં એક ધનવાન અમેરિકન રમણી પુષ્કળ કીમતી પોશાક અને અલંકારમાં સજ્જ થઇને આવી હતી. જાણે પોતાના પતિની અઢ-

ળક દોલતની જીવતી જાહેરખબરજ ન હોય! એની ઇચ્છા એવી હતી કે, મારા ઠાઠથી બધાનું અને ખાસ કરીને અલેકઝાન્ડ્રાનું ધ્યાન મારી તરફ ખેંચાય. એટલામાં એની પાસે ઊભેલી એક અતિ સાદા પોશાકવાળી વૃદ્ધ બાઈએ કાંઈ સવાલ પૂછવાથી પેલી "મોટા ઘરની શેઠાણીએ" લગાર કચવાઇને તુચ્છકારથીજ ટૂંકો જવાબ આપીને પીડા પતાવી. એટલામાંજ તેણે પ્રિન્સેસને પોતાની તરફ આવતાં જોયાં અને પોતે આવી સાધારણ સ્ત્રી જોડે વાતો કરી રહી હતી, એ શાહજાદી જોઈ ગયાં હશે; એ વિચારથી એને શરમ ઊપજી. પ્રિન્સેસ ઑફ વેલ્સ છેક પાસે પધાર્યાં, ત્યારે એ ખુશી થઇ કે, હવે મારી સાથે તેઓ વાર્તાલાપ કરશે; પણ પ્રિન્સેસ તો એની સામે પણ ન જોતાં પેલી ગરીબ વૃદ્ધ ડોશી તરફ પ્રેમથી દોડયાં અને એના હાથ પોતાના સુકુમાર હાથમાં લીધા. પ્રેમથી તેમણે એ સાદી ડોશીના હાથને ચુંબન કર્યું અને પોતાના હાથેજ તેને મિષ્ટાન્ન જમાડી તૃપ્ત કરી. પેલી કરોડપતિ અમેરિકનની સ્ત્રી તો ત્યાંની ત્યાંજ ઊભી રહી. જે ભાગ્યશાળી ડોશીનું પ્રિન્સેસ અલેકઝાન્ડ્રાએ આ પ્રમાણે સન્માન કર્યું, તે એમની બાળપણની શિક્ષિકા મિસ નુડસન હતી.

३४६–बादशाह एडवर्डनी दीन–दुःखीप्रत्ये दया

સમ્રાજ્ઞી અલેકઝાન્ડ્રાના જીવનના કેટલાક ઉચ્ચ પ્રસંગો આપણે જોઈ ગયા. હવે એમના સ્વામી સ્વર્ગસ્થ શહેનશાહ એડવર્ડના જીવનમાંના બોધપ્રદ પ્રસંગોનું અવલોકન કરીશું.

બાદશાહ એડવર્ડે ઈ. સ. ૧૯૦૧થી ૧૯૧૦ સુધી રાજ્ય કર્યું, એ પહેલાં મહારાણી વિકટોરિયાના સમયમાં એ પ્રિન્સ ઑફ વેલ્સ નામથી ઓળખાતા હતા.

એ ઘણા દયાળુ હતા. ઘણી વાર એ વેશ બદલીને ગરીબોમાં ભળતા અને તેમના દુઃખથી જાણીતા થઇ મદદ આપતા.

એક વાર પોતે લંડન શહેરમાં એક સડક ઉપર ફરી રહ્યા હતા. એકાએક એક વૃદ્ધ પુરુષ તરફ એમની નજર ગઇ. એ વૃદ્ધ સડક ઓળંગવાનો પ્રયત્ન કરી રહ્યો હતો, પણ એ વખતે ગાડીઓની આવ-જા ત્યાં ઘણી હોવાથી કચડાઇ જવાની બીકને લીધે તે બહુજ ગભરાઇ રહ્યો હતો. પ્રિન્સ ઑફ વેલ્સ એનો ગભરાટ સમજી ગયા અને દોડતા ઝડપતા એની પાસે પહોંચ્યા તથા પોતાના જીવને જોખમમાં નાખીને એ ભીડમાંથી એ વૃદ્ધનો હાથ ખેંચીને તેને સડકની પેલીપાર મૂકી આવ્યા. એ બિચારા ડોસાને ખબર પણ ન પડી કે, એને સહાયતા આપનાર સદ્‌ગૃહસ્થ તો ભવિષ્યના રાજાધિરાજ થવાના છે.

ગાદીએ આવ્યા પછી પણ ગરીબો અને દુઃખિયારાં મનુષ્યો પ્રત્યે એમને ઘણી દયા હતી. ઇસ્પિતાલોમાં જઇને રોગીઓને ધીરજ આપવાની એમને ટેવ પડી ગઇ હતી. એક વાર એક માંદી છોકરીને એમણે પૂછ્યું કે, “ કેમ ! તારે કાંઇ જોઇએ છે?” એણે ઉત્તર આપ્યો કે, ‘ આપની મારા ઉપર આટલી બધી કૃપા છે તો થોડાંક ફૂલ આપો.”

બાદશાહ પોતાના કોટના બટનવાળા છિદ્રમાં એક ગુલાબનું ફૂલ ખોસી રાખતા હતા. ઇસ્પિતાલમાં જતી વખતે પોતે ઘણુંખરું કેટલાંક સુંદર પુષ્પો સાથે લઈ જતા હતા, પણ એ દિવસે એમની પાસે તે નહિ હોવાથી પોતાના કોટમાંનું ફૂલ તરતજ કાઢીને છોકરીના હાથમાં આપ્યું. ફૂલ મેળવવાથી બીમાર છોકરી ઘણીજ પ્રસન્ન થઇ.

૩૪૭–सम्राट औरंगझेबनी चालता युद्धे ईश्वरोपासना

બાદશાહ ઓરંગઝેબને પોતાના પિતાના રાજ્યઅમલમાં એક વાર મધ્ય એશિયામાં બલ્ખ અને બદખ્શાન નગર ઉપર ચઢાઇ કરવા જવું પડયું હતું. એ વિગ્રહમાં એણે એક એવું કૃત્ય કર્યું, કે જેથી સમગ્ર મુસલમાનજાતિમાં એનું નામ સુપ્રસિદ્ધ થઇ ગયું. એક વાર મોગલસૈન્ય બુખારાના શાહ અબ્દુલ અજીજ અલીના પ્રચંડ લશ્કરની સામે જીવસટોસટ લડતું હતું; એવામાં સાયંકાળની પ્રાર્થનાનો સમય થયો. આ પ્રસંગે પોતાના અમલદારોએના કહેવા છતાં પણ ઓરંગઝેબ ઘોડા ઉપરથી ઊતર્યો અને જમીન પર વાંકા વળી શુદ્ધ હૃદયથી શાંતિપૂર્વક સાંગોપાંગ નમાજ પઢ્યો. આ સમયે ઉભય સૈન્યની દૃષ્ટિ તેના ઉપર ઠરી હતી. આ વાત જ્યારે શત્રુ અબ્દુલ અજીજના જાણવામાં આવી, ત્યારે તે પોકારી ઊઠ્યો કે, "આવા ધર્મપ્રેમી માણસ સાથે લડાઇ કરવી એ પાયમાલીનોજ રસ્તો છે." તેણે તરતજ યુદ્ધ બંધ કરવાની આજ્ઞા આપી.

ઇશ્વરોપાસનાનું ફળ મહાન છે.

૩૪૮–एक अंग्रेज दासीनुं परोपकारार्थे आत्मसमर्पण

ઇ. સ. ૧૮૮૫ના એપ્રિલ માસમાં લંડનના એક ભવ્ય મકાનમાં આગ લાગી. એ ઘરમાં એલિસ એયરીસ નામની એક નોકરડી પોતાના શેઠની ત્રણ બાલિકાઓ સાથે કામ કરી રહી હતી. આગ પૂર્ણ જોસમાં સળગી ઊઠી. એવે પ્રસંગે સામાન્ય કોટિના મનુષ્યોમાં સ્વાર્થવૃત્તિ પ્રબળ થઇ આવે છે અને સૌથી પહેલો

પોતાની જાતને બચાવવાનો વિચાર સૂઝે છે. આગ ભડભડાટ સળગી રહી હતી. એક ક્ષણનો વિલંબ કરવો એ જોખમભરેલું હતું. એલિસે સંકલ્પ કર્યો કે, "જ્યાંસુધી હું ત્રણે બાલિકાઓને સહીસલામત ઉતારું નહિ, ત્યાંસુધી નીચે ઊતરવાનો વિચાર કદી નહિ કરું." એણે સળગતી આગમાંથી એકેએકે ત્રણે બાળકોને ઉતાર્યાં, એટલામાં તો આગની ઝાળ સર્વત્ર વ્યાપી ગઈ. એલિસ પોતાનો પ્રાણ બચાવી શકી નહિ, પણ જીવસાટે શેઠનાં નાનાં બાળકોના પ્રાણ બચાવી તેણે પોતાનું નામ અમર કર્યું. આથી ત્રણ જીવો બચવા ઉપરાંત એના એ ઉન્નત ઉદાહરણથી સંસારને ઘણો લાભ થયો.

३४९-एक देशभक्त वीर बाळकनो आत्मभोग

આજથી સિત્તેરેક વર્ષની વાત છે. ઇટલીના ઉત્તર ભાગ ઉપર ઑસ્ટ્રિયાનો અધિકાર હતો. ઇટલીના એ ભાગમાં લોમ્બાર્ડીનો એક પ્રદેશ હતો. ઑસ્ટ્રિયનોના અત્યાચારોથી દુઃખી થઇને ત્યાંના નિવાસીઓએ બળવો કર્યો અને ફ્રેંચોની સહાયતાથી ઑસ્ટ્રિયાવાસીઓને એક યુદ્ધમાં ખૂબ હરાવ્યા.

એક દિવસ સવારે ઇટાલિયનોના બધા ઘોડેસવારો શત્રુઓની શોધમાં જઈ રહ્યા હતા. રસ્તામાં એક ઘર આવ્યું. એ ઘરના બારણા આગળ એક છોકરો ઊભો હતો. એની ઉંમર આશરે બાર વર્ષની હશે. ઘરમાં રહેનારાંઓ ઑસ્ટ્રિયનોના ભયથી અગાઉથીજ નાસી ગયાં હતાં. એ ઘરની એક બારીમાં ઇટલીનો વાવટો ફરકી રહ્યો હતો. એ છોકરાને એકલો ઊભેલો જોઇને સવારોના ઉપરીએ પોતાનો ઘોડો રોકીને પૂછ્યું કે, "તું અહીંયાં એકલો કેવી રીતે રહી ગયો? ઘરવાળાંઓની સાથે કેમ ન ગયો?"

છોકરો—મારે કોઇ નથી, અનાથ છું. હું લડાઈ જોવાને અહીં રહ્યો છું.

અમલદાર—તેં કોઇ ઑસ્ટ્રિયાવાસીઓને અહીંથી જતા દીઠા છે કે નહિ ?

છોકરો—ત્રણ દિવસથી એક પણ નથી જોયો.

એ અમલદાર ઘોડા ઉપરથી ઊતરી પડ્યો. પોતાની સાથેના સવારોને પણ તેણે ત્યાંજ ઊભા રહેવાની આજ્ઞા આપી. ત્યાર પછી એ ઘરની અંદર દાખલ થયો અને તેની અગાશી ઉપર ચઢીને ચારે તરફ જોવા લાગ્યો. ત્યાર પછી એ નીચે ઊતરી આવ્યો અને દરવાજા ઉપર આવી ઊભો. ત્યાં આવીને તેણે એ છોકરાને પૂછ્યું કે, "તું સારી પેઠે જોઇ શકે છે?"

છોકરો—ઘણી સારી પેઠે, એક માઇલ દૂર ઊડતી ચકલી સુધ્ધાંને હું જોઇ શકું છું.

પોતાની સામેના ઊંચા વૃક્ષને બતાવીને અમલદારે પૂછ્યું કે, "તું આ વૃક્ષ ઉપર ચઢી શકે છે?"

છોકરો—જોતજોતામાં હું એની ટોચે જઇ શકું છું.

અમલદાર—ત્યાં ચઢ્યા પછી તને શત્રુઓની સેના, તોપો વગેરે કાંઇ દેખાય તો એનો વૃત્તાંત તું મને તરત કહી દઇશ?

છોકરો—જરૂર, કહીશ.

અમલદાર—એ પરિશ્રમના બદલામાં તું શું લઇશ?

છોકરો—શું લઇશ? કાંઇજ નહિ. હું પણ લોમ્બાર્ડીનોજ એક રહેવાસી છું.

અમલદાર—બહુ સારી વાત, તું ઉપર ચઢી જા.

છોકરો પોતાના બૂટ કાઢી નાખીને ખિસકોલીની પેઠે જોતજોતામાં ઝાડ ઉપર ચઢી ગયો.

નીચેથી અમલદારે પૂછ્યું કે, “ સીધો સામેની બાજુએ નજર નાખ; કાંઇ દેખાય છે ? ”

છોકરો—સડક ઉપર બે ઘોડેસવાર છે.

અમલદાર—કેટલે દૂર ?

છોકરો—અડધા માઇલ ઉપર.

અમલદાર—શું, તેઓ આ તરફ આવી રહ્યા છે ?

છોકરો—ના.

અમલદાર—ઠીક, જમણી તરફ શું દેખાય છે ?

છોકરો—કબરસ્તાનની પાસેનાં વૃક્ષોમાં કાંઇક ચમકી રહ્યું છે. બંદૂકની સંગીનોની ચમક હોય એમ લાગે છે.

અમલદાર—માણસો પણ દેખાય છે ?

છોકરો—ના, પણ વૃક્ષોની પાછળ ખેતરોમાં માણસો સંતાઇ રહેલા જણાય છે.

એટલામાં એક ગોળી સનસનાટ કરતી આવી અને એ ઘરની પાછળના ભાગમાં પડી. અમલદારે બૂમ પાડી: “ છોકરા ! ઊતરી આવ, દુશ્મનોએ તને જોઇ લીધો છે. મારે હવે કોઈ વાતની જરૂર નથી; તું તો ઊતરી આવ. ”

છોકરો—હું બીતો નથી.

અમલદારે કહ્યું: “ નીચે ઊતરી પડ; કહે જોઇએ ડાબી તરફ શું છે ? ”

છોકરો ડાબી તરફ વાંકો વળીને જોવાની તૈયારીમાંજ હતો, એટલામાં એક બીજી ગોળી આવી ને હવામાં થઇને નીકળી ગઇ.

અમલદારે ઘાંટો પાડીને કહ્યું કે, “ ઊતરી આવ. ”

છોકરાએ કહ્યું: “ હું હમણાં ઊતરી પડીશ, પણ હું વૃક્ષની આડમાં છું. ડાબી તરફની હાલત જાણવી હજુ બાકી છે. ”

અમલદાર—એ બધું ઠીક, પણ તું તો ઊતરી પડ.

ડાબી તરફ વળીને છોકરાએ જોયું અને કહ્યું કે, "ડાબી તરફ એક નાનું સરખું દેવળ હોય એમ લાગે છે, પણ મારા ધારવા પ્રમાણે તો...."

છોકરાનું વાક્ય પૂરું થવા ન પામ્યું, એટલામાં એક ગોળી સનસનાટ કરતી આવી. ક્ષણભરને માટે એ વૃક્ષની શાખાને બાઝી રહ્યો, પણ થોડીકજ વારમાં એ ભોંય ઉપર આવી પડ્યો.

અમલદારના મુખમાંથી ચીસ નીકળી ગઇ. બિચારો છોકરો એની આગળ ચત્તોપાટ પડ્યો હતો. એના ડાબા પડખામાંથી લોહી નીકળી રહ્યું હતું. એ હાલ જોઇને સારજંટ અને બે સવાર પણ ત્યાં આવ્યા. અમલદારે તેના ખમીસનાં બટન ખોલ્યાં. ગોળી ફેફસાંમાં વાગી હતી. તેણે કહ્યું કે, "બિચારો મરી ગયો!" સારજંટે કહ્યું: "ના, હજુ મર્યો નથી."

એટલામાં છોકરાએ આંખ ઉઘાડી. અમલદારની તરફ ઝાંખવા ગયો; એટલામાં એનો જીવ નીકળી ગયો.

એની દશા જોઈને અમલદારને ઘણો શોક થયો. એ ઊભો થયો અને ઘરમાંથી એક વાવટો લઈ આવ્યો. એ વાવટામાં એ છોકરાને લપેટ્યો. એનું મુખ ખુલ્લું રાખ્યું. પછી સારજંટને કહ્યું કે, "આ છોકરો સિપાઇના મોતે મર્યો છે; એટલા માટે એની દફનક્રિયા એક સૈનિકની માફક થશે." એ પોતાની ટુકડી લઇને ત્યાંથી પાછો ફર્યો. ત્યારપછી સાંજે ત્યાં એક સેના આવી પહોંચી.

સેનાએ છોકરાની લાશને તલવારથી સલામી આપી. એકે એકે સૈનિકો એના ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા ચાલ્યા ગયા. એ પ્રમાણે એ વીર બાળકનું યોગ્ય સન્માન થયું. ખરેખર! એ વીર બાળકે પોતાના વહાલા દેશ માટેજ પ્રાણ ન્યોછાવર કરી દીધો હતો.

('બાલસખા' માર્ચ-૧૯૨૫ ઉપરથી)

૩૫૦–અવકાશના સદુપયોગથી મળેલો મહાન વિજય

જનરલ શેરમેન વિદ્યાર્થી અવસ્થામાં એક વાર રજાઓના દિવસોમાં જ્યોર્જિયા પ્રદેશમાં ગયો હતો. તેના બીજા મિત્રો પાનાં રમવામાં અને વાતો કરવામાં સમય ગાળવા લાગ્યા; પણ શેરમેને તો આખો મુલક જોઇ લીધો અને તેનો નકશો કાઢી તે સ્થળનો અભ્યાસ કર્યો. એ વખતે કરી લીધેલા એ અભ્યાસને લીધેજ તેણે મોટપણે એજ સ્થળે મોટી જીત મેળવી હતી.

('જીવનકળા' ઉપરથી)

૩૫૧–સાક્ષર શ્રી ગોવર્ધનરામભાઈનો વિનય

(૧)

એક વખત ગોવર્ધનરામભાઈના કોઇ એક સગાને ત્યાં જમણનો પ્રસંગ હતો. એ પ્રસંગે ગામના એક સરકારી અમલદારને નિમંત્રણ આપ્યું હતું. ગોવર્ધનરામભાઈ તાજા બી. એ. થયા હતા; એટલે ભોજનસમયે તે અમલદારને તેડી લાવવાનું કામ એમને સોંપવામાં આવ્યું. એ વખતમાં ગ્રેજ્યુએટોની સંખ્યા થોડી હોવાથી તેમણે ઘણું માન મળતું; પરંતુ ગોવર્ધનરામભાઈને તે અધિકારી ઓળખતા નહોતા, તેથી તેઓએ ત્યાં જઈ ખબર કરતાં અંદરથી હુકમ થયો કે, " કહો કે ભાઈ પધારે છે અને તેમને બહાર બેસાડો." અર્ધો કલાક પછી અવકાશ મળ્યો, એટલે અધિકારી સાહેબ બહાર આવ્યા અને બધા ઊભા થઇ ગયા. ગાડીમાં ગોવર્ધનરામભાઈને

સામે બેસાડ્યા. પછી ગાડી ચાલી એટલે અમલદારે પૂછ્યું કે, " કાંઈ અંગ્રેજી ભણ્યા-ગણ્યા છો કે ? "

" જી, હા. "

" શાનો અભ્યાસ કરો છો ? "

" જી, મૅટ્રિકમાં પાસ થયો છું. "

" ત્યારે એફ. વાઇ. એ. નો અભ્યાસ કરતા હશો ! "

" જી, તેમાં પણ પાસ થયો છું. "

" ત્યારે તો બી. એ. નો અભ્યાસ કરતા હશો ! "

" જી, હું બી. એ. થયેલો છું. "

આ સાંભળતાંજ અધિકારીનું મોં ઊતરી ગયું અને ક્રમેક્રમે વધતા આશ્ચર્યની પરિસીમા આવી. માફી માગતાં માગતાં અમલદારે કહ્યું કે, " પટાવાળા જ્યાં બેસે છે ત્યાં તમને બેસાડ્યા તેથી માફ કરજો. આવો, મારી સાથે બેસો. " ગોવર્ધનરામભાઇએ શાંત મુખમુદ્રાએ ઉત્તર દીધો કે, " કાંઈ નહિ, એમાં શું ? "

(૨)

મુંબઈમાં એક વાર શ્રીયુત ગોવર્ધનરામભાઈ, તેમના કાકા સાક્ષર શ્રી મનસુખરામભાઇના દીવાનખાનામાં એકલા બેસીને વાંચતા હતા. " મનસુખરામભાઈ છે કે ? " એ પ્રશ્ન સાંભળી ચોપડીમાંથી બહાર જોતાં બારણા આગળ મલિન પંચિયું પહેરેલું, શરીરે ઉઘાડા, મલિન કપડાનો કકડો ખભે નાખેલો, ભગત જેવી ટોપી પહેરેલી ને મૂછોમાં તમાકુ ભરેલી એવા બ્રાહ્મણને જોયો. તેમણે ધાર્યું કે, કોઈ યાચક હશે; પરંતુ ગમે તેવા અજાણ્યા માણસની સાથે પણ નમ્રતાપૂર્વક બોલવાનો મૂળથીજ અભ્યાસ હોવાથી વિનયપૂર્વક પૂછ્યું કે, " કાંઈ કામ છે ? "

" મારે મળવું છે. "

" તમારું નામ શું ? "

'મારું નામ પીતાંબરદાસ.'

આ નામ સાંભળ્યું કે તરતજ ગોવર્ધનરામને થયું કે, 'ઓળખાણ ન હોય તેની સાથે પણ વિનયથી વર્તવાની મારી ટેવને લીધેજ આ વેદાંતશાસ્ત્રના એક પૂજ્ય અભ્યાસીનું મારે હાથે અપમાન થતું અટક્યું.' બ્રહ્મનિષ્ઠ પીતાંબરદાસનું નામ તેમણે સાંભળ્યું હતું, પણ તેમને કોઈ પણ દિવસ જોયા નહોતા. તરતજ માનપૂર્વક તેમને અંદર બેસાડી મનસુખરામભાઇને ખબર આપી. આ ઉપરથી તેઓએ પાકો નિશ્ચય કર્યો કે, આપણે ન ઓળખતા હોઇએ તેની સાથે પણ માનપૂર્વકજ વર્તવું. આવી રીતે વર્તવાથી કોઈ પૂજ્ય પુરુષનો અનાદર કરવામાંથી બચી જવાય છે; એટલુંજ નહિ પણ મનુષ્યમાત્રપ્રતિ સદ્ભાવથી વર્તવું જોઇએ, એ ધર્મ પણ સચવાય છે.

આ પ્રસંગે એથી વિપરીત ગુણનો એક પ્રસંગ અમને યાદ આવે છે.

ઈ. સ. ૧૯૦૨ માં અમદાવાદમાં રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન પહેલી વાર થયું. એ વખતે મદ્રાસમાં રાષ્ટ્રીય પક્ષનાં બે દૈનિક અને એક સાપ્તાહિક એમ ત્રણ પત્રના અધિપતિ શ્રીયુત સુબ્રહ્મણ્ય આયર પધાર્યા હતા. એ કોંગ્રેસના સૌથી જૂના પૂજારીઓમાંના એક હતા અને ઈ. સ. ૧૮૮૫માં ભરાયેલી પ્રથમ કોંગ્રેસનો પહેલો ઠરાવ એમણે રજૂ કર્યો હતો, એમ કહેવાતું હતું; પણ એમનો ચહેરો કાળો અને કદ્રૂપો હતો, તેથી સ્વયંસેવકોએ તેમનું સાધારણ મદ્રાસી સમજીને અપમાન કર્યું હતું અને સર્વત્ર આદરસન્માન પામવાથી ટેવાઈ રહેલા એ સજ્જનને પણ ખોટું લાગ્યું હતું. બહારના દેખાવ ઉપરથી માણસનું અપમાન કરવા માટે એ વખતે એ સ્વયંસેવક-યુવકોને ક્ષોભ થયો હતો.

('સમાલોચક-ગોવર્ધનસ્મારક' અંક ઉપરથી)

૩૫૨–अनाथोनो पिता बननार दुष्यंतराजा

એક દિવસ દુષ્યંતરાજા દરબાર ભરી બેઠા હતા, એવામાં એક પ્રધાને આવીને જણાવ્યું કે, "આપના રાજ્યમાં એક ધનવાન વેપારી મરી ગયો છે. તેને કોઇ વારસ નથી, ફક્ત એની સ્ત્રી સગર્ભા છે; માટે એની બધી મિલકત રાજ્યમાં જપ્ત કરી લેવી જોઇએ."

રાજા દુષ્યંતે પૂછ્યું કે, "શા માટે? એની સ્ત્રીના ગર્ભમાંના બાળકનું શું થશે?"

"શ્રીમાન! તેને વારસો મળી શકશે નહિ; કેમકે જન્મ વખતે એનો પિતા જીવતો નહિ હોય."

"પ્રધાનજી! તમારો કાયદો અન્યાયી છે. મારા જીવવા છતાં કોઇ પણ બાળક નબાપું ગણાય? જાઓ, આખા રાજ્યમાં આજ ને આજ ઢંઢેરો પિટાવો કે, ગર્ભમાંનાં બધાં બાળકોનો પિતા રાજા છે; એટલે પિતાના મૃત્યુ પછી જન્મ પામનાર દરેક માણસ અનાથ નહિ રહે અને એને એના પિતાનો વારસો મળશે." રાજાનો આ એક અગત્યનો ધર્મ છે.

૩૫૩–एकज प्रकारना अपराधीओने जुदी जुदी सजा

એક વખત રાજા વિક્રમાદિત્યના રાજ્યમાં ચાર માણસોને એકજ પ્રકારના અપરાધ સારુ પકડવામાં આવ્યા. તેમને એકસરખી સજા ન કરતાં રાજાએ ચારેને જુદા જુદા પ્રકારની સજા ફરમાવી. એકને એકાંતમાં બોલાવીને કહ્યું કે, "જાઓ, ફરીથી આવું કામ કદી ન કરશો." એટલું કહીને એને છોડી મૂક્યો.

બીજાને બોલાવીને ખૂબ તિરસ્કાર કર્યો અને બે–ચાર ગાળો દઇને કાઢી મૂક્યો. ત્રીજાને ગાળો દીધી તથા જોડા મારીને બહાર કાઢ્યો; પરંતુ ચોથાને કાળું મોં કરીને ગધેડા ઉપર બેસાડી, નગરની ચારે તરફ ફેરવવાનું શરૂ કર્યું. આ ન્યાય જોઇને રાજાના અમલદારો ઘણું આશ્ચર્ય પામ્યા કે, આ તે કેવો ઇન્સાફ! આખરે એમણે રાજાને પોતાની શંકા જણાવી. ચતુર રાજાએ કહ્યું કે, "તમે એમની પરીક્ષા કરી જુઓ, એટલે મારો હેતુ આપોઆપ સમજાશે." અમલદારો તપાસ કરવા લાગ્યા. જે અપરાધીને રાજાએ કહ્યું હતું કે, "આવું કામ ફરીથી ન કરશો." તે શરમનો માર્યો ઝેર ખાઇને મરી ગયો. જેને ગાળો દીધી હતી, તે નગર છોડીને બીજે ક્યાંક જઈ વસ્યો. જેને જોડા મરાવ્યા હતા, તે શરમાઇને ક્યાંક સંતાઇ રહ્યો; પરંતુ જેને ગધેડે ચઢાવીને આખા ગામમાં ફેરવ્યો હતો, તે નિર્લજ્જ શિરોમણિ નગરપરિક્રમા કરતો જ્યારે પોતાના ઘર આગળ આવ્યો, ત્યારે મૂછો ઉપર તાલ દેતો પોતાની સ્ત્રીને બોલાવીને કહેવા લાગ્યો કે "રાંડ! થોડું પાણી તો પા." સ્ત્રીએ ઉત્તર દીધો કે, "નફ્ટ! જમીને જાને! રસોઈ તૈયાર છે." એ સાંભળી પેલો નફ્ટ અપરાધી બોલી ઊઠ્યો કે, "હજુ થોડું શહેર ફરવાનું બાકી છે. ફરી આવીને ભોજન કરીશ. ગરમ પાણી પણ તૈયાર રાખજે. મોઢાની સૂરત પણ ઠીક કરવી છે." આ પ્રમાણે ચારે અપરાધીઓની પરીક્ષા કર્યાથી અમલદારોને રાજા વિક્રમાદિત્યની બુદ્ધિની ખાતરી થઇ અને તેઓ એનાં વખાણ કરતા ઘેર ગયા.

('દૃષ્ટાંતસમુચ્ચય' માંથી)

३५४–साधुनुं जूठुं अनुकरण

લાહોરમાં એક મહાત્મા થઇ ગયા છે. તેમનું નામ લાલ માધવ અથવા માધવલાલ હતું. એ નાનાં અને સુંદર બાળકોને

ખોળામાં લઇને રમાડ્યા કરતા હતા. એમના એ સ્વભાવથી બાળકોનાં માતાપિતા બહુજ પ્રસન્ન થતાં અને તેમની સેવા–પૂજા સારી પેઠે કરતાં. કોઈ એક મુસલમાન ફકીર એમની સાથે રહેવા લાગ્યો. એનું હૃદય મલિન હતું. એને તો એમજ લાગ્યું હતું કે, પેટ ભરવાનો આ સહેલો ઉપાય છે. તેથી જે કામ ભક્ત લાલ માધવ કરતા, તેજ કામ પેલો ફકીર કરવા લાગ્યો. થોડા દિવસમાં એની પણ પ્રતિષ્ઠા વધી પડી. એ તો માનનોજ ભૂખ્યો હતો અને તે મળી ગયું. પંજાબમાં ફકીરોનો આદરસત્કાર બહુ થાય છે; એટલે એને માનની ખોટ પડી નહિ. લાલ માધવ તો ખરા સાધુ હતા. તેઓ એ લુચ્ચા ફકીરને સારી રીતે ઓળખતા હતા. એની વર્તણૂક જોઇને એ મનમાં ને મનમાં હસ્યા. એક દિવસ પોતે ક્યાંક જઇ રહ્યા હતા, ત્યારે રસ્તામાં એક સાપ પડ્યો હતો. તેને પણ ઊંચકીને ભક્તરાજ તો રમાડવા લાગ્યા. પછી એ સાપને તેમણે મુસલમાન ફકીરની આગળ રમાડવા સારુ મૂક્યો. એ તો બીને દૂર નાસી ગયો. એ દિવસથી એણે સાધુનું અનુકરણ કરવું છોડી દીધું અને એનું પોગળ પણ ખુલ્લું પડી ગયું.

૩૫૫–हुमायुए मददगारनी करेली कदर

બાબરના મરણ પછી યુવરાજ હુમાયુ દિલ્હીનો બાદશાહ બન્યો હતો. એ પણ ઘણો સારો બાદશાહ હતો; પણ એને દુશ્મનો ઘણા હતા અને તેમણે એને બહુજ સતાવ્યો હતો. હુમાયુનો સગો ભાઈ પણ એના ઉપર દાઝે બળતો હતો અને એનું રાજ્ય પડાવી લેવાની યુક્તિ શોધી રહ્યો હતો. બંગાળામાં શેરખાં નામનો એક સૂબેદાર હતો. એણે તો હુમાયુને બહુજ ગભરાવી નાખ્યો હતો. એનો વિચાર દિલ્હીના બાદશાહ બની જવાનો હતો. હુમાયુ એને દબાવી

દેવા સારુ એક મોટી ફોજ લઈને બંગાળા ગયો; ખૂબ લડાઈ થઈ અને શેરખાં હારીને નાસી ગયો.

લડાઈ પૂરી થતાંથતાંમાં વરસાદ આવ્યો. ગંગાનદીમાં પાણી-જ પાણી દેખાવા લાગ્યું. હુમાયુ દિલ્હી તરફ પાછો ફર્યો. એક દિવસ હુમાયુએ ગંગાકિનારે તંબૂ નાખ્યા હતા. સિપાઇઓ આખા દિવસના થાકયા હતા; એટલે રાત પડતાંજ હથિયાર ઉતારીને સૂઇ ગયા. પણ રાતના ત્રણ વાગતાંજ શેરશાહે એકદમ પોતાની ફોજ સહિત હુમલો કર્યો. આથી હુમાયુના ઘણા સિપાઇઓ કપાઇ ગયા.

હવે હુમાયુને નાસી જવાનો માર્ગ ન મળ્યો. લાચાર થઇને એણે ગંગામાં ઘોડાને ઉતાર્યો. એ વખતે ગંગામાં પુષ્કળ પૂર આવેલું હોવાથી તરીને પાર જવાનું કામ ઘણું વસમું હતું. હુમાયુનો ઘોડો નદીમાં ડૂબવા લાગ્યો અને એવું જણાયું કે, હુમાયુ હવે બચશે નહિ; પરંતુ રામ રાખે તેને કોણ ચાખે ? હજુ ઈશ્વર, હુમાયુને બચાવવા માગતો હતો. અણધારી મદદ આવી પહોંચી. એક ભિસ્તીએ એને જોયો. ભિસ્તી મશક ફુલાવીને એની મદદથી નદીમાં તરી રહ્યો હતો. એણે હુમાયુને પણ એજ મશક પકડીને તરવાનું કહ્યું. હુમાયુએ તેની સૂચનાનો અમલ કર્યો અને બન્ને પાર ઊતર્યા.

હુમાયુએ ભિસ્તીનો ઘણો ઉપકાર માન્યો અને તેને કહ્યું કે "હું દિલ્હી પહોંચ્યા પછી તને બે કલાકને સારુ બાદશાહ બનાવી દઇશ."

દિલ્હી પહોંચ્યા પછી હુમાયુએ પોતાનો વાયદો પૂરો કર્યો. તેણે ભિસ્તીને રાજગાદી ઉપર બેસાડીને બાદશાહ બનાવ્યો. હવે તો ભિસ્તીની ખુશાલીનો પાર રહ્યો નહિ. તેણે વિચાર કર્યો કે, "આ બે કલાકના રાજ્યમાં કોઇ એવું કામ કરવું જોઇએ કે જેથી આખી દુનિયા જાણે કે, એકવાર ભિસ્તી પણ બાદશાહ બન્યો હતો." એણે પોતાની મશકના ગોળ ગોળ કકડા કપાવ્યા અને તેની ઉપર

પોતાનું નામ કોતરાવીને વચમાં સોનાની ખીલીઓ ઠોકાવી ચામડાનો સિક્કો ચલાવ્યો. પછી પોતાનાં સગાંવહાલાંઓને બોલાવીને તેમને એટલું ધન તથા ઇનામ આપ્યાં કે, એમનું દળદર જતું રહ્યું.

જે બીજાનું ભલું કરે છે, તેને ઈશ્વર જરૂર સુખ આપે છે.

૩૫૬—हेमुनी कर्तव्यपरायणता

મહાન મોગલ બાદશાહ અકબરના સમયમાં જે હિંદુઓ પ્રતિષ્ઠાને પામ્યા હતા, તેમાંનો એક હેમુ હતો. એ ઢુસરજાતિનો વાણિયો હતો. (હાલમાં એ જાતિ પોતાને ભાર્ગવ બ્રાહ્મણના નામથી ઓળખાવે છે.) જે વખતે દિલ્હીમાં આદિલશાહ રાજ્ય કરતો હતો, તે સમયે હેમુએ બિયાનાના રાજાને હરાવી મોટો વિજય મેળવ્યો હતો. એ વિજયથી પ્રસન્ન થઇને આદિલશાહે ભર્યા દરબારમાં એને કસબી ઝભ્ભો અર્પણ કરવા માંડ્યો, ત્યારે તેણે વિનયપૂર્વક તે સરપાવ લેવાની ના પાડી અને કહ્યું કે, "નામદાર ! આપના લશ્કરની બહાદુરીથી હું લડાઇમાં વિજય પામ્યો છું. આપ એમને ઇનામ આપો. હું તો ફક્ત આપનો એક નોકરમાત્ર છું."

એ પછી પણ હેમુએ દિલ્હીના બાદશાહોની ઘણી સેવા કરી હતી. એટલે સુધી કે પોતાની તબિયત સારી ન હોવાને લીધે ઘોડા કે હાથી ઉપર બેસવાને અશક્ત હોય ત્યારે, પાલખીમાં બેસીને પણ તે મેદાનમાં જતો અને પછી હાથી ઉપર અંબાડીમાં બેસી પોતાની વ્યવહારકુશળતા તથા રણશાસ્ત્રના અનુભવવડે જીત મેળવતો.

એવા સ્વામીભક્ત સરદારનો વધ બેરામખાં નામના સેનાપતિએ કેવળ ધર્મદ્વેષને લીધે કર્યો હતો.

३५७–बादशाह अकबरनुं शाणपण

એક વાર અકબર બાદશાહ પોતાના અમીર–ઉમરાવો સાથે સવારી કાઢીને દિલ્હીમાં નીકળી રહ્યો હતો; એટલામાં એક શત્રુએ તેના ઉપર તીર ફેંકયું, જે તેના ખભામાં વાગ્યું. લોકોએ તરત તે દુષ્ટને પકડયો અને ચોતરફથી પોકાર થવા લાગ્યા કે, "એને મારી નાખતા પહેલાં કબૂલ કરાવો કે કોની શિખવણીથી એણે એ કૃત્ય કર્યું છે." એક સાધારણ માણસને બાદશાહનો જીવ લેવામાં કાંઇ લાભ સમાયલોજ ન હોય. જરૂર કોઇ મોટું કાવતરું રચાયું હશે અને કોઈની ખાતરજ તેણે આ કામ કર્યું હશે. શાણા બાદશાહ અકબરે હુકમ આપ્યો કે, "ના, એ વળી કોઇ નિર્દોષને ફસાવી મારશે! મારે એ પ્રપંચ વિષે જાણવું નથી." લોકોએ તરતજ અપરાધીને ત્યાં ને ત્યાંજ ચીરી નાખ્યો. પછી દરબારનો હકીમ આવી પહોંચ્યો અને તેણે શહેનશાહના ખભામાંથી તીર કાઢી પાટો બાંધ્યો.

३५८–एक रजपूत जुवाननुं बख्तर

બાદશાહ અકબર, રાજ્યના મોટા હોદ્દાઓ હિંદુ અને મુસલમાનને સમાનપણે આપતો હતો અને તેમને સાથે લઇને શત્રુઓ સાથે લડાઈ કરવા જતો. એક વાર એક યુદ્ધમાં તેણે જોયું કે, એક નાની વયનો રજપૂત છોકરો એક ભારે બખ્તર તળે દબાઈ જતો હતો. શહેનશાહે તેનું બખ્તર કઢાવી બીજું તેને લાયકનું હલકું બખ્તર પહેરવા આપ્યું; પણ તે છોકરાએ કાઢી નાખેલું બખ્તર બાદશાહે એક બીજા રજપૂતને આપ્યું, એટલે પેલો છોકરો ચિડાયો; કેમકે એ બેની વચ્ચે શત્રુતા હતી. "શું મારું બખ્તર

એ પહેરીને અભડાવે કે? નારે, હું વિના બખ્તરે લડાઈમાં જઇશ." એમ કહી એણે શરીર ઉપરથી બખ્તર કાઢીને ફેંકી દીધું. આ શબ્દો સાંભળીને બાદશાહે પોતાનું બખ્તર પણ કાઢી નાખ્યું અને કહ્યું કે, "મારા શૂરવીરો બચાવના સાધન વગર રણક્ષેત્રમાં ઊતરે તો હું શા માટે તે પ્રમાણે ન ઊતરું? મારે બખ્તર શા માટે જોઇએ?"

૩૫૧–વિશાખાનું કથન–મિગાર શેઠ તો વાસી અન્ન ખાય છે

પ્રાચીન કાળમાં શ્રાવસ્તિ નગરીથી સાત યોજન ઉપર સાંકેત નામના નગરમાં ધનંજય નામનો એક અતિશય ધનવાન અને બુદ્ધિશાળી પુરુષ રહેતો હતો. તેને વિશાખા નામની એક બહુજ સુંદર કન્યા હતી. તેનું લગ્ન શ્રાવસ્તિના શેઠ મિગારના પુત્ર પૂર્ણ-વર્ધન સાથે થયું હતું.

એને સાસરે વળાવી, ત્યારે ધનંજય શેઠે જ્ઞાતિમાંના આઠ કુળવાન ગૃહસ્થોને બોલાવીને વેવાઇની સમક્ષ કહ્યું હતું કે, "જો મારી પુત્રીનો કોઇ દોષ જણાય તો તમારે તેની બરોબર ખાતરી-પૂર્વક તપાસ કરીને મને ખબર આપવી."

વિશાખા બૌદ્ધધર્મને માનતી હતી અને તેનો સસરો નિગ્રંથ-શ્રમણો (નાગા સાધુ)ને માનતો હતો.

એક દિવસ મિગાર શેઠ ભોજન કરી રહ્યા હતા, સેવાપરાયણ પુત્રવધૂ વિશાખા પંખાથી પવન નાખતી એક બાજુ ઊભી હતી; એવામાં બારણે એક બૌદ્ધ ભિક્ષુ આવ્યો; પણ મિગાર તેના પ્રત્યે જરા પણ ધ્યાન ન આપતાં ભોજનમાંજ નિમગ્ન રહ્યો. એ જોઇને વિશાખાએ તે ભિક્ષુને કહ્યું કે, "આર્ય! મારા સસરાજી વાસી

અન્ન ખાય છે, તમે ત્યાં ઊભા ન રહેતાં આગળ વધો."

આ શબ્દો સાંભળતાં મિગાર શેઠના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે વિશાખાને એકદમ કાઢી મૂકવાનો નોકરોને હુકમ આપ્યો; પરંતુ વિશાખાનું તેજ એવું હતું કે એને હાથ લગાડવાની મગદૂર કોઇની નહોતી. એણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે, "વગર વાંકે મારા ઉપર ક્રોધ કરવો એ વાજબી નથી. મારો વાંક જણાતો હોય તો મારા પિતાજીએ નીમેલા આઠ પ્રતિષ્ઠિત માણસોને બોલાવી ન્યાય કરાવો."

આઠ સદ્‌ગૃહસ્થોને તરતજ બોલાવવામાં આવ્યા. તેમણે વિશાખાને પૂછ્યું કે, "કેમ બહેન! તારા સસરા વાસી અન્ન ખાય છે એમ તેં કેમ કહ્યું?"

વિશાખાએ કહ્યું કે, "મારા સસરાજી જૂના પુણ્ય ઉપર નિર્વાહ કરે છે અને નવીન પુણ્ય સંપાદન કરતા નથી, એજ મારા કહેવાનું તાત્પર્ય હતું."

પેલા ગૃહસ્થોએ કહ્યું કે, "વિશાખાનું કહેવું ઘણું ડહાપણભરેલું છે; માટે તેને ઘરમાંથી કાઢી મૂકવી જોઇએ નહિ."

('બુદ્ધલીલાસારસંગ્રહ'માંથી)

૩૬૦–મૈત્રેયીનો બ્રહ્મજ્ઞાનને ખાતર ધનવૈભવનો પરિત્યાગ

મૈત્રેયી એક પરમ વિદુષી સ્ત્રી હતી. મહર્ષિ યાજ્ઞવલ્ક્ય સાથે તેનું લગ્ન થયું હતું. એની શોક્યનું નામ કાત્યાયની હતું.

પ્રાચીનકાળમાં બ્રાહ્મણો ગૃહસ્થાશ્રમનું સુખ ભોગવ્યા પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરતા અને તે પછી સંન્યાસ લઇને બ્રહ્મનું ચિંતન કરતા.

મહર્ષિ યાજ્ઞવલ્કયે જ્યારે વનમાં જવાનો સંકલ્પ કર્યો, ત્યારે બંને પત્નીઓને પાસે બોલાવીને કહ્યું કે, "મેં તમારી સાથે ગૃહસ્થાશ્રમનું સુખ પૂરતા સમય સુધી ભોગવ્યું છે. હવે હું ઘરબાર તજીને વાનપ્રસ્થ થવા માગું છું. મારી જે માલમિલકત છે, તે ભવિષ્યમાં તમારા બંનેમાં કોઈ પ્રકારનો વાંધો–ઝઘડો ન પડે એટલા સારુ મારી રૂબરૂજ સરખે ભાગે વહેંચી લો, એવી મારી ઇચ્છા છે." સ્વામીનો એવો વિચાર જાણીને મૈત્રેયીએ કહ્યું કે, "પ્રભુ! આપે આ સંપત્તિની વહેંચણીની વાત કરી, પણ હું એને લઈને શું કરીશ? આ તો ઘણું સાધારણ ધન છે; પરંતુ જો આખી પૃથ્વીનું રાજ્ય પણ મને મળે તો તેથી લાભ શો? એથી શું હું અમરપદને પામીશ?" મૈત્રેયીના આ પ્રશ્નનો ઉલ્લેખ કરીને ઉપનિષદ્ અમર થઇ ગયું છે. યાજ્ઞવલ્કયમુનિ પણ પત્નીના આ પ્રશ્નથી મનમાં ઘણાજ પ્રસન્ન થયા અને બોલ્યા કે, "ના, અમરત્વ તો એથી મેળવાશે નહિ. એથી તો તું અનેક પ્રકારના પદાર્થ વસાવી શકીશ, તને કોઈ જાતની અગવડ કે તંગી નહિ રહે. ધનથી સંપત્તિવાન મનુષ્યો જેવા પ્રકારનું સુખ ભોગવે છે અને સ્વતંત્રતાપૂર્વક જેવું જીવન ગાળી શકે છે, તેવુંજ સુખ ભોગવી તું પણ સ્વતંત્ર જીવન ગાળી શકીશ; પરંતુ તેં અમરત્વ પ્રાપ્ત કરવાની જે વાત કહી તે તો પૈસા–ટકા અને વૈભવથી કદાપિ પ્રાપ્ત નહિ થઈ શકે." સ્વામીનો આ યોગ્ય ઉત્તર સાંભળીને અત્યંત ખિન્ન થઈ જઇને મૈત્રેયી કહેવા લાગી કે, "નાથ! તો આ ધન, સંપત્તિ અને વિષયભોગને લઈને હું શું કરું? જે ધન અને સંપત્તિ મને અમરત્વ ન અપાવી શકે, જેને લીધે હું અમરત્વ મેળવવાને યોગ્ય ન રહું, એવા વિપરીત સાધનને લઇને હું શું કરું? સ્વામીનાથ! આપે જે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે બ્રહ્મજ્ઞાનરૂપી અમૂલ્ય ધનને આપે આપની સંપત્તિ બનાવી છે, તેજ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ

આપી મને કૃતાર્થ કરો. આપના સંગનો લાભ હવે મને મળશે નહિ. આપનો વિચાર વાનપ્રસ્થજ ગ્રહણ કરવાનો છે, તો તેમાં હું અંતરાયરૂપ થવા નથી માગતી. આપ બધી મિલકત મારાં મોટાં બહેન કાત્યાયનીનેજ આપી દો. અમરત્વ મેળવવાના ઉપાયરૂપ જે બ્રહ્મજ્ઞાનના આપ અધિપતિ છો, તે બ્રહ્મજ્ઞાન મને આપીને મારો મનુષ્યજન્મ સફળ કરો."

પત્નીના આ ત્યાગથી મહર્ષિનું ચિત્ત ઘણું પ્રફુલ્લ થયું. ઘણાજ આહ્લાદપૂર્વક એ બોલ્યા કે, "મૈત્રેયિ! તું સદા મને વહાલી હતી અને આજના તારા આ શબ્દોથી હું સંતુષ્ટ થયો છું. હવે તું મને અત્યંત પ્રિય થઈ પડી છે. આવ, મારી પાસે બેસ. હું તને અમરત્વ પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપું."

યાજ્ઞવલ્કયે પત્નીને જે ઉપદેશ આપ્યો, તેથી મૈત્રેયીનો જન્મમરણનો ફેરો ટળી ગયો. બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ ખાતર સંસારનાં બધાં સુખોને લાત મારવાથી એનું નામ અમર થઈ ગયું. આજ હજારો વર્ષ થવા છતાં પણ આપણે એનો યશ ગાઇ રહ્યા છીએ, એજ એનું અમરપણું નહિ તો બીજું શું? આ અસાર દુનિયાને છોડી જવા છતાં પણ દુનિયામાં જેનો યશ સદા ગવાય છે તેજ ખરેખર જીવે છે; બાકી બધાનું જીવન નિષ્ફળ છે.

३६१–शंकराचार्य अने तेमनुं अनुकरण करनारा शिष्यो

એક દિવસ આદ્ય શંકરાચાર્ય મહારાજ પોતાના શિષ્યો સહિત જઇ રહ્યા હતા, એવામાં પોતાના શિષ્યોના સદાચારની પરીક્ષા કરવાની ઇચ્છા એમને થઇ આવી. એ ઉદ્દેશથી પોતે રસ્તામાંની એક તાડીની દુકાનમાં ગયા અને થોડીક તાડી પીધી. એ-

મનું જોઇને બધા શિષ્યોએ પણ એવુંજ કર્યું. શંકરાચાર્ય કાંઇ પણ બોલ્યા નહિ. બધા તાડીની દુકાનમાંથી નીકળીને આગળ ચાલ્યા, એટલામાં એક જસત ગાળનારાની દુકાન આવી. શંકરાચાર્ય એ દુકાનમાં ગયા અને ઊકળતું જસત પી ગયા. એ જોઇને શિષ્યો તો આભા બની ગયા! શંકરાચાર્યે પૂછ્યું કે, "કેમ, તાડી પીધી તેવીજ રીતે થોડુંક આ ઊકળતું જસત પણ પી લો ને!" શિષ્યોએ ઉત્તર આપ્યો કે, "મહારાજ! અમારામાં તમારા જેવી દિવ્ય શક્તિ નથી." મહાન આચાર્યે કહ્યું કે, "મારી શંકા ખરી પડી. તમે લોકો મારા દોષોનું અનુકરણ કરો છો, પણ મારા સદ્ગુણોનું અનુકરણ નથી કરતા."

૩૬૨–થિયોડર પાર્કરને જીવદયા માટે થયેલી પ્રેરણા

ભારતવર્ષમાં અહિંસાનો ઉપદેશ હજારો વર્ષથી થતો આવેલો હોવાથી આપણાં બાળકો પણ પ્રાણીઓ ઉપર જુલમ કરતાં સંકોચાય છે; જ્યારે યુરોપમાં તો અનેક બાળકો રમતમાં પણ પ્રાણીઓને દુઃખ દેવામાં આનંદ માને છે!

થિયોડર પાર્કરે બાલ્યાવસ્થામાં એક દિવસ એક કાચબાને ધીમે ધીમે પેટ ઘસીને ચાલતો જોયો. તેમણે તરતજ રસ્તામાંથી એક પથરો ઉપાડી લીધો અને કાચબા તરફ ફેંકવાની તૈયારીમાંજ હતા, એટલામાં કાંઇક વિચાર આવતાં અટકી ગયા.

તેમણે વિચાર કર્યો કે, "આ બિચારું નાનુંસરખું જાનવર પેટ ઘસીને મહામહેનતે જઇ રહ્યું છે, મારે એને ઈજા પહોંચાડવી ન જોઈએ." તેમણે પથ્થરને ફેંકી દીધો અને સીધા ઘેર ગયા.

ઘેર જઇને માને વાત કહી અને પૂછ્યું કે, "મારા મનમાં એમજ આવ્યું કે, મારે એ બિચારા કાચબાને મારવો નહિ. મારા

હાથમાંથી એ પથરો કોણે ફેંકી દેવરાવ્યો, મા?"

"ભાઈ! એ તો તારું અંતઃકરણ હતું."

અંતઃકરણદ્વારા પ્રભુની અંતરપ્રેરણા મનુષ્યને ખરા-ખોટાની સૂચના આપે છે. એમ માનીને ખરાબ માર્ગથી દૂર રહેનાર માણસ જરૂર સુખી થાય છે. થિયોડર પાર્કર પાછળથી ઘણા મોટા પરોપકારી નીવડ્યા હતા.

૩૬૩–अपशब्दोना उच्चारप्रत्ये गोवर्धनरामभाईनो तिरस्कार

છોકરાઓ રમત કરતાં વાતચીતમાં એકબીજા પ્રત્યે અસભ્ય વર્તણૂક ચલાવે અને અપશબ્દો વાપરે તે, એ સ્વર્ગસ્થ ગુર્જરસાક્ષર ગોવર્ધનરામભાઈ પસંદ કરતા નહિ. એક વાર એમની પોળમાં રમતા એક છોકરાએ ગુસ્સાના આવેશમાં બીજા છોકરાને સાલો કહ્યો. ગોવર્ધનરામભાઈએ તેને બોલાવીને કહ્યું કે, "જો ભાઈ! આપણાથી આવા અપશબ્દો ન વપરાય. ગુસ્સોજ આવ્યો હતો તો સાલાને બદલે વહાલા કહેવું હતું."

વાત સાચી છે, અપશબ્દોનો ઉપયોગ કેવળ કેળવણીની ખામીજ સૂચવે છે.

૩૬૪–प्रेसिडेन्ट विल्सननो पुरुषार्थ

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના પ્રમુખ વિલ્સન ઘણીજ ગરીબીમાં ઊછર્યા હતા. એ પોતે લખે છે કે, "મારા પારણાને અને દરિદ્રતાને છેટું નહોતું." કેટલીક વખત એમને ભોજન વગર પણ રહેવું પડતું. દશ વર્ષની વયે એ ઘર છોડી બહાર નીકળ્યા. અભિ-

ચાર વર્ષ સુધી ઉમેદવાર તરીકે કામ કર્યું અને તે દરમિયાન દર વર્ષે એક મહિનો શિક્ષણ લીધું. અગિયાર વર્ષની સખ્ત મહેનત પછી બળદની બે જોડ અને છ ઘેટાં એમને મળ્યાં. તેના એમને ચોરાશી ડૉલર ઊપજ્યા, પણ તેમાંનો એક પણ ડૉલર મોજશોખ કે આનંદની પાછળ ખર્ચ્યો નહિ. જન્મથી માંડીને એકવીસ વર્ષ સુધી પાઇએ પાઇનો હિસાબ ગણતા અને માઇલના માઇલ ચાલીને મહેનતનું કામ મેળવતા. એકવીસ વર્ષના થયા પછી થોડા માસ સુધી જંગલમાં જઇ બળદની જોડ હાંકતા અને લાકડાના વેઢા ચીરતા. દિવસ ઊગતાં પહેલાં ઊઠતા અને સાંજે અંધારું થયા પછી પણ સખ્ત મહેનત કરતા અને આખા મહિનાના આવા કામ માટે એમને છ ડૉલર જેટલી રકમ મળતી, પણ એ દરેક ડૉલર એમને મનથી સોનાની પાટ જેવો કીમતી હતો.

સ્વસુધારણા માટેની આગળ વધવાની એક પણ તક નહિ ખોવાનો મિસ્ટર વિલ્સને નિશ્ચય કર્યો હતો. અવકાશના વખતની કિંમત તેમના જેટલી કોઈકજ જાણતું હશે. આ સમય સોનામહોર જેવો છે, એમ ગણી તેને તે પકડી લેતા અને તેમાંથી જે કાંઈ મળી શકે તે મેળવ્યા વગર તેને પસાર થવા દેતા નહિ. એકવીસ વર્ષ થતાં પહેલાં તેમણે એક હજાર સારાં પુસ્તકો વાંચ્યાં હતાં. ખેતીનું કામ કરતા છોકરાઓ માટે આ કેવું અનુકરણીય દૃષ્ટાંત છે! ખેતીનો ધંધો છોડી સો માઇલ કરતાં પણ વધારે દૂર મોચીનો ધંધો શીખવા તે મસાચ્યુસેટ્સમાંના ટિક નામના ગામમાં ગયા. તેમને ભાષણ આપતાં સારું આવડતું હતું, એટલે એક વર્ષમાં તો તેઓ એ ગામની 'ડિબેટિંગ કલબ'ના આગેવાન થયા. આઠ વર્ષ પૂરાં ન થયાં, એટલામાં તો એમણે મસાચ્યુસેટ્સની ધારાસભામાં ગુલામી વિરુદ્ધ ભાષણ કર્યું. બાર વર્ષ પછી તે કૉંગ્રેસમાં કામ કરવા લાગ્યા. તેમને મનથી દરેક પ્રસંગ તે મહાન પ્રસંગ હતો. પોતા-

ની જિંદગીના દરેક સંયોગને તે ફતેહના સાધનરૂપ બનાવતા.

કૉંગ્રેસમાં જનસમાજની સારી સેવા બજાવી વિશ્વાસ સંપાદન કર્યાથી લોકોએ તેમને પ્રેસિડેન્ટ નીમ્યા. રાજનીતિને તેમને અનુભવ બહુ વધેલો હતો. ભિન્ન ભિન્ન રાજ્યોમાં શાંતિ પ્રસરે એવો તેમનો અભિલાષ હતો અને એ માટે તેમણે ઘણો પ્રયત્ન કર્યો હતો.

३६५-अकबरनुं साहस अने बहादुरी

એક દિવસ જયપુરના રાજા બિહારીમલ બાદશાહ અકબરને મળવા સારુ ગયા. મહેલની પાસે પહોંચતાં જોયું કે, ચારે તરફ ગડબડ મચી રહી છે. ઘોડાએ ખીલા ઉખેડીને નાસભાગ કરી રહ્યા છે. આ ગડબડનું કારણ શું છે, તે જાણવા બિહારીમલ આગળ વધ્યા, તો જણાયું કે, એક ખૂબસૂરત જુવાન પુરુષ એક કદાવર હાથીની ગરદન ઉપર બેસીને હાથીને અંકુશ વડે મારી રહ્યો છે. હાથી ગાંડો થઇને લોકોના ઉપર હુમલો કરતો પહાડ જેવો આમતેમ દોડી રહ્યો છે. એના ભયથી બધા લોકોનાં મોં લેવાઈ ગયાં છે, પણ પેલો જુવાન તો ટટારજ બેઠો છે અને એ ગાંડા તથા ભયાનક હાથીને મારી-ઠોકીને પોતાના વશમાં લાવવાનો ઉપાય કરી રહ્યો છે. હાથી પણ આખરે માર ખાતાં થાકી ગયો અને લાચાર થઇને સીધો ચાલવા લાગ્યો. એટલો મોટો હાથી બકરીની પેઠે એ યુવકને વશ થઈ ગયો અને એની મરજી પ્રમાણેજ ચાલવા લાગ્યો.

એ યુવક કોણ હતો? એજ બાદશાહ અકબર હતો. તે દિવસે હાથી જ્યારે ગાંડો થયો, અનેક માણસોને તેણે કચરી નાખ્યાં અને ભલભલા મહાવતો પણ તેને ઠેકાણે ન લાવી શક્યા, ત્યારે બાદશાહે એ વસમું કામ પોતાના હાથમાં લીધું. એજ બહાદુરી

અને હિંમતને લીધે અકબરે પોતાના શત્રુઓને વશ કર્યા અને ભારતમાં મોગલરાજ્ય વધાર્યું. સાહસ અને બહાદુરીથી દુનિયામાં શું નથી થઈ શકતું ?

३६६–पॅरिसना एक विद्यार्थीनो असाधारण पुरुषार्थ

હું પુરુષાર્થનું જે ચિત્ર આપવા ઇચ્છું છું તે પાશ્ચાત્ય છે. એમાં ખૂબી ભરી છે, એમાંથી ઘણું શીખાય એવું છે, એ ચિત્ર સાચું છે, ક્યાંયે કલ્પનાની પીંછી ચલાવવામાં આવી નથી. એ ચિત્ર પૅરિસની વિદ્યાપીઠના એક કાયદાના અધ્યાપકનું દોરેલું છે. તેનાજ શબ્દોમાં અત્રે આપું છું.

"નહિ સાહેબ ! માફ કરો. મારાથી બક્ષિસ ન લેવાય. ગયે વર્ષે હું આપના વર્ગોમાં આવતો હતો અને આવતા વર્ષની પહેલીએ હું રાજ્યબંધારણના કાયદાની પરીક્ષા આપની આગળજ આપવાનો છું."

આ શબ્દો એક શૉફર–મોટર હાંકનાર–ના હતા. તેની ગાડીમાં બેસીને હું ઘેર આવ્યો. મેં બક્ષિસ આપવા માંડી, તો તેની પાસેથી મને આ જવાબ મળ્યો. જરા ધારીને જોયું તો શૉફરની ટોપી પહેરેલી છતાં તે મારો વિદ્યાર્થી જણાયો. એ ચંચળ જુવાનનો ચહેરો આકર્ષક હતો અને મારો વિદ્યાર્થી છે, એમ કહેતાં તેને રમૂજ પડતી જણાતી હતી. તેના સૌજન્યના બદલામાં મેં તેને બીજે દિવસે જમવા નોતર્યો.

"મારે જરા જલદી ચાલ્યા જવું જોઈશે." વિનયથી તેણે મને કહ્યું. "કારણ કે, મારે કામે ચડવાનું હોય છે."

બીજે દિવસે તે જમવા આવ્યો અને અમે વાતે ચડ્યા. વાતનો શબ્દેશબ્દ હું નીચે ટાંકું છું:

"મારે વકીલ થવું છે, કાયદાનો મને રસ છે; પણ હું એક ગરીબ અમલદારનો દીકરો. મારા બાપને પાંચ દીકરા, તેમાંનો સૌથી મોટો હું, તેને શીખવવાનું સાધન કશું ન મળે. મારાથી ઘર છોડી પૅરિસમાં ભણવા શી રીતે રહેવાય? મારી માતાની કરકસર અને ઘરરખુપણાની કલ્પના ન થઇ શકે એવી વાત છે; છતાં તે જેમતેમ ઘર ચલાવતી. ભણવા માટે તો હું માબાપ પાસેથી મદદ શી રીતે મેળવી શકું? મૅટ્રિકનો અભ્યાસ કરીને હું મારા એક સગા પાસે મોટર ચલાવતાં શીખ્યો અને મેં શૉફરનો પરવાનો મેળવ્યો. એક દિવસ મોટર હાંકતાં હાંકતાં મને મારા જીવનના પ્રશ્નનો ઊકેલ એકાએક જડી ગયો. મને થયું કે, પૅરિસમાં કાયદાની કૉલેજમાં જવું, શૉફર તરીકે નોકરી તો મળેજ. તેમાંથી કૉલેજનો ખર્ચ કાઢવો. બસ, મને કૂંચી મળી ગઇ.

"પણ મોટર હાંકવાના કામમાંથી અભ્યાસ કરવાનો અને વર્ગમાં જવાનો શી રીતે વખત મળે છે?"

"મારું સમયપત્રકજ આપને આપું. દરરોજ દસથી રાત્રે સાત વાગ્યા સુધી હું મોટર ફેરવું છું. એમાં બહુ થાક લાગે છે, એમ ન માનશો. માત્ર નિયમિત ખોરાક અને ઊંઘ મેળવવાં જોઇએ. સાત વાગે મારું કામ પૂરું થાય કે હું મારી ઓરડીએ ભાગુ છું, કપડાં બદલું છું અને પાસેની એક નાનકડી હૉટેલમાં સારી રીતે ખાઉં છું. બરોબર સાડાઆઠ ને ટકોરે 'લૉ સ્કૂલ'માં જાઉં છું. ત્યાં અતિશય તાજગી અને ઉમંગથી હું શીખવા માટે તૈયાર હોઉં છું. હું હમેશાં વર્ગમાં સમય પહેલાં હાજર થનારો રહ્યો, એટલે મને દરરોજ બેસવાની જગ્યા સરસ મળે છે અને હું ભરપૂર નોંધો લઉં છું. ત્રણ વર્ગમાં અધ્યાપકોનાં ભાષણો સાંભળી બપોરે બાર વાગે હું ઘેર જાઉં છું, ખાંતે ભોજન ખાઉં છું અને સૂઇ જાઉં છું તે બરોબર આઠ વાગે ઊઠું છું."

"પણ પરીક્ષાને માટે તૈયારી શી રીતે કરો છો?"

"આ વર્ષે મારે જરા દોડાદોડી કરવી પડી, એટલું મારે કબૂલ કરવું જોઇએ; પણ મારી યાદશક્તિ સરસ છે–કારણ હું દરેક વસ્તુમાં ચિત્ત ચોંટાડીને કામ કરું છું અને મારી નોંધોમાં કશી મણા નથી હોતી. રોજરોજની અને છેવટની ઘડી સુધીની તૈયારી હોય છે. એથી મને ભારે મદદ મળે છે. મોં૦ માત્રે અને બીજી કેટલીક જગ્યાઓ આગળ ઘણીવાર ઠીક રોકાવાનું મળે છે. આવે ટાણે એકાદ વીજળીની બત્તી આગળ હું ચાલ્યો જાઉં છું અને મારી નોંધ તથા બીજી ચોપડીઓ વાંચું છું. સત્ર પૂરું થાય તે પહેલાં પરીક્ષાને માટે હું એક મહિનો મોટર ફેરવવી બંધ કરું છું અને પુસ્તકો લઇને મંડી પડું છું; પણ કાયદાની પરીક્ષા મહા-મુશ્કેલ હોય છે. જુલાઇમાં હું નાપાસ થયો, પણ પેલે દિવસે પાછી પરીક્ષા આપી તેમાં પાસ થયો; એટલે હવે બીજા વર્ષની તૈયારી ચાલે છે અને મારી મોટર હાંકવાનું ચાલુ રાખવા ઇચ્છું છું."

"ત્યારે બન્ને કામમાં તમારા પોબાર પડે છે કેમ?"

"હા, ખરું, કુબેરના જેટલું ધન મારી પાસે થયું છે. આપ માનશો? ઇ.સ. ૧૯૨૪ના નવેંબરની પહેલીથી તે ઈ.સ. ૧૯૨૫ના નવેંબરની પહેલી સુધીમાં મને સત્તરહજાર ફ્રાંક મળ્યા."

"કાયદાના પ્રોફેસર કરતાં વધારે!"

"ખરુંસ્તો, આથી વધારે તોડી પાડ્યા હોત. પણ જો પરીક્ષા માટે અઢી મહિના ધંધો બંધ ન રાખ્યો હોત અને થોડી વેકેશન (રજા) ન ભોગવી હોત તો. મને નાટકમાં જવાનું બહુ ગમે છે અને ગયે ઊનાળે ફ્રાન્કવાનાં નવાં નાટકો અને મોલીએર તથા મસેટનાં નાટકો જોવાનું મને મન થયું હતું. પ્રોફેસર સાહેબ! આપે પેલું ભવ્ય નાટક 'ફેન્ટેસીઓ' જોયું છે? અદ્ભુત! ક્રેને અને બર્ટિન તો કમાલ કરે છે."

"હા, મેં જોયું છે. તમે કહો છો એ સાચી વાત છે. સત્તર હજાર ફ્રાંકની કમાણીમાં તો તમે રાજા જેમ રહેતા હશો?"

"ના, રાજા જેવો તો નહિ; કારણ હું જન્મથી કરકસર શીખ્યો છું. વળી મારાથી વધુ ગરીબ વિદ્યાર્થીઓના કરતાં હું વધારે સુખી દેખાવા નથી ઇચ્છતો. હું બિલકુલ તેમની જેમજ મહિને સાતસો ફ્રાંકથી ચલાવી લઉં છું."

"એટલે સાડાઆઠ હજાર ફ્રાંક તમે બચાવી શકો છો કેમ?"

"ના, દર મહિને પાંચસો ફ્રાંક ઘેર મોકલું છું. મારા પિતાના કરતાં મારી કમાણી વધારે છે અને તેમને ત્રણ બાળકોને ઉછેરવાનાં તથા કેળવવાનાં છે; એટલે મારે ઘેર મોકલવુંજ જોઇએ. ગયા ઑકટોબરમાં મારી પાસે બે હજાર ફ્રાંક બચેલા હતા. મેં તેનાં સરકારી બૉન્ડ લીધાં. એટલે દેશને મેં તેની લોન આપી છે. સરકારને તેની જરૂર હોય ત્યાંસુધી મને તેની જરૂર નથી. વળી તમે જાણો છો ને કે, મારે કશા કર નથી ભરવા પડતા? ઇન્કમટૅક્સ' વાળાઓએ મને જવા દીધો લાગે છે."

"અને આમજ ગાડું ચાલ્યા કરશે?"

"બેલાશક! પણ મારે મારી પરીક્ષામાં નાપાસ નથી થવું. એટલે મે માસની પંદરમી તારીખથી બે મહિના સુધી મારે કામ બંધ રાખવું જોઈએ. ત્યાંસુધી મારે મારા વર્ગ અને કામ બન્ને બરોબર ચલાવવું રહ્યું; પણ પંદરમી પછી હું ભલો ને મારી ચોપડી ભલી. જો હું પાસ થાઉં તો એક નાનકડો ઘાટ ઘડી રાખેલો છે. મારા મનમાં—ઑગસ્ટમાં બે અઠવાડિયાં ઇટલીની મુસાફરીએ જવું છે. મારે ફ્લોરેન્સ જોવાની ઇચ્છા છે."

"મને તો આશ્ચર્ય થાય છે! આ બધું તમારાથી શી રીતે થાય છે?"

"એમાં શું મોટી વાત છે? આ રહ્યું ઈ. સ. ૧૯૨૬નું મારું બજેટ:

સાડાનવ મહિનામાં મહિનાના સત્તર સો ફ્રાંક લેખે સોલ હજાર એકસો પચાસ ફ્રાંકની આવક, બાર મહિનાનો ખર્ચ આઠ હજાર ચારસો ફ્રાંક. છ હજાર ફ્રાંક ઘેર મોકલીશ. મારી ઇટલીની મુસાફરીનું એક હજાર સાતસો પચાસ ફ્રાંક ખર્ચ થશે. એટલું ખર્ચ મારે માટે બહુ છે; કારણ મારે કાંઇ ઉપલા વર્ગમાં અને ઊંઘવાની સગવડવાળા ડબ્બામાં તો બેસવાની જરૂર હોય નહિ કે મારે મોટી હોટેલોમાં રહેવાની જરૂર પડે; પણ આવતી લોન મારાથી નહિ લેવાય એમ મને લાગે છે."

સાડાઆઠ વાગ્યા અને અમારી વાતચીતમાં ભંગાણ પડ્યું; કારણ પેલા શૉફર મિત્રને તો કપડાં બદલી પોતાની નોકરીએ ચઢવાનું હતું.

હું તો દિગ્મૂઢ થઈ રહ્યો. એક શૉફર, બક્ષિસ ન લે, કાયદાનો અભ્યાસ કરે, સરકારી બૉન્ડ લે, ઉત્તમ નાટકોમાં રસ લે, ફ્લોરેન્સ જોવા જાય અને દર મહિને પોતાના બાપને સારી સરખી રકમ મોકલે !

(તા. ૯ મે ૧૯૨૬ના 'નવજીવન'માંના મહાદેવ હરિભાઈ દેસાઈના લેખ ઉપરથી)

૨૬૭–निरभिमानी फ्रेंच सेनापतिनुं रक्षण

ફ્રાન્સમાં રાજ્યક્રાંતિ થઇ ત્યારપછી એક સેનાપતિ પોતાના લશ્કરને લઇને સ્વીટ્ઝરલૅંડના પહાડી પ્રદેશમાં થઇને જઇ રહ્યો હતો. એક સાધારણ સિપાઇ બીજાને કહી રહ્યો હતો કે, "સેનાપતિ થવામાં ખૂબ મઝા છે. આપણે પગ ઘસતા જઈએ છીએ અને એ ઘોડા ઉપર ચઢીને આવે છે. દેશને ખાતર એને કાંઈ કષ્ટ વેઠવું પડતું નથી." એ ટીકા સેનાપતિને કાને પડતાં તરતજ એ ઘોડા

ઉપરથી ઊતરી ગયો અને સિપાઈને કહ્યું કે, "ભાઈ! જરૂર તને થાક લાગ્યો છે અથવા તો તારું શરીર સારું નથી; માટેજ તું આજે આવી ટીકા કરી રહ્યો છે. સેનાપતિને પણ કેટલીક અગવડો હોય છે. હશે, તું આ ઘોડા ઉપર બેસી જા. હું લશ્કરમાં તારી જગ્યાએ ખભે બંદૂક મૂકીને ચાલીશ. ફોજનું કામ કરવામાં હું માન-અપમાન સમજતો નથી. પાછો યુદ્ધ કરવાનો પ્રસંગ આવે, ત્યારે તારે બધાની આગળ જ્યાં ગોળી વાગવાનો સંભવ સૌથી વધારે હોય ત્યાંજ ઘોડાની પીઠ ઉપર બેસી રહેવું પડશે." સિપાઈ ઘણો શરમાયો અને પહેલાં તો ઘોડેસવાર થવાની હિંમત ચાલી નહિ; પણ પછી એક બીજા સિપાઈની સામે જોઈ હસીને ઘોડા ઉપર ચઢી બેઠો. અડધાએક કલાક પછી પહાડની ખીણોમાંથી શત્રુઓની ગોળી આવી અને ઘોડેસવાર થયેલા સૈનિકને સનનન કરતી વાગી. સૈનિક ઘાયલ થઈને ધરણી પર ઢળી પડ્યો. હવે એને ખબર પડી કે, સેનાપતિ થવામાં એકલું સુખજ નથી. મોટા હોદ્દામાં જેટલું સુખ અને એશઆરામ રહેલાં છે, તેટલીજ ગંભીર જવાબદારી પણ રહેલી છે.

૩૬૮–एक फकीरनो निष्काम भगवद्प्रेम

એક દિવસ એક પરાક્રમી સુલતાન વનમાં શિકાર રમવા ગયો હતો. ત્યાં એક ફકીરની મુલાકાત થઈ. તેની સાથે વાતચીત કરીને સુલતાન ઘણોજ પ્રસન્ન થયો અને પોતાની ભેટ સ્વીકારવા માટે તેને ઘણો આગ્રહ કરવા લાગ્યો. ફકીરે કહ્યું કે, "આ બધાં વૃક્ષો મને ફળ આપે છે, આ ખળખળ વહેતી નદી નિર્મળ મધુરું જળ પિવડાવે છે અને સૂવાને સારુ ગુફા છે; તો પછી તમારી ભેટ મારે શા સારુ જોઈએ?" સુલતાને કહ્યું કે, "મને કૃતાર્થ કરવા સારુ

કૃપા કરીને એક વાર મારી રાજધાનીમાં પધારો.” સાધુ સુલતાનની સાથે તેના મહેલમાં ગયો. ત્યાં ચારે તરફ વૈભવની સામગ્રી હતી. બાદશાહે ફકીરને બેસાડીને કહ્યું કે, “હું જરાક ઉપાસના કરી લઉં, ત્યાંસુધી આપ અહીં બેસો.” એટલું કહીને તે એજ ઓરડામાં એક ખૂણામાં દરરોજની પેઠે પ્રાર્થના કરવા મંડી પડ્યો કે, “હે ખુદા! મને હજુ પણ વધારે ઐશ્વર્ય, સંતાન અને તંદુરસ્તી આપજે.” ફકીર ત્યાંથી ઊઠીને ચાલવા લાગ્યો. બાદશાહે પાછળ પાછળ જઈને કહ્યું કે, “સાંઈ સાહેબ! આપ મારી ભેટ સ્વીકાર્યા વગર કેમ ચાલ્યા જાઓ છો?” સાધુએ તેની તરફ ફરીને જવાબ આપ્યો કે, “હું ભિક્ષુકની પાસે ભિક્ષા માગતો નથી.”

૩૬૧—સૉક્રેટિસનો આત્માના અમરત્વમાં દૃઢ વિશ્વાસ

આત્માના અમરત્વનો ઉપદેશ આપવા માટે ગ્રીસ દેશના પરમ તત્ત્વજ્ઞાની સૉક્રેટિસને દેહાંતદંડની સજા થઈ અને મિત્રોના ઠપકાની પરવા ન કરતાં એ મહાત્માએ હસતે મુખે વિષનો પ્યાલો પીવાનો નિશ્ચય કર્યો, ત્યારે એક મિત્રે તેને પૂછ્યું કે, “આપના મરી ગયા પછી આપનું સન્માન અમે કેવી રીતે કરીએ? અમે આપને દાટી દઈએ?” સૉક્રેટિસને હસવું આવ્યું અને પોતાના મિત્રોને સંબોધીને કહેવા લાગ્યો કે, “બંધુઓ! તમે મારા સહવાસમાં ઘણા લાંબા સમય સુધી રહ્યા છો અને આત્મા અમર છે, એ વાત પણ તમારા હૃદયમાં ઠસાવવા સારુ મેં પુષ્કળ પ્રયત્ન કર્યો છે; છતાં પણ કેવું આશ્ચર્ય છે, કે એક મિત્ર મને દાટવાની વાત કરી રહ્યો છે! કબરમાં તો ઉતારી નાખેલું શરીરરૂપી વસ્ત્ર દટાય છે, નહિ કે એનો પહેરનાર.”

૩૭૦–पशुना बलिदानमां पुण्य नथी

રાજા બિંબિસાર એક વાર પચાસ બકરાઓનું યજ્ઞમાં બલિદાન આપવાના હતા. દયાની મૂર્તિ બુદ્ધદેવને આ સમાચાર મળ્યા અને તેમણે એ નિર્દોષ પશુઓને બચાવવાનો નિશ્ચય કર્યો. બુદ્ધદેવ પશુઓ તથા તેમના માલિકની સાથે સાથે રાજમહેલમાં ગયા. ત્યાં આગળ રાજપુરોહિત તથા અનેક બ્રાહ્મણો એકઠા થયા હતા. એમના મનથી આજે રાજાએ મોટો યજ્ઞ આરંભ્યો હતો અને તેના ફળરૂપે રાજાના પૂર્વજોને સ્વર્ગનું સુખ મળવાનું હતું. બુદ્ધદેવે ત્યાં જઈને પુરોહિતને પૂછ્યું કે, "મહારાજ ! આ ગરીબ અવાચક પશુઓનો વધ તમે શા સારુ કરો છો?"

પુરોહિતે ઉત્તર આપ્યો કે, "મૂર્ખ ! આ બલિદાનથી ત્રણ પુરુષોને લાભ થાય છે અને હાનિ કોઈને થતી નથી. આ યજ્ઞ કરનાર રાજા બિંબિસાર પુણ્યના ભાગી થશે, મારા હાથે એ યજ્ઞ થશે, એટલે મને પણ પુણ્ય મળશે અને જેનું બલિદાન થશે તે બકરો પણ સીધો સ્વર્ગમાં જશે."

બુદ્ધદેવે કહ્યું: "એમ કે? જેનું બલિદાન થાય તે સીધો સ્વર્ગમાં જાય?"

"હા, એમાં જરા પણ સંદેહ નથી."

"આપના પિતાશ્રી જીવે છે?"

"હા."

"તમે તેમને પણ સ્વર્ગમાં મોકલવાની ઇચ્છા રાખતાજ હશો!"

"હા, બેશક."

"ત્યારે શા માટે એમનો વધ કરીને સીધા સ્વર્ગમાં પહોંચાડી દેવાનું પુણ્યકાર્ય કરતા નથી?"

પુરોહિતના ક્રોધનો પાર રહ્યો નહિ. એણે બુદ્ધદેવનું અપમાન કરીને છરો બહાર કાઢી પશુવધનું પોતે નિર્ણય કરી રાખેલું કામ પાર પાડવાનો આરંભ કરવા માંડયો; પણ એ છરો નિર્દોષ જાનવરના શરીરને સ્પર્શ કરે તે પહેલાં બુદ્ધદેવે આગળ આવીને કહ્યું કે, " ઓ પરમાત્માના અંશ! ખુશીથી તારો આ છરો મારી છાતીમાં કે ગરદન પર અજમાવી લે. હું અને આ બકરો એકજ છીએ."

રાજા બિંબિસાર અને બધી મંડળી શાંત થઈ ગઈ! તેમનું ધ્યાન એ દિવ્ય પુરુષનાં વચનો પ્રત્યે આકર્ષાયું. તેમણે વધુ ઉપદેશ આપતાં કહ્યું. કે, " ઓ રાજન્! ઓ બ્રાહ્મણો! તમે શું જાણતા નથી, કે આ જીવનની કિંમત આંકવા કોઇજ સમર્થ નથી? એ એક એવી વસ્તુ છે, કે જેને છીનવવાની શક્તિ દરેક માણસમાં છે; પણ જે આપવાની શક્તિ ચક્રવર્તી રાજામાં પણ નથી. આ આખો સંસાર દયા વડે અને દયા સારુજ જીવે છે. ઓ મનુષ્યો! તમે આ અવાચક પ્રાણીઓના દેવ અને રક્ષક છો; તમારા દેવો તમને સુખ આપે એમ તમે ઇચ્છો છો, તો પછી તમને દેવ માનનાર પ્રાણીના ગળા ઉપર તમે છરી કેવી રીતે ફેરવી શકશો?"

આ ઉપરાંત દયાધર્મ અને જીવદયાનો બીજો પણ બોધ વિસ્તારથી આપ્યો; એટલે રાજા બિંબિસારે એ પશુઓને છોડી મૂકયાં. પશુવધ સદાને માટે બંધ કરવાનો સંકલ્પ કર્યો અને બુદ્ધદેવનું શિષ્યત્વ ગ્રહણ કર્યું.

૩૭૧–ક્રોધી ભારદ્વાજ અને સહનશીલ બુદ્ધદેવ

ભારદ્વાજ નામના બ્રાહ્મણનો એક સગો બુદ્ધદેવનો શિષ્ય બન્યો હતો; તેથી અતિશય ક્રોધે ભરાઇને એ બુદ્ધદેવની પાસે ગયો અને તેમને પુષ્કળ ગાળો ભાંડવા લાગ્યો. બુદ્ધદેવ કાંઈ પણ

ઉત્તર ન આપતાં શાંત રહ્યા, એટલે ભારદ્વાજ પણ થાકીને ગાળો દેતો બંધ થયો. હવે બુદ્ધદેવે તેને પૂછ્યું કે, "કેમ ભાઈ! તારે ઘેર કદી પરોણા આવે છે ખરા કે?"

ભારદ્વાજે ઉત્તર આપ્યો કે, "હા, મારાં સગાંસંબંધીઓ કદી કદી આવે છે."

"અને તું તેમને ખાવાપીવાની સામગ્રી આપે છે ને?"

"હા."

"પણ તારા પરોણા તારી આપેલી વસ્તુઓનો સ્વીકાર ન કરે તો તેનું શું થાય છે?"

"હે ગૌતમ! આ તું શું પૂછે છે? મેં આપેલી વસ્તુઓ મારા મહેમાનને પસંદ ન પડે તો તે મને પાછી મળે એ વાત સ્પષ્ટજ છે."

"હે બ્રાહ્મણ! તેજ પ્રમાણે તમે જે આ ગાળોની ભેટ મને કરી છે, તેનો મેં સ્વીકાર કર્યો નથી. મેં જો તમારા ઉપર ગુસ્સો કર્યો હોત કે તમને સામે ગાળો દીધી હોત, તો તમારી ભેટને મેં સ્વીકારી એમ કબૂલ કરવું પડત; પણ હું કાંઇ બોલ્યા–ચાલ્યા વગર ચુપચુપ બેસી રહ્યો, એટલે મેં તમારી ગાળોનો અંગીકાર કર્યો નથી. તમારી એ ભેટ તમારી પાસેજ રહી છે."

બ્રાહ્મણ ભારદ્વાજ શરમાઈ ગયો અને ભગવાન બુદ્ધનો શિષ્ય થયો.

(શ્રીયુત ધર્માનંદજી કૌશામ્બીરચિત 'બુદ્ધલીલાસારસંગ્રહ'માંથી)

૩૭૨–મધ્યમ માર્ગજ સદા ઉત્તમ છે

ઉપર જણાવેલો પ્રસંગ બન્યા પછી બીજે દિવસે બુદ્ધદેવ જ્યાં બિરાજતા હતા, તેની પાસેના નગરમાં ઇન્દ્રનિમિત્તે એક મોટો ઉત્સવ થનાર હતો. તે ઉત્સવમાં જનારી કેટલીક નાચનારીઓ નીચે પ્રમાણે બોલતી જતી હતી કે, "સિતારના તાર ખેંચવામાં

આવ્યા હોય, તોજ નાચવાનું કામ સારું થાય છે; તેથી અમારે માટે સિતારના તાર હદબહાર પણ ખેંચતા નહિ, તેમ ઓછા પણ ખેંચતા નહિ. જો આ પ્રમાણે બરાબર તાર ખેંચવામાં આવ્યા હોય તોજ મનુષ્યોનાં હૃદયોનું આકર્ષણ કરવાનું અમારાથી બની શકે છે; કેમકે જો તાર હદ ઉપરાંત ખેંચવામાં આવ્યા હોય, તો તે તૂટી જાય છે અને ઓછા ખેંચવામાં આવ્યા હોય તો ઢીલા પડી જાય છે અને તેથી ગાયન બંધ પડે છે; માટે તારને વધારે કે ઓછા ખેંચશો નહિ.” સ્ત્રીઓના આ શબ્દો પાસેના વૃક્ષ નીચે બેઠેલા શાક્યમુનિને કાને પડ્યા અને તે બોલી ઊઠ્યા કે, “ અહા! ઘણી વાર અભણ મનુષ્યો પણ જ્ઞાનીઓને બોધ આપે છે. મેં પણ આ શરીરરૂપી વાજિંત્રના તારને હદબહાર ખેંચ્યા છે, તેથીજ તેમાંથી આંતરિક દિવ્ય ગીત નીકળતું નથી; એટલુંજ નહિ પણ તેને તૂટી જવાનો પણ મોટો ભય છે. મારું શરીરબળ ઘટી ગયું છે. જો આ શરીર તૂટી જશે તો આશા પણ તૂટી જશે; માટે હવે શરીરને હદબહાર તપશ્ચર્યામાં નહિ વાપરતાં ‘મધ્યમ માર્ગ’જ ગ્રહણ કરવો જોઇએ. શરીર પણ ઉપયોગી ‘સાધન’ છે; માટે તેને મારી નાખવું ન જોઇએ, પણ અંકુશમાં રાખવું જોઇએ.”

આ પ્રમાણે સામાન્ય વારાંગનાઓના વાર્તાલાપ ઉપરથી શાક્યમુનિએ મહાન સત્ય ગ્રહણ કર્યું અને હદ ઉપરાંત તપશ્ચર્યા કરવાનું માંડી વાળ્યું.

ભગવાન શ્રીકૃષ્ણે તો પ્રથમથીજ કહી રાખ્યું છે કે:

“ युक्ताहार विहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्त स्वप्नावबोधस्य योगो भवति दुःखहा ।।

(શ્રીમદ્ ગીતા. અ. ૬, શ્લો. ૧૭)

વૈદકમાં પણ ઋષિઓએ દરેક બાબતમાં હીન, મિથ્યા અને

અતિ, એ ત્રણે પ્રકારને ત્યાજ્ય કહ્યા છે. અલબત્ત, કોને માટે, ક્યારે, કઈ બાબત, કેટલા પ્રમાણમાં યોગ્ય છે ને કેટલા પ્રમાણમાં અયોગ્ય છે, તેનો પણ એક નિયમ બાંધી શકાય તેમ નથી.

૨૭૨–विशाखाने तेना पिताए शीखवेला दश नियमो

અગાઉના દૃષ્ટાંતમાં આવેલી વિશાખાને સાસરે મૂકી આવતી વખતે તેના પિતાએ નીચેના દશ નિયમો સમજાવ્યા હતા. એ પ્રમાણે ચાલ્યાથી એનું જીવન વિરોધી વાતાવરણમાં પણ સુખી થયું હતું.

"(૧) અંદરની આગ બહાર લઈ જવી નહિ–અર્થાત્ ઘરમાં કોઈની સાથે તકરાર થઈ હોય તો તેની વાત બહાર જઈને કરવી નહિ. (૨) બહારની આગ અંદર આણવી નહિ–અર્થાત્ આડોશી-પાડોશી, સાસુ-સસરો, દેરાણી-જેઠાણી કે નણંદના અવગુણો બહાર બોલાતા હોય, તો તે સમાચાર કોઈને ઘરમાં કહેવા નહિ. (૩) આપનારનેજ આપવું–અર્થાત્ જે કોઈ ઘરમાંની વસ્તુ ઉછીની લઈ જઈને પાછી આપે, તેનેજ વસ્તુ આપવી. (૪) ન આપનારને ન આપવું–અર્થાત્ ઉછીની લીધેલી વસ્તુ પાછી આપવા ન આવે, તેવાને વસ્તુ ન આપવી. (૫) આપનાર કે ન આપનાર હોય તોયે આપવી–અર્થાત્ પોતાનાં સગાંસંબંધીમાં કોઈને વસ્તુ કે દ્રવ્યની જરૂર હોય તો તે પાછું આપવાનું સામર્થ્ય તેનામાં ન હોય તોપણ આપવી; કેમકે સગાંસંબંધીને મદદ આપવી એ મનુષ્યમાત્રની ફરજ છે. (૬) સુખેથી બેસવું–અર્થાત્ વડીલ માણસો જે ઠેકાણે વારંવાર આવ-જા કરે તે સ્થળે બેસવું નહિ. (૭) સુખેથી જમવું–અર્થાત્ વડીલોના જમ્યા પહેલાં જમવું નહિ. (૮) સુખેથી સૂવું–એટલે કે નોકર-ચાકરોની ખબર કાઢીને તથા વડીલ માણસોના સૂતા પછીજ સૂવું. (૯) અગ્નિની પૂજા કરવી–અર્થાત્ પતિવ્રતા સ્ત્રીને પતિ અગ્નિ સમાન પૂજ્ય હોવો જોઈએ અને બ્રાહ્મણ જેમ અગ્નિની

પરિચર્યા કરે છે, તેમ તેણે પોતાના પતિની સેવા કરવી. (૧૦) ગૃહ-દેવતાની પૂજા કરવી–અર્થાત્ સાસુ–સસરા ઈત્યાદિ વડીલોને ગૃહ-દેવતા સમજીને તેમની સેવા કરવી.” ('બુદ્ધલીલાસારસંગ્રહ'માંથી)

३७४–छ दिशाओनी पूजाओनुं रहस्य

એક સમયે ભગવાન બુદ્ધદેવ રાજગૃહમાંના વેણુવનમાં નિવાસ કરતા હતા. તે વખતે શૃગાલ નામનો એક યુવક શહેરમાંથી દર-રોજ બહાર આવી સ્નાન કરીને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર અને નીચે, એમ છ દિશાઓને નમસ્કાર કરતો હતો.

બુદ્ધ ભગવાને તેને દિશાઓની પૂજાનું રહસ્ય નીચે પ્રમાણે સમજાવ્યું: “માબાપને પૂર્વદિશા સમજવી, ગુરુને દક્ષિણદિશા સમજવી, પત્નીને પશ્ચિમદિશા, સગાંવહાલાંને ઉત્તરદિશા, દાસ અને મજૂર વગેરેને નીચેની દિશા તથા શ્રમણ અને બ્રાહ્મણને ઉપરની દિશા સમજવી.

“હે ગૃહસ્થાશ્રમી યુવક! પૂર્વદિશા જે માબાપ, તેમની પૂજાનાં પાંચ અંગો છે: (૧) તેમનું કામ કરવું, (૨) પોષણ કરવું, (૩) કુળમાં ચાલતાં આવેલાં સત્કાર્યો ચાલુ રાખવાં, (૪) તેમની સંપત્તિના ભાગીદાર બનવું, (૫) જો કોઇ તેમનું જીવતું ન હોય તો તેમના નામે દાનધર્મ કરવું. આ પાંચ અંગથી જો માબાપની પૂજા કરવામાં આવે, તો એ માબાપ પાંચ પ્રકારે બાળક ઉપર અનુગ્રહ કરે છે. (૧) પાપથી તેનું નિવારણ કરે છે, (૨) તેને કલ્યાણકારક માર્ગે લગાડે છે, (૩) તેને કળા–કૌશલ્ય શીખવે છે, (૪) યોગ્ય સ્ત્રી સાથે તેનું લગ્ન કરી આપે છે અને (૫) યોગ્ય વેળાએ પોતાની મિલકત તેને સ્વાધીન કરે છે. હે ગૃહપતિ યુવક! દક્ષિણદિશા જે ગુરુ; તેમની પૂજાના આ પાંચ વિધિઓ છે: (૧) ગુરુ પાસે આવે

તો ઊઠીને ઊભા થવું, (૨) તે માંદા થાય તો તેમની સેવા કરવી, (૩) તે શીખવે તે શ્રદ્ધાપૂર્વક સમજી લેવું, (૪) તેમનું જે કાંઇ કામ હોય તે કરવું અને (૫) તે જે વિદ્યા આપે તે ઉત્તમ રીતે ગ્રહણ કરવી. આ પાંચ પ્રકારે ગુરુની પૂજા કરે તો તે શિષ્ય પર આ પાંચ પ્રકારના અનુગ્રહ કરે છેઃ (૧) સદાચાર શીખવે છે, (૨) ઉત્તમ રીતે વિદ્યા શીખવે છે, (૩) પોતાને આવડતી સર્વ વિદ્યા તે શિષ્યને શીખવે છે, (૪) પોતાનાં સગાં અને મિત્રોમાં તેના ગુણ વર્ણવે છે તથા (૫) કોઈ સ્થળે જતાં પોતાના શિષ્યને ખાધાપીધાની અડચણ ન પડે એવી વ્યવસ્થા કરે છે. હે ગૃહપતિપુત્ર ! પશ્ચિમદિશા જે પત્ની; તેની પૂજાનાં આ પાંચ અંગો છેઃ (૧) તેને માન દેવું, (૨) તેનું અપમાન ન થવા દેવું, (૩) એકપત્નીવ્રત આચરવું, (૪) ઘરનો કારભાર તેને સોંપવો અને (૫) વસ્ત્રાલંકારની તેને ખોટ ન પડવા દેવી. આ પાંચ અંગોથી જો પત્નીની પૂજા કરે તો પત્ની તે પતિ પર પાંચ પ્રકારના અનુગ્રહ કરે છેઃ (૧) ઘરમાં સારી વ્યવસ્થા રાખે છે, (૨) નોકરચાકરને પ્રેમથી સંભાળે છે, (૩) પતિવ્રતા થાય છે, (૪) પતિએ મેળવેલી સંપત્તિનું રક્ષણ કરે છે–અર્થાત્ ઉડાઉ થતી નથી અને (૫) સર્વ ગૃહકાર્યોમાં તત્પર રહે છે. હે ગૃહપતિપુત્ર ! ઉત્તરદિશા જે મિત્રમંડળ; તેમની પૂજાનાં પાંચ અંગો છેઃ (૧) તેમને આપવા યોગ્ય વસ્તુ હોય તે આપવી, (૨) તેમની સાથે પ્રિય ભાષણ કરવું, (૩) તેમને ઉપયોગી થવું, (૪) તેમની સાથે સમાનભાવથી વર્તવું અને (૫) તેમની સાથે નિષ્કપટ વર્તન રાખવું. આ પાંચ પ્રકારે જો ગૃહસ્થ મિત્રમંડળની પૂજા કરે, તો તેઓ તે ગૃહસ્થ પર પાંચ પ્રકારે અનુગ્રહ કરે છેઃ (૧) એકાએક સંકટ આવી પડતાં તે એનું રક્ષણ કરે છે, (૨) આવે પ્રસંગે તેની સંપત્તિનું પણ રક્ષણ કરે છે, (૩) સંકટમાં ગભરાઈ જવાય તો તે ધીરજ આપે છે, (૪) વિપત્કાળમાં છોડી જતા નથી અને (૫) તેની પાછળ

તેની સંતતિ ઉપર પણ ઉપકાર કરે છે. હે ગૃહપતિપુત્ર! નીચેની દિશા જે સેવકો; તેમની પૂજાનાં પાંચ અંગો છેઃ (૧) તેમની શક્તિ જોઇ કામ કહેવું, (૨) તેમને યોગ્ય વેતન (પગાર) આપવું, (૩) માંદા પડે તો તેમની સારવાર કરવી, (૪) પ્રસંગોપાત્ત તેમને ઉત્તમ ભોજન આપવું અને (૫) વખતોવખત ઉત્તમ કામ બદલ તેમને બક્ષિસ આપવી. આ પાંચ પ્રકારે જો સ્વામી નોકરની પૂજા કરે તો તે પોતાના સ્વામી ઉપર પાંચ પ્રકારે અનુગ્રહ કરે છેઃ (૧) સ્વામીના ઊઠતાં પહેલાં તે ઊઠે છે, (૨) સ્વામીના સૂતા પછી તે સૂએ છે, (૩) સ્વામીના માલની ચોરી કરતા નથી, (૪) ઉત્તમ રીતે કામ કરે છે અને (૫) સ્વામીનો યશ ગાય છે. હે ગૃહપતિપુત્ર! ઉપલી દિશા જે શ્રમણ બ્રાહ્મણ (સાધુસંત); તેમની પૂજાનાં આ પાંચ અંગો છેઃ (૧) કાયાથી તેમનો આદર કરવો, (૨) વાચાથી આદર કરવો, (૩) મનથી આદર કરવો, (૪) ભિક્ષા લેવા આવે તો તેમને કોઈપણ જાતની હરકત કરવી નહિ અને (૫) તેમને ઉપયોગી વસ્તુ આપવી. આ પાંચ પ્રકારે ગૃહસ્થ જો સાધુસંતની પૂજા કરે તો તેઓ તેના પર છ પ્રકારના અનુગ્રહ કરે છેઃ (૧) પાપથી તેનું નિવારણ કરે છે, (૨) તેને કલ્યાણકારક માર્ગે લગાડે છે, (૩) પ્રેમપુરઃસર તેના પર દયા કરે છે, (૪) તેને ઉત્તમ ધર્મ શીખવે છે, (૫) શંકાનિવારણ કરી તેના મનનું સમાધાન કરે છે અને (૬) તેને સ્વર્ગનો માર્ગ દેખાડે છે. હે ગૃહપતિપુત્ર! દાન, પ્રિયવચન, અર્થચર્યા એટલે ઉપયોગી થવું અને સમાનાત્મતા એટલે બીજાને પોતાના સમાન ગણવા, એ ચાર લોકસંગ્રહનાં સાધનો છે. માબાપે જો આ સાધનોનો ઉપયોગ કર્યો ન હોત, તો કેવળ જન્મ દીધા માટે પુત્ર તેમનું ગૌરવ માનત નહિ. સુજ્ઞ મનુષ્યો આ ચારે સાધનોનો ઉપયોગ કરી જગતમાં ઉચ્ચ પદ પ્રાપ્ત કરે છે."

૩૭૫–દ્વિજ અને શૂદ્ર વિષે બુદ્ધદેવની વ્યાખ્યા

શાક્યમુનિ ગૌતમે બુદ્ધત્વ પ્રાપ્ત કરતાં પહેલાં અનેક સાધુ-સંતોની સેવા કરી હતી અને ઉગ્ર તપશ્ચર્યાથી શરીરને કસ્યું હતું. એ તપ છ વર્ષ સુધી ચાલ્યું હતું. કેટલીક વાર તો દિવસમાં અનાજનો એકજ દાણો ખાતા. આથી શરીરની કાંતિ ઝાંખી પડી હતી અને અવયવો શિથિલ થઇ ગયા હતા.

આવી ઉગ્ર તપશ્ચર્યાથી એક દિવસ એમને મૂર્છા આવી અને પોતે જમીન ઉપર પડી ગયા. દુર્બળતાને લીધે ચાલવાની શક્તિ રહી ન હતી, શરીરમાંથી લોહી ઊડી ગયું હતું. શાક્યમુનિને આવી બેભાન અવસ્થામાં પડેલા જોઇ એક ગરીબ ભરવાડના છોકરાને દયા ઊપજી. તેણે સૂર્યના તાપથી એમના દેહને બચાવવા સારુ જંગલનાં વૃક્ષોની ડાળીઓનું છત્ર બનાવ્યું અને એક ઘેટીના આંચળમાંથી તાજા દૂધની ધાર એમના મુખમાં પાડી. આ દૂધથી એમનામાં ચેતના આવી અને એમણે એ ભરવાડપુત્ર પાસે લોટામાં દૂધ માગ્યું.

છોકરાએ કહ્યું કે, "હે દેવ ! હું મારા લોટામાં આપને દૂધ કેવી રીતે આપી શકું ? હું તો શૂદ્ર છું અને આપ પરમ પવિત્ર ઋષિ છો. મારા સ્પર્શથી આપ અપવિત્ર બનશો." એ વખતે શાક્યમુનિએ તે નિર્દોષ બાળકને કહ્યું કે, "દયા અને તંગી સઘળા જીવોને એક બનાવે છે. લોહીમાં કાંઇ જાતિ નથી; કારણ કે લોહી તો સર્વ મનુષ્યોનું એક રંગનું હોય છે, તેમજ આંસુમાં પણ ન્યાતજાતનો ભેદ નથી; કારણ કે સઘળા મનુષ્યોનાં આંસુમાં ખારાંશ હોય છે; વળી માણસ જન્મે છે ત્યારે કપાળમાં તિલક કે ગળામાં જનોઈ લઇને જન્મતો નથી. જે સારાં કામ કરે છે તેજ દ્વિજ છે

અને જે ખરાબ કામ કરે છે તે શૂદ્ર છે; માટે મને તારા લોટામાં દૂધ આપ."

३७६–पराधीनतानी भीष्मपितामह उपर थयेली असर

મહાભારતના યુદ્ધમાં ઘાયલ થઇને ભીષ્મપિતામહ બાણશય્યા ઉપર સૂતા હતા. પાંચે પાંડવ કૃષ્ણ ભગવાનની સાથે એમનાં દર્શન કરવા ગયા. દ્રૌપદી પણ સાથે હતી. યુધિષ્ઠિરે રાજર્ષિને ધર્મસંબંધી અનેક પ્રશ્નો પૂછ્યા. ભીષ્મે તેના સવિસ્તર ઉત્તરો આપ્યા. ત્યાર પછી દ્રૌપદીએ પૂછ્યું કે, "મહારાજ! અત્યારે તો આપ ધર્મની વાતો આટલી બધી કરી રહ્યા છો, પણ જે વખતે ભરી સભામાં દુષ્ટ દુઃશાસને મારાં ચીર ખેંચ્યાં હતાં અને મારી આબરૂ લેવા માંડી હતી, તે વખતે આપની ધર્મબુદ્ધિ ક્યાં ગઇ હતી? ક્ષત્રિયોનો ધર્મ તો એજ છે કે, ગમે તેવી દશામાં પણ સ્ત્રીઓનું રક્ષણ કરવું; પણ આપ તો આંખ આગળ એટલો બધો અન્યાય અને અત્યાચાર થતો જોઇને પણ ચુપચાપ બેસી રહ્યા હતા! પાંડવો તો જુગારમાં હારી ગયેલા હોવાથી બોલી શકતા નહોતા, પણ આપને શું થયું હતું કે અધર્મને રોકી ન શક્યા? ભીષ્મપિતામહે ઉત્તર આપ્યો કે, "હે પુત્રી! હું એ વખતે દુર્યોધનનું અન્ન ખાતો હતો, એટલે એ અન્નની અસરે મારા ધર્મસંસ્કારને દબાવી દીધા હતા, તેથી હું લાચાર બની ગયો હતો. જે જેનું અન્ન ખાય છે, તેનેજ તાબે રહેવાની તેની ફરજ થઇ પડે છે. એ પણ પોતાના અન્નદાતાના જેવુંજ કામ કરે છે."

३७७–जगतने जीतवा करतां इन्द्रियोने जीतवी वधारे कठिन छे

અલેકઝાન્ડર બાદશાહે પોતાના પરાક્રમથી ઈરાન, હિંદુસ્તાન અને મિસર ઉપર વિજય મેળવ્યો હતો; પણ એણે પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત નહોતો કર્યો. એક દિવસ ક્રોધના આવેશમાં એણે પોતાના એક પ્રિય મિત્રને ભાલાથી મારી નાખ્યો. એ મિત્ર ઉપર એને અતિશય પ્રેમ હતો, એટલે પાછળથી પોતાના દુષ્કૃત્ય માટે એને ઘણો પસ્તાવો થયો. બાદશાહ સિકંદર દારૂ ઘણો પીતો હતો અને દારૂનો વ્યસની સંયમનું પાલન કરી શકતો નથી. મગજ ઠેકાણે નહિ હોવાથી એ ઘણી વાર અનુચિત કર્મ કરી બેસે છે.

३७८–पोताना अनुभव उपरथी केदीओनी दशा सुधारनार हावर्ड

ઈંગ્લંડમાં જોન હાવર્ડ નામનો એક પરોપકારી પુરુષ થઈ ગયો છે. લિસ્બન શહેરની યાત્રા સમુદ્રમાર્ગે કરતી વખતે એના વહાણને ફ્રેંચ લોકોએ પકડી લીધું અને એને તથા એના સાથીઓને અડતાલીસ કલાક સુધી અન્ન અને પાણી વગર રાખ્યા. બ્રેસ્ટ નામના સ્થળે લઇ જઈ તેમને એક ગંદા કેદખાનામાં આઠ દિવસ સુધી ગોંધી રાખ્યા. સૂવાને માટે સૂકું ઘાસ હતું. ખાવાનું એટલું થોડું મળતું કે કેદખાનાનો સિપાઇ માંસનો એકાદ ટુકડો એમની તરફ ફેંકતો, ત્યારે તેઓ ગીધની પેઠે તૂટી પડતા. થોડા સમય પછી હાવર્ડનો છુટકારો થયો; પણ રાતદિવસ એને કેદીઓનાં દુઃખોનાજ વિચારો આવ્યા કરતા. એ વિચારતો કે, "એ લોકોએ અપરાધ

કર્યો છે એ વાત ખરી; પરંતુ એથી કરીને એમની સાથે આવી ઘાતકી વર્તણુક ચલાવવી ન જોઇએ. આખરે તો તેઓ મનુષ્યજ છે. આ દેહમાં જીવ છે ત્યાંસુધી હું એમની સ્થિતિ સુધારવા પ્રયત્ન કરીશ." એણે કેદખાનાંની મુલાકાત લીધી. તેમને રહેવાને કેવાં મકાન મળે છે, ભોજન કેવું મળે છે, સ્વચ્છતાને માટે શા ઉપાય રહેલા છે વગેરે જોયું. કારાગારના અધ્યક્ષ અને ન્યાયાધીશોને તે મળ્યો; રાજાને પ્રાર્થના કરી અને દુર્ભાગી સ્ત્રી–પુરુષો ઉપર દયા આણવા વિનતિ કરી. આખા યુરોપમાં પ્રવાસ કરી ભાષણો અને લેખોદ્વારા પ્રજામત કેળવ્યો. એના પ્રયાસથી કેદીઓની સ્થિતિ ઘણી સુધરી. એમને સારો ખોરાક મળવા લાગ્યો, સ્વચ્છ વસ્ત્ર પહેરવા મળ્યાં અને રહેવાને માટે સાફ કોટડીઓનો બંદોબસ્ત થયો. હાવર્ડના ઉપદેશને અનુસરીને હવે તો દિનપ્રતિદિન કેદીઓની સ્થિતિ વધારે સુધરતી જાય છે. એમને કેદખાનામાં ધાર્મિક અને નૈતિક શિક્ષણ મળે એવો પણ બંદોબસ્ત થવા લાગ્યો છે અને સરકાર તથા પરોપકારી સજ્જનો સમજવા લાગ્યા છે કે, કેદીઓ સદા તિરસ્કારને પાત્ર નથી, પણ દયા અને સહાનુભૂતિને પાત્ર છે. મીઠા શબ્દથી તથા સારી વર્તણૂકથી સુધારીને તેમને ઉપયોગી નાગરિક બનાવી શકાય એમ છે.

પરોપકારી હાવર્ડનું મૃત્યુ રશિયામાં ઈ. સ. ૧૭૮૯માં ચોસઠ વર્ષની વયે થયું. એનું જીવન ઘણુંજ સાદું હતું. એક પ્યાલો ચાહ કે કૉફી અને જરાક પાંઉ અને માખણ ખાઇને એ રહેતો. રાત્રે તો એ પાણી અને બટાકાજ ખાતો. દારૂ વગેરે નુકસાનકારક પદાર્થો તથા મોજશોખની વસ્તુઓની તો આડેજ જતો નહિ.

સરળ જીવન અને ઉચ્ચ વિચાર રાખનારજ જગતનું અધિક કલ્યાણ કરે છે.

३७९–जरा अने मरणने सैन्यथी नहि पण धर्माचरणथी जिताय छे

એક દિવસ પસેનદિ રાજા ખરે બપોરે બુદ્ધદેવનાં દર્શને ગયો. બુદ્ધદેવે રાજાને પૂછ્યું કે, "મહારાજ! આજ બપોરે કઈ તરફ નીકળ્યા હતા?"

રાજાએ કહ્યું કે, "મહારાજ! મારું રાજ્ય વિસ્તૃત થયું છે; તેનો હું ચિરકાળ ઉપભોગ લઈ શકું એટલા માટે હું હાલમાં પ્રયત્ન કરી રહ્યો છું."

ત્યારે બુદ્ધે કહ્યું કે, "પોતાના શત્રુનો સર્વ પ્રકારે તું બંદોબસ્ત કરે છે એ ઠીક છે; પરંતુ ધાર કે, એકાદ માણસ દોડતો આવી તને કહેશે કે, 'મહારાજ! ચારે દિશાથી મોટામોટા પર્વતો તમારી ઉપર ધસી આવે છે, તેમણે સર્વ પ્રાણીઓનો સંહાર કરવા માંડયો છે; આ વેળા તમારું જે કર્તવ્ય હોય તે તમે કરો.' આવે વખતે તું શું કરીશ?"

રાજા બોલ્યો કે, "ભગવન્! આવે પ્રસંગે મારા સૈન્યનું શું ચાલનાર છે? સદ્ધર્માચરણ સિવાય બીજું હું શું કરી શકનાર છું? તે વેળાએ મારાં પુણ્યાચરણજ મને ઉપયોગી થશે."

બુદ્ધ બોલ્યા કે, "મહારાજ! જરા અને મૃત્યુ એ મોટા પર્વતો કરતાંયે ભયંકર છે. હાથી, ઘોડા, રથ, પાયદળ ઇત્યાદિ સર્વ સૈન્યથી જરા અને મૃત્યુનો પરાજય થાય એ શક્ય નથી. બ્રાહ્મણ કે ચાંડાલ જેવો ભેદ ઘડપણ અને મૃત્યુ રાખતાં નથી; માટે સુજ્ઞ માણસે સાવધાનપણે સદ્ધર્મનું આચરણ કરવું. સદાચરણ કરનાર માણસની આ લોકમાં પ્રશંસા થાય છે અને પરલોકમાં તે સદ્‌ગતિ મેળવે છે."

३८०–अनिरुद्धसिंहनी हाजरजवाबी

ભદાવર રાજ્યના રાજા કિશનસિંહ અકબર બાદશાહના એક દરબારી હતા. એમને હમેશાં દિલ્હીમાં રહેવું પડતું હતું. એમના પુત્રનું નામ અનિરુદ્ધસિંહ હતું. નાનપણમાં એ ઘણો તોફાની હતો. આખો દિવસ રમવું અને લડવું-ઝઘડવું એજ એનું કામ હતું. રાજા કિશનસિંહ તેને ઘણુંયે સમજાવતા, પણ કાંઇ અસર થતી નહિ. કુંવર પિતાજીની આજ્ઞાને એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાખતો હતો. આથી રાજાસાહેબ એને 'કપુત' કહેતા હતા.

અકબરે અનિરુદ્ધસિંહની વાત સાંભળી. એમણે કિશનસિંહને હુકમ આપ્યો કે, "તમે તમારા પુત્રને દરબારમાં હાજર કરો. હું એને મળવા માગું છું." રાજાસાહેબ એ સાંભળીને બહુ ગભરાયા કે, એ સેતાન છોકરો આ રાજદરબારમાં આવીને કંઇ ઉત્પાત ન મચાવે તો સારું; નહિ તો બાદશાહ મને સજા કરશે. સંતાપ તો ઘણોયે થયો, પણ સમ્રાટની આજ્ઞા કેવી રીતે ઉથાપાય?

અનિરુદ્ધ પોતાના બાપની સાથે દરબારમાં જવા રવાના થયો. રસ્તામાં બાપે સારી પેઠે સમજાવ્યું કે, "દરબારમાં ગડબડ ન કરીશ; નહિ તો તોપથી ઉડાવી મૂકશે. બાદશાહ જે કાંઈ પૂછે, તેનો ઉત્તર ચતુરાઇ અને સાવધાનીથી આપજે. સમજ્યો ને?"

અનિરુદ્ધ દરબારમાં પહોંચ્યો અને બાદશાહને શિર ઝુકાવીને ઊભો રહ્યો. તેની આંખો મોટી મોટી હતી. બાદશાહે પહેલાં એજ સવાલ કર્યો કે, "કેમ રે! ભદાવરવાળાઓની આંખો આવડી મોટી કેમ હોય છે?" અનિરુદ્ધે ઘણી ચતુરાઇથી જવાબ આપ્યો કે, "હજૂર! ભદાવરમાં બેજ જાતનાં અનાજ પાકે છે, ચણા અને તુવેર; બન્ને કઠોળ. તુવેરની દાળ સાથે ચણાની રોટલી ખાતાં

મોંમાં એવી અટકી પડે છે, કે પાણીના ઘૂંટડા સાથે ગળી જવી પડે છે. એવું કરતી વખતે આંખોના ડોળા બહાર નીકળી પડે છે અને રોજ એ પ્રમાણે કસરત થવાથી આંખ મોટી થઇ ગઇ છે."

બાદશાહ એની હાજરજવાબીથી પ્રસન્ન થયા. એમણે અનિરુદ્ધસિંહને ખતૌલીનું પરગણું ઇનામમાં આપ્યું. એ પરગણામાં ઘઉં બહુ પેદા થતા હતા.

૩૮૧–भगवान बुद्ध अने अडधुं दाडम

ભગવાન બુદ્ધે પ્રગટ કર્યું હતું કે, અમુક દિવસે દીન-દુઃખીઓના કલ્યાણાર્થે પોતે ભીખ માગવા નીકળશે. એ દિવસે પ્રત્યેક મનુષ્યે આવીને ગજા પ્રમાણે દાન કરવું. નક્કી કરેલે દિવસે બુદ્ધદેવ રાજગૃહના એક વિહારમાં બિરાજ્યા અને ભિક્ષા લેવી શરૂ કરી. પ્રથમ રાજા બિંબિસાર આવ્યો અને સુવર્ણ તથા રત્નના પુષ્કળ અલંકાર ભગવાનને ચરણે ધર્યા. બુદ્ધદેવે એક હાથે તેનો સ્વીકાર કર્યો. ત્યાર પછી રાજા અજાતશત્રુ આવ્યો અને તેણે પણ એવીજ કીમતી ભેટો ધરી. બુદ્ધે એ ભેટોનો પણ એકજ હાથ વડે સ્વીકાર કર્યો. ત્યાર પછી અનેક સરદારો, વેપારીઓ અને ધનવાન પુરુષો મૂલ્યવાન ભેટો લઈને આવ્યા અને બુદ્ધદેવે એકજ હાથે તેમનો સ્વીકાર કર્યો. ત્યાર પછી એક કંગાલ વૃદ્ધ સ્ત્રી અડધું દાડમ લઇને આવી. એણે બુદ્ધદેવને પ્રણામ કર્યા અને કહ્યું કે, "ભગવાન! મને આપની ભિક્ષા સંબંધી પ્રતિજ્ઞાની વાતની હમણાંજ ખબર પડી. અડધું દાડમ તો હું એ વખતે ખાઇ ચૂકી હતી અને બાકી આટલુંજ બચ્યું હતું. મારી પાસે આપના ચરણોમાં ધરવા યોગ્ય બીજું કાંઇજ ન હોવાથી આ લાવી છું, એનો સ્વીકાર કરીને મને કૃતાર્થ કરો." બુદ્ધદેવે પોતાના બંને હાથ ધરીને

એ અડધું દાડમ સ્વીકાર્યું. આ જોઇને રાજા બિંબિસાર, અજાતશત્રુ અને બીજા બધા આશ્ચર્યચકિત થઈ ગયા. રાજા બિંબિસારે કહ્યું કે, "ભગવાન! આપનો માર્ગ અગમ્ય છે. આપે આ અજીઠા દાડમનો બંને હાથે સ્વીકાર કર્યો અને અમારી કીમતી ભેટોને એકજ હાથે સ્વીકારી, તેનું શું કારણ?" બુદ્ધદેવે સ્મિતપૂર્વક કહ્યું કે, "રાજન્! તમે મને મૂલ્યવાન વસ્તુઓ ભેટ ધરી એ વાત ખરી, પણ એ તમારી અખૂટ સંપત્તિનો દશમો ભાગ પણ નહોતો અને આટલું પણ જે આપ્યું તે કીર્તિને ખાતર આપ્યું છે; પરંતુ દરિદ્રો ઉપર દયા આણીને નિષ્કામભાવે–માત્ર પ્રભુપ્રીત્યર્થે–સાત્વિક દાનરૂપે નથી આપ્યું; ત્યારે આ ગરીબ ડોશીએ તો પોતાનું સર્વસ્વ આપી દીધું છે અને તે પણ હૃદયની ઊંડી પ્રસન્નતાપૂર્વક. દાન આપનારના આવા ઉત્તમ ભાવને લીધેજ મારી વર્તણુક એની સાથે ભિન્ન પ્રકારની હતી. હવે સમજ્યા?"

૩૮૨–हजरत उमर अने एक दारूडियो

હજરત ઉમર મુસલમાનોમાં એક પ્રખ્યાત બાદશાહ થઈ ગયા છે. એ અરબસ્તાનમાં રાજ્ય કરતા હતા. ઉમર પોતાની પ્રજાને ઘણુંજ ચાહતા હતા અને વખતોવખત વેશ બદલીને ગુપ્ત રીતે નગરચર્ચા જોવા નીકળતા હતા. એમ કરવામાં એમનો ઉદ્દેશ પોતાની પ્રજાની દશા જાતે જોવાનો અને ગરીબ લોકોનાં દુઃખ દૂર કરવાનો હતો. એક દિવસ એ શહેરમાં ફરવા નીકળ્યા. એક ઘર આગળ થઇને જતાં એમણે હસવાનો અને મશ્કરી–ઠઠ્ઠાનો અવાજ સાંભળ્યો. બાદશાહે વિચાર્યું કે, "આ લોકો કેવા મૂર્ખ છે! મોડી રાત્રિ સુધી પોતે પણ જાગે છે અને પડોશીઓને પણ જગાડે છે. એ લોકો કોણ છે અને શું કરી રહ્યા છે, તેનો પત્તો લગાડવો જોઇએ."

બાદશાહ પાસેની એક દીવાલ ઉપર ચઢી ગયા અને એક

ઊંચી બારીમાંથી મકાનની અંદર જોવા લાગ્યા. એમણે જોયું કે, એક સ્ત્રી અને પુરુષ બેઠાં છે, તેમની સામે દારૂની બાટલી છે, પ્યાલા ઉપર પ્યાલા ઊડી રહ્યા છે અને નશામાં મસ્ત થઈને તેઓ હસી રહ્યાં છે. મુસલમાનોના પવિત્ર ગ્રંથ કુરાનમાં લખ્યું છે કે, દારૂ પીવો એ મહાપાપ છે. એ વખત સુધીમાં મુસલમાન બાદશાહોએ દારૂને સ્પર્શ પણ નહોતો કર્યો; એટલે પેલા લોકોને દારૂ પીતા જોઈને બાદશાહ ઉમરને ઘણો ગુસ્સો આવ્યો અને તે ગર્જના કરીને બોલ્યા કે, "અરે બેશરમ લોકો! આવી રીતે પાપ કરવામાં તમને જરા પણ લાજ નથી આવતી? તમે એમ સમજો છો કે, ઈશ્વર તમારું આ પાપ નથી જોઈ રહ્યો?"

દારૂડિયાએ બાદશાહને ઓળખી લીધો. રાજાના ભયથી એનો નશો ઊતરી ગયો. એણે ધાર્યું કે, હવે બચવું મુશ્કેલ છે. બાદશાહ એના વાંકની માફી નહિ આપે, એ વિચારથી એ પીપળાના પાંદડાની પેઠે થરથર ધ્રૂજવા લાગ્યો; પણ એ દારૂડિયો ચતુર અને હાજરજવાબી હતો, તેથી થોડી વારમાં શાંત થઇ એણે બાદશાહને કહ્યું કે, "હજૂર! મેં એક અપરાધ કર્યો છે, તો આપે ત્રણ કર્યા છે. શું આપને પણ ખુદાનો જરા પણ ડર નથી?"

બાદશાહે પૂછ્યું કે, "મેં કયા ત્રણ ગુના કર્યા છે?"

દારૂડિયાએ કહ્યું કે, "આપ ગણવા માંડો, હું ગણાવું છું. પહેલો અપરાધ તો એ કે, ખુદાનો હુકમ છે કે, 'તારે કોઇ પડોશીનો ભેદભરમ ઉઘાડો ન પાડવો.' પણ આપે એ હુકમ માન્યો નથી; કેમકે આપ અમારો ભરમ ઉઘાડો પાડી રહ્યા છો. આપનો બીજો વાંક એ છે કે, ખુદા-તાલાનો હુકમ છે કે, 'તું કોઇને પણ ઘેર જાય તો આગલે દરવાજેથી જજે.' આપે એ આજ્ઞા પણ નથી માની; કેમકે આપ બારીમાંથી આવ્યા છો. ત્રીજો અપરાધ એ છે કે, ખુદાતાલાનો હુકમ છે કે, 'તું ગમે તેને ઘેર જાય, ત્યારે તેને

સલામ કરજે.' આપે એ હુકમને પણ તોડયો છે. કહો મેં ખરું કહ્યું હતું ને?"

દારૂડિયાનું કહેવું સાચું હતું, એટલે બાદશાહે શરમાઇને મોં નીચું કર્યું અને તેના અપરાધની ક્ષમા આપી તથા તેની પાસેથી વચન પણ લીધું કે, "હવેથી હું કદી દારૂ નહિ પીઉં."

३८३—एक साचा देशभक्तनी सादाई अने प्रमाणिकता

પ્રાચીન સમયમાં રોમમાં કુરિયસ નામનો એક પ્રસિદ્ધ નેતા થઇ ગયો છે. રોમના શત્રુઓ એનું નામ સાંભળીને કંપતા એવો એ વીર હતો. એવા વીર પુરુષો ધારે તો દેશના રાજા પણ બની શકે અને અથાગ સમૃદ્ધિ ભોગવે. આ પૃથ્વી તો વીરપુરુષોના ભોગનેજ સારુ છે ને! પરંતુ વીર કુરિયસ ભોગવિલાસમાં સુખ માનનારો નહોતો. એ તો બહુજ સાદું જીવન વ્યતીત કરતો. ગામડામાં એક નાની ઝૂંપડીમાં સાધારણ ખેડૂતની પેઠે એ રહેતો. સેમાઈટજાતિના લોકો રોમવાસીઓના શત્રુ હતા. તેમણે કુરિયસને સમજાવી—લલચાવીને પોતાના પક્ષમાં લાવવા માટે દૂતો મોકલ્યા; કેમકે કુરિયસ જેમના પક્ષમાં હોય તેમનો વિજય નિશ્ચય હતો. સેમાઈટદૂત કુરિયસને ઘેર પહોંચ્યા, ત્યારે એ દેશનાયક ચૂલા આગળ બેસીને રસોઇ કરી રહ્યો હતો. દૂતોએ તેને સોનાની એક થેલી બતાવી અને કહ્યું કે, "કુરિયસ! તમે સેમાઈટ લોકોના પક્ષમાં આવી જાઓ અને રોમવિરુદ્ધ યુદ્ધ કરો તો આ સુવર્ણ તમારું થઇ જશે."

કુરિયસે હસીને ઉત્તર આપ્યો કે, "હું વાળુને માટે ગાજર રાંધી રહ્યો છું અને જે માણસ ગાજરનું વાળુ કરી શકે, તેને તમારા સોનાની ગરજ ન હોય."

જે સોનું દેખી મુનિવર ચળે છે, તે સુવર્ણથી કુરિયસ ચલિત થયો નહિ. એણે પોતાના દેશ પ્રત્યેનું કર્તવ્ય બજાવવામાં જરા પણ કચાશ રાખી નહિ. એનું સાદું અને નિઃસ્પૃહી જીવન પોતાના સિદ્ધાંતમાં અટલ રહેવામાં સહાયભૂત થઇ પડયું હતું.

ભોગવિલાસની ટેવ મનુષ્યને સાચો ભક્ત નહિ થવા દેતાં ઘણી વાર તો અધોગતિએ પણ લઈ જાય છે.

३८४–सिनसिनेट्सनो निःस्वार्थ स्वदेशप्रेम

પ્રાચીનકાળમાં રોમના એક પ્રસિદ્ધ વંશમાં સિનસિનેટ્સ નામના એક મહાપુરુષનો જન્મ થયો હતો. દૃઢ ચરિત્ર અને ધર્મ-પરાયણતાના ગુણને લીધે એ આખા રોમનો પ્રીતિપાત્ર થઇ પડયો હતો. એ સમયે રોમમાં ગુલામીની રૂઢિ ચાલતી હતી; પરંતુ ગુલામો અને દાસદાસીઓ રાખવાં, એને તે ગૌરવનું લક્ષણ ગણતો નહિ. એ તો પોતાનેજ હાથે ખેતી કરીને એમાંથી પેદા થયેલા અન્ન વડે ગુજરાન કરતો.

ઈ. પૂર્વે ૪૫૮માં પ્રબળ શત્રુઓએ રોમરાજ્ય ઉપર ચઢાઈ કરી અને એક ભયંકર યુદ્ધમાં રોમવાસીઓનો સંપૂર્ણ પરાજય થયો. રોમવાસીઓ એથી ઘણા ભયભીત થયા અને સર્વાનુમતે નિશ્ચય કર્યો કે, "બળવાન, અસ્ત્રવિદ્યામાં નિપુણ અને સાત્ત્વિક સ્વભાવના વીર સિનસિનેટ્સનેજ હવે ડિકટેટરની પદવી આપવી. રોમમાં એ સૌથી મોટો હોદ્દો હતો. પૂરા એક વર્ષ સુધી તો ડિકટેટરના મુખમાંથી નીકળતો દરેક શબ્દ કાયદારૂપ મનાતો અને એના વચનથી પ્રચલિત કાયદા પણ રદ થઇ શકતા.

સિનસિનેટ્સને પ્રજાનો નિર્ણય જણાવી બોલાવી લાવવા દૂતો મોકલવામાં આવ્યા. દૂતો જ્યારે એને ગામ ગયા, ત્યારે એ ઘેર

નહોતો. એ તો ખેતરમાં હળ હાંકી રહ્યો હતો. જાડી હાથની કાંતેલી ઊનનો ડગલો એણે પહેર્યો હતો અને ટાઢ-તડકો વેઠ્યાથી એની મુખાકૃતિ લાલ થઇ ગઈ હતી. દેશવાસીઓની વાત સાંભળીને એ બળદોને તબેલામાં બાંધીને સીધો એવા ને એવા વેશમાં એમની સાથે રોમ ગયો. ત્યાં બધાએ એને જોઇને હર્ષનાદ કર્યો. એણે રોમનો કિલ્લો સુધરાવવાની ખટપટ કરી નહિ, તેમ વિજય મળવાની બાબતમાં જરા પણ સંદેહ આણ્યો નહિ; પરંતુ બધા રોમવાસીઓને સંબોધીને કહ્યું કે, "ભાઇઓ! જે શત્રુઓએ રોમના પવિત્ર અધિકારો ઉપર આક્રમણ કર્યું છે, તેમાંના એકને પણ તેમને દેશ પાછા જવા દેતા નહિ. વીણી વીણીને મારી નાખવા પડશે." પછી તરતજ હુકમ જારી થયો કે, "તંદુરસ્ત અને બળવાન શરીરવાળા દરેક રોમનિવાસીએ પાંચ દિવસનો ખોરાક, બાર મોટા લઠ્ઠ અને હથિયાર લઇને શત્રુઓના પડાવ તરફ કૂચ કરવી." તેના પ્રત્યે બધાને દૃઢ ભક્તિ અને વિશ્વાસ હોવાથી એના આ શબ્દોથી બધાના હૃદયમાં નવીન ઉત્સાહ અને તેજનો સંચાર થયો. અત્યાર અગાઉ નિરુત્સાહ બનેલા રોમવાસીઓ હવેજ સમજ્યા કે, દેશને ખાતર તન-મન-ધન સમર્પણ કરવું, એ પરમ કર્તવ્ય છે. સિનસિનેટ્સની સૂચના પ્રમાણે તેઓ બધા એકત્ર થયા અને શત્રુદળની તરફ કૂચ કરી. શત્રુઓ એક ખીણ આગળ પડાવ નાખીને પડ્યા હતા. તેમને આશા નહોતી કે, રોમનિવાસીઓ આટલા જલદી અમારી ખબર લેવા આવશે. રાત્રિનો સમય હોવાથી બધા ઘોર નિદ્રામાં પડ્યા હતા. સિનસિનેટ્સની આજ્ઞાથી રોમન સૈનિકોએ લઠ્ઠને ભોંયમાં મજબૂત રીતે દાટી દીધા. આથી શત્રુઓના પડાવની ચારે તરફ એક મજબૂત વાડ બંધાઇ ગઇ. પછી એ લોકોએ યુદ્ધ કરવા માટે રણશીંગાં વગાડ્યાં. શત્રુઓ જાગ્રત થઇને જુએ છે, તો પોતે જાળમાં સપડાઇ ગયા છે. બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ થયું અને

રોમવાસીઓનો સંપૂર્ણ વિજય થયો. સિનસિનેટ્સ વિજયી સૈનિકો સાથે પાછો રોમ ગયો.

રોમવાસીઓએ તેને ધન્યવાદ આપવાને માટે મોટા ઉત્સવની તૈયારી કરી હતી, પણ સિનસિનેટ્સ એ દિવસ સુધી રોમમાં રહ્યો નહિ. એણે તો ચૂપકીથી સેનેટની સભા સમક્ષ પોતાનું રાજીનામું મોકલી આપ્યું અને સીધો પોતાને ગામ ગયો. સોળ દિવસ સુધી એણે સેનાપતિનું કામ કર્યું હતું, પણ એના બદલામાં પગાર કે ઇનામરૂપે એક પાઇ પણ લીધી નહિ. એ તો ઘેર જઈ પાછો ખેતી કરવા લાગ્યો.

અપૂર્વ નિઃસ્વાર્થ, દેશભક્તિ તથા અસામાન્ય સાદા જીવનને લીધે સિનસિનેટ્સ રોમનો શ્રેષ્ઠ વીર ગણાયો છે એ યોગ્યજ છે.

૩૮૫–ઊંચું કુળ પુરુષાર્થથી ગણાય કે જન્મથી?

જાતિના અભિમાનને વશ થઈ અશ્વત્થામાએ જ્યારે મહાવીર કર્ણનો સૂતપુત્ર કહીને તિરસ્કાર કર્યો હતો, ત્યારે કર્ણે કહ્યું હતું કેઃ

" दैवायत्तं कुले जन्म मदायत्तं ही पौरुषम् ।

" કોઇ ખાસ ઊંચા કુળમાં જન્મ થવો એ તો દૈવના હાથમાં છે, પણ પુરુષાર્થ તો મારા પોતાનાજ હાથમાં છે."

હું અમુક મોટા માણસનો છોકરો છું એવું અભિમાન કરવું, એનો અર્થ તો એટલોજ કે, તમારા પૂર્વજો સારા અને મોટા પુરુષ હતા; પરંતુ તમારાં સંતાનો પણ તમારું નામ લઇને એવુંજ અભિમાન ધરાવે, એવી જો ઇચ્છા રાખતા હો તો તો તમે પોતેજ ઉદ્યમ અને પુરુષાર્થ વડે તમારી ખાનદાની દર્શાવી આપો.

૩૮૬–राजा जनकनी अनासक्ति

મુનિ યાજ્ઞવલ્કય મિથિલાનગરીની બહાર એક અરણ્યમાં રાજા જનક અને અગિયાર બ્રાહ્મણશિષ્યોને ભણાવી રહ્યા હતા. કોઇ વાર રાજા જનકને આવતાં વિલંબ થાય તો મહર્ષિ પાઠનો આરંભ કરતા નહિ, જ્યારે બીજા શિષ્યો માટે એક પણ દિવસ રાહ જોતા નહિ. જનકરાજા માટે એમને આટલો પક્ષપાત જોઇને બીજા શિષ્યો અસંતુષ્ટ રહેતા અને ગુરુની નિંદા કરતા. એક દિવસ એક જણે કહ્યું કે, "ગુરુજી દર્શનશાસ્ત્રની મોટી મોટી વાતો કરે છે અને સંસારના પદાર્થો પ્રત્યે બિલકુલ આસક્તિ ન રાખવી જોઇએ, એવો ઉપદેશ આપે છે; પરંતુ વર્તનમાં તો એ બીજા સામાન્ય કોટિના મનુષ્યો જેવાજ છે. જુઓને, જનકને માટે એ કેવા રાહ જુએ છે અને એના આવ્યા વિના પાઠનો આરંભજ નથી કરતા; જ્યારે આપણને તો જરા પણ વાર લાગે તો પાઠનું ગાડું આગળ ગબડાવે છે. આખરે રાજા તે રાજાજ." યાજ્ઞવલ્કયને કાને આ શબ્દો પડ્યા અને જનકરાજા પ્રત્યે પોતાના પક્ષપાતનું ખરું કારણ શું છે, તે શિષ્યોને સમજાવવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. એક દિવસ એમણે આત્મા વિષે વ્યાખ્યાન આપવું શરૂ કર્યું. વ્યાખ્યાન ચાલતું હતું, એવામાં પોતાના યોગબળ વડે મિથિલાનગરી સળગી રહી છે અને ભડકેભડકા નીકળી રહ્યા છે, એવું દૃશ્ય દેખાડ્યું. બ્રાહ્મણશિષ્યોનું ધ્યાન ગુરુના પાઠમાં નહોતું અને ચિત્ત આડું–અવળું ભટકતું હતું, એટલે તેમણે ભડકા જોયા અને એકબીજાને કહેવા લાગ્યા કે, "મિથિલામાં આગ લાગી ! મિથિલામાં આગ લાગી ! ચાલો, આપણે જઇને આપણો જેટલો સામાન બચાવી શકાય તેટલો બચાવી લઇએ. ગુરુજી તો ઉપદેશ આપવામાં લીન થઇ ગયા છે, એટલે એમને આપણી ગેરહાજરી જણાશે

નહિ.” એ પ્રમાણે કહીને તેઓ એકેએકે સરકવા માંડ્યા. આખા વર્ગમાં માત્ર જનક અને યાજ્ઞવલ્ક્ય બેજ જણ રહ્યા.

જનક એકાગ્રચિત્તે ઉપદેશ શ્રવણ કરી રહ્યા હતા. તેમને ગુરુએ પૂછ્યું કે, “ રાજન્! મિથિલાનગરી બળી રહી છે. આપણે થોડી વાર થોભી જઇશું ?”

જનકે ઉત્તર આપ્યો કે, “ના, ઉપદેશ આગળ ચલાવો. મિથિલા ભસ્મીભૂત થઇ જશે તો જનકનું કાંઈ જવાનું નથી; કેમકે જનક જેને કીમતી વસ્તુ ગણે છે તે તો એના પોતામાં છે, બહાર નથી.” ઋષિએ પાઠ આગળ ચલાવ્યો અને બીજા શિષ્યો મૂર્ખ બનીને વીલે મોઢે પાછા આવ્યા, ત્યારે ગુરુએ કહ્યું કે, “ તમે બધા છેતરાયા. ખરી મિથિલા સળગતી નહોતી, એ તો મેં મિથ્યા ભ્રમ ઉત્પન્ન કર્યો હતો; પણ એટલામાંજ તમારું પાણી જણાઇ આવ્યું. જનકમાં અને તમારામાં શો ભેદ છે અને શા કારણથી એમની તરફ હું પક્ષપાત દર્શાવું છું, એ તમે હવે તો બરોબર રીતે સમજ્યાજ હશો.”

૨૮૭–अबौझिटनुं धैर्य

ઘણાં વર્ષો પૂર્વે જીનિવા નગરમાં અબોઝિટ નામનો એક વૈજ્ઞાનિક રહેતો હતો. હવામાં થતા ફેરફારનું તે બારીકીથી અવલોકન કરતો અને હવાને લીધે ‘બૅરોમિટર’ વાયુયાન યંત્રમાં શા શા ફેરફાર થાય છે, તેની તે નોંધ લેતો. એ વાયુચક્રશાસ્ત્રીએ સત્તાવીસ વર્ષ સુધી લાગલાગટ અવલોકન કરીને તેનું પરિણામ એક કાગળ ઉપર નોંધી રાખ્યું હતું. એ નોંધને એ બૅરોમિટરની સાથેજ લટકાવેલું રાખતો. એનો જૂનો નોકર નોકરી છોડીને ચાલ્યો જવાથી તેણે એક દાસીને નોકર રાખી હતી. એ નવી દાસીએ

આવતાં વાર એવો વિચાર કર્યો કે, "ઘરને હું વાળીઝૂડીને એવું સાફ કરી દઉં કે શેઠ ખુશ થાય." એ વિચારથી એણે જ્યાં જ્યાં ગંદા કાગળો હતા તે બધા કાઢી નાખ્યા. બીજે દિવસે પ્રાતઃકાળે અબૌઝિટ બૅરોમિટરનું અવલોકન કરવા આવ્યો. જુએ છે તો પોતાની નોંધનો કાગળ એની સાથે લટકતો નથી.

એણે ઉત્કંઠાપૂર્વક દાસીને પૂછ્યું કે, "અહીંયાં એક કાગળ લટકી રહ્યો હતો તે ક્યાં ગયો?"

દાસીએ ઉત્તર આપ્યો કે, "સાહેબ! એ કાગળ એવો ગંદો હતો કે મેં એને બાળી નાખ્યો અને એની જગ્યાએ નવો ચોખ્ખો કાગળ બાંધ્યો છે."

વૈજ્ઞાનિકનું હૃદય વીંધાઇ ગયું, એના શોકનો પાર નહોતો, એની સત્તાવીસ વર્ષની મહેનત ધૂળમાં મળી ગઇ હતી; પણ શું કરે? એણે દાસી ઉપર મિથ્યા ક્રોધ ન કરતાં ધીરજપૂર્વક એટલુંજ કહ્યું કે, "તેં મારા સત્તાવીસ વર્ષના કામનું સત્યાનાશ વાળ્યું છે. હવેથી આ ઓરડામાં કોઇ વસ્તુને અડકતી નહિ."

૩૮૮—राजा कुमारपाळनी जीवदया

પહેલાં દેવીની ઉપાસનાનિમિત્તે પશુવધ ઘણો થતો હતો. રાજા કુમારપાળ જૈન સાધુઓના સમાગમમાં આવ્યાથી જીવદયાનો પક્ષપાતી થયો હતો. તેણે જીવહિંસાનો સર્વત્ર નિષેધ કર્યો હતો. કંટકેશ્વરી દેવીના મંદિરમાં પશુઓનું બલિદાન અપાતું હતું. આસો મહિનામાં નવરાત્રનો સમય આવ્યો, ત્યારે મંદિરના પૂજારીઓએ રાજાને જણાવ્યું કે, "અહીંયાં સપ્તમીને દિવસે સાતસો બકરા અને સાત પાડા, આઠમને દિવસે આઠસો બકરા અને આઠ પાડા અને નોમને દિવસે નવસો બકરા અને નવ પાડા રાજ્ય તર-

ફરીથી વંશપરંપરાથી દેવીને ભોગ ચઢાવવામાં આવે છે. રાજા એ વાત સાંભળીને હેમચંદ્રસૂરીની પાસે ગયો અને પ્રાચીન કુળાચારનું વર્ણન કરી શું કરવું, તે સંબંધી સલાહ પૂછી. હેમચંદ્રે રાજાના કાનમાં કાંઈક કહ્યું, એટલે રાજાએ પૂજારીને કહ્યું કે, "ઠીક, જે કાંઈ અપાતું હશે તે હું પણ રીતસર આપીશ." ત્યાર પછી રાજાએ દેવીના મંદિરમાં પશુઓ મોકલી આપ્યાં અને તાળું વસાવીને બહાર પહેરો બેસાડયો. બીજે દિવસે સવારે રાજાએ જાતે જઈને દેવીના મંદિરનું તાળું ઉઘડાવ્યું, ત્યાં પશુઓ આનંદથી સૂઈ રહ્યાં હતાં. રાજાએ પૂજારીને કહ્યું કે, "જુઓ, આ પશુઓ મેં દેવીને ભેટ કર્યાં હતાં. દેવીની ઇચ્છા એમને ખાઈ જવાની હોત તો એ જરૂર ખાઇ જાત; પરંતુ એમણે એકેનું ભક્ષણ કર્યું નથી. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, દેવીને માંસ ભાવતું નથી, તમને-ઉપાસકોને ભાવે છે; તેથીજ દેવીનું નામ અને પોતાનું કામ કરવા માગો છો." રાજાએ બધાં પશુઓને છોડાવી મૂકયાં અને એમના મૂલ્ય બરોબર રૂપિયાનું નૈવેદ્ય મંદિરમાં ચઢાવ્યું. ત્યારપછી દેવીના શાપથી કહો કે કોઇ કુદરતી કારણથી કહો; પરંતુ રાજાને કોઢનો રોગ લાગુ પડયો. રાજાના મંત્રી ઉદયને સલાહ આપી કે, "દેવીનું બલિદાન બંધ કર્યાથી આ પરિણામ આવ્યું છે; માટે તમે ફરીથી બલિદાન શરૂ કરો." પરંતુ રાજાએ કહ્યું કે, "નિર્દોષ પ્રાણીઓની હિંસા કરવા કરતાં હું મારો પોતાનો પ્રાણ જાય તે વધારે પસંદ કરું છું."

હેમચંદ્રસૂરીએ રાજાને એ સમયે સલાહ આપતાં કહ્યું હતું કે, "જુઓ, આ સંસારમાં શૂરવીર હજારો છે, વિદ્વાન, લક્ષ્મીવાન પણ અનેક છે, સર્વસ્વનું દાન કરનારા મહાદાનીઓ પણ છે; પરંતુ દુઃખીઓનું દુઃખ જોઇ કે સાંભળીને જેનું મન તદ્રૂપ થઈ જાય, એવા સત્પુરુષો તો વિરલાજ હોય છે."

૩૮૧–મહાત્મા ઈસુખ્રિસ્તની શત્રુપ્રત્યે અસાધારણ ક્ષમા

પોતાના મૃત્યુ પૂર્વે રાત્રિને સમયે ભગવાન ઈસુખ્રિસ્ત પોતાના બાર શિષ્યો સહિત ભોજન કરવા બેઠા હતા. ભોજનપૂર્વે તેમણે શિષ્યોના ચરણ ધોયા હતા. કેટલાક શિષ્યોએ એમ કરવા દેવાની આનાકાની પણ કરી હતી; પરંતુ ખ્રિસ્તે તેમને પગ ધોવાનો ખરો અર્થ સમજાવી સમાધાન કર્યું હતું.

એ દિવસે એમનો એક શિષ્ય શત્રુઓને મળી ગયો હતો અને આજ રાત્રે પોતાના ગુરુને શત્રુના હાથમાં સોંપવાની યુક્તિ તેણે રચી હતી. ખ્રિસ્તને એ વાતની ખબર પડી ગઇ હતી; તોપણ એ જરાય અકળાયા નહોતા. તેમનાં માનસિક સૌંદર્ય, શાંત સ્વભાવ, ક્ષમાશીલતા, સર્વ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ, એ બધામાં જરા પણ ન્યૂનતા આવી નહોતી. આ સમયે પણ તેમનાં નેત્રોમાં આનંદ તરવરતો હતો.

પોતે પરાધીન શત્રુને સ્વાધીન થયા પછી પોતાના કેવા ભયંકર હાલ થવાના છે, તેની તેમને સારી કલ્પના હતી; પણ તેથી પોતાના શત્રુ માટે તેમનું મન જરા પણ કલુષિત થયું નહોતું.

ખ્રિસ્તે પોતાની પત્રાળીમાંથી એક કોળિયો લઇને સર્વ શિષ્યો તરફ જોઇને કહ્યું કે, "પ્યારા શિષ્યો ! તમારામાંનો એક આજ મારા ઉપર ગુસ્સે થયેલો છે." ગુરુનાં એ વચનથી સર્વને આશ્ચર્ય લાગ્યું અને બધા એકબીજાના સામું જોવા લાગ્યા, પ્રત્યેકનું હૃદય ગુરુ માટે પ્રેમપૂર્ણ હતું, પ્રત્યેકે કરુણ સ્વરથી પૂછ્યું કે, "પ્રભો ! શું હું કે ?"

ખ્રિસ્તે તેમના તરફ પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાખીને કહ્યું કે, "નહિ, જેના મુખમાં હું કોળિયો ઘાલું તે." એમ કહી તેમણે એક શિષ્ય-

ની પાસે જઇ તેના મુખમાં કોળિયો મૂકચો. બીજો કોઇ પ્રસંગ હોત તો ગુરુના આ કૃપાપ્રસાદ માટે પ્રત્યેક શિષ્યની ચડસાચડસી ચાલુ થાત, પણ આ તો વિષની ગોળી હતી, હડહડતું લાંછન હતું! પ્રત્યેક જણ ભયથી પાછો હટતો હતો. જેના મુખમાં તે કોળિયો ઘાલ્યો હતો, તેને હૃદય નહોતું અને તેથીજ તેને કાંઇ પણ વિચાર આવ્યો નહિ! ખ્રિસ્તે તેની પીઠ ઉપર હાથ મૂકીને પ્રેમપૂર્વક કહ્યું: "યહૂદા! સમય થવા આવ્યો, તારે કામે જા ને!" પોતાના ગુરુનો એ પ્રેમ જોઇને યહૂદાને કંઇનું કંઇ થઇ ગયું. તે ત્યાંથી ચાલી નીકળ્યો, પણ એ નરાધમનું હૃદય પીગળ્યું નહિ. તે ખ્રિસ્તના શત્રુઓની પાસે ગયો અને પહેલેથી રચી રાખેલા કાવત્રા પ્રમાણે હથિયારબંધ સિપાઇઓ લઇ જઇને ખ્રિસ્તને પકડાવી દીધા. ઈસુએ તે સમયે પણ તેના તરફ ક્રોધની દૃષ્ટિથી જોયું નહિ. એ ઢાંગીએ ચુંબન કર્યું તે પણ સ્વીકાર્યું અને ક્ષમા તથા દયાપૂર્વક તેના તરફ નજર નાખી!

પોતાના ગુરુને હથિયારબંધ સિપાઇઓ પકડી જાય છે, એ જોઇને એક શિષ્યને ઘણોજ ક્રોધ ચઢ્યો અને તેણે તલવાર વડે એક સિપાઇનો કાન કાપી નાખ્યો; ત્યારે ઈસુખ્રિસ્તે તેને કહ્યું કે, "અરે! હાથ પાછો ખેંચી લે-તલવાર ચલાવનાર તલવારનાજ ભોગ થઇ પડે છે."

ત્યાર પછી ખ્રિસ્તને ન્યાયસભામાં લઇ જવામાં આવ્યા. રોમન અધિકારીઓએ તેમને નિર્દોષ ઠરાવી છોડી મૂકચા, પણ યહૂદી લોકોને તે વાત ગમી નહી અને તેમણે તેમને છોડચા નહિ. તેમણે ઈસુની ગમે તેવી મશ્કરી કરવા માંડી અને પછી નિષ્ઠુર મનથી સ્તંભ ઉપર ચઢાવી તેમના હાથપગમાં ખીલા ઠોકી દીધા! પરંતુ મરતી વખતે પણ તે પુણ્યપુરુષે શત્રુઓને પણ આશીર્વાદ દીધા અને તેમના અપરાધ બદ્દલ પ્રભુ પાસે માગ્યું કે, "હે પ્રભુ! આ યહૂદી

કેવાં ખરાબ કામો કરે છે, તેની તેમને ખબર નથી; તું તેમને ક્ષમા કર એવી મારી પ્રાર્થના છે." ક્ષમાનું કેવું ઉત્કૃષ્ટ ઉદાહરણ! ×

૩૯૦–आत्मज्ञानी स्वदेशसेविकाओ

ઈ. સ. ૧૯૧૩માં ટ્રાન્સવાલમાં પ્રવેશ કરવા સારુ સત્યાગ્રહની કૂચ શરૂ થઇ, તે વખતે બે ભારતવાસી સ્ત્રીઓ પોતાનાં બાળકો સાથે એમાં જોડાઇ હતી. એકના બાળકને કૂચમાં શરદી થઈને તે મરણને શરણ થયું. બીજીનું બાળક એક વોંકળો ઓળંગતાં તેની કૂંખેથી પડી ગયું અને ધોધમાં તણાઇ ડૂબી મર્યું; પણ માતા નિરાશ ન થઈ. બન્નેએ પોતાની કૂચ જારી રાખી. એકે કહ્યું કે, "આપણે મૂએલાંનો શોક કરીને શું કરીશું? તે કંઇ પાછાં આવશે? જીવતાંની સેવા કરવી એ આપણો ધર્મ છે." કેટલી બધી શાંતિ, વીરતા, પ્રભુ ઉપર દઢ શ્રદ્ધા તથા કેવું સાચું આત્મજ્ઞાન આ શબ્દોમાં ભરેલું છે! ('દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' ભા. ૨માંથી)

૩૯૧–शुभाए अद्‌भुत साहस वडे करेलुं शियळनुं रक्षण

શુભા નામની એક બૌદ્ધ ભિક્ષુણી એક દિવસ જીવકવૈદ્યના આમ્રવન તરફ એકલી જઈ રહી હતી. માર્ગમાં તેને એક લુચ્ચો માણસ મળ્યો. શોભાનું સુંદર રૂપ જોઇ તે લલચાયો અને પોતાની દુષ્ટ વાસના તૃપ્ત કરવાને તેને વિનવવા લાગ્યો. શુભાએ તેને અનેક પ્રકારનો ઉપદેશ આપ્યો; પણ કામવિકારને વશ થનાર મનુષ્યની

× 'જ્ઞાનસુધા' પુ. ૨૭, અંક ૨માં રા. રા. પરીખ મણિલાલના લેખ ઉપરથી

સારાસાર પારખવાની શક્તિ લોપ પામે છે; એટલે એ કામાંધ પુરુષ ઉપર તેની કાંઇજ અસર થઈ નહિ. આખરે એ મનુષ્ય બળાત્કાર કરવાની તૈયારી કરવા લાગ્યો અને શુભાને સ્પષ્ટ જણાવી દીધું કે, "હે સુંદરી ! આ તારાં સુંદર નેત્રો જોઇને હું કામવિકારથી પીડાઉં છું. સુંદરી ! મને તારા વગર આ જગતમાં બીજું કાંઇ પ્રિય લાગતું નથી."

શુભાએ કહ્યું કે, "એટલુંજ ને? મારી આંખોનીજ તને ઇચ્છા છે? એના ઉપરજ તું મુગ્ધ છે? લે ત્યારે આ મારું લોચન!" એમ કહી તેણે પોતાની આંગળી વડે પોતાનો ડોળો ખેંચી કાઢીને તેના હાથમાં મૂક્યો. પવિત્ર સન્નારી શુભાનું આ કૃત્ય જોઇને પેલો કામી પુરુષ તો ગભરાઇ ગયો અને તેને સાષ્ટાંગ નમસ્કાર કરીને તેની ક્ષમા માગી.

ભિક્ષુણીઓ ઉપર આવા પ્રસંગો ન આવે તેટલા માટે તેમણે એકલાં રહેવું નહિ, એવો બુદ્ધ ભગવાને વિચારપૂર્વક નિયમ બાંધ્યો હતો.

(શ્રીયુત ધર્માનંદજી કોશાંબીના લેખ ઉપરથી)

३९२–खरो वैष्णव कोण ?

વૈષ્ણવ કોને કહેવો, એ સંબંધી એક વાર ચૈતન્યદેવના શિષ્યોમાં ચર્ચા ઉત્પન્ન થઇ. કોઇ કહે કે, "જે વૈષ્ણવપંથનો સેવક હોય તે વૈષ્ણવ." બીજો કહે કે, "અમુક પ્રકારનાં વસ્ત્ર પહેરનાર તથા અમુક પ્રકારનું તિલક કરનાર વૈષ્ણવ કહેવાય." ચૈતન્ય મહારાજ પાસે આ તકરાર જતાં તેમણે વૈષ્ણવનો અર્થ એવો કર્યો કે, "બીજાને જોઇને જેના મુખમાંથી હરિ નામનો ઉચ્ચાર થાય છે, ઈશ્વરનું ભાન થાય છે, તેને વૈષ્ણવ જાણવો. સર્વમાં ઈશ્વરની દિવ્યતાનો અંશ જે જુએ છે તેજ ખરો વૈષ્ણવ. આવો વૈષ્ણવ સર્વની

સેવામાં ઈશ્વિરની સેવા સમજે છે. આવા ખરા ભગવદ્‌ભક્તની સેવા કરવી એ વૈષ્ણવસેવા." ('જ્ઞાનસુધા' પુ. ૨૭ માંથી)

૩૯૩–कबीरजीनो हरिनाममां दृढ विश्वास

એક પાપી માણુસને એક વખત પોતાના પાપને માટે અત્યંત પશ્ચાત્તાપ થયો. તેને કોઈક સાધુએ કહ્યું કે, "તું સંત કબીર પાસે જા. તે તારા ચિત્તનું સાંત્વન કરશે." પોતાના દુઃખી ચિત્તને શાંતિ આપવા અને ફરીથી પાપવૃત્તિ ન થાય તેનો ઉપાય જાણવા માટે તરતજ તે કબીરજીને ઘેર ગયો. ઘેર ખબર કાઢતાં જણાયું કે, કબીરજી એ વખતે ઘેર નહોતા અને ક્યાં ગયા હતા અથવા ક્યારે પાછા આવવાના હતા, તે પણ કોઈ જાણતું નહોતું. તે મનુષ્યે નિરાશ થઈને અત્યંત રુદન કરવા માંડયું અને કબીરજીની પત્નીને કહ્યું કે, "મૈયા! તમે ભગવદ્‌ભક્તના સહવાસમાં આટલાં વર્ષ રહ્યાં છો, તો તમે મારા મનની વ્યથા મટાડવાનું ઔષધ બતાવો." કબીરની સ્ત્રીએ તેના મનની વ્યાકુળતા જોઇ કહ્યું કે, "ભાઈ! તું પ્રથમ ગંગાસ્નાન કરી આવ અને પછી ત્રણ વખત હરિનું નામ જપજે." પાપવૃત્તિ મટાડવાનું આવું ઔષધ મળવાથી તે બિચારો આનંદમાં આવી નાચવા–કૂદવા લાગ્યો. આંખમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં અને અત્યંત ગદ્ગદિત કંઠે હરિનું પુણ્યનામ લેતો લેતો એ તો રસ્તે ચાલવા લાગ્યો. દૈવસંયોગે રસ્તામાં તેને કબીરજી મળ્યા. તેઓ એકબીજાને ઓળખતા નહોતા. કબીરજીએ તેને કહ્યું કે, "ભાઈ! તેં તો હરિનામની ગર્જના કરીને તારી પોતાની સાથે મને પણ કૃતાર્થ કર્યો છે. તારો ઇતિહાસ અડચણ ન હોય તો મને કહીશ?" તે માણસે પોતાનો બધો વૃત્તાંત અથથી ઇતિ સુધી કહી સંભળાવ્યો. કબીરની ધર્મ-

પત્નીએ પોતાને કેવી દીક્ષા આપી હતી, તે પણ નિવેદન કર્યું. એ સાંભળીને કબીર આંસુભરેલી આંખે, ખેદપૂર્ણ હૃદયે ધીમે ધીમે ઘેર આવ્યા અને પોતાની પત્નીને કહેવા લાગ્યા કે, "મારા ઘરમાં હજી આટલો અવિશ્વાસ છે એ જાણી મને ઘણુંજ દુ:ખ થયું છે." સ્ત્રીને કાંઇ સમજણ પડી નહિ. ત્યારે કબીરજી બોલ્યા કે, "પેલા પાપી મનુષ્યને તેં ત્રણ વાર હરિનું નામ લેવાનું કહ્યું. હરિનું પવિત્ર નામ શુદ્ધ હૃદયથી એકજ વાર લેવાથી સમગ્ર બ્રહ્માંડનાં પાપ નાશ પામે છે, એવો વિશ્વાસ મારા ઘરમાં નથી, એ જાણી મને બહુ દુ:ખ થયું છે." ('જ્ઞાનસુધા' પુ. ૨૭માંથી)

૩૯૪–પૂર્ણ નામના બૌદ્ધ સાધુની સંપૂર્ણતા

પૂર્ણ નામનો બુદ્ધ ભગવાનનો એક શિષ્ય હતો. તે એક દિવસ બુદ્ધદેવ પાસે આવ્યો અને પોતાને સંક્ષેપમાં ધર્મોપદેશ કરવાની વિનંતિ કરી. ઉપદેશ પૂરો થયા પછી બુદ્ધદેવે પૂછ્યું કે, "પૂર્ણ! હવે તું કયા પ્રદેશમાં જઇશ?"

પૂર્ણ–ભગવાન! આ આપના ઉપદેશને ગ્રહણ કરીને હું હવે 'સુનાપરંત' નામના પ્રદેશમાં જનાર છું.

બુદ્ધ–પૂર્ણ! સુનાપરંત પ્રાંતના લોકો અતિ કઠોર છે, બહુ ક્રૂર છે; તેઓ જ્યારે તને ગાળો દેશે, તારી નિંદા કરશે, ત્યારે તને કેવું લાગશે?

પૂર્ણ–તે વખતે, હે ભગવન્! આ લોકો બહુ સારા છે, કારણ કે તેમણે મારા ઉપર હાથથી પ્રહાર કર્યો નથી એમ મને લાગશે.

બુદ્ધ–અને જો તેમણે તારી ઉપર હાથથી પ્રહાર કર્યો તો?

પૂર્ણ–મને તેમણે પથ્થરથી તો માર્યો નહિ! માટે તે લોકો સારાજ છે, એમ હું સમજીશ.

બુદ્ધ–અને પથરાઓથી માર્યો તો?

પૂર્ણ–મારા ઉપર દંડપ્રહાર કર્યો નહિ, તેથી તેઓ બહુ સારા લોકો છે, એમ હું સમજીશ.

બુદ્ધ–અને દંડપ્રહાર કર્યો તો ?

પૂર્ણ–શસ્ત્રપ્રહાર કર્યો નહિ એ તેમની ભલાઈ છે, એમ સમજીશ.

બુદ્ધ–અને શસ્ત્રપ્રહાર કર્યો તો ?

પૂર્ણ–મને ઠાર માર્યો નહિ એ તેમની ભલાઇ છે, એમ સમજીશ.

બુદ્ધ–અને તને ઠાર માર્યો તો ?

પૂર્ણ–ભગવન્ ! કેટલાએ ભિક્ષુ આ શરીરથી કંટાળીને આત્મઘાત કરે છે. એવા શરીરનો જો આ સુનાપરંતના રહેવાસીઓએ નાશ કર્યો તો તો તેમણે મારા ઉપર ઉપકાર કર્યો, એમ હું માનીશ અને તેથી તે લોકો બહુજ સારા છે.

બુદ્ધ–સાધુ ! શાબાશ ! પૂર્ણ સાધુ ! આવા પ્રકારના શમ–દમથી યુક્ત હોવાથી જરૂર તું સુનાપરંત પ્રદેશમાં ધર્મોપદેશ કરવાને સમર્થ થઈશ.

૩૯૫–તુર્કસ્તાનના રાજાએ સિકંદરને શરમાવ્યો

બાદશાહ સિકંદર રાજગાદીએ બેઠા પછી દિગ્વિજય કરવા નીકળ્યો હતો. અનેક દેશ જીતતો એ તુર્કસ્તાનમાં જઈ પહોંચ્યો. જ્યારે તેની ફોજ તુર્કસ્તાનની હદ ઉપર પહોંચી, ત્યારે વજીરે ત્યાંના રાજાને એ બાબતની ખબર આપી. રાજાએ કહ્યું કે, "આવવા દો, પરવા નહિ. હું એને એક પળમાં હરાવી દઈશ." જ્યારે સિકંદરની ફોજ તુર્કસ્તાનની હદમાં દાખલ થઈ ગઈ, ત્યારે વજીરે ફરીથી રાજાને ખબર મોકલાવી; પણ રાજાએ એનો એજ ઉત્તર આપ્યો. સિકંદર જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ પ્રધાન રાજાને સમજાવતો ગયો; પણ રાજાએ જરા પણ પરવા ન કરી અને પહેલાંની પેઠેજ ઉત્તર આપતો રહ્યો કે, "આવે છે તો આ-

વવા દો. હું એને પળવારમાં પરાજિત કરીશ.” લોકો વિચારતા કે, “આ રાજાને થયું છે શું ? એની અક્કલ બહેર મારી ગઇ છે. આવો પ્રબળ શત્રુ છાતી ઉપર આવી ઊભો છે અને રાજાને કાંઈ ચિંતાજ નથી !”

આખરે સિકંદરે રાજધાનીની છેક પાસે આવીને પડાવ નાખ્યો; એટલે રાજાએ તેની પાસે સંદેશો મોકલ્યો કે, “હું આપને મળવા આવું છું.” પછી તે સિકંદરની ફોજમાં ગયો. સિકંદર તેને ઘણા સન્માનપૂર્વક પોતાના તંબૂમાં લઇ ગયો. બન્ને રાજા ઘણા પ્રેમથી એકબીજાને મળ્યા અને લાંબા વખત સુધી આડીઅવળી વાતો કરતા રહ્યા. વિદાય થતી વખતે રાજાએ સિકંદરને કહ્યું કે, “કાલે મારે ત્યાં ભોજનનું આમંત્રણ છે. આપ આપના બધા સાથીઓ, અમલદારો વગેરે સહિત પધારવાની કૃપા કરશો તો હું ઘણો ઉપકૃત થઇશ.” સિકંદરે ઘણી ખુશીથી આમંત્રણ સ્વીકાર્યું.

બીજે દિવસે રાજાએ સિકંદરને બોલાવવા માટે પોતાના કુમારને મોકલ્યો. સિકંદર ઘણા ઠાઠમાઠની સાથે ત્યાં પહોંચ્યો. રાજા ઘણા આદરપૂર્વક તેને મહેલમાં લઇ ગયો અને પોતાની પાસે રાજગાદી ઉપર બેસાડ્યો. ઘણી વાર સુધી બન્ને જણા વાતો કરતા રહ્યા.

સામે મેજ ઉપર સોનાચાંદીના થાળ ભરતકામવાળા રેશમી રૂમાલોથી ઢાંકેલા પડ્યા હતા. રાજાએ થાળ, તરફ ઇશારો કરીને કહ્યું કે, “ચાલો, ભોજન તૈયાર છે.” ભોજન કરવાની ઇચ્છાથી સિકંદરના સાથીઓએ ખુશી થઈ જઇને થાળીઓ ઉપરના રૂમાલ ઉપાડ્યા, પણ ત્યાં શું જુએ છે ! થાળોમાં ભોજનને બદલે હીરામોતી ગોઠવેલાં છે. એ તમાશો જોઇને બધાય આશ્ચર્ય પામ્યા. બાદશાહે રાજાને કહ્યું કે, “આ શું ? તમે અમારી મશ્કરી કરી રહ્યા છો ? હું સમજતો હતો કે, આ થાળોમાં સ્વાદિષ્ટ ભોજન પીરસેલાં હશે.”

રાજાએ ઉત્તર આપ્યો કે, "શું ભોજનમાં કાંઇ ખામી છે? આપ ખુશીથી ભોજન કરો ને! આપ જેવું ભોજન ખાવા આવ્યા છો, તેવુંજ ભોજન મેં પીરસ્યું છે. મેં તો એવું ધાર્યું હતું કે, સ્વાદિષ્ટ ભોજન તો ગ્રીસમાં પણ આપને ઘણું મળી શકે એમ હતું. એની ખાતર આપ આટલે દૂર આવવાની તસ્દી થોડાજ લેત? જે મતલબથી આપે અહીં પધારવાની તસ્દી લીધી છે, તે મતલબ મેં આજે પૂર્ણ કરી છે. આપ આ થાળો ઉપડાવીને લઈ જાઓ. એ ભોજનમાં કાંઇ ઊણપ રહી હોય તો એવું કહી દો."

એ સાંભળીને સિકંદર અને તેના સાથીઓ બહુ શરમાયા. એમણે પોતાના પડાવમાં જવાનો વિચાર કર્યો, પણ રાજાએ માન્યું નહિ. એણે હીરામોતીથી ભરેલા થાળ સિકંદરની પાસે મોકલાવી આપ્યા. સિકંદર બીજેજ દિવસે ફોજની સાથે ત્યાંથી કૂચ કરી ગયો. રાજાએ કહ્યું હતું તેવુંજ કરી બતાવ્યું.

લાલચ બહુ ભૂંડી વસ્તુ છે. એણેજ વિશ્વવિજયી રાજા સિકંદરનું માથું શરમને લીધે નીચું નમાવ્યું. સમજુ માણસોએ લાલચથી દૂરજ રહેવું જોઈએ.

('મનોહર ઐતિહાસિક કહાનિયાં' માંથી)

૨૧૬--कार्य संपूर्ण अने सुंदर केवी रीते थाय छे?

યુરોપનો પ્રસિદ્ધ શિલ્પી માઇકલ એન્જેલો આરસપહાણની એક સુંદર મૂર્તિ ઘડી રહ્યો હતો. એક મિત્ર કે જેણે એ મૂર્તિને આઠ દિવસ પૂર્વે જોઈ હતી તેણે કહ્યું કે, "માઇકલ! આ આઠ દિવસમાં તો તેં કાંઇજ કામ નથી કર્યું!" માઇકલે જવાબ આપ્યો કે, "એ આઠ દિવસમાં તો મેં બહુ સખ્ત પરિશ્રમ કર્યો છે. કપાળની કરચલીને જરા ઊંડી કાપી છે, આંખનાં ભવાં બદલી નાખ્યાં

છે અને મુખ ઉપર એક નવી રેખા ઉમેરી છે.”

તેના મિત્રે કહ્યું કે, “હા, એ બધું ખરું; પણ એ તો બહુ નજીવા ફેરફારો છે.”

મહાન શિલ્પીએ કહ્યું કે, “નજીવા બેશક છે, પણ એવા નજીવા સુધારા–વધારાથીજ કામમાં સફાઇ અને સંપૂર્ણતા આવે છે.”

ધૈર્યપૂર્વક સામાન્ય વિગતો ઉપર ધ્યાન આપ્યાથીજ દરેક માણસ પોતાના કાર્યમાં સારી સફળતા મેળવી શકે છે.

૩૯૭–ગોલ્ડસ્મિથ અને દુઃખી સ્ત્રી

ઇંગ્લેંડની પશ્ચિમદિશામાં આયર્લેંડ નામનો એક ઘણો સુંદર પ્રદેશ છે. ત્યાં ગોલ્ડસ્મિથ કરીને એક ઘણા સારા માણસ થઇ ગયા છે. બીજાંઓનાં દુઃખ જોઇને એમનું હૃદય પીગળી જતું હતું. એ ઘણાજ દયાળુ હતા અને દુઃખીઓની સેવા કર્યા કરતા હતા. એમના ગામમાં એક વાર એક સ્ત્રી ગરીબીને લીધે ઘણુંજ દુઃખ ભોગવી રહી હતી. દુઃખ અસહ્ય થઇ પડયું, ત્યારે તેણે ગોલ્ડસ્મિથ સાહેબ પાસે એક ચિઠ્ઠી મોકલી, તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:

“ દયાળુ મહાશય !

“ હું ઘણાજ દુઃખમાં આવી પડી છું. મારા પતિ ઘણા દિવસથી માંદા છે અને એમની દશા બહુ ખરાબ થતી જાય છે. બચવાની કોઈ આશા નથી. હું શરમની મારી આપની પાસે આવી શકતી નથી. આપ મારે ઘેર પધારવાની અને મારા પતિને દવાદારૂ કરવાની તસ્દી લેશો, તો આ દુઃખી સ્ત્રી ઉપર મોટો ઉપકાર થશે. હું કદી પણ આપનો ઉપકાર ભૂલીશ નહિ.”

આ પત્ર વાંચીને ગોલ્ડસ્મિથને ઘણુંજ દુઃખ થયું. એ તરતજ એ સ્ત્રીને ઘેર જઈ પહોંચ્યા. તેમણે જોયું કે, એનો પતિ એક તૂટેલા ખાટલામાં પડ્યો પડ્યો તરફડિયાં મારી રહ્યો છે. એની એ દશા

જોઇને ગોલ્ડસ્મિથની આંખોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. તપાસ કરતાં જણાયું કે, એ માણુસને ભૂખનો રોગ છે. કેટલાયે દિવસથી ભોજન મળેલું નહિ હોવાથી તેની આ દશા થઇ ગઈ હતી. જો એને થોડા દિવસ સુધી ધરાઇને ખાવાનું મળે તો એનો રોગ જતો રહે. એ મનમાં વિચાર કરવા લાગ્યા કે, " હું તો દરરોજ ભાતભાતનાં પકવાન્ન ખાઉં છું અને આ બિચારો ભોજન વગર મરી રહ્યો છે! કેવું મોટું પાપ છે! ઈશ્વરે મને આટલું બધું ધન એટલા માટે નથી આપ્યું, કે હું એકલોજ એનો ઉપયોગ કરું. એણે મને ધન આપીને સુખી કર્યો છે, તો મારે પણ ધન વડે એ દુઃખી લોકોની સેવા કરવી જોઇએ." એવો વિચાર કરીને એ બોલ્યા કે, " હવે તમે કોઇ પણ વાતની ચિંતા ન કરશો. રોગ અસાધ્ય નથી. હું હમણાં જઈને દવા મોકલું છું, તેથી રોગ મટી જશે." એમ કહી એ પોતાને ઘેર ગયા.

ઘેર જઇને તેમણે નોકરની સાથે એ સ્ત્રીની પાસે એક નાનો સરખો ડબ્બો મોકલ્યો. એ ડબ્બાની ઉપર લખેલું હતું કે, " જરૂર પડે તો આમાંની દવા કામમાં લેશો."

એ લોકોએ ઘણી આશાપૂર્વક એ ડબ્બાને ઉઘાડ્યો, તો એમાંથી ખણુણુણ કરતી દસ સોનામહોર નીકળી આવી. એ દીન–દુખિયાંઓના હર્ષનો પાર રહ્યો નહિ. એમનાં કરમાઇ ગયેલાં મુખ ઉપર પાછી લાલાશ આવી. એમને ખાતરી થઈ કે, હવે અમારું દળદર દૂર થઇ ગયું. એ દિવસથી ગોલ્ડસ્મિથ સાહેબનો પાડ તેઓ કદી ન ભૂલ્યાં અને રાતદિવસ એમને આશીર્વાદ દેતાં રહ્યાં.

જે ભાગ્યશાળી મનુષ્યોને ઈશ્વરે ધન આપ્યું હોય, તેમણે ગોલ્ડસ્મિથની પેઠે પરોપકારમાં તેને વાપરવું જોઇએ. સ્વાર્થી માણુસની પેઠે પોતાનાજ સુખ અને એશઆરામમાં એનો ઉપયોગ કરીને સંતોષ ન માનવો જોઇએ.

૩૧૮–દુઃખીનો બેલી

પૂર્વકાળમાં પૅરિસમાં સંત જર્મેઇન નામનો એક સાધુચરિત પાદરી રહેતો હતો. એ દેશનો રાજા તેના તરફ ઘણો પૂજ્યભાવ ધરાવતો હતો. એક દિવસ રાજાએ તેને એક સુંદર પાણીદાર ઘોડો ભેટ આપીને કહ્યું કે, "આ સુંદર અશ્વ આપનાજ ઉપયોગ સારુ અર્પણ કરું છું."

સાધુ જર્મેઇનને ગુલામોની સ્થિતિ જોઇને ઘણી દયા ઊપજતી હતી. એક દુઃખી ગુલામને એ છોડાવવા માગતો હતો, પણ તેના માલિકને તેનું મૂલ્ય આપવા જેટલા પૈસા એની પાસે ન હતા. રાજાની આ ભેટ આવતાં એનામાં આશાનો સંચાર થયો. પોતાનાજ સુખ સારુ રાજાએ આપેલી મૂલ્યવાન ભેટને તેણે વેચી દીધી અને તેમાંથી ઊપજેલાં નાણાં વડે એ ગુલામને દાસત્વની બેડીમાંથી મુક્ત કર્યો. આ કૃત્યથી પૅરિસવાસીઓ એ સાધુ ઉપર ઘણા પ્રસન્ન થયા અને તેની પ્રશંસા કરવા લાગ્યા કે, "કેવો દયાળુ સાધુ! રાજાએ અર્પણ કરેલા કીમતી ઘોડા કરતાં તેણે ગુલામના છુટકારાને વધારે કીમતી ગણ્યો!"

૩૧૯–જુલિયસ સિઝરનો આવેશ ઉપર કાબૂ

જુલિયસ સિઝર રોમનો પ્રસિદ્ધ સેનાપતિ હતો. લાખો સિપાઇઓના સૈન્યને એ કાબૂમાં રાખી શકતો અને ગમે તેવી ભયંકર લડાઇમાં પણ વિજય મેળવતો; પરંતુ બહારના શત્રુઓ ઉપર વિજય મેળવતાં પહેલાં એણે અંદરના શત્રુઓ ઉપર વિજય મેળવ્યો હતો. ક્રોધને વશ કરવા સારુ એણે ખાસ પ્રયત્ન કર્યો હતો; કેમકે ક્રોધના આવેશમાં મનુષ્ય પોતાનું સમતોલપણું ખોઈ બેસે છે અને તે

વિચારપૂર્વક કામ કરી શકતો નથી. એને જ્યારે કોઇને મારવાની કે એવું કોઇ સાહસી કામ કરવાની વૃત્તિ થઈ આવતી, ત્યારે કુશળ સારથિ ઘોડાની લગામને એકદમ રોકે, તેમ એ પોતાના આવેશને રોકતો અને વીસ ગણી શકાય એટલી વાર થોભતો. એટલા ટૂંકા સમય સુધી પણ સ્વસ્થ થવાથી ખરું શું છે અને ખોટું શું છે, તે એને સ્પષ્ટ જણાતું. એ વખતે એના વિચારોમાં વધારે ડહાપણ આવતું. આવા અભ્યાસથી સિઝર વધારે બળવાન થયો અને તેણે ઘણાં મહાન કાર્યો કર્યાં.

૪૦૦–राजा कुमारपाळनी प्रजावत्सलता

રાજા કુમારપાળના સમયમાં પરા–પૂર્વથી ચાલતો આવેલો નિયમ એવો હતો કે, નિઃસંતાન પુરુષના મરી ગયા પછી તેની મિલકત રાજ્યમાં જતી. આ પ્રમાણે એને બોતેર લાખ રૂપિયાની આવક હતી; કેમકે એ વખતે ગુજરાતનો પ્રદેશ ઘણો સમૃદ્ધિશાળી હતો. લખપતિ અને કરોડપતિ શેઠિયાઓ અનેક હતા. રાજા કુમારપાળને એ નિયમ અન્યાયભરેલો લાગ્યો; તેથી તેણે આજ્ઞા પ્રગટ કરી કે, "હવેથી નિઃસંતાન મરી જનાર મનુષ્યનું ધન રાજ્યના ખજાનામાં દાખલ કરવામાં નહિ આવે." આ સુકૃત્યથી ચારે દિશામાં એની પ્રશંસા થઇ રહી. વિદ્વાન હેમચંદ્રસૂરીએ પણ એની પ્રશંસામાં એ વખતે નીચેનો શ્લોક રચ્યો હતોઃ

अपुत्राणां धनं गृह्णन् पुत्रो भवति पार्थिवः ।
त्वं तु संतोषतो मुञ्चन्सत्यं राजपितामहः ॥

"સારાંશ કે, અપુત્રોનું ધન ગ્રહણ કર્યાથી રાજા એમનો પુત્ર બને છે; પરંતુ આપે તો સંતોષપૂર્વક એ ધનને છોડી દીધેલું હોવાથી રાજપિતામહ બન્યા છો."

૪૦૧—आदर्श साधु बेवननो पश्चात्ताप

સત્તરમા સૈકામાં યુરોપમાં સંત બેવન નામનો એક સાધુ થઈ ગયો છે. પૂર્વાવસ્થામાં એ ઘણો ધનવાન હતો અને એની સેવામાં અનેક ગુલામો રહેતા હતા. કોઈ પુણ્યબળે એના હૃદયમાં વૈરાગ્યનો ઉદય થયો અને ઘરબાર તથા ધન—વૈભવનો ત્યાગ કરીને ગેન્ટ નગરીની પાસેના એક અરણ્યમાં જઈને નિવાસ કરવા લાગ્યો. તેણે સાધુનુંજ જીવન ગાળવા માંડયું અને એક વૃક્ષના પોલાણમાંજ પોતાનો આશ્રમ બનાવ્યો. સમૃદ્ધિના સમયમાં કરેલાં પાપકર્મોનો એને ઘણોજ પશ્ચાત્તાપ થતો હોવાથી, તે પોતાની પીઠ ઉપર ભારે પથ્થર મૂકીને ફરતો. આ પ્રમાણે એ પોતાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરીને હૃદયની વ્યથા ઓછી કરતો.

એક દિવસ એણે પોતાના એક જૂના ગુલામને ત્યાં આગળ આવતો જોયો. એ મનુષ્યને એણે ખૂબ મારીને બીજા કોઈને વેચ્યો હતો.

એને જોતાંવારજ બેવનનું હૃદય પશ્ચાત્તાપથી બળવા લાગ્યું અને નમ્ર થઈને એ ગુલામના ચરણમાં ઢળી પડચો તથા કહેવા લાગ્યો કે, “જો ભાઈ! હું તેજ નરાધમ છું, કે જેણે તને બાંધી રાખીને બીજા શેઠને વેચ્યો હતો. ભાઇ! મેં તારા જે જે અપરાધ કર્યા છે, તેનું સ્મરણ કર અને મારી એક પ્રાર્થના પૂરી કર. મારા હાથપગ બાંધી કોરડે કોરડે મને માર અને પછી મારું માથું મૂંડાવીને કેદખાનામાં મોકલ. મેં તને જેટલું દુઃખ દીધું છે, તેટલુંજ તું મને દે; એટલે મને આશા છે કે, ભગવાન કદાચ મારા ઉપર કરુણા કરશે અને મેં તારા પ્રત્યે તથા મનુષ્યત્વ પ્રત્યે જે મહાન અપરાધો કર્યા છે, તેની ક્ષમા આપશે.”

ગુલામ તો પોતાના એક વખતના ધનાઢ્ય સ્વામીની આવી સાધુતા જોઇને ગદ્ગદ થઇ ગયો. તેણે બેવનની આજ્ઞાનું પાલન

કરવાની ના કહી.

સાધુએ કહ્યું કે, " મારો આગ્રહ છે કે, તું મારી આટલી વિનતિ સ્વીકાર."

આખરે બેવનને સંતોષવા ખાતર ગુલામ, તેની આજ્ઞાનું પાલન કરીને તેને કેદખાનામાં લઇ ગયો અને જ્યાંસુધી પશ્ચાત્તાપદ્વારા પાપ બળીને ભસ્મ ન થઇ ગયાં, ત્યાંસુધી એ સાધુ કારાગૃહમાંજ રહ્યો.

આદર્શ સાધુઓ પ્રત્યેક દેશ અને ધર્મમાં જન્મ લે છે.

૪૦૨–देशने खातर बलिदान आपनार वीरांगना वालियामा

દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડતમાં કેટલીક ભારતવાસી સ્ત્રીઓ પણ જોડાઇ હતી. એ વીર બહેનોએ સરકારના કાયદાનું ઉલ્લંઘન કરીને ટ્રાન્સવાલ અને નાતાલમાં વગર પરવાને પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો હતો. એવો પ્રયાસ કરતાં સ્ત્રીઓની એક ટુકડીને સરકારે પકડીને નાતાલની રાજધાની મારિત્સબર્ગમાં કેદ કરી. ત્યાં તેમને જે અસહ્ય દુઃખ દેવામાં આવ્યું હતું, તેનું વર્ણન ગાંધીજી આ પ્રમાણે કરે છેઃ " ખોરાકમાં તેઓની જરા પણ કાળજી રાખવામાં ન આવી. મજૂરીમાં તેઓને ધોબીનું કામ આપવામાં આવ્યું. બહારથી ખોરાક આપવાની સખ્ત મનાઇ લગભગ આખર સુધી રખાઇ. એક બહેનને અમુકજ ખોરાક લેવાનું વ્રત હતું, તેને તે ખોરાક ઘણી મુશીબતે આપવાનો ઠરાવ થયો; પણ તે એવો ખરાબ કે ખાધો જાય નહિ. ઑલિવ ઑઇલની ખાસ જરૂર હતી, તે પ્રથમ તો નજ મળ્યું. પછી મળ્યું; પણ તે જૂનું અને ખોરું. પોતાને ખર્ચે મંગાવવાની વિનતિ કરવામાં

આવી, તેના જવાબમાં "આ કંઇ હોટેલ નથી, જે મળે તે ખાવું પડશે" એવો જવાબ મળ્યો. આ બહેન જ્યારે જેલમાંથી નીકળી, ત્યારે તે માત્ર હાડપિંજર રહી હતી. મહાપ્રયાસે તે બચી."

બીજી એક જીવલેણ તાવ લઇને નીકળી. તેના તાવે જેલમાંથી નીકળ્યા બાદ તેને થોડાજ દિવસમાં પ્રભુને ત્યાં પહોંચાડી. એ સન્નારીનું નામ વાલિયામા હતું. વાલિયામા અઢાર વર્ષની બાળા હતી. ગાંધીજી તેની પાસે ગયા, ત્યારે તે પથારીવશ હતી. તે કદમાં ઊંચી હોવાથી તેનું લાકડી જેવું શરીર બિહામણું લાગતું હતું.

"વાલિયામા ! જેલમાં જવાનો પશ્ચાત્તાપ તો નથી ને?"

"પશ્ચાત્તાપ શાને હોય? મને ફરી પકડે તો હું હમણાંજ જેલમાં જવા તૈયાર છું."

"પણ આમાંથી મોત નીપજે તો?" ગાંધીજીએ પૂછ્યું.

"ભલે નીપજે. દેશને ખાતર મરવું કોને ન ગમે?"

આ વાત પછી વાલિયામા થોડા દિવસમાં મૃત્યુ પામી. તેનો દેહ ગયો, પણ આ બાળા પોતાનું નામ અમર કરી ગઇ છે. તેના સ્મરણાર્થે હિંદીઓએ વાલિયામા હૉલ બાંધવાનો ઠરાવ કર્યો હતો, પણ એ ઠરાવ હજુ સુધી પળાયો નથી; પરંતુ મહાત્મા ગાંધીજી વાજબીજ કહે છે કે, "પથ્થર ને ચૂનાનો હૉલ બંધાઓ વા ન બંધાઓ, વાલિયામાની સેવાનો નાશ નથી. એ સેવાનો હૉલ તો તેણે પોતાને હાથેજ બાંધ્યો. તેની મૂર્તિ ઘણાં હૃદયમંદિરોમાં આજ પણ વિરાજે છે અને જ્યાંસુધી ભારતવર્ષનું નામ છે, ત્યાંસુધી દક્ષિણ આફ્રિકાના ઇતિહાસમાં વાલિયામા છેજ."

('દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' ભાગ ૨ માંથી)

४०३–एक सैनिकनी पशुदया अने सम्राटनी उदारता

દિગ્વિજયી સિકંદર બાદશાહે ઈરાનીઓને એક યુદ્ધમાં પરાજિત કર્યા પછી પોતાના સૈનિકોને હુકમ આપ્યો હતો કે, "ઠેઠ સુધી એમની પૂંઠ પકડો અને એમના તંબૂઓમાંથી ધન–રત્ન જે કાંઈ હોય તે લઈ આવો. એના સૈનિકો પાછળ પડ્યાથી ઈરાની સૈનિકોએ નાસભાગ કરવા માંડી અને બહુ દૂર ગયા પછી પાછા એક સ્થળે એકઠા થવાનું બને એમ નહોતું. એ રાત્રે એક ગામના પાદરમાં બે મજલાવાળી એક હવેલીમાં સિકંદર નિવાસ કરી રહ્યો હતો. થાકયા–પાકયા સૈનિકોની ટુકડીઓ પોતાની છાવણીમાં જઈ રહી હતી અને બાદશાહના હુકમથી લૂંટેલું ધન ખજાનામાં જમા કરાવતી જતી હતી. સિકંદરે પોતાની અગાશીમાંથી જોયું કે, એક સૈનિક ઘોડાની પીઠ ઉપર પોટલું લાદીને આવી રહ્યો છે. ઘોડો એટલો બધો થાકી ગયો હતો કે, વચમાં ઊભો રહીને ધ્રૂજતો હતો, વળી પાછો લથડતો લથડતો બે–એક ડગલાં ચાલતો હતો. સૈનિક પણ એટલોજ થાકી ગયો હતો; પરંતુ ઘોડાની દશા જોઈને એને બહુ દયા આવતી હતી. એ પોટલું નીચે ઉતારી ઘોડાને સારી પેઠે માલિશ કરી તાજો કરતો અને કેટલીક વાર સુધી પોતાનું પોટલું પોતાના માથા ઉપર ઊંચકતો તથા ઘોડાને ધીમે ધીમે ખાલી ચલાવતો. બાદશાહ આ બનાવ પોતાની આંખે જોઈ ઘણોજ પ્રસન્ન થયો. સૈનિક તેની હવેલી પાસે આવતાં તેણે પૂછ્યું કે, "આ પોટલીમાં શું છે?" સૈનિકે સલામ કરીને કહ્યું કે, "મહારાજ! એમાં સુવર્ણમુદ્રાઓ બાંધેલી છે. એને ખજાનામાં જમા કરાવવા સારુ લાવ્યો છું." સિકંદરે કહ્યું કે, "બંધુ! આમ ને આમ હવે થોડી વધારે મહેનત કરીને એને તારા પોતાના તંબૂ સુધી લઈ જા, એ પોટલું હવે તારુંજ છે."

૪૦૪–बौद्ध साधु महातिष्यनो साचो वैराग्य

પ્રાચીનકાળમાં સિંહલદ્વીપમાં અનુરાધપુર નામનું એક શહેર હતું. તેની આસપાસ પુષ્કળ વિહાર હતા. એ શહેરથી થોડે દૂર આવેલી એક ટેકરીને ચૈત્યપર્વત કહેતા. ત્યાં એક મહાતિષ્ય નામનો ભિક્ષુ રહેતો હતો. તે એક દિવસ ભિક્ષા માગવા અનુરાધપુર જતો હતો. તેજ માર્ગે પોતાના પતિ સાથે ટંટો કરીને પિયેર જવા માટે એક સ્ત્રી જતી હતી. તે ભિક્ષુને જોઇ તેને મોહિત કરવા માટે મોટેથી હસી.

ભિક્ષુએ એકદમ માથું ઊંચુ કરીને તે સ્ત્રીની તરફ જોયું, તો તેના દાંત દેખાયા અને તે ઉપરથી તે ભિક્ષુને તેના નિત્યચિંતનના વલણ મુજબ હાડપિંજરની સ્મૃતિ આવી. તેણે તે સ્ત્રીના સૌંદર્ય તરફ જરા પણ ધ્યાન ન આપ્યું. તેને તો એવોજ ભાસ થયો કે, જાણે એક હાડપિંજર તેની આગળ થઇને ગયું છે. જરા પણ ચલિત થયા વગર જાણે કાંઇ બન્યુંજ ન હોય તેમ તે આગળ ગયો. તે સ્ત્રીની પાછળ તેની શોધમાં નીકળેલો તેનો પતિ આવતો હતો. તે પણ ભિક્ષુને મળ્યો અને પૂછ્યું કે, "મહારાજ! આ માર્ગે થઇને જતી અલંકારો પહેરેલી એક સુંદર તરુણ સ્ત્રીને આપે જોઈ છે?" ભિક્ષુએ ઉત્તર આપ્યો કે, "અહીંથી પુરુષ ગયો કે સ્ત્રી ગઈ તેની મને ખબર નથી, છતાં એટલું જાણું છું કે, આ માર્ગે એક હાડપિંજર ગયું છે તો ખરું!"

આનું નામ તે ખરો વૈરાગ્ય! આવા અભ્યાસથીજ કામવિકાર ઉપર મનુષ્ય વિજય મેળવી શકે છે.

(શ્રીયુત ધર્માનંદ કોશામ્બીના 'બુદ્ધ, ધર્મ અને સંઘ' ઉપરથી)

૪૦૫–હિંદુસ્તાનમાં મિશનરીઓનું પ્રચારકાર્ય

મિશનરીઓની એક સભા લંડનના આલ્બર્ટ હોલમાં તા. ચોવીસમી એપ્રિલે મળી હતી. ત્યાં છોટાનાગપુરના બિશપે ભાષણ કરતાં કહ્યું હતું કે, "વીસ વર્ષ પર હિંદ ક્રાઇસ્ટથી જેટલું દૂર હતું તેથી હાલ વધારે દૂર છે"–અર્થાત્ ખ્રિસ્તી મિશનરીની અસર કંઈજ નથી! હવે મુક્તિ–ફોજનો રિપોર્ટ જુઓ. તેમાં અગિયાર ભાષા મારફત ત્રણ હજાર પંચાણુ પ્રચારકેંદ્રોમાંથી ત્રણુસો આઠ યુરોપિયન અને અઠ્ઠાવીસો છયાસી હિંદી પ્રચારકો પ્રચાર કરે છે. તેમાં તેત્રીસોબત્રીસ માસ્તરો, પાંચસોસાત પ્રાઇમરી સ્કૂલોમાં, ચૌદહજાર છસો પંચોતેર બાળકોના કાનમાં નિત્યશઃ ખ્રિસ્તીધર્મ ફૂટી ફૂટીને ભરે છે. બાવીસ બૉર્ડિંગોમાં આઠસોછપ્પન છોકરાં વસે છે. પાંત્રીસ સેટલમેંટોમાં નવહજાર માણુસો રહે છે. સત્તર બીજી વસ્તી વસાવી છે; જ્યાં બત્રીસહજાર ચારસોવીસ એકર જમીનમાં સાતહજાર બસો પચાસ માણુસો રહે છે. ચાર જેલ એમના તાબામાં છે, જેમાં બસોપચાસ કેદીઓ વસે છે; તથાપિ અબળા આશ્રમમાં એકસોસત્તાવીસ વેશ્યાઓને સુધારવાનો પ્રયત્ન ચાલે છે. આઠ ઇસ્પિતાલોમાં પચાસ હજાર માણુસોનો ઇલાજ થાય છે. ત્રણુ બેંકો ઓછે વ્યાજે પૈસા ધીરે છે. ત્રણુસોચાલીસ માણુસો ઉદ્યોગશાળામાં પોષાય છે. માસિક તથા પાક્ષિક મળી અગિયાર નીકળે છે. આજ પ્રમાણે ક્રિશ્ચિયન મિશનરીઓના બીજા એક રિપોર્ટમાં નજર નાખીએ. તે રિપોર્ટ કહે છે કે, હિંદમાં એકસોસાડત્રીસ ક્રિશ્ચિયન સોસાઇટીઓ પ્રચારકાર્ય કરે છે. સાતહજાર બસોસત્તર પ્રચારક છે. પંદરસો ડૉકટર તથા નર્સો છે. અઠ્ઠાવીસહજાર સાતસો છોતેર પાદરીઓ છે. અડતાલીસહજાર ચૂંવાલીસ માસ્તરો ક્રિશ્ચિયન સ્કૂલોમાં

ભણાવે છે. પચાસ કૉલેજ અને છસોદસ હાઈસ્કૂલો છે. એકસો-સિત્તેર તો ઉદ્યોગશાળાઓ છે. એકસટ સ્કૂલો મિશનરી બનાવવાની છે. એકસોતેંતાલીસ અનાથાશ્રમો છે. ચારસોઆઠ ઇસ્પિતાલો અને દવાખાનાં છે. નવ્વાણું સમાચારપત્રો (માત્ર હિંદમાંજ) નીકળે છે. તેંતાલીસ છાપખાનાં છે. આ ઉપરાંત બીજાં ખાતાં છે તે જુદાં. આ બધું ચલાવવા યુરોપ-અમેરિકાના ક્રિશ્ચિયનો ફંડ કરી આપે છે. તે ઉપરાંત હિંદી ક્રિશ્ચિયનો અઢાર લાખ તેપન હજાર રૂપિયા આપે છે. સરકાર આપે છે તે જુદાજ. આમ હિંદુજાતિ પર આક્રમણ ચાલે છે. સનાતનધર્મના રક્ષક હોવાના દાવેદારોને આની ખબર પણ નથી; તેઓ આનો કદી પ્રતિકાર કરવા તૈયાર નથી. આર્યસમાજ બધે પહોંચી વળી શકતો નથી; ત્યારે બીજી તરફ આટઆટલી સામગ્રી છતાં પણ નાગપુરના બિશપને જરાએ સંતોષ નથી થતો ! ×

('ગુજરાતી કેસરી' ના તા. ૭-૫-૧૯૨૫ ના અંકમાંથી)

भाग २ जो-समाप्त

× પોતાને મહાન દેશભક્તમાં ખપાવનારાઓ! ખ્રિસ્તીઓના આવા પ્રયાસો જોઇને પણ આવે છે કાંઇ ઊંડી અક્કલ કે સાચી દેશભક્તિ !

લી૦ ગુનેગાર ભિક્ષુ-અખંડાનંદ

फूट का सिर फोड दो

(રચયિતાઃ-શ્રી. કુંજબિહારીલાલ અવસ્થી)

પરતંત્ર ભારત ક્યોં બના, હમ ભી પડે ક્યોં ક્લેશ મેં ?
ઉત્તર યહી હૈ ઐક્ય કા આદર નહીં હૈ દેશ મેં.
દેખા જહાઁ જિસકો વહી બસ ફૂટપર આસક્ત હૈ;
હતભાગ્ય ભારત બન રહા ઇસ ફૂટ કા હી ભક્ત હૈ.
નિજ બંધુઓં કા કર અહિત, નિર્લજ્જ હમ મરતે નહીં;
સર્વસ્વ લૂટા ફૂટને, ફિર ભી ઇસે તજતે નહીં.
ધિક્કાર હૈ ! જો આજ ભી હમ ફૂટપર આસક્ત હોં;
તજ એકતા ઇસ સર્વનાશી ફૂટ કે જો ભક્ત હોં.
ખો કર હમારા ઉચ્ચ પદ, જિસને ગુલામી દી હમેં;
ધિક્કાર જો યહ ફૂટ દુષ્ટા હુઇ પ્રિય અબ ભી હમેં.
હે ભારતીયો ! ઇસ વિષૈલી ફૂટ કા સિર ફોડ દો;
સંબંધ અવિચલ પ્રેમયુત અબ એકતા સે જોડ દો.

('હિંદુપંચ'ના એક અંકમાંથી)

विजय गीत

(રચયિતાઃ-શ્રી. માતાપ્રસાદ ત્રિપાઠી "મહેશ")

વિજયે ! વિજય-ધ્વજા ફહરા દે !
ભારત કે કોનેકોને મેં, વિજય-પ્રભા છિટકા દે !
વીર-ભાવ કા ભારત મેં તૂ ડંકા આજ બજા દે !
લોભ મોહ-રિપુપુણ્યભૂમિ સે, સુભગે ! દૂર બહા દે !
પાવન પ્રેમ-સંદેશ સુના કર પાપાચાર મિટા દે ! વિજયે૦
ભાઈ-ભાઈ મિલેં ગલે સે, ઐસી જ્યોતિ જગા દે.
દ્રોહ અનૈક્ય મિટેં ભારત કે ઐક્યભાવ સરસા દે ! વિજયે૦
રાષ્ટ્ર-ભાવના ચારોં દિશિ મેં શુચિ 'મહેશ' પ્રકટા દે !
પરાધીનતા કે બંધન સે, ભારત મુક્ત કરા દે !
વિજયે ! વિજય-ધ્વજા ફહરા દે !

('હિંદુપંચ'ના વિજયાંકમાંથી)